

# બ્રહ્મોપદેશ

(શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપરનાં ૧૯૭૫-૭૬ના અક્ષરશઃ સળંગ પ્રવચનો)




## ભાગ ૧







પ્રકાશક :

શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# બ્રહ્મોપદેશ

(ભાગ–૧)

(શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ રચિત શ્રી નિયમસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૯૭૫ના શુદ્ધભાવ અધિકાર ઉપરના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

મો. ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવત
૨૦૭૯

વીર સંવત
૨૫૪૯

ઈ. સન
2023


**પ્રકાશન તિથિ**

ઉત્તમક્ષમા દિન, ભાદરવા સુદ-૪, તા. ૧૯-૯-૨૦૨૩

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.
ફો. ૦૨૨-૨૬૧૩૦૮૨૦
(૨) શ્રી પ્રશમ મોદી,
સી-૪૦૩, ગુરુ પ્રભાવ, આત્મન બંગલોની સામે,
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦
મો.૯૭૨૨૮૩૩૧૪૩

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે, તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પરિણતિના ધારક તો હતા જ, પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં-કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી કે જેમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, શ્રી અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિસકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે, તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે જેની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવાયોગ્ય હોય તે અર્થાત્ નિશ્ચયરત્નત્રય. ''સાર'' શબ્દ નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના પરિહાર અર્થે યોજેલ છે. આમ, ''નિયમસાર''

અર્થાત્ શુદ્ધરત્નત્રય. આ શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે, તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, અનાદિ કાળથી અનંત-અનંત દુઃખને અનુભવતા જીવે, એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં—વ્યવહારરત્નત્રય સુદ્ધાં સર્વથા વ્યર્થ ગયા છે. માટે, આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ ઉપર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિશ્વર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય શ્રી વિરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે કે જેઓ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતા કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમપારિણામિકભાવને તો ખૂબ-ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે.

શબ્દશઃ પ્રવચન-શાસ્ત્રોને પ્રકાશિત કરવાનું અમારું એક જ પ્રયોજન છે કે બધા જ જીવો સર્વાંગે અભ્યાસ કરીને પોતાની સાધનામાં આગળ વધે.

આ પ્રવચનો સાંભળીને તેને શાસ્ત્રાકાર આપવામાં શ્રી નિલેશભાઈ જૈન, ભાવનગરનો ખૂબ આભાર માનીએ છીએ. બધા જ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલા છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે, તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટીને પાઠવે, જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા Atmadharam.com ઉપર ઉપલબ્ધ છે.

**- શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ.**



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૃહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ

બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી

મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-

પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો

પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ

'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય

ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ, ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી!

ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને

યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને

પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુધ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા

એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો

સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**



સ્વ. શેઠ શ્રી રતિલાલ મોહનલાલ ઘીયા
જન્મ તાઃ- ૨૯-૧-૧૯૧૩, સ્વ. તાઃ- ૨૬-૮-૨૦૦૦ સં. ૨૦૫૬ શ્રાવણ વદ ૧૧ શનિવાર



સ્વ. શ્રીમતિ શારદાબેન રતિલાલ ઘીયા
જન્મ તાઃ- ૧૮-૨-૧૯૧૬, સ્વ. તાઃ- ૧૬-૨-૨૦૦૫

## બ્રહ્મોપદેશ ભાગ-૧ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

૬૩, ૦૦૦/- સ્વ. રતીલાલ મોહનલાલ ઘીયા તથા
સ્વ. શારદાબેન રતીલાલ ઘીયા
હ. શ્રી નલીનભાઈ આર. ઘીયા
શ્રીમતી કલાબેન એન. ઘીયા
શ્રી નિમીષ એન. ઘીયા
શ્રીમતી પૂર્વી એન. ઘીયા તથા
અન્વી એન. ઘીયા અને
પ્રાચી એન. ઘીયા

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૦૧ | ૧૧-૦૮-૧૯૭૫ | ગાથા-૩૮ | ૦૦૧ |
| ૦૨ | ૧૨-૦૮-૧૯૭૫ | ગાથા-૩૮, શ્લોક-૫૪ | ૦૧૩ |
| ૦૩ | ૧૩-૦૮-૧૯૭૫ | ગાથા-૩૯, શ્લોક-૫૪ | ૦૨૫ |
| ૦૪ | ૧૪-૦૮-૧૯૭૫ | ગાથા-૩૯, શ્લોક-૫૫ | ૦૩૬ |
| ૦૫ | ૧૫-૦૮-૧૯૭૫ | ગાથા-૪૦ | ૦૪૯ |
| ૦૬ | ૧૬-૦૮-૧૯૭૫ | ગાથા-૪૦, શ્લોક-૫૬ | ૦૬૧ |
| ૦૭ | ૧૭-૦૮-૧૯૭૫ | ગાથા-૪૧, શ્લોક-૫૬-૫૭ | ૦૭૪ |
| ૦૮ | ૧૮-૦૮-૧૯૭૫ | ગાથા-૪૧ | ૦૮૭ |
| ૦૯ | ૧૯-૦૮-૧૯૭૫ | ગાથા-૪૧ | ૧૦૦ |
| ૧૦ | ૨૦-૦૮-૧૯૭૫ | ગાથા-૪૧-૪૨, શ્લોક-૫૮, ૫૯ | ૧૧૩ |
| ૧૧ | ૨૧-૦૮-૧૯૭૫ | ગાથા-૪૨, શ્લોક-૬૦ | ૧૨૬ |
| ૧૨ | ૨૨-૦૮-૧૯૭૫ | ગાથા-૪૩, શ્લોક-૬૦-૬૧ | ૧૩૮ |
| ૧૩ | ૨૩-૦૮-૧૯૭૫ | ગાથા-૪૩ | ૧૫૧ |
| ૧૪ | ૨૪-૦૮-૧૯૭૫ | ગાથા-૪૩ | ૧૬૩ |
| ૧૫ | ૨૫-૦૮-૧૯૭૫ | ગાથા-૪૩, શ્લોક-૬૨ | ૧૭૬ |
| ૧૬ | ૨૬-૦૮-૧૯૭૫ | શ્લોક-૬૩ થી ૬૫ | ૧૮૮ |
| ૧૭ | ૨૭-૦૮-૧૯૭૫ | શ્લોક-૬૬ થી ૬૮ | ૨૦૨ |
| ૧૮ | ૨૮-૦૮-૧૯૭૫ | શ્લોક-૬૮, ગાથા-૪૪ | ૨૧૪ |
| ૧૯ | ૨૯-૦૮-૧૯૭૫ | ગાથા-૪૪ | ૨૨૫ |
| ૨૦ | ૩૦-૦૮-૧૯૭૫ | ગાથા-૪૪-૪૫, શ્લોક-૬૯ | ૨૩૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ૩૧–૦૮–૧૯૭૫ | ગાથા–૪૫, ૪૬ | ૨૫૦ |
| ૨૨ | ૦૧–૦૯–૧૯૭૫ | ગાથા–૪૭, શ્લોક–૭૦ | ૨૬૩ |
| ૨૩ | ૦૨–૦૯–૧૯૭૫ | ગાથા–૪૭–૪૮, શ્લોક–૭૧ | ૨૭૫ |
| ૨૪ | ૦૩–૦૯–૧૯૭૫ | ગાથા–૪૮–૪૯, શ્લોક–૭૨ | ૨૮૬ |
| ૨૫ | ૦૪–૦૯–૧૯૭૫ | ગાથા–૪૯–૫૦, શ્લોક–૭૩ | ૨૯૭ |
| ૨૬ | ૦૫–૦૯–૧૯૭૫ | ગાથા–૫૦ | ૩૦૯ |
| ૨૭ | ૦૬–૦૯–૧૯૭૫ | ગાથા–૫૧ થી ૫૫, શ્લોક–૭૪ | ૩૧૯ |
| ૨૮ | ૦૭–૦૯–૧૯૭૫ | ગાથા–૫૧ થી ૫૫ | ૩૩૨ |
| ૨૯ | ૦૮–૦૯–૧૯૭૫ | ગાથા–૫૧ થી ૫૫, શ્લોક–૭૫ | ૩૪૪ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# બ્રહ્મોપદેશ

(ભાગ–૧)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર ગ્રંથ ઉપરના શબ્દશઃ સળંગ પ્રવચનો)

## શુદ્ધભાવ અધિકાર

### શ્રાવણ સુદ-૫, સોમવાર, તા. ૧૧-૦૮-૧૯૭૫, ગાથા-૩૮ પ્રવચન નં. ૧

નિયમસારનો અર્થ અહીં મોક્ષનો માર્ગ. નિયમ એટલે મોક્ષનો માર્ગ. ભૂલી ગયા પાછા, હિન્દી (લેવાનું છે). નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જે આત્માને આશ્રયે થાય એ પર્યાય છે, પર્યાય છે. એ પર્યાયને અહીંયાં નિયમસાર કહેવામાં આવે છે. તો અધિકાર ત્રીજો છે—શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે. શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે એની વ્યાખ્યા. આ આત્મા જે ભગવાનસ્વરૂપ ત્રિકાળ શુદ્ધ આનંદકંદ છે, એ આત્માનો ત્રિકાળી જ્ઞાયકભાવ પરમસ્વભાવભાવ જે છે એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. પર્યાયના શુભ, અશુભ, શુદ્ધ એ નહીં. સમજાણું કાંઈ? આ સાંભળો તો ખરા. ત્યાં ઓલા રળવામાં આખી જિંદગી ગાળી ત્યાં ને ત્યાં પાપમાં ને પાપમાં. આ સાંભળવા મળ્યું નથી. ત્યાં ને ત્યાં છો એડન કે બીજે ગયા પાછા? આવી ગયા? ક્યાં? મુંબઈ? ઠીક. ઘણા તો આવી જાય.

કહે છે કે '**હવે શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે.**' ભગવાન કુંદકુંદાચાર્ય કહે

છે. તો શુદ્ધભાવ (એટલે) શું? જે પર્યાયમાં શુભ, અશુભ અને શુદ્ધ થાય છે એ નહિ. પર્યાય સમજો છો? પર્યાય નામ પણ સાંભળ્યું ન હોય ત્યાં. પણ સાંભળો તો ખરા હળવે-હળવે જરી. પર્યાય એટલે અવસ્થા થાય છે અવસ્થા. વસ્તુ છેને (એની) વર્તમાનની અવસ્થા. તો એ અવસ્થા જે પર્યાય છે એ પર્યાયમાં ત્રણ પ્રકારના ભાવ થાય છે—એક પાપભાવ અશુભ, એક પુણ્યભાવ શુભ, એક શુદ્ધભાવ ધર્મ. એ વાત અહીંયાં નથી. આ તો શુદ્ધ ત્રિકાળી જે જ્ઞાયકભાવ છે (એનો અધિકાર છે). આહાહા..!

એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં ધ્રુવ-ધ્રુવ જે તત્ત્વ છે. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' આવે છેને પાઠ તત્ત્વાર્થસૂત્રમાં. તો '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એમાંથી જે ઉત્પાદ-વ્યય છે એ દશાનું—અવસ્થાનું નામ છે અને એ સિવાય કાયમ રહેનારી ચીજ જે અંદર છે એને ધ્રુવ કહે છે. બદલતા, પલટતા પરિણામને ઉત્પાદ-વ્યય કહે છે. નવી અવસ્થા ઉત્પન્ન થાય, જૂની અવસ્થાનો વ્યય થાય એ ઉત્પાદ-વ્યયમાં જાય છે, એ પર્યાયમાં છે અને ત્રિકાળી જે ધ્રુવભાવ છે એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. આહાહા..!

**શ્રોતા :-** ધ્રુવપણાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવ જ શુદ્ધ ત્રિકાળી વસ્તુ શુદ્ધ-શુદ્ધ કંદ છે. અતીન્દ્રિય આનંદનો કંદ છે. આહાહા..! જેમ શક્કરિયા હોય છેને શક્કરિયા કહે છેને? આ શક્કરિયા નથી હોતા? શક્કરકંદ કહે છેને? એ શક્કરિયા નથી આવતા? એની ઉપરની લાલ છાલ હોય એ છાલનો વિચાર ન કરતાં, અંદરમાં જે માલ પડ્યો છે, એકલો મીઠો આનંદકંદ છે. આનંદ ત્યાં (મુંબઈમાં) નથી. આનંદ તો અહીં આવી ગયો. ત્યાં મીઠાશ ભરેલી છે એકલી. શક્કરિયા હોય છે, બ્રહ્મચારીજી? શક્કરિયા નથી થાતા? એની જે લાલ છાલ છે એને લક્ષમાં ન લો તો અંદરમાં એકલો મીઠાશનો પિંડ પડ્યો છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા... આ તો શુદ્ધભાવ અધિકાર અલૌકિક અધિકાર છે! આહાહા..!

કહે છે કે પોતાની પર્યાયમાં જે શુદ્ધભાવ નિર્મળ દશા થાય અને શુભભાવ, પુણ્યભાવ થાય, અશુભભાવ પાપ થાય એ બધાને અહીંયાં પર્યાય કહીને હેય બતાવવું છે. આહાહા..! શુદ્ધભાવ નામ છે એનો ખુલાસો કર્યો. શુદ્ધભાવ પર્યાયની વાત નથી અહીંયાં. જેમાંથી શુદ્ધભાવ પ્રગટે છે એની વાત છે. આહાહા..! એક સેકન્ડના અસંખ્યમાં ભાગે ધ્રુવસ્વરૂપ, ધ્રુવ આનંદનો કંદ પ્રભુ જેમાં ઉત્પાદ-વ્યયની પર્યાયનો પણ અભાવ છે, આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન એ પર્યાય છે, પણ એનો વિષય જે છે એ તો ધ્રુવ શુદ્ધભાવ ત્રિકાળી વિષય છે એનો. આહાહા..! તો કહે છે કે એ ભાવ અમે કહીશું. ગાથા.

जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा।
कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो।।३८।।

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

આ તો માખણની વસ્તુ છે. જૈન સિદ્ધાંતનો સાર જે આત્મા શુદ્ધાત્મા ત્રિકાળ એ કેવો છે?

'**ટીકા :- આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' પાઠ એમ લીધો છે. પાઠમાં એમ છેને? '**हेयमुवादेयम**' ટીકામાં બીજી રીતે લેશે. શું કહે છે સમજાણું? '**આ, હેય...**' છોડવાલાયક શું અને ઉપાદેય-આદરવાલાયક શું એનું કથન એમાં છે. દૃષ્ટિમાંથી જેને છોડવું છે એ શું? એ હેય છે અને દૃષ્ટિનો વિષય જે ત્રિકાળ ધ્રુવ છે તે ઉપાદેય છે. સમ્યગ્દૃષ્ટિને ત્રિકાળી ધ્રુવસ્વભાવ જ ઉપાદેય છે. આહાહા..! પાઠમાં એમ છેને એટલે ટીકામાં એવો શબ્દ લીધો છે. પછી એની ટીકામાં બીજું લીધું. હેય છે એમ નહિ કહેતા ઉપાદેય નથી એમ કહેશે. સમજાણું કાંઈ? હેય નામ છોડવાલાયક શું? અને આદરવાલાયક શું? એવું એમાં સ્વરૂપનું કથન છે.

હવે હેયની વ્યાખ્યા કરે છે. '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર...**' હેય છે એમ ન કહેતા '**ઉપાદેય નથી.**' એમ (કહ્યું). '**જીવાદિ સાત તત્ત્વો...**' એટલે કે જીવની પર્યાય જે છે એ જીવતત્ત્વ અને અજીવ છે એ પણ પર્યાયના ભાવમાં અજીવનું જ્ઞાન થાય છે એટલે એ અજીવ છે અને પુણ્ય-પાપના ભાવ જે છે એ આસ્રવભાવ છે, એ ઉપાદેય નથી. પાઠમાં હેય કહ્યું છે. ટીકામાં અધ્યાત્મની વાત લેતા એ ઉપાદેય નથી. શું? કે જે પર્યાયમાં જીવનો અંશ છે એક સમયની દશા અને એમાં જે હેય પુણ્ય અને પાપનો ભાવ... આહાહા..! એ પર્યાય છે, એ ઉપાદેય નથી. પછી એમાં જે સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય થાય છે તે પણ ઉપાદેય નથી.

**શ્રોતા :-** તો હવે ઉપાદેય શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપાદેય શું, હવે પછી કહેશે. સમજાણું? આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ...

**શ્રોતા :-** મોક્ષ ઉપાદેય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, મોક્ષ એક સમયની પર્યાય છે. એ નાશવાન છે. એક સમય રહે છે એ બીજે સમયે રહેતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! માર્ગ બાપા! પ્રભુ! આ તો મારગડા વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરની ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે સમવસરણમાં આવી દિવ્યધ્વનિ આવતી હતી. એ દિવ્યધ્વનિ કુંદકુંદાચાર્ય સાંભળવા ગયા હતા. સીમંધર ભગવાન પાસે પ્રભુ બિરાજે છે. મહાવિદેહમાં તીર્થંકરપણે, કેવળજ્ઞાનપણે સર્વજ્ઞ પ્રભુ બિરાજે છે. સંવત ૪૯માં પણ એ જ ભગવાન હતા, અત્યારે પણ એ જ છે અને હજી અબજો વર્ષ સુધી એ જ રહેશે. કેમકે એ અરિહંતપદમાં છે. અહીંયાંના જે ચોવીસ તીર્થંકર આદિ થયા એ વર્તમાનમાં સિદ્ધપદમાં છે. પહેલા પદમાં નથી, સિદ્ધપદમાં છે, નમો સિદ્ધાણંમાં

છે અને ભગવાન બિરાજે છે એ નમો અરિહંતાણં પદમાં છે. તો દિવ્યધ્વનિ આવે છે ત્યાં.

આ કુંદકુંદાચાર્ય અહીંથી આઠ દિવસ ત્યાં ગયા હતા. આહાહા..! સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી અને ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. આહાહા..! સમજાણું કાંઈ? તો કહે છે કે '**જીવાદિ સાત તત્ત્વો...**' સાત કેમ કહ્યા? કે એક આસ્રવ લીધો છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. આસ્રવમાં પુણ્ય-પાપ આવી ગયા. એને જુદાં નહિ કરીને સાત કહ્યા. જીવની એક સમયની પર્યાય એ વ્યવહાર જીવ અને અજીવની જ્ઞાનની પર્યાય એ પણ એક સમયની પર્યાય અને આસ્રવ શુભ અને અશુભભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયના ભાવ—બેય ભાવ આસ્રવ છે. તો એ આસ્રવ પર્યાયમાં છે. અને એના અભાવરૂપ જ્યારે સંવર-નિર્જરા થાય છે; શુદ્ધ ચૈતન્યઘન જે દ્રવ્યસ્વભાવ એને ઉપાદેય કરીને પર્યાયમાં સંવર ધર્મની પર્યાય, મોક્ષના માર્ગની પર્યાય, નિર્જરાની પર્યાય શુદ્ધની. સંવરમાં શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરામાં શુદ્ધિની વૃદ્ધિની ઉત્પત્તિ અને મોક્ષમાં શુદ્ધિની પૂર્ણતાની ઉત્પત્તિ. સમજાણું કાંઈ? આહાહા..! તો કહે છે કે એ સંવર, નિર્જરા અને મોક્ષ બહિર્તત્ત્વ છે, અંતઃતત્ત્વ ઈ નથી. આહાહા..! પર્યાયમાં છેને? પ્રગટ પર્યાયમાં છે. કેવળજ્ઞાન, સિદ્ધદશા પ્રગટ પર્યાયમાં છે તો એને અહીંયાં બહિર્તત્ત્વ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો તમારી હિન્દી ભાષા છે તો વાતો ચાલે છે. બહુ હિન્દી અમને નથી આવડતું પણ સાધારણ-સાધારણ (આવડે છે). આહાહા..!

'**જીવાદિ સાત તત્ત્વો...**' એટલે એમાં સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ આવી ગઈ. એને અહીંયાં '**તત્ત્વોનો સમૂહ...**' જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ પર્યાયનો સમૂહ '**પરદ્રવ્ય હોવાને લીધે...**' કેમકે એ કાયમ એકરૂપ રહેનારી ચીજ નથી. કેવળજ્ઞાન પણ પરદ્રવ્ય છે. પર્યાય (છે માટે). આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરના શ્રીમુખે દિવ્યધ્વનિ જે આવી એમાંથી સાંભળીને આચાર્યે આ શાસ્ત્ર બનાવ્યું છે. આહાહા..! તો કહે છે કે '**જીવાદિ સાત તત્ત્વો...**' છે તો તત્ત્વ. આસ્રવ પણ તત્ત્વ છે. ભાવ છેને? અને સંવર, નિર્જરા અને મોક્ષ પણ છે તત્ત્વ, એક સમયની પર્યાયરૂપી તત્ત્વ (છે). આહાહા..! છે. એ '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...**' પાઠમાં છેને?

'**जीवादिबहित्तत्त्वं**' મૂળ પાઠમાં પહેલું પદ છે. જીવાદિ બહિર્તત્ત્વ. આહાહા..! શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર તો બહિર્તત્ત્વ બાહ્ય જ છે, એ આત્મામાં છે નહિ અને એ ચીજ આત્માની છે નહિ; પણ અહીંયાં તો કહે છે કે જે પર્યાયમાં, અવસ્થામાં, પલટતી દશામાં, ઉત્પાદ-વ્યયની દશામાં જે સાત તત્ત્વનો સમૂહ એટલે એક સમયની પર્યાય, સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ અને બંધ એ સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય (છે). આહાહા..! સંવર, નિર્જરા, મોક્ષને પરદ્રવ્ય કેમ કહ્યું? કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી પર્યાય નથી આવતી,

શરીર, વાણી, કર્મમાંથી નવી પર્યાય આવે છે? એમ પોતાની પર્યાયમાંથી પણ નવી પર્યાય નથી આવતી. સંવરની પર્યાયમાંથી નવી સંવરની પર્યાય નથી આવતી. કેવલજ્ઞાનની પર્યાયમાંથી નવી કેવલજ્ઞાનની પર્યાય નથી આવતી. આહાહા..! સમજાણું કાંઈ? છ છોકરા તો ક્યાંય રહી ગયા. અહીં જમીન તો લીધી છે તમે છોકરાઓ માટે, નહિ? એવું સાંભળ્યું છે. કોક કહે ૩૬ હજારની જમીન લીધી. આ મકાન તો છે. પાછી જમીન લીધી છોકરા માટે. કરે તે દિ' ખરા. કરે તો અહીં રહેવું પડેને પાછું એમાં. આહાહા..!

પ્રભુ કહે છે, એક વાર સાંભળ તો ખરો, પ્રભુ! પ્રભુ પ્રભુને કહે છે. આત્માને ભગવાન તરીકે બોલાવ્યો છે. ૭૨ ગાથા સમયસાર. સમયસારની ૭૨મી ગાથા છેને. ૭૦ અને ૨. ૭૨ કહે છેને? એમાં કહ્યું છે કે પુણ્ય અને પાપના ભાવ અશુચિ છે, મેલ છે, અચેતન છે, દુઃખ છે, આહાહા..! ફરીથી. શુભ અને અશુભભાવ જે પર્યાયમાં છે એ અશુચિ છે, મેલ છે. આહાહા..! અને દુઃખ છે અને શુભ-અશુભભાવ એ અચેતન છે. એમ કહીને પછી લીધું છે કે ભગવાન આત્મા... અહીં તો ઘણી વાર ચાલ્યું છે, ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે. સમજાણું કાંઈ? ભાઈ! એમાં આજે બહુ આવ્યું છે જૈન ગેજેટમાં. 'નહિ, શુભભાવ ધર્મધ્યાન છે, હેય નથી. કેટલાક હેય કહે છે એ ખોટું છે.' અહીંની વાત. એને એમ બેઠું હોય તો શું કરે?

**શ્રોતા :-** આપણામાં તો કથંચિત્ હોયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કથંચિત્ બિલકુલ નહિ. કથંચિત્‌નો અર્થ એવો છે કે પોતાની પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! કેમકે પોતાનો આત્મા ધ્રુવ જે સ્વરૂપ છે અને એની જે પર્યાય છે, એની પર્યાયની સીમામાં જ રહે છે. એ પર્યાયની સીમા છોડીને પરમાં જાય છે કે પરને સ્પર્શે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? તો કહે છે કે સંવર, નિર્જરા અને મોક્ષ એ પર્યાય છે અને પર્યાયમાંથી નવી પર્યાય નથી આવતી તો એ દ્રવ્ય નથી, એ પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? દ્રવ્ય નામ સ્વ ચીજ જે સ્વ ચીજ ત્રિકાળી છે એ દ્રવ્ય નહિ. ક્ષણિક પર્યાય છે એ પરદ્રવ્ય છે. આહાહા..! મોક્ષની પર્યાયને પરદ્રવ્ય કહી.

**શ્રોતા :-** ક્ષણિક હોવાને કારણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક સમયની પર્યાય છેને, વિનાશીક છે. આહાહા..! દુનિયા આખી જગત, શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, લક્ષ્મી, આબરૂ તો નાશવાન છે... આહાહા..! પણ ભગવાન આત્માની પર્યાય જે છે સંવર, નિર્જરા અને મોક્ષની એ પણ નાશવાન છે, કાયમ ટકનારી ચીજ એ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એક લીટીમાં ઘણું ભર્યું છે.

'**જીવાદિ સાત...**' એટલે પુણ્ય, પાપને આસ્રવમાં નાખી દીધા છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ. ભાવબંધ. ભાવબંધ હોં, દ્રવ્યબંધની અહીં વાત નથી. દ્રવ્યબંધ તો અજીવ, એ તો

પરચીજમાં ગયો. રાગ જે દયા, દાનનો વિકલ્પ ઉઠે છે એ ભાવબંધ છે. ભગવાન અબંધસ્વરૂપ છે. ભગવાન એટલે આત્માને ભગવાન કહે છે હોં, પાછા કોઈ... આહાહા..! એ પર્યાય શુભ-અશુભભાવ, જે ભાવે તીર્થંકરોગોત્ર બંધાય એ ભાવ ભાવબંધ છે. એ ભાવબંધની પર્યાય ઉપાદેય નથી, હેય છે એમ કહ્યુંને. ટીકાકારે એમ લીધું કે **'ખરેખર ઉપાદેય નથી.'** આહાહા..! જે ભાવે મહાવ્રતનો વિકલ્પ ઉઠે જે ભાવમાં એ ભાવ આદરણીય નથી. આહાહા..! જે ભાવમાં શુદ્ધિની ઉત્પત્તિ થાય અને જે ભાવમાં શુદ્ધિની વૃદ્ધિ થાય અને જે ભાવમાં પર્યાયમાં શુદ્ધિની પૂર્ણતા થાય એ પરદ્રવ્ય છે. આહાહા..! માર્ગ બાપા! પ્રભુ! મારગડા તારા (સૂક્ષ્મ છે). ભગવાન સાક્ષાત્ ભગવાન પોતે છે. આહાહા..!

કહે છે,... ધીમે-ધીમે આવે છે વાત. એકદમ કોઈ ઓલા પ્રોફેસરો બોલી જાય એમ આ વાત નથી કાંઈ. આહાહા..! વિચારવાનો વખત પણ સાથે રહે (કે) શું કહે છે અને શું છે? આહાહા..! કહે છે કે જીવ, અજીવ પર્યાયની વાત. આસ્રવ પર્યાય, બંધ, ભાવબંધ પર્યાય. આહાહા..! સંવર, નિર્જરા, મોક્ષ એ શુદ્ધ પર્યાય. પણ એ પણ અહીંયાં **'તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...' 'હોવાને લીધે...'** એમ લીધું છે. **'પરદ્રવ્ય હોવાને લીધે...'** આહાહા..! **'ખરેખર...'** યથાર્થ રીતે, ખરેખર રીતે તે **'ઉપાદેય નથી.'** સમજાણું કાંઈ? અહીં મોક્ષનો માર્ગ બતાવવો છે નિયમસારમાં. તો કહે છે કે માર્ગ ઉપાદેય નથી.

**શ્રોતા :-** ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ તો બધા પ્રાણીઓનો એક જેવો છે તો પછી મોક્ષ કેમ નથી થતો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહે છેને, પણ સ્વીકાર ક્યાં છે? છે એનો સ્વીકાર ક્યાં છે? છે તો છે. એ તો પ્રશ્ન હમણા થઈ ગયો હતો પહેલાંના વર્ષમાં. વીરજીભાઈ કેવા કહેવાય એ? વારિયા. વીરજીભાઈનો દીકરો છે ત્રિભુવનભાઈ, રાજકોટમાં. આ વીરજી વકીલ હતા. આ કાઠિયાવાડમાં દિગંબરનો અભ્યાસ પહેલો હોય તો એના પિતાજીને વીરજીભાઈને. કાઠિયાવાડમાં બધા શ્વેતાંબર છે અહીંયા. દિગંબર શાસ્ત્રનો અભ્યાસ (એમને હતો). વીરજીભાઈ હતા વકીલ ૯૨-૯૩ વર્ષે ગુજરી ગયા. એના દીકરાએ અહીંયાં પ્રશ્ન કર્યો હતો કે મહારાજ! તમે કારણ પરમાત્મા કહો છો... સાંભળો! ત્રિકાળ વસ્તુને કારણપરમાત્મા કહો છો તો કારણ હોય તો કાર્ય આવવું જોઈએ. સમજાણું કાંઈ? કારણપરમાત્મા એ અહીંયાં આવશે હમણા. કારણપરમાત્મા ધ્રુવ શુદ્ધભાવ ત્રિકાળ અને કેવળજ્ઞાનાદિ એ કાર્યપરમાત્મા છે. સમજાણું કાંઈ? તો અહીં કહે છે કે કારણપરમાત્મા છે તો કાર્ય કેમ નથી આવતું? એમ પ્રશ્ન કર્યો. પણ ભાઈ! કારણપરમાત્મા તો છે. એનો સ્વીકાર છે અંદરમાં? 'છે' એવા સ્વીકાર વિના કારણપરમાત્મા એને ક્યાં છે? ન્યાય સમજાણો? આહાહા..! આત્મા તો છે.

એ છઠ્ઠી ગાથામાં કહ્યુંને? છઠ્ઠી ગાથા, સમયસાર. આ આત્મા પરદ્રવ્યનું લક્ષ છોડીને પોતાના આત્માની ઉપાસના કરે, ઉપાસના, સેવા, આરાધના, પોતાના આત્માની સેવા, ઉપાસના

કરે એને જ આત્મા શુદ્ધ છે એમ ખ્યાલમાં આવ્યું. શુદ્ધ છે પણ ખ્યાલમાં આવ્યા વિના શુદ્ધ કોને કહેવું? સમજાણું કાંઈ? આહાહા..! આ બધી અગમ્યગમ્યની વાતું છે. ત્યાં તમારે એડન-ફેડનમાં નથી અને મુંબઈમાં પણ નથી ત્યાં. કહો, સમજાણું કાંઈ? આવી વાતું. .. કહે છે, આ તો પાગલ છે બધા.

**શ્રોતા :-** અહીંયા તો સ્વીકાર કરનારી પર્યાયને પરદ્રવ્ય કહેવામાં આવી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહાહા..! કેમકે એ પર્યાયમાંથી નવી પર્યાય ઉત્પન્ન નથી થતી અને નવી પર્યાય ઉત્પન્ન થાય છે, ભલે કેવળજ્ઞાન હો, પણ એ કેવળજ્ઞાનની પર્યાયમાંથી બીજી કેવળજ્ઞાનની પર્યાય એમાંથી ઉત્પન્ન નથી થતી. કેવળજ્ઞાનની પર્યાય એક સમય રહે છે, બીજે સમયે બીજું કેવળજ્ઞાન, એવી પણ એ નહિ. સમજાણું કાંઈ? તો એ કેવળજ્ઞાનની પર્યાય અને સંવર-નિર્જરાની પર્યાયની ખાણ ધ્રુવ ખાણ છે એ તો, એમાંથી આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, એ '**પરદ્રવ્ય હોવાને લીધે...**' પાછી ભાષા ટીકા તો જુઓ! એ પદ્મપ્રભમલધારી દેવે ટીકા કરી છે. છેને ત્રીજા? આ કુંદકુંદાચાર્ય છે, આ અમૃતચંદ્રાચાર્ય. ત્રણેની છેને? પદ્મપ્રભમલધારીદેવ નગ્નમુનિ દિગંબર સાધુ વનવાસમાં રહેતા હતા. મુનિઓ તો વનવાસમાં જ રહેતા હતા. આહાહા..! એ એમ કહે છે કે ત્રિલોકનાથ પરમાત્મા તો એમ ફરમાવે છે... આહાહા..! એ એક સમયની મોક્ષની પર્યાયને પરદ્રવ્ય કહી. '**द्रव्यति इति द्रव्यं**' પર્યાય દ્રવ્યે એને નવી પર્યાય થાય? તો ત્રિકાળી દ્રવ્ય છે એ દ્રવે છે તો પર્યાય નવી થાય છે. આહાહા..! આ તો લોજિકથી તો ન્યાય સમજાય એવી ચીજ છે. એવી ચીજ નથી કે એમ ને એમ માની લેવું. એને અંદર ભાવનું ભાસન થવું જોઈએને કે આ રીતે છે. તો કારણપરમાત્મા તો છે કીધું. પણ છે કોને? જેણે સ્વસન્મુખ થઈને 'કારણપરમાત્મા શુદ્ધ છે એ હું છું' એવો સ્વીકાર કરનારને કાર્યસમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. ધર્મચંદજી! આહાહા..! સમજાણું કાંઈ? જેને કારણપરમાત્મા કહો, આ શુદ્ધભાવ કહો, ધ્રુવભાવ કહો. આહાહા..! આ છે... આ છે... એવો પર્યાયમાં જ્યારે સ્વીકાર થયો તો પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાનનું કાર્ય થઈ ગયું. સમજાણું કાંઈ? સુજાનમલજી!

'**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...**' સમૂહ થયોને? એક પર્યાય નથી, એ તો સાત તત્ત્વ થયા સંવર, નિર્જરા, મોક્ષ આદિ. એ '**પરદ્રવ્ય હોવાને લીધે...**' આહાહા..! કેમકે એમાંથી નવી પર્યાય નથી આવતી તો જેમ પરદ્રવ્યમાંથી નથી આવતી તો પર્યાયમાંથી પણ નથી આવતી. એ કારણે એને પરદ્રવ્ય કહી દીધું. આહાહા..! સમજાણું કાંઈ? '**ખરેખર ઉપાદેય નથી.**' ખરેખર મોક્ષની પર્યાય કેવળજ્ઞાનની એ પણ ઉપાદેય નથી. એ અંગીકાર, આદરણીય (કરવાયોગ્ય) નથી. કેમકે કેવળજ્ઞાનની પર્યાય સદ્ભૂતવ્યવહારનયનો વિષય છે (એટલે) વ્યવહાર થયો. આહાહા..! સમજાણું કાંઈ? '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...**'

આ કારણે '**ખરેખર ઉપાદેય નથી.**' પાઠમાં હેય કહ્યું, ટીકાકારે ઉપાદેય નથી (એમ કહ્યું). આહાહા..! ત્યારે હવે ઉપાદેય કોણ છે ધર્મીને? આહાહા..! મુનિ છેને, તો મુનિ પોતાની વાત કરે છે. બાકી તો સમ્યગ્દૃષ્ટિની પણ વાત આ છે. પણ મુનિ પોતાની વાત કરે છે.

'**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે,...**' મુનિ એવા હોય છે. આહાહા..! સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલ. મહેલ સમજો છો? એના શિખરનો શિખામણિ. '**ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રત્ન.**' આહાહા..! પૂર્ણ પરમાત્મા શુદ્ધભાવને ઉપાદેય કરનાર જીવ કેવો છે એમ વર્ણવે છે. મુનિથી વાત લીધી છે. એને તો સહજ, પુણ્ય-પાપના વિકલ્પથી પણ જેને વૈરાગ્ય વર્તે છે. મહાવ્રતનો વિકલ્પ છે, પણ એનાથી વૈરાગ્ય વર્તે છે. આહાહા..! સહજ, સ્વભાવિક '**વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે,...**' આહાહા..! '**પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...**' આહાહા..! જે પર્યાય આદિ પરદ્રવ્યથી જેની દૃષ્ટિ પરાઙ્મુખ છે. આહાહા..! આ તો ૪૧મું ચોમાસુ ચાલે છે. આ ચોમાસું ૪૧-૪૧ સમજે? ૪૦ અને ૧. તો સ્પષ્ટીકરણ આવવું જોઈએ કે નહિ? બ્રહ્મચારીજી! આ ૪૧મું ચોમાસુ ચાલે છે. ૪૦ અને ૧. આ પરિવર્તનને. અહીં ગામમાં (પરિવર્તન કર્યું). આહાહા..! પછી તો એના તત્ત્વની શું ચીજ છે એ તો આવવું જોઈએને. શું ચીજ છે મૂળ ચીજ?

ભગવાન અનંત આનંદનો નાથ... આહાહા..! વીતરાગ સહજાનંદ સ્વભાવ એની જે મૂર્તિ પ્રભુ ધ્રુવ એ સિવાય પર્યાયનો ભેદ પરદ્રવ્ય હોવાથી ઉપાદેય નથી. આહાહા..! અહીં તો હજી ઓલા શુભભાવ ઉપાદેય (મનાવે છે). એ આજે મોટું આવ્યું છે જૈન ગેજેટમાં. શુભભાવ ધર્મ છે. ધર્મ કરતાં-કરતાં નિશ્ચયધર્મ થાય છે. વ્યવહાર પણ ધર્મ છે. અરે! આહાહા..! શું થયું? જૈનધર્મ, વીતરાગ ત્રિલોકનાથ...

**શ્રોતા :-** વાડ વેલાને ખાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આવા ઉપદેશકો, પંડિતો કહે. વાડ વેલાને ખાય. વેલો સમજો છો? વાડ હોય છેને વાડ? એમાં વેલો ચડે છે. વાડ ખાઈ જાય. વેલો સમજો છો? વેલ ચડે છે. અંદર ગરે તો ખાઈ જાય. આહાહા..!

એ કહ્યું હતુંને ભાઈ એક ફેરી, દામોદર શેઠનું. સ્થાનકવાસી સાધુ હતા. શ્રદ્ધા વેદાંતની હતી. આ દામોદર શેઠ હતા ગૃહસ્થ માણસ. તે દિ' ૬૦-૭૦ વર્ષ પહેલાં દસ લાખ રૂપિયા. હવે તો પૈસા ઘણા વધી ગયા. હવે તો એની દસ લાખની કાંઈ કિંમત રહી નહિ, પણ તે દિ' તો દસ લાખ ૬૦-૭૦ વર્ષ પહેલાં. તો એ શેઠિયા હતા તો બિચારા એને શ્રદ્ધા જૈનની ખરી. દૃષ્ટિ વિપરીત હતી બધી. પણ એને ઓલો સુધરેલ માણસ દેખી,... ઘરે ઘોડા. ઘોડા ઘણા. એક ઘોડો નહિ. ઘોડી, ઘોડા એવા અનેક આખું ઘોડાર ભરેલું. મોટા દરબાર. અપાસરાની સામે એના મકાન. અમારે ત્યાં સંપ્રદાયનું એ ગામ કહેવાય. ત્યાં ચોમાસુ ઘણું રહ્યા. તો એ દામોદર શેઠને સુધરેલ દેખીને એના એક મામાના ઘરે ગયા હતા, જેતપુર.

તો એક સાધુને દેખીને કહે આ સુધરેલ છે. એટલે એને કહેવા માંડ્યું કે આત્મા તો એક જ છે, વસ્તુ એક જ છે. આમ... આમ... આહાહા..! એ જાણે કે આ સુધરેલ છેને એટલે એ વાત એને બેસશે. તો એણે કહ્યું, અરે! મહારાજ! વાડ વેલાને ખાય, ક્યાં જાવું વેલાને? તમે અમારા સ્થાનકવાસી સાધુ નામ ધરાવીને તમે વેદાંતને સિદ્ધ કરો છો અને જૈનને ઉડાવી દો છો.

અહીં કહે છે કે ભગવાન! એકવાર સાંભળતો ખરો, પ્રભુ! આહાહા..! જે સાત તત્ત્વનો સમૂહ એ પર્યાયનો પિંડ એ ઉપાદેય નથી. તો ઉપાદેય શું ચીજ છે અને કોણ ઉપાદેય એને સ્વીકારે છે? કે '**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે,...**' એવા જે સંત. આહાહા..! '**પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે...**' આહાહા..! જે ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ મુનિ હો કે સમ્યગ્દૃષ્ટિ હો, પરદ્રવ્યથી તો પરાઙ્મુખ છે. સમજાણું કાંઈ? ઉલટું છે. '**પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે,...**' મુનિની વાત કરે છેને? પાંચ ઇન્દ્રિયોનો ફેલાવ નથી. અણિન્દ્રિય આત્માનું ભાન થઈ ગયું છે. પાંચ ઇન્દ્રિયનો ફેલાવ એનાથી રહિત '**દેહમાત્ર જેને પરિગ્રહ છે,...**' શરીરમાત્ર પરિગ્રહ હોય છે. મુનિને તો એક શરીરમાત્ર હોય છે. એને કપડાનો ટૂકડો પણ નથી હોતો. સાચા મુનિ ભાવલિંગીની વાત છે હોં. કપડા છોડીને નગ્ન થઈ જાય માટે ધર્મી છે એમ નથી. એ તો સવારમાં આવ્યું હતું. દ્રવ્યલિંગ હોય તો નગ્નપણું જ હોય છે, પણ નગ્નપણું ધર્મનું કારણ છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**પરદ્રવ્યથી પરાઙ્મુખ છે, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે, જે પરમજિનયોગીશ્વર છે,...**' પરમજિનયોગીશ્વર. જેણે ભગવાન ધ્રુવસ્વરૂપમાં પરમ ચિદ્—જ્ઞાનની પર્યાયને જોડી દીધી છે. રાગથી તોડી નાખી અને સ્વભાવમાં જોડી દીધી. આહાહા..! સમજાણું કાંઈ? '**પરમજિનયોગીશ્વર...**' ભાષા કેટલી વાપરી! પરમ-જિન-યોગી અને ઈશ્વર. આહાહા..! ચોથે ગુણસ્થાને પણ યોગી તો છે સમકિતી, પણ આ મુનિ છે એ તો પરમજિનયોગીશ્વર છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—**' આહાહા..! જેની વર્તમાન બુદ્ધિ એવી તીક્ષ્ણ છે કે સ્વદ્રવ્યમાં જોડી દીધી છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્માનું જ્યાં મોટું નિધાન પડ્યું છે એમાં જ્ઞાનની પર્યાયને જોડી દીધી છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિએ પણ જ્ઞાનની પર્યાયને ત્રિકાળમાં જ જોડી દીધી છે. પણ આ તો મુનિની વ્યાખ્યા (કરતાં) પોતાની દશાની વાત કરે છે અને ઉપાદેય શું છે એ બતાવે છે. '**પરમજિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—એવા આત્માને...**' એવા આત્માને '**આત્મા ખરેખર ઉપાદેય છે.**' આહાહા..! એવા આત્માને નિમિત્ત આદિ ઉપાદેય નથી, રાગ, મહાવ્રતનો વિકલ્પ પણ ઉપાદેય નથી, એને સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય પણ ઉપાદેય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'એવા આત્માને 'આત્મા'...'** એટલે આત્માને શું કહ્યું? પર્યાય જેણે અંતરમાં જોડી દીધી છે. પરથી સહજ વૈરાગ્ય થઈ ગયો છે અને અંતરમાં જોડી દીધી છે એવા આત્માને. એવા આત્માને ત્રિકાળી આત્મા ઉપાદેય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે આવો ધર્મ ભારે ભાઈ આવો (એમ કહે). એ કરતાં વ્રત પાળવા, અપવાસ કરવા, તપસ્યા કરવી, મંદિર બનાવવા (તો) ધર્મ થઈ જશે. ધૂળેય નથી સાંભળને.

**શ્રોતા :-** શાસ્ત્રો છપાવીએ તો ધર્મ થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ધર્મ નથી શાસ્ત્ર છપાવીએ તો. આ હિંમતભાઈએ બહુ લખ્યા છે શાસ્ત્ર. તો ધર્મ છે? એ તો વિકલ્પ હતો. આહાહા..! એય..! રામજીભાઈએ મોક્ષશાસ્ત્ર આદિ બહુ લખ્યું છે સંગ્રહ કરીને. શાસ્ત્ર આત્માનું હોય જ નહિ. વાત તો સાચી છે. આહાહા..!

અહીં તો કહે છે કે સાત તત્ત્વની પર્યાયનો જે સમૂહ એ પરદ્રવ્ય હોવાને લીધે આદરણીય નથી, ઉપાદેય નથી. હેય કહ્યું, તો ઉપાદેય નથી એમ કહ્યું. ત્યારે ઉપાદેય કોણ? ધર્મી જીવને કોનો આદર છે? સમ્યગ્દૃષ્ટિ જીવને કોનો આદર છે? અને સમ્યગ્દૃષ્ટિ કેવા છે? કે રાગથી ભિન્ન છે, દેહથી ભિન્ન છે, સહજ વૈરાગ્યની ઉદાસીન દશા છે. આહાહા..! મુનિ છે તો મુનિથી વાત કરી છે. એવા આત્માની દશામાં ત્રિકાળી આત્મા ઉપાદેય છે. આ તો ગંભીર વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગવાળા ને દયાવાળા ને નિમિત્તવાળા એવા જીવને આ ઉપાદેય ક્યાં આવ્યું? આહાહા..!

**શ્રોતા :-** સહજ સ્વરૂપમાં તીક્ષ્ણ બુદ્ધિવાળા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. આહાહા..! ભગવાન પૂર્ણ શુદ્ધ ધ્રુવભાવ, જેને અહીંયાં શુદ્ધભાવ કહ્યો એને અહીંયાં સ્વદ્રવ્ય કહ્યું. શુદ્ધભાવ અધિકારનો પાઠ ચાલ છે એને અહીંયાં સ્વદ્રવ્ય કહ્યું. આહાહા..! પરમસ્વભાવભાવ એવી સ્વદ્રવ્ય વસ્તુ એમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે. આહાહા..! પ્રજ્ઞા—જ્ઞાનની છીણીથી ભિન્ન પાડીને દ્રવ્યની દૃષ્ટિ પકડી છે. આહાહા..! સમજાણું કાંઈ? જેણે પોતાની પર્યાયમાં પરથી ખસીને અને પર્યાયથી પણ ખસીને. આહાહા..! જુઓ, આ દિગંબર સંતોની શૈલી! આહાહા..! અરે! આવી વાત આવું શાસ્ત્ર છે ક્યાં? આહાહા..!

કહે છે, એકવાર સાંભળતો ખરો, પ્રભુ! ભગવાન તરીકે બોલાવ્યાને? ૭૨ ગાથામાં કહ્યું. કહે છે, જેની ચિત્તવૃત્તિ નામ જ્ઞાનની પરિણતિ વર્તમાન દશા નિર્મળ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે એ પર્યાયને જેણે સ્વદ્રવ્યમાં જોડી દીધી છે. એવા **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—'** આહાહા..! અમરચંદભાઈ! આહાહા..! આવી વાત આહાહા..! કેવા આત્માને? કેવા આત્માને સ્વદ્રવ્ય ઉપાદેય છે? આહાહા..! જેને પરથી વૈરાગ્ય થઈ ગયો છે અને જેની દશા પર્યાય ત્રિકાળમાં જોડી દીધી છે એવા આત્માને આ ઉપાદેય છે. સમજાણું કાંઈ? આહાહા..! કેવળજ્ઞાની પરમાત્મા એના દરબારમાં જેને પેસવું હોય એની તૈયારી કેટલી હોવી જોઈએ? ચક્રવર્તીનું રાજ હોય. બેઠા હોય ચક્રવર્તી દિવાન ખાનામાં તો માણસ કોઈ

જાય એની તૈયારી કેટલી હોય છે! સમજાણું કાંઈ? અહીં પણ આ ગરાસિયા હોય છેને દરબાર? તો એની રાણી હોય ત્યાં જાય તો આ વાળંદ જાય, બીજા જાય તો એવા-એવી ચોરણી પહેરી હોય અને ખુલ્લા એમ ન જઈ શકે. પછેડી બાંધે. સમજાણું કાંઈ? આમ શરીર ખુલ્લું હોય તો પાછળનો ભાગ જરી દેખાઈ જાય, કપડાસહિત ભલે હોય, તો એ અંદર જાય તો એને ઉપર પછેડી બાંધવી પડે. પછેડી સમજ્યા? કપડા. કપડા પહેરેલા તો હોય, પણ એની ઉપર કપડું બાંધીને અંદર જાવું પડે, એમ ને એમ ન જઈ શકે. અહીં છેને અમારે અહીં દરબાર, ...માં છે. સમજાણું કાંઈ? આહાહા..! તો અહીં ત્રણલોકના નાથ સો ઈન્દ્રો જેની પૂજા કરે. કૂતરાના બચ્ચા ગલુડિયાની જેમ સમવસરણમાં ઈન્દ્ર સાંભળે. અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર, અર્ધલોકનો સ્વામી ઈશાન ઈન્દ્ર. દક્ષિણ. આહાહા..! એ ભગવાન પાસે સાંભળે. વાઘ અને સિંહ જંગલમાંથી જરરરર કરતાં ચાલ્યા જાય. કોઈને દુઃખ ન દે. સભામાં જાય. આમ ફેણ મારીને સાંભળે. સિંહ કેસરી એ પણ સેંકડો સિંહ જંગલમાંથી ચાલ્યા આવે. ઓહો..હો..! એ વાણી કેવી છે! આહા..હા..! એ સાધારણના ગજા નહિ બાપુ એ પચાવવા. એને પચાવવા માટે તૈયારી જોઈએ. સમજાણું કાંઈ?

એક રોટલી પચાવનારું જઠર છે, મૈસુબ પચાવવા માટેનું જઠર બીજું હોવું જોઈએ. મૈસુબ સમજ્યા? મૈસુબ નથી હોતા? શું કહે છે? મૈસુબપાક. ચાર શેર લોટ. લોટને શું કહે છે? લોટ અને ચાર શેર ઘી. ચણાનો એક શેર લોટ અને ચાર શેર ઘી પાઈને બનાવે એને મૈસુબ કહે છે. તો પાચનશક્તિ હોયા વિના ખાઈ શકે? રોટલી પચે નહિ એ મૈસુબ ખાઈ શકે? અને ઘઉંનો એક શેર લોટ અને ચાર શેર ઘી પાઈને બનાવે એને શક્કરપારા કહે છે. ચણાનો એક શેર લોટ, ચાર શેર ઘી પાય એને મૈસુબ કહે છે અને ઘઉંનો એક શેર લોટ અને ચાર શેર ઘી પાઈને બનાવે એને શક્કરપારા કહે છે. એ સાધારણ માણસ પચાવી શકે? બાળક હજી એની માનું દૂધ પણ પચાવી શકે નહિ એને મૈસુબનો કટકો દે? આહાહા..! અહીં કહે છે કે આ વાત સાંભળવામાં પણ એની ઘણી પાત્રતા હોવી જોઈએ. આહાહા..! આ તો સર્વજ્ઞ પરમાત્માનો અમૃતનો વરસાદ છે. સમજાણું કાંઈ?

કહે છે, **'જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—એવા આત્માને...'** એમ. જેની બુદ્ધિમાં ઠેકાણા નથી એને આત્મા ઉપાદેય ક્યાંથી હોય? આહાહા..! જેની પર્યાય પરથી ખસી ગઈ છે અને જેની પર્યાય પોતાના દ્રવ્ય તરફમાં વળેલી છે એવા તીક્ષ્ણ બુદ્ધિવાળા. આહાહા..! એવા આત્માને એ પર્યાયની વાત કરી. એ આત્માને એ પર્યાયની વાત છે. એવા આત્માને. આત્મા એ ધ્રુવ. બીજો શબ્દ ધ્રુવમાં જાય છે. પહેલો 'આત્માને' (એટલે) એવી પર્યાયવાળો અને બીજો આત્મા એ ત્રિકાળ. સમજાણું કાંઈ? આવો ઉપદેશ કેવો! વ્રત કરવા, પૂજા કરવી, ભક્તિ કરવી, જાત્રા (કરવી),.. સમ્મેદશિખર 'એકવાર વંદે જો કોઈ...' આવે છે કે નહિ? 'નરક પશુ ન હોય.' એમાં દાળિયા શું થયા? એમ જણો કહે કે એની જાત્રા કરે તો નરક-

પશુ ન થાય, પણ એ તો એક ભવમાં સારા પરિણામ હોય તો નરક-પશુ ન થાય. પછી નરકમાં જશે, નિગોદમાં જશે.

**શ્રોતા :-** આ તો ભવના અભાવની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ છે. વસ્તુમાં ભવ અને ભવના ભાવનો અભાવ છે. ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ એમાં ભવનો તો અભાવ છે, ભવનું કારણ ભાવનો તો અભાવ છે, પણ જેમાં સંવર-નિર્જરા, મોક્ષ (જેણે) ભવનો અભાવ કર્યો એનો જેમાં અભાવ છે. સમજાણું કાંઈ?

**'એવા આત્માને...'** એવો આત્મા એટલે કોણ? **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે, પરદ્રવ્યથી જે પરાઙ્‌મુખ છે, પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે, જે પરમજિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે...'** આહાહા..! ટીકામાં અમૃત રેડ્યા છે અમૃત! આહાહા..! શ્રીમદ્‌માં આવે છે 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત રે ગુણવંતા જ્ઞાની.. અમૃત વરસ્યા રે પંચમ કાળમાં.' 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત, સમજાયું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.' પોતે હોં. પહેલું સમજાવ્યું કીધું હતું, પછી સમજાયું કહ્યું. આહાહા..!

**શ્રોતા :-** શબ્દે-શબ્દે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ તો એક-એક શબ્દ વાચ્યને બતાવે છેને. આહાહા..! એવી ધારા ભગવાનના ત્રિલોકનાથની વાણી એ વાણી આમાં આવી છે. આહાહા..!

**'એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે.'** આહાહા..! આમ-આમ કહે કે આત્મા ઉપાદેય... આત્મા ઉપાદેય... એમ નહિ. જેને પરથી વૈરાગ્ય થઈ ગયો છે, પરદ્રવ્યથી પરાઙ્‌મુખ છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ કામ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! એવા પરમ જિનયોગીશ્વર, એવી પર્યાયમાં દશા જેની છે એને ત્રિકાલી દ્રવ્ય ઉપાદેય છે. આહાહા..! આ તો મુનિ છે તો મુનિથી વાત કરે છે, બાકી સમ્યગ્દષ્ટિ પરદ્રવ્યથી પરાઙ્‌મુખ છે, જ્ઞાન અને વૈરાગ્ય શક્તિસહિત છે. આવે છેને નિર્જરામાં? અસ્તિ જે વસ્તુ પૂર્ણ છે એનું જ્ઞાન છે અને રાગથી ખસી ગયો છે તો વૈરાગ્ય છે. જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ સમકિતીને હોય જ છે. સમજાણું કાંઈ? આહાહા..! એવી પર્યાયમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ સ્વદ્રવ્યમાં જોડી દીધી છે. આહાહા..! એવા આત્માને ત્રિકાળી જે આ શુદ્ધભાવ, શુદ્ધભાવ એ ત્રિકાળી આ આત્મા. એ શુદ્ધભાવને અહીં આત્મા કહ્યો. સમજાણું કાંઈ? આહાહા..! એને આ ઉપાદેય છે. આહાહા..! વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૬, મંગળવાર, તા. ૧૨-૦૮-૧૯૭૫,**
**ગાથા-૩૮, કળશ-૫૪, પ્રવચન નં. ૨**

આ નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. આ શુદ્ધભાવ એટલે ત્રિકાળી જ્ઞાયકભાવ જે ધ્રુવ એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. પર્યાયનો શુદ્ધભાવ અને અશુદ્ધભાવ, અશુદ્ધના બે પ્રકાર શુભ-અશુભ એની વાત અહીંયાં નથી. જે ત્રિકાળી જ્ઞાયકભાવ એ પહેલાં કહ્યુંને. '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.**' આહાહા..! જીવની એક સમયની પર્યાય એમાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એવા સાત તત્ત્વની પર્યાય જે છે એ જીવ અંતરતત્ત્વથી એ બાહ્યતત્ત્વ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ ભાવ છે. અંતરતત્ત્વ, અંતઃ અંતરતત્ત્વ એ અપેક્ષાએ પુણ્ય અને પાપનો વિકલ્પ આસ્રવ, રાગમાં રોકાવું એ બંધ અને શુદ્ધિની ઉત્પત્તિ થવી એ સંવર, શુદ્ધિની વૃદ્ધિ થવી એ નિર્જરા, શુદ્ધિની પૂર્ણતા થવી એ મોક્ષ, એ બધાને બહિર્તત્ત્વ કહેવામાં આવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

બહિર્તત્ત્વ હેય છે. કેમ? કે એ '**પરદ્રવ્ય હોવાને લીધે...**' એ સ્વદ્રવ્ય જ્ઞાયક ત્રિકાળી નહિ. એ કારણે બહિર્તત્ત્વને ઉપાદેય કહેવામાં આવ્યા નથી. પાઠમાં હેય છે, પણ ઉપાદેય નથી એમ નાસ્તિથી કહ્યું. આહાહા..! હવે કોને ઉપાદેય છે? શું ઉપાદેય છે? અને કોને ઉપાદેય છે? સમજાણું કાંઈ? બે વાત છે. શું ઉપાદેય છે? અને કોને ઉપાદેય છે? ઈ બે વાત એક સાથે કહે છે. આહાહા..! કહે છે કે જે વૈરાગ્યના શિખરનો શિખામણિ પરથી ઉદાસ, વિકલ્પથી ઉદાસ. આહાહા..! અંતરમાં વિકલ્પથી પણ જે ઉદાસ છે. આહાહા..! અને પરદ્રવ્યથી પરાઙ્મુખ છે અને પાંચ ઈન્દ્રિયનો વિસ્તાર ત્યાં અણિન્દ્રિય ધ્યાનમાં રહેતો નથી. આહાહા..!

અને '**પરમજિનયોગીશ્વર...**' મુખ્યપણે મુનિ લીધા છેને. '**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—**' આહાહા..! જેની સ્વ જ્ઞાયકભાવ પરમસ્વભાવ પ્રત્યે પકડવાની સ્વદ્રવ્ય પ્રત્યે તીક્ષ્ણ બુદ્ધિ છે. આહાહા..! '**એવા આત્માને...**' એવા આત્માને '**આત્મા ઉપાદેય છે.**' સમજાણું કાંઈ? આહાહા..! જે વિકલ્પમાત્રથી ખસીને, પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈને સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિથી જેનું કામ કરે છે. આહાહા..! એવા આત્માને, '**એવા આત્માને...**' એની પરિણતિ લીધી કે જેમાં વિકલ્પથી રહિત, પરદ્રવ્યથી પરાઙ્મુખ, સ્વદ્રવ્યમાં તીક્ષ્ણબુદ્ધિ .. આહાહા..! પ્રજ્ઞાછીણી કહે છેને? જ્ઞાયકસ્વભાવ પ્રત્યેની તીક્ષ્ણ બુદ્ધિ થઈ પરથી ભિન્ન કરીને. આહાહા..! સમજાણું કાંઈ?

**‘એવા આત્માને...’** એવી જેના અંતરમાં નિર્વિકલ્પ પરિણતિ થઈ છે. આહાહા..! **‘એવા આત્માને ‘આત્મા’...’** એ પરમસ્વભાવિક વસ્તુ ત્રિકાળી. **‘એવા આત્માને આ આત્મા ખરેખર ઉપાદેય છે.’** સમજાણું કાંઈ? ત્યાં સુધી તો આવ્યું હતું કાલે. **‘ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...’** આહાહા..! કહે છે કે ઉદયભાવ દયા, દાન, ભક્તિ, વ્રત આદિનો વિકલ્પ ઉઠે છે એ ઉદયભાવ છે. ઉદયભાવથી આ આત્મા અગમ્ય છે. એનાથી ગમ્ય થતો નથી. આહાહા..! અહીં તો ચારેય ભાવથી અગમ્ય છે એમ કહેવામાં આવ્યું છે. ઉદયભાવ—દયા, દાન, વ્રતનો વિકલ્પ એનાથી ગમ્ય નથી, પણ ઉપશમભાવ છે એનાથી ગમ્ય નથી. ગમ્ય નથી એનો અર્થ? ઉપશમભાવના આશ્રયે ગમ્ય થતો નથી. નહીં તો ચૈતન્ય જ્ઞાયક ત્રિકાળી ભાવ તો ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિકની પર્યાયથી ગમ્ય છે. અહીંયાં જરી ઝીણી વાત છે થોડી. અહીંયાં ઉદયથી તો ગમ્ય નથી, પણ ઉપશમભાવ, ક્ષયોપશમ, ક્ષાયિકથી તો ગમ્ય છે. અહીં તો ના પાડે છે કે એનાથી ગમ્ય નથી. એનો અર્થ કે પારિણામિક સ્વભાવભાવરૂપી આત્મા જ્ઞાયકભાવ એ ચાર ભાવના આશ્રયે ગમ્ય થતો નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય છે તો એના આશ્રયે નથી. એ પર્યાયથી તો ગમ્ય છે. અનુભવમાં ગમ્ય છે એ તો પર્યાય છેને? એ તો ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષાયિક દશાની પર્યાય છે. પણ એ પર્યાયને આશ્રયે ગમ્ય નથી એમ કહેવામાં ભાવાંતરથી ગમ્ય નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ભાષા તો સાદી આવે છે, ભાવ જરી ભલે ઉંચા હોય. સમજાણું કાંઈ?

કહે છે કે **‘ઔદયિક આદિ ચાર ભાવાંતરો...’** ભાવાંતરો અર્થાત્ નીચે લખ્યું છે. **‘અન્ય ભાવો.’** કોનાથી અન્ય ભાવ? શુદ્ધભાવ જે અહીંયાં કહ્યો એવો જે જ્ઞાયકભાવ ધ્રુવ જે શુદ્ધભાવ છે, પરમસ્વભાવભાવ પારિણામિકભાવ જે છે એનાથી આ ચાર ભાવ અનેરા છે. સમજાણું કાંઈ? આહાહા..! **‘ઔદયિક આદિ ચાર ભાવાંતરો...’** ભાવાંતરો–અનેરા ભાવ જે ધ્રુવ નિત્યાનંદ પ્રભુ સહજાનંદ સ્વભાવની મૂર્તિ આત્મા જે પરમપારિણામિક સ્વભાવરૂપ એવા ભાવથી ચાર ભાવ અનેરા છે. આહાહા..! સમજાણું કાંઈ? તો એ ચાર ભાવાંતરોને અગોચર. ચાર ભાવથી ભગવાન આત્મા ગમ્ય નથી એમ કહે છે. એનો અર્થ એ કે ચાર ભાવને આશ્રયે ગમ્ય નથી. ગમ્ય ઉપશમ, ક્ષયોપશમથી ગમ્ય નથી તો ક્યા ભાવથી ગમ્ય છે? સમ્યગ્દર્શન જ્ઞાનમાં ગમ્ય છે, તો સમ્યગ્દર્શન ક્ષાયિક હો, ઉપશમ હો કે ક્ષયોપશમ હો, એનાથી તો ગમ્ય છે.

**શ્રોતા :-** એના આશ્રયે ગમ્ય નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને આશ્રયે ગમ્ય નથી.

**‘ઔદયિક આદિ ચાર ભાવાંતરો...’** ઓહો..હો..! ક્ષાયિકસમકિતથી પણ ગમ્ય નથી એમ કહેવામાં આવ્યું છે. એનો અર્થ કે ક્ષાયિકસમકિતના આશ્રયે ગમ્ય નથી. પરમસ્વભાવભાવના

આશ્રયે ગમ્ય છે. આહાહા..! અરે..! આવી વાત પરમાત્માની. ત્રણલોકનો નાથ પોતે પરમાત્મા છે, સાક્ષાત્ ભગવાનની મૂર્તિ આત્મા છે, અનંત-અનંત આનંદના સાગરથી ભરેલો પ્રભુ આત્મા છે. આહાહા..! એવો આત્મા પર્યાયને આશ્રયે ગમ્ય નથી. પર્યાયથી ગમ્ય છે, પર્યાયના આશ્રયે ગમ્ય નથી. સમજાણું કાંઈ? ચાહે તો ક્ષયોપશમભાવ હોય કે ક્ષાયિક હોય કે ઉપશમ હોય, એને આશ્રયે ગમ્ય નથી. એનાથી ગમ્ય છે, પણ એના આશ્રયે ગમ્ય નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ તો જુઓ! ઓહો..હો..!

અંતર ભગવાન પરમાનંદનો નાથ પૂર્ણાનંદસ્વરૂપ. 'જિન સોહી હૈ આત્મા' જિન એ આત્મા અને આત્મા એ જિન. જિનેશ્વર કહો કે જિન કહો કે આત્મા કહો બેય એક જ છે. આહાહા..! એવો ભગવાન જિનેશ્વર પ્રભુ વીતરાગમૂર્તિ પરમસ્વભાવભાવ એના ભાવથી ચાર અનેરા ભાવ પર્યાયનો ભાવ એને આશ્રયે અનુભવ નથી થતો, એના આશ્રયે અનુભવગમ્ય નથી થતો. બ્રહ્મચારીજી! આહાહા..! એક વાત.

બીજી વાત. એવા આત્માને આત્મા એમ કહ્યુંને? તો જે આત્મા અંદર સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ લગાવીને, વિકલ્પથી ખસીને પરિણતિમાં આવ્યો છે એ પરિણતિવાળાને આત્મા ઉપાદેય છે. કેમકે ઉપાદેય તે સમયે ઉપાદેય થાય છે. આમ ધારી રાખે કે આ ઉપાદેય છે એ તો વિકલ્પની ધારણા છે, એ (યથાર્થ) ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જે સમયે પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈને, પરથી ખસીને, વિકલ્પથી રહિત નિર્વિકલ્પ વીતરાગભાવમાં અંતરમાં જઈને પકડે છે તે સમયે એવા આત્માને તે સમયે ઉપાદેય છે, તે સમયે ઉપાદેય છે. આહાહા..!

૧૪૪ ગાથામાં કહ્યુંને, કર્તાકર્મ. છઠ્ઠી ગાથામાં પણ એ કહ્યું છે, એ તો કહ્યું હતુંને. પરદ્રવ્યથી ખસીને સ્વ પૂર્ણાનંદના નાથની સેવા કરી તે સમયે એને શુદ્ધ છે એમ માલૂમ પડ્યું. એક વાત. ૧૪૪માં એમ કહ્યું કર્તાકર્મ. જે સમયે જે કાળે આત્મા શ્રુતજ્ઞાનનો વિકલ્પ જે આકુળતા છે, શ્રુતજ્ઞાનની નય જે પક્ષપાતની છે, વિકલ્પ જે ઉઠે છે એ આકુળતા છે. ત્યાં તો શુભવિકલ્પ છે. 'હું આવો છું, આવો છું, શુદ્ધ છું, અમૂઢ છું, વેદવાલાયક છું' એવો જે વિકલ્પ ઉઠે છે એ તો શુભભાવ છે, પણ છે આકુળતા. એ આકુળતા છે. આહાહા..! તો આકુળતા દ્વારા નિરાકુળતા જણાતી નથી. આવો માર્ગ ભારે ઝીણો પડે લોકોને. શું થાય? માર્ગ આ છે ત્યાં. અનાદિ તીર્થંકરો, જિનેન્દ્રોએ આ માર્ગ, ધોખ માર્ગ ઈન્દ્રોની સમક્ષમાં, ગણધરોની સમક્ષમાં કહ્યો છે. આહાહા..! કહે છે કે જ્યારે અંદર આત્મા વિકલ્પથી ખસીને સ્વરૂપ શુદ્ધ પૂર્ણની પ્રતીતિ, અનુભવ કરીને કરે છે તે સમયે એ આત્મા શ્રદ્ધવાલાયક થયો, એ સમયે આત્મા જાણવાલાયક થયો. ડાહ્યાભાઈ! ૧૪૪માં આવે છેને, ભાઈ! ૧૪૪ કર્તાકર્મમાં છેલ્લી ગાથા.

**શ્રોતા :-** ક્યા આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૧૪૪ જુઓ, **'અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન,**

**પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે...'** અહીં તો ગુજરાતી છે એનું હિન્દી. 'તે વખતે...' તે સમયે, તે કાળે, તે દશામાં **'તે વખતે જ આત્મા સમ્યક્‌પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે)...'** આહાહા..! **'અને જણાય છે...'** શું કહ્યું? આ તો બાપુ અગમ્યગમ્યની વાતું. આગમ-નિગમ. આહાહા..! લોકો તો એમ કહે અલક-મલકની વાત. આ તો આગમ-નિગમની વાત. આહાહા..! કહે છે, એ પહેલાં આવ્યું છે એમાં ૧૪૪માં. આ તો ઘણીવાર વંચાઈ ગયું છેને. ૧૭વાર તો સભામાં વંચાઈ ગયું સમયસાર. જુઓ, **'આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને...'** 'આ હું આવો છું ને હું આવો અમૂઢ છું, પ્રત્યક્ષ થવાને લાયક છું' એવો વિકલ્પ જે છે એ આકુળતા છે. આહાહા..! એ આકુળતાને છોડીને અંતર સ્વભાવના અનુભવના કાળે એ આત્મા શ્રદ્ધવાયોગ્ય થયો, એ આત્મા એ કાળે જાણવાલાયક થયો. સમજાણું કાંઈ? એ કાળે આત્મા ઉપાદેય થયો. ધન્નાલાલજી! એ છે જુઓ, **'તેથી, સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.'** આહાહા..!

આ તો અલૌકિક પરમાત્મા સાક્ષાત્ પ્રભુ પૂર્ણાનંદનો નાથ આત્મા છે. જેવા જિનેશ્વર છે વ્યક્તપણે એવો આત્મા શક્તિપણે એવો જ છે. સમજાણું કાંઈ? આહાહા..! જેવા જિનેશ્વરદેવ પર્યાયમાં, અવસ્થામાં વ્યક્તપણે પૂર્ણાનંદ છે એવો આ ભગવાન આત્મા શક્તિપણે એવો જ છે. એના સામર્થ્યમાં એટલો જ એવો છે. એવો સામર્થ્યવાન ઈશ્વર ભગવાન એ વિકલ્પથી રહિત થઈને, અહીં વૈરાગ્ય લીધો છે, પરથી વૈરાગ્ય કરીને સ્વદ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી પકડ્યું તે કાળે એ આત્મા એ આત્માને એ આત્મા ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો જ આત્મા ઉપાદેય છે એવી વિકલ્પથી ધારણા કરવી એ જુદી ચીજ છે. એમાં એ ચીજ ન આવી. એ તો વિકલ્પથી નિર્ણય કર્યો કે આ આત્મા ત્રિકાળી ઉપાદેય છે. પણ ઉપાદેય છે, આદરણીય છે એ તરફની દૃષ્ટિ થયા વિના આદરણીય થયો ક્યાંથી? સમજાણું કાંઈ? આહાહા..!

આ તો ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વરે (જે કહ્યું) એવી કથની આવી એમાં. આહાહા..! એમને વિકલ્પ તો હતો નહિ. સમજાણું કાંઈ? એ વાત ઘણી કીધી હતી કે આવી જ ભાષા કેમ આવી? કે પૂર્વે એ ભગવાન તીર્થંકર પોતાના પૂર્ણાનંદ સ્વભાવના સાધકપણે પરિણમતા હતા ત્યારે એવો વિકલ્પ આવ્યો કે હું પૂર્ણ થઈ જાઉં, હું પૂર્ણ આશ્રય કરી લઉં. આત્માનો પૂર્ણ આશ્રય કરું અને પૂર્ણ થઈ જાઉં એવો વિકલ્પ આવ્યો એમાં કર્મબંધ એવું થયું કે એની વાણીમાં એવું જ કથન આવે છે. સમજાણું કાંઈ? એને ઈચ્છા ક્યાં છે કરવાની? પણ એ પૂર્વે એવો વિકલ્પ આવ્યો હતો કે 'હું પૂર્ણાનંદ સ્વરૂપ છું, હું પૂર્ણાનંદ પર્યાયમાં થઈ જાઉં અને પૂર્ણાનંદની પ્રાપ્તિ હું કરી લઉં...' આહાહા..! એવો જે વિકલ્પ, એ વિકલ્પમાં એવું પુણ્ય બંધાઈ ગયું કે પૂર્ણાનંદની પ્રાપ્તિ કેમ થાય એ જ વાણી એમાંથી નીકળે છે. ન્યાય

સમજ્યા? એને ઈચ્છા તો છે નહિ. આહાહા..!

એ તો અમારે તો સંપ્રદાયમાં બહુ વાત ચાલતી હતીને. દામોદર શેઠ હતા. એની સાથે બહુ ચાલતી. ગૃહસ્થ માણસને, નિવૃત્તિ બહુ. તે દિ' દસ લાખ રૂપિયા. તે દિ' લાખ. અત્યારે તો આ કરોડોપતિ ઘણા દેખાય છે અત્યારે, પણ એની ગણતરી નહિ કાંઈ. એ ૨૫-૩૦ ગણો ભાવ ફરી ગયો છે. એ વખતના એક લાખ અને અત્યારના ત્રીસ લાખ. એ વખતના એક લાખ અને અત્યારના ત્રીસ લાખ, એટલા સરખા છે. પૈસાની કિંમત ઘટી ગઈ, બીજી ચીજની કિંમત વધી ગઈને? તો આની કિંમત ઘટી ગઈ. આહાહા..! એ વખતે એની સાથે એવી ચર્ચા ચાલતી હતી. એ કહે કે સર્વજ્ઞ પરમેશ્વર છે તો એ સર્વજ્ઞ તો જાણે છે કે દુનિયામાં એ સમયે એનું કલ્યાણ થશે કે અકલ્યાણ થશે. તો એ પુરુષાર્થ કરવાનું કેમ કહે? તો એને કહ્યું... એ વખતની વાત છે, ૮૩ની સાલ પહેલાં.

જે તીર્થંકર હતા એ પોતાનું સ્વરૂપ પૂર્ણાનંદની અંદર સાધકપણે પરિણતિથી સાધતા હતા, પણ અપૂર્ણ હતા તો પૂર્ણ થવાનો વિકલ્પ આવ્યો. વિકલ્પથી પૂર્ણ નથી થતા. મોક્ષની ઈચ્છાથી મોક્ષ નથી થતો, પણ જે વિકલ્પ આવ્યો એમાં તીર્થંકર પ્રકૃતિનું એવું પુણ્ય બંધાઈ ગયું કે એના ઉદયકાળે પુરુષાર્થ .. વાણી આવે છે એમની. ન્યાય સમજાય છે? આહાહા..! ડાહ્યાભાઈ! આહાહા..! વસ્તુની એવી સ્થિતિ છે કે વાણીનો ધ્વનિ ૐ ધ્વનિમાં એમ આવે છે. ભગવાન પૂર્ણાનંદ તું છો, સ્વભાવ તરફ ઢળી જા. એવી વાણી, એ વાણીમાં ઈચ્છા વિના (એમ આવ્યું). કેવળજ્ઞાનમાં તો ઈચ્છા છે નહિ, પણ એ પૂર્ણાનંદને સાધવાને કાળે જે વિકલ્પ આવ્યો એને પુણ્ય બંધાઈ ગયું, એ પુણ્યના બંધનના કાળમાં જ્યારે ઉદય આવે તો એવી જ વાણી નીકળે છે. ન્યાય સમજાય છે? આ લોજિક-ન્યાયથી સમજવું જોઈએને. એમ ને એમ માની લે એ કોઈ ચીજ નથી. એનું ભાવભાસન થવું જોઈએને. આહાહા..! એ તો સર્વજ્ઞ છે. તો આમ બોલું, આમ કહું, એને ઉપદેશ દઉં એમ તો છે નહિ. ૐ ધ્વનિમાં એવી ધ્વનિ આવે છે. કેમકે સાધકપણે પૂર્ણાનંદને સાધવાનો વિકલ્પ આવ્યો, તો એ પુણ્યબંધ એવો થયો કે પૂર્ણ પ્રાપ્તિ કેમ થાય, એવો જ એનો ઉપદેશ આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા :-** ભાષા .. એ પ્રમાણે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવી જ ભાષા એની હોય. ભાષા સ્વતંત્ર સ્વપરપ્રકાશક છે. આહાહા..! સ્વપરકથક શૈલી છે એમાં. પ્રકાશક આત્મા છે સ્વપરનો. વાણી સ્વપરકથક શૈલીની શક્તિવાળી છે. એ વાણીમાં એ વિકલ્પ પહેલાં નિમિત્ત હતો. આહાહા..! તો એમાં એમ આવ્યું (કે) એ ભગવાન પૂર્ણાનંદ છે એ તરફ વળી જાઓ અને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરો. સમજાણું કાંઈ?

તો અહીં કહે છે... આહાહા..! એવો આત્મા ઉપાદેય એ દશામાં છે. આહાહા..! જે દશામાં આત્માથી પરથી પરાઙ્મુખ થઈને સ્વની સન્મુખ થયો, સ્વની સન્મુખ થઈને નિર્વિકલ્પ

આનંદનું વેદન થયું એ કાળે એ આત્માને આ આત્મા ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એમ (ઉપર ઉપરથી) માને કે મને ઉપાદેય-ઉપાદેય... આહાહા..! તો એ ચીજ દૃષ્ટિમાં આદરણીય તો થઈ નહિ. આદર તો થયો નહિ અને આદરણીય છે એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? પોતાની નિર્મળ વીતરાગી પર્યાયમાં પરથી ખસીને સ્વભાવનો સત્કાર, આદર સન્મુખ થયો ત્યારે એને આદેય છે, ઉપાદેય છે એમ કહેવામાં આવ્યું. પંડિતજી! આવી વાત છે, ભાઈ! આહાહા..! આવો માર્ગ છે.

એ બહુ કહેતા હતા કે ભાઈ! અમારે ઘણા દેવા પડે છે એના શાસ્ત્રમાંથી, શ્વેતાંબર શાસ્ત્રમાંથી. અમે કહ્યું હતું એક ફેરી ... ... આચારાંગમાં એક ટૂકડો છે. આચારાંગ છે શ્વેતાંબરનું. એનો પહેલો ભાગ છે. અમે તો પહેલાં બધું કંઠસ્થ કર્યું હતુંને. છ હજાર શ્લોક કંઠસ્થ કર્યા હતા, છ હજાર. .. બધું આવડતું હતું. તો એમાં એક શબ્દ એવો આવ્યો છે કે ભગવાન એમ કહે છે કે, હે જીવ! ... અમારી આજ્ઞા બહારનો જો તું ઉદ્યમ કરીશ અને અમારી આજ્ઞામાં તું ઉદ્યમ નથી કરતો, એ ન હો. કીધું, પુરુષાર્થ આવ્યો કે નહિ એમાં? એ પાંચમો અધ્યાય છે. યોગસાર આચારાંગનું. કંઠસ્થ હતુંને એ બધું. એ વખતે એક ટૂકડો કહ્યો હતો. શું કહે છે આ કીધું? સર્વજ્ઞની આ વાણી છે કે કોની છે? એ વખતે તો એમ માનતા હતાને. આચારાંગ આદિ. એ વાણી તો અજ્ઞાનીની છે. તોપણ એમાં એમ આવ્યું છે. શ્વેતાંબરના શાસ્ત્રો ભગવાનના કહેલા નથી. આહાહા..! એ તો દૃષ્ટિ વિપરીત થઈ પછી શાસ્ત્રો રચ્યા છે. કઠણ લાગે ભાઈ બીજાને. આખો સંપ્રદાય કલ્પનાથી શાસ્ત્ર બનાવીને સંપ્રદાય ઉભો થયો છે. સમજાણું કાંઈ? અને આ જે શાસ્ત્ર છે એ તો અંતરના અનુભવમાંથી આવ્યું એવી વાણી આવી, આત્માનો સ્પર્શ કરીને આવી છે. આહાહા..! સૂક્ષ્મ પડે, બીજા સંપ્રદાયને દુઃખ લાગે. ભાઈ! આ સત્ય તો આવું છે, ભગવાન! દુઃખ લગાડવાની વાત નથી. તારા હિતને માટે પંથ તો આ છે. આહાહા..! ભાઈ! તને દુઃખ થશે, બીજે રસ્તે જતાં તારી શ્રદ્ધામાં વિપરીતતા રહેશે, પ્રભુ! તું દુઃખી થઈશ ભાઈ! નરક અને નિગોદમાં દુઃખી થઈશ, બાપુ! તારી દયા કરીને વાત કરી છે. આહાહા..! થોડું દુઃખ પણ સહન થઈ શકતું નથી, થોડું દુઃખ સહન થતું નથી અને મોટું મિથ્યાત્વનું દુઃખ સહન કરવા માટે તું ઉભું કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! હે માહો! ભગવાન એમ કહે છે. એ રચનામાં જરી કાંઈક અમુક શૈલીવાળો હતો. બાકી તો મિથ્યાદૃષ્ટિ હતો. આહાહા..!

આ સમયસાર, પ્રવચનસાર! આહાહા..! સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિનો સાર! સમજાણું કાંઈ? જુઓને શું કહે છે? આહાહા..! પરમપારિણામિક સ્વભાવભાવ ભગવાન સહજરૂપ જેને કર્મના નિમિત્તની પણ અપેક્ષા નથી, જેને કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા નથી. ઉદયભાવમાં કર્મના નિમિત્તની અપેક્ષા છે. ઉપશમ, ક્ષયોપશમમાં કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા છે. તો એ અપેક્ષિત ભાવ થઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા..! આ તો જેને અપેક્ષા નથી

એવો પરમસ્વભાવ જ્ઞાયકભાવ, પરમનિરપેક્ષભાવ. આહાહા..! અરે..! એ માહાત્મ્ય ભગવાન મહા પિંડ પ્રભુ એ ભગવાન સાક્ષાત્ મૂર્તિ છે. સમજાણું કાંઈ? આહાહા..! અનંત આનંદ, અનંત વીતરાગતા, અનંત સ્થિરતા, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા આહાહા..! એ આત્મા. એ આત્મા પારિણામિકભાવ સિવાય, સિવાય કહે છેને? અલાવા. '**ભાવાંતરોને અગોચર હોવાથી...**' અગોચરનો અર્થ ઇ. અહીં નીચે લીધુંને? '**એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે તેમને ભાવાંતરો કહ્યા છે.**' ચારને ભાવાંતર કેમ કહ્યા? કે પોતાનો સ્વભાવ પરમસ્વભાવભાવથી એ ચાર ભાવ અનેરા છે એ કારણે ભાવાંતર કહેવામાં આવ્યો છે. અલગ છે. આહાહા..!

'**કારણપરમાત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાયો વિનાનો છે,...**' એ ત્રીજા પદનો અર્થ કર્યો. ત્રીજું પદ છેને? '**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो।**' આ તો મહા ગંભીર ગાથા છે. શુદ્ધભાવનો અધિકાર ગાથા બહુ ગંભીર. ઓહો..હો..! કુંદકુંદાચાર્ય આહાહા..! સાક્ષાત્ પંચમકાળના તીર્થંકર જેવું કામ કર્યું છે એણે અને ટીકાકાર અમૃતચંદ્રાચાર્યે ગણધર જેવું કામ કર્યું છે. આહાહા..! આ પદ્મપ્રભમલધારીદેવની ટીકા છે. પદ્મપ્રભમલધારીદેવ છેને? અહીં અમૃતચંદ્રાચાર્ય, આ કુંદકુંદાચાર્ય. કહે છે... આહાહા..! એ ઉપાદેય કહ્યું એ ચીજ કેવી છે? જે ઉપાદેય કાળમાં નિર્વિકલ્પદશાના કાળે જ ઉપાદેય થાય છે. તો એ છે કેવી હવે? ત્રિકાળી વસ્તુ છે કેવી? જે ઉપાદેય દૃષ્ટિમાં જ્ઞાનના અનુભવમાં આવી. નિર્વિકલ્પ પરિણતિના કાળમાં આ આત્મા ઉપાદેય છે એમ કહેવામાં આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! કહો, સુજાનમલજી! આવી વાત છે, ભાઈ! આહાહા..!

એ ચાર ભાવાંતરો, પરમપારિણામિકસ્વભાવભાવ ધ્રુવભાવ નિત્યાનંદ પ્રભુ એ પરમપારિણામિકસ્વભાવભાવ તો પર્યાયના ચાર ભાવ એ ભાવથી અનેરો ભાવ છે. આહાહા..! ઓલો દ્રવ્યનો ભાવ છે અને આ પર્યાયના ભાવ છે. તો અનેરા ભાવથી અગમ્ય છે. એનો અર્થ કે અનેરા ભાવના આશ્રયે જણાતો નથી. પરમપારિણામિક પ્રભુ ચાર ભાવના આશ્રયે જણાતો નથી, એનો આશ્રય કરે તો જણાય છે. ડાહ્યાભાઈ! આહાહા..! આવો ધર્મનો ઉપદેશ! માણસ ભેગા બહુ આમ થાય. આ તો વળી બધા જિજ્ઞાસુ થઈને આવ્યા. ઓલામાં તો દસ-દસ હજાર માણસ, વીસ હજાર ભેગું થાય લ્યો. હવે આ સાંભળવું કઠણ પડે. આહાહા..! બાપુ! માર્ગ તો આ છે. વસ્તુની સ્થિતિ પ્રાપ્ત કરવાની રીત તો આ છે. બાકી બધી વાતું કરે કે વ્રત કરો ને તપ કરો ને આ કરો ને ભક્તિ કરો ને દેશ સેવા કરો. ધૂળેય નથી એમાં કાંઈ. કોણ કરે કોની? સમજાણું કાંઈ? પર્યાયની સેવા કરવા જાય તો રાગ થાય છે. પોતાની (પર્યાયની) હોં! પરની તો કરી શકે છે જ ક્યાં. આહાહા..!

એવા '**ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...**' ચાર ભાવને આશ્રયે જણાતો નથી

એવો કારણપરમાત્મા એવો ત્રિકાળી જ્ઞાયકભાવ કારણપ્રભુ '**દ્રવ્યકર્મ,...**' જડ '**ભાવકર્મ,...**' વિકલ્પ. દયા, દાન, વ્રતાદિના વિકલ્પ એ ભાવકર્મ '**અને નોકર્મરૂપ...**' શરીર એ '**ઉપાધિથી જનિત...**' આહાહા..! '**વિભાવગુણપર્યાયો વિનાનો છે,...**' એ વિભાવના ગુણપર્યાયો જે છે, ખરેખર એ ચાર ભાવને વિભાવભાવ કહેવામાં આવ્યા છે. એક સ્વભાવભાવ ત્રિકાળ. એ '**દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત...**' મનજનિત સંકલ્પ-વિકલ્પને આધિ કહે છે, શરીરના રોગને વ્યાધિ કહે છે અને સંયોગની દશાને ઉપાધિ કહે છે. આહાહા..! તો ભગવાન આત્મા ઉપાધિ, વ્યાધિ અને આધિ ત્રણથી રહિત સમાધિથી ગમ્ય છે. સમજાણું કાંઈ? ધર્મચંદજી! હજી સૂક્ષ્મ ચીજ છે આ. આહાહા..! એ તો નાસ્તિથી પહેલાં કહ્યું કે આવા કર્મની ઉપાધિથી ઉત્પન્ન થયેલા વિભાવપર્યાય એનાથી રહિત. પણ છે કેવો અસ્તિ? જે ઉપાદેય કહ્યું અને ઉપાદેય પરિણતિમાં આવ્યો, નિર્વિકલ્પ પરિણતિમાં આ ઉપાદેય આવ્યો, એ કેવો છે અંદર? એ તો અનાદિ-અનંત. આહા..હા..! અનાદિ-અનંત વસ્તુ છે. છે એની આદિ શું અને છે એનો નાશ શું? છે એને પરની અપેક્ષા ક્યાં?

એવો '**અનાદિ-અનંત અમૂર્ત...**' મૂર્તપણું ક્યાં છે એમાં? એ તો અમૂર્ત છે. '**અતીન્દ્રિયસ્વભાવવાળો...**' આહા..હા..! અતીન્દ્રિય સ્વભાવવાળો એ તો છે. એ તો અલિંગગ્રહણમાં આવી ગયું છે. ઇન્દ્રિયથી જાણવું આત્માને થતું નથી. ઇન્દ્રિયથી જાણે એ આત્મા નહિ. ઇન્દ્રિયથી આત્માને જાણવું થતું નથી. પહેલો બોલ, ૨૦માં પહેલો બોલ. બીજો બોલ એ આવ્યો, ઇન્દ્રિયથી આત્મા જાણવાલાયક નથી. એને ઇન્દ્રિયથી જાણવું થતું નથી અને એ ઇન્દ્રિયથી જાણવાયોગ્ય નથી. સમજાણું કાંઈ?

તો અહીં કહે છે, '**અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે—**' પરમપારિણામિકભાવ સહજભાવ એવો જેનો સ્વભાવ છે. '**એવો કારણપરમાત્મા...**' એવો કારણપરમાત્મા '**તે ખરેખર આત્મા છે.**' એ માથે કહ્યું હતુંને? કે એવા આત્માને આ આત્મા ઉપાદેય છે. કેવો આત્મા ઉપાદેય? એ આત્માની વ્યાખ્યા કરી. પહેલી આત્માની પરિણતિ કેવી છે એ પરિણતિ દ્વારા એ આત્માને આ આત્મા ઉપાદેય છે. એ આત્મા કેવો છે? સમજાણું કાંઈ? આહાહા..! જેનો પરમપારિણામિકભાવ. એમ કેમ કહ્યું? કે કોઈ કાળે ઉદયભાવને પણ પારિણામિકભાવ કહે છે. જયધવલમાં રાગને પારિણામિકભાવ (કહ્યો છે). પારિણામિકભાવની પર્યાય છેને? તો ચારેય ભાવને પારિણામિકભાવ કહે છે—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, પણ એ પરમપારિણામિક નથી. ચાર પર્યાયને પારિણામિકભાવ કહે છે. મિથ્યાત્વભાવને પારિણામિક કહ્યો. વિપરીત માન્યતા પણ એની અવસ્થા છેને? પરમપારિણામિકભાવની અવસ્થા છેને? આહા..હા..!

તો કહે છે કે પરમપારિણામિકભાવ એ પર્યાયનો પારિણામિકભાવ એનાથી ભિન્ન છે.

આહાહા..! **'એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.'** કેવા આત્માને કેવો આત્મા ઉપાદેય છે? બેની વ્યાખ્યા થઈ. સમજાણું કાંઈ? કેવા આત્માને કેવો આત્મા આદરણીય છે? આહાહા..! પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈને, સ્વદ્રવ્યમાં તીક્ષ્ણબુદ્ધિ લગાવીને અંતરમાં અનુભવની દશા થાય છે એવા આત્માને આત્મા આદરણીય છે, ઉપાદેય છે. ઉપાદેય જે છે એ ચીજ કેવી છે? એ પછી કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનો આ ધ્વનિ છે. સમજાણું કાંઈ? એ કાંઈ પામરની વાત નથી સાધારણ. કોણ કેવળી? કોણ અરિહંત? આહાહા..! જેના એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક (જણાઈ ગયા). જાણવામાં આવે છે પર્યાય. પર્યાયનું એટલું સામર્થ્ય છે કે એને જોતા ત્રણકાળ, ત્રણલોક જણાઈ જાય છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય અને ત્રણકાળ, ત્રણલોકમાં કેવળી આદિ છે એને એક સમયની પર્યાય જાણે છે. અનંત કેવળીઓની પર્યાયને પર્યાયમાં જાણે છે કેવળી. આહાહા..! ભાઈ! એ પર્યાયમાં કેટલું સામર્થ્ય, બાપુ! આહાહા..! એ પર્યાયનું સામર્થ્ય અનંતતા કેટલી એની છે! એ ભગવાનના મુખમાંથી નીકળેલી વાણી સંતો જગત પાસે આડતિયા થઈને જાહેર કરે છે. આડતિયા કહે છેને? સમજાણું કાંઈ?

**'એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.'** પરમસ્વભાવભાવ કારણપરમાત્મા ધ્રુવ આત્મા એ ખરેખર આત્મા, પર્યાયવાળો ખરેખર આત્મા નહિ. આહાહા..! ક્ષાયિકભાવનો ભાવ પણ ખરેખર આત્મા નહિ. આહાહા..! એ તો ઉપચારિક આત્મા થયો વ્યવહારનયનો. સમજાણું કાંઈ? ક્ષાયિકભાવની કેવળજ્ઞાનની પર્યાય એ તો ઉપચારિક આત્મા થયો, વ્યવહારઆત્મા થયો. આહાહા..!

**શ્રોતા :-** એક સમયની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક સમયની પર્યાય છે અને આ તો ત્રિકાળી. ન્યાં આગ્રા-બાગ્રામાં આવું આવે એવું નથી ત્યાં. આવી માંડે તો ત્યાં કહે, આ શું માંડી છે? અહીં તો ટાઢો પહોર સોનગઢ છે. આહાહા..!

**શ્રોતા :-** એ તો આગ્રામાં આગ્રા જેવી જ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પછી વ્યવહાર ભાષા, દાખલા દઈએ ત્યારે માંડ પકડાય. રહેવું હોય બે-ચાર દિ' એમાં ક્યાં ચાલે? આહાહા..!

**શ્રોતા :-** .. સ્વીકાર કરવો પડે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સ્વીકાર તો ઠીક છે. એ તો ક્યાં... આ તો આ વસ્તુ કેમ ક્યાં નીકળે એનો પણ કાળ હોય છે ક્ષેત્રનો. આહાહા..! કહે છે... ઓલા તો સાંભળીને ભાગે જ એકદમ, આ તો એકલી નિશ્ચય-નિશ્ચયની વાતું કરે છે. પદ્મચંદજી! વ્યવહારને તો ઉડાવી દે છે. ક્ષાયિકભાવ જેવો ભાવકભાવ એના આશ્રયે આત્મા સમજાતો નથી, આ વાત શું કરે છે? ઉપશમસમકિતમાં આત્માનો અનુભવ થાય છે.

**શ્રોતા :-** એના આશ્રયથી નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્રયથી નહિ, બાપા! એમ કહ્યું. પ્રભુ! સાંભળતો ખરો. એનું અવલંબન લેવાથી, ચાર પર્યાયના ભાવનું અવલંબન લેવાથી આત્માનું જ્ઞાન થાય છે એમ છે નહિ. એનું અવલંબન લેવાથી, ચાર પર્યાયના ભાવનું અવલંબન લેવાથી આત્માનું જ્ઞાન થાય છે એમ નથી. અરે..! કહે છે કે તે ખરેખર... કારણપરમાત્મા અનાદિ-અનંત... ઓહો..હો..! અને અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ સહજપરમપારિણામિકભાવ જેનો સ્વભાવ, એ જેનો સ્વભાવ એવો કારણઆત્મા છે એ સ્વભાવવાન. જેનો સ્વભાવ, એમ કહ્યુંને? '**શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે—**' જેનો એટલે? કારણપરમાત્માનો. આહાહા..!

'**એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.**' લે. હજી વાસ્તવિક આત્મા અને અવાસ્તવિક આત્મા. આત્માના બે ભેદ પાડી દીધા. આહાહા..! વાસ્તવિક આત્મા, યથાર્થપણે આત્મા, ભૂતાર્થપણે આત્મા, સત્યાર્થપણે આત્મા એ આ ત્રિકાળી જે કહ્યો ઈ છે. સમજાણું કાંઈ? બહુ બાપુ મારગડા આ તો આહાહા..! ચૈતન્યરત્નને હીરલાની સરાણે ચડાવ્યા છે અહીં. સરાણ સમજો છો? સરાણ નથી હોતી? લોઢાની. કરે છેને? જ્ઞાનની તીક્ષ્ણ ધારાની સરાણે આત્માને ચડાવ્યો. સમજાણું કાંઈ? '**તે ખરેખર આત્મા છે.**' આહાહા..! તો વળી એક વાસ્તવિક આત્મા અને એક વળી અવાસ્તવિક આત્મા. ક્ષાયિકભાવની પર્યાય એ અવાસ્તવિક આત્મા. આહાહા..! એક સમયની પર્યાય છે. આ તો મહાપ્રભુ પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાનગુણ, જે ગુણમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયની શક્તિ પડી છે... આહાહા..! એવો જે વાસ્તવિક આત્મા એને અમે સત્ય આત્મા, સાચો આત્મા, ખરેખર આત્મા એને કહીએ છીએ. આહાહા..! ડાહ્યાભાઈ! 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.' ગોખે જાય ભક્તિમાં. પણ ક્યો આત્મા? કેવો આત્મા? ક્યાં આત્મા? અને કઈ પરિણતિથી આત્મા ઉપાદેય જણાય? આહાહા..! એ આત્મભાવના નામ એ પહેલાં કહ્યું ઈ. પરથી ઉદાસ થઈને તીક્ષ્ણ દૃષ્ટિ લગાવી દીધી એવી જે પરિણતિ તે ભાવના અને એમાં આત્મા આ. આહાહા..! અરે..! વાત ક્યાં છે પ્રભુ! તારા ઘરની? તારી મહિમાની શું વાત કહેવી? આહાહા..!

આવો આત્મા જે છે પરમપારિણામિક સ્વભાવભાવ... '**અતિ-આસન્નભવ્યજીવોને...**' જેને સંસારનો અંત નિકટ આવી ગયો છે. આહાહા..! મોક્ષની પર્યાયમાં અલ્પકાળમાં લાયકાત થઈ છે જેની. આહાહા..! એવા અતિ નિકટભવ્ય જીવોને-જેને મોક્ષ નિકટ છે-જેના સંસારનો અંત નિકટ આવી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો? બાપુ! ભગવાનની જાતનો ઉપદેશ છે. આહાહા..! ભાઈ! તને તારા સ્વભાવની સામર્થ્યની દશાવાળું તત્ત્વ શું છે એનું એને માહાત્મ્ય આવ્યું નથી અને માહાત્મ્ય બધું રાગનું અને પર્યાયનું માહાત્મ્ય. આહાહા..! એ તો બારદાન છે. બારદાન સમજો છો? કોથળા.

**શ્રોતા :-** ખાલી બોરા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખાલી બોરા. માલ તો આ ત્રિકાળી આત્મા એ માલ છે.

તો કહે છે '**અતિ-આસન્નભવ્યજીવોને...**' આહા..! એકલા ભવ્ય ન લીધા, આસન્નભવ્ય પણ નહિ, અતિ-આસન્નભવ્યજીવ. આહાહા..! જેને મોક્ષ થવાને ભણકાર વાગ્યા છે હવે અલ્પકાળમાં. આહાહા..! સિદ્ધપદ પ્રાપ્તિના જેને અંદરથી ભણકાર વાગ્યા છે. આહાહા..! નિહાલભાઈએ લખ્યું છેને, છેલ્લા બોલમાં નહિ? આ 'આખિરી મુસાફીર હૈ.' આહાહા..! સત્યાર્થ છે. અંતરના વેદનથી કહેતા હતા. લોકોને બેસવું કઠણ પડે. ભગવાનની વાણીને વિષય કીધો તો ભડક્યા, પણ એ તો ઈન્દ્રિયનો વિષય છે. ભગવાન હો કે સાક્ષાત્ વાણી હોય, એ તો ઈન્દ્રિયનો વિષય છે. એ અણિન્દ્રિયનો વિષય નથી. આહાહા..! પણ એ નાખ્યું તો એની ટીકા થઈ. બે ટીકા એવી આવી. એક ૧૦૧ બોલની આવી અને આ ફેરે ૧૧૧ની આવી. આવવા દ્યો.

**શ્રોતા** :- સ્પષ્ટતા વધારે થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વધારે સ્પષ્ટ થશે. એમાં કાંઈ નહિ. આ તો અગમ્યગમ્યની વાતું બાપા! આહાહા..!

'**અતિ-આસન્નભવ્યજીવોને એવા નિજપરમાત્મા સિવાય...**' એવા અતિ-આસન્ન ભવ્ય જીવને નિજપરમાત્મા જે જ્ઞાયકભાવ આત્મા કહ્યો, જે વાસ્તવિક આત્મા કહ્યો એ '**સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.**' આહાહા..! સમજાણું કાંઈ? એવી વાતું બાપુ છે આ. અરેરે! દેહ સ્ત્રીનો, પુરુષનો, નપુંસકનો એ તો જડના આકાર, પ્રભુ! એ તું નહિ. શરીરના આકારો આ બધા તો માટીના પૂતળાના આકાર છે. આ આત્મા છે? અંદર રાગ ઉઠે છે એ પુણ્ય-પાપના વિકલ્પ, પ્રભુ! એ આત્મા છે? એ તો આસ્રવ અણાત્મા છે. આહાહા..! તો જેને અણાત્મા પ્રત્યે પ્રેમ છે એને આત્મા પ્રત્યે પ્રેમ નહિ લાગે. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. આહાહા..! એ કહ્યુંને. અતિ-આસન્નભવ્યજીવમાં એ કહ્યું. કે જેને પરથી, રાગથી અથવા કર્મના ફળથી પ્રેમ ઉડી ગયો છે. પ્રેમ ઉડી ગયો છે, રુચિ ઉડી ગઈ. આહાહા..! ચાહે તો ચક્રવર્તીનું રાજ હો, પ્રેમ ઉડી ગયો છે. એવા '**અતિ-આસન્નભવ્યજીવોને એવા નિજપરમાત્મા સિવાય...**' આવો નિશ્ચયઆત્મા જે કહ્યો એ સિવાય અન્ય કોઈપણ આદેય નથી, કોઈપણ ઉપાદેય નથી. આહાહા..!

'(**હવે, ૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ** શ્લોક કહે છે :)'

(मालिनी)

जयति समयसारः सर्वतत्त्वैकसारः
सकलविलयदूरः प्रास्तदुर्वारमारः।

दुरिततरुकुठारः शुद्धबोधावतारः
सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः।।५४।।

એક-એક પદમાં છેલ્લે 'ર' આવે છે. આહાહા..! મોક્ષપુરીનો નાથ આત્મા. મોક્ષપુરનો નાથ, મોક્ષનગરી, મોક્ષપુર, અવિનાશીપુર એવો મોક્ષ એનો એ સ્વામી આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે! એને કઈ ચીજમાં મીઠાશ રહી ગઈ? આહાહા..! વ્યવહારરત્નત્રયના વિકલ્પની પણ જેને મીઠાશ ઉડી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે 'ર' આવ્યોને દરેકમાં? '**सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः**।।' ગાથાની ટીકા. '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' જીવ, પર્યાયતત્ત્વ, આસ્રવતત્ત્વ, બંધતત્ત્વ, સંવર-નિર્જરા, મોક્ષતત્ત્વ એ બધા તત્ત્વમાં એક સાર. '**जयति समयसारः**' '**सर्वतत्त्वैकसारः**' એ બીજા પદની વ્યાખ્યા આવી. પછી છેલ્લે કહેશે એ જય થયો. સર્વ તત્ત્વનો એક સાર. નવ તત્ત્વ, સાત તત્ત્વ કે નવ તત્ત્વમાં એક સાર ભગવાન પૂર્ણાનંદ પૂર્ણ શુદ્ધ તે. આહાહા..! '**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' આહાહા..! ક્ષાયિકભાવ પણ નષ્ટ થવાના છે, કેવળજ્ઞાન પણ એક સમય રહે છે. આહાહા..! બીજે સમયે વ્યય થાય છે. આહાહા..! ક્ષાયિકભાવની એક સમયની પર્યાય એક સમય જ રહે છે. બીજે સમયે ક્ષાયિકભાવની પર્યાય બીજી થાય છે. પહેલા ક્ષાયિકભાવનો વ્યય થઈને બીજા સમયે ક્ષાયિકભાવની બીજી પર્યાય થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

તો કહે છે કે '**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવો...**' છે. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ બધા નાશ પામવાયોગ્ય ભાવ છે. આહાહા..! દેહ નાશવાન, આ નાશવાન, બાયડી, કુટુંબ નાશવાન. આહાહા..! પરમાત્મપ્રકાશમાં ત્યાં સુધી લીધું છે કે જિન અને જિનના મંદિર અને જિનની પ્રતિમા હોય એ બધા નાશવાન છે, કાળના ઈંધણમાં એ બધા રાખ થઈ જશે. પરમાત્મપ્રકાશમાં છે. પરપદાર્થ છે. પ્રતિમા હો કે મંદિર હો, બધા કાળની અગ્નિમાં નાશ થઈ જશે. એ ક્યાં અવિનાશી વસ્તુ છે? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો કેવળજ્ઞાનની પર્યાય, ક્ષાયિકભાવની નાશ પામવાયોગ્ય. એવા ભાવોથી એ સાર તત્ત્વ દૂર છે. નાશ થવાને યોગ્ય ભાવથી એ તત્ત્વ દૂર છે. આહાહા..!

એ પ્રશ્ન ઉઠ્યો હતો, દ્રવ્યથી પર્યાય દૂર છે. ત્યારે વળી આપણા કેટલાક વાંચનારા એવા જાગ્યા કે બરાબર કેટલા દૂર છે? કે લોકમાં અહીં આત્મા અને આ અલોકમાં રહે એટલા દૂર છે. અરે! ભાઈ! કઈ અપેક્ષાએ વાત? બાપુ! એમ દૂર રહે છે. અહીંયાં તો પર્યાયનો ભાવ છે એનાથી પારિણામિકભાવ ભિન્ન છે, દૂર છે. એક સમયમાં એ આવતો નથી. એક સમયમાં આવી જાય તો સમય પલટતા એનો પણ નાશ થઈ જાય. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૭, બુધવાર, તા. ૧૩-૦૮-૧૯૭૫,**
**કળશ-૫૪, ગાથા-૩૯, પ્રવચન નં. ૩**

આ નિયમસાર નિજભાવના માટે બનાવ્યું છે. બીજા ગ્રંથ કરતાં આ ગ્રંથમાં આ વિશેષતા છે. '**णियभावणाणिमित्तं**' છે? ૧૮૭ છેલ્લી. છે? મારી ભાવનાને કારણે મેં તો આ શાસ્ત્ર બનાવ્યું છે, એમ કહે છે. આહાહા..! એવી શાસ્ત્રની પ્રામાણિકતા અને મહત્તા. '**मए कदं**' લ્યો, શાસ્ત્ર બનાવી શકે નહિને? મેં કર્યું એ નિમિત્તથી કથન છે. મારી ભાવના માટે... આહાહા..! કુંદકુંદાચાર્ય જે તીર્થંકર અને પછી ગણધર અને પછી કુંદકુંદાચાર્ય. આવે છેને? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો' એ આચાર્ય કહે છે, મેં મારી ભાવના માટે '**मए कदं णियमसारणामसुदं**' નિયમસાર નામનું સૂત્ર મારી ભાવના માટે મેં બનાવ્યું છે. આહાહા..! લોકોને માટે નહિ એમ કહ્યું. '**णच्चा जिणोवदेसं**' જિનેશ્વરનો ઉપદેશ જાણીને. જોયું! સીધી વાત લીધી છે. જિનેશ્વરદેવ વીતરાગ પરમેશ્વર એનો જે ઉપદેશ (એને) જાણીને '**पुव्वावरदोसणिम्मुक्कं**' પૂર્વાપર વિરોધરહિત આ શાસ્ત્ર છે એમ કહે છે. આહાહા..! એવી શાસ્ત્રની પ્રમાણિકતાની મહત્તા પહેલાં બતાવી.

આપણે અહીંયાં શ્લોક ચાલે છે ૫૪-૫૪. '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' શું કહે છે? તત્ત્વો કહ્યા, ઘણા તત્ત્વ છે. એક જ આત્મતત્ત્વ છે એમ નહિ. આહાહા..! આત્મતત્ત્વ છે એમ આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષતત્ત્વ છે, અસ્તિ છે. આહાહા..! પણ એ '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' મોક્ષની પર્યાયના તત્ત્વથી પણ એક સાર ધ્રુવ છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનું દળ ચૈતન્યપિંડ આહાહા..! ભગવત્ પૂર્ણાનંદ સ્વરૂપ જે સર્વ તત્ત્વોમાં એક સાર છે, એમ કહે છે. આહાહા..! સંવર, નિર્જરાતત્ત્વ મોક્ષમાર્ગ અને સિદ્ધ એ મોક્ષતત્ત્વ, એ સર્વ તત્ત્વોમાં સાર આ છે. આહાહા..! દ્રવ્ય અને પર્યાય, પર્યાયમાં સાત તત્ત્વ અને વસ્તુ એક તત્ત્વ. આહાહા..! તે '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' સાર એ જ છે. આહાહા..! મોક્ષતત્ત્વ પણ સાર નથી, એમ કહે છે. (કેમકે) પર્યાય છે. આહાહા..!

**શ્રોતા :-** મોક્ષને તો પરમહિત કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ સાર છે, પણ સાર આ છે. એક સમયની પર્યાય સાર નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

એક છોકરો હમણા કહેતો હતો. ભલે બિચારાને કલ્પનાથી આવ્યું હશે પણ. નામ નથી આપતો. મહારાજ! હું ત્યાં મુંબઈમાં શાસ્ત્ર સાંભળતો હતો. એમાં ઓલો રમેશ છેને વીંછીયાવાળો?

રમેશ. આ પ્રેમચંદભાઈ દીકરાનો દીકરો. એમ કહે કે એ બોલતો હતો એમાંથી એકદમ જાણે મારા આત્મામાં આનંદનો દરિયો ઉછળ્યો એવું દેખાણું. એવી એક કલ્પના. એય..! કાલે કહેતો હતો. મેં સાંભળ્યું. પણ એટલો એને એમાંથી આનંદ... આનંદ... આનંદ... ઉછળતો હતો અને કુંદકુંદાચાર્યને જોયા એવો ભાસ થયો. આ .. છેને? આહાહા..!

તો કહે છે કુંદકુંદાચાર્ય, આ કળશ છે એ પદ્મપ્રભમલધારીદેવનો છે. 'સર્વ તત્ત્વો...' એટલે એક તત્ત્વ નહિ એમ સિદ્ધ કર્યું. સર્વ તત્ત્વ એટલે સાત તત્ત્વ છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એમાં એક સાર છે. આનંદદળ પ્રભુ ધ્રુવ, અંદર આનંદનો સાગર ઉછળે છે. આહાહા..! ધ્રુવ જે જ્ઞાયકભાવ નિજપદ જેનું આનંદ અને જ્ઞાન શરીર છે. આ શરીર નહિ, આ માટી ધૂળ (છે). આહાહા..! અમૃતનો કૂંપ—અમૃતનો કૂવો-કૂવો. આહાહા..! 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આવે છેને. 'કહે વિચક્ષણ પુરુષ' વિચક્ષણનો અર્થ સ્વસંવેદનજ્ઞાની. સમજાણું કાંઈ? સંસારના વિચક્ષણ-બિચક્ષણ એ બધા મૂર્ખાઈ. વેપારના ડાહ્યા-ડાહ્યા બહુ છે આ બધાય. આહાહા..! 'કહે વિચિક્ષણ પુરુષ મૈં સદા એક હૂં, અપને રસસોં ભર્યો અનાદિ ટેક હૂં' હું તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલો પ્રભુ છું. એ અનાદિનો હું એવો છું. આહાહા..! 'મોહ કર્મ મમ નાહીં, મોહ કર્મ મમ નાહીં, નાહીં ભ્રમ કૂંપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહાહા..! આ ધૂળ અને માટી પર છે. અરે! અંદર પુણ્ય અને પાપના વિકલ્પથી પણ પર, અરે! સંવર, નિર્જરા અને મોક્ષના તત્ત્વથી પર સાર એક જ તત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અનાદિથી એક સમયની પર્યાયની પ્રગટતામાં એની રમત છે અનાદિની. પર્યાય એક સમયની છે એમાં એની રમત. પણ એક સમયની પર્યાય જેમાંથી ઉત્પન્ન થાય છે—ઊભી થાય છે એ ચીજ શું છે? સમજાણું કાંઈ? આહાહા..! 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આ રૂપ નહિ, મોક્ષની પર્યાય એ રૂપ નહિ. આહાહા..! સાર એક તત્ત્વ ઈ. આહાહા..! સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય એક સમયની પર્યાયરૂપ તત્ત્વ છે અને આ તો ત્રિકાળી તત્ત્વ આનંદનો નાથ પ્રભુ આહાહા..! પરમાત્મસ્વરૂપે બિરાજમાન ભગવાન પોતે આત્મા છે એ સાર છે. આહાહા..! એ હિસાબે તો મોક્ષ અને સંવર, નિર્જરા પણ સાર નથી એમ કહ્યું. એ તો એક સમયની પર્યાય છે. હું તો ત્રિકાળી દળ છું. દળ સમજો છો? દળના લાડવા થાય છે, લાડવા દળના. અમારે થાય છે અહીં કાઠિયાવાડમાં. તમારે ત્યાં પણ થાતા હશે. હમણાં આવ્યા હતા ત્યાં દળના લાડવા છોકરાને દેવા માટે. દળ એટલે કસવાળું તત્ત્વ આખું. હું તો આનંદ અને જ્ઞાન આદિ અનંતગુણના દળનો લાડવો છું. આહાહા..! એક વાત. કહો, એક સાર એ. પર્યાય પણ સાર નહિ. મોક્ષમાર્ગની પર્યાય પણ સાર નહિ અને મોક્ષ પણ સાર નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે પાઠમાં એમ લીધું છેને? બહિર્તત્ત્વ જીવાદિ છે એ હેય છે, ઉપાદેય નહિ. આહાહા..! એ તો કુંદકુંદાચાર્યે મેં મારી ભાવના માટે આ નિયમસાર શાસ્ત્ર કહ્યું છે

જિનેશ્વર ત્રિલોકનાથના ઉપદેશને બરાબર જાણીને અને પૂર્વાપર આઘા-પાછાનો વિરોધરહિત નિર્દોષ વસ્તુ મેં આવી બનાવી છે. સમજાણું કાંઈ?

'**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' આહાહા..! '**સર્વ તત્ત્વોમાં જે...**' આમ તો 'જે' વિશેષણ લગાવ્યું છે, પણ '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' સમજાણું કાંઈ? આહાહા..! અને '**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' એક સાર જે ચૈતન્યઘન જ્ઞાનરસ, આનંદરસ, વીતરાગી રસસ્વરૂપ ભગવાન આત્મા એનાથી કેવળજ્ઞાનની પર્યાય, ક્ષાયિકસમકિતની પર્યાય, સંવર-નિર્જરાની પર્યાય એ નાશ પામવાયોગ્ય છે. એક સમય રહે છે, બીજે સમયે નાશ પામે છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આ શરીર ને માટી-ધૂળ નાશવાન છે એ તો બીજી ચીજ રહી ગઈ. આહાહા..! પણ અંતરમાં ત્રિકાળ નિત્યાનંદ ધ્રુવ જ્ઞાયક ભગવાન એક સારની આગળ કેવળજ્ઞાન અનંત આનંદ ચતુષ્ટય પ્રગટ થયા છે એ પણ એક સમય થઈને બીજે સમયે નાશ પામે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**સમસ્ત નાશ પામવાયોગ્ય...**' એટલે પર્યાય. આહાહા..! ભગવાન સર્વજ્ઞને અનંત ચતુષ્ટય પ્રગટ થયા એ પણ નાશવાન છે. કેમકે એક સમયની અવસ્થા છે, બે સમય ટકી શકે નહિ. આહાહા..! 'હું તો ત્રિકાળ ટકનારી ચીજ છું' એમ પર્યાય કહે છે, પર્યાય એમ જાણે છે. જાણે તો પર્યાય છે કે નહિ? આહાહા..! રમતું તો પર્યાયની છે.

**શ્રોતા :-** બપોરે તો આમ કહેતા હતા કે રમત તો બધી ધ્રુવની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવ તો રમે ક્યાં? ધ્રુવમાં ક્યાં પરિણમન છે? પરિણમન તો પર્યાયમાં છે. એ તો આવશે. કાલે રેકોર્ડિંગ ચાલશે સવારમાં. ૨૦મો બોલ છે એ આવશે પરમ દિવસે. અલૌકિક બોલ છે. આહાહા..! આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર એના જિનનો ઉપદેશ જાણીને .. હું આ પૂર્વાપરવિરોધ રહિત શાસ્ત્ર બનાવ્યું છે, કહે છે. સમજાણું કાંઈ? પંચમહાવ્રતનો વિકલ્પ છે એ કહે છે કે મેં પૂર્વાપર વિરોધરહિત શાસ્ત્ર બનાવ્યું છે. આહાહા..!

તો કહે છે કે '**સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી...**' જુઓ, ભાવ કહ્યું. પહેલાં કહ્યું હતું સર્વ તત્ત્વ. સર્વ તત્ત્વ તો મોક્ષ પણ તત્ત્વ, સંવર-નિર્જરાતત્ત્વ, આસ્રવતત્ત્વ, બંધતત્ત્વ. એક વાત. હવે '**નાશ પામવાયોગ્ય ભાવોથી...**' એને તત્ત્વ જે કહ્યું હતું પર્યાયનું, એને અહીં ભાવ કહ્યો. ત્રિકાળી ભાવની અપેક્ષાએ પર્યાયને પણ ભાવ કહ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવના મુખે નીકળી વાણી એનો અહીં સંગ્રહ કર્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, '**સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી...**' લ્યો! એ કેવળજ્ઞાનરૂપી ભાવ, ક્ષાયિકસમકિતરૂપી પર્યાય ભાવ એનાથી એ દૂર છે. એમ પર્યાય જાણે છે કે એ તત્ત્વ તો પર્યાયથી દૂર છે. આહાહા..! પર્યાયમાં એ તત્ત્વ આવતું જ નથી. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો જેમ શરીરનો અભાવ આત્મામાં છે તો જેનો અભાવ છે એનો કર્તા થઈ શકે નહિ. કર્મનો અભાવ આત્મામાં છે તો અભાવ છે એનો કર્તા આત્મા થઈ શકે નહિ. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ રાગ છે એ સ્વભાવમાં નથી તો એનો કર્તા થઈ શકે નહિ. આહાહા..! અરે! એવી વાત પણ સાંભળવા કોઈ વખતે મળે. આહાહા..! અહીંયાં તો કહે છે કે સંવર, નિર્જરા, મોક્ષની પર્યાયથી-ભાવથી એ દૂર છે. તો એનો અર્થ એ થયો કે સંવર, નિર્જરા, મોક્ષની પર્યાયનો દ્રવ્યસ્વભાવમાં અભાવ છે, તો જેમાં અભાવ છે એનો ઈ કર્તા કેમ થાય? સમજાણું કાંઈ? એમાં ભાવ હોય તો કર્તા થાય. એમાં અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** પર્યાયનું ક્ષેત્ર અને પર્યાયનો ભાવ એનાથી એ તત્ત્વ દૂર છે.

**શ્રોતા :-** સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન આવ્યું? ઠીક! શેઠ સ્પષ્ટ કરાવે છે. એ સવારમાં આવે છેને થોડું. આહાહા..!

જે પર્યાય એક સમયની છે એ સમયની પર્યાયનું અસ્તિત્વ કોઈ ક્ષેત્ર છે કે નહિ? કે ક્ષેત્ર વિના ઉત્પન્ન થઈ છે? એનું અવગાહન કરવાની ચીજ એ ક્ષેત્ર છે. અસંખ્ય પ્રદેશમાંથી જેટલા ક્ષેત્રમાંથી પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાયનું ક્ષેત્ર છે. આહાહા..! તો કહે છે કે એ પર્યાય અને પર્યાયના ક્ષેત્રથી મારું ક્ષેત્ર અને મારો ભાવ તો દૂર છે. આહાહા..! શેઠ! આવું ત્યાં સાગરમાં નથી. ત્યાં પૈસા થાય પૈસા. સાગરમાં શેઠની બહુ મોટી છાપ છે. બેય ભાઈઓની ઘણી છાપ. મેં તો આ ફેરી જોયું હોં વધારે. ઓલી ફેરે ગયા હતા મેડી ઉપરને, બહુ ખ્યાલ નહિ. ઘણી છાપ છે શેઠિયાની. વ્યાખ્યાનમાં ૧૫-૧૫ હજાર માણસ સાગરમાં. પહેલે નંબરે ભોપાલ હતું. એ તો ત્યાં તો ઓલા મંદિરનું હતુંને. બીજે નંબરે ત્યાં. ૧૫ હજાર માણસ હોં, શાંતિથી સાંભળે. ઓલો એક વિરોધ છેને પંડિત પન્નાલાલા. એ પણ આ વખતે બેસતા હતા. પાટ પાસે બેસીને સાંભળતા હતા. ભાઈ! બાપુ! વિરોધ કરવાની ચીજ નથી, નાથ! તને તારી ખબર નથી. આ કોઈ પંડિતાઈની ચીજ નથી. આહાહા..!

આ તો ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પોતે પૂર્ણાનંદનો નાથ જે સારરૂપ એ જ તત્ત્વ છે. આહાહા..! સીસમનું લાકડું હોય છેને? લાકડી સીસમ નહિ સીસમ? સીસમનો સાર કહે છે. સાંભળ્યું છે? વચ્ચે. સીસમનો સાર અંદર ચીકાશવાળી એ લાકડી અંદર ભિન્ન ચીજ છે. એ સીસમ સમજો છો? તો સીસમનું લાકડું છે એમાં ઉપર ઉપરનો ભાગ છે એ જુદો છે, અંદર કસવાળો ભાગ બીજો છે. સીસમ જોયું છે? સીસમ સમજ્યા? લાકડી. સીસમની લાકડી નથી હોતી? અંદર કસ એ ચીજ તદ્દન ભિન્ન છે. સીસમની લાકડીનો સાર કાઢીને કોઈ વખતે એમાં છત્રી રાખવા, તલવાર રાખવા એ રાખવા માટે કાઢે, લાકડીમાંથી અંદર કસ કાઢે છે. આહાહા..!

ભગવાન આત્મા, એક સમયની પર્યાય જે નાશ પામવાયોગ્ય છે... આહાહા..! એનાથી પ્રભુ અંદર ભિન્ન છે. તો ભિન્ન છે એ ભિન્નનું શું કરે? આહાહા..! એ ભગવાન આત્મા મોક્ષને પણ કરે નહિ, સંવર-નિર્જરાને પણ કરે નહિ, એમ કહે છે. આહાહા..! જેમાં છે નહિ અને એ પર્યાયથી નાશ પામવાયોગ્ય પર્યાયથી, ઉત્પાદ-વ્યયથી વસ્તુ જે ભિન્ન છે એ ભિન્ન છે એમાં પર્યાય તો નથી. પર્યાય નથી તો એ પર્યાય એમાં નથી તો એનું શું કરે એ? ન્યાય સમજાય છે? આહાહા..!

**શ્રોતા :-** આ સારો ધર્મ કાઢ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કાઢે? છે એવું અહીં તો કહીએ છીએ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ ધર્મ નથી, એ ફોતરા કૂચા છે.

અહીંયાં તો ધર્મની પર્યાય પણ નાશ પામવાયોગ્ય ગણીને (એમ કહે છે કે) સાર તત્ત્વ તો ધ્રુવ છે. આહાહા..! અને એ પર્યાયથી સાર તત્ત્વ દૂર છે. સાર એ છે અને પર્યાયથી દૂર છે. ડાહ્યાભાઈ! આવું તો સાંભળવું પણ (મુશ્કેલ છે). આહાહા..! ધન્ય ભાગ્ય, ધન્ય કાળ હોય તો એવી વાત સાંભળવા મળે! એવી વાત છે, ભાઈ! આહાહા..! .. લક્ષ એવું ગયું કે ભગવાનથી દૂર થઈ ગયા હમણા. આહાહા..! અહીં કહે છે કે પર્યાયથી ભગવાન દૂર છે. એવો ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એ સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાયરૂપ ભાવ, ભાવ છેને? કાંઈ ચીજનો અભાવ છે? આહાહા..! એવા ભાવોથી ભગવાન અંદર ધ્રુવ જે સમ્યગ્દર્શનનો વિષય... આહાહા..! ભિન્ન છે, દૂર છે. આહાહા..! જ્યાં પર્યાય પણ પહોંચી શકે નહિ, છતાં પર્યાયમાં એનો નિર્ણય આવે છે. આહાહા..! શું કળશ! પદ્મપ્રભમલધારીદેવ આહાહા..! ગજબ કામ કર્યા છે. એ આચાર્ય નહોતા, એ તો મુનિ હતા. અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય તો આચાર્ય હતા, આ તો મુનિ છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અપૂર્વ વાત છે! આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય પછી. અમૃતચંદ્રાચાર્ય પહેલા થયા. પદ્મપ્રભમલધારીદેવ પછી થયા. અમૃતચંદ્રાચાર્યનો આધાર આપ્યો છે એમની ટીકામાં. પદ્મપ્રભમલધારીદેવે આધાર આપ્યો છે. પછી પદ્મપ્રભમલધારીદેવ (થયા). એ પણ કહેતા હતા કે આ શાસ્ત્રની ટીકા અમે કોણ કરનારા? ગણધરોથી ટીકા થઈ છે. એવો પહેલો શબ્દ છે શરૂઆતમાં સાંભળ્યો? આહાહા..! જુઓ, પાંચમો શ્લોક છે જુઓ. પાનું છે ૩. '**ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા...**' આહાહા..! આ ટીકા તો ગણધરોથી રચાયેલી છે. હું ક્યાં કરું છું, એમ કહે છે. સમજાણું કાંઈ? '**ગુણના ધરનારા ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા...**' ગણધર પછી પણ મુનિઓએ આ ટીકાને વ્યક્ત કરી છે. આહાહા..! પરંપરાથી પ્રગટ છે ટીકા. આ '**પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?**' આહાહા..! પદ્મપ્રભમલધારીદેવ કહે છે કે અમે

તો મંદબુદ્ધિ છીએ, એની ટીકા અમે કઈ રીતે કરીએ? ટીકા તો ચાલી આવી છે. આહાહા..! ગણધરથી ટીકા ચાલી આવી છે. તો એ પરંપરાથી.. છેને? બે બોલ છેને. '**શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા...**' એમ હોવા છતાં પણ '**હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી...**' જુઓ, સાર. અમારા મનમાં એવો વિકલ્પ વારંવાર આવ્યા કરે છે. આહાહા..! કે શાસ્ત્રની ટીકા થાય, શાસ્ત્રની ટીકા થાય એવો વિકલ્પ આવ્યા કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! છે? '**હમણાં...**' આ સમયે '**અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી...**' એના સારની પુષ્ટિ કરવામાં રુચિ અમારી છે. '**ફરી-ફરીને અત્યંત પ્રેરિત થાય છે.**' વિકલ્પ વારંવાર પ્રેરિત કરે છે કે એની કોઈ પુષ્ટિ બનાવું, એની પુષ્ટિ બનાવું, આ ટીકા બનાવું, એમ. આહાહા..! '**(એ રુચિથી પ્રેરિત થવાને લીધે 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકા રચાય છે.)**' આહાહા..! સમજાણું કાંઈ?

એ દૂર છે. ઓહો..હો..! કેવળજ્ઞાનની પર્યાયથી પણ જ્ઞાયકભાવ ધ્રુવતત્ત્વ દૂર છે. દૂર તો એ જ પ્રદેશમાં છે. અસંખ્ય પ્રદેશમાં જ ધ્રુવ છે. એના છેલ્લા પ્રદેશમાં એ પર્યાય છે, પણ એ પર્યાયથી આ વસ્તુ દૂર છે. આહાહા..! દૂરનો અર્થ કોઈ આમ ક્ષેત્ર આઘું છે એમ નથી, પણ પર્યાયના ક્ષેત્રથી અને એક સમયની પર્યાયના ભાવથી વસ્તુ છે એ એમાં નથી. એ પર્યાય વસ્તુમાં નથી. આહાહા..!

હવે કહે છે '**જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**' એટલે એ વસ્તુનો સ્વભાવ એવો છે કે કામની વાસનાનો જેમાં અભાવ છે. આમ તો નષ્ટ કર્યો છે (એમ કહ્યું છે). નષ્ટ કર્યો છે, તો હતો અને નષ્ટ કર્યો છે? શું સમજ્યા? શું કહ્યું? '**જેણે...**' એટલે ધ્રુવ તત્ત્વએ, સાર તત્ત્વ જે જ્ઞાયકભાવ નિત્યાનંદ પ્રભુ એણે '**દુર્વાર કામને...**' પરમાં વિષયમાં સુખની બુદ્ધિ એવા કામભોગ '**નષ્ટ કર્યો છે,...**' આહાહા..! એટલે એ વૃત્તિ એમાં છે જ નહિ. એટલે એનો આશ્રય કરે છે એની કામ-ભોગની વૃત્તિ નાશ પામે છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એમ આવે છે કે કોઈ વિકલ્પ આર્ત-રૌદ્રધ્યાનનો આવી જાય તો એ વખતે ધ્યાન કરવું એવું શાસ્ત્રમાં આવે છે. અંતર આનંદનું ધ્યાન કરવું તો એ નાશ થઈ જાય. શું કહ્યું? એવો શુભ-અશુભ વિકલ્પ આવે તો એને ન લંબાવતા એને નાશ કરવા આત્માનું ધ્યાન કરવું. આહાહા..! આનંદસ્વરૂપ ભગવાનનું ધ્યાન કરવાથી એ વૃત્તિ નાશ પામશે. આહાહા..! સમજાણું કાંઈ? વિષયની વાસના ખટક-ખટક થાય છે બહુ, તોપણ એ ભગવાન આત્માનું ધ્યાન કરવાથી એ ઉત્પન્ન જ થતી નથી, નાશ થઈ જશે. તો એ વસ્તુ કામને નષ્ટ કરનારી એમ કહેવામાં આવે છે. નાશ થાય છે તો પર્યાયમાં. સમજાણું કાંઈ? આહાહા..! '**જેણે દુર્વાર કામને...**' આહાહા..! વિષયના પ્રેમનો ભાવ દુર્વાર, ટાળી ન શકાય એવો દુર્વાર, વારી શકાય એવી ચીજ એ પણ એને તો આહાહા..! '**નષ્ટ કર્યો છે,...**' એમાં એ ભાવ પણ નથી અને એ ભાવનું ધ્યાન કરવાથી આ ભાવ રહેતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'જેણે...' એટલે ધ્રુવ સ્વભાવે. '**દુર્વાર કામને...**' આહાહા..! કામની વાસના દુર્વાર. આહાહા..! જેને વારી શકાય નહિ એવી કામના પણ જેણે '**નષ્ટ કર્યો છે,...**' આહાહા..! એટલે કે એમાં છે નહિ, અર્થાત્ એનું ધ્યાન કરવાથી એ કામવાસના રહેતી નથી. સમજાણું કાંઈ? આ તો અમૃતનો સાગર! સંતોની.. આહાહા..! આ તો સંતોની વાણી છે. આહાહા..! આ કાંઈ સંત ભેખ લીધા અને એકલા દ્રવ્યલિંગી (થઈ ગયા) એવી નથી. આ તો મોક્ષમાર્ગમાં રમતા હતા એની આ ભાષા છે. આહાહા..! ઓહો..હો..! કહે છે 'જેણે...' એટલે ધ્રુવ તત્ત્વ, સાર તત્ત્વે જે નાશવાન ભાવથી ભિન્નતત્ત્વ છે એણે '**દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**' એટલે એમાં છે જ નહિ અને છે નહિ તો એનું ધ્યાન કરવાથી વાસનાનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા** :- દુર્વાર અર્થાત્?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વારી શકાતા નથી. દુર્વાર-રોકી શકાય નહિ એવી ચીજ, કામની વાસના. આહાહા..!

ક્ષાયિકસમકિતીને પણ વિકલ્પ આવે છે. ચક્રવર્તી છન્નું હજાર (સ્ત્રી છે). તીર્થંકર લ્યો. શાંતિનાથ, અરનાથ ક્ષાયિકસમકિતી હતા. છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં લગન કર્યા અને વાસના હતી. આસક્તિની વાસના હતી. છતાં કહે છે કે એ વાસના જેમાં છે જ નહિ અને છે નહિ તો એનું ધ્યાન કરવાથી વાસનાનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એમ કહીને શું કહે છે? કે ભાઈ! આ વિષયની વાસના છેને તો એને ... કરો, ઇન્દ્રિય દમન કરો તો વાસના ઘટી જશે. એમ નહિ ઘટે. જેમાં છે નહિ એનું ધ્યાન કરવાથી નાશ થઈ જાશે. આહાહા..!

ઘણા વર્ષની વાત છેને. કહી હતી એકવાર. અમે ભાવનગર આવ્યા હતા દુકાન ઉપરથી. પાલેજમાં દુકાન છેને. તો આવ્યા હતા. લગભગ ૬૬ની સાલ હશે. દુકાનેથી (આવ્યા હતા). દીક્ષા તો ૭૦માં થઈ. ૬૬માં અહીં ભાવનગર આવ્યા હતા. તો ભાવનગરમાં એવું મોટું એક વૈરાગી નાટક હતું તો અમે જતા હતા. નાટક એવા વૈરાગી બહુ જોયા છે અમે નાની ઉંમરમાં. એક ધ્રુવનું નાટક હતું. આપણે અહીં ધ્રુવ, ભાઈ! એક રાજકુમાર ધ્રુવ હતો. દરબાર! એ ધ્રુવ નથી આવતું? ધ્રુવ અને પ્રહલાદ. એય..! પ્રહલાદજી! લ્યો, અહીં બેઠા છે. એ નાટક જોવા ગયા હતા અમે. પૈસાની છૂટ હતી તો બહુ એવા જોયા છે. તો ઉપરથી ઈન્દ્રાણી ઉતરી પડદો ફાડીને. લીલો પડદો અને જંગલ. નાનું બાળક... લાકડી હોય ને એની, લાકડી સાથે બાળક બેઠો હતો. ઈન્દ્રાણી ઉપરથી લાકડા ઉપર પગ અને દોરીથી આમ બે બાજુ ઉતરી અને એવી ચેષ્ટા કરવા લાગી. આહાહા..! અરે! ધ્રુવ! નજર તો કર અમે કોણ છીએ. અમારા શરીર તો જો સુંદર, કેળના ગર્ભ જેવું અમારું શરીર, અમારું મુખ ચંદ્રમાં જેવું. બહુ બોલી. અહીં તો મારે ઓલા ધ્રુવ સાથે લેવું છે હોં. એ ધ્રુવ હતો. એ ધ્રુવ રાજાના પુત્ર

હતા, દરબાર! ધ્રુવ-ધ્રુવ. એની મા મરી ગયેલા અને એના બાપ બીજી પરણ્યા હતા અને આ રાજકુમાર હતા. દીક્ષિત થઈ ગયેલા. અન્યમતિની વાત છે. એ ઈન્દ્રાણીએ બહુ જ્યારે કહ્યું ત્યારે કહ્યું, માતા! મારે જો બીજો ભવ કરવો પડશે તો તને માતા કરીશ, બાકી બીજી વાત છે નહિ. સમજાણું કાંઈ? એ ધ્રુવ કહે છે. એવો ધ્રુવ આ છે. આ ધ્રુવ. સમજાણું કાંઈ? જેનું લક્ષ કરવાથી, જેને ધ્યેય બનાવવાથી વિષયની વાસના ઉત્પન્ન થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધ્રુવ તો રાજકુમાર હતા. આ ધ્રુવ આ છે. આહાહા..!

'**દુર્વાર કામને...**' વિષયની વાસનાની મીઠાશ દુર્વાર છે. સમજાણું કાંઈ? આહાહા..! પણ આનંદના નાથને યાદ કરતાં એ દુર્વાર વૃત્તિ રહેતી નથી. આહાહા..! એવો તારો ભગવાન અંદર બિરાજે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો બાપુ આવી વાત છે. '**જેણે...**' એટલે ધ્રુવતત્ત્વે '**દુર્વાર...**' વારી શકાય નહિ મીઠાશ ભોગની, વિષયની, ઈન્દ્રાણીઓના સુંદર શરીર કેળ જેવા દેખાય અને એની વૃત્તિ ઉઠે એ દુર્વાર છે, પણ ધ્રુવનું લક્ષ કરવાથી દુર્વાર વૃત્તિની ઉત્પત્તિ થતી નથી. આહાહા..! એ ધ્રુવમાં ઈ છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એ અંતરના આનંદની મીઠાશમાં વિષયની વાસના ઉત્પન્ન થતી નથી. આ તો ભાઈ બધી અંતરની વાત છે, પરમસત્ય એવી વાત છે. ઓહો..!

'**જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' છે? કુહાડો છે. '**પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' એટલે પાપના ભાવ એમાં છે જ નહિ, પણ પાપના ભાવ જે છે, એ આનંદના નાથનું ધ્યાન કરવાથી એ પાપના ભાવ નાશ પામે છે. આહાહા..! '**પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' કુહાડો સમજો છો? કુહાડો કહે છેને? કુઠાર. આહાહા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ એનું લક્ષ કરવાથી પાપનો નાશ થાય છે. પાપનો નાશ કરવામાં ભગવાન ધ્રુવ છે એ કુહાડો-કુઠાર છે. આહાહા..! એ તો શાસ્ત્ર સામે હોય ત્યારે એનો અર્થ થાયને. બીજામાં ખેંચીને લાવે તો જરી... અહીં તો એમાં છે. આહાહા..! '**પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' જેનું લક્ષ કરવાથી. આહાહા..! એમાં પાપ તો છે જ નહિ, પણ પાપના પરિણામ થયા તો જેમાં છે નહિ એનું ધ્યાન કરવાથી પાપનો નાશ કરવામાં કુહાડા—કુઠાર સમાન છે. આનંદનો નાથ જેણે શરણમાં લીધો. સમજાણું કાંઈ? આહાહા..! આમ કહે છેને 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં' એ કોઈ શરણ-ફરણ નથી, વ્યવહારની વાત છે. એવી વાતું છે બાપુ આ તો. આહાહા..! ત્રણલોકનો નાથ ચિદાનંદ પ્રભુ સહજાનંદના સ્વભાવથી સહજપણે બિરાજમાન છે. એવું ધ્રુવતત્ત્વ, સારમાં સારતત્ત્વ, પાપરૂપી વૃક્ષને છેદવામાં કુહાડો છે. ઓહો..હો..! એ બે તો નાસ્તિથી કહ્યું.

'**જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...**' એ શુદ્ધ જ્ઞાનનો પિંડ છે. જેમ જન્મ લે છેને માણસ? તો આ તો શુદ્ધ જ્ઞાનનો જ જન્મ છે એનો, ત્રિકાળ શુદ્ધ જ્ઞાનનો જ એ તો અવતાર છે. આહાહા..! આવી વાતું એટલે પછી એ લોકો એમ કહે છેને, એકલું નિશ્ચય-

નિશ્ચય... પણ નિશ્ચય એ જ સત્ય છે. યથાર્થનું નામ નિશ્ચય. કાલે આવ્યું હતું નહિ? યથાર્થનું નામ નિશ્ચય અને ઉપચારનું નામ વ્યવહાર. ભૂતાર્થનું નામ નિશ્ચય અને ઉપચારનું નામ વ્યવહાર. સમજાણું કાંઈ? સત્યાર્થનું નામ નિશ્ચય અને અસત્યાર્થનું નામ ઉપચાર. આહાહા..! '**શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...**' જેમ બાળકનો જન્મ થાય છે, એમ શુદ્ધ જ્ઞાનસ્વરૂપી જ ભગવાન છે. એકલો શુદ્ધ જ્ઞાનસ્વરૂપી પિંડ પ્રભુ છે. સમજાણું કાંઈ?

'**જે સુખસાગરનું પૂર છે...**' છે? સુખસાગરનું પૂર આવે છે એમાં. દરિયામાં પૂર આવે છેને સમુદ્રમાં. બાઢ કહે છે? શું કહે છે? ભરતી-ભરતી આવે છેને. અમારે અહીંયાં ભરતી-ઓટ કહે છે. દરિયામાં જ્યારે વેળ આવે છે એને ભરતી કહે છે અને પાછી હટે એને ઓટ કહે છે. એ તમારી ભાષા એવી. આહાહા..! ભગવાન જ્ઞાનાનંદનું સ્વરૂપ પ્રભુ એ તો સુખસાગરનું પૂર છે. અતીન્દ્રિય આનંદની જ્યાં ભરતી આવે છે પર્યાયમાં એવી એ ચીજ છે. પૂર શું કહે છે તમારે? બાઢ કહે છે. આહાહા..! જ્વાર-ભાટ કહે છે. '**સુખસાગરનું પૂર છે...**' કોણ? જે સારતત્ત્વ જે જ્ઞાયકભાવ ધ્રુવતત્ત્વ છે એ. આહાહા..! એ સુખસાગરનું પૂર જ પડ્યું છે, એમ કહે છે. અને એની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં સુખસાગરનું પૂર આવે છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે. ભાઈ! વ્રત લે, આ ત્યાગ કરે, મુનિ થઈ જાય, લૂગડા ફેરવે... એ બધી બહારની ક્રિયાનો આત્મા કર્તા માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

અહીંયાં તો સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય, પોતાના નિજતત્ત્વની મહિમાથી એને વધારે મહિમા દઈ દે એ પણ નહિ અહીંયાં તો. આહાહા..! છાંટા આવે છે. વરસાદ તો આ છે. આહાહા..! અમે તો ભાઈ સવારમાં પાટે બેઠા હોયને, 'પ્રભુ! તારે કહેવું હોય એ કહેજે. હું તો બેઠો છું પાટે સાધારણ.' એમ કહ્યું હતું. એય..! 'કારણ કે પર્યાય દ્રવ્યમાં નથી એ અધિકાર ચાલશે. હું તો તારી પેઢીમાં બેઠો છું, પ્રભુ! તારે કહેવું હોય એ કહેજે, નાથ!' આહાહા..! '**સુખસાગરનું પૂર છે...**' હવે એ તો અસ્તિથી કહ્યું.

પણ '**જે ક્લેશોદધિનો કિનારો છે,...**' આહાહા..! ક્લેશરૂપી દરિયાનો તો કિનારો છે, અંત છે ત્યાં. આહાહા..! ક્લેશરૂપી દુઃખ, દુઃખરૂપી જે ઉદધિ, દુઃખરૂપી દરિયો. આહાહા..! એનો તો કિનારો છે ત્યાં. સમજાણું કાંઈ? '**ક્લેશોદધિનો કિનારો છે, તે સમયસાર...**' એટલે કે આ શુદ્ધભાવ એટલે કે ધ્રુવભાવ '**જયવંત વર્તે છે.**' ટીકા કરનાર પોતાની પર્યાયમાં કહે છે કે આ ભાવ જયવંત વર્તે છે. આહાહા..! દૃષ્ટિ ત્યાં લગાવી છે તો અહીં કહે છે કે એ ભાવ જયવંત વર્તે છે. એ અમારા ખ્યાલમાં આવી ગયું છે. સમજાણું કાંઈ? આ તો દિગંબર સંતોની ટીકા અને કથની છે. એ નાગા બાદશાહથી આઘા છે. આવી ચીજ ક્યાંય મળે એવી નથી. દુનિયાને બેસે, ન બેસે, કાંઈ નહિ. ચીજ તો આ છે. આહાહા..! સમજાણું કાંઈ? આક્ષેપ કરે તો કરો, વસ્તુ તો આ છે. આહાહા..!

'**ક્લેશોદધિનો કિનારો છે, તે સમયસાર...**' એ દ્રવ્ય, ધ્રુવ '**જયવંત વર્તે છે.**'

એમ કહીને પોતાની પર્યાયમાં જયવંત વર્તે છે એવો અમને ભાસ થયો છે, અમને ભાન થઈ ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? અમારી પર્યાયમાં પર્યાયવાનનું ભાન થઈ ગયું છે. આહાહા..! એ જયવંત વર્તે છે. આહાહા..! ધ્રુવ ભગવાન, પર્યાયમાં જ્ઞાન આવ્યું એ પર્યાયમાં આખી ચીજ છે એ ચીજ આવી નથી, પણ એ શું ચીજ છે એનું જ્ઞાન આવ્યું અને એને જ્ઞેય બનાવીને પર્યાયમાં જ્ઞાન આવ્યું તો એ જ્ઞાન એમ કહે છે કે આ તો જયવંત વર્તે છે. અમારો ભગવાન આત્મા ધ્રુવ તો જયવંત વર્તે છે. આહાહા..! વર્તમાન દૃષ્ટિમાં લીધો એ અપેક્ષાએ કહ્યું છે. સમજાણું કાંઈ? '(શુદ્ધ આત્મા)...' શુદ્ધ નામ પર્યાયની વાત આ નથી. ત્રિકાળની વાત છે. ત્રિકાળ આત્મા જયવંત વર્તો.

**શ્રોતા :-** મોક્ષમાર્ગની પર્યાય નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાય એમ જાણે છે કે આ ત્રિકાળ જયવંત વર્તે છે, એમ સાક્ષી આપે છે. સમજાણું કાંઈ? અમારા ધ્યેયમાં, ખ્યાલમાં એ ચીજ આવી ગઈ છે. આહાહા..! પર્યાય વર્તમાન છે એણે ધ્રુવને પકડી લીધો છે. ધ્રુવને જ્ઞેય બનાવીને જ્ઞાન થઈ ગયું છે. અમારી પર્યાયના જ્ઞાનમાં એ જ્ઞેય છે એ દેખાય છે, એ જયવંત વર્તે છે. આહાહા..! શૈલી તો જુઓ! એક કળશમાં કેટલું ભર્યું છે! જેમ કળશ અમૃતથી ભરેલો હોય એમ આ કળશ છે એ આહાહા..! આનંદની ધારાથી ભરેલો છે.

પદ્મપ્રભમલધારીદેવ મુનિ એમ કહે છે કે આ સારતત્ત્વ જે છે એ જયવંત વર્તે છે. અમારી પર્યાયમાં એને અમે જોયા છે. અમારી પર્યાયમાં એનું જ્ઞાન થઈ ગયું છે. અમારી પર્યાય એમાં પેસી નથી અને પર્યાય અમારી એમાં છે નહિ, છતાં અમારી પર્યાયમાં ધ્રુવ દેખાણો તે જયવંત વર્તે છે, એવો ને એવો જયવંત વર્તે છે. આહાહા..! લ્યો! આ મંગળિક કર્યું. પહેલો કળશ છેને આ? આહાહા..! મીણો ચડી જાય એવું છે. મીણા સમજ્યા? પાવર.

જયવંત... આ સમયસાર.. ધ્રુવને સમયસાર કહ્યું, પર્યાયને નહિ. આહાહા..! નિત્યાનંદ પ્રભુ જયવંત વર્તે છે. આહાહા..! આવો... આવો... એમ વર્તે જ છે. એવું પર્યાયમાં ભાન થઈ ગયું છે. પર્યાય એમ પોકારે છે કે આ જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાયમાં, જ્ઞાનની પર્યાયમાં એ ચીજ આવી ગઈ, પકડી લીધી છે. સમ્યગ્દર્શને આખા આત્માને પચાવી લીધો છે. આહાહા..! તો કહે છે કે સમ્યગ્દર્શનમાં... છે તો પર્યાય. પર્યાય છે તો નહિ એમાં. સમજાણું કાંઈ? પણ પર્યાય એ તરફ ઢળી ગઈ છે, એ જયવંત વર્તે છે. નિત્ય વસ્તુ જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? પોતાની પર્યાયની સાક્ષીથી કહે છે. આહાહા..! કહો, ડાહ્યાભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યું હોય નહિ ત્યાં જજમાં. આહાહા..!

હવે ૩૯. એ ૩૮ ગાથા થઈ એક અને એનો કળશ થયો.

णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा।
णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा।।३९।।

**જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,**
**જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણા નહીં. ૩૯.**

જુઓ, સ્વભાવ કહ્યું એમાં. પાઠમાં છેને સ્વભાવ. વિભાવને સ્વભાવ કહ્યો છે. કોઈ કહે છેને કે કર્મના નિમિત્ત વિના ભાવ હોય તો એ સ્વભાવ થઈ જશે. માટે નિમિત્તથી થાય તો વિભાવ છે, એમ નથી. નિમિત્તના સ્વભાવનું લક્ષ છોડીને પોતામાં જે રાગાદિનો અભાવ થયો એને અહીં સ્વભાવ કહે છે. વિભાવને સ્વભાવ કહે છે. આહાહા..! ત્રિકાળી સ્વભાવ તો છે જ. કેમકે, '**स्वस्य भवनं स्वभावः**' પોતાની પર્યાયમાં '**स्वस्य**' ભવન પર્યાયમાં થયો છેને? તો એ અપેક્ષાએ એ વિભાવને પણ સ્વભાવ કહ્યો છે. આહાહા..!

**જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,**
**જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણા નહીં. ૩૯.**

'**ટીકા :- આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' એ તો શુદ્ધભાવ કહો કે નિર્વિકલ્પ તત્ત્વ કહો. બીજી ભાષાએ વાત કરે છે. આહાહા..! આ પુનરુક્તિ ભાવનામાં નથી લાગતી. તો કહે છે કે મારી ભાવના માટે મેં આ બનાવ્યું છે. આહાહા..! બીજામાં તો એમ કહ્યું પ્રવચનસાર આદિ, પંચાસ્તિકાયમાં કે મારી પ્રવચન ભક્તિથી મેં બનાવ્યું છે એમ કહ્યું. પંચાસ્તિકાય, પ્રવચનસાર. સમયસારમાં તો એમ કહ્યું કે આત્માને તત્ત્વ ને અર્થથી જાણી અર્થમાં ઠરવું. એમ છે ત્યાં છેલ્લી ગાથામાં. અહીં તો કહે છે કે મેં મારી ભાવના માટે બનાવ્યું છે, પ્રભુ! તું સાંભળ. આહાહા..! કહે છે '**આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' ત્રિકાળ ભગવાન જે નિર્વિકલ્પ અભેદસ્વરૂપ જેને એક સારરૂપ કહ્યું, જેને શુદ્ધભાવ કહ્યો એ શુદ્ધભાવનો અધિકાર અહીંયા વિસ્તારથી છે. સમજાણું કાંઈ? '**ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને...**' ભાષા જુઓ! એવા શુદ્ધ જીવ અસ્તિકાય-જીવાસ્તિકાય. જીવાસ્તિકાય એટલે અસંખ્ય પ્રદેશ છે. શુદ્ધ જીવ અસ્તિ કાય. શુદ્ધ જીવ છે સમૂહ. આહાહા..! ગુણનો સમૂહ તો છે, પણ અસંખ્ય પ્રદેશનો સમૂહ છે એમ સિદ્ધ કરવું છે.

**શ્રોતા :-** કાય લગાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાય લગાવ્યું છે. વિશેષ આવશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૮, ગુરુવાર, તા. ૧૪-૦૮-૧૯૭૫,**
**ગાથા-૩૯, કળશ-૫૫, પ્રવચન નં. ૪**

આ નિયમસાર. નિયમનો અર્થ અહીંયાં મોક્ષનો માર્ગ છે. નિયમનો અર્થ મોક્ષના માર્ગરૂપી પર્યાય, એનો સાર. એનો અધિકાર છે. વ્યવહારરત્નત્રયથી રહિત નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને અહીંયાં મોક્ષમાર્ગ અથવા નિયમસાર કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? તો ૩૯ ગાથા. '**આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' પાઠ છે શુદ્ધભાવ. આ અધિકાર શુદ્ધભાવનો ચાલે છે. શુદ્ધભાવ કહો કે નિર્વિકલ્પ તત્ત્વ કહો. આ શુદ્ધભાવ પર્યાયનો શુદ્ધભાવ, નિયમસાર જે મોક્ષનો માર્ગ એ શુદ્ધભાવ છે એ આ નહિ. નિશ્ચયમોક્ષમાર્ગ એ શુદ્ધ ઉપયોગરૂપ છે. શુભ અને અશુભરાગરહિત સ્વચૈતન્યના અવલંબે-આશ્રયે ઉત્પન્ન થયેલું સમ્યગ્દર્શન, સાચું દર્શન નિર્વિકલ્પ, સમ્યગ્જ્ઞાન, સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર, આનંદની દશા એ શુદ્ધ પર્યાય છે, એ શુદ્ધ ઉપયોગ છે. એની આ વાત નથી. આ તો ત્રિકાળી શુદ્ધભાવનો અધિકાર ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા..!

તો કહે છે કે '**આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' પાઠ છે શુદ્ધભાવ એને અહીં નિર્વિકલ્પ કહ્યું. નિર્વિકલ્પનો અર્થ, જેમાં સંસારનો શુભ-અશુભવિકલ્પ જેમાં નથી. આહાહા..! અને નિર્વિકલ્પ અર્થાત્ અભેદ છે. આહાહા..! ચૈતન્ય જીવાસ્તિકાય ધ્રુવ જે જીવાસ્તિકાય નિત્યાનંદ પ્રભુ એ નિર્વિકલ્પ અભેદ છે. આહાહા..! સમજાણું કાંઈ? કાલે પૂછતા હતાને કે દિગંબર ધર્મ એ શું છે? તો વિકલ્પ જે છે એનાથી રહિત આત્માનું—વસ્તુનું સ્વરૂપ એ દિગંબર ધર્મ છે. સમજાણું કાંઈ? આહાહા..! '**આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' એ પહેલા આવી ગયું છે આપણે. જે તત્ત્વમાં અહીંયાં '**ત્રિકાળ-નિરૂપાધિ જેનું સ્વરૂપ છે...**' વિશેષ સ્પષ્ટ કર્યું. '**ત્રિકાળ-નિરૂપાધિ જેનું સ્વરૂપ છે...**' જેમાં કર્મના નિમિત્તની અપેક્ષા પણ નથી અને નિમિત્તના અભાવની અપેક્ષા નથી એને ત્રિકાળ નિરૂપાધિતત્ત્વ કહે છે. નિત્યાનંદ સહજાત્મ શુદ્ધ અખંડ પરમસ્વભાવભાવનો પિંડ એને અહીંયાં ત્રિકાળ નિરૂપાધિ જેનું સ્વરૂપ છે એમ કહેવામાં આવ્યું છે. વસ્તુમાં કદી ઉપાધિ છે જ નહિ. વસ્તુમાં કર્મના નિમિત્તનો સંબંધ જ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વસ્તુ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાયકભાવ, આ નિર્વિકલ્પભાવ, ત્રિકાળ નિરૂપાધિભાવ. એની અંદર દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન કદી થતું નથી. ધર્મની શરૂઆત, નિર્વિકલ્પ તત્ત્વ કહો, ત્રિકાળ નિરૂપાધિસ્વરૂપ કહો કે શુદ્ધભાવ કહો એના આશ્રયે જ, ત્રિકાળી જ્ઞાયકભાવના આશ્રયે જ,

અવલંબનથી જ સમ્યગ્દર્શન થાય છે. સત્યદર્શન, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન. એ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, આ નિર્વિકલ્પ તત્ત્વ. સમજાણું કાંઈ? આહાહા..! નિર્વિકલ્પ તત્ત્વ એના આશ્રયે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! એ કહે છે.

**'ત્રિકાળ-નિરૂપાધિ જેનું સ્વરૂપ છે...'** એ તો પહેલાં આવી ગયુંને આપણે કળશમાં કે નાશવંત ભાવથી વસ્તુ દૂર છે. ભગવાન આત્મા જેને આત્મા કહીએ ધ્રુવ, એ નાશવાન નામ કેવળજ્ઞાનની પર્યાય નાશવાન છે, સંવર-નિર્જરાની પર્યાય નાશવાન છે, એ નાશવાન પર્યાયથી દૂર રહેનાર છે તેને અહીંયા આત્મા કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! પર્યાયમાં તો ઉત્પાદ-વ્યય થાય છેને? ભલે સંવર ઉત્પન્ન હો, અરે! કેવળજ્ઞાન ઉત્પન્ન હોય, પણ ઉત્પન્ન થયો એક સમયમાં, બીજે સમયે એનો વ્યય થાય છે. કેવળજ્ઞાનનો પણ બીજા સમયે તો વ્યય થાય છે. તો એ કેવળજ્ઞાનને પણ નાશવાન કહેવામાં આવે છે. આહાહા..! તો એનાથી જે દૂર રહે છે અંદર. નાશવાન પર્યાયથી દૂર છે એટલે કે નાશવાન પર્યાય એમાં છે નહિ. આહાહા..!

સમ્યગ્દર્શનની પર્યાય નિર્વિકલ્પ શુદ્ધભાવ એના અવલંબને થાય છે, સમ્યગ્દર્શનની પર્યાય. એમ હોવા છતાં પણ એ સમ્યગ્દર્શનની પર્યાય ધ્રુવમાં નથી. સમજાણું કાંઈ? અને ખરેખર તો જે ધ્રુવ નિત્ય સ્વભાવ જે સમ્યગ્દર્શનનો વિષય છે એ સમ્યગ્દર્શનની પર્યાયનો પણ કર્તા નથી. સમજાણું કાંઈ? એને અહીંયાં નિર્વિકલ્પ તત્ત્વ કહે છે, નિરૂપાધિ તત્ત્વ કહે છે. આહાહા..! જગતને ભારે કઠણ પડે. માર્ગ તો આ છે. અનાદિ-અનંત તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. અહીં તો હજી વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિ કરતાં-કરતાં સમ્યગ્દર્શન થાય છે. મહામિથ્યાત્વ શલ્ય છે. એય..! પદ્મચંદજી! અને આ પૈસાવાળા કાંઈક પૈસા ખર્ચે તો એમાંથી ધર્મ થાય છે.

**શ્રોતા :-** સોનગઢમાં નથી થતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સોનગઢમાં નથી થતો. આહાહા..! એ જૂઠા કહે. આહાહા..! ત્રણલોકનો નાથ ચૈતન્યબિંબ પ્રભુ, મહાસત્ આત્મા એનું સત્ત્વ, એકલું સત્ત્વ આનંદનું દળ, જ્ઞાયકનું દળ, સહજજ્ઞાનસ્વરૂપ ત્રિકાળ. આહાહા..! જેને પહેલાં કહી ગયા છે, સ્વરૂપપ્રત્યક્ષ. પર્યાયની વાત નથી. એ સ્વરૂપ જે છે એ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. એ ચીજ એવી છે. પર્યાયમાં પ્રત્યક્ષ એ નહિ, એ તો કેવળજ્ઞાનપ્રત્યક્ષ, સકળપ્રત્યક્ષ થયું. આ તો સ્વરૂપપ્રત્યક્ષ, એના જ્ઞાનસ્વભાવમાં સ્વરૂપપ્રત્યક્ષ એ જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ તો ફક્ત અહીંયા જ અધિકાર છે આમાં. એ સિવાય બીજે ક્યાંય છે નહિ. સમયસારમાં પણ આવો અધિકાર નથી. આ પર્યાય અધિકાર છેને, મોક્ષમાર્ગનો. મોક્ષમાર્ગ પર્યાય છે, તો પર્યાયનો અધિકાર છે. તો ત્યાં આગળ દ્રવ્ય છે એ સ્વરૂપપ્રત્યક્ષ દ્રવ્ય છે. એના જ્ઞાનમાં એ સ્વરૂપપ્રત્યક્ષ જ ત્રિકાળ છે. આહાહા..! એ તત્ત્વમાં ત્રિકાળ નિરૂપાધિ જેનું સ્વરૂપ છે. ઉપાધિમાત્ર પર્યાયની

પણ ઉપાધિ નથી એમાં. આહાહા..!

**શ્રોતા :-** સ્વરૂપપ્રત્યક્ષ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વસ્તુનું સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ ધ્રુવ. જ્ઞાનસ્વરૂપ જે છે એ સ્વરૂપપ્રત્યક્ષ છે. કેમકે સકળ વિમળ પ્રત્યક્ષ પર્યાયમાં જે આવે છે એ તો પર્યાય છે. કેવળજ્ઞાન એ તો પર્યાય છે, પણ વસ્તુમાં સ્વરૂપપ્રત્યક્ષ ન હોય તો કેવળજ્ઞાનની પ્રત્યક્ષ પર્યાય ક્યાંથી આવશે? સમજાણું કાંઈ? આહાહા..! સ્વરૂપપ્રત્યક્ષ જ છે. પહેલાં આવી ગયું છે. પાનું છે. પેજ-૨ અને ૯. એ પાનું જ એ આવ્યું ફેરવતા. ૨૯. નીચે, તદ્દન નીચે. સ્વરૂપપ્રત્યક્ષ છે? તદ્દન નીચે, તદ્દન નીચે. અને અંદરમાં જોવું હોય તો બીજા પેરેગ્રાફની પહેલી લીટી. બીજા પેરેગ્રાફમાં.

'**અહીં (ઉપર કહેલાં જ્ઞાન વિષે) સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે.**' છે? ગુજરાતી છે? ગુજરાતીમાં છે બીજો પેરેગ્રાફ. જ્ઞાનના પાંચ ભેદ લીધા—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ અને અજ્ઞાનના ત્રણ. પણ એ સર્વ જ્ઞાનમાં... કયુ જ્ઞાન? સહજજ્ઞાન જે ત્રિકાળી જ્ઞાન છે. આહાહા..! જે કારણજ્ઞાન છે, જે કારણપરમાત્મામાં જ્ઞાનસ્વભાવ કારણ જે છે એને અહીંયાં સ્વરૂપપ્રત્યક્ષ કહેવામાં આવે છે. આહાહા..! જુઓ છે? '**સહજજ્ઞાન,...**' એ સહજજ્ઞાન ત્રિકાળ. '**શુદ્ધ અંતઃતત્ત્વરૂપ...**' શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એ, પર્યાય નહિ. '**પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી,...**' આ જ્ઞાન આખા ધ્રુવમાં વ્યાપક હોવાથી. અનંતગુણમાં જ્ઞાન ધ્રુવ પૂરા તત્ત્વમાં વ્યાપક છે ધ્રુવપણે. આહાહા..! અમરચંદભાઈ! આવી વાતું ભારે, ભાઈ! છે? એ '**પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી સ્વરૂપપ્રત્યક્ષ છે.**' નીચે. સ્વરૂપપ્રત્યક્ષ નામ સ્વરૂપથી પ્રત્યક્ષ. અંતર સ્વરૂપથી પ્રત્યક્ષ ચૈતન્યબિંબ જ એવો પડ્યો છે. સ્વરૂપ અપેક્ષાએ પ્રત્યક્ષ, સ્વભાવથી પ્રત્યક્ષ. ધ્રુવ હોં! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** પ્રત્યક્ષ કીધું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પ્રત્યક્ષ એ પ્રત્યક્ષ જ છે અંદર પર્યાય વિનાની ચીજ. આહાહા..! આ નિયમસારની વ્યાખ્યા કેટલાક શબ્દો તદ્દન નવા. સમયસારમાં પણ આવી વાત આવી નથી. શુદ્ધકારણપર્યાય, સ્વરૂપપ્રત્યક્ષ, કારણપરમાણુ, કાર્યપરમાણુ. આહાહા..! આમાં વિશેષ લીધું છે. આહાહા..!

કહે છે, અરે! ભગવાન! સાંભળતો ખરો એકવાર. આહાહા..! તારી ચીજ આવી છે ધ્રુવ નિત્યાનંદ, સહજાનંદ સ્વભાવ તારી ચીજ એમાં સ્વરૂપપ્રત્યક્ષનું જ્ઞાન પડ્યું છે. એ સ્વરૂપપ્રત્યક્ષ જ ધ્રુવ છે. આહાહા..! સમજાણું કાંઈ? કીધુંને પછી છેલ્લે, સ્વભાવથી પ્રત્યક્ષ. સ્વભાવરૂપ પ્રત્યક્ષ બસ અંદર, પર્યાય નહિ. એમાં લીધું છે જુઓને, '**અહીં (ઉપર કહેલાં જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ છે.**' બીજા પેરેગ્રાફમાં. એ તો સકળપ્રત્યક્ષ પર્યાય

છે. આ સ્વરૂપપ્રત્યક્ષ ધ્રુવ છે, આહાહા..! દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એ '**ત્રિકાળ નિરૂપાધિ જેનું સ્વરૂપ છે...**' આહાહા..! '**એવા શુદ્ધ જીવાસ્તિકાયને...**' શુદ્ધ જીવને એમ ન લેતા '**શુદ્ધ જીવાસ્તિકાયને...**' કારણ કે એ સર્વજ્ઞમાં જીવાસ્તિકાય છે, બીજામાં છે નહિ. કેમકે જીવ છે એ અસંખ્ય પ્રદેશી છે. એ અસંખ્ય પ્રદેશ એની કાય છે. આ વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય બીજે છે નહિ. આહાહા..! એમાં પણ આ દિગંબર સનાતન ધર્મમાં આ વાત છે, બાકી બીજે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! '**શુદ્ધ જીવાસ્તિકાયને...**' ભાષા એમ છે. શુદ્ધ જીવ છે કાય. અસંખ્ય પ્રદેશી શુદ્ધ જીવાસ્તિકાય. આહાહા..! '**ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો નથી;...**' વસ્તુ જે છે ધ્રુવ ચિદાનંદ સહજાનંદની મૂર્તિ એમાં, ભાષા સ્વભાવ લીધી છે, પણ વિભાવસ્વભાવ કહ્યું, વિકલ્પ આદિ વિભાવ છે, ઓલા ચાર ભાવની અત્યારે વાત નથી, એ પછી આવશે, ચાર ભાવ એ વિભાવ સ્વભાવ કહેશે, પણ અહીં તો રાગ-દ્વેષ આદિ પુણ્ય-પાપના ભાવ એને સ્વભાવસ્થાન કહ્યા. પર્યાયમાં છેને? અને એ વિભાવસ્થાન છે. એ વિભાવસ્થાન સ્વભાવમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો (-વિભાવરૂપ સ્વભાવના સ્થાનો) નથી;...**' આહાહા..! ભારે વાત, ભાઈ! બીજી રીતે કહીએ તો સ્વભાવમાં સંસારના સ્થાનનો ભાવ છે જ નહિ. સંસાર બધો વિભાવભાવ છેને? એ સ્વભાવમાં છે જ નહિ. આહાહા..! એવી ચીજની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! અહીંયાં તો હજી દેવ-ગુરુ-શાસ્ત્રને માનો અને આ માનો, આ માનો (તો સમ્યગ્દર્શન છે). આહાહા..! એ તો આમાં પણ આવ્યું છે, ભાઈ! શાસ્ત્રથી સુજ્ઞાન થાય છે, શાસ્ત્ર આપ્તથી ઉત્પન્ન થયું છે. છેને અંદર? પહેલાંમાં છે ક્યાંક નહિ? કેટલામાં છે એ? શાસ્ત્ર નહિ? પાનું ૧૬ આવ્યું. પછી કહ્યું.

'**ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે...**' છે? '**ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે (અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે)...**' પર્યાય. '**સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...**' જુઓ, અહીંયાં ના પાડશે કે શાસ્ત્રથી ઉત્પન્ન થતું નથી અને શાસ્ત્રનું જ્ઞાન થયું એનાથી પણ સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન નથી થતું. વ્યવહારથી કહ્યુંને? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે. આહાહા..! એક બાજુ કહે કે ભગવાનની વાણીથી જ્ઞાન થતું નથી, દિવ્યધ્વનિથી જ્ઞાન નથી થતું. કેમકે દિવ્યધ્વનિ પરવસ્તુ છે અને પરવસ્તુને સાંભળતા વિકલ્પ ઉઠે છે. ઓહો..હો..! વાણી પરદ્રવ્ય છે. '**परदव्वादो दुग्गइ**' પરદ્રવ્યથી તો દુર્ગતિ ઉત્પન્ન થાય છે, વિકલ્પ. પ્રકાશચંદજી! આ વાત. અહીં લખ્યું છેને. બીજામાં પણ ક્યાંક લખ્યું છે. આગમની ભાષા છે ક્યાંક. પીવું એમ. ખોબે-ખોબે કર્ણરૂપી એનાથી પીવું એમ છે. લ્યો એ જ આવ્યું. આઠમી ગાથા છે. આઠમી-આઠમી. આઠમી ગાથા છેને? ૨૦મું પાનું.

**'આ પરમાગમના સ્વરૂપનું કથન છે. તે (પૂર્વોક્ત) પરમેશ્વરના મુખકમળમાંથી નીકળેલ ચતુર વચનરચનાનો વિસ્તાર—કે જે 'પૂર્વાપર દોષરહિત' છે...'** છે ભાઈ? **'અને તે ભગવાનને રાગનો અભાવ હોવાથી પાપસૂત્રની માફક હિંસાદિ પાપક્રિયાશૂન્ય હોવાથી શુદ્ધ છે તે—પરમાગમ કહેવામાં આવેલ છે. તે પરમાગમે—કે જે (પરમાગમ) ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી (ખોબાથી) પીવાયોગ્ય અમૃત છે,... '**

**શ્રોતા :-** એ ભાવશ્રુતની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારથી વાત છે. દ્રવ્યશ્રુત સાંભળ્યું છે. એ તો આગમ સાંભળ્યું છે. એનું એ આગમ સાંભળવાથી એ કાનરૂપી... આમ પાણી પીવે છેને માણસ? આમ પાણી પીવે, એમ કાનરૂપી ખોબેથી પાણી પીવું. ભગવાનની (વાણીરૂપી) પાણી પીવું એ નિમિત્તથી કથન છે. આહાહા..! છે જુઓને અંદર. **'ભવ્યોએ કર્ણરૂપી અંજલિ...'** ખોબો-ખોબો સમજો છો? આ કાનરૂપી અંજલિ. આહાહા..! **'કર્ણરૂપી અંજલિથી...'** ઓલામાં ગુજરાતીમાં ભાઈ છે. અંજલિનો અર્થ કર્યો છે ભાઈએ, ખોબો. ગુજરાતી છે? એમાં ખોબો કર્યો છે. જુઓ, ખોબો છેને? ખોબો લીધો છે. આ કાનરૂપી ખોબાથી અમૃત પીવું એ વ્યવહારથી કથન છે. એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

એક બાજુ એમ કહે કે ભગવાનનું સમ્યગ્જ્ઞાન ધ્રુવ ચૈતન્યના અવલંબને થાય છે. સાંભળવાથી સમ્યગ્જ્ઞાન થતું નથી. નિશ્ચય યથાર્થ પરમનિશ્ચયની વાત ચાલતી હોય તો એ ચાલે. નિમિત્ત શું છે એ બતાવવું હોય તો ઈ ચાલે. આહાહા..! સમજાણું કાંઈ? એમ તો ભગવાનના સમવસરણમાં અનંતવાર ગયો છે અને અગિયાર અંગનું જ્ઞાન પણ થયું, એ કોઈ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય તો ધ્રુવસ્વરૂપ ભગવાનસ્વરૂપ પ્રત્યક્ષ પડ્યો છે એનો અંદરમાં આશ્રય અને અવલંબન લેવાથી જે પર્યાય થાય એનું નામ સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? શાસ્ત્રનું જ્ઞાન છે એ પણ સ્વભાવમાં નથી અને શાસ્ત્રના જ્ઞાનથી સ્વભાવનું જ્ઞાન થતું નથી. આહાહા..!

અહીં તો એ કહ્યું. હમણા કહ્યુંને? સુબોધ. આવ્યુંને એ? **'ઈષ્ટ ફળની સિદ્ધિ...'** ઈષ્ટ નામ મુક્તિ, એ ફળની સિદ્ધિ **'ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે...'** સમ્યગ્જ્ઞાનથી મુક્તિ ઉત્પન્ન થાય છે. મુક્તિનો સુબોધ સુશાસ્ત્રથી થાય છે. એ સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે. અહીંયાં કહે છે કે જ્ઞાનની પર્યાય સમ્યક્ સ્વસંવેદન ધ્રુવને આશ્રયે થાય છે. અમરચંદજી! આવી વાત, બાપા!

**શ્રોતા :-** બેયમાં કઈ વાત સાચી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય. નિશ્ચયથી આ છે અને વ્યવહારથી ઈ છે. છે અંદર જુઓ. **'સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે;...'** ભગવાન ત્રિલોકનાથની વાણી દિવ્યધ્વનિ આવે છે આપ્તથી સુશાસ્ત્ર નીકળે છે. આહાહા..! છે? **'માટે, તેમના પ્રસાદને લીધે આપ્ત**

**પુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે (અર્થાત્ મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ...'** નિમિત્તથી કથન છે. આહાહા..! **'સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે),...'** આહાહા..! નિશ્ચયમાં તો સ્વસ્વભાવ જ પૂજનીય છે. સમજાણું કાંઈ? ત્રિકાળ આનંદનો નાથ ચિદ્દ્ઘન વસ્તુ એ પૂજ્ય છે. વ્યવહારમાં પર્યાય પૂજ્ય છે અથવા ભગવાનને પણ પૂજ્ય કહેવામાં આવે છે. અહીંયાં આપણે ચાલે છે. ૩૯, ૩૯ છેને?

**'શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો નથી;...'** આહાહા..! સાંભળવાનો વિકલ્પ જે થાય છે એ વિકલ્પ સ્વભાવમાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! **'(શુદ્ધ જીવાસ્તિકાયને) પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...'** ભાષા જુઓ! ભગવાન ચિદાનંદ દળ પ્રભુ શુદ્ધ જીવાસ્તિકાય નિત્યાનંદ પ્રભુ પરમસ્વભાવભાવ, એ પ્રશસ્ત-અપ્રશસ્ત મોહ (તેનાથી રહિત છે). મોહને બે શબ્દ લાગુ પાડ્યા છે. પ્રશસ્ત પણ મોહ છે અને અપ્રશસ્ત મોહ છે. એમ પ્રશસ્ત રાગ છે અને અપ્રશસ્ત રાગ છે, એમ પ્રશસ્ત દ્વેષ છે અને અપ્રશસ્ત દ્વેષ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વિભાવ-સ્વભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે છે. વિભાવસ્વભાવ—વિકારી સ્વભાવ. વિકારીભાવ લેવો. જુઓ એ **'स्वस्य भवनं'** છેને? પર્યાયમાં થાય છે. **'स्वस्य भवनं स्वभावः'** સમજાણું કાંઈ? આહાહા..!

સ્વ પર્યાયમાં થાય છે એટલે સ્વભાવ કહેવામાં આવે છે. બીજી ભાષાએ કહીએ તો પારિણામિક સહજભાવ જે ધ્રુવ છે એ અપેક્ષાએ તો રાગને પારિણામિકભાવ કહ્યો છે, જયધવલમાં. સમજાણું કાંઈ? પરમપારિણામિક ભગવાન આત્મા, એ અપેક્ષાએ ઉદય, રાગ મિથ્યાત્વ આદિ છે એ પરમપારિણમિક નથી, પારિણામિક છે એમ કહ્યું છે; પણ એ વિભાવભાવ ત્રિકાળમાં નથી. આહાહા..! ભારે વાત, બાપુ! પ્રશસ્ત-અપ્રશસ્ત મોહ નથી. આહાહા..! રાગ પણ નથી, વિષય નથી.

**'માન-અપમાનના હેતુભૂત...'** લ્યો! **'માન-અપમાનના હેતુભૂત કર્મોદયનાં સ્થાનો નથી;...'** લ્યો, એ અહીં લીધા, માન-અપમાનની સાથે. ઓલામાં તો એટલું જ કીધું કે જ્ઞાયકસ્વભાવ શુદ્ધ જીવાસ્તિમાં વિભાવનો અભાવ (છે). બસ. હવે અહીંયાં બીજો બોલ લીધો કે **'(શુદ્ધ જીવાસ્તિકાયને) પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ...'** ભગવાનની વાણી સાંભળવામાં પણ પ્રશસ્ત મોહ.

**શ્રોતા :-** મોહને પ્રશસ્ત કીધોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોહ છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, મિથ્યાત્વ મોહની અહીં વાત નથી. એ મોહ છે. સમજાણું

કાંઈ? પરતરફની સાવધાની થઈને ત્યાં? એ અપેક્ષાએ મોહ કહે છે. મોહ છે. એવી વાત છે.

**શ્રોતા :-** મોહ અને દ્વેષ બેયને પ્રશસ્ત કહ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીંયાં બંનેને પ્રશસ્ત કહી દીધા છે. પંચાસ્તિકાયમાં દ્વેષને પ્રશસ્તમાં નથી લીધો. પ્રશસ્તમાં નથી લીધું, દ્વેષને પ્રશસ્તમાં નથી લીધો. અહીંયા લીધો છે. ત્યાં રાગને પ્રશસ્ત-અપ્રશસ્ત કહીને દ્વેષને અપ્રશસ્ત કીધો છે પંચાસ્તિકાયમાં. અહીંયાં બેયને પ્રશસ્ત-અપ્રશસ્ત કહી દીધા છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ પરમાત્મા...

**શ્રોતા :-** મોહ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોહ. મિથ્યાત્વની અહીંયા વાત નથી. એ મોહ એક મિથ્યાત્વનો મોહ છે એ અપ્રશસ્ત છે. એ પરતરફના રાગની સાવધાની એવો મોહ છે. એ પણ એક પ્રશસ્ત રાગ છે અને અપ્રશસ્ત સ્ત્રી, કુટુંબ આદિના લક્ષમાં જાય છે તો અપ્રશસ્ત રાગ છે. આહાહા..! બીજે ઠેકાણે મોહ એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ અહીં નથી લેવું. અહીંયા તો બીજી ચીજથી લેવું છે. આહાહા..! આગળ ખુલાસો આવશે. જ્ઞાનીને પણ મોહ હોય છે. મોહ શબ્દે રાગ. ચારિત્રમોહ છેને. આહાહા..!

'**શુદ્ધ જીવાસ્તિકાયને...**' એક બોલ થઈ ગયો કે વિભાવ-સ્વભાવ નથી. બીજો બોલ આ. '**પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી માન-અપમાનના હેતુભૂત કર્મોદયનાં સ્થાનો નથી;...**' આહાહા..! માન અને અપમાનના ઉદયભાવો સ્વભાવમાં નથી. નિર્લેપ વસ્તુ સહજાનંદસ્વરૂપ પૂર્ણ પરમસ્વભાવથી અનંત આનંદનું દળ, અનંત જ્ઞાનનો પિંડ એવી ધ્રુવ ચીજ છે એમાં માન, અપમાન કર્મોદયના સ્થાન છે જ નહિ. આહાહા..! ત્યાંથી ઉપાડ્યું. જુઓ પહેલાં વિભાવથી ઉપાડ્યું, પછી માન-અપમાન. હવે હર્ષ, ત્યાંથી લેવું છે. હરખ અને અહરખ.

'**(શુદ્ધ જીવાસ્તિકાયને) શુભ પરિણતિનો અભાવ હોવાથી...**' ભગવાન આત્મામાં શુભ દયા, દાન, વ્રતના પરિણામનો અભાવ હોવાથી. આહાહા..! શુભ પરિણતિ શુભ (એનો) વસ્તુમાં અભાવ છે, વસ્તુમાં એ નથી. આહાહા..! ભારે. '**શુભ પરિણતિનો અભાવ હોવાથી શુભ કર્મ નથી,...**' શુભ પરિણતિનો અભાવ હોવાથી શુભ કર્મ જ નથી એને. આહાહા..! અને '**શુભ કર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી,...**' શુભ કર્મનો અભાવ હોવાથી આત્મામાં સંસારી સુખ છે જ નહિ. આહાહા..! કહો, શેઠ! આ તમારા બધા પૈસાવાળા સુખી છે કહે છે, એ સુખ અંદરમાં નથી એમ કહે છે. એય..! પદ્મચંદજી! આ પોપટભાઈ કહે છે. સુખ હોય તો અહીં કેમ અમે આવીએ? એમ નથી કહેતા? મુંબઈથી અહીં કેમ આવીએ ત્યાં સુખ હોય તો. કેમ? પોપટભાઈ!

**શ્રોતા :-** મુંબઈમાં સુખ નથી અને સોનગઢમાં છે, એમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મામાં છે. સોનગઢમાં છે નહિ અને સોનગઢ... આહાહા..!

સોનગઢ નામ સુવર્ણ સ્વભાવ આત્માનો. સોનાને કાટ લાગતો નથી. કાટ કહે છેને? કાટ. એમ સુવર્ણ સ્વભાવ ભગવાન આત્મામાં કાટ-ફાટ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કાય-કાય કહે છેને? જંક. જંક-જંક. સુવર્ણપુરીને કાટ છે જ નહિ. એવો સુવર્ણપુરી ભગવાન આત્મા એમાં કાટ-બાટ છે નહિ. આહાહા..!

ભગવાન કુંદકુંદાચાર્ય... છેને મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ વંદેવાસ. એનું નામ પોન્નુરહીલ છે. પોન્નુરહીલ એટલે સોનાની ટેકરી. એનું નામ જ એવું છે, પોન્નુરહીલ—સોનાની ટેકરી. ત્યાં રહેતા હતા કુંદકુંદાચાર્ય ધ્યાનમાં. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. પોન્નુરહીલ. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ એક વંદેવાસ નામનું ગામ છે. દસેક હજારની વસ્તી હશે. અમે બે વાર ગયા હતા. ત્યાં પાંચ માઈલ દૂર છે એ પોન્નુરહીલ. ત્યાં કુંદકુંદાચાર્ય ધ્યાનમાં રહેતા હતાને. ત્યાં આગળ. અહો..! ત્રિલોકનાથ તીર્થંકરનો ભરતક્ષેત્રમાં વિરહ અમને. અહીંના તીર્થંકર તો નથી, પણ સાક્ષાત્ બિરાજે છે તીર્થંકર પરમાત્મા એનો અમને વિરહ પડ્યો. એવો અંદર વિકલ્પ આવ્યો. વંદન કર્યા. ત્યાં ભગવાનના મુખમાંથી નીકળ્યું, સત્‌ધર્મ વૃદ્ધિ હજો. આહાહા..! આ શું છે? અહીં કોઈ છે નહિ અને આવા શબ્દો ક્યાંથી આવ્યા?

**શ્રોતા :-** ભગવાનના મુખમાંથી તો દિવ્યધ્વનિ નીકળે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિવ્યધ્વનિમાં એમ આવ્યું. લોકોને ખ્યાલ એવો આવ્યો કે આ સત્‌ધર્મ વૃદ્ધિ હજો, એવું આવ્યું છે. દિવ્યધ્વનિમાં એવું આવ્યું. સાંભળનારને એમ લાગે કે સત્‌ધર્મ વૃદ્ધિ થાઓ એ સ્વયં આવ્યું. ત્યાં તો કુંદકુંદાચાર્ય હાજર થયા. આ છે કોણ? નગ્નદિગંબર, કમંડળ. જય મહારાજ! બેસી ગયા નીચે. એ તો પાંચસો ધનુષનો દેહ અને આ ચાર હાથના તીડ જેવા (લાગે). ચક્રવર્તી રાજા બેઠા હતા એમણે ઉપાડી લીધા, 'મહારાજ! આ કોણ તીડ જેવો માણસ છે?' આહાહા..! ભગવાનની વાણીમાં આવ્યું, એ ભરતક્ષેત્રના ધુરંધર આચાર્ય કુંદકુંદાચાર્ય છે. આહાહા..! ધર્મની જાહોજલાલી કરનારા એ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'શુભ પરિણતિનો અભાવ હોવાથી...'** સંસારસુખ જીવમાં છે જ નહિ. આત્માના આનંદનું સુખ છે. અતીન્દ્રિય આનંદનો ઢીમ આત્મા તો છે. આહાહા..! અતીન્દ્રિય સહજાનંદ વીતરાગ આનંદનો એ પિંડ પ્રભુ છે. એમાં સંસારની કલ્પના અને પૈસાવાળા સુખી છીએ અને રાજા સુખી છીએ. કહો, પદમચંદજી! અમે પૈસાવાળા સુખી છીએ, બે-પાંચ લાખ પેદા થતા હોય તો અમે સુખી છીએ. ધૂળેય નથી. અત્યારે જુઓને બધું થાય છેને મુંબઈમાં. ખળભળાટ-ખળભળાટ થઈ ગયો છે. દરોડા પડે છે અંદર. કંઈકને કંઈક... કંઈકને કંઈક... આહાહા..! .. બિચારા આવી શક્યા નહિ બિચારા, બાબુભાઈ. એના માટે ગયા હતા ત્યાં એના. આવવાના હતા કોક કહેતું હતું ભાઈ. આહાહા..!

અહીં કહે છે કે સંસારી સુખ ભગવાન આત્મામાં છે જ નહિ. અતીન્દ્રિય આનંદનો

પિંડ એ તો આત્મા છે. આહાહા..! નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ પ્રભુ છે. '**સંસાર સુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી;...**' જુઓ, સંસારસુખ નહિ. હરખ આવવો, હરખ આવવો. આ હરખ આવે છે કે નહિ? પાંચ-પચ્ચીસ લાખ પેદા થઈ જાય, આમ દીકરો ૬૦ વર્ષે જન્મે.

**શ્રોતા :-** આપ બિરાજતા હો તો કિંમત વધી જાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકદમ હરખ આવી જાય લ્યો! આ હમણા થયું હતું કે નહિ? એ પાછા પકડાણા છે કહે છે. અમે ગયા હતાને કયું કહેવાય એ? બેંગ્લોર. ૧૬ દિવસ. તો બે કરોડ રૂપિયા એની પાસે છે. ભભુતમલ દેરાવાસી શ્વેતાંબર છે. અહીંનો પ્રેમ. ૮ લાખ ખર્ચ્યા અને ૪ લાખ સ્થાનકવાસી જુગરાજજી અને ૮ લાખ શ્વેતાંબર ભભુતમલ (ખર્ચ્યા). ૧૨ લાખનું મંદિર થયું છે. ૧૬ દિવસ રહ્યાને અમે? તો ત્યાં આગળ અમે રહ્યા ત્યાં એને ૪૦ લાખ વધી ગયા. કેમકે બે કરોડનું સ્ટીલ હતું. એ એમને એમ પડ્યું રહ્યું અને ભાવ વધી ગયા તો ચાલીસ લાખ વધી ગયા.

**શ્રોતા :-** આપની .. કૃપાનું ફળ હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ લોકો એમ કહે. આઠ લાખ ખર્ચ્યા અને આ મહારાજનો યોગ થયો તો ૪૦ લાખ થઈ ગયા. એ તો પૂર્વના પુણ્યના કારણે. અત્યારે પકડાણા. સરકારે પકડ્યા છે. મોટો વેપાર છે. બે કરોડનું તો સ્ટીલ છે એને ઘરે. બે કરોડનો આસામી. બધું સ્ટીલમાં ગોઠવી દીધું. સ્ટીલ સમજો છો? લોઢાનું. બહુ ઉત્સાહી, બહુ ઉત્સાહી માણસ. શ્વેતાંબરમાં એને નાત બહાર કર્યા છે એના ગામમાંથી. તમે ત્યાં માનનારા સોનગઢ દિગંબર ધર્મ (માનો છો), નાત બહાર. નાત બહાર. લાવો. પૈસા કેટલા ખર્ચ્યા છે ત્યાં? ૪૦ હજાર દઈને નાતમાં લઈ લીધા. દરકાર વિનાનો માણસ છે. અમે તો આ માનનારા છીએ. આહાહા..! દિગંબર પ્રતિમા, દિગંબર મંદિર, એ સિવાય અમે માનતા નથી. આહાહા..!

'**સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી; વળી (શુદ્ધ જીવાસ્તિકાયને) અશુભ પરિણતિનો અભાવ હોવાથી...**' ભગવાન આત્મામાં આર્તધ્યાન નથી. આહાહા..! ચિંતાની જાળ ઉત્પન્ન થાય છે એ આત્મામાં નથી. આહાહા..! એ કારણે '**અશુભ કર્મ નથી,...**' અશુભ પરિણતિ હોય તો અશુભ કર્મ બંધાય. '**અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ નથી, દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી.**' શોક આત્મામાં નથી. આમ પ્રતિકૂળતા આવી જાય, એ શોક આત્મામાં છે નહિ. બે વાત કરી. એક તો એ કે આત્મામાં છે નહિ અને જે હર્ષ-શોક, માન, અપમાનના વિકલ્પ આદિ ઉઠે છે તો સ્વભાવનો આશ્રય કરવાથી એનો નાશ થાય છે. સમજાણું કાંઈ? વસ્તુમાં છે નહિ-માન, અપમાન, શુભ, અશુભભાવ, સુખ, દુઃખ. અને (પર્યાયમાં) છે તો સ્વભાવનો આશ્રય કરવાથી એનો નાશ થાય છે. બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! શ્લોક-૫૫ છેને?

(शार्दूलविक्रीडित)

प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतो ऽन्तर्मुख-
निर्भेदोदितशर्मनिर्मितवियद्बिम्बाकृतावात्मनि।
चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे
बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः।।५५।।

આહાહા..! '**જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...**' ભગવાન આત્મામાં પ્રીતિ-અપ્રીતિ રહિત એ તો શાશ્વતપદ છે પ્રભુ. આહાહા..!

**શ્રોતા :-** પ્રીતિ-અપ્રીતિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વતપદ છે, એમ કહે છે. શાશ્વતપદમાં પ્રીતિ-અપ્રીતિ છે જ નહિ. આહાહા..!

'**પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...**' આ આત્માને અત્યારે હોં! સિદ્ધ થશે ત્યારે નહિ. અત્યારે શાશ્વતપદ ભગવાન આત્માનું છે અહીંયાં, એમાં પ્રીતિ-અપ્રીતિ છે નહિ. આહાહા..! માર્ગ ભારે ઝીણો, ભાઈ! આહાહા..! સર્વથા અંતર્મુખ. કેવો છે ભગવાન આત્મા ધ્રુવ? સર્વથા અંતર્મુખ. અંતર્મુખ અંતરાત્મા તો પડ્યો છે, કહે છે. આહાહા..! અંતર્મુખ થવાથી અંતરાત્માનો પતો લાગે છે.

**શ્રોતા :-** જૈન ધર્મમાં તો 'સર્વથા' હોતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સર્વથા હોય છે એમ અહીંયા કહ્યું. દ્રવ્ય નિત્ય સર્વથા નિત્ય છે. પર્યાય સર્વથા અનિત્ય છે. કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય એમ હશે? સમજાણું કાંઈ? ત્યાં તો એક અપેક્ષાએ એમ લીધું છે પરમાત્મપ્રકાશમાં કે કેવળીને ઇન્દ્રિયનું સુખ નથી. ઇન્દ્રિયનું જ્ઞાન નથી તો એ જ્ઞાન નથી. એક લીધું છે. પણ અહીંયાં તો દ્રવ્ય કહો, વસ્તુ કહો એ સર્વથા નિત્ય છે. પર્યાય સર્વથા અનિત્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજી ભાષાએ કહીએ તો દ્રવ્યમાં પર્યાય સર્વથા નથી. એય..! આહાહા..! એવી વાત છે ભાઈ આ તો. ઓહો..હો..! કથંચિત્ દ્રવ્યમાં નથી અને કથંચિત્ છે એમ નથી.

**શ્રોતા :-** કોઈ અપેક્ષાએ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યમાં નથી, પર્યાયમાં છે પર્યાય. એ નિહાલભાઈએ લખ્યું છે ક્યાંક. આલિંગન કરતા નથી, વ્યવહારે કરે છે. એવો આવી ગયો છે શબ્દ. વ્યવહાર શબ્દ મૂક્યો છે જરી. લોકો ભડકેને એટલે. અહીં તો સર્વથા ભગવાન આત્મામાં પર્યાયનો અભાવ છે. કથંચિત્ અભાવ છે અને કથંચિત્ સદ્ભાવ વસ્તુમાં હોં. પર્યાયમાં પર્યાય છે. આહાહા..! સર્વથા અંતર્મુખ, ભગવાન આત્મા સર્વથા અંતર્મુખ. કંઈક બાહ્યમાં છે અને કંઈક અંતરમાં છે એમ નથી. આહાહા..!

બહિરાત્મા કહે છે. એ કેમ? કે જે આત્માના ત્રિકાળી સ્વભાવમાં વિકલ્પ રાગાદિ, પુણ્યાદિ,

પાપાદિ છે નહિ. પણ છે નહિ એને પોતાનું માને એ બહિરાત્મા છે. જે ચીજ બહિર છે, અંતરમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં છે નહિ એવા વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એને પોતાના માને એ તો બહિર્આત્મા છે. બહિર્માં ચીજ છે એને પોતાની માની તો બહિર્આત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એમ શરીરને પોતાનું માનવું. આ દીકરો મારો છો, હુશિયાર છે, બે હજારની પેદાશ કરે છે. આને તો આઠ હજારની પેદાશ છે રામજીભાઈના દીકરાને. બીજા સાધારણ માણસને બે હજારનો પગાર કે એવું હોય ઘણાને. આઠ હજારમાં કેટલા આવતા હશે એ આપણને કાંઈ ખબર નહિ. આ સરકાર કાંઈક રોકે છે. શું કહેવાય? ઈન્કમટેક્સ અને એવું બધું કાંઈક નાખતા હશે. આહાહા..! પણ અમારો દીકરો! અરે! મૂઢ! ક્યાંથી તારું આવ્યું? બહિરાત્મા છે. અમારા પૈસા, અમે લક્ષ્મીવંત છીએ, અમે શ્રીમંત છીએ. ગર્ભથી અમે શ્રીમંત છીએ. શ્રીમંતને ઘરે અમારો અવતાર થયો છે. મૂઢ છો! દરબાર! આવી વાતું છે આ. જે ચીજ અંદરમાં નથી, બાહ્યમાં છે એને પોતાની માનવી એ તો મૂઢ છે, બહિરાત્મા છે. આહાહા..! અમારી સ્ત્રી, અમારું મકાન, શું દરબાર તમારે કહેવાય એ? ગરાસ. ગરાસ કહેવાયને? અમારો ગરાસ.

**શ્રોતા :-** ગ્રાસનો અર્થ જ થાય, કોળિયો. મોટો અર્થ નથી થતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગરાસદાર છીએ, ગરાસદાર છીએ અમે. એક લાખ રૂપિયાની પેદાશ છે. હવે તો વાણિયાને બબ્બે લાખની, પાંચ-પાંચ લાખની પેદાશ અત્યારે છે. ગરાસદારને બાંધેલી વાત હોય, જેટલું આવવાનું હોય એટલું આવે. આ વાણિયા તો બબ્બે લાખ, પાંચ-પાંચ લાખ પેદા કરે મહિને. એવું છે અત્યારે. આફ્રિકામાં કરોડોપતિ કેટલાય. આ મહાજન લોકો છેને, ... બહુ કરોડોપતિ, ઘણા કરોડોપતિ થઈ ગયા. એ તો પૂર્વના પુણ્યને કારણે. પણ એ આત્મા કરોડનો પતિ માને એ મૂઢ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**નિઃશેષપણે અંતર્મુખ અને નિર્ભેદપણે પ્રકાશમાન...**' આહાહા..! ભગવાન આત્મા પ્રગટ પ્રકાશમાન. પર્યાયની અપેક્ષાએ એને અવ્યક્ત કહીએ, પણ વસ્તુની અપેક્ષાએ પ્રગટ પ્રકાશમાન છે, એમ કહે છે. ૪૯ બોલમાં આવ્યુંને છ બોલ. સમયસાર, ૪૯ (ગાથા). ષટ્ દ્રવ્ય જ્ઞેય છે, વ્યક્ત છે, એનાથી ભગવાન આત્મા ભિન્ન છે માટે અવ્યક્ત છે. છ બોલ આવ્યા છે. છ દ્રવ્ય એ જ્ઞેય છે. વ્યક્ત છે—બહાર છે, એનાથી ભગવાન અંદરમાં અવ્યક્ત ભિન્ન પડ્યો છે. એને અવ્યક્ત કહ્યો. આહાહા..! અને કષાયસમૂહ ભાવકભાવ, રાગાદિ કષાયસમૂહનો ભાવકભાવ વ્યક્ત છે. એનાથી ભગવાન ભિન્ન અવ્યક્ત છે. આહાહા..! એ અહીં નથી લેવું. પ્રગટ. કઈ અપેક્ષાએ કહે છે એ જાણવું જોઈએને. આહાહા..! ત્યાં તો એમ લીધું છે. ચૈતન્યસામાન્યમાં ચૈતન્યની વિશેષ વ્યક્તિઓ અંતર્મુખ છે, અંતરલીન છે, માટે એને અવ્યક્ત કહે છે. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત કહે છે. પર્યાય જેટલો જ નથી માટે એ અવ્યક્ત છે. અને વ્યક્ત અને અવ્યક્ત એકસાથે જણાય, છતાં વ્યક્તને

દ્રવ્ય સ્પર્શતું નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! એ પાંચમો બોલ છે. છઠ્ઠો બોલ બીજો છે. બાહ્ય-અભ્યંતર અનુભવમાં આવવા છતાં વ્યક્ત પ્રત્યે પરમ ઉદાસીન ઉદ્યોતમાન એ છઠ્ઠો બોલ સૂક્ષ્મ છે. છ બોલ છે અવ્યક્તના. એ અહીં નથી લેવા. એ તો પર્યાયની અપેક્ષાએ અને જ્ઞેયની અપેક્ષાએ અવ્યક્ત કહ્યું છે. આ તો પોતાની ચીજની અપેક્ષાએ વ્યક્ત છે. આહાહા..!

'**નિર્ભેદપણે પ્રકાશમાન એવા સુખનો બનેલો છે,...**' કેવો છે ભગવાન આત્મા? આનંદથી બનેલો છે. બનેલો એટલે નવો બને છે? આનંદ પડ્યો જ છે. આહાહા..! ઓલું આવે છેને પંચાસ્તિકાય નહિ? ત્રિલોક રચના. કંઈ સમજાય નહિ પછી રોવે જને, બીજું શું કરે? અહીંની વાત બરાબર ન બેસે એટલે એં..એં.. ઉંચી છે, નીચી છે, ફલાણી કહે, એમ એ છોકરો છે, રોવે છે. સમજાણું કાંઈ? અહીંયાં કહે છે કે ભગવાન આત્મા ઓહો..હો..! '**નિર્ભેદપણે પ્રકાશમાન એવા સુખનો બનેલો છે,...**' અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો પ્રભુ આત્મા છે. એક સમયની આનંદની પર્યાય પણ જ્યાં ગણતરીમાં નથી. કેવળીને અનંતઆનંદ અને અનંતચતુષ્ટય પ્રગટયા છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એ તો એક સમયની પર્યાય અહીંયાં ગણતરીમાં નથી. આહાહા..! એવા અનંત આનંદ-સુખથી ભરેલો પ્રભુ છે. પછી કહેશે અહીંયાં કહેશે.

'**જે નભમંડળ સમાન આકૃતિવાળો છે,...**' આકાશ વસ્તુ આકાશ છે એ કોઈની કરેલી નથી. અકૃત આકાશ છે. નીચે છે. 'કોઈથી નહિ કરાયેલો. જે પ્રમાણે આકાશને કોઈએ બનાવ્યું નથી, એ પ્રમાણે આત્માને કોઈએ બનાવ્યો નથી.' આહાહા..! છે સત્ પ્રભુ, કોણ બનાવે એને? નથી એને કોણ બનાવે અને છે એને કોણ બનાવે? સમજાણું કાંઈ? આત્મા અંતર્મુખ પ્રગટ અતીન્દ્રિય સુખનો પિંડ છે. અંતર્મુખ સ્વયં અતીન્દ્રિય આનંદનો પિંડ છે. આહાહા..!

પર્યાયબુદ્ધિવાળાને આ દ્રવ્યબુદ્ધિનું દ્રવ્યપણું બેસતું જ નથી. પર્યાયબુદ્ધિ છે, જેની પર્યાયમાં રમત છે એને પર્યાયની પાછળ આખો આનંદથી ભરેલો દરિયો છે (એ) પર્યાયની બુદ્ધિની આડમાં દેખાતો નથી. આહાહા..! મોટો સમુદ્ર હોય. એક ડુંગર મોટો હોય લ્યોને. એક તણખું આડું આવી જાય તો ડુંગર નહિ દેખાય. એમ સમુદ્ર છે. એક ચાર હાથ કપડું લગાવી દીધું હોય તો કપડું આંખે દેખાય, એ વસ્તુ નહિ દેખાય. એમ એક સમયની પર્યાયની રુચિમાં ભગવાન ત્રિલોકનાથ આનંદનો સાગર એને દેખાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**નભમંડળ સમાન આકૃતિવાળો છે,...**' કોઈએ કરેલું નથી. '**અંતર્મુખ પ્રગટ અતીન્દ્રિય સુખનો પિંડ સ્વયંસિદ્ધ શાશ્વત છે.**' વસ્તુ સત્... સત્... સત્... સ્વયંસિદ્ધ શાશ્વત પદાર્થ છે. આહાહા..! '**ચૈતન્યામૃતના પૂરથી ભરેલું...**' ચૈતન્યના અમૃતના પૂરથી ભરેલું. આહાહા..! ચૈતન્યના અમૃતનું પૂર આત્મા છે. આહાહા..! નદીમાં બહુ પાણી આવેને તો એને ઘોડાપુર કહે છે. સાંભળ્યું છે? દરબાર! અમારે તો ત્યાં ઉમરાળે નદી છેને. મોટી નદી. ૨૦ ગાઉથી

પાણી. અહીં વરસાદનો છાંટો પણ ન હોય અને આમ પાણી આવે તો એક માથોડા સુધી પાણી ચાલ્યું આવે. એકદમ ભેગું થાયને ચારેબાજુનું. ગામડાનું, નેરાનું. અમે રમતા હોય છોકરાઓ તો માથે પોકાર કરે. નીકળી જાવ, પાણીનું ઘોડાપુર આવે છે. આટલું દળ હોય એકદમ આવે. પાણી ભેગું થઈ ગયું હોય. કોઈ કહે કે હવે થવાનું હશે તે થશે. શું થાશે? ભાવનગર ભેગા જાશું દરિયામાં. એ પાણી ભાવનગર જાય છે. આહાહા..! અહીં કહે કે એ અમૃતનું પૂર વહે છે અંદરમાં. એ તને ખબર નથી, બાપુ! સમજાણું કાંઈ? ચૈતન્ય અમૃત એમ લીધુંને? આહાહા..!

**'ચૈતન્યામૃતના પૂરથી...'** અમૃતના પૂરથી **'ભરેલું જેનું સ્વરૂપ છે,...'** આહાહા..! અરે! ક્યાં દેખે? અહીં દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે, સમ્યગ્દર્શન બતાવવું છે. આહાહા..! બધી વાત મૂકીને પહેલી આ ચીજ આવી છે એની દૃષ્ટિ કર. એ વિના ધર્મની શરૂઆત કદી થતી નથી. આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન કર, પૂજા, ભક્તિ લાખ કર એમાંથી આત્મા પ્રગટ નથી થતો. એ ચીજ ક્યાં આત્મામાં છે? એ તો બધો વિકલ્પ છે. આહાહા..!

**શ્રોતા :-** શાસ્ત્રને તો આ જ કહેવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ શાસ્ત્ર પોકાર કરે છે. અમને જોવે છે ઈ કરતાં તું તને જોને અંદર. તું ક્યાં અધૂરો અને અપૂર્ણ છે? પૂર્ણાનંદ ચૈતન્યામૃતથી ભરેલો છોને, નાથ! આહાહા..! બીજે ક્યાં તારી સુખની જિજ્ઞાસા જાય છે? સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે, અમલદાર થાય છેને પાંચ-દસ હજારના મોટા સુખી છે. ધૂળેય સુખી નથી સાંભળને, ભિખારા છે. પોતાની બાદશાહી અંદરમાં પડી છે એમાં તો જાતો નથી. એની સંભાળ કરતો નથી અને ત્યાં બેસતો નથી. આહાહા..! આ પર્યાયમાં બેસીને અનાદિ-અનંત ભગવાન શાશ્વતપદને તો તું ઉડાવી દે છો અને છે જ નહિ. આહાહા..!

**શ્રોતા :-** નિર્ણય ખોટો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, નિર્ણય ખોટો છે.

**'વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે...'** આહાહા..! પહેલું કહ્યું હતું કે ચાર ભાવથી અગમ્ય છે. ૩૮માં કહ્યું હતું? **'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...'** એ તો એને આશ્રયે નથી થતું એટલું કહેવું છે. પણ અહીં પાછું કહ્યું, વિચારવંત સમ્યગ્દૃષ્ટિ ચતુર પુરુષોને ગોચર છે. આહાહા..! એને પંડિત કહે છે. સમ્યગ્દૃષ્ટિ પંડિત ચતુર છે. આહાહા..! જેણે પરીક્ષા કરીને આત્માનો સ્વીકાર કરી લીધો. ૩૮માં અગોચર કહ્યું. અહીં કહે કે ગમ્ય છે. એ તો ચાર ભાવને આશ્રયે આત્મા અનુભવમાં નથી આવતો. પારિણામિકભાવને આશ્રયે અનુભવમાં આવે છે, એ બતાવવા માટે ચાર ભાવથી અગોચર કહ્યું છે.

અહીં **'વિચારવંત ડાહ્યા પુરુષોને...'** આહાહા..! એને ચતુર કહીએ, એને વિચારવંત કહીએ કે જે આત્માને ગમ્ય (કરે છે). આહાહા..! 'લાખ વાતની વાત બધી છોડીને નિશ્ચય

ઉર આણો. છોડી જગત દ્વંદ્ ફંદ નિજ આતમ ધ્યાવો' એ વાત છે. **'એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી...'** મુનિરાજ કહે છે, અરે ભાઈ! ભગવાન આવો પડ્યો છે અને તું એની સામું કેમ જોતો નથી? મોટો પુરુષ આવે અને સામું ન જોવે, (એમ) મહાપુરુષ પડ્યો છે અંદર એને કેમ નથી જોતો? **'અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે?'** સંસારની વાંછા ઈચ્છાદિ કેમ કરે છે કે આ હોય તો ઠીક, સ્વર્ગ હોય તો ઠીક? ભગવાન અહીં પડ્યો છેને. એની રુચિ કેમ નથી કરતો? રુચિ કરાવવાની વાત કરી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૯, શુક્રવાર, તા. ૧૫-૦૮-૧૯૭૫, ગાથા-૪૦, પ્રવચન નં. ૫

નિયમસાર. મોક્ષનો માર્ગ જે પર્યાય છે નિશ્ચયથી એ મોક્ષનો માર્ગ કોના આશ્રયે ઉત્પન્ન થાય છે? ઈ અધિકાર ચાલે છે. સમજાણું કાંઈ? શુદ્ધભાવ છેને શુદ્ધ? તો શુદ્ધભાવનો અર્થ ત્રિકાળી જ્ઞાયકભાવ એ શુદ્ધ છે. પર્યાયના શુદ્ધની અહીં વાત નથી. નિશ્ચયમોક્ષમાર્ગ છે એ એક જ માર્ગ છે, પણ એ નિશ્ચયમોક્ષમાર્ગ છે એ પર્યાયરૂપ છે. એ પર્યાયરૂપ માર્ગ કોના અવલંબને અને કોના આશ્રયે થાય એ વાત ચાલે છે. એ શુદ્ધભાવ. ગાથા.

णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा।
णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा।।४०।।

**સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,**
**અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.**

આ ગુજરાતી છે. હિન્દી નથી?

**સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,**
**અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.**

જુઓ, કઈ શૈલીએ વાત કરે છે? **'ટીકા :- અહીં પ્રકૃતિબંધ,...'** વ્યવહાર પણ જણાવે છે. આત્મા પર્યાયમાં અશુદ્ધપણે પરિણમે છે ત્યારે એમાં નિમિત્તપણે જે કર્મ બંધાય છે એની વાત કરે છે. અશુદ્ધ અંતઃતત્ત્વ. આ શુદ્ધભાવ છે એનાથી (વિપરીત) અશુદ્ધ અંતઃતત્ત્વ પર્યાયનું. અશુદ્ધ અંતઃતત્ત્વરૂપ પર્યાય એને પ્રકૃતિ, બંધ આદિ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, એ વસ્તુમાં નથી એમ બતાવવું છે. સમજાણું કાંઈ? એ પણ વ્યવહાર છે જેવો સર્વજ્ઞે દીઠો એવો. આવી ચીજ બીજે નથી. કહે છે કે પોતાની પર્યાયમાં મલિનતા જ્યારે હોય તો એ મલિનતાનું નિમિત્ત અને પ્રકૃતિ આદિ બંધનું ઉપાદાન કારણ એનાથી છે. તો એ નિમિત્ત-

નૈમિત્તિક સંબંધ અશુદ્ધ પર્યાયની સાથે કર્મનો છે. સમજાણું કાંઈ? ત્રિકાળી શુદ્ધભાવની સાથે ઈ સંબંધ નથી. આહાહા..! વસ્તુ સૂક્ષ્મ છે થોડી. એ કહ્યું જુઓ.

'**અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ,...**' એનો ખુલાસો કરશે. '**સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધના સ્થાનોનો તથા ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી...**' જીવને નથી. જડને છે? આહાહા..! ભગવાન આત્મા જ્ઞાયક ધ્રુવ સુખનો સાગર. કહો, શેઠ! સાગર આવ્યું. સાગરથી આવ્યા છે. .. આવ્યાને. કાલે કહેતા હતા. ... આહાહા..! ભગવાન આત્મા તો સુખનો અતીન્દ્રિય આનંદનો રસરૂપ સાગર છે. એનું સહજ પરમ આનંદસ્વરૂપ એનો ભાવ છે તેને અહીં શુદ્ધભાવ કહે છે. એ શુદ્ધભાવમાં... અહીં જુઓ, '**સદા નિરૂપરાગ જેનું સ્વરૂપ છે...**' ભગવાન આત્માનું સ્વરૂપ કેવું છે? નિરૂપરાગ-મલિનતારહિત એનું સ્વરૂપ છે. શું કહેવું છે? મલિનતાની પર્યાય (અને) એ કર્મપ્રકૃતિને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સમજાણું કાંઈ? વસ્તુમાં મલિનતા નથી. પર્યાયદૃષ્ટિને છોડાવવા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરાવે છે. આહાહા..! બહુ સૂક્ષ્મ વાત ભગવાન આ તો.

કહે છે, '**સદા નિરૂપરાગ જેનું સ્વરૂપ છે...**' નીચે છે. '**ઉપરાગ વિનાનું.** (ઉપરાગ= **કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના...**' કર્મના નિમિત્તની સમીપતા '**નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ...**' મલિનતાને અનુકૂળ સમૂહરૂપ '**વિકારી ભાવ; ઔપાધિક ભાવ; વિકારી; મલિનતા.**' એને ઉપરાગ કહે છે. આહાહા..! '**સદા નિરૂપરાગ જેનું સ્વરૂપ છે...**' શુદ્ધભાવ, શુદ્ધ ચૈતન્ય આત્મસ્વભાવ એ ત્રિકાળ નિરૂપરાગ છે. એમાં રાગનો સંબંધ ત્રિકાળ સ્વભાવમાં નથી. એની દૃષ્ટિ, કર્મના નિમિત્તે પર્યાય અશુદ્ધ છે, એ અશુદ્ધતાના નિમિત્તે પ્રકૃતિ-સ્થિતિ કર્મના રજકણમાં પોતાથી પડે છે, પણ એ બેનો સ્વભાવ આત્મામાં નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા, જ્યાં દૃષ્ટિ દેવી છે અને જે સમ્યગ્દર્શનનો વિષય આત્મા છે એ તો નિરૂપરાગ સ્વભાવ (છે). ડાહ્યાભાઈ! આવું આકરું સમજવું.

ગોમ્મટસારમાં આવે કે કર્મને લઈને આમ... જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય અને દર્શનાવરણીયથી (દર્શન રોકાય). અલિંગગ્રહણમાં આવી ગયું છે. ઘણું વિસ્તારથી આવ્યું છે. સાંભળ્યું? અલિંગગ્રહણમાં કર્મનો સંબંધ .. આત્માને છે. કેટલામો બોલ છે? ૧૧મો બોલ. બહારની ઈન્દ્રિયના વિષયનો ભોક્તા આત્મા નથી. ૧૧માં એમ આવ્યું હતું કે ભગવાન આત્માને... કર્મના સંબંધરહિત ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? વસ્તુ તો કર્મના સંબંધરહિત જ છે. પર્યાયમાં કર્મના નિમિત્તના લક્ષે મલિનતા જે ઉત્પન્ન થાય છે એ મલિનતા ત્રિકાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? કર્મનો સંબંધ છે. એનો અર્થ એવો આવ્યો કે જેમાં છ જ્ઞાનાવરણીય કારણથી જ્ઞાનાવરણીય બંધાય છે, છ બોલથી. છ બોલથી જ્ઞાનાવરણીય બંધાય છે. સમજાણું કાંઈ? તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. .. અંતરાય .. છ બોલ છે. ખરેખર એ છ ભાવ છે એનાથી આત્મા ભિન્ન છે. નિરૂપરાગ કહ્યુંને? એ છ ભાવ છે એ દોષ છે, મલિનતા

છે. આહાહા..! તો મલિનતાનો ભાવ અને એ નિમિત્ત પામીને કર્મની પ્રકૃતિ પોતાને કારણે પરિણમે છે, એ બેયનો આત્મામાં અભાવ છે. ભારે ભાઈ! કર્મગ્રંથમાં એમ આવે કે આત્મા... જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે, દર્શનાવરણીયથી (દર્શન રોકાય). આત્મા '**નિરૂપરાગ જેનું સ્વરૂપ છે...**' મલિનતા જે છ પ્રકાર કહ્યા જેનાથી જ્ઞાનાવરણીય બંધાય, છ પ્રકારથી દર્શનાવરણીય બંધાય. ...

**શ્રોતા** :- પરસો..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ પરસો નહિ, બહુ દિવસ થઈ ગયા. ૧૧ બોલ છે. ... પહેલી શરૂઆત કરી હતી એમાંથી લીધા હતા. ... નહિ? નહોતા.

'**સદા નિરૂપરાગ જેનું સ્વરૂપ છે...**' એનો અર્થ કે જે કર્મના નિમત્તના સંગે પોતાની પર્યાયમાં જે મલિન છ દોષથી જ્ઞાનાવરણીય બંધાય છે એ છ બોલ છે એ દ્રવ્યસ્વભાવમાં નથી. અને એ દ્રવ્યસ્વભાવમાં નથી એ છ બોલ કર્મના બંધમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? તો જ્ઞાનીને 'એ ઉપરાગ છે જ નહિ અંદરમાં' એવી જ્યારે દૃષ્ટિ થાય છે ત્યારે ઉપરાગ એને નથી એવી દૃષ્ટિ થઈ તો ઉપરાગ થોડો તો છે માટે જ્ઞાનાવરણીય તો બંધાય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે આદિ છે કે નહિ? દસમા સુધી છ કર્મ બંધાય છે. દસમા ગુણસ્થાન સુધી રાગ છેને. શું કહે છે? સાંભળો હવે.

જે છ પ્રકારથી જ્ઞાનાવરણીય બંધાય છે એ એના મલિનભાવ છે. અને એ મલિનતાનું નિમિત્ત અને કર્મ પોતાથી ઉત્પન્ન થયું જ્ઞાનાવરણીય, આ રાગની અપેક્ષા રાખ્યા વિના, આ દોષની અપેક્ષા રાખ્યા વિના, કર્મની પર્યાય બંધાય છે એ દોષની અપેક્ષા રાખ્યા વિના, એટલો બેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તો અહીંયાં કહે છે કે '**સદા નિરૂપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન (નિર્દોષ)...**' નિર્દોષ ભગવાન આત્મા. આહાહા..! '**નિજ પરમાત્મતત્ત્વને...**' નિજ પરમાત્મતત્ત્વને. જ્યારે દૃષ્ટિ થઈ કે 'મારું તત્ત્વ જ નિર્દોષ છે, મલિનતા રહિત છે.' એવી જ્યારે દૃષ્ટિ થાય છે તો દૃષ્ટિના વિષયમાં એ નથી. સમજાણું કાંઈ? જ્ઞાનીને પણ પર્યાયમાં કર્મ તો બંધાય છે. કર્મ બંધાય છે તો કારણ પણ છે, પણ એ જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયું છે. સમજાણું કાંઈ? નિરૂપરાગ.

ગોમ્મટસારમાં એમ કહે કે છ પ્રકારે આત્મા જ્ઞાનાવરણીય બાંધે, છ પ્રકારે દર્શનાવરણીય બાંધે, .. શાતા વેદનીય બાંધે. એ ભાવ તો મલિન છે. તો મલિનતા .. એને કારણે બંધાય છે. પણ અહીં કહે છે કે એ આત્મામાં એ મલિનતા છે જ નહિ. છ પ્રકારની મલિનતા જે છે... આહાહા..! સમજાણું કાંઈ? એ સદા ભગવાન નિરૂપરાગ, ઉપરાગરહિત છે. એવી જેને દૃષ્ટિ થઈ, આત્મા તો એવો છે પણ જેની દૃષ્ટિ એવી થઈ કે 'હું નિરૂપરાગ ભગવાન આત્મા છું.' એવા દૃષ્ટિવંતને જ્ઞાનાવરણીય તો બંધાય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે બંધાય છે કે નહિ? તો કહે છે કે એ જે છ પ્રકાર થયા એ પર્યાયમાં જે થયા, એનો નિરૂપરાગ સ્વભાવ

સ્વરૂપ ભગવાન આત્માનું એની જેને દૃષ્ટિ થઈ એ છ બોલનો જ્ઞાતા થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! થોડી સૂક્ષ્મ વાત છે. .. ચાલ્યું હતું. બહુ સરસ. એક કલાક. એ અહીં વાત આવી છે.

ભગવાન આત્મા એને કર્મનો અસંબંધ છે. આ ઉપયોગની વ્યાખ્યા છે, દ્રવ્યની નહિ. એ તો દ્રવ્યમાં છે .. દ્રવ્યનો ઉપયોગ એવો છે. દ્રવ્યનો ઉપયોગ એને કહીએ શુદ્ધ ઉપયોગ. એ શુદ્ધ ઉપયોગની સાથે કર્મનો સંબંધ નથી. ઉપયોગની સાથે કર્મનો નિમિત્ત સંબંધ નથી. આહાહા..! સૂક્ષ્મ તો છે. અર્થાત્ જેને આત્મા નિરૂપરાગ સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ અને એવો ઉપયોગ જે શુદ્ધ થયો તો એના ઉપયોગમાં જરી છ પ્રકાર બંધાય એવો ભાવ તો છે. જ્ઞાનાવરણીય બંધાય છે કે નહિ ચોથે? પાંચમે બંધાય છે? અહીં તો ના પાડે છે કે ઉપયોગમાં છે જ નહિ. આત્મદ્રવ્યમાં તો છે નહિ, તો એનો ઉપયોગ શુદ્ધ છે એમાં કર્મનો સંબંધ રાખે એ ભાવ એમાં છે જ નહિ. એનો અર્થ એ થયો કે ભગવાન આત્મા નિરૂપરાગસ્વરૂપ નિર્દોષ છે એવું જેને ઉપયોગમાં આવ્યું તો એ શુદ્ધ ઉપયોગ છે. એ શુદ્ધ ઉપયોગ છે એ પોતાના આત્માના પરિણામ છે. અને એની સાથે જે જ્ઞાનાવરણીય છ પ્રકારે બંધાય છે એ આત્માના પરિણામ નહિ. આસ્રવ છેને, આસ્રવના પરિણામ છેને. આસ્રવતત્ત્વ જીવમાં નથી. એ તો જીવમાં નથી પણ એના ઉપયોગમાં પણ નથી. ત્યાં એમ લીધું છે. ઉપયોગમાં જ્ઞેયનું અવલંબન નથી એવું આત્માનું જ્ઞાન છે. ઉપયોગ બહારથી આવતો નથી એવું પોતાનું જ્ઞાન છે. આહાહા..!

ઉપયોગ કર્મબંધનું કારણ નથી. ... સમજાણું કાંઈ? એટલે બે વાત કરી કે વસ્તુ છે નિર્દોષસ્વરૂપ ભગવાન આત્મા તો એને તો કર્મનો સંબંધ છે જ નહિ. મલિનતા જ નથી એમાં. એવી જેને દૃષ્ટિ થઈ ઉપયોગ, દ્રવ્યદૃષ્ટિ થઈ દ્રવ્યની કે આ સ્વભાવ જ્ઞાનાનંદ, સહજાનંદ સ્વરૂપ છે તો એના ઉપયોગમાં પણ કર્મના સંબંધનું નિમિત્તપણું એમાં છે નહિ. ૧૧મો .. કર્મબંધનું કારણ .. ઉપયોગથી કર્મબંધ થતો જ નથી. તો એ ઉપયોગ આત્માનો, શુદ્ધ ઉપયોગ એ આત્માનો ગણવામાં આવ્યો. અને એ વખતે જે (કર્મ) બંધાય છે એ વ્યવહારનયનો વિષય થઈ ગયો, જાણવાલાયક છે એમ રહ્યું. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આહાહા..! એ વખતે બહુ ચાલ્યું હતું, ઘણું એક કલાક. આઠેય કર્મ. છ પ્રકાર.. ... એ છ બોલ બોલ્યા હતા. નિહ્નવ દોષ.... તત્ત્વાર્થસૂત્રમાં છે. ... જેને બંધન..

અહીં તો કહે છે કે ભગવાન આત્મા નિરૂપરાગ સ્વભાવ છે. છે? '**નિરૂપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન (નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધનાં સ્થાનો નથી.**' એનો અર્થ એ થયો કે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ નિર્દોષ પરમાત્મસ્વરૂપની જેને દૃષ્ટિ થઈ, અનુભવ થયો તો એના ઉપયોગમાં એ છ દોષ છે જ નહિ. ઉપયોગ અશુદ્ધ છે એ જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું. સમજાણું કાંઈ?

થોડી વાત સૂક્ષ્મ છે. આ તો ... આઠ કર્મ એને લઈને આમ થાય. છે ખરું ઈ, વ્યવહારનો વિષય છે ખરો, પણ વસ્તુની દૃષ્ટિ જેને થઈ તો વસ્તુ નિરૂપરાગ છે, નિર્દોષ છે. તો જેની દૃષ્ટિ થઈ એ પણ નિર્દોષ છે. આહાહા..! તો નિર્દોષ પર્યાયમાં મલિનતાના પરિણામનો અભાવ છે. આહાહા..! જેમ દ્રવ્યમાં સદોષનો અભાવ છે, એમ એવી દૃષ્ટિ કરનારના ઉપયોગમાં પણ છ પ્રકારનો દોષ છે એ ઉપયોગમાં પણ નથી. આહાહા..! ત્યારે શાસ્ત્રમાં લખ્યું છેને કે ચોથે ગુણસ્થાને, પાંચમે અરે..! છઠ્ઠે ગણધરને સાત-આઠ કર્મ બંધાય છે. સાત બંધાય છે. સાત કર્મ બંધાય છેને? એમાં તો આવ્યું નહિ.

**શ્રોતા :-** એ માત્ર પર્યાયનું કથન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાયમાં છે, પણ ઉપયોગરૂપી પર્યાય જે સ્વભાવની સાથે જોડી દીધી એમાં નથી. હવે છે માટે જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું, વ્યવહારનયનું. પોતાનું નહિ, જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું પરજ્ઞેય તરીકે. આકરી વાત છે. કર્મનો મોટો ગોટો અત્યારે છે. આઠ કર્મને લઈને રખડે છે, આમ ને તેમ. સાંભળતો ખરો. આહાહા..!

તો કહે છે કે જેટલા છ બોલ છે તો ખરા ચોથે ગુણસ્થાને, મુનિને છઠ્ઠે છે. ત્યારે જ્ઞાનાવરણીય બંધાય છેને નિમિત્ત તરીકે? એ અહીંયાં કહે છે કે સદા નિરૂપ પ્રભુ આત્મા નિરૂપરાગ એવી આત્મ ચીજ અને એવી ચીજને માનનાર ઉપયોગ એમાં કર્મબંધનના જે છ પ્રકાર છે એ ઉપયોગમાં નથી. દ્રવ્યમાં તો છે નહિ, ઉપયોગમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? થોડું સૂક્ષ્મ છે. ત્યારે એક કલાક ચાલ્યું હતું. એમ છ પ્રકારે દર્શનાવરણીય. તો અહીં તો કહ્યું કે આત્મા તો નિરૂપરાગ છે, દોષરહિત છે અને દોષરહિત જેના લક્ષમાં, ઉપયોગમાં આવ્યું એ ઉપયોગ છ દોષ રહિત છે. છતાં ત્યાં કર્મ બંધાય છે એવી તો ચીજ છે. એના છ પ્રકાર દર્શનાવરણીય, શાતાવેદનીય, અશાતાવેદનીયના પરિણામ છેને ... અશાતા બંધાય, શાતા.. અનુકૂળતા આદિ... ભાવ તો છે. સદા નિરૂપરાગ ભગવાન આત્મા એવો જ્યાં ઉપયોગમાં બોધ થયો તો છ કારણના છ બોલ જે છે એને તો જ્ઞાનનું જ્ઞેય થયું. સમજાણું કાંઈ? અસ્તિ સિદ્ધ કરી. કેમકે વસ્તુમાં છે નહિ, ઉપયોગ જેમાં થયો શુદ્ધ ચૈતન્યનો એમાં છે નહિ. તો હવે બંધ તો કહ્યો છે શાસ્ત્રમાં લખ્યું છે કે ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે બંધાય છે. ભલે કર્મ બંધાય છે એને કારણે પરમાણુની પર્યાય, પણ એમાં મલિન પરિણામ નિમિત્ત તો છેને. જુઓ, આ તમારું આવ્યું આમાં? ..ભાઈને ઓલા સાધુ સાથે ... રામવિજય, એના ભગત હતા. શ્વેતાંબર છેને. .. સાથે ચર્ચા કરવી છે રામવિજયે કહ્યું. ભાઈ! અમે ચર્ચા કરીએ પણ પહેલાં નક્કી કરો કે કર્મથી વિકાર થાય છે. આ કહે, કર્મથી વિકાર થાય એ અમારે માન્ય નથી. પોતાની પર્યાયમાં મલિનતાનો ભાવ તો પોતાને કારણે થાય છે, કર્મ તો નિમિત્તમાત્ર છે. સમજાણું કાંઈ? અશુદ્ધ ઉપાદાનની પર્યાયમાં વિકાર આદિ ભાવ બંધનું કારણ તો પોતાને કારણે છે. પણ એ શુદ્ધ ઉપાદાનની પર્યાય... આહાહા..!

'સદા **નિરૂપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન** (નિર્દોષ)...' અંજન નહિ અંજન. '(નિર્દોષ) **નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ** કે **ઉત્કૃષ્ટ સ્થિતિબંધનાં**...' અર્થાત્ દ્રવ્યકર્મ, જઘન્ય.. એનું નિમિત્ત કારણ જે મલિન પર્યાય છે એ આત્મામાં નથી અને જ્ઞાનીના ઉપયોગમાં પણ નથી. આહાહા..! મોટો કર્મનો ગોટો છેને. કર્મથી થાય... કર્મથી થાય. ભાઈ! કર્મ પરદ્રવ્ય છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આવે છે? ભક્તિમાં આવે છે, પૂજામાં આવે છે. 'અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ'. એકલી અગ્નિને ઘણ નથી પડતા, પણ અગ્નિ જ્યારે લોઢાનો સંગ કરે છે, લોઢામાં જાય છે ત્યારે ઘણ પડે છે. એમ આત્મા નિમિત્તનો સંગ કરીને વિકાર કરે છે તો ઘણ પડે છે. આહાહા..! અહીં તો બીજી ચીજ લેવી છે.

**શ્રોતા :-** (સ્વભાવમાં) નથી તો જ્ઞાનીને પણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ વાત લેવી છે. આહાહા..! જ્ઞાનીને, ધર્માત્માને નિરૂપરાગ એવા નિરંજન નિર્દોષ નિજ પરમાત્મતત્ત્વ એ '**ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ** કે **ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્થાનો નથી.**' જે કર્મમાં જઘન્ય, મધ્યમ આદિ સ્થિતિ પડે છે એનું જે નિમિત્ત કારણ મલિન પર્યાય છે એ આત્માના ઉપયોગમાં નથી. આહાહા..! આવી વાત. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સ્વભાવમાં તો નહિ પણ સ્વભાવદૃષ્ટિવંતને પણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... નથી. જે વસ્તુ છે એ વસ્તુ તો અબંધ અને શુદ્ધ ધ્રુવ, પણ એનો ઉપયોગ થયો એ અબંધ પરિણામ છે. અબદ્ધ સ્વભાવને આશ્રયે પરિણામ થાય છે તો અબદ્ધ થાય છે. અબદ્ધ કહો કે મોક્ષમાર્ગની પર્યાય કહો. આહાહા..! એ અબદ્ધ પરિણામથી, અબદ્ધ સ્વભાવથી અને અબદ્ધ પરિણામથી કર્મના બંધમાં નિમિત્ત થાય એવું તો છે નહિ એમાં. આહાહા..! સમજાણું કાંઈ? તો કહે છે કે ભગવાન નિરૂપરાગ સદા નિરંજન પરમાત્મતત્ત્વ ચૈતન્યચમત્કાર એવી એ ચીજમાં વાસ્તવિક કર્મની જઘન્ય સ્થિતિ, મધ્યમ, ઉત્કૃષ્ટ જે કર્મમાં પડે છે, એમાં જે નિમિત્ત થાય છે અશુદ્ધ મલિન પરિણામ, એ બેય એમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

શ્વેતાંબરમાં તો કર્મની જ માંડી છે પહેલેથી. કર્મથી થાય છે, કર્મથી થાય છે. આ દિગંબરમાં પણ એ માંડી છે અત્યારે. ચર્ચા થાય છેને. વિકારી પર્યાય જે થાય છે આત્મામાં... એ ૬૨ ગાથા છે પંચાસ્તિકાયમાં. ૧૮ વર્ષ પહેલાં ૨૦૧૩ની સાલ. ત્યાં ઈસરીમાં બહુ ચર્ચા થઈ હતી વર્ણીજીની સાથે. ઓરડામાં. ... ભગવાનદાસ .. પહેલી ... ૨૦૧૩ની સાલ. પૈસા લખાવો...

કહે છે કે ભાઈ! કે વસ્તુ જે છે એ નિરૂપરાગ દોષરહિત છે. પાછો ખુલાસો કર્યોને? કે એ નિરંજન.. નિરંજન છે. અંજન નામ મેલ નથી. આહાહા..! '**નિરંજન નિજ**

**પરમાત્મતત્ત્વ...**' મેલ વિનાનું નિજ પરમાત્મતત્ત્વ એમાં '**ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્થાનો નથી.**' તો એનો અર્થ એ થયો કે એનો જે ઉપયોગ થયો દૃષ્ટિનો, શુદ્ધ ચૈતન્યનો ઉપયોગ જે થયો શુદ્ધ એમાં પણ કર્મબંધનનું નિમિત્ત કારણ ભાવ નથી. છે એ જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું. ચૌદ પ્રકાર છે. કર્મમાં નિમિત્ત પડે છે એ સ્વભાવ, તો બેય વ્યવહાર થઈ ગયો અને બેય વ્યવહારનયનો વિષય થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ ગડબડ, અત્યારે તો બહુ ગડબડ.

ત્યાં તો એમ કહ્યું છે ૬૨ ગાથામાં, પંચાસ્તિકાય. અસ્તિકાય સિદ્ધ કરવું છેને? પંચાસ્તિકાય. અસ્તિકાય સિદ્ધ કરવું છે તો એની પર્યાયમાં વિકાર છે એ એનામાં છે, એના અસ્તિકાયમાં છે. તો પર્યાયમાં મિથ્યાત્વ હોય, રાગ હોય, અનંતાનુબંધી કષાયના પરિણામ, એ પરિણામના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એ પર્યાય છે. વિકારી પર્યાયનો કર્તા વિકારી પર્યાય, વિકારી પર્યાયનું કાર્ય વિકારી પર્યાય, વિકારી પર્યાયનું કારણ વિકારી પર્યાય, વિકારી પર્યાયનું અપાદાન વિકારી પર્યાય, વિકારથી થઈ છે, દ્રવ્ય-ગુણથી નહિ, નિમિત્તથી નહિ. આહાહા..! સુજાનમલજી! એ વિકારી પર્યાય એક સમયમાં ષટ્કારકરૂપે સત્ છેને? છેને? છે એનો હેતુ .. હોતો નથી. સત્ અહેતુક હોય છે, સત્‌ને હેતુ હોતો નથી. તો એ પર્યાયમાં ષટ્કારક પરિણમન છે એ દ્રવ્ય-ગુણથી નહિ. અને બીજા કારક છે કર્માદિના એ નહિ. એવો પાઠ છે ૬૨ ગાથામાં. પરકારકથી નહિ. એટલું સિદ્ધ કર્યું પંચાસ્તિકાયમાં. એના અસ્તિત્વમાં છે.

અહીં કહેવું છે કે એના દ્રવ્યસ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? દ્રવ્યસ્વભાવમાં તો નથી, પણ દ્રવ્યસ્વભાવનો જેને ઉપયોગ, દૃષ્ટિ થઈ એવા ઉપયોગમાં પણ એ છ પ્રકારનું પરિણમન એના ઉપયોગના પરિણામમાં પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એય..! પદ્મચંદજી! રૂપિયા રળેને ઝટ દઈને એટલે જાણે ડાહ્યા થઈ ગયા હુશિયાર... બુદ્ધિના બારદાન પૈસા પાંચ-પાંચ લાખ પેદા કરતાં દેખાય. બારદાન સમજ્યા? ખાલી બોરા. પાંચ-પાંચ લાખ પેદા કરે છે. આહાહા..!

**શ્રોતા :-** પૈસા પેદા કરવામાં ઘણી બુદ્ધિ લગાવવી પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ઈ જ કહે છે મૂર્ખાઈ છે તોપણ પેદા કરે છે. કેમકે પૈસાનું આવવું એ તો એને કારણે આવે છે, એ રાગ કર્યો માટે આવે છે એમ પણ નથી. સ્વતંત્ર જડની પર્યાય છે. આહાહા..! 'હું કમાણો અને મેં ધ્યાન રાખ્યું માટે કમાણો' એ બધો ભ્રમ છે, મિથ્યાત્વ ભ્રમ છે. આહાહા..!

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્યને એવી વસ્તુ કહેવી છે. ભગવાન! તારી ચીજ જે નિરંજન પરમાત્મતત્ત્વ છે, (એ) પરમાત્મતત્ત્વ અંજન નામ મેલરહિત છે. એમાં આ કર્મપ્રકૃતિની સ્થિતિ જડની ઉત્કૃષ્ટ છે નહિ. એનો અર્થ? કે જે ભાવ કર્મની સ્થિતિમાં નિમિત્ત પડે છે એ ભાવ પણ તારા ઉપયોગમાં નથી. સમજાણું કાંઈ? એવી ચીજ છે. એ છ કારણમાં પણ દર્શનમોહનીય

બંધાય છે. એ તો અજ્ઞાનીને બંધાય છે. જેને દ્રવ્યસ્વભાવ ઉપયોગમાં આવ્યો એની પર્યાયમાં દર્શનમોહની મલિનતા નથી. દર્શનમોહની મલિનતા નથી, ઉપયોગમાં નથી. તો દર્શનમોહ બંધાય એવું નિમિત્ત પણ એમાં નથી, પણ જે ચારિત્રમોહ બંધાય છે હજી છઠ્ઠે, ચોથે, પાંચમે એ તો બંધાય છે એને કારણે. પરમાણુની પર્યાય પોતાથી કર્મરૂપ થાય છે. રાગ છે તો થાય છે એમ પણ નથી. જેમ પોતાના વિકારમાં પરચતુષ્ટયની જરૂર નથી, પરકારકની અપેક્ષા નથી, એમ પરમાણુમાં કર્મપણે પરિણમન થવામાં રાગ અને દોષની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? થોડું આવે ઝીણું ભાઈ એ તો, ... આ છે. આહાહા..!

**શ્રોતા :-** રાગ થાય છે તો કર્મને કારણેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, પોતાથી. કહ્યુંને. પોતાથી છે, પણ જે દ્રવ્ય વસ્તુની દૃષ્ટિ થઈ એ દોષ એના ઉપયોગમાં પણ નથી. અશુદ્ધ ઉપયોગ છે થોડો એ જ્ઞાનનું જ્ઞેય થઈ જાય છે. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે, એમ આવે છેને ૧૨મી ગાથા. ૧૧મી ગાથા છે. ભૂતાર્થ, સત્યાર્થનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એમ ૧૧મી ગાથામાં આવ્યું. ૧૨મીમાં આવ્યું કે વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. એને અશુદ્ધતા તો છે થોડી. અશુદ્ધતા છે. શુદ્ધતા ઓછી છે તો એમ જાણવું એનું નામ વ્યવહાર છે. જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! આ તો જૈન પરમેશ્વર ત્રિલોકનાથ આહાહા..! જેને એક સમયમાં અને ત્રણકાળ, ત્રણલોક... ત્રણકાળ સમાઈ જાય એક સમયમાં. આહાહા..! સંમતભદ્રાચાર્યે કહ્યુંને? સંમતભદ્રાચાર્ય. પ્રભુ! તમે સર્વજ્ઞ છો એનું ક્યું લક્ષણ અમને સમજાયું? એ અનંત દ્રવ્યમાં એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એક સમયમાં થાય છે. હમણા કોઈ કહેતું હતું કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ? એમ કહેતું હતું. એક શ્વેતાંબર સાથે વાત થઈ હતી. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયમાં? આપણામાંથી કોક કહેતું હતું.

**શ્રોતા :-** હરિભાઈ ડોક્ટર કહેતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હરિભાઈ ડોક્ટર. હા, હરિભાઈ ડોક્ટર, સાળંગપુર. એ કહેતા હતા કે શ્વેતાંબર સાધુ સાથે ચર્ચા થઈ તો કહે એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ? લ્યો! એટલી પણ ખબર નથી.

અહીંયાં તો કહે છે કે પ્રભુ! તમારું સર્વજ્ઞપણું કેવું છે એ નિર્ણય કર્યો કે સમય એક અને ત્રણ ચીજ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ. એનું આપને જ્ઞાન થઈ ગયું. સમય એક અને ત્રણનું જ્ઞાન એવા અનંત દ્રવ્યના ત્રણનું (જ્ઞાન થયું) એ જ આપનું સર્વજ્ઞપણું છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે નિરૂપરાગ સદા ત્રિકાળ જેનું સ્વરૂપ છે એવા નિરંજન-અંજન નહિ, નિર્દોષ નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્થાનો નથી. તો એનો અર્થ એ થયો કે નિરંજન નિરાકાર પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન જેના

સમ્યગ્દર્શનમાં, જ્ઞાનમાં આવી ગયો એને પણ બંધનું સ્થાન અને નિમિત્તપણું એને નથી. આહાહા..! આવો ઉપદેશ, .. ધર્મનો ઉપદેશ છે. કંઈક વ્રત પાળવા, અવપાસ કરવા, પોષા કરવા (એમ કહે તો સમજાય પણ ખરું). અરે..! ભાઈ! સાંભળ તો ખરો, બાપા! તારી ચીજ શું છે? આહા..હા..!

ભગવાન નિરંજર નિરાકાર શુદ્ધ આનંદઘન એવું દૃષ્ટિમાં જ્યારે આવે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. તો સમ્યગ્દર્શનમાં શુદ્ધ ઉપયોગ થાય છે પહેલાં અને શુદ્ધ ઉપયોગમાં મલિનતાની પર્યાયનો અભાવ છે. સમજાણું કાંઈ? જે કારણે શાતા બંધાય. શાતા બંધાય છે. અશાતા-અશાતા બંધાય છે. છઠ્ઠા ગુણસ્થાન સુધી અશાતા બંધાય છે. સાતમાથી પછી શાતા બંધાય છે. પછી અશાતા નથી. તો છઠ્ઠા ગુણસ્થાને ગણધર હોય એને પણ અશાતા તો બંધાય છે. આહાહા..! તો કહે છે કે જે પરિણામ નિમિત્ત પડે છે શાતા-અશાતામાં... આહાહા..! એ પરિણામ દ્રવ્યમાં નથી. એના નિમિત્તથી નૈમિત્તિક કર્મની સ્થિતિ પડી એ પણ દ્રવ્યમાં નથી. આહાહા..! ઝીણી વાત, બાપુ! આ તો ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવે કહેલા પદાર્થની સ્થિતિ. એક તો નથી એમ બતાવ્યું, બીજું, એ પર્યાયમાં છે. આવી પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. સમજાણું કાંઈ? એક-એક વ્યવહાર છે, વસ્તુમાં નથી. આ ઉપયોગમાં નથી એમ સિદ્ધ કરી દીધું. નીચે પણ વીતરાગે દેખેલો વ્યવહાર છે એ વ્યવહાર લીધો છે. આહાહા..!

શાતા-અશાતા, એમ મોહનીય, ચારિત્ર. એમ આયુષ્ય. આયુષ્ય જે ભાવે બંધાય એ ભાવ મલિન છે. ચાહે તો સ્વર્ગનું આયુષ્ય બંધાય મુનિને, છઠ્ઠે ગુણસ્થાને સર્વાર્થસિદ્ધનું, એ ભાવ મલિન છે. એ મલિનભાવ કર્મની સ્થિતિમાં નિમિત્ત પડે છે. એ ભાવ દ્રવ્યમાં નથી. દ્રવ્યમાં નથી તો દ્રવ્યને જાણનાર ઉપયોગી ધર્માત્માને પણ નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત ભાઈ બહુ આકરી પડે. જગતને વીતરાગમાર્ગ, એનું ભાવનું ભાસન થાવું એ માર્ગ બીજે ક્યાંય નથી. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય એ પણ દિગંબર ધર્મ સિવાય (ક્યાંય નથી). એય..! દિગંબર ધર્મ એ જૈનધર્મ છે. આહાહા..! ડાહ્યાભાઈ! જે ભાવે આયુષ્ય બંધાય અને સ્થિતિ, રસ પડે એમાં નિમિત્ત પડે પરિણામ, તો કહે છે કે એ જઘન્ય, મધ્યમ જે સ્થિતિ પડે છે એ વસ્તુમાં નથી. આહાહા..! એ વસ્તુનો સ્વીકારનારના પરિણામમાં પણ નથી. બાકી તો છે. બંધ તો પડે છે. જ્ઞેય છે. સમજાણું કાંઈ?

શ્રીમદ્‌ને એકે પ્રશ્ન કર્યો શ્રીકૃષ્ણનો. શ્રીમદ્ રાજચંદ્રને. શ્રીકૃષ્ણ ક્યાં છે? ઓલામાં આવે ખરું ને, ફલાણા.. એવો પ્રશ્ન કર્યો. જવાબ આપ્યો કે આત્મામાં છે. જ્યાં છે ત્યાં આત્મામાં છે. આહાહા..! એ રાગમાં નથી, ગતિમાં નથી. આહાહા..! ધર્માત્મા તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ છે એમાં છે. રાગ અશુદ્ધ અને .. એમાં છે જ નહિ. એ તો વ્યવહાર થયો. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ તો જુઓને .. ઘણો પ્રયત્ન જોઈએ અને ઘણા

પડખેથી શલ્ય કાઢી નાખવાથી આ પમાય છે. ક્યાંય પણ એક શલ્ય રહેશે તો વસ્તુ સમજાશે નહિ. મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર દેખો. આહાહા..!

કહે છે, ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે, આઠમે તીર્થંકરગોત્ર બાંધે છે. તો તીર્થંગોત્ર બાંધે એ ભાવ કેવો છે? મલિન છે. તો કહે છે કે એ પર્યાયની મલિનતા અને એના નિમિત્તે જે કર્મની સ્થિતિ પડે છે એ આત્મદ્રવ્યમાં નથી. આહાહા..! અને દ્રવ્યમાં નથી તો દ્રવ્યની દૃષ્ટિવંતને નથી. એ ૧૦૦મી ગાથામાં છેને? ૧૦૦ ગાથા, સમયસાર. તો ત્યાં કહે છે કે જોગનું કંપન્ન અને રાગનો કર્તા જે જીવ થાય છે એને નવા બંધમાં એનું નિમિત્ત છે. જોગનું કંપન્ન અને રાગનો કર્તા જે થાય છે, એ નવા બંધમાં એનું નિમિત્ત છે, પણ જ્ઞાની જોગ અને રાગનો કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? તો એને કર્મના સંબંધમાં નિમિત્તપણું નથી. આહાહા..! યોગ અને કંપન્નનો કર્તા જે થાય છે એ પરમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. શું કહ્યું?

અહીં જે કહે છે નિરૂપરાગ ભગવાન. તો જેના ઉપયોગમાં એ આવ્યો તો એ યોગ અને રાગનો કર્તા તો છે નહિ, એ તો જાણનાર છે. સમજાણું કાંઈ? નવો બંધ પડે છે કે નવી ઉપાદાનની ચીજ થાય છે એમાં જ્ઞાનીનું નિમિત્તકર્તાપણું નથી. કેવી શૈલી! આહાહા..! નિમિત્તકર્તા કોને કહીએ? પરની ક્રિયા તો પરથી થાય છે. એમાં તો આત્મા કર્તા નથી. પણ એનો નિમિત્તકર્તા કોને કહીએ? કે જે કોઈ યોગ અને રાગનો કર્તા થાય છે કે જે દ્રવ્યમાં છે નહિ. આહાહા..! નિરૂપરાગ કીધુંને? વસ્તુમાં છે નહિ. એના કંપન્ન અને રાગનો કર્તા થાય છે એ પરની ક્રિયાના કાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જ્ઞાની, પરની ક્રિયાકાળમાં નિમિત્તકર્તા તો નથી, પણ જ્ઞાની નિરૂપરાગ સદા પ્રભુ આત્મા છે એવું ભાન થયું... ઓહો..હો..! એમાં એ રાગ અને ઉપાદાનની ક્રિયા જે થાય છે એ જ્ઞાનમાં નિમિત્ત પડે છે. સમજાણું કાંઈ? એ આમ નિમિત્ત નહિ. પરની ક્રિયામાં નિમિત્તકર્તા જ્ઞાની નહિ. કર્તાનો અર્થ ઈ કરી શકતો નથી, પણ નિમિત્તકર્તા પણ નથી. જે રાગ અને યોગનું કંપન્ન જે વસ્તુમાં નથી, એનો જે કર્તા થાય છે એ પરના કાર્યકાળમાં એને નિમિત્ત કર્તા કહેવામાં આવે છે. પણ ધર્મી... આહાહા..! ગજબ વાત! વીતરાગનો માર્ગ ચારે કોરથી જુઓ તો એક સત્ય ઊભું થાય છે. ઓહોહો..! ચારે કોરથી તપાસો તો માર્ગની શૈલી એવી જ આવે છે.

અહીં તો કહ્યું કે દ્રવ્ય એ નિમિત્તકર્તા નથી. કાર્ય તો શું એના ઉપાદાનથી થાય છે. ... એને કારણે, પણ એનો નિમિત્તકર્તા કોને કહીએ? કે જે આત્માના સ્વભાવમાં નથી એવા યોગ કંપન્ન અને રાગનો કર્તા જે થાય છે તો એને એ કાળમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. જ્ઞાનીને એ રાગ અને જે પરની ચીજ ઉપાદાનની પર્યાય થઈ એ જ્ઞાનમાં નિમિત્ત પડી છે. પોતાનું જ્ઞાન ઉપાદાનથી ઉત્પન્ન થયું એમાં એ નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..!

ક્યાંનું ક્યાં ગયું. એવી વાત છે. ભગવાને તો .. સાધી લીધું. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! આહાહા..!

નામ ગોત્ર. નામ, તીર્થંકરગોત્ર. મુનિને જે ભાવે આહારક શરીર બંધાય, આહારક બંધાય છેને? તો એ પર્યાય મલિન છે. બંધનું કારણ તો મલિન હોયને? આહાહા..! એ મલિન પર્યાય અને જે આહારક શરીરનો બંધ સ્થિતિ આદિથી (બંધાયો) એ આત્મામાં નથી. આત્મામાં નથી પણ આત્મા અખંડ નિરંજન નિરાકાર પરમાત્મતત્ત્વ છે એનો ઉપયોગમાં જ્યાં સ્વીકાર થયો... આહાહા..! સમજાણું કાંઈ? એ તીર્થંકરગોત્રનો ભાવ પણ જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું.

બીજી રીતે કહીએ તો એ સમયે જે જ્ઞાન ઉત્પન્ન થયું સ્વપરપ્રકાશક એમાં રાગ છે એ જ્ઞાનમાં નિમિત્ત પડ્યો. રાગમાં પોતે નિમિત્ત છે એમ નથી. આહાહા..! જ્ઞાનમાં નિમિત્ત. આ જ્ઞાન ઉપાદાન પોતાથી થયું. રાગમાં જે ક્રિયા થઈ એ અહીંયા નિમિત્ત પડી છે. આહાહા..! ધન્ય માર્ગ વીતરાગનો! કોઈ પડખેથી ... છે. આહાહા..! નામ, ગોત્ર, અંતરાય. લ્યોને. અંતરાય બંધાય છે કે નહિ? તો બંધાય છે જડ એમાં નિમિત્ત જ્ઞાન પડે છે? આટલો અંતરાય બાંધે એમાં રાગ છે કે નહિ? પણ એ રાગ બંધાય છે એની જે સ્થિતિ, રસ પડે છે એમાં આ રાગ નિમિત્ત છે. પણ એ રાગનો કર્તા નથી અને હું જ્ઞાતા-દૃષ્ટા છું એવો જેને ઉપયોગ થયો, તો જે ભાવ કર્મબંધનમાં નિમિત્ત પડે છે એ ભાવ પણ પોતાનો નથી, એ તો જ્ઞાનનું જ્ઞેય થઈ ગયો. આહાહા..! શાંતિભાઈ! આવું છે, ભગવાન! આવી દેશના પણ સાંભળવી કઠણ. આહાહા..!

ગોત્ર બંધાય, અંતરાય બંધાય. આહાહા..! દસમા ગુણસ્થાન સુધી છ કર્મ તો બંધાય છે. આયુષ્ય અને મોહ નથી. દસમે ગુણસ્થાને આયુષ્ય અને મોહ નથી. રાગ છે એ મોહ છે પણ રાગ રાગ બંધાતો નથી. આસ્રવનો અંશ પોતાના બંધમાં નિમિત્ત પડતો નથી. રાગનો અંશ. તો કહે છે કે એ રાગ જે છે બંધની પર્યાય, છ કર્મ તો પોતાના ઉપાદાનથી બંધાય છે, પણ એ રાગ પર્યાય નિમિત્ત પડે છે. સમજાણું કાંઈ? એ અહીંયાં જ્ઞાતાનું જ્ઞેય થઈ ગયું, કહે છે. આહાહા..! કેમકે આત્મા તો જ્ઞાયકસ્વભાવ ચિદાનંદ પરમાત્મતત્ત્વ છે. આહાહા..! તો કહે છે કે એમાં ઉદય આદિના સ્થાન નથી. આહાહા..! એ દ્રવ્યમાં નથી તો દ્રવ્યનો ઉપયોગ કરનારમાં પણ નથી. સમજાણું કાંઈ? જેમ દ્રવ્ય પરમાં નિમિત્ત કર્તા નથી, એમ દ્રવ્યના ઉપયોગવાળો પણ પરમાં નિમિત્ત કર્તા નથી. સમજાણું કાંઈ? આહાહા..! ક્યાં વાત ગઈ! અંદર ચાલ્યું આવે છે... એ કાંઈ વિચાર્યું નહોતું મેં. આ કાંઈ મેળવ્યું નથી મેં. (શ્રોતા :- અમારું સૌભાગ્ય છે!) આહાહા..!

શું પરમાત્માની પદ્ધતિ! પૂર્વાપર વિરોધરહિત નિશ્ચય-વ્યવહારનું જ્ઞાન. ઓહો..હો..! ગજબ શૈલી પ્રભુ તારી! આહાહા..! સત્યનું સ્વરૂપ એવું છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિ-બંધ. સ્થિતિ કષાયથી પડે છેને? દ્રવ્યસંગ્રહમાં આવે છે કે સ્થિતિ અને રસ કષાયથી પડે

છે. નિમિત્ત. એને કારણે પડે છે તો એમાં નિમિત્ત કષાય છે. પ્રકૃતિ આવવામાં કારણ જોગ છે. પ્રકૃતિ અને પ્રદેશ. આવે છે એને કારણ પણ નિમિત્ત યોગનું છે અને એમાં સ્થિતિ, રસ પડે છે એ પોતાને કારણે, પણ એમાં નિમિત્ત કષાય છે. દ્રવ્યસંગ્રહમાં આવે છે. આહાહા..! અહીં કહે છે કે જે યોગ અને કષાય જેમ સ્થિતિ, રસમાં પડે છે, પ્રકૃતિ પ્રદેશમાં નિમિત્ત પડે છે... સમજાણું કાંઈ? એ વસ્તુ આત્મામાં નથી. આહાહા..! આત્મામાં તો નથી, પણ આત્માને જાણનારના ઉપયોગમાં પણ નથી, ઉપયોગમાં નથી. આહાહા..! ક્યાંનું ક્યાં લઈ ગયા.

'**નિરંજન નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધનાં સ્થાનો નથી. જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોના તે તે કર્મને યોગ્ય એવો જે પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર...**' પ્રકૃતિબંધને સ્વ-આકાર કહ્યું છે. આહાહા..! એ પ્રકૃતિ જે પડે છે એ પુદ્ગલનો સ્વભાવ છે. અહીં આકાર કહ્યો. એમાં નિમિત્ત પડે છે એ વિકાર. વિકાર છે તો પ્રકૃતિ બંધ પડી એમ નહિ. પ્રકૃતિ તો એને કારણે એવો આકાર આવ્યો પ્રકૃતિમાં, પણ એમાં નિમિત્ત પડ્યો રાગ. સમજાણું કાંઈ? તો કહે છે કે એ પ્રકૃતિ કર્મ સ્વભાવ આત્મામાં નથી. આહાહા..! ભારે ... આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં લઈ ગયા વાત!

કહે છે કે '**જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોમાંના તે તે કર્મને યોગ્ય એવો જે પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર...**' પ્રકૃતિનો. સ્વભાવને આકાર કહ્યો છે. પ્રકૃતિ સ્વભાવ છેને. પ્રદેશ સંખ્યા છે પરમાણુની. આ સ્વભાવ છે તો ત્યાં આકાર એનો કહ્યો. '**તે પ્રકૃતિબંધ છે; તેના સ્થાનો (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.**' આહાહા..! માટે કહ્યું હતું સ્પષ્ટ કરવા. પહેલાં ઉપર લીધુંને? '**નિરંજન નિજ પરમાત્મા...**' એ પ્રકૃતિનો આકાર કર્મનો જે સ્વભાવ પડે છે એ આત્મામાં નથી. નિરંજન નિજ પરમાત્મતત્ત્વને નથી. અર્થાત્ પરમાત્મતત્ત્વનો જેને ઉપયોગ થયો, દૃષ્ટિ થઈ એના ઉપયોગમાં પણ કર્મની પ્રકૃતિ પડે છે એમાં નિમિત્ત પડવું એ ભાવ એમાં નથી. સમજાણું કાંઈ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વ્યવહાર કાઢી નાખ્યો જ્ઞાનીને. આહાહા..! બે બોલ થયા.

હવે પ્રદેશ, બંધ. ભાષા જુઓ, '**અશુદ્ધ અંતઃતત્ત્વના...**' એમ લીધું છેને? વસ્તુ તો શુદ્ધ છે ત્રિકાળ, હવે પર્યાયમાં અશુદ્ધતા જે છે એને અશુદ્ધ અંતઃતત્ત્વ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? એ '**અશુદ્ધ અંતઃતત્ત્વના અને કર્મપુદ્ગલના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ તે પ્રદેશબંધ છે;...**' મલિનતાની પર્યાય અને પ્રદેશ, બેનો સંબંધ થાય છે તેને અહીંયાં પ્રદેશબંધ કહે છે, એ આત્મામાં નથી. એ પ્રદેશબંધ છે એ આત્મામાં નથી. આહાહા..! પ્રદેશબંધમાં જોગ નિમિત્ત છે. સ્થિતિ, રસમાં કષાય છે. અહીં તો કહે છે કે યોગપણું જેનો સ્વામી નથી, જેને આત્મજ્ઞાન થયું એ આત્માનો સ્વામી છે. એનો યોગ જ્ઞાનનું જ્ઞેય થઈ ગયો. તો યોગના નિમિત્તથી જે પ્રકૃતિ પડે છે એ બેય જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયા. આહાહા..! પ્રદેશબંધ.

આહાહા..!

'આ બંધના સ્થાનો પણ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.' આહાહા..! યોગથી પ્રકૃતિ, પ્રદેશ પડે છે. એ યોગ જ આત્માનો ઉપયોગ નથી એમ કહે છે. તો એની પર્યાયમાં છે તો એ જ્ઞાનનું જ્ઞેય છે. આહાહા..! સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૦, શનિવાર, તા. ૧૬-૦૮-૧૯૭૫, ગાથા-૪૦, કળશ-૫૬, પ્રવચન નં. ૬

શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવનો અર્થ શું? ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવ જે ચૈતન્ય તેને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. ત્રિકાળ આનંદકંદ પ્રભુ ધ્રુવ નિત્યાનંદ .. સ્વભાવ, અભેદ સ્વભાવ તેને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. એવા શુદ્ધભાવમાં... સમ્યગ્દૃષ્ટિએ દૃષ્ટિ ક્યાં કરવી એમ કહે છે. ધર્મી જીવે દૃષ્ટિ શુદ્ધભાવ ઉપર દેવી. એ શુદ્ધભાવમાં શું નથી? એ વાત કહે છે. છે તો શુદ્ધભાવ છે. જ્ઞાયક આનંદસ્વરૂપ પ્રભુ સહજ આનંદનો સાગર ભરપુર લબાલબ ભર્યો છે. એ ચીજમાં શું નથી? તો અહીંયાં કહે છે. વ્યવહાર પણ બતાવે છે અને વ્યવહાર એમાં નથી એમ પણ બતાવે છે. જૈનદર્શનનો વ્યવહાર શું છે એ પણ બતાવે છે અને એ વ્યવહાર વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, અહીં આવ્યું આપણે. 'અશુદ્ધ અંતઃતત્ત્વના (અશુદ્ધ આત્માના)...' આવ્યું? આ બાજુ ૮૧ પાને છે. શું કહે છે? ભગવાન આત્મા તો શુદ્ધ ધ્રુવ નિત્યાનંદ છે. એની પર્યાયમાં અશુદ્ધતા જે છે, પર્યાયમાં એ અશુદ્ધ અંતઃતત્ત્વ, એ અશુદ્ધ અંતઃતત્ત્વના. ભાષા જુઓ, શુદ્ધ અંતઃતત્ત્વ છે એ તો પરમશુદ્ધ અંતઃતત્ત્વ છે. પણ અશુદ્ધ અંતઃતત્ત્વ એટલે પર્યાયમાં મિથ્યાત્વ, રાગ-દ્વેષના પરિણામ જે મલિન છે એને અશુદ્ધ અંતઃતત્ત્વ કહે છે. પર્યાયમાં. આહાહા..!

'અશુદ્ધ અંતઃતત્ત્વના અને કર્મપુદ્ગલના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ તે પ્રદેશબંધ છે;...' સમજાણું કાંઈ? સૂક્ષ્મ ભાવ છે. પર્યાયમાં મલિનતા છે એ નિમિત્ત અને નવું કર્મ જે બંધાય છે, પ્રદેશ એ નૈમિત્તિક, એ બે જે છે એ વસ્તુના સ્વભાવમાં નથી. આહાહા..! ઈ વ્યવહાર છે એ આત્મામાં નથી. પર્યાયમાં છે. વ્યવહાર સિદ્ધ કર્યો. કર્મની પ્રકૃતિના પરમાણુ અને અશુદ્ધ રાગ બેનો પ્રવેશ ગણવામાં આવ્યો છે. પરમાણુના પ્રદેશ છેને? તો આત્માના અશુદ્ધ પર્યાયની સાથે એનો નિમિત્ત સંબંધ છે તો એની અંદર પ્રવેશ કહેવામાં આવ્યો છે.

પ્રદેશ રજકણનો પ્રવેશ અશુદ્ધ અંતઃતત્ત્વની પર્યાયના નિમિત્તે ત્યાં પ્રવેશ ગણવામાં આવ્યો છે. આહાહા..!

આમ હોવા છતાં '**આ બંધના સ્થાનો પણ...**' એ બંધના જે સ્થાન છે પ્રદેશ એ '**(નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.**' આહાહા..! વ્યવહાર કહ્યો, રાગ-દ્વેષની મલિન પર્યાય અને પરમાણુ જગતના કર્મના, બેનો સંબંધ થઈને પરમાણુનો પ્રવેશ થયો એમ કહેવામાં આવ્યું, છતાં એ ચીજ શુદ્ધ પરમાત્મતત્ત્વ જે શુદ્ધ આનંદકંદ પ્રભુ, પરમાર્થ આત્મા જે છે એમાં એ નથી. સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિ ત્યાં પરમાત્મતત્ત્વ ઉપર લઈ જવી છે. પ્રકાશચંદજી! આવી વાત બહુ, ભાઈ! આહાહા..! એ અશુદ્ધતા પર્યાયમાં હોવા છતાં, એને અશુદ્ધ અંતઃતત્ત્વ કહ્યું. જુઓ, અંતઃતત્ત્વ કહ્યું. ત્રિકાળી શુદ્ધ છે અંતઃતત્ત્વ એ મૂળ અંતઃતત્ત્વ છે, પણ પર્યાયમાં મલિનતા છે તો એને અશુદ્ધ અંતઃતત્ત્વ કહ્યું. એમાં એ કારણે કર્મના પ્રદેશ રજકણો આવે છે એ પ્રવેશ થયો, પણ એ વાત પરમતત્ત્વની દૃષ્ટિ કરવાથી... આહાહા..! સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટિ જે પરમાત્મા ઉપર કરે છે એમાં એ વસ્તુ નથી.

**શ્રોતા :-** અત્યંત અભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યંત અભાવ. આહાહા..! ઓહોહો..! એનું નામ પરમાત્મતત્ત્વ અને એનું નામ સમ્યગ્દર્શન! આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, ત્યાં એમ કહ્યું કે નિરંજન નિજ પરમાત્મા માથે લીધું હતુંને? માથે લીધું હતું. '**નિરૂપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમાત્મતત્ત્વ...**' પહેલી લીટીમાં લીધું હતું. એ અહીંયા કૌંસમાં નાખીને સ્પષ્ટ કર્યું. નિરંજન—જેને મલિનતાની પર્યાય નથી. એ કર્મના નિમિત્તનો સંબંધ અશુદ્ધ પર્યાયની સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, જ્ઞાયક દ્રવ્યની સાથે નહિ. સમજાણું કાંઈ? આ જ્ઞેય-જ્ઞાયકસંબંધ એ પણ પર્યાયની સાથે છે, જ્ઞાયકમાં તો એ સંબંધ છે નહિ. આહાહા..! જરી સૂક્ષ્મ વાત છેને.

આ તો નિયમસાર છે. મોક્ષમાર્ગ કેમ ઉત્પન્ન થાય? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ એ કેમ ઉત્પન્ન થાય? કે એ અંતઃતત્ત્વ નામ મલિન પર્યાય એ વ્યવહાર થયો અને એની સાથે કર્મના પ્રદેશનું આવવું એને પરવસ્તુ કહી. તો અંતર પરમાત્મતત્ત્વમાં દૃષ્ટિ કરવાથી એ ચીજ એમાં છે નહિ. આહાહા..! આવી વાત છે. આહાહા..! જ્ઞાયકભાવ. અહીં ઈ કહ્યું, નિરંજન નિજ પરમાત્મતત્ત્વ. એ અંજન નામ જે અશુદ્ધ પર્યાય છે એ સ્વરૂપમાં નથી. નિરંજન-અંજન નથી. આહાહા..! કેટલી ધીરજ! એ પર્યાય હોવા છતાં એ પર્યાયનું લક્ષ છોડીને, પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં પણ એને નહિ ગણીને... આહાહા..! દૃષ્ટિ પરમાત્મતત્ત્વ નિરંજન નિરાકાર ભગવાન આત્માનો સ્વભાવ ત્યાં દૃષ્ટિ લગાવવી એનું નામ સમ્યગ્દર્શન છે. મોક્ષમાર્ગની પર્યાય ચાલે છેને. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં નિમિત્તનો સહારો નથી અને નિમિત્ત સંબંધમાં અશુદ્ધ પર્યાય થઈ એનો સહારો નથી અને ગુણ-ગુણીના ભેદનો પણ સહારો નથી. ત્રિકાળી

ગુણીનો સહારો છે. સમ્યગ્દર્શનમાં ત્રિકાળી ધ્રુવ આત્મા સમીપ હોય છે. પર્યાય ત્યાં જાય છે તો સમીપ જાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! પદમચંદજી! થોડી વાત એવી છે. આહાહા..!

વ્યવહાર બતાવ્યો કે છે, અંતઃતત્ત્વમાં મલિનતા છે. આહાહા..! પરપદાર્થ બહિર્તત્ત્વ છે, તો મલિન પર્યાય અંતઃતત્ત્વ છે અને મલિનપર્યાય બહિર્તત્ત્વ છે તો શુદ્ધ પરમાત્મા ધ્રુવ આત્મા અખંડાનંદ એ અંતઃતત્ત્વ છે. એવી વાત છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ સર્વજ્ઞનો પંથ છે. ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ સો ઈન્દ્રોની વચ્ચે અને ગણધરની વચ્ચે આમ કહ્યું હતું. એ વાત અહીંયા રચી છે. કહે છે કે એ બંધ એવા સ્થાન નથી. આહાહા..! ભગવાન આત્મા અબંધસ્વરૂપ પ્રભુ... એ શ્લોક લેશે. એવો અબંધસ્વભાવ, દ્રવ્યસ્વભાવ, પદાર્થસ્વભાવ, તત્ત્વસ્વભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, અબંધભાવ એમાં અશુદ્ધતાની પર્યાય અને કર્મનો પ્રવેશ બેય એમાં નથી. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? એમાં છે નહિ એવી દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન અને એમાં એ છે નહિ એવું જ્ઞાન કરવું એ સમ્યગ્જ્ઞાન અને એમાં છે નહિ અને એકલો સ્વભાવ છે એમાં સ્થિરતા કરવી એ ચારિત્ર છે. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ વાત ભાઈ!

**શ્રોતા :-** .. વિકલ્પ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ; વિકલ્પ નહિ, ત્યાંથી દૃષ્ટિ ઉઠાવવી છે. ... છે નહિ એવો વિકલ્પ નહિ. અહીંયાં છે એમાંથી દૃષ્ટિ ઉઠાવવી. દૃષ્ટિ ઉઠાવીને પરમાત્મતત્ત્વમાં કરવી. આહાહા..! એમ તો 'હું અબદ્ધ છું, શુદ્ધ છું, જ્ઞાયક છું' એ તો વિકલ્પ છે. ૧૪૨ ગાથા, ૧૪૨. વ્યાખ્યાનમાં એક વાર ૧૪૩ કહેવાઈ ગઈ હતી. છે ૧૪૨. ૨૦ બોલ છેને? સમયસારમાં? કે આત્મા નિત્ય છે એવો એક વિકલ્પ, આત્મા અમૂઢ છે એવો એક વિકલ્પ અને આત્મા મૂઢ છે એવો વિકલ્પ, બેય આત્મામાં નથી. આહાહા..! બહુ માર્ગ ભાઈ અંદર... સમ્યગ્દર્શનનો વિષય પર નિમિત્ત પણ નહિ અને રાગ થાય છે દયા, દાન, વ્રત આદિનો શુભભાવ એ પણ નહિ અને એનું જ્ઞાન થયું એક સમયની પર્યાયમાં એ પણ વિષય નહિ અને આત્મા ગુણી છે અને એમાં ગુણ છે એવો ભેદ પણ સમકિતનો વિષય નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ બે બોલ થયા. પ્રકૃતિસ્થાન, પ્રદેશસ્થાન. બે થયા. હવે અનુભાગસ્થાન રહ્યો. ત્રીજો બોલ.

**'શુભાશુભ કર્મની નિર્જરાના સમયે...'** શુભાશુભ કર્મના નાશ થવા કાળે **'સુખદુઃખરૂપ ફળ દેવાની શક્તિવાળો તે અનુભાગબંધ છે'...'** પહેલી પ્રકૃતિ લીધી, પછી પ્રદેશ લીધા, પછી અનુભાગ લીધો. **'આનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મત્ત્વને વિષે) નથી.'** આહાહા..! કર્મનો અનુભાગ અને અહીંયાં પોતાની પર્યાયમાં અનુભાગ ફળ આવે છે વિકારી દશા, એ બેય આત્મામાં નથી. આહાહા..! શેઠ! ઝીણી વાત છે થોડી.

નિયમસાર. આજે આવ્યા. સાંભળે તો ખરા હવે. ૪૦ વર્ષ થયા અહીંયાં. આહાહા..!

નિયમસાર. નિયમ જે ત્રિકાળી જ્ઞાનચેતનાનો સ્વભાવરૂપ ભાવ, પારિણામિક ત્રિકાળભાવ એ નિયમ છે, ધ્રુવનિયમ છે. આહાહા..! અને એના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થવા એ વ્યવહારનિયમ છે. એ નિશ્ચયનિયમ. ત્રિકાળી વસ્તુ નિશ્ચયનિયમ. એ આવ્યું છે પહેલાં. પહેલાં શરૂઆતમાં આવ્યું છે. છે? બીજો પેરેગ્રાફ ટીકાનો. ટીકાનો બીજો પેરેગ્રાફ. **'જે સહજ પરમ પારિણામિકભાવે સ્થિત, સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ તે નિયમ છે.'** આવ્યું? ટીકા. પારિણામિકભાવ એ પરિણામ. પરિણામ એ પર્યાયનું નહિ. એ ખુલાસો નીચે કર્યો છે. અહીં તો શુદ્ધ જ્ઞાનચેતનાપરિણામ ત્રિકાળી. આહાહા..! છે? ત્રીજી ગાથાની ટીકાનો બીજો પેરેગ્રાફ.

**શ્રોતા :-** અહીંયાં અનંતચતુષ્ટયાત્મક એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અનંતચતુષ્ટય ત્રિકાળી. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ એવી શુદ્ધ ચેતના ત્રિકાળી. પર્યાયના અનંતચતુષ્ટય એ નહિ.

**શ્રોતા :-** અહીં તો કારણ લેવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ લેવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે **'સહજ પરમપારિણામિકભાવ...'** સ્વભાવભાવ. પારિણામિક શબ્દે પર્યાય નહિ. એમાં **'સ્થિત, સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ તે નિયમ છે.'** આહાહા..! અને કાર્યનિયમ? **'નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય—પ્રયોજનસ્વરૂપ—હોય તે અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્ર.'** તે કાર્યનિયમ. આહાહા..! નિયમના બે પ્રકાર. શુદ્ધ જ્ઞાનચેતના જ્ઞાયકભાવ. પરિણમન નહિ. એકલો શુદ્ધ જ્ઞાનચેતના ધ્રુવ જે અનંત ચતુષ્ટયસ્વરૂપ એ નિયમ કારણનિયમ. તો ત્રિકાળી વસ્તુ કારણનિયમ. સમજાય છે? ભાષા તો સાદી છે. અને એને આશ્રયે વ્યવહારની દૃષ્ટિ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવ જે ધ્રુવ પરમપારિણામિક શુદ્ધ જ્ઞાનચેતના છે એની દૃષ્ટિ કરવાથી જે સમ્યગ્દર્શનાદિ ઉત્પન્ન થયા તે કાર્યનિયમ છે. પર્યાયમાં કાર્ય થાય છેને? દ્રવ્યમાં કાંઈ કાર્ય થાય? દ્રવ્ય તો કારણરૂપ છે. આહાહા..!

કહ્યું હતુંને એકવાર, એ પ્રશ્ન થયો હતો કે કારણપરમાત્મા અને કારણનિયમ છે તો તો કાર્ય થવું જોઈએ. કારણ છે તો કાર્ય થવું જોઈએ. એ પ્રશ્ન થયો હતો. વીરજીભાઈના દીકરાએ કર્યો હતો, રાજકોટવાળા. કારણપરમાત્મા કહો અને કાર્ય ન હોય, કારણ હોય અને કાર્ય ન થાય એમ કેમ બને? ભાઈ! પણ કારણપરમાત્મા, એ કારણનિયમ સ્વીકારે એને છે કે ન સ્વીકારે એને છે? એ સ્વીકાર કરે એને ત્રિકાળી છે. તો સ્વીકાર કરનારો ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ છે એવો સ્વીકાર કર્યો તો સમ્યગ્દર્શનનું કાર્ય થયા વિના રહે નહિ. આહાહા..! બહુ માર્ગ એવો સૂક્ષ્મ. આહાહા..!

જિનવરદેવ ત્રિલોકનાથ એણે અનુભવ્યો અને પછી વિકલ્પ વિના વાણીમાં વાત આવી

છે. આહા..હા..! છેને? જુઓ આવ્યુંને નિયમ? અને એને '**णियमेण य जं कज्जं**' (કહ્યું). ત્રીજી ગાથા છેને? '**णियमेण य जं कज्जं**' નિયમથી કરવાલાયક હોય તો નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિયમથી કરવાલાયક કર્તવ્ય એ છે. નિયમથી નિશ્ચયથી કરવાલાયક હોય તો સ્વભાવ ત્રિકાળી શુદ્ધજ્ઞાન ચેતનાબિંબ પ્રભુ પડ્યો છે એનું સમ્યગ્દર્શન, એનું સમ્યગ્જ્ઞાન, એ નિયમથી કરવાલાયક એ છે. છે? ત્રીજી ગાથા. ત્રીજી ગાથા છે. '**णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं।**' આહાહા..! પહેલાં જ્ઞાન લીધું છે એમાં હોં. દર્શન, જ્ઞાન નથી લીધું. કેમકે જાણવામાં આવે છે તો પ્રતીતિ થાય છે એમ લીધું. સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ ઓહોહો..! પરમાત્મસ્વરૂપે બિરાજમાન એ તો કારણનિયમ, એ કારણપરમાત્મા, પણ એની સન્મુખ થઈને સ્વીકાર થયો, સન્મુખ થયો એ જ સ્વીકાર છે. અસ્તિનો સ્વીકાર થયો તો સન્મુખ થયો. આહાહા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! ઝીણી વાત છે આ. સમજાય છે?

**શ્રોતા :-** કરવાલાયકમાં કર્તૃત્વબુદ્ધિ ન આવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, કરવાલાયક કર્તૃત્વબુદ્ધિ નથી. કર્તા છે એ શુદ્ધપર્યાયનો. શુદ્ધપર્યાયનો કર્તા છે, અશુદ્ધનો નથી. સમજાણું કાંઈ? આ તો પ્રશ્ન પૂછ્યો હતોને કોકે કે જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત પર્યાય છે. એ પહેલાં આવી ગયું છે પહેલી ગાથામાં. અને સાતેય પર્યાય નાશવાન છે. એમાં અવિનાશી તો ભગવાન ધ્રુવ એ અવિનાશી છે. પહેલાં આવી ગયું છે. ૩૮ ગાથા. છેને? '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' શ્લોકાર્થ કળશનો. છે? શ્લોકાર્થ ૫૪નો. ૫૪મો કળશ. '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' જીવ પર્યાય, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ સર્વ તત્ત્વમાં એક સાર ધ્રુવ છે. તો એ અપેક્ષાએ સાત સાર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' ધ્રુવ ત્રિકાળી પરમસ્વભાવભાવ જે સાર છે, '**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' એ કેવળજ્ઞાનની પર્યાય, ક્ષાયિકની પર્યાય, સંવર-નિર્જરાની પર્યાય એનાથી એ ભગવાન દૂર છે. પર્યાયથી દ્રવ્ય દૂર છે. પર્યાય દ્રવ્યમાં પેસતી નથી અને દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**' એ તો ઠીક. '**શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, જે સુખસાગરનું પૂર છે...**' ત્રિકાળની વાત છે હોં અહીંયાં. સાત તત્ત્વ છે એ નાશવાન છે. એ કેવળજ્ઞાનની પર્યાય પણ એક સમયે ઉત્પન્ન થાય, બીજે સમયે નાશ પામે છે. આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય એ ઉત્પાદ-વ્યયવાળી છે, ગુણ નથી. એક સમયે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એ બીજે સમયે એનો વ્યય થાય છે અને બીજી પર્યાય એવી પણ બીજી, બીજી એવી પણ બીજી. કેવળજ્ઞાન બીજે સમયે બીજું. સમજાણું કાંઈ? ત્યાં મોટી ગડબડ થઈ. ક્યાં? મથુરા-મથુરા. સમજાણું કાંઈ? મથુરામાં આ વાત ચાલીને, પંડિત બેઠા હતા એને ગડબડ થઈ ગઈ. કેવળજ્ઞાન નાશવાન છે એમ કીધું. કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી નાશ થાય છે કદી? પણ એ એક

સમયનો ઉત્પાદ છે, બીજે સમયે વ્યય થાય જ છે. પર્યાય છેને. એ ક્યાં ગુણ છે? આહાહા..! ગુણ તો ત્રિકાળી છે. ઉત્પાદ-વ્યયવાળી પર્યાય એ કેવળજ્ઞાનની છે, ક્ષાયિકભાવની.

**શ્રોતા :-** જ્ઞાનગુણ લખ્યુંને એને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ગુણનો અર્થ? અવગુણ જે હતો એનો અભાવ થયો તો ગુણ કહ્યું, છે તો પર્યાય. આહાહા..! એ પણ પ્રશ્ન આવ્યો હતો પહેલાં. એક ક્ષુલ્લક હતાને, એને .. હતા. તો અહીંયા અમેં સમ્યગ્દર્શનની પર્યાય લીધી હતી તો (એણે કહ્યું), એ પર્યાય નહિ, એ તો ગુણ છે. તમે કેમ કહો છો પર્યાય-પર્યાય? જીવમાં આઠ ગુણ પ્રગટે છે એમ આવ્યું. અરે! ગુણ પ્રગટ ન થાય, ભાઈ! એ આઠ ગુણ પર્યાય છે. ગુણ તો ત્રિકાળ રહે છે, એ ઉત્પન્ન નથી થતા અને વ્યય પણ નથી થતા. આહાહા..! બહુ ખળભળાટ કર્યો હતો. એકવાર અમે ગયા હતા ત્યાં છેને. શેનું મંદિર? ભુલેશ્વર મંદિર. દર્શન કરવા ગયા તો અંદર હતા. જઈએને કાંઈક બોલે તો. પણ બોલ્યો નહિ તો ન બોલ્યા. ભુલેશ્વર મંદિર છેને ત્યાં મુંબઈ. ત્યાં અંદર બેઠા હતા. મેં કીધું, આ સમકિતની પર્યાયની વ્યાખ્યા કરે. સમકિત એ ગુણ છે. ગુણ નથી. કેવળજ્ઞાન ગુણ નથી તો સમકિતની પર્યાય ગુણ ક્યાંથી આવી? અરે..! કાંઈ ખબર પણ નહિ દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું? પર્યાય છે. સમંતભદ્ર છે એ?

**શ્રોતા :-** બાહુબલી છેને સંમતભદ્રમાં, એ કહેતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ખબર નથી. સાંભળ્યું નથીને એણે. ઓલા ગુણ આવેને શાસ્ત્રમાં.

**શ્રોતા :-** લખ્યું છે એવું ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ... નહિ... નહિ. સિદ્ધ પણ પર્યાય છે, મોક્ષ પર્યાય છે. ગુણ કદી ઉત્પન્ન થાય? એ તો ત્રિકાળી છે. દ્રવ્ય ત્રિકાળી એમ ગુણ ત્રિકાળી. **'उत्पादव्ययध्रुवयुक्तं सत्'** તો એ ધ્રુવ ત્રિકાળી અને ઉત્પાદ-વ્યય એ તો વર્તમાન પર્યાય પૂરતી ચીજ છે. ચાહે તો સિદ્ધ હોય કે કેવળી હોય. લોકોને દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન નહિ, અને એમ ને એમ ચલાવ્યું, ધર્મ થઈ ગયો, આમ કરો, ધર્મ થશે. ધૂળેય ધર્મ નથી, સાંભળતો ખરો.

**શ્રોતા :-** જે પણ ઉત્પન્ન થાય એ પર્યાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ઉત્પન્ન થાય એ પર્યાય. અને ઉત્પન્ન થાય એ બીજે સમયે વ્યય થશે જ. સમજાણું કાંઈ? આહાહા..! ક્ષાયિકસમકિત પણ પર્યાય છે અને એક સમયની પર્યાય બીજે સમયે ક્ષાયિકસમકિતની પર્યાય રહેતી નથી. આહાહા..! ક્ષાયિકસમકિત તરીકે ભલે સદૃશ્ય રહે એવી ને એવી, પણ બીજી થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ ઝીણું, બાપુ! આહાહા..!

અહીં કહે છે કે એ અનુભાગના સ્થાન આત્મામાં છે જ નહિ. **'આનાં સ્થાનોનો પણ**

**અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી. વળી...'** હવે ચોથો બોલ. '**દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ઉદયનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્માને વિષે) નથી.**' આ ચાલતી ૪૦ (ગાથા). એ વિકારી પરિણામ તીર્થંકરગોત્ર જે બાંધે એ ભાવ એ આત્મતત્ત્વમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? પરમસત્ય વસ્તુ જ એવી છે. અને દ્રવ્યકર્મ તો નથી. એ તો ઠીક, પણ ભાવકર્મનો જે ઉદય થાય છે, વિકારી ઉદયભાવ લીધુંને. ઉદયઠાણા એ ઉદયના સ્થાનો અનેક પ્રકારના લેશે, એ નિરંજન નિજ પરમાત્મતત્ત્વને નથી. આહાહા..! એવો પ્રભુ વીતરાગમૂર્તિ ધ્રુવ. દૃષ્ટિ છે પર્યાય. પર્યાયદૃષ્ટિ દ્રવ્ય સન્મુખ થાય છે તો સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યગ્દર્શન પર્યાય છે. સમજાણું કાંઈ? પર્યાય દ્રવ્ય સન્મુખ થાય છે તો સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! એનો અર્થ કે જે અસ્તિ તત્ત્વ ધ્રુવ છે એની સન્મુખ પર્યાય થાય છે તો એનો આશ્રય લે એવો શબ્દ છે મૂળ પાઠમાં.

૧૧મી ગાથા તો એમ છેને સમયસારમાં. '**ववहारोऽभूदत्थो**' સમસ્ત પર્યાય અભૂતાર્થ છે. ગૌણ કરીને અભૂતાર્થ કહ્યું છે, હોં! અભાવ કરીને નહિ. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભૂતાર્થને શુદ્ધનય કહે છે. નય તો વિષયી છે અને એનો વિષય, પણ અહીંયાં તો અભેદ લેવું છે અધ્યાત્મમાં તો. '**भूदत्थमस्सिदो खलु**' સત્યાર્થ ત્રિકાળ સ્વરૂપ એ જ શુદ્ધનય. બીજા પદમાં લીધું. અને '**भूदत्थमस्सिदो खलु**' મહાસિદ્ધાંત છે. ૧૧મી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે, વસ્તુદર્શનનો પ્રાણ છે. '**भूदत्थमस्सिदो**' પરમસત્ય સત્યાર્થ પ્રભુ, ભૂતાર્થ પ્રભુ, યથાર્થ વસ્તુ એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' આહાહા..! સમજાણું કાંઈ? એ વાત અહીંયા વિસ્તારથી કહે છે.

ભૂતાર્થ સત્યાર્થ ભગવાન ત્રિકાળ એ અપેક્ષાએ તો પર્યાયને અસત્યાર્થ કહેવામાં આવી. સમજાણું કાંઈ? જેમ સ્વદ્રવ્યની અપેક્ષાથી પરદ્રવ્યને અદ્રવ્ય કહેવામાં આવે છે. બીજા દ્રવ્યની અપેક્ષાએ સ્વદ્રવ્ય હોય, પણ આ દ્રવ્યની અપેક્ષાએ ઈ અદ્રવ્ય છે, આ ક્ષેત્રની અપેક્ષાએ તે અક્ષેત્ર છે, આ પર્યાયના કાળની અપેક્ષાએ અકાળ છે અને આ ભાવની અપેક્ષાએ અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એની અપેક્ષાએ અસ્તિ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એની અપેક્ષાએ અસ્તિ છે, પણ મારી અપેક્ષાએ તો અભાવ છે. આહાહા..! એમ, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાથી અસત્ય છે, અદ્રવ્ય છે, એમ અંતરમાં લેવાથી સ્વદ્રવ્યની અપેક્ષાએ પર્યાય અસત્યાર્થ છે. અસત્યાર્થનો અર્થ? ત્રિકાળ નહિ રહેનારી ચીજ. એક સમયની પર્યાય છે તો ત્યાં અભૂતાર્થ કીધી. અભૂતાર્થ અસત્યાર્થ.. અભાવ કરીને અસત્યાર્થ નથી કહ્યું. પ્રયોજન સિદ્ધ કરવા ગૌણ કરીને અસત્યાર્થ કીધી છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું બધું સમજે નહિ અને માણસને ધર્મ થઈ જશે. ધૂળેય ધર્મ નથી. એને માટે હેરાન-હેરાન (થાય). આ મંદિર બનાવીએને ધર્મ થઈ જશે. ધૂળેય નથી, સાંભળતો ખરો. બનાવે કોણ? એ તો જડની પર્યાય છે. તારો

ભાવ હોય તો જરી શુભ થાય. તો શુભભાવથી શું સમ્યગ્દર્શન થાય છે? શુભભાવ તો આત્મામાં છે નહિ. હોય એનાથી લાભ થાય, ન હોય એનાથી લાભ થાય? શુભભાવ તો આત્મામાં છે નહિ, તો છે નહિ એનાથી લાભ કેમ થાય? આહાહા..! એવો માર્ગ છે, ભાઈ!

'આ રીતે (આચાર્યદેવ) **શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ...**' આધાર. '(**શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૧મા શ્લોક દ્વારા**)...' ૧૪મી ગાથા. ૧૪મી ગાથા છેને અબદ્ધસ્પૃષ્ટ, એનો આ શ્લોક છે. ૧૪મી ગાથા છેને.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।**

એનો આ શ્લોક છે.

(मालिनी)

''न हि विदधति **बद्धस्पृष्टभावादयो**ऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।''

'**स्फुटमुपरि तरन्तो**'–પ્રતિષ્ઠા પામતા નથી. આહાહા..!

'**શ્લોકાર્થ :- જગત...**' હે જગતના જીવો! જગતનો અર્થ જગતના જીવો. હે કાઠિયાવાડી! એટલે કાઠિયાવાડના જીવો. પાઠ તો જગત છે. જગત તો છ જડ-અજડનો સમૂહ તે જગત છે. જડને કહેવું છે અહીંયા? હે જગતના જીવો! આહાહા..! '**મોહરહિત થઈને...**' પર્યાયબુદ્ધિ છોડીને, પર્યાયબુદ્ધિ મોહ મિથ્યાત્વભાવ છે. આહાહા..! '**સર્વ તરફથી પ્રકાશમાન એવા તે સમ્યક્ સ્વભાવને જ અનુભવવો...**' સમ્યક્ સ્વભાવ જે ત્રિકાળી જ્ઞાયકભાવ, આનંદભાવ ત્રિકાળી અનાકુળ આનંદ સહજસ્વભાવ એનો અનુભવ કરવો જોઈએ. આહાહા..! વળી ધ્રુવનો અનુભવ થતો નથીને? એ તો ૨૦મી ગાથામાં આવ્યુંને ૨૦માં. અલખ. વેદન તો પર્યાયમાં થાય છે, ત્રિકાળનું નહિ. એ ત્રિકાળ તરફ વળ્યો તો ત્રિકાળનું વેદન એમ કહેવામાં આવ્યું છે. ત્રિકાળ તરફ વળતો નહોતો તો પરપરિણામનું વેદન હતું એમ કહેવામાં આવ્યું. ત્રિકાળ તરફ વળવાથી છે તો વેદન પર્યાયનું. સમ્યક્ સ્વભાવનો જ અનુભવ કરવો જોઈએ એમ છેને? સમ્યક્ સ્વભાવ ત્રિકાળીનો અનુભવ કરવો જોઈએ એનો અર્થ ત્રિકાળી સન્મુખ થઈને પર્યાયમાં આનંદનો અનુભવ કરવો જોઈએ. આહાહા..!

સમ્યક્ સ્વભાવ ત્રિકાળી સત્ સ્વભાવ જે ધ્રુવ છે, જે પરિણમતો નથી, જે બદલતો નથી એવો ત્રિકાળી સત્ સ્વભાવ છે... છે... છે... છે... એનો અનુભવ. '**સમ્યક્ સ્વભાવને જ...**' એવો શબ્દ પડ્યો છે. અનુભવ કરો. એ અનુભવ એ પર્યાય છે. વાત એ કે સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો. એ તરફ જાય છે તો સમ્યક્ સ્વભાવનો અનુભવ થયો એમ કહેવામાં

આવે છે. આહાહા..!

**શ્રોતા :-** અનુભવ એ જ્ઞાનની પર્યાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આનંદની પર્યાય છે, જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, બધી પર્યાય છે. અનુભવમાં મુખ્ય આનંદ છે. બધા ગુણોની પર્યાય છે, પણ અનુભવમાં મુખ્ય પ્રધાનતા આનંદની છે. એમાં લીધું છે દીપચંદજીએ, અનુભવપ્રકાશમાં. અનુભવપ્રકાશમાં લીધું છે કે અનુભવમાં આનંદની મુખ્યતા-પ્રધાનતા છે. દીપચંદજીએ. લોકો દીપચંદજીના .. બહુ ... અનુભવપ્રકાશ. અનુભવનો અર્થ કર્યો એમાં લીધું છે.

**શ્રોતા :-** પંચાધ્યાયીમાં જ્ઞાનની પર્યાય લીધી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ્ઞાનની પર્યાય બીજી. એ અપેક્ષા બીજી છે. એમાં જ્ઞાનાર્ણવમાં પણ લીધું છે. જ્ઞાનાર્ણવમાં પણ ધ્યાનની પર્યાયને જ્ઞાનની પર્યાય ગણી છે. એ એક બીજી વાત છે. જ્ઞાનની પર્યાયનો અર્થ જ્ઞાનસ્વરૂપ જે ત્રિકાળ છે એમાં એકાગ્ર થાય છે તો જ્ઞાનની પર્યાય છે તો શ્રદ્ધાની, આનંદની, પણ એ ગુણની પર્યાયને અહીંયાં જ્ઞાનની પર્યાય કહી. ધ્યાન છે એ તો ચારિત્રની પર્યાય નિશ્ચયથી છે. એ જ્ઞાનમાં સ્થિરતા એ જ્ઞાનપર્યાય કહો કે ચારિત્રપર્યાય કહો. છે એ ખબર છે. જ્ઞાનાર્ણવમાં લીધું છે. ધ્યાનને જ્ઞાનપર્યાય કહી છે. ખબર છે.

અહીંયાં કહે છે, હે જગતના જીવો! આહાહા..! ભગવાન વસ્તુ પડી છે તારી પાસે. તારી ચીજ જ તારી પાસે છે, તું જ એવો છો. આહાહા..! પ્રત્યક્ષ વસ્તુ પડી છેને, પ્રભુ! આહાહા..! તારી નજર ત્યાં નથી જાતી. પર્યાય ઉપર નજરથી પર્યાયમાં તારું લક્ષ છે તો ત્રિકાળી વસ્તુના સ્વભાવ ઉપર તારી નજર અસ્તિની નથી જતી. આહાહા..! સમજાણું કાંઈ?

'**સર્વ તરફથી પ્રકાશમાન એવા...**' જોયું! ચારે બાજુથી એકલી પ્રકાશની મૂર્તિ એ તો આત્મા છે. '**એવા તે સમ્યક્ સ્વભાવને જ અનુભવો...**' આહાહા..! સાર તો આ છે. જે પહેલાં કહ્યુંને કે '**णियमेण य जं कज्जं**' ત્રીજી ગાથામાં. નિયમથી કરવાલાયક હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ આ અનુભવ. આહાહા..! વાદવિવાદે તો પાર પડે નહિ ભાઈ! એવી ચીજ છે. અંતરનો સ્વભાવ ત્રિકાળી અસ્તિ એનો અનુભવ કરો. ન્યાલભાઈમાં તો એમ પણ આવે છે, દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. દીધુંને તમને? એમાં એમ છે કે જ્ઞાયકભાવનો અનુભવ અને પરિણામનો અનુભવ, પરિણામીનો અનુભવ અને પરિણામનો અનુભવ, બે થાય છે એમ કહે છે. એમ કેમ કહ્યું? કે એ પરિણામ, જે ત્રિકાળી છે એ તરફ વળ્યો તો પરિણામીનો અનુભવ કહેવામાં આવ્યો અને જે પરિણામ પરતરફ વળે છે એનો અનુભવ એ પરિણામનો અનુભવ. પરિણામીનો અનુભવ અને પરિણામનો અનુભવ, બેય એક સાથે થાય છે. આહાહા..! ઝીણી વાત છે થોડી. છે એનામાં. એય..! ચેતનજી! દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. કેટલામાં બોલમાં છે? અમારા .. ક્યાં ગયા? .. કેટલામાં બોલમાં છે? ખબર નહિ, ભાઈ! અમને તો ભાવ યાદ

હોય, નંબર નહિ. આહાહા..!

**શ્રોતા :-** ૩૩ પત્રમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** **'ત્રિકાળી અસ્તિત્વમયી સ્વ, આને આશ્રિત પરિણમેલી આંશિક શુદ્ધ વૃત્તિ અને દેવાદિક પ્રત્યેની આંશિક બાહ્ય વૃત્તિ, આ ત્રણે અંશનો એક જ સમયે ધર્મીને અનુભવ થાય છે,...'** ત્રિકાળીનો, વર્તમાન પરિણામ એ તરફ વળ્યા એનો અને પર તરફના વલણવાળા એના. એ તો છે તો વેદન પરિણામનું. પણ જે પરિણામ સ્વતરફના થયા એ ત્રિકાળીના થયા એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? કોણે કહ્યું એ? સુજાનમલજી! શાંતિભાઈ ઠીક. બીજે બહુ ઠેકાણે છે. જોયું?

**'ત્રિકાળી અસ્તિત્વમય સ્વ...'** એક. **'આને આશ્રિત પરિણમેલી આંશિક શુદ્ધ વૃત્તિ અને દેવાદિક પ્રત્યેની આંશિક બાહ્ય વૃત્તિ, આ ત્રણે અંશનો એક જ સમયે ધર્મીને અનુભવ થાય છે, જેમાં મુખ્ય-ગૌણનો પ્રશ્ન નથી.'** ક્યારેક એમ કહેવામાં આવે કે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એના અનુભવમાં મુખ્યપણે તો આત્માનો અનુભવ છે એમ કહેવામાં આવે છે અને રાગાદિનો અનુભવ ગૌણપણે અનુભવ એમ કહેવામાં આવે છે. દૃષ્ટિ અને દૃષ્ટિના સ્વભાવની મુખ્યતાની અપેક્ષાએ. જ્ઞાનીને શુદ્ધનું જ મુખ્યપણે વેદન છે, અશુદ્ધનું વેદન છે એ ગૌણપણે. એ દૃષ્ટિ અને દૃષ્ટિના સ્વભાવની અપેક્ષાએ, પણ જ્ઞાનની અપેક્ષાએ મુખ્ય-ગૌણ નહિ. શુદ્ધની પરિણતિનું વેદન અને અશુદ્ધનું વેદન એક સાથે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ શેઠિયાને ત્યાં કડક લાગ્યુંને. દીપચંદજી શેઠિયાને. 'નહિ, અશુદ્ધતા દુઃખ હોય, પણ દુઃખનું વેદન જ્ઞાનીને નથી હોતું.' વસ્તુની ખબર નથી. દુઃખ છે અને વેદન નથી એનો અર્થ શું? સમજાણું કાંઈ? આત્માના આનંદના સુખનું પણ વેદન છે અને સાથે દુઃખનું વેદન (પણ) એક સાથે છે જ્ઞાનની અપેક્ષાએ. જ્ઞાનની અપેક્ષાએ મુખ્ય-ગૌણ નહિ. પંડિતજી! સૂક્ષ્મ વાત છે, ભાઈ!

**શ્રોતા :-** રાગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છેને. રાગ છે એટલું દુઃખ છે. આહાહા..! આકુળતા છે એટલું દુઃખ છે. અને જો આકુળતા ન હોય તો પૂર્ણ આનંદનું વેદન હોવું જોઈએ. મિથ્યાદૃષ્ટિને પૂર્ણ આકુળતાનું વેદન છે, કેવળીને પૂર્ણ અનાકુળની શાંતિ આનંદ સુખનું વેદન છે, સાધકને આનંદ અને દુઃખ બેયનું વેદન છે. બેય ધારા. કર્મધારા-જ્ઞાનધારા આવે છેને? જ્ઞાનધારા અને કર્મધારા. ભાઈ! વસ્તુનું સ્વરૂપ એવું છે. રૂપચંદજી! એવી ચીજ છે. બીજામાં આવે છે. .. આવે છે.

**'જેમાં આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં...'** આહાહા..! **'ઉપર તરતા હોવા છતાં...'** શું કહે છે? કે રાગના સંબંધરૂપી બંધ એ જ્ઞાયકભાવની ઉપર તરે છે, અંદર નથી જતા. જેમ પાણીમાં ઉપર તેલ હોય છે, તેલ

તેલ એ અંદર પ્રવેશતું નથી. એમ જ્ઞાયકભાવ પરમસ્વભાવભાવ, ધ્રુવભાવમાં ઉપર રાગનો બંધ, રાગનો સ્પર્શ, અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય—અનેરી-અનેરી પર્યાય છે, એ પણ પર્યાયમાં છે, અંદર પ્રવેશતી નથી. નારકી, મનુષ્યાદિ ગતિ. અનન્ય, નિયત. પર્યાયમાં હાનિ-વૃદ્ધિ થાય છે એ પણ ઉપર-ઉપર છે, અંદરમાં નથી. અને વિશેષ છે ગુણ-ગુણીના ભેદનું વિશેષપણું એ અંદરમાં નથી. અંદર સામાન્ય છે. અને અસંયુક્ત. રાગ અને વિકલ્પથી સંયુક્ત નથી એ અંદરમાં. પર્યાયમાં હોવા છતાં પણ અંદરમાં નથી. આહાહા..!

**શ્રોતા :-** એ તેલનું દષ્ટાંત તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, એ તેલનું જ દષ્ટાંત આપ્યું છે. આપ્યું છે એમાં. ઉપર-ઉપર છે, અંદરમાં નથી જાતું એ અપેક્ષાએ. ઉપર-ઉપર છે, અંદર નથી જાતું. સમજાણું કાંઈ? છે-છે. તદ્દન તેલનું દષ્ટાંત લાગુ પડે છે. પાણીના દળમાં તેલનું અંદર જાવું નથી થતું. અંદર નથી જાતું. ૧૪મી ગાથા છે. અબદ્ધસ્પૃષ્ટનો જ આ દાખલો છે. આહાહા..!

અહીં તો એટલું લીધું, '**બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં...**' અને અર્થમાં તો ત્યાં એમ લીધું છે ભાઈ! સમયસાર, અનિત્યભાવ અંદરમાં પ્રવેશ કરતાં નથી. એવો શબ્દ લીધો છે. '**જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તોપણ (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી,...**' અંદરમાં એને આધાર મળતો નથી. '**કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતાં નથી,...**' જયચંદ્ર પંડિત (લખે) છે. આહાહા..! સમજાણું કાંઈ? ઉપર રહે છે. આહાહા..! પર્યાય દ્રવ્યમાં પ્રવેશ નથી કરતી. સંસારનો ઉદય દ્રવ્યમાં પ્રવેશ નથી કરતો. એ તો પાંચેય બોલ છે. પાંચેય બોલ પર્યાયમાં છે, અંદર નથી. આહાહા..! બહુ સૂક્ષ્મ વાત છે. આહાહા..! ઉત્પાદ-વ્યયની પર્યાય છે એ ધ્રુવમાં પેસતી નથી. લે! એક બાજુ એમ કહેવું કે પર્યાયનો વ્યય થાય છે તો પર્યાય જાય છે ક્યાં? અંદર જાય છે એમ કહેવું છે. સર્વાર્થસિદ્ધિમાં એમ આવે છે. પર્યાય ઉત્પન્ન થાય છે, વ્યય થાય છે. વ્યય થાય છે તો ગઈ ક્યાં? ક્યાંય અદ્ધર ચાલી ગઈ? અંદરમાં ગઈ.

**શ્રોતા :-** એ પર્યાય શક્તિરૂપ થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શક્તિરૂપ થઈ જાય છે. અહીંયાં પર્યાયમાં ઉદયભાવ હતો, ક્ષયોપશમભાવ હતો, એ પર્યાયનો વ્યય થઈને અંદર ગઈ તો પારિણામિકભાવ થઈ ગયો. શક્તિરૂપ છે તો પારિણામિક થઈ ગઈ. ભાઈ! સમજાણું કાંઈ? માર્ગ બાપા ઝીણો બહુ, ભાઈ! આહાહા..! રાગનો ઉદય છે એનો વ્યય થયો, વ્યય થયો તો વ્યય પણ સત્ છે કે નહિ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સત્ છે. તો સત્ ગયું ક્યાં? 'બુડુક' એવો પાઠ છે. પાણીના તરંગ પાણીમાં ... છે. સમયસારનાટકમાં છે. પાણીના તરંગ ઉઠે છેને? ક્યાં જાય છે? કે

અંદર ... જાય છે. આહાહા..! ભારે વાતું, બાપા! એય..! પદમચંદજી!

અહીં કહે છે '**બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં ખરેખરે સ્થિતિ પામતા નથી.**' એને અંદર પ્રવેશ કરવાનો આધાર નથી મળતો. આહાહા..! સમજાણું કાંઈ? જેમ એક દ્રવ્યમાં બીજું દ્રવ્ય ઉપર ઉપર લોટે છે. બહિરલુટંતી. આગળ કળશ આવે છે સમયસારમાં. બહિરલુટંતી—એ અંદરમાં પ્રવેશતા નથી. એમ પર્યાય વ્યવહાર બહારમાં લોટે છે, અંદર પ્રવેશ નથી કરતી. આહાહા..! આવું બધું સમજવું એને.. ભાઈ! સત્ય તો આવું છે, ભાઈ! અને સત્ય સત્યરૂપે જેમ છે એમ સમજાય નહિ તો સત્ જવાબ નહિ દે. આહાહા..! સત્ જવાબ નહિ દે એનો અર્થ સત્ય પ્રગટ નહિ થાય. આહાહા..!

કહે છે કે જેમાં એટલે સમ્યક્ સ્વભાવ ત્રિકાળમાં '**આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો...**' આ અસ્તિત્વ કહ્યું. રાગ છે, અનન્ય છે, વિશેષ છે, છે તો ખરું. 'આ છે' એમ છે તો ખરા. પણ સ્પષ્ટ ઉપર તરતા હોવાથી. અસ્તિત્વ તો કહ્યું. છે તો ખરા, નથી એમ નાસ્તિ એમ નથી. એમાં એમ છે. પર્યાય પર્યાયમાં છેને? અસ્તિ છે કે નાસ્તિ છે? ત્રિકાળમાં નથી. પંડિતજી! આવો ભાવ બહુ (સૂક્ષ્મ).

સમ્યગ્દર્શનનો વિષય, એ સમ્યગ્દર્શનની પર્યાય પણ ધ્રુવમાં પેસતી નથી. છતાં... છતાંને શું કહે છે? તોપણ સમ્યગ્દર્શનની પર્યાયમાં પૂર્ણ વસ્તુ છે એની શ્રદ્ધા થઈ જાય છે અને જ્ઞાનની પર્યાયમાં, જ્ઞાનની પર્યાય ધ્રુવમાં પેસતી નથી, છતાં જ્ઞાનની પર્યાયમાં ધ્રુવનું જેટલું સામર્થ્ય છે એનું જ્ઞાન થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ફરીથી. એ પર્યાય જે છે શ્રદ્ધાની કે જ્ઞાનની, તો શ્રદ્ધાની પર્યાયે આખું પાચન કરી લીધું છે કે 'પરમ આનંદનો નાથ હું છું' એવું પાચન થઈ ગયું, પણ એ શ્રદ્ધાનો વિષય જે છે એ પર્યાયમાં આવ્યો નથી. છતાં એ વિષય છે એનું સામર્થ્ય તો પર્યાયમાં, શ્રદ્ધામાં આવી ગયું છે. આહાહા..! વસ્તુ આવી નથી. વસ્તુ તો ભિન્ન (રહી જાય છે). પર્યાય પર્યાયમાં છે, દ્રવ્ય દ્રવ્યમાં છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? જ્ઞાનની એક સમયની પર્યાયમાં ધ્રુવ જે જ્ઞાયક છે એનું જ્ઞાન એમાં આવી ગયું, પણ છતાં જ્ઞાન એટલે એ સમયની તાકાત કેટલી છે એ જ્ઞાન થઈ ગયું છે, પણ એ ચીજ અહીં આવી નથી. આહાહા..! ભારે વાતું, ભાઈ! એવી વાત છે. આહાહા..!

એથી કહ્યું છેને શાસ્ત્રમાં (કે) અગ્નિના મુખ્ય ત્રણ ગુણ કહેવામાં આવ્યા છે—પાચક, પ્રકાશક, દાહક. મુખ્ય. એમ ભગવાન આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (ત્રણ મુખ્ય ગુણ છે). સમ્યગ્દર્શન એ પાચક છે, આખી વસ્તુને પચાવી લ્યે છે અને સમ્યગ્જ્ઞાન પ્રકાશક છે- દ્રવ્ય અને પર્યાય બેયનું જ્ઞાન કરે છે અને સમ્યક્ચારિત્ર દાહક છે, સ્વરૂપમાં સ્થિરતા રાગનો નાશ કરી દે છે. આહાહા..! એય..! આવી વસ્તુ છે, ભાઈ!

આ કહે છે, ભાવ બદ્ધસ્પૃષ્ટ આદિ છે. '**જેમાં આ બદ્ધસ્પૃષ્ટ...**' આવ્યું. રાગનો સંબંધ, અન્ય-અન્ય પર્યાય, વિશેષ દશા છે, છે. '**આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો...**' ભાવ છે. '**ઉપર તરતા હોવા છતાં...**' આહાહા..! '**ઉપર તરતા હોવા છતાં ખરેખર...**' પર્યાયને દ્રવ્યનો આધાર મળતો નથી. '**ખરેખર સ્થિતિ પામતા નથી.**' અંદર સ્થિતિ (પામતા નથી)— જઈ શકતા નથી. આહાહા..! આ વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. આહાહા..! આ તો સર્વજ્ઞ પરમાત્મા... આહાહા..! આ તો જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમાત્મા સિવાય આ વ્યાખ્યા ક્યાંય હોઈ શકે નહિ. આહાહા..! એના અનુયાયી થાય એ સમજી શકે. કહ્યુંને, 'જિનેશ્વરકે લઘુનંદન...' આવ્યુંને એ? 'ચેતન રૂપ અનૂપ અમૂરત.. સ્વાર્થકે સાચે, પરમાર્થકે સાચે, સાચે સાચે.. સાચે... કાઉકે વિરોધિ નાહી પર્યાયબુદ્ધિ નાંહી, આતમ .. હૈ.' છે? આહાહા..! એ લઘુનંદન છે. 'જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન.' આ ભેદજ્ઞાનમાં આવ્યું. 'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચીત લહ્યો જિમ ચંદન, કેલી કરે શિવમારગમેં જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન.' આહાહા..! પુત્ર છે, કેવળીના પુત્ર છે અને કેવળીનો વારસો લેવાની તાકાત આવી ગઈ છે એમાં. આહાહા..! બીજ ઉગી છે તો પૂનમ તો થશે જ થશે! બીજ ઉગે છેને બીજ? બીજ ઉગે છે તો પૂનમ થશે જ થશે! પૂનમનો અર્થ પૂર્ણિમા છે, પૂર્ણ-પૂર્ણ. એમ સમ્યગ્દર્શનનું બીજ ઉગ્યું, કેવળજ્ઞાન થશે જ થશે. આહાહા..! મતિજ્ઞાન બોલાવે છે એવો પાઠ છે જયધવલમાં. મતિજ્ઞાન બોલાવે છે કે ચાલો કેવળજ્ઞાન ચાલ્યું આવ. એવો પાઠ છે. મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવેનો અર્થ? ચાલ્યું આવ. હવે અલ્પકાળમાં મને કેવળજ્ઞાન થઈ જશે એમ મતિજ્ઞાન પોકાર કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે '**આદિ ભાવો ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં ખરેખર સ્થિતિ પામતા નથી.**' આહાહા..!

'**વળી (૪૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે):—**'

(अनुष्टुभ्)

नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम्।
विपदामिदमेवोच्चैरपदं चेतये पदम्।।५६।।

'**શ્લોકાર્થ :- જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે...**' ભગવાન ધ્રુવ શું ચીજ છે પરમસ્વભાવ? '**નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી...**' જ્ઞાનાનંદરૂપી '**સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે...**' આ સંપદા એની પાસે છે, આ ધૂળની નહિ. એય..! પોપટભાઈ! આ ધૂળની તમારી સંપદાની અહીં વાત નથી. ઈ મેં પૂછ્યું હતું ..ને મકાન કે દિ' કરશે? કહ્યું, હમણા નહિ કરાવીએ. બહુ દખલ છેને સરકારની. હમણા આવ્યો હતોને. કીધું ૩૬ હજારની જમીન લીધી છે. ..માં ત્રણ માટે. ત્રણ વારાફરતી ધંધો કરે અને ત્રણ અહીં રહે.

પણ હમણા ઓલી દખલ છેને એટલે હમણા નહિ કરે. અહીંયાં તો ભગવાન નિત્યાનંદ ચિદાનંદરૂપી સંપદાની ખાણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અને જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે...'** જુઓ, વિપદાનું સ્થાન નથી અને સંપદાનો ભંડાર છે. આહાહા..! **'(અર્થાત્ જ્યાં વિપદા બિલકુલ નથી) એવા આ જ પદને હું અનુભવું છું.'** મુનિરાજ કહે છે, આવા પદને હું અનુભવું છું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૧, રવિવાર, તા. ૧૭-૦૮-૧૯૭૫, ગાથા-૪૧, કળશ-૫૬-૫૭, પ્રવચન નં. ૭

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર, ૪૦મી ગાથા એનો કળશ ૫૬મો. ગાથામાં એમ કહ્યું કે ભગવાન આત્મામાં.. ભગવાન આવ્યું છેલ્લે, સવારે. આત્મા ભગવાન જ છે. એમાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ અને ઉદય એના પ્રકાર-ભેદો એમાં છે જ નહિ. એને અહીંયા આત્મા, એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. લેવો છે તો દ્રવ્યસ્વભાવ, પણ અહીં ભાવથી લીધું છે. વસ્તુનો શુદ્ધભાવ ચિદાનંદ સહજાનંદ સ્વરૂપ એમાં પ્રકૃતિની સ્થિતિના પ્રકારો, પ્રકૃતિના પ્રકારો, પ્રદેશના પ્રકાર અને અનુભાગ-રસ દેવાની શક્તિના પ્રકારો અને ઉદયભાવ એમાં નથી. આહાહા..! તો છે શું? એ ૫૬ કળશમાં કહેશે.

**'શ્લોકાર્થ :- જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે...'** આહાહા..! ભગવાન આત્મા નિત્ય-શુદ્ધ, એ તો ત્રિકાળ પવિત્રતા અને શુદ્ધ ચિદાનંદરૂપી, ચિદાનંદ નામ જ્ઞાનાનંદરૂપી એની સંપદા. જ્ઞાનાનંદરૂપી સંપદાઓની ભગવાન આત્મા ઉત્કૃષ્ટ ખાણ છે. ખાણ-ખાણ નિધાન. આહાહા..! ખાણ કહે છેને? અનંત આનંદ કાઢો... કાઢો... કાઢો... તોપણ ખુટે નહિ એટલી ખાણ છે. આહાહા..! શુભ-અશુભભાવને ભોગવવા એ દુઃખરૂપ છે, ઝેરરૂપ છે. પરને તો ભોગવી શકતો નથી. એ વાત તો સવારે આવી હતીને? પરનું શરીર, વાણી પરને તો ભોગવતો નથી, પરનો કર્તા નથી. આહાહા..! ભગવાન તો પરથી નિષ્ક્રિય પ્રભુ આત્મા છે અને પરથી તો નિર્ભોગ છે. આહાહા..! પોતાના ચિદાનંદની સંપદા છે. આ વસ્તુ કરવાની છે. ધર્મીને ધર્મ કરવો હોય તો કેમ થાય છે? કે ધર્મી એવો જે આત્મા શુદ્ધ નિત્ય ચિદાનંદરૂપી સંપદા, આ સંપદા. કહો, પોપટભાઈ! તમારી ધૂળની સંપદાને અહીં ગણી નથી.

**શ્રોતા :-** ગૃહસ્થ.. મુનિ માટે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે! અહીં આત્માને માટે છે. આત્મા આવો છે. ગૃહસ્થનો પણ એવો છે અને મુનિનો પણ એવો છે. આહાહા..! કહો, મલૂકચંદભાઈ!

'**ચિદાનંદ...**' ચાર શબ્દ વાપર્યા છે. એક તો નિત્ય, શુદ્ધ, જ્ઞાનાનંદરૂપી સંપદા છે. આહાહા..! જેનો સ્વભાવ જ્ઞાન એની હદ પરિમિતતા શું? એની મર્યાદા શું? જેનું જ્ઞાન નિત્ય શુદ્ધ અને જેનો નિત્ય શુદ્ધ આનંદ એની મર્યાદા શું? અમર્યાદિત જ્ઞાન અને આનંદસ્વભાવ એનો છે. આહાહા..! ક્ષેત્ર ભલે નાનું હોય, એની સાથે કાંઈ કામ નથી. જુઓ, સાકરને શું કહેવાય છે? સેકરીન. સાકરનો ગાંગડો આવડો હોય છે અને સેકરીન આટલું પણ મીઠાશ બહુ. ક્ષેત્ર મોટું હોય તો મીઠાશ વધારે એવું કાંઈ નથી. આહાહા..! એમ ભગવાન આત્મા આ જડ માટીથી ભિન્ન, કર્મના ઉદયથી થયેલા ભાવ એનાથી ભિન્ન... આહાહા..! અને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની સંપદાથી અભિન્ન. આહાહા..! કરવાનું તો આ છે. સમજાણું કાંઈ? પછી જાણપણું થોડું હોય, ઘણું હોય એની સાથે કોઈ સંબંધ નથી. આહાહા..!

જે નિત્ય પ્રભુ કાયમ રહેનારી ચીજ ત્રિકાળ અને શુદ્ધ. ત્રિકાળની અપેક્ષાએ શુદ્ધ હોં! પર્યાયની અપેક્ષાએ શુદ્ધની અહીં વાત નથી. ત્રિકાળ શુદ્ધ અને ત્રિકાળ ચિદાનંદ જ્ઞાનાનંદરૂપી ચોસલું પડ્યું છે અંદર. આહાહા..! જ્ઞાનાનંદરૂપી જેનો સ્વભાવ. ચોસલાને શું કહેવાય? સમજાણું? મૈસુબ કરે છેને, ચોસલા કાપે છે. મેસુબ, મોહનથાળ. કટકા કરે છેને. ટૂકડા કાપે છે કે નહિ? બરફી, મોહનથાળ. ચોસલા કહે છે અમારે ત્યાં. એક ચોસલું કાપો કહે. આહાહા..! એ ભગવાન આત્મા '**નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ખાણ છે...**' આહાહા..! '**અને જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે...**' અસ્તિ-નાસ્તિ કરી. શુભાશુભભાવ એ વિપદા છે. પરચીજ વિપદા નથી, પરચીજ તો જ્ઞેય છે. આહાહા..! શુભ અને અશુભભાવ, દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એ બધા ભાવ વિપદા છે. એ સંપદા છે તો આ વિપદા છે. આહાહા..! '**જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે...**' એમ. આહાહા..! સમજાણું કાંઈ?

ચાર અભાવ છેને, ભાઈ! પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યભાવ, અત્યંતાભાવ એનાથી આ બીજો અભાવ છે. અધ્યાત્મનું એ કહ્યુંને? '**વિપદાઓનું અત્યંતપણે અપદ છે...**' આહાહા..! વિપદાનો એમાં અભાવ છે. વિકારનો સ્વભાવમાં અભાવ છે. એ અત્યંત અભાવ લીધો છે અહીંયાં. ઓલા ચાર જે અભાવ છે એ અહીંયા નથી. એ તો એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અત્યંત અભાવ. આ તો અધ્યાત્મનો અભાવ. સમજાણું કાંઈ? ઈ ચારઅભાવ આવે છે કે નહિ? પંડિતજીએ કાલે પ્રશ્ન કર્યો હતો. વર્તમાન પર્યાયનો પૂર્વમાં અભાવ, વર્તમાન પર્યાયનો ભવિષ્યમાં અભાવ, અન્યોન્ય દ્રવ્યમાં અત્યંત અભાવ દ્રવ્યમાં અને જડની પર્યાયમાં અને પરની પર્યાયમાં અન્યોન્ય અભાવ. કેમકે એ પર્યાય એમાં અને આ પર્યાય ભવિષ્યમાં આવશે. અન્યોન્ય અભાવ. આ બીજો અભાવ. આહાહા..! આ અત્યંત અભાવ.

ભગવાન ચિદાનંદમૂર્તિ પ્રભુ જેના સ્વાદમાં આનંદ આવે છે. આહાહા..! એ સંસારી સુખની જે વેદના શુભ-અશુભભાવની એ વેદના વિપદાનું અપદ છે. એકલું (અપદ) એમ નથી લીધું. **'અત્યંતપણે અપદ છે...'** આહાહા..! જેમ એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અત્યંત અભાવ છે, એમ અહીંયા સ્વદ્રવ્યમાં વિપદાનો અત્યંત અભાવ છે. સમાણું કાંઈ? આ સમજીને આ કરવાનું છે અને આ માર્ગ છે. પછી બાર અંગ ભણે કે અગિયાર અંગ ભણે કે પાંચ સમિતિ-ગુપ્તિ જેટલું જ્ઞાન હોય. આહાહા..! સમજાણું કાંઈ? **'(અર્થાત્ જ્યાં વિપદા બિલકુલ નથી)...'** આહાહા..! આ બંધ અધિકાર છેને? પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ અને ઉદય એ ભાવ બિલકુલ આત્મામાં નથી. આહાહા..! વ્યવહાર જણાવ્યો. વિકાર અને કર્મનો સંબંધ એ વ્યવહાર છે, પણ વસ્તુમાં એ નથી. એ જૈનદર્શનની શૈલી જે કેવળજ્ઞાનીએ જોયું છે એવો વ્યવહાર આ પ્રકારનો છે. પ્રકૃતિ છે, સ્થિતિ છે, પ્રદેશ છે, અનુભાગ છે, ઉદય છે. એ અંદરમાં નથી. એવી સ્થિતિ બતાવે છે. સમજાણું કાંઈ? જૈનદર્શનમાં વ્યવહાર કોને કહે છે એ પણ બતાવ્યો અને એ નિશ્ચય સ્વભાવમાં વ્યવહાર નથી એમ પણ બતાવ્યું. પંડિતજી! આહાહા..!

**'એવા આ જ પદને હું...'** આહાહા..! મુનિરાજ પોતાની વાત કરે છે. સમજાણું કાંઈ? **'એવા આ જ પદને...'** જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ખાણ અને વિપદાનો અભાવ. આહાહા..! એવા પદને **'હું અનુભવું છું.'** આહાહા..! જુઓ, આ પદ્મપ્રભમલધારીદેવ, એ ફોટો છેને ત્રીજો, એમની ટીકા છે. આ ભગવાન કુંદકુંદાચાર્ય છે, આ અમૃતચંદ્રાચાર્ય, આ પદ્મપ્રભમલધારીદેવ. આ ટીકા ચાલે છે ઈ. આહાહા..! જોવા સમયે ક્રિયા થાય છે એ તો જડની છે. વિકલ્પ ઉઠ્યો એ વેદન મારું નથી, એનો તો મારામાં અત્યંત અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? હું તો ચિદાનંદ નિત્ય શુદ્ધ સંપદા લક્ષ્મીથી ભરેલો પ્રભુ છું. આહાહા..! મારી લક્ષ્મી અખુટ છે. આ તમારી લક્ષ્મી તો ખૂટી જશે. કહો, મલૂકચંદભાઈ! એના એક છોકરા પાસે પાંચ કરોડ છે અને એક પાસે ચાર કરોડ. નવ કરોડ છે.

**શ્રોતા :-** મલૂકચંદભાઈનો કેટલામો ભાગ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની પાસે ક્યાં હતા એના? એ તો એના પૈસા રળેલા છે. જુદાં થયા પછી રળ્યા છે. મલૂકચંદભાઈનો એમાં હક નહિ કાંઈ એના બાપનો કે આમાં ખર્ચ્યા, કાંઈ નહિ. બાકીના પછી રળ્યા હશે. વાત સાચી. આહાહા..! ભેગા રહે, રોટલા ખાય. આહાહા..! એ ચીજ પણ આત્માની છે નહિ તો પ્રશ્ન ક્યાં? આહાહા..! એને વાપરી શકતો નથી અને રાખી શકતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

હું આ પ્રમાણે-આ પ્રકારે આ જ પદનું નિત્યાનંદ પ્રભુ... આહાહા..! જે મારી સંપદાની ખાણ હું છું આહાહા..! એને હું અનુભવું છે. આહાહા..! એ વખતે તો વિકલ્પ છેને. ટીકા કરતી વખતે વિકલ્પ છે. ભલે હો, પણ હું તો વિકલ્પરહિત મારી વસ્તુ છે એમાં હું છું.

આહાહા..! સમજાણું કાંઈ? 'હું **અનુભવું છું**.' આહાહા..! વેદાંતમાં તો વળી હું અને અનુભવ, બે ક્યાંથી આવ્યું? દ્વૈત થઈ જાય છે. એમ નથી, અહીંયા દ્વૈત છે. હું વસ્તુનો પર્યાયમાં અનુભવ કરું છું. બે છે, દ્વૈત છે. વેદાંત એમ કહે છે કે હું અને અનુભવું એવું ક્યાંથી લાવ્યા? એવું છે ક્યાં? એ તો છે ઈ છે. એવી ચીજ નથી. સમજાણું કાંઈ? એ માટે કહે છે કે હું મારી ચીજને અનુભવું છું. આહાહા..! હું જ્ઞાયક અને આનંદનો ભંડાર... આહાહા..! અખુટ ખજાનો. કહો, દરબાર! આ અખુટ ખજાનો આ આત્મા છે, બહારમાં ધૂળમાંય છે નહિ ત્યાં. આહાહા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દરબાર, દસ બાર. દસ આવે અને બાર ખર્ચ થાય એ બધા દસ-બાર કહેવાય. ૨૫ હજારની ઉપજ હોય તો ખર્ચ ૩૦ હજારનો હોય, ૪૦ હજારનો. ડંફાસ મોટા હોય. આહાહા..! એને દસ-બાર કહે છે, ભાઈ! દરબારને દસ-બાર કહે છે લોકો. દસ એટલે દસ આવે અને બાર ખર્ચે. એટલા બધા...

અહીં તો કહે છે કે પ્રભુ એવા અનંત આનંદની ખાણ છે જેટલો અનુભવ કરે એમાંથી નીકળ્યા જ કરે... નીકળ્યા જ કરે. આહાહા..! જેમ પાણીનું પૂર જેમ વહે છે અંદરથી. આહાહા..! એમ ભગવાન ચિદાનંદની ખાણ અનુભવમાં, પર્યાયમાં આવે છે તો બીજે સમયે, ત્રીજે સમયે બીજો અનુભવ આવે જ છે એમાંથી. અનંત આનંદનો અનુભવ કરો તોપણ બીજે સમયે અનંત આનંદ બીજો આવે છે. એવી અનંતની ખાણ છે ઈ. આહાહા..! ચીમનભાઈ! આ તમારા પૈસા-ફૈસા ને આ શું કહેવાય તમારું? કારખાનું, ફેક્ટરી. ખુટી જાય ફેક્ટરી ત્યાં. સ્ટીલનું કારખાનું છે એને કાંપમાં. સ્ટીલ-સ્ટીલ છેને. કહો, શેઠ! એને બીડીનું કારખાનું છે. શું કહ્યું?

**શ્રોતા :-** અહીંયા તો આનંદનું કારખાનું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાન! અહીં તો આ ચીજ છે, પ્રભુ! મુનિરાજો જગત પાસે જાહેર કરે છે કે સર્વજ્ઞ પરમાત્મા તારી વસ્તુ આમ કહેતા હતા. હું પણ એવો છું, તું પણ એવો છો અને ભગવાન પણ એવા હતા. આહાહા..! બધી વાત છોડીને પ્રભુ, એ વિકલ્પ જે છે રાગ, દયા, દાન, વ્રત, ભક્તિનો એ પણ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવશે પછી. હું તો અનુભવ મારા જ્ઞાન અને આનંદનો (કરું છું). આહાહા..! એ ૫૬ થયો. ૫૭.

(वसन्ततिलका)

यः सर्वकर्मविषभूरुहसंभवानि
मुक्त्वा फलानि निजरूपविलक्षणानि।

भुंक्ते ऽधुना सहजचिन्मयमात्मतत्त्वं
प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः।।५७।।

'**શ્લોકાર્થ :- (અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી...**' આહાહા..! તીર્થંકર પ્રકૃતિ છે એ પણ ઝેરનું વૃક્ષ છે. પ્રકૃતિ છેને જડ? ૧૪૮ પ્રકૃતિ છે એમાં તીર્થંકર પ્રકૃતિ છે, આહારક પ્રકૃતિ છે, જસોકીર્તિ છે. આહાહા..! એ પ્રકૃતિ બધી (ઝેરના ઝાડ છે). મારી ચીજ અમૃતનું ઝાડ છે. હું અમૃતનું ઝાડ-વૃક્ષ છું અને પ્રકૃતિ ઝેરનું ઝાડ છે. સમજાણું કાંઈ? પ્રકૃતિનું ફળ આવે છે એ ભાવ ઝેર છે, પણ એ પ્રકૃતિ ઝેર છે. ઝેર એમાંથી .. આવે છેને? એ આવ્યુંને? સમયસારમાં આવ્યું છે છેલ્લે. છેલ્લે આવી છે ૧૪૮ પ્રકૃતિ. આઠેય કર્મ ઝેરના ઝાડ. કેમકે એનો ઉદય થાય છે તો રાગ જ થાય છે. આહાહા..! એ ઝેરનો અનુભવ છે, એ ઝેરનું ઝાડ છે. એમાંથી અનુભવ આવે છે રાગ શુભાશુભભાવ એ ઝેરનું ફળ છે. આહાહા..! આ વ્યવહારરત્નત્રય કહે છેને? એ શુભરાગ ઈ ઝેરનું ફળ છે.

**શ્રોતા :-** મોક્ષ અધિકારમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છેને. ધન્નાલાલજી! આહાહા..!

'**(અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી...**' નામકર્મમાં તીર્થંકર પ્રકૃતિ હોય, અપજસ હોય, જસકીર્તિ હોય, ઉચ્ચ ગોત્ર હોય કે નીચ ગોત્ર હોય, એ '**સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં,...**' ભાષા જુઓ, '**નિજરૂપથી વિલક્ષણ એવા ફળોને...**' જુઓ! કર્મના નિમિત્તનું લક્ષ કરવાથી ત્યાં શુભ-અશુભભાવ ફળ ઉત્પન્ન થાય છે. ઝેરના ફળ છે ઈ. આહાહા..! દુનિયા નથી કહેતી? સારા પુણ્યનું ફળ આવે તો કહે છે કે અત્યારે એનો સમય છે, એનો કાળ છે. કહે છેને એમ? લોકોમાં કહે છે. દસકો છે. આ તો એની ભાષામાં કાંઈક હશે હિન્દીમાં. પુણ્યનું ફળ ઘણું મળે છે. બે, પાંચ, દસ, કરોડ રૂપિયા હોય, દીકરો સારો હોય, સ્ત્રી સારી હોય, દીકરીના સારે ઠેકાણે લગન કર્યા હોય અને દીકરાને સારા ઘરેથી છોકરી આવી હોય તો લોકો કહે અત્યારે એનો સમય છે, પુણ્યનો સમય છે એનો. ઝેરનો, વિષ્ટાનો સમય છે.

અહીં તો ઝેર કીધા પછી વિષ્ટાનો ક્યાં પ્રશ્ન છે? વિષ્ટા તો હજી કૂતરું ખાઈ શકે, ભૂંડ ખાઈ શકે. વિષ્ટા ખાઈ શકે છે. ઝેર મારી નાખે. પુણ્ય એ વિષ્ટા છે એમ કહ્યું ત્યાં ભડક્યા લોકો. રાડેરાડ (નાખી ગયા). પુણ્ય વિષ્ટા! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ વિષ્ટા, ઝેર છે, અધર્મ છે. સાંભળતો ખરો. કડક લાગે. એમાં લીધું છે ભાઈ આત્માવલોકનમાં. મિશ્રધર્મ, મિશ્રધર્મ લીધો છે. ધર્મ-અધર્મ બે છે. શ્રાવકને ધર્મ અને અધર્મ બેય છે. મિશ્રધર્મ છેને? મુનિને ધર્મ છે, અજ્ઞાનીને એકલો અધર્મ છે અને સાધકને ધર્મ-અધર્મ બેય છે. મિશ્ર છેને. જેટલી નિર્મળતા પ્રગટ થઈ છે એટલો ધર્મ છે, જેટલી મલિનતા છે એટલો અધર્મ છે. એ શુભભાવ એ અધર્મ છે. આહાહા..!

અહીં કહે છે કે '**નિજરૂપથી વિલક્ષણ...**' ભગવાન આનંદનો નાથ પ્રભુ એના રૂપથી વિલક્ષણ. આહાહા..! '**એવાં ફળોને છોડીને...**' યશોકીર્તિ, તીર્થંકર (પ્રકૃતિનો) લાભનો ભાવ, શુભભાવ એ ઝેરના ફળ છે. આહાહા..! સંતોને જગત પાસે જાહેર કરતાં ડર નથી. જગતમાં બે ભાગ પડી જશે, આ માનશે, નહિ માને. અનાદિથી છે. સાંભળો! માર્ગ આ છે. સમજાણું કાંઈ? પસંદ પડે, ન પડે એની સાથે અમારે કાંઈ સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, અરે! ૧૪૮ પ્રકૃતિ જે જડની પડી છે એના ફળરૂપ જે ભાવ છે એ ઝેરનું ફળ છોડીને. આહાહા..! ભાષા તો જુઓ.

'**જે જીવ હમણાં...**' ભાષા છે જુઓ, '**अधुना**' આહાહા..! વર્તમાનકાળમાં એને છોડીને, વર્તમાનમાં આત્માનો અનુભવ કરે છે. આહાહા..! '**જે જીવ હમણાં સહજચૈતન્યમય આત્મતત્ત્વને...**' પાઠ છેને અંદર? '**सहजचिन्मयमात्मतत्त्वं**' આત્મા કેવો? કે એ તો જ્ઞાનમય છે, જાણકસ્વભાવમય છે. એ જ્ઞાનની પ્રધાનતાથી કથન કર્યું. ચિન્મય છે, જ્ઞાનમય છે, જાણકસ્વભાવમય આત્મા છે. આહાહા..! છે તો અનંતગુણ, પણ અનંતગુણમાં પ્રધાન ગુણ જ્ઞાન છે અસાધારણ. કેમકે બીજો ગુણ પોતાની સત્તા રાખે છે, પણ એ સત્તાનું જ્ઞાન એને નથી. શ્રદ્ધા, આનંદ એ સત્તા રાખે છે, પણ હું શ્રદ્ધા છું કે આનંદ છું એનું (એને) જ્ઞાન નથી. જ્ઞાનમાં પોતાનું (જ્ઞાન થાય છે કે) હું જ્ઞાન છું, એને પણ હું જાણું છું. જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન શ્રદ્ધાને જાણે, જ્ઞાન આનંદને જાણે.

**શ્રોતા :-** બાકી ગુણ ચેતન છે કે અચેતન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક ન્યાયે અચેતન છે એમ લીધું છે. સપ્તભંગી છે સપ્તભંગી, સ્યાદ્વાદ. ઉપયોગ એ જીવ છે અને અનુપયોગ એ જીવ નથી. એવી સપ્તભંગી ચાલી છે સ્યાદ્વાદમાં. આ અપેક્ષાએ હોં. સમજાણું કાંઈ? આહાહા..! આની સપ્તભંગી ચાલી છે કે જ્ઞાન અસ્તિ છે, ગુણ તો છે પણ સત્તા અસ્તિ પોતાથી છે એવો ગુણ છે કે નહિ? કે એવી સપ્તભંગી ચલાવો. લીધું છે ચિદ્‌વિલાસમાં. સપ્તભંગી લીધી છે. જ્ઞાન પોતાથી અસ્તિ છે, સત્તાગુણને કારણે નહિ. આહાહા..! જ્ઞાન પોતાથી પ્રમેયત્વ છે, પ્રમેયગુણને કારણે નહિ. આહાહા..! જ્ઞાન પોતાથી વસ્તુત્વ છે, સામાન્ય-વિશેષ સ્વભાવ વસ્તુ પોતાથી છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા એક ગુણમાં અનંત ગુણ લીધા છે. આહાહા..! એવો જે આત્મા એ અલ્પકાળમાં મુક્તિને પામે છે. આહાહા..!

'**સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે,...**' જ્ઞાનમય આ આત્મા, જ્ઞાનમય એ આત્મા એને જે ભોગવે છે. આહાહા..! '**તે જીવ અલ્પકાળમાં મુક્તિને પામે છે—**' એને અલ્પકાળમાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ થશે. આહાહા..! પંચમકાળમાં મુક્તિ નથીને? આવું કેમ લખે છે મુનિ? સાંભળતો ખરો. જેટલો અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો એ આત્મા તો મુક્તસ્વરૂપ જ છે, અબદ્ધસ્વરૂપ છે, પણ પર્યાયમાં એટલો મુક્ત થઈ ગયો. સમજાણું

કાંઈ? ભગવાન આત્મા અબદ્ધસ્વરૂપ છે. અબદ્ધસ્વરૂપ નાસ્તિથી કહ્યું. આમ મુક્તસ્વરૂપ છે, વસ્તુ એ મુક્તસ્વરૂપ જ છે. વસ્તુની સાથે બંધનો સંબંધ જ નથી. એ તો અબંધસ્વરૂપી ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ (છે). તો અબદ્ધ કહો કે મુક્ત કહો. મુક્તસ્વરૂપી મોક્ષ મુક્તસ્વરૂપ ત્રિકાળ છે. આહાહા..! એવા મુક્તસ્વરૂપનો અનુભવ થયો તો પર્યાયમાં પણ એટલી મુક્તિ થઈ ગઈ. મુક્તનો અનુભવ કરવાથી પર્યાયમાં એટલી મુક્તતા મિથ્યાત્વ અને અનંતાનુબંધીથી રહિત મોક્ષની પર્યાયની પૂર્ણતા ત્યારે થશે, પણ મોક્ષની વ્યક્ત પર્યાય અહીંયાં થઈ. આહાહા..! આવો માર્ગ છે.

'પ્રભુનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ ત્યાં.' એ હીજડા જેવા પાવૈયાના ત્યાં કામ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? શુભભાવથી ધર્મ થાય છે, પુણ્યથી ધર્મ થાય છે એ (માનવાવાળા) બધા હીજડા છે પાવૈયા. પંડિતજી! અહીં તો વાત એવી છે. આહાહા..! જે પોતાનું વીર્ય આનંદ આદિ જ્ઞાનની રચના કરે તે પુરુષ છે, પણ જે વીર્ય રાગની શુભ, દયા, દાનની રચના કરે એ વીર્ય નહિ, એ નપુંસકતા છે. આહાહા..! નપુંસકને પ્રજા નથી હોતી, એમ શુભભાવની દશામાં આ ધર્મની પર્યાય નથી હોતી. આહાહા..! માર્ગ તો વીતરાગનો એવો છે, ભાઈ! એને લક્ષમાં આવ્યો નથી, સાંભળવા મળ્યો નથી. સાંભળ્યા વિના લક્ષમાં ક્યાંથી આવે! આહાહા..! લક્ષમાં આવ્યા વિના રુચિ ક્યાંથી થાય! અને રુચિ થયા વિના પરિણમન ક્યાંથી થાય? આહાહા..! ઓહો.હો..! અનંતકાળે મનુષ્યપણું મળ્યું એ ક્ષણે ક્ષણે ચાલ્યો જાય છે કાળ, મૃત્યુની સમીપે જાય છે. આમ સમય જાય છે એ જાણે કે હું મોટો થાવ છું. ભગવાન કહે એ મૃત્યુનો સમય લાવ્યો છે એ સમયની નજીક જાય છે. આહાહા..! એવા કાળમાં આજે જ કરી લે, એમ કહે છે. આહાહા..! એ પ્રવચનસારમાં આવ્યુંને, ભાઈ! પાછળ નહિ? બે ગાથા. 'આજ' એમ શબ્દ આવ્યો છે. પ્રવચનસારની છેલ્લી બે ગાથા છે. કળશ છે. આજે જ કરી લે. આહાહા..! વાયદા કરે એ વાફળ. પછી કરીશું... પછી કરીશું... પછી શું કરશે? પછી પછી રહેશે. પછીનો પસ્તાવો રહેશે પછી. આહાહા..!

કહે છે કે '**તે જીવ અલ્પ કાળમાં મુક્તિને પામે છે—એમાં શો સંશય છે?**' સંદેહ શું છે? આહાહા..! જુઓને પંચમ આરાના મુનિના પડકાર! આહાહા..! ભગવાન આત્મા અંતરમાં અનંત જ્ઞાન છે. વિશ્વાસ ક્યાં છે? એને વિશ્વાસ ક્યાં છે? 'હું આવો છું' એવો વિશ્વાસ ક્યાં છે? આહાહા..! અને એ વિશ્વાસમાં આવવું એ તો અલૌકિક પાચનશક્તિ છે. આહાહા..! અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, અનંતપ્રભુતા, અનંતપ્રભુતા, ઈશ્વરતા એવી અનંતી-અનંતી અપરિમિત શક્તિનો સાગર પ્રભુ. વિશ્વાસ ક્યાં છે? આહાહા..! 'આ હું છું' એવો વિશ્વાસ ક્યાં છે? આહાહા..! પર્યાય જેટલો હું નથી, નિમિત્તમાં તો હું છું નહિ, એક સમયની પર્યાયમાં હું નથી. આહાહા..! ચિદાનંદ દળ પ્રભુ અમૃતનો સાગર નાથ! એનો અનુભવ કરનાર અલ્પકાળમાં મુક્તિને પામે છે. આ મોક્ષનો માર્ગ અને આ મોક્ષ

એનું ફળ. કોઈ કહે કે વ્યવહાર મોક્ષનો માર્ગ છે. એ છે નહિ. આ એક ચિદાનંદનો અનુભવ કરવો એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આહાહા..! લોકોને કઠણ પડેને એટલે બિચારા ભાગલા પાડી નાખે છે કે નહિ, એ સોનગઢની શ્રદ્ધા. અરે! સોનગઢની છે કે આત્માની વાત છે આ તો? આહાહા..! પુણ્યથી, વ્યવહારથી ધર્મ થતો નથી, પરનું કાંઈ કરી શકતો નથી અને પોતાની ચીજ અલ્પપણે નથી, પર્યાય પર્યાયમાં નથી એમ. આહાહા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સોનગઢની ક્યાં, આ તો ભગવાનની વાત છે. માણસ એમ કહે છે. એમ ન કરો, પ્રભુ! તને આવું ન શોભે, તું એવો છો નહિ. આહાહા..! તારી ચીજ જ ચિદાનંદ સ્વરૂપ પ્રભુની ખાણ પ્રભુ છોને તું. એ અલ્પજ્ઞ પર્યાયમાં તું આવતો નથી, તો રાગથી તને લાભ થાય એવી ચીજ ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન! એવો નિષેધ કરવો તને ન હોય. રાગથી થાય છે, વ્યવહારથી થાય છે, નિશ્ચયથી થાય છે એ જૂઠ છે એમ કહે છે. અરે! પ્રભુ! એમ ન કર. આહાહા..! પ્રભુ! તને કલંક લાગે છે. આહાહા..!

પૂર્ણાનંદનો નાથ જેના અનુભવમાં આનંદનો સ્વાદ આવે છે... આહાહા..! એને વિષયનું સુખ ઝેર જેવું દેખાય છે. ઈન્દ્રની ઈન્દ્રાણી, કરોડો ઈન્દ્રાણીઓ અને જેનું શરીર અન્ન વિના નભે છે. અહીં તો અન્ન એક દિવસ ન ખાય તો જીર્ણ થઈ જાય. (દેવને) હજારો વર્ષે ઈચ્છા થાય છે. કંઠમાંથી અમૃત (ઝરે છે). એવા ઈન્દ્રો. આહાહા..! સમજાણું કાંઈ? એનું જે સુખ સમકિતી પોતાના આનંદના સ્વભાવની આગળ એ સુખને કાળા નાગ જેવો ઝેર જોવે છે. કાળો નાગ દેખે આમ ફણ મારતો, આમ જોવે તો (ભય લાગે), એમ જ્ઞાનીને.. આહાહા..! નિજ આનંદના અનુભવની આગળ શુભભાવ અને અશુભભાવ ઝેર જેવા દેખાય છે. આવી ચીજ છે. આહાહા..! એ સુંદર શરીર ને સુંદર ભાષા ને સુંદર અવયવો ને, એ તો માટી જડનું પૂતળું છે. આહાહા..! એ તો જડની રચના છે, ભાઈ! આહાહા..! વ્યંતરી-વ્યંતરીનું જેવું ઘર હોયને? ભૂતડી. આ ભૂત જડના ઘર છે આ તો. આહાહા..! આ ભૂત છે. આહાહા..!

પહેલાં જ્યારે પાલેજ ગયાને પાલેજ. અહીંયાં ૫૯ની સાલમાં, અહીં ઉમરાળાથી. ઉમરાળા ૧૧ માઈલ છેને. ત્યાંથી પાલેજ ગયા તો, ૧૩ વર્ષની નાની ઉંમર હતી. આસો મહિનાનો દિવસ હતો. પહેલાંવહેલા ગયા ત્યારની વાત છે. (સંવત) ૧૯૫૯. તો અમે દુકાનમાં સૂતા હતા. પાલેજ પહેલી વાર ગયા, ક્યારેય જોયું નહોતું. પાછળ જિન છે. હવે તો ખલાસ થઈ ગયું. જિન હતું ત્યાં બાયું રાતે રાસડા લેતી હતી. રાસડા સમજ્યા? ગીત ગાતી હતી અને રાસડા લેતી હતી. બહુ બાયું, જિનની બાયું. અમે તો બાળક હતા નાની ઉંમર. કીધું આ શું છે? તો અમે બાળક, નાની ઉંમર એટલે ત્યાં નહિ જવા દેવા માટે શું કીધું ઈ?

ચુડેલ. એ ચુડેલના રાસડા છે. શરીર ૧૩ વર્ષની ઉંમર હતી. રૂપાળું શરીર હતું સુંદર. ૧૩ વર્ષની વાત છે, આ તો ૮૭ થયા. તો નહિ જવા દેવા માટે એમ કહ્યું. ૫૯ની સાલ. મનસુખ. આ દુકાન હતીને જે પહેલી. એ ચુડેલ છે. ચુડેલ છે તો ત્યાં ન જાવું. પછી તો ખબર પડી કે આ રાતે ન જવા દેવા માટે એમ કહ્યું. એમ અહીં કહે છે કે પ્રભુ! આ ચુડેલનું ઘર છે. સમજાણું કાંઈ? એ નિજઘરને છોડીને ચુડેલના ઘરમાં નહિ જઈશ, પ્રભુ! આહા..! ચુડેલે બનાવેલું આ ઘર છે. આહાહા..!

કહે છે કે હું તો મારા સ્વભાવના અનુભવમાં સ્વાદ લઉં છું. આહાહા..! મારી મુક્તિ તો અલ્પકાળમાં થશે, સંશય શું છે! ભવનો અભાવ કેવળીને પૂછવું છે? પંચમ આરામાં તો કેવળી છે નહિ. તો કોને પૂછીને આ નિર્ણય કર્યો? સમજાણું કાંઈ? આહાહા..! શ્રીમદ્ રાજચંદ્ર સમકિત પામ્યા, અનુભવ થયો. તો એકવાર એમ કહી દીધું થોડું 'શેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે; પણ જેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' ઝવેરી હતા, લાખોનો વેપાર હતો, આત્મ-અનુભવી હતા. પણ આમ જોવે છે કે અરે..! થોડો રાગ છે, તો હજી એકાદ ભવ કરવો પડશે એવું લાગે છે. 'અશેષ કર્મનો ભોગ છે' એટલે રાગ 'ભોગવવો અવશેષ રે, જેથી એક દેહ ધારીને...' દેહ મનુષ્યની વાત લેવી. અત્યારે તો સ્વર્ગમાં ગયા છે. 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' અમારા સ્વદેશમાં એક દેહ ધારીને અંદરમાં ચાલ્યા જઈશું. ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી, કુટુંબ, પરિવાર હતો. એના ઘરમાં હતા, અહીં ક્યાં હતા? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'એમાં શો સંશય છે?'** આહાહા..! શું નિયમસાર! શું કળશો! ઓહો..! ગજબ વાત છે!! ૪૦ થઈ. ૪૧.

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा।।४१।।**

આહાહા..! ઉદયઠાણા પહેલાં આવ્યું હતું, પણ આ તો પાંચની સાથે ભેગું નાખ્યું છે.

**સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં,**
**સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.**

આહાહા..! **'ટીકા :- ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.'** ક્ષાયિકભાવ કેવળજ્ઞાનની પર્યાય, ઉપશમભાવ સમકિતચારિત્રની પર્યાય, ક્ષયોપશમભાવ ચાર જ્ઞાનનો ઉઘાડ, ઉદયભાવ ગતિ આદિ. એ ચાર ભાવ મારામાં નથી. કહો, વ્યવહારરત્નત્રય તો ઉદયભાવ છે એ તો મારામાં નથી, પણ ક્ષાયિકભાવની પર્યાય પણ મારામાં નથી. આહાહા..! રાડ નાખી જાયને. જેમાં જે નથી એનો એ કર્તા ન થઈ શકે. ઝીણી વાત છે થોડી. જેમ આત્મામાં શરીરનો અભાવ છે તો શરીરનો કર્તા થઈ શકતો નથી. અભાવ છે એમાં શું કરે? વાણીનો આત્મામાં અભાવ (છે). આહાહા..! શું કરે? રાગનો

પ્રભુમાં અભાવ (છે તો) રાગનું શું કરે? ક્ષાયિકભાવની પર્યાયનો અભાવ. ક્ષાયિકભાવની પર્યાય દ્રવ્ય કઈ રીતે કરે? આહાહા..! ધન્નાલાલજી!

ચાર વિભાવસ્વભાવ કીધા જોયા? ક્ષાયિકભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ઉદયભાવ–ચારને વિભાવસ્વભાવ કહ્યા. વિભાવ નામ વિશેષભાવ. સામાન્ય જે ત્રિકાળી છે એ અપેક્ષાએ ચારને વિભાવસ્વભાવ કહ્યા. આહાહા..! એ '**વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના...**' જે ભગવાન આત્મા સહજાનંદસ્વરૂપ આનંદનું દળ, જ્ઞાનનો પિંડ, શાંતિનો સાગર આહાહા..! ઈશ્વર—પ્રભુતાની શક્તિનો ભંડાર, એવી અનંતી શક્તિઓનો સાગર એમાં આ ચાર ભાવ નથી. આહાહા..! બાયડી-છોકરા એમાં નથી, દેશ-કુટુંબ એમાં નથી, રાગ એમાં નથી, ક્ષયોપશમભાવ એમાં નથી, ઉપશમભાવ એમાં નથી. છેલ્લે કહે છે ક્ષાયિકભાવ પણ એમાં નથી, એ તો પર્યાય છે. આહાહા..! '**ચાર વિભાવસ્વભાવોના...**' ભાષા લીધી છે હોં પાછી. વિભાવસ્વભાવ એમ. એ પંચમભાવ સ્વભાવસ્વભાવ આહાહા..! શુદ્ધ સ્વભાવ. આ ચાર વિભાવસ્વભાવ. આહાહા..! આવી ઉપદેશ શૈલી દિગંબર સંતો સિવાય ક્યાંય નથી. આહાહા..!

**શ્રોતા** :- કોઈએ સંભળાવ્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હતું ક્યાં? ઓહો..હો..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પર્યાય છે. પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી.

**શ્રોતા** :- કોની પર્યાય? ક્યા ગુણની પર્યાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાવની પર્યાય છે. એ ભાવ પર્યાય છે. જ્ઞાનની પર્યાય ક્ષાયિક, દર્શનની પર્યાય ક્ષાયિક, આનંદની પર્યાય ક્ષાયિક, વીર્યની (ક્ષાયિક) પર્યાય એ ભાવ. એ પર્યાયના ભાવ છે. એ ભાવ પર્યાયના છે, આત્માના નહિ, દ્રવ્યના નહિ. આહાહા..! એ પર્યાય દ્રવ્યમાં નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..! પ્રભુ! તું તો દ્રવ્યસ્વભાવ છોને. તું તો નિત્યસ્વભાવી, પરમસ્વભાવી, ઉત્કૃષ્ટ દ્રવ્યસ્વભાવી જ તારી ચીજ છેને, પ્રભુ! આહાહા..! જ્યાં દૃષ્ટિ દેવાની છે એમાં તો ઈ ચાર પર્યાય પણ નથી. સમજાણું કાંઈ? દૃષ્ટિ છે એ પર્યાય છે અને એ પર્યાય ઉપશમ, ક્ષયોશમ, ક્ષાયિકરૂપ પર્યાય છે, છતાં એ પર્યાય દ્રવ્યમાં નથી. જેનું લક્ષ કરવું છે એમાં એ નથી. આહાહા..! ગજબ વાત છે!

શું કહે છે? જે નિયમસાર મોક્ષની પર્યાય અને મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ છે એ ઉપશમ, ક્ષયોપશમભાવ છે અને ફળ છે એ ક્ષાયિકભાવ છે. શું કહ્યું સમજાણું કાંઈ? આ નિયમસાર જે છે એ મોક્ષનો માર્ગ છે. આ મોક્ષના માર્ગની વ્યાખ્યા છે, પણ એ મોક્ષનો માર્ગ એ પર્યાયરૂપ છે. ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક કોઈક છે. સમકિત ક્ષાયિક હોય છેને? તો એ પર્યાય નિયમસાર જે પર્યાય છે એ દ્રવ્યમાં નથી. આહાહા..! અને એનું ફળ ક્ષાયિકભાવ,

માર્ગનું ફળ અને માર્ગ, બેય દ્રવ્યમાં નથી. આહાહા..! ભાઈ! માર્ગ તો એવો છે. એ પૂર્ણાનંદની ખાણમાં દૃષ્ટિ દેવા પર્યાયની દૃષ્ટિ છોડવવા માટે વાત કરી છે. આહાહા..!

**શ્રોતા :–** ક્ષાયિકભાવ... મોક્ષમાર્ગ અને મોક્ષ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્ષાયિકસમકિત મોક્ષમાર્ગ છે. જ્ઞાન ક્ષયોપશમ, શાંતિનો ક્ષયોપશમ એ મોક્ષનો માર્ગ છે.

**શ્રોતા :–** ક્ષાયિકભાવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ક્ષાયિક સમકિતની અપેક્ષાએ કહ્યું. ઓલો પૂર્ણ ક્ષાયિકભાવ છે. આ સમકિતનો ક્ષાયિકભાવ તો ચોથેથી શરૂ થાય છે, પણ પૂર્ણ નથી. એની સાથે જ્ઞાનનો ક્ષયોપશમભાવ છે, ચારિત્રનો ક્ષયોપશમભાવ છે, એની સાથે. તો એ ભાવ આત્મામાં નથી. આહાહા..! અને પૂર્ણ ફળરૂપે ક્ષાયિક સિદ્ધપદની પર્યાય કેવળજ્ઞાનાદિની.. આહાહા..! એ પર્યાય છેને. (લોકો) ગુણ-ગુણ કરે છેને. ગુણ નથી, કેવળજ્ઞાન ગુણ નથી, પર્યાય છે, એક સમયની દશા છે. ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ એમાં એક સમયની ક્ષાયિકપર્યાયનો અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં દૃષ્ટિ કરવાની છે એ ચીજમાં દૃષ્ટિની પર્યાય પણ નથી.

**શ્રોતા :–** આત્માનું સંવેદન પર્યાયમાં થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય હોય તો પણ એ પર્યાય દ્રવ્યમાં નથી. કેમકે એક સમયની પર્યાય જો દ્રવ્યમાં હોય તો પર્યાય પલટતા આખું દ્રવ્ય પણ પલટી જાય, દ્રવ્યનો પણ નાશ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? એ ૩૨૦મી ગાથામાં આવ્યું છે. ધ્યાન જે મોક્ષનો માર્ગ એ વિનશ્વર છે. તો ધ્યાન આત્માથી ભિન્ન ચીજ છે, દ્રવ્યથી ભિન્ન ચીજ છે. આહાહા..! કેમકે જો બે ચીજ અભિન્ન હોય તો ધ્યાનનો નાશ થતાં દ્રવ્યનો નાશ થઈ જશે સાથે. ન્યાયથી વસ્તુ સમજવી જોઈએને. આહાહા..!

આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવના દિવ્યધ્વનિમાં આવ્યું એવું પદાર્થનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! સમવસરણમાં અનંતવાર ગયો, સાંભળ્યું, પણ અંતર શું ચીજ છે એના ઉપર દૃષ્ટિ ન આપી. બહારમાં ખુશ થઈ ગયો. બસ, સમવસરણ જોયું, ભગવાનને જોયા, સમવસરણમાં વાણી સાંભળી. વાણી સાંભળી એ તો વિકલ્પ છે, પરલક્ષી જ્ઞાન છે. ભગવાન, વાણી આદિ તો પર છે, એ તો ઇન્દ્રિય છે. અણિન્દ્રિય આત્માથી એ તો ભિન્ન ઇન્દ્રિય છે. આહાહા..! જેમ આ જડ ઇન્દ્રિય છે, એમ ભાવેન્દ્રિય છે ખંડ-ખંડ એક (એક) વિષયને દેખનારી અને એ ઇન્દ્રિયનો વિષય છે ભગવાનની વાણી આદિ—એ ત્રણેને ઇન્દ્રિય કહેવામાં આવ્યું છે. ૩૧ ગાથા. સમયસારની ૩૧મી ગાથા.

**'जो इंदिये जिणित्ता'** ઇન્દ્રિયોને જીતીને. એમાં ત્રણ પ્રકાર લીધા છે એ ત્રણેને જીતીને, ત્રણેનું લક્ષ છોડીને. આહાહા..! ભગવાનની વાણી છે એનું પણ લક્ષ છોડીને અને ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજે છે એ ઇન્દ્રિય છે. ઇન્દ્રિયનો વિષય ઇન્દ્રિય છે. આહાહા..!

એનું લક્ષ છોડીને અણિન્દ્રિય એવો તારો ભગવાન પૂર્ણાનંદ છે. '**णाणसहावाधियं मुणदि आदं**' જે પર્યાયથી પણ અધિક ભિન્ન, ઇન્દ્રિયોથી ભિન્ન એટલે કે વાણીથી ભિન્ન એ ભગવાનથી ભિન્ન અને કાનથી ભિન્ન અને ઇન્દ્રિય જે ખંડ-ખંડ એક એક વિષયને જાણનારી એનાથી પણ ભિન્ન. '**णाणसहावाधियं**' ત્રિકાળી જ્ઞાનસ્વભાવ અધિક નામ પર્યાયથી, પરથી જુદો છે. આહાહા..! પર્યાયથી ક્ષયોપશમ ઇન્દ્રિય છેને ભાવ? એનાથી વસ્તુ ભિન્ન છે. આહાહા..! ક્ષયોપશમભાવથી પણ એ વસ્તુ ભિન્ન છે. અહીં તો ક્ષાયિકભાવથી પણ વસ્તુ ભિન્ન કહેવી છે. આહાહા..! લોકોને સમયસાર... એક જણો કહેતો હતો કે તમે તો બહુ વખાણ કરતાં હતા સમયસારના, પંદર દિવસમાં વાંચી નાખ્યું. બહુ સરસ. આહાહા..! પઢ ડાલા. અરે! બાપુ! આવી ચીજ છે. આહાહા..! સમયસાર ભગવાનનું કહેલું, કેવળીની વાણી છે. સંતોએ વાણીમાં એમ કહ્યું છે. આહાહા..!

કહે છે એ '**ચાર વિભાવસ્વભાવોના...**' ભાષા તો જુઓ, વિશેષભાવ એ સામાન્યમાં નથી. આમ કહે કે વસ્તુ સામાન્ય-વિશેષ ... સામાન્ય-વિશેષ થઈને વસ્તુ છે. એ તો પ્રમાણનો વિષય લીધો. સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો એકલો જે સામાન્ય છે એમાં આ વિશેષ ચાર ભાવ નથી. આહાહા..! પ્રમાણજ્ઞાન પણ, આ ચાર ભાવ વસ્તુમાં નથી એવો નિશ્ચય કર્યો એ નિશ્ચયદૃષ્ટિ રાખીને પર્યાયનું જ્ઞાન કરે છે તો પ્રમાણજ્ઞાન, પણ એ ચીજને આમ રાખીને પર્યાયને મેળવે છે. એનો નિષેધ કરીને પ્રમાણ (જ્ઞાન) પર્યાયને ભેળવે છે એમ નથી. સમજાણું કાંઈ?

ફરીથી. પ્રમાણજ્ઞાનમાં, પહેલાં દ્રવ્યમાં ચાર ભાવ નથી એવું નિશ્ચયનું જ્ઞાન થયું, પછી 'પર્યાય જે છે એ મારામાં છે' એવું જ્ઞાન કરે છે તો પ્રમાણજ્ઞાન થયું, પણ એ નિશ્ચયનો નિષેધ કરીને પ્રમાણનું જ્ઞાન કરે છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત! અરે..! જૈનદર્શન તો જૈનદર્શન છે! આહાહા..! રત્નની ખાણ છે, ચૈતન્યરત્નની ખાણ! આહાહા..! એ કોઈ સંપ્રદાય નથી, સમજાણું કાંઈ? વસ્તુનો સ્વભાવ છે. 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચનસે સમજલે જિન વચનકા મર્મ.' આહાહા..! સ્ત્રીનું શરીર, પુરુષનું શરીર એ શરીરને ન જો. એ આત્મામાં નથી. કર્મને ન જો, કર્મ આત્મામાં નથી. રાગને ન જો, આત્મામાં નથી. આ ચાર ભાવને ન જો, ચાર ભાવ આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

હવે લ્યે છે. '**કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.**' નીચે ખુલાસો કર્યો છે. '**કર્મોના ક્ષયે = કર્મોના ક્ષયમાં; કર્મોના ક્ષયના સદ્‌ભાવમાં;...**' કર્મક્ષયની હયાતીમાં. કર્મ તો એને કારણે નાશ પામે છે, પણ '**કર્મોના ક્ષયના સદ્‌ભાવમાં (વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે.)**' વ્યવહારે કર્મ ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં (એટલે) ક્ષાયિકભાવમાં (આવે). કર્મના ક્ષયની અપેક્ષા ક્ષાયિકભાવમાં

આવી. આહાહા..! એ જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ. તે ક્ષાયિકભાવ આત્મામાં નથી, આહાહા..! દ્રવ્યસ્વભાવમાં નથી. એના કોઈ વાંચે કે સ્થાનકવાસી આ વાંચે '**णो खइयभावठाणा**' આહાહા..! આ શું કહે છે? ક્ષાયિકભાવ તો સિદ્ધમાં પણ છે. અરે..! સાંભળતો ખરો, ભાઈ! પર્યાયમાં, પર્યાયમાં દ્રવ્ય ક્યાં આવ્યું? દ્રવ્ય તો દ્રવ્યમાં રહ્યું. આહાહા..! બે ભિન્ન ધર્મ છે. પર્યાયધર્મ, દ્રવ્યસ્વભાવધર્મ. ધર્મ એટલે? ટકનારી વસ્તુ. આહાહા..!

'**કર્મોના ક્ષયે જે ભાવ હોય...**' અપેક્ષા કર્મની '**તે ક્ષાયિકભાવ છે. કર્મોના ક્ષયોપશમે જે ભાવ હોય તે ક્ષાયોપશમિકભાવ છે.**' એનો ખુલાસો કરશે. '**કર્મોના ઉદયે જે ભાવ હોય તે ઔદયિકભાવ છે.**' રાગાદિ. '**કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે. સકળ કર્મોપાધિથી વિમુક્ત એવો,...**' આહાહા..! સકળ કર્મની ઉપાધિ એ ઉપાધિ નિમિત્ત છે. '**એવો, પરિણામ જે ભાવ...**' પરિણામ શબ્દે સહજ સ્વભાવભાવ. પરિણામ એટલે પર્યાય નહિ અહીં. '**परिणामी भवः परिणामः**' સહજ ભાવે છે તે પરિણામ. આહાહા..!

**શ્રોતા** :- કર્મના ક્ષયમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ ક્ષયમાં એટલી અપેક્ષા. કર્મના ક્ષયે જે ભાવ અહીં થયો...

**શ્રોતા** :- સમકિતમાં એ ક્ષયમાં થવાવાળો ભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ક્ષય એનો અર્થ એ. ક્ષય ત્યાં થાય છે એની અપેક્ષાએ જે ભાવ થયો તે ક્ષાયિક. નીચે ખુલાસો કર્યો છે.

**શ્રોતા** :- ... કર્મના ઉદયમાં થવાવાળો ભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉદયમાં થનારો ભાવ છે રાગ અને ક્ષયમાં થવાનો ભાવ ક્ષાયિક. એમ જ છે. એ ભાવ એવો જ છે. કર્મના ક્ષયની જેમાં અપેક્ષા છે. તેથી ખુલાસો કર્યો. કર્મના ક્ષયની જેમાં અપેક્ષા છે એવો ક્ષાયિકભાવ. કર્મના ઉદયની જેમાં અપેક્ષા એનું નામ રાગભાવ. એ આત્મામાં નથી. વિશેષ ખુલાસો આવશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૨, સોમવાર, તા. ૧૮-૦૮-૧૯૭૫, ગાથા-૪૧, પ્રવચન નં. ૮

આ નિયમસાર-મોક્ષમાર્ગની પર્યાયનો અધિકાર એમાં આ શુદ્ધભાવ (અધિકાર ચાલે છે). ). જેના આશ્રયે, જેને અભિમુખ (થવાથી) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ઉત્પન્ન થાય છે તેને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તો એ શુદ્ધભાવ '**ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા...**' આહાહા..! ચાર પર્યાયોમાં જે ચાર ભાવ છે– ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ અને ઉદય, એ ત્રિકાળ પરમસ્વભાવ વસ્તુ ધ્રુવ શુદ્ધભાવ, દ્રવ્યસ્વભાવ એમાં એ નથી. જેમાં એ નથી, ત્યાં દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! ભારે વાત! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાય કે મોક્ષમાર્ગની પર્યાય જેમાં નથી. ચાર ભાવ નથી તો એ નથી. આહાહા..! તો એ વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય આનંદદળ સહજાત્મસ્વરૂપ... શ્રીમદ્‌માં એ વાક્ય છે. શિષ્યોને આપે તો એ કહેતા, સહજાત્મસ્વરૂપ. સહજ વસ્તુનું સ્વરૂપ જે સહજપરમસ્વભાવ એમાં આ ચાર ભાવ નથી. આહાહા..! એ ભાવના અભાવ દ્વારા '**પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.**'

પહેલાં કહ્યું કે '**કર્મોના ક્ષયે...**' જે પર્યાયમાં ક્ષાયિકભાવ થાય છે એમાં કર્મના ક્ષયના નિમિત્તની અપેક્ષા છે. એટલું લેવું. નીચે ખુલાસો કર્યો છે. '**કર્મોના ક્ષયે = કર્મોના ક્ષયમાં; કર્મોના ક્ષયના સદ્‌ભાવમાં (વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે.)**' આહાહા..! કેવળજ્ઞાન, કેવળદર્શન એ ક્ષાયિકભાવ છે. જેમાં કેવળજ્ઞાનાવરણીયના ક્ષયના નિમિત્તની અપેક્ષા છે એટલી વાત. સમજાણું કાંઈ? એ ક્ષય આત્મા કરતો નથી. ક્ષયના કર્મની પર્યાયરૂપ જે દશા છે એ જ્યારે અકર્મરૂપ થઈ જાય છે ત્યારે ક્ષય કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! એવો જે ક્ષાયિકભાવ.

કર્મોના ક્ષયોપશમથી જે ભાવ. જેમાં કર્મના ક્ષયોપશમની અપેક્ષા નિમિત્તથી રહે છે એવા ભાવને ક્ષયોપશમ પર્યાય કહે છે. કર્મના ઉદયે જે ભાવ થાય.. સમજાણું કાંઈ? '**કર્મોના ઉદયે...**' નિમિત્તની અપેક્ષા. ભાવ તો પોતામાં પોતાથી થાય છે પણ જેમાં કર્મના ઉદયની નિમિત્તની અપેક્ષા છે તે ભાવને ઉદયભાવ કહે છે અને ઉપશમથી જે ભાવ થાય '**કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે.**' આહાહા..! '**સકળ કર્મોપાધિથી વિમુક્ત...**' એ ચારેય પર્યાયથી વિમુખ, વિમુક્ત. આહાહા..! '**પરિણામે જે ભાવ હોય...**' પરિણામ શબ્દે આ પર્યાય નહિ. સહજસ્વભાવરૂપ વસ્તુ જે છે એ પરિણામથી જે ભાવ (હોય).. પાઠમાં એમ છે જુઓ, છે? 'सकलकर्मोपाधिविनिर्मुक्त परिणामे भवः

**पारिणामिकभावः।**' પરિણામ શબ્દે સહજભાવ, પરિણામ શબ્દે પર્યાય નહિ. આહાહા..! સહજ સહજાત્મસ્વરૂપ પરિણામ નામ સહજભાવથી જે ભાવ છે, જેમાં નિમિત્તની અપેક્ષા નથી. નિમિત્તની હયાતીની અપેક્ષા નથી અને નિમિત્તના અભાવની પણ જેમાં અપેક્ષા નથી. આહાહા..!

**શ્રોતા :-** પરિણામ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણામ એટલે પરિણામીકસ્વભાવ. પરિણામ (એટલે) પર્યાય નહિ. સમજાણું કાંઈ? '**परिणामे भवः**' નામ સહજપણે થનાર તે પારિણામિક, એમ. જેમાં કર્મની હયાતીની અપેક્ષા એ ઉદય અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં કર્મના નિમિત્તની અભાવની અપેક્ષા, ઈ એમાં નથી. આહાહા..! પરમસ્વભાવ પિંડ પરમાત્મ દરબાર પૂર્ણાનંદનો નાથ જેમાં પરિણામથી સહજ ભાવે જે ભાવ છે એ પરિણામિક કહે છે. એમાં એ ચાર ભાવ નથી. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ!

મોક્ષમાર્ગનો અધિકાર છેને. નિયમસાર છેને. તો કહે છે કે નિયમસાર બે પ્રકારના— એક ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પારિણામિકસ્વભાવ તે નિયમસાર, એ ધ્રુવ. એ પહેલાં આવી ગયું છે. ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ, ધ્રુવસ્વભાવ એ નિયમસાર. પરિણામે ભવઃ પારિણામિકસ્વભાવ એ નિયમસાર. એ ધ્રુવ. અને એને આશ્રયે ઉત્પન્ન થાય, પર્યાયમાં એ નિયમસાર પર્યાય. કેમ? પહેલાં કહી ગયા છે કે સર્વ શાસ્ત્રની પદ્ધતિ બે નયથી કહેવામાં આવી છે. પહેલાં આવ્યુંને? પહેલાં.

'**વાચંયમીંદ્રોનું (-જિનદેવોનું) મુખકમળ જેનું...**' બીજું પાનું છે. બીજો કળશ. જિનદેવો. એ વાચંયમીંદ્ર કહેવામાં આવે છે. શું? મુનિઓમાં પણ પ્રધાન. આહાહા..! મુનિ તો મૌન હોય છે. એમાં પણ ભગવાન મૌન છે. આહાહા..! એવા જિનવરદેવ '**મુખકમળ જેનું વાહન છે...**' અપેક્ષાએ કથન છે. વાણી મુખકમળથી નથી નીકળતી. વાણી તો ભગવાનના આખા શરીરમાંથી નીકળે છે. પણ લોકો એમ સમજે છે માટે એ અપેક્ષાએ કથન કર્યું છે. નહિતર વાણી ભગવાનને તો ૐ ધ્વનિ સર્વાંશ પ્રદેશે ૐ એવો ધ્વનિ ઉઠે છે. સમજાણું કાંઈ? એ કાંઈ મુખકમળથી નથી નીકળતી, પણ એમ કહેવામાં આવ્યું. લોકો એમ સમજે છે કે વાણી તો મુખકમળથી આવે છે. એ પંચાસ્તિકાયમાં એમ લીધું છે. મુખકમળથી નીકળી. પણ શબ્દમાં-પાઠમાં આમ છે. જુઓ!

કહે છે કે '**મુખકમળ જેનું વાહન છે.**' વાણી. '**અને બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે.**' છે? આહાહા..! '**બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે.**' એ દ્રવ્યાર્થિકનયથી કહે અને પર્યાયાર્થિકનયથી (કહે), બેથી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્યાર્થિકનયથી કહે ત્યારે દૃષ્ટિનો વિષય પરમસ્વભાવભાવ એમાં એ ભાવ નથી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ પર્યાયનયથી કહે તો

એની પર્યાયમાં ચાર ભાવ છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એક જ નયનો વિષય ગ્રહણ કરવાલાયક નથી એમ કહ્યું છે. બે નયનો વિષય ગ્રહણ કરવાલાયક છે. આહાહા..! એનો શું અર્થ? કે દ્રવ્યાર્થિકનય છે, દૃષ્ટિનો વિષય દ્રવ્યાર્થિકનય છે. દૃષ્ટિના વિષયનું કથન દ્રવ્યાર્થિકનયથી છે, દ્રવ્ય ત્રિકાળ એનાથી છે અને પર્યાયનો વિષય એની પર્યાયમાં રાગ છે, ભાવ છે એનો વિષય કરનારી પર્યાયનયથી કથન છે. પર્યાયનયથી કથન છે એને છે જ નહિ એમ માનવું... સમજાણું કાંઈ? તો એક નયનું કથન ઉડી જાય છે અને ત્રિકાળી એક જ વસ્તુ છે, પર્યાય છે જ નહિ તોપણ નય ઉડી જાય છે. આહાહા..! પર્યાય વ્યવહારનયનો વિષય છે, એ ચાર ભાવનો વિષય પર્યાયનયે છે. દ્રવ્યાર્થિકનયથી એમાં એ ચાર નય નથી. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મામાં પાંચ ભાવમાં ચાર ભાવ નથી પંચમભાવમાં. હવે **'આ પાંચ ભાવોમાં,...'** ખુલાસો કરે છે. **'ઔપશમિકભાવના બે ભેદ છે, ક્ષાયિકભાવના નવ ભેદ છે, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીશ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે.' 'હવે, ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે :- ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર.'** આત્માની પર્યાયમાં કર્મના ઉપશમરૂપી નિમિત્તની અપેક્ષાએ પોતામાં ઉપશમ થાય છે. એક પર્યાય છે. પ્રથમ સમ્યગ્દર્શન ઉપશમ જ થાય છે. તેથી ઉપશમસમ્યગ્દર્શન લીધું છે. સમજાણું કાંઈ? પાઠમાં તો એમ લીધું છે, ક્ષાયિક, ક્ષયોપશમ, ઉદય અને ઉપશમ એમ છેલ્લે લીધું છે. અહીંયાં પહેલું લઈ લીધું છે. કેમકે ઉપશમભાવ સમકિત પહેલા ઉપશમભાવથી જ થાય છે. આહાહા..! શરૂઆત ત્યાંથી થાય છે.

અખંડ આનંદ પ્રભુ જેમાં એકલો અનંત આનંદ, જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ છલોછલ ભરેલો છે, જેમાં પરિણમન પણ નથી. આહાહા..! એવા અતીન્દ્રિય આનંદનું દળ. અમારે કાઠિયાવાડમાં એક દળના લાડવા હોય છે. તમારે નહિ હોય કે બીજા નામથી કહેતા હશે. લાડુ-લાડુ હોય છે. દળના લાડુ કહે છે. એ લાડવાનું નામ જ દળના લાડવા છે. તલ નહિ.. નહિ.. તમારું કામ નહિ. દળ-દળ. દળ છેને આમ પિંડ. કસવાળા દળના લાડવા કહે છે એને. તમારી ભાષા હશે કાંઈક. અત્યારે દળના લાડવા આવ્યા હતા થોડા. છોકરાઓને આપ્યા હતા, વિદ્યાર્થીઓને. કોક લાવ્યા હતા નહિ? બાયું. દળના લાડવા હતા. કસદાર તત્ત્વ. એવું દળ છે આત્મા. આહાહા..!

**શ્રોતા :-** લાડવાથી ઘણો આનંદ થાતો હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આનંદ થાય છે, પણ એ લાડવામાં નહિ, આ લાડવામાં. આહાહા..! આ દળનો લાડવો ભગવાન પરમાનંદનો નાથ જેના અભિમુખ થવાથી આનંદ જ આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો કે આનંદ કહો. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એવી ચીજ ઉપર અભિમુખ થવાથી, પર્યાયને એ તરફ ઢાળવાથી.. આહાહા..! પરતરફથી

ખસીને... આહાહા..! અતીન્દ્રિય આનંદનો પર્યાયમાં સ્વાદ આવે છે. એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વાત છે, ભાઈ! ધર્મ કોઈ સાધારણ ચીજ નથી. ધર્મ થતાં આનંદ આવે એનું નામ ધર્મ. ધર્મ એને કહીએ કે ધર્મી જે ભગવાન આત્મા અનંત આનંદનો પિંડ પ્રભુ એ તરફ ઢળવાથી, પર્યાયને એ તરફ વાળતા અતીન્દ્રિય આનંદમાંથી આનંદ ઝરે છે. એ આનંદનો સ્વાદ આવે એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. સમજાણું કાંઈ?

એ કહ્યું હતુંને પહેલાં, કુંદકુંદાચાર્ય કહે છેને પાંચમી ગાથામાં? હું મારા નિજવૈભવથી કહીશ. પાંચમી ગાથા, સમયસાર. મારા નિજવૈભવથી કહીશ. મારો નિજવૈભવ ક્યો? કે નિરંતર ઝરતો સુંદર સ્વાદમાં આવતો પ્રચુરસ્વસંવેદન જે મને થયું છે અને જેમાં આનંદની મહોરછાપ પડી છે. મહોરછાપ સમજો છો? ટ્રેડમાર્ક. આહાહા..! અમારા ચારિત્રધર્મમાં નિજવૈભવમાં, જેના વૈભવમાં અતીન્દ્રિય આનંદની ટ્રેડમાર્ક મહોરછાપ છે. આ પોસ્ટમાં નથી કરતાં? સીલ મારે છે. સીલ નથી મારતા, છાપ મારે ઈ. કાગળ ઉપર છાપ મારે છે. એમ ભગવાન આત્મા! આહાહા..! અમારા સ્વરૂપની પરિણતિમાં આનંદની મહોરછાપ છે. આહાહા..! એ મારો વૈભવ છે. સંસારના દુઃખનો ભાવ એ અમારો વૈભવ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ પૈસા-બૈસાની વાત નથી. પૈસા મારા છે એવી મમતા, લક્ષ્મી મારી છે, શરીર મારું છે, એવી મમતા એ દુઃખરૂપ વૈભવ છે, એ વૈભવ નિજનો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા આનંદની મહોરછાપ અમારા વૈભવમાં પડી છે. આહાહા..! પૂર્ણાનંદના નાથને જ્યારે અભિમુખ થઈને સંભાળ્યો... આહાહા..! તો અનંતકાળમાં આનંદનો સ્વાદ નહોતો આવતો એવો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો, એનું નામ મોક્ષનો માર્ગ છે. ધર્મ થાય અને આનંદ ન આવે એ ધર્મ નહિ.

**શ્રોતા :-** મિસરી ખાય અને મીઠાશ ન આવે એમ બને નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મીસરી મીઠાશસ્વરૂપ જ છે, એમ ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. બાપુ! કઠણ વાત. જગતને આ વાત... આહાહા..! ધર્મ એને કહીએ કે ધર્મી એવો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે એ તરફ વળતા પર્યાયમાં અતીન્દ્રિય આનંદ થવો, સમ્યગ્દર્શન થાય તો એ અતીન્દ્રિય આનંદ છે, સ્વસંવેદન જ્ઞાન છે તો એ આનંદ છે અને ચારિત્ર છે તો એ આનંદ છે. આહાહા..! ચારિત્ર દુઃખદાયી કહે છેને માણસ? એ છ ઢાળામાં આવે છેને? ત્યાગ-વૈરાગ્યકો... ચારિત્ર? કષ્ટદાયક બાપા! આહાહા..! મીણના દાંતે લોઢાના ચણા ચાવવા! મોમ—મીણ-મીણ. એના દાંતે લોઢાના ચણા ચાવવા, બાપા! ચારિત્ર તો મહા કષ્ટદાયક. તું ચારિત્રને સમજતો નથી. આહાહા..!

ચારિત્રમાં તો આનંદ આવે છે. અતીન્દ્રિય આનંદ આવવો એ ચારિત્ર છે. તું કષ્ટદાયક માને તો તને ચારિત્રની ખબર નથી. આહાહા..! ચારિત્ર—ચરવું, ચરવું નામ રમવું, રમવું નામ

આનંદનું ભોજન કરવું. આહાહા..! જેમ પશુ જંગલમાં ચરવા જાય છે તો ત્યાં ઘાસ ચરે છે કે ઢેફાંને? ધૂળ ચરે છે? એમ ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ એમાં રમણતા થાય છે તો આનંદનું ચરવું છે ત્યાં તો. અતીન્દ્રિય આનંદનો નિત્યભોજી ભગવાન આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? ધન્નાલાલજી! આવો ધર્મ ભારે, ભાઈ! કેટલાક કહે સોનગઢવાળાએ નવો કાઢ્યો એમ કહે છે. આ શું કહે છે? અનાદિનો માર્ગ છે. તને ખબર નથી માટે કાંઈ બીજો માર્ગ થઈ જાય? આહાહા..!

કહે છે કે ઔપશમિકભાવના બે ભેદ એ એમાં છે જ નહિ. ઉપશમસમકિત અને ઉપશમચારિત્ર. જેમાં આનંદની દશા પ્રગટ થાય છે. જેમકે પાણીમાં મેલ છે તો મેલ નીચે બેસી જાય છે અને ઉપર પાણી આવી જાય છે, એમ અહીંયાં મેલ બેસી ગયો છે. મેલનો અભાવ થયો નથી. મેલ નીચે બેસી ગયો છે. નીતરતું જેમ પાણી છે એવો ઉપશમ શાંતરસ, આનંદરસ. એ સમકિત આનંદરસ એ ચારિત્ર. આહાહા..! પણ એ પર્યાય દ્રવ્યમાં નથી એમ કહેવું છે અહીં તો. સમજાણું કાંઈ? એ પર્યાય દ્રવ્યમાં નથી. પર્યાયનું અસ્તિત્વ પર્યાયમાં છે. પર્યાયનું અસ્તિત્વ હયાતી, મોજૂદગી દ્રવ્યમાં નથી. આહાહા..! એમ આનંદની પર્યાય ઉપશમસમકિત, ઉપશમચારિત્ર વસ્તુમાં નથી. આહાહા..! પર્યાયમાં છે. ઉપશમસમકિત અને ચારિત્ર બેય.

હવે ક્ષાયિકભાવના નવ ભેદ. '**ક્ષાયિકસમ્યક્ત્વ,...**' આહાહા..! ચોથા ગુણસ્થાનથી ક્ષાયિક સમકિત થાય છે તો કેવળજ્ઞાનમાં પણ ક્ષાયિકસમકિત રહે છે. આહાહા..! શ્રેણીક રાજા ચોથે ગુણસ્થાને ક્ષાયિકસમકિત. એ ક્ષાયિકસમકિત કેવળજ્ઞાન થયું તો ત્યાં રહ્યું. આહાહા..! એ ક્ષાયિકસમકિત ત્યાં ગણવામાં આવ્યું. સાથે લેવું છેને? નહિતર ચોથેથી ક્ષાયિકસમકિત (હોય છે). આહાહા..! માથું ફોડીને મરણ થયું. ક્ષાયિકસમકિતને કાંઈ હરકત નથી. પૂર્ણાનંદના નાથની જે પ્રતીતિ ક્ષાયિકભાવથી ઉત્પન્ન થઈ, એમાં (માથું ફોડીને) મરણ થયું (તો) ક્ષાયિક સમકિતમાં જરીએ દોષ નથી. આહાહા..! એ ચારિત્રદોષ હતો. સમજાણું કાંઈ? અને એક રાગના કણને પણ પોતાનો માને તો એ મિથ્યાત્વનો દોષ છે. સમજાણું કાંઈ? અહીંયાં તો અંતર આનંદના નાથનું ક્ષાયિકસમકિત પ્રગટ થયું. આહાહા..! જે ક્ષાયિક કેવળજ્ઞાન લેશે. તો એ ક્ષાયિકપર્યાય પણ આત્મામાં નથી. આહાહા..! પર્યાયમાં પર્યાય છે, ત્રિકાળમાં નથી. આહાહા..! એ બધી પ્રજા પિતા પરમાત્મામાં નથી. એ બધી પર્યાય પ્રજા છે.

**શ્રોતા :-** પર્યાય ત્રિકાળમાંથી તો આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે ભલે. આવે એમ કહેવું એ પણ ભેદનયથી છે. એ તો કેમ (એમાંથી) આવે છે (કહ્યું)? કાંઈ અદ્ધરથી નથી આવતી, એટલી અપેક્ષા. બાકી તો પર્યાય પણ સ્વતંત્ર છે. પર્યાય જે આવી... દ્રવ્ય તો એકસરખું છે. પર્યાય વિષમતા એક થોડી ઉપશમસમકિત, વળી ક્ષાયિક એવા ભેદ કેમ પડ્યા? એ તો પર્યાયની સ્વતંત્રતા છે. દ્રવ્ય છે એ તો એકરૂપ છે. અભેદમાંથી જો આવે તો અભેદમાં જેવી ચીજ છે એવી ચીજ

પર્યાયમાં આવવી જોઈએ. એમાં ઓછી, વત્તી આવે એમાં ભંગ ન પડવો જોઈએ. સમજાણું કાંઈ? આહાહા..! થોડી સૂક્ષ્મ વાત છે. એકરૂપ પર્યાય આવવી જોઈએ. આ તો એકરૂપ નથી. ભલે કેવળજ્ઞાન પછી એકરૂપ આવે છે, પણ એ પહેલેથી સિદ્ધ કરવું જોઈએ. આહાહા..!

દ્રવ્યસ્વભાવ, શુદ્ધસ્વભાવ પરમપારિણામિકનો સાગર પડ્યો છે. એમાંથી પર્યાય આવે છે તો એકસરખી નથી આવતી. એ અપેક્ષાથી પર્યાયને સ્વતંત્ર કહેવામાં આવી છે. પરિણતિ એમ જાણે છે કે હું તારામાંથી આવી એવી હું નથી, હું તો સ્વતંત્ર છું. પરિણતિ એમ જાણે છે કે હું પણ સત્ છું. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તો ઉત્પાદ સમ્યગ્દર્શનનો થયો એ પણ સત્ છે. તો સત્‌ને કોઈ હેતુની જરૂર નથી. ત્રણે સત્ કોઈને કારણે (કોઈ નથી). આહાહા..! પોતાને કારણે છે. સમજાણું કાંઈ? ક્ષાયિકસમકિત પર્યાયમાં ધ્રુવની અપેક્ષા નથી, વ્યયની અપેક્ષા નથી. આહાહા..! મિથ્યાત્વનો ક્ષય થયો તો ક્ષાયિકસમકિત થયું. એ વ્યયની અપેક્ષા ઉત્પાદને નથી. આહાહા..!

એક બાજુ કહેવું કે ઉત્પાદ ક્ષાયિક જે થયો એને ધ્રુવની અપેક્ષા નથી. સત્ છેને? એમાંથી આવી છે. આહાહા..! દ્રવ્યાનુયોગ તત્ત્વ સૂક્ષ્મ ઘણું, બહુ ગહન. ઉત્પાદ ઉત્પાદની અપેક્ષાથી છે. કેવળજ્ઞાન થયું એ કેવળજ્ઞાનની પર્યાય પોતાના ઉત્પાદથી છે. કર્મના ક્ષયથી તો નહિ, પણ પૂર્વની ચાર જ્ઞાનની પર્યાયનો વ્યય થયો એની અપેક્ષાએ કેવળજ્ઞાન થયું એમ પણ નથી. આહાહા..! અહીં તો હજી કર્મનું લાકડું ગરી ગયું છે અંદર. કર્મ મંદ પડે તો આત્માને લાભ થાય, કર્મ ખસે તો આત્માને લાભ થાય. એ રતનચંદજી બહુ લખે છે. રતનચંદજી મુખ્તાર. કર્મની વાત આવે તો ત્યાં લાકડું ખોસે. અહીં તો કહે છે કે પોતાની પર્યાય થવામાં કર્મના નિમિત્તની તો અપેક્ષા નથી. આહાહા..! આ તો પારિણામિકભાવની સમજાવવાની અપેક્ષાએ કર્મક્ષય જેમાં નિમિત્ત છે એને ક્ષાયિક એમ સમજાવ્યું. કેમકે એ ભાવ સહજ નથી, એટલું બતાવવું છે. એ પર્યાયરૂપ ભાવ છે, પણ એ પર્યાયરૂપભાવ પોતાથી થયો છે. આહાહા..! દ્રવ્યમાં નથી, દ્રવ્યથી નથી. આ વાત. સમજાણું કાંઈ?

'**ક્ષાયિકસમ્યક્ત્વ, યથાખ્યાતચારિત્ર,...**' યથા-ખ્યાત, યથા-પ્રસિદ્ધ. જેવી સ્વરૂપની પર્યાયમાં રમણતા પૂર્ણ થવી જોઈએ એવી પ્રસિદ્ધિ જ્યાં થઈ એ યથાખ્યાતચારિત્ર. યથા-ખ્યાત-પ્રસિદ્ધ. જેવું સ્વરૂપ છે એવી પરિણતિ, રમણતા યથાખ્યાતચારિત્ર થયું એ ક્ષાયિકભાવ છે. એ ક્ષાયિકભાવ પોતામાં નથી—દ્રવ્યમાં નથી. અને ક્ષાયિકભાવની ઉત્પત્તિ ધ્રુવની અપેક્ષા રાખ્યા વિના ઉત્પન્ન થાય છે. આ જૈનદર્શન! વસ્તુદર્શન કહો કે જૈનદર્શન કહો. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી, વસ્તુનો સ્વભાવ છે. એવો જાણ્યો એવું કહ્યું. સમજાણું કાંઈ?

'**યથાખ્યાતચારિત્ર, કેવળજ્ઞાન...**' આહાહા..! કેવળજ્ઞાનની ઉત્પત્તિની પર્યાયમાં અપેક્ષા લીધી હતી કે જેમાં કર્મના નાશની નિમિત્તની અપેક્ષા ભાવમાં આવે એને ક્ષાયિક કહે છે, પણ અહીં તો કહે છે કે એ ક્ષાયિકની પર્યાય જે ઉત્પન્ન થઈ એમાં પૂર્વના વ્યયની અપેક્ષા

પણ જેમાં નથી, તો કર્મના નિમિત્તની તો અપેક્ષા છે જ નહિ. આહાહા..! એવી વસ્તુની સ્થિતિ. એ કેવળજ્ઞાન પણ આત્મામાં નથી. એક સમયની પર્યાય છે. ક્ષાયિકભાવની એક સમયની પર્યાય છે. પર્યાયનો કાળ જ એક સમયનો છે. બીજે સમયે બીજી થાય. એવી થાય પણ બીજી થાય. પર્યાયનો કાળ એક સમય છે અને ભગવાનનો કાળ ત્રિકાળ ધ્રુવ છે. આહાહા..!

અને કળશમાં તો ત્યાં સુધી લીધું છે કે ત્રિકાળ વસ્તુ છે એ સ્વકાળ છે. એક સમયની પર્યાય પ્રગટ થઈ એ પરકાળ છે. પંડિતજી! એ કળશટીકામાં આવ્યું છે. કળશટીકા. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ એમાં પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ ચાર બોલ પાડ્યા છે. તો કહે છે કે સ્વદ્રવ્ય અખંડાનંદ પ્રભુ એમાં ભેદ કરવો એ જ પરદ્રવ્ય છે. ક્ષેત્ર અખંડ પ્રભુ. એમાં આ પ્રદેશ અને આ ત્રિકાળ અને આ એક પ્રદેશ એવો ભેદ પાડવો એ પરક્ષેત્ર છે. પરની અપેક્ષા નથી, અહીંયાં પોતાની અપેક્ષા છે. સમજાણું કાંઈ? છેને એમાં? સ્વદ્રવ્ય નિર્વિકલ્પમાત્ર વસ્તુ, સ્વક્ષેત્ર આધારમાત્ર વસ્તુના પ્રદેશ, સ્વકાળ વસ્તુમાત્રની મૂળદશા ત્રિકાળ, સ્વભાવ એટલે વસ્તુની મૂળની સ્વશક્તિ. પરદ્રવ્ય એટલા સવિકલ્પ ભેદકલ્પના. ભેદકલ્પનાનો ગુણ અને ગુણી એ પરદ્રવ્ય. ભેદ કર્યોને? અભેદ છે એમાં આ ગુણી અને આ ગુણ એવો ભેદ કરવો એ પરદ્રવ્ય.

**શ્રોતા** :- એક સમયની પર્યાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પછી લેશે. હજી તો અહીં ક્ષેત્ર લીધું. પરક્ષેત્ર એટલે વસ્તુનો આધાર પ્રદેશ નિર્વિકલ્પવસ્તુમાત્રથી કહ્યું હતું. પ્રદેશ સવિકલ્પ ભેદ. આ પ્રદેશ અસંખ્ય છે અને આ પ્રદેશ આ છે એવો ભેદ પાડવો એ પરક્ષેત્ર છે. આહાહા..! પરકાળ-દ્રવ્યની મૂળની નિર્વિકલ્પદશા. દશા નામ પર્યાય નહિ, મૂળ વસ્તુ. ત્રિકાળ અવસ્થિત એવો સ્વકાળ. છે? પરકાળ દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થાંતર ભેદરૂપ કલ્પના એ પરકાળ. એક સમયની અવસ્થાનો ભેદ કરીને જાણવું એ પરકાળ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પરકાળ સ્વકાળમાં નથી. આહાહા..! સૂક્ષ્મ વાત છે. એ ક્ષાયિક કેવળજ્ઞાનની પર્યાય એ છે તો પોતાથી. સમજાણું કાંઈ? પરની અપેક્ષાથી નથી, વ્યયની અપેક્ષાથી નથી, પણ છે પર્યાયનો ઉત્પાદ એ દ્રવ્યથી નથી. આહાહા..! એ દ્રવ્યમાં નથી. પર્યાય દ્રવ્યમાં નથી અને દ્રવ્યથી નથી. આહાહા..! વીતરાગમાર્ગ બાપુ! વસ્તુનું સ્વરૂપ એવું જ છે. તત્ત્વજ્ઞાન વસ્તુ એવી સૂક્ષ્મ છે કે એ પકડાય તો આનંદ આવ્યા વિના રહે નહિ.

**શ્રોતા** :- પર્યાય દ્રવ્યથી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કહ્યુંને, દ્રવ્યમાં નથી અને પર્યાય છે તો એને કોઈ હેતુ નથી. સત્ છેને એ? સત્ અહેતુક (હોય).

**શ્રોતા** :- દ્રવ્યમાંથી આવે પણ દ્રવ્ય પર્યાયનું કારણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ નથી. આવે ભલે પણ કારણ નથી ખરેખર. આહાહા..! એ કહ્યુંને પહેલાં કે દ્રવ્યમાંથી એકસરખી પર્યાય આવવી જોઈએ, જો દ્રવ્યથી હોય તો. તો દ્રવ્યમાંથી શક્તિમાં જે છે એ જ બહાર આવે છે. પણ આ અંશ છે એ અંશ આવ્યો તો ભેદ થઈ ગયો. ભેદ થયો એ દ્રવ્યના સામાન્યમાંથી ન આવ્યો, ભેદમાંથી આવ્યો. જરી સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ? સામાન્ય જે ત્રિકાળ એકરૂપ છે એમાં તો એકસરખી પર્યાય આવવી જોઈએ અને શક્તિમાં તો અનંત પર્યાય છે શક્તિરૂપે—ગુણરૂપે અને એ જ પર્યાય... એ તો કેવળજ્ઞાનીના જ્ઞાનમાં છે કે આ અંશ આ આવ્યો, પણ એ ભેદરૂપ કથનથી આવ્યું એમ કહ્યું. સર્વમાં એક .. ભેદ કરવો કે આ અંશ વ્યક્તરૂપ આવ્યો. (ઈ) વ્યવહાર થઈ ગયો. આહાહા..!

કહે છે કે કેવળજ્ઞાન ક્ષાયિકભાવ પણ આત્મામાં નથી. પરમપારિણામિક ભગવાન આત્મા આહાહા..! જ્યાં અનંત આનંદથી અનંત કેવળજ્ઞાનથી બિરાજમાન ભગવાન આહાહા..! જ્યાં અનંતગુણનો સમુદ્ર પડ્યો છે, એ સમુદ્રમાંથી કેવળજ્ઞાનની પર્યાય આવી તો કહે છે કે એ પર્યાય દ્રવ્યમાં નથી. આહાહા..! દ્રવ્ય તો પંચમપારિણામિકભાવરૂપ છે. આહાહા..! આવી વાત. હવે અહીં તો કહે કે દયા, દાન, વ્રત કરો તો ધર્મ થાશે. અરે ભાઈ!

**શ્રોતા :-** બીજા પુસ્તકમાં લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા પુસ્તકમાં લખ્યું એ વ્યવહારનયથી કથન છે.

**શ્રોતા :-** શાસ્ત્રમાં બે પ્રકારનું કથન છે. પ્રમાણથી દ્રવ્યનું કથન અલગ અને નિશ્ચયથી દ્રવ્ય-પર્યાય અલગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર ને અંદર અભેદ છે. પરની અપેક્ષા નથી. પોતાનું ને પોતાનું દ્રવ્ય જે ત્રિકાળ, એમાં ભેદ કરવો એ પરદ્રવ્ય, પોતાનું ને પોતાનું ક્ષેત્ર ત્રિકાળ અસંખ્ય પ્રદેશ એકરૂપ એમાં ભેદ કરવો કે આ પ્રદેશ, એ પરક્ષેત્ર. ત્રિકાળ પોતાનું સ્વરૂપ જે એકરૂપ ત્રિકાળ, અવસ્થા નામ અવસ્થ—નિશ્ચય-સ્થ રહેલું ત્રિકાળ એ સ્વકાળ છે. એક સમયની પર્યાય એ પરકાળ છે. આહાહા..! પોતામાં ને પોતામાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ભેદ છે. ભાઈ! માર્ગ તો એવો છે. આહાહા..! એ દ્રવ્યની લીલા છે. ઓલા ઈશ્વરની લીલા કહે છેને? ઈશ્વરની લીલા. એ લીલા એની નહિ. આ ઈશ્વર ભગવાન. સમજાણું કાંઈ? પરમ ઐશ્વર્ય પ્રભુ આત્મા એની લીલા. કેવળજ્ઞાન જેવી પર્યાય પ્રગટે તોપણ કહે છે કે દ્રવ્યની અપેક્ષા એને નથી અને દ્રવ્યમાં નથી. આહાહા..! દ્રવ્યમાં નથી. ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. દ્રવ્ય ઉપર જાય છે તો દ્રવ્યમાં દૃષ્ટિ પ્રસરે છે. પ્રસરેનો અર્થ? અંદર આમ પ્રસરે છે. આમ જે રાગમાં પ્રસરતી હતી, એ આમ પ્રસરે છે, પ્રસરે છે, પણ એ પર્યાય દ્રવ્યમાં ઘુસી જાય છે એમ નથી. પ્રસરે એમ કીધુંને? પ્રસરે નામ દ્રવ્યમાં ફેલાઈ જાય છે, પણ દ્રવ્યમાં ઘુસી જાય છે એમ છે? એ પર્યાય વ્યાપ્ય થઈ અને વ્યાપક આત્મા કહેવામાં આવ્યો. આહાહા..! સમજાણું

કાંઈ? આ અધિકાર એવો છે.

શુદ્ધભાવનો અધિકાર છે. શુદ્ધભાવ ત્રિકાળને શુદ્ધભાવ કહે છે. પર્યાયમાં શુદ્ધભાવ થયો એ પણ પરભાવ છે. રાગ પરભાવ, નિમિત્ત પરભાવ. આહાહા..! જ્યાં ત્રિકાળી વસ્તુનું સત્‌નું સત્ત્વ આખું, સત્‌નું આખું સત્ત્વ આહાહા..! એ સત્ત્વની અપેક્ષાએ એક સમયની કેવળજ્ઞાનની પર્યાયને પરકાળમાં, પરભાવમાં ગણવામાં આવી છે. આહાહા..! એ ૫૦માં કહ્યું છે. આમાં ૫૦મી ગાથા છેને. '**परदव्वं परसहावमिदि हेयं**' ૫૦-૫૦. આ કેટલામી છે? લ્યો, ઓલા પ્રવચનના અધિકારમાં પ્રવચનનો આધાર આપતા હતા. નીકળ્યું કુદરતે અને અહીં આનો આધાર. છે? '**पुव्वुत्तसयलभावा**' એ ક્ષાયિકપર્યાય, ક્ષયોપશમપર્યાય આદિ '**पुव्वुत्तसयलभावा परदव्वं**' છે? મૂળ શ્લોક. '**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं**' આહાહા..! સમજાણું કાંઈ?

**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

અંતઃતત્ત્વ પરમપારિણામિક ભગવાન એ જ આદેય છે—આદરણીય છે. બાકી આ ચાર ભાવ પરદ્રવ્ય કહ્યા. નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કહી. કેમ? કે જેમ નવી પર્યાય પરદ્રવ્યમાંથી નથી આવતી એમ પર્યાયમાંથી નવી પર્યાય નથી આવતી, એ અપેક્ષાએ પર્યાયને પરદ્રવ્ય કહેવામાં આવી છે. આહાહા..! ત્રણ બોલ છે. પાઠમાં છે જુઓ, '**જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા, પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે. શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' ટીકા. એ કેવળજ્ઞાનાદિ પર્યાય નિર્મળ આદિ પરસ્વભાવ છે. આહાહા..! ગજબ છેને! '**અને તેથી જ પરદ્રવ્ય છે.**' આહાહા..! સમજાણું કાંઈ? '**તેથી હેય છે...**' પહેલાં કીધું. તે હેય છે. '**શા કારણથી?**' ત્રણ બોલ લીધા ટીકામાં. તે હેય છે શા કારણે? આ બાજુ. કેમ હેય છે? કે પરસ્વભાવ છે. કેમ? '**તેથી જ પરદ્રવ્ય છે.**' આહાહા..! ચાર ભાવ એ હેય છે. કેમકે એ પરદ્રવ્ય છે. આહાહા..! પરદ્રવ્ય કહ્યા પહેલાં પરસ્વભાવ એમ કહ્યું. પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય છે. આહાહા..!

ભગવાન ત્રિલોકનાથ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ... આહાહા..! એમાં દૃષ્ટિ પ્રસરતા એ પર્યાય પણ પર છે એમ કહેવામાં આવ્યું, આહાહા..! સ્વની અપેક્ષાએ. પરની અપેક્ષાએ સ્વ છે. રાગ પણ પરની અપેક્ષાએ સ્વ છે, નિર્મળ પર્યાયની અપેક્ષાએ પર છે. હવે નિર્મળ પર્યાય પોતાની અપેક્ષાએ સ્વ છે, પણ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ખરેખર સહજજ્ઞાન-સહજદર્શન...**' છેને? '**પારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે.**' ત્રિકાળ ભગવાન કારણસમયસાર. જરી ઝીણી વાત થોડી છે એમાં. એમ કહ્યું કે જે

**'સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગ-સુખાત્મક શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. પણ એનો આધાર પાછો. તત્ત્વ નામ ભાવ. તત્ત્વાર્થ છેને? અર્થ દ્રવ્ય, ગુણ અને પર્યાય. તત્ત્વ નામ એનો ભાવ. તત્ત્વાર્થ. તો આ કહે છે કે સહજજ્ઞાનાદિ એ તત્ત્વ છે, ભાવ છે. આહાહા..! એ **'સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવલક્ષણ...'** એકરૂપ ત્રિકાળી ભાવ એ એનો આધાર. દૃષ્ટિમાં આધાર-આધેયનો ભેદ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહ્યું, કેવળજ્ઞાન, કેવળદર્શન... આહાહા..! ક્ષાયિકભાવની પર્યાય એ દ્રવ્ય પરમસ્વભાવમાં નથી. એની પર્યાયમાં પર્યાય છે. પર્યાય પર્યાયમાં છે, પર્યાય દ્રવ્યમાં નથી. ઓહો..હો..! નહિતર પર્યાયનું અસ્તિત્વ જ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? એ તો એમાં પણ આવ્યું છેને. શું કહેવાય? આ ન્યાયનો ગ્રંથ, આત્મમીમાંસા. આત્મમીમાંસા છેને? એમાં ધર્મી-ધર્મ ભિન્ન ગણવામાં આવ્યા છે. ધર્મી અને ધર્મ, બે ભિન્ન છે. સ્વતઃ નિરપેક્ષ ભિન્ન છે. આત્મમીમાંસામાં લીધું છે. ધર્મી ત્રિકાળી વસ્તુ અને એનો પર્યાય ધર્મ, બન્ને ભિન્ન છે. નિશ્ચયથી બે ભિન્ન છે, નહિતર બેપણું પોતાથી ભિન્ન ન હોય તો સ્વતઃસિદ્ધપણું પ્રગટ થતું નથી, સ્વતઃસિદ્ધ સિદ્ધ નથી થતું. આહાહા..! સમજાણું કાંઈ? સ્વતઃસિદ્ધ બે ન હોય તો બે સિદ્ધ નથી થતા. પોતાથી ધર્મ છે અને ધર્મી ધર્મીથી છે. કોઈથી કોઈ નથી. આહાહા..! આ ઝગડા અત્યારે દુનિયા બહારમાં. આ વ્યવહારથી થાય છે ને નિમિત્તથી ઉપાદાનમાં થાય છે એના ઝગડા. પાંચ બોલના ઝગડા છેને, પંડિતજી! નિમિત્તથી ઉપાદાનમાં થાય છે એક વાત. વ્યવહારથી નિશ્ચય થાય છે બે વાત, ક્રમબદ્ધ હોય છે એ ત્રીજી વાત. પાંચ બોલ થયા. 'ક્રમબદ્ધ નથી.' અરે ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! નિમિત્ત નિમિત્તમાં છે, નિમિત્તથી ઉપાદાનમાં થતું જ નથી. વ્યવહાર વ્યવહારથી છે, વ્યવહારથી નિશ્ચય થતો જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો નિર્મળ પર્યાય દ્રવ્યથી થતી નથી એમ સિદ્ધ કરવું છે. તો વળી રાગથી અને વ્યવહારથી નિશ્ચયપર્યાય ઉત્પન્ન થાય એવું વસ્તુમાં નથી. આહાહા..!

**શ્રોતા :-** આગળ-પાછળ તો થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આગળ-પાછળ થતી નથી, ક્રમબદ્ધ થાય છે. જે સમયે જે એનો જન્મક્ષણ-ઉત્પત્તિ ક્ષણ છે દરેક દ્રવ્યની પર્યાયનો... ૧૦૨ ગાથામાં આવી ગયું છે પ્રવચનસારમાં. જન્મક્ષણ. જન્મ નામ ઉત્પત્તિનો કાળ. આહાહા..! છએ દ્રવ્યમાં તે સમયની ઉત્પત્તિના કાળમાં તે પર્યાય થઈ છે, આઘીપાછી નહિ. બીજે સમયે તે જ જન્મક્ષણ, ત્રીજે સમયે તે જ જન્મક્ષણ ક્રમબદ્ધ છે. સમજાણું કાંઈ? પણ એ ક્રમબદ્ધનો નિર્ણય કોને થાય છે? કે જેની ઉપર ક્રમબદ્ધ થાય છે એવા જ્ઞાયકનો નિર્ણય કરે તો ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ક્રમબદ્ધ તો પર્યાયમાં છે અને પર્યાયનો નિર્ણય પર્યાયને

આશ્રયે નથી થતો, દ્રવ્યના આશ્રયે થાય છે. આહાહા..! ત્રિકાળી ભૂતાર્થસ્વરૂપ ભગવાન આત્મા, યથાર્થસ્વરૂપ, ભૂતાર્થસ્વરૂપ, સત્યાર્થસ્વરૂપ, સત્યાર્થસ્વરૂપ એના આશ્રયે (થાય છે). આવ્યુંને ૧૧મી ગાથામાં? આશ્રય શબ્દ વાપર્યો છે. ૧૧મી ગાથા. '**भूदत्थमस्सिदो खलु**' ઓહો..હો..! કુંદકુંદાચાર્યની વાણી.. આહા..હા..!

'**અંતરાયકર્મના ક્ષયજનિત દાન,...**' એ પણ પર્યાયમાં છે, આત્મામાં નથી. આહાહા..! ક્ષાયિકદાન હોં, બીજાને દેવું-લેવું એ નહિ. પોતાની પર્યાયમાં સંપ્રદાન ગુણને કારણે... આત્મામાં સંપ્રદાન નામનો એક ગુણ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ—એવા છ ગુણ છે. તો સંપ્રદાનની પર્યાયમાં પોતાથી દાન પર્યાય ઉત્પન્ન થાય છે. લેનારો પણ પોતે અને દેનારો પણ પોતે. આહાહા..! એવી ક્ષાયિકની પર્યાય ત્રિકાળમાં નથી. ત્રિકાળી સંપ્રદાન ગુણની એ પર્યાય છે દાન. સંપ્રદાનની છેને? તો એ પર્યાય દાન ઉત્પન્ન થયું અંદર, પણ એ દાનપર્યાય દ્રવ્યમાં નથી. આહાહા..! દ્રવ્યમાં સંપ્રદાન ગુણ પડ્યો છે આખો. દરેક ગુણમાં સંપ્રદાન નિમિત્ત થાય છે તો દરેક ગુણમાં સંપ્રદાન લાગુ પડે છે. આહાહા..! દરેક ગુણમાં. સમજાણું કાંઈ? આહાહા..! ગંભીર-ગંભીર ભગવાનનું તત્ત્વ. ઓહો..હો..! કેવળજ્ઞાનનું પેટ. એનાથી પણ દ્રવ્યનું પેટ તો મોટું. આહાહા..! અનંતગુણ.

કેવળજ્ઞાનમાં તો અનંતા સિદ્ધ, કેવળજ્ઞાનીને જણાય છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંત સિદ્ધનું કેવળજ્ઞાન જણાય છે. એવી પર્યાયથી પણ ત્રિકાળ જે વસ્તુ છે એનું અનંતગણું માહાત્મ્ય છે. એવી એક સમયની પર્યાય એમાં પડી છે એવી તો અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી પર્યાય પડી છે અંદરમાં ગુણરૂપે. આહાહા..! એ ગુણનો પિંડ જે આત્મા છે એ પરમસ્વભાવભાવ છે.

**શ્રોતા :-** પર્યાય ગુણમાં પડી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય ગુણમાં પડી છે, પણ એ ગુણમાં પડી છે એ શક્તિરૂપે એ જ્ઞાની જાણે છે. આમ તો ગુણ છે, પરમપારિણામિકભાવે છે. કેવળજ્ઞાનપર્યાય ક્ષાયિકભાવે છે અને ગુણ છે તે પારિણામિકભાવે છે. સમજાણું કાંઈ? પણ એ શક્તિરૂપે કહેવામાં આવે છે તો એ પરમપારિણામિકભાવરૂપે છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! આ અધિકાર જ ઝીણો છે.

'**દાન, લાભ,...**' સ્વરૂપનો લાભ થયોને પર્યાયમાં? અનંત-અનંત જ્ઞાનાદિનો લાભ થયો એ ક્ષાયિક લાભ થયો. પોતાની પર્યાયમાં પોતાનો લાભ હોં. આ વાણિયા લખે લાભ સવાયા એ નહિ અહીં. લાભ સવાયા લખે છેને દિવાળીને દિવસે બારણા ઉપર. લાભ સવાયા. ધૂળમાંય નથી લાભ સવાયા. આહાહા..! આત્મામાં અતીન્દ્રિય આનંદ અને અનંતગુણની પર્યાયનો લાભ થયો. આહાહા..! ક્ષાયિકભાવે લાભ થયો. આહાહા..! એ લાભભાવ, ક્ષાયિકભાવ પારિણામિકભાવમાં નથી. આહાહા..! પર્યાયદૃષ્ટિ ઉડાવવા. સમજાણું કાંઈ?

નિહાલભાઈએ તો કહ્યુંને એકવાર એમ કહ્યું નિહાલભાઈએ, દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં. પર્યાય મારું ધ્યાન કરે તો કરો, હું કોનું ધ્યાન કરું? લે! જાણે છે પર્યાય, જાણે છે પર્યાય કે પર્યાય મારું ધ્યાન કરે અને પર્યાય એમ કહે છે કે હું ધ્રુવ છું. પર્યાય એમ જાણે છે કે હું ધ્રુવ છું. તો કહે છે કે પર્યાય ધ્યાન કરે. તું પર્યાય એમાં વળે છે. ધ્રુવ કોનું ધ્યાન કરે? એમ પર્યાય જાણે છે. ધ્રુવમાં ક્યાં જાણવું છે? આહાહા..! સમજાણું કાંઈ?

'**ભોગ,...**' પોતાના અનંતગુણની પર્યાયનો અનુભવ—ભોગ. ક્ષાયિકભાવે ભોગ ઉત્પન્ન થયો છે. અતીન્દ્રિય આનંદ આદિનો ભોગ ક્ષાયિકભાવે પ્રગટ્યો છે. આહાહા..! એ ભોગની પર્યાય ક્ષાયિક છે, સ્વરૂપમાં નથી. સ્વરૂપ તો પારિણામિકભાવે છે. પર્યાયબુદ્ધિ ઉડાડી અને દ્રવ્યબુદ્ધિ કરાવવાની આ વાત છે. સમજાણું કાંઈ? પરમ ભગવાનનો સ્વીકાર કરવામાં પર્યાયનો સ્વીકાર ઉડાવી દે. થાય છે સ્વીકાર પર્યાયથી, પણ પર્યાયના સ્વીકારથી દ્રવ્યનો સ્વીકાર નથી થતો. સમજાણું કાંઈ? પોતાની પર્યાય દ્રવ્યને સ્વીકારે છે. તો કહે છે કે એ પર્યાય એમ કહે છે કે હું તો ધ્રુવ છું. હું પંચમપારિણામિકભાવ છું અને મારામાં પર્યાય છે નહિ. પોતે કહે છે કે ધ્રુવમાં આ પર્યાય નથી. જાણવાની પર્યાય તો પર્યાય આમ જાણે છેને? કે આ દાન હું નહિ. ધ્રુવ જાણે છે? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** તન્મય થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તન્મય નામ પર્યાય સન્મુખ થઈ જાય છે, એનું નામ તન્મય કહેવામાં આવે છે. તન્મયનો અર્થ દ્રવ્યની સાથે એકમેક નથી થઈ જતી. પર્યાય પર્યાયમાં રહીને સ્વસન્મુખ થઈ છે, અભિમુખ થઈ છે, સ્વસન્મુખ થઈ છે, આશ્રય લીધો એવા ઘણો શબ્દો છે.

**શ્રોતા :-** સર્વસ્વ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સર્વસ્વ આ જ હું છું. આહાહા..! હું તો ધ્રુવ પરમસ્વભાવભાવમય, હું પર્યાય નથી. એ પર્યાય એમ જાણે છે કે હું એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવું વ્યાખ્યાન ઝીણું પડે, પણ માર્ગ બીજો કોઈ છે નહિ. આહાહા..!

'**ઉપભોગ...**' ભોગ એકવાર ભોગવવાલાયક છે પર્યાય. ઉપભોગ વારંવાર ભોગવવામાં આવે એ પર્યાય ગુણની. એ પણ અંતરમાં, દ્રવ્યમાં નથી. પર્યાયમાં હો, દ્રવ્યમાં નથી. આહાહા..! અને '**વીર્ય.**' અનંત વીર્ય જે પ્રગટ્યું છે. અનંતગુણની પર્યાયની રચના કરવામાં જે વીર્ય પ્રગટ્યું છે. વીર્યનું કાર્ય એ છે, સ્વરૂપની રચના કરવી. અનંતગુણની નિર્મળ પર્યાયની રચના એ વીર્ય. એવું અનંત વીર્ય પ્રગટ્યું છે પર્યાય. તો એ પર્યાય ક્ષાયિકભાવે વીર્ય છે એ પારિણામિકની નથી.

**શ્રોતા :-** ઉપભોગ એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકવાર પર્યાય ભોગવવામાં આવે એ ભોગ, અને વારંવાર એ

જ પર્યાય ભોગવવામાં આવે, પર્યાય એ નથી, પણ વારંવાર બીજા ગુણની પર્યાય ભોગવે છેને એને ઉપભોગ કહે છે. એકવાર ભોગવવામાં આવે એ ભોગ અને વારંવાર એ પર્યાય ભોગવે એનું નામ ઉપભોગ. એ આવે છે સાતમા અધ્યાયમાં. સાતમું વ્રત આવે છેને? સાતમું વ્રત છેને બાર વ્રતમાં. ખબર છેને. એ પર્યાય એવી ને એવી પર્યાય વારંવાર ભોગવે એનું નામ ઉપભોગ.

**શ્રોતા :–** પર્યાય વારંવાર ભોગવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્યને તો ભોગવતી નથી, પર્યાયને ભોગવે છે. પણ એ પર્યાયને એ જ પર્યાય ફરી ફરીને ભોગવે છે એ જ જાતની એનું નામ ઉપભોગ. નવી-નવી પર્યાય ભોગવે છે. ઉપભોગ. વારંવાર ભોગવવામાં આવે એ ઉપભોગ. છે તો એક સમયની પર્યાયનો ભોગ, બીજા સમયનો ભોગ બીજો, પણ એ જ પર્યાયની એક ગુણની પર્યાય બીજે સમયે ભોગવવામાં આવી તો એને ઉપભોગ કહેવામાં આવે છે. બાકી છે તો એ ભોગ. એ ભોગ-ઉપભોગ આવે છે સાતમા વ્રતમાં, બહારના હોં. સ્ત્રી આદિને ભોગવે છે એને ઉપભોગ કહેવામાં આવે છે અને અનાજ આદિ ખાય એને ભોગ કહેવામાં આવે છે. એ અનાજ વારંવાર ખવાતું નથી.

**શ્રોતા :–** એક જ વસ્તુને વારંવાર ભોગવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વારંવાર ભોગવે એ પર્યાયને વારંવાર ભોગવે એ (ઉપભોગ).

**શ્રોતા :–** એ પર્યાય તો ખતમ થઈ ગઈ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ખતમ થઈ ગઈ, પણ વારંવાર એ જાતની પર્યાય છેને. એ જાતની છેને ઈ.

જુઓ, આત્મામાં એક ભાવ નામનો ગુણ છે. સાંભળો! ભાવ નામનો એક ગુણ છે. ૪૭ શક્તિમાં આવ્યો છે. તો એ ભાવગુણનું કાર્ય શું? વર્તમાનમાં કોઈપણ પર્યાય થાય છે એ ભાવગુણનું કાર્ય છે. ભાવગુણનું કાર્ય શું? કે વર્તમાનમાં કોઈપણ પર્યાય થશે જ થશે. વર્તમાનમાં જે થશે જ થશે એ ભાવગુણનું કાર્ય છે. અને અભાવગુણનું કાર્ય અભાવ ગુણ છે એમાં એક. એનું કાર્ય શું? કે વર્તમાન પર્યાયમાં બીજી ભવિષ્યની પર્યાય નથી એ અભાવભાવ છે. એ અભાવનો ભાવ થશે. ભવિષ્યની પર્યાય નથી એ પર્યાય અહીં થશે. સૂક્ષ્મ છે. ૪૭ શક્તિમાં આવ્યું છે. ઘણું બધું લખાણ આવી ગયું છે. ચાર બોલ છે. ભાવ, અભાવ, ભાવ અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ. છ બોલ છે. છ બોલનો વિસ્તાર કર્યો છે. જ્ઞેય-જ્ઞાયકસ્વભાવમાં આવી ગયું છે. અહીં તો ઘણા વખતથી ચાલે છે. ૪૦ વર્ષ થઈ ગયા. ૪૦ વર્ષ અને ૪ માસ. આહાહા..! એના ઉપર એક-એક વ્યાખ્યાન ચાલે ત્યારે વિસ્તાર આવે.

અહીં તો કહે છે કે જે વર્તમાન પર્યાય છે એમાં બીજી પર્યાયનો અભાવ છે. પછી

બીજે સમયે પહેલા સમયમાં જે અભાવ હતો એ બીજે સમયે ભાવ થયો. અભાવનો ભાવ થયો અને જે ભાવ હતો એનો અભાવ થઈ ગયો અને ભાવભાવ એ જ પર્યાય ભાવ.. ભાવ... ભાવ... એવી ને એવી થશે એ ભાવભાવ. અને અભાવ. કર્મના અભાવને કારણે નહિ. પોતામાં જ અભાવઅભાવ નામનો ગુણ છે કે અભાવઅભાવરૂપે જ એનું પરિણમન થાય છે. આહાહા..! એમાં છ શક્તિ છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો ગંભીર તત્ત્વ છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર કેવળી પરમાત્મા (દ્વારા નિરૂપિત છે). આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય છે જ નહિ. ખરેખર તો શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં પણ આ વાત નથી. આહાહા..! ૪૭ શક્તિ, ૪૭ નયનું વર્ણન જ નથી, ભાઈ! ત્યાં. શ્વેતાંબરમાં ક્યાંય ન મળે. ક્યાંથી હોય? બાપુ! આહાહા..! એટલે અહીં ભોગ, ઉપભોગ અને વીર્ય એ ક્ષાયિકવીર્ય પણ પારિમામિકભાવમાં નથી. એ બધી વાત.. આ બીજી વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ સુદ-૧૩, મંગળવાર, તા. ૧૯-૦૮-૧૯૭૫, ગાથા-૪૧, પ્રવચન નં. ૯

૪૧મી ગાથા, નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ નામ ત્રિકાળી જ્ઞાયકભાવ એને અહીંયાં દ્રવ્યસ્વભાવ, એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. એ શુદ્ધભાવ એ ઉપાદેય છે. બાકી તો પર્યાયમાં ચાર ભાવ છે. છે ખરા, વ્યવહારનયનો વિષય ચાર ભાવ છે ખરા, પણ એ આશ્રય કરવાલાયક નથી. આહાહા..! આ વાત. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એનું ફળ જે મોક્ષ એ સાધ્ય તરીકે, પ્રગટ કરવા તરીકે આદરણીય છે. સાધ્ય કહ્યુંને? કેવળજ્ઞાનાદિ સિદ્ધપદ સાધ્ય છે, તો સાધ્ય તરીકે સાધવાલાયક છે, આદરવાલાયક છે. આહાહા..! અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ પર્યાય પ્રગટ કરવાની અપેક્ષાએ '**णियमेण य जं कज्जं**' એ પાઠ આવ્યો છે ત્રીજી ગાથામાં. નિશ્ચયથી કર્તવ્ય લાયક છે, પ્રગટ કરવાલાયક છે તો એ ત્રણ બોલ છે. પણ અહીંયાં તો જેને આશ્રયે ઉત્પન્ન થાય એ વસ્તુ ઉપાદેય છે. આહાહા..! ભાઈ! ઝીણી વાત બહુ. વ્યવહાર-નિશ્ચયના ઝઘડા મોટા. આજે મોટું લખાણ આવ્યું છે જૈન ગેજેટમાં. જૈન ગેજેટમાં લખાણ આવ્યું છે અહીંના વિરોધનું. એનો તો વિરોધ જરા મખનલાલજીએ લખ્યો હશે કે તમે કેમ વિરોધ કરતાં નથી? ભાઈ! સિદ્ધાંત છે એ વિરોધ કરે છે. મતભેદ છે, પણ મનભેદ અમે કરતાં નથી, દ્વેષ નથી કરતાં. એમ કરીને મોટું લખાણ (આવ્યું છે). અરે! ભગવાન! અને આ ગાથા મૂકી છે. વ્યવહારનો વિષય નથી એમ નહિ.

એ કહે છે જુઓ, '**ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે :**' એ પર્યાયમાં

નથી? છે એ વ્યવહારનયનો વિષય જાણવાલાયક છે. આહાહા..! અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ પ્રગટ કરવાની અપેક્ષાએ કર્તવ્ય છે એમ કહ્યું ત્રીજી ગાથામાં. '**णियमेण य जं कज्जं**' નિયમથી કર્તવ્ય કરવાલાયક હોય તો એ મોક્ષનો માર્ગ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના અવલંબને થાય છે. પણ એ થાય છે દ્રવ્યના આશ્રયે. સમજાણું કાંઈ? આહાહા..! એ કારણે નિર્મળ પર્યાયને પણ અહીંયાં તો ૫૦મી ગાથામાં '**परदव्वं परसहावमिदि हेयं**' (કહ્યું છે). આહાહા..! વાત કઈ અપેક્ષાએ છે? કેમકે નવી પર્યાય જેમ પરદ્રવ્યમાંથી નથી આવતી, એમ નિર્મળ પર્યાય મોક્ષમાર્ગની એમાંથી નવી પર્યાય નથી આવતી. પર્યાય તો દ્રવ્યમાંથી આવે છે. એ અપેક્ષાએ મોક્ષમાર્ગની પર્યાયને, નવી પર્યાયનું કારણ નથી માટે પરદ્રવ્ય કહીને હેય કહી દીધું છે. સમજાણું કાંઈ? આ કહે છે જુઓ.

'**મતિજ્ઞાન,...**' પહેલો બોલ લીધો. તો મતિજ્ઞાન છે એ પ્રગટ કરવાની અપેક્ષાએ કર્તવ્ય છે. '**णियमेण य जं कज्जं**'માં જ્ઞાન આવ્યું કે નહિ? જ્ઞાન પ્રગટ કરવાની અપેક્ષાએ આદરણીય છે, પ્રગટ કરવાની અપેક્ષાએ. પણ એ મતિજ્ઞાન જે છે એ ક્ષયોપશમિક દશા છે, સમ્યગ્જ્ઞાનની દશા હોં. આહાહા..! એ પણ દ્રવ્યમાંથી આવે છે અને મતિજ્ઞાનમાંથી નવી મતિજ્ઞાનની વૃદ્ધિ પર્યાયમાંથી નથી આવતી. તેથી મતિજ્ઞાનની પર્યાય જે છે એ હેય છે. આહાહા..! સમજાણું કાંઈ? કર્તવ્ય કરવાની અપેક્ષાએ ઠીક છે, પણ એ મતિજ્ઞાન દ્રવ્યને આશ્રયે ઉત્પન્ન થાય છે, આહાહા..! પર્યાયમાંથી પર્યાય નથી આવતી. આહાહા..! વસ્તુ એવી છે. તો કહે છે કે મતિજ્ઞાન, સમ્યક્ મતિજ્ઞાન જે આત્માને પ્રત્યક્ષપણે પકડે. સમજાણું કાંઈ? મતિજ્ઞાન-સમ્યક્ મતિજ્ઞાન એ સ્વભાવસન્મુખ થઈને આત્માને પકડે છે. આહાહા..! છતાં એ પર્યાય છે. એ દ્રવ્યને પકડે છે તો દ્રવ્ય આશ્રય છે, ઉપાદેય છે અને પર્યાય આદેય નથી. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

'**મતિજ્ઞાન,...**' સમ્યગ્જ્ઞાન, પ્રત્યક્ષ જ્ઞાન. મતિજ્ઞાન છે એ સ્વને પકડવામાં પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ? કારણ કે મતિજ્ઞાનમાં કોઈ વિકલ્પ અને મનની અપેક્ષા ત્યાં નથી. સીધો ભગવાન આત્માને પકડે છે એ કારણે મતિજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું, પણ છે દ્રવ્યની અપેક્ષાએ હેય છે. આહાહા..! પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય. આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છેને કે સંવર, નિર્જરા એ ઉપાદેય છે. સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, મોક્ષ પરમહિતકર છે એમ લીધું છે. તો અહીં કહે છે કે એ મતિજ્ઞાન જે છે મોક્ષના માર્ગની પર્યાય એ હેય છે. એ પ્રગટ કરવાની અપેક્ષાએ ત્યાં ઉપાદેય કહ્યું હતું. અહીંયાં તો જેના આશ્રયે ઉત્પન્ન થાય છે એ દ્રવ્ય જ ઉપાદેય (છે). ભગવાન પૂર્ણાનંદ નિર્વિકલ્પ ચૈતન્ય દળ શુદ્ધભાવ એ એક જ ઉપાદેય અને મતિજ્ઞાનની પર્યાય પણ એ દ્રવ્યની અપેક્ષાએ હેય છે. આહાહા..! આવી વાત ભારે કઠણ જગતને. સમજાણું કાંઈ?

પછી '**શ્રુતજ્ઞાન,...**' આ ભાવશ્રુતજ્ઞાનની વાત છે હોં, દ્રવ્યશ્રુતની નહિ આ. ક્ષયોપશમ

છેને? ક્ષયોપશમનો પ્રકાર છે. જેમાંથી ભાવશ્રુતજ્ઞાન વિકલ્પરહિત નિર્વિકલ્પ વેદનમાં આવે છે. સ્વસંવેદન. સ્વ નામ પોતાનું, સં નામ પ્રત્યક્ષ આનંદનું વેદન શ્રુત દ્વારા આવે છે. આહાહા..! ૧૪૪માં લીધું છેને કે શ્રુતજ્ઞાનમાં પણ વિકલ્પની આકુળતા છે એ વિકલ્પની આકુળતાને કાઢીને શ્રુતજ્ઞાનને નિર્વિકલ્પ બનાવીને આત્મા તરફ વાળ. ૧૪૪ (ગાથા) કર્તાકર્મ (અધિકાર). આહાહા..! તો એ શ્રુતજ્ઞાન પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય કહેવામાં આવ્યું. પણ છે એ દ્રવ્યની અપેક્ષાએ એને હેય કહેવામાં આવ્યું. આ અનેકાંત માર્ગ પ્રભુનો... સમજાણું કાંઈ? સમજ્યા વિના વ્યવહારથી... એમ કે ત્યાં વ્યવહારથી થાય છે. આગળ વૃદ્ધિ થાય છેને એ વ્યવહારથી થાય છે. એ માટે વ્યવહાર તીર્થ છે, નાશ કરવાલાયક નથી. એમ નથી. વ્યવહારથી આગળ વૃદ્ધિ નથી થતી. વૃદ્ધિ જે શુદ્ધિની થાય છે એ દ્રવ્યને આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ થાય છે. ઉત્પન્ન પણ દ્રવ્યને આશ્રયે અને ટકવું પણ દ્રવ્યને આશ્રયે અને વૃદ્ધિ પણ દ્રવ્યને આશ્રયે. આહાહા..! આવી વાત ભારે ઝીણી! એ કહે છે, એ અપેક્ષાએ શ્રુતજ્ઞાન પર્યાય છે અને પર્યાય, દ્રવ્ય જે ત્રિકાળ છે એ અપેક્ષાએ તો એ અંશ છે. તો એ અંશ હેય છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તે ઉપાદેય છે. આહાહા..!

**'અવધિજ્ઞાન...'** એ અવધિજ્ઞાન ક્ષયોપશમભાવે છે. રૂપી પદાર્થને જાણે. એવો ક્ષયોપશમભાવનો ભાવ આદેય નથી, ઉપાદેય નથી. આહાહા..! અવધિજ્ઞાન ઉપાદેય નથી. પણ અહીં તો કેવળજ્ઞાન ઉપાદેય નથી, પછી પ્રશ્ન ક્યાં રહ્યો? આહાહા..! કેવળજ્ઞાન તો એક અંશ છે, ગુણનો એક અંશ છે. આહાહા..! એવા અનંતગુણનો પિંડ પ્રભુ શુદ્ધભાવ એની પાસે તો એની કિંમત નથી. આહાહા..! સમજાણું કાંઈ? તો એની પાસે ત્યાં દયા, દાન અને વ્રતના વિકલ્પની કિંમત આવી જાય એ છે નહિ, ભાઈ! આવે છે. મુનિને પાંચમા ગુણસ્થાનથી માંડીને વ્રતનો વિકલ્પ વ્યવહાર આવે છે. તો વ્યવહાર છે ખરો, પણ એ આશ્રય કરવાલાયક નથી અને એ વ્યવહાર સંવર-નિર્જરાનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ મોટી ગડબડ ચાલી છે. એ જૈન ગેજેટમાં આજે બહુ લખાણ આવ્યું છે. આહાહા..!

**'મનઃપર્યયજ્ઞાન...'** એ ક્ષયોપશમભાવે છે. એ પણ જ્ઞાનગુણની એક અવસ્થા છે, એક દશા છે, એક અંશ છે. એ અપેક્ષાએ મનઃપર્યયજ્ઞાનને પણ હેય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન શુદ્ધસ્વરૂપ, પર્યાયના લક્ષને છોડીને (આશ્રય કરવાયોગ્ય છે). પર્યાયનું લક્ષ કરવા જાય છે તો વિકલ્પ ઉઠે છે, રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..! છે ખરી પર્યાય, નથી એમ નહિ, પણ એનું લક્ષ કરવા જાય છે તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. ભેદ છેને. ભગવાન આત્મા શુદ્ધ જે અભેદ છે... આહાહા..! એ જ, એમાં દૃષ્ટિ પ્રસરવાથી દ્રવ્ય જ ઉપાદેય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ ગડબડ છે અત્યારે. એકાંત, સોનગઢનું એકાંત-એકાંત છે. ડાલચંદજી!

ભગવાન! સમ્યક્ એકાંત તો આ ચીજ છે અને સમ્યક્ એકાંત વિના અનેકાંતની વાસ્તવિક

સિદ્ધિ પણ નથી થતી, શ્રીમદ્દમાં લખ્યું છે, શ્રીમદ્દમાં એ ટૂકડો છે. સમ્યક્ એકાંત વિના અનેકાંત પણ હિતકારી નથી. એમ છે. વ્યાખ્યાન આપ્યું હતું એક લીટી ઉપર એક કલાક. વવાણિયા. શ્રીમદ્દનું જન્મસ્થળ છે ત્યાં ગયા હતા. એના ઉપર વ્યાખ્યાન કર્યું હતું. સમ્યક્ એકાંત—સ્વ તરફ આદરણીય એ વિના અનેકાંતની યથાર્થ સિદ્ધિ નથી થતી. સમ્યક્ એકાંતમાં ગયો તો પર્યાયનું જ્ઞાન થયું એનું નામ વ્યવહાર છે, એનું નામ અનેકાંત થયું. આહાહા..! શું થાય? શ્રીમદ્દે બહુ ટૂકડો (ગૂઢ લખ્યો છે). એમ તો કેટલીક વાત... એક આ શ્વેતાંબર અને દિગંબરની ભિન્નતા નથી આવી. એ ગડબડ રહી ગઈ છે. પછી છેલ્લે તો ખુલાસો કરી દીધો, શાસ્ત્રના નામ આપ્યા. ૧૯ નામ દિગંબરના લીધા છે. ૧૯ શાસ્ત્ર સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિસકાય, મોક્ષમાર્ગપ્રકાશક, અષ્ટપાહુડ. ૧૯ નામ આપ્યા. એક ૨૦મું શ્વેતાંબરનું શાસ્ત્ર નથી એકેય, પણ એનો એક ગ્રંથ છે. બનાવેલું છે. એ ગ્રંથ છે એ તો વસ્તુની.. એનું નામ આપ્યું છે. શાસ્ત્રમાં આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ સત્ સૂત્રના નામ આપ્યા જ નથી. પણ પછી. પહેલા જરી ગડબડ છે.

અહીં તો પહેલેથી.. આહાહા..! ભગવાન સર્વજ્ઞની પરંપરાનો માર્ગ હોય તો સનાતન આ દિગંબર ધર્મ એક છે. સમજાણું કાંઈ? એવું જ પરંપરા સનાતન જૈનદર્શન આ છે, એ સિવાય કોઈ જૈનદર્શન છે નહિ. આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં તો એમ લઈ લીધું છેને, પાંચમા અધિકારમાં અન્યમતમાં નાખ્યા છે શ્વેતાંબરને. એ તો વસ્તુનું સ્વરૂપ બતાવ્યું છે હોં. સમજાણું કાંઈ? એક શ્વેતાંબર આચાર્ય હતા તો એ મોક્ષમાર્ગપ્રકાશક જોઈને એમ બોલ્યા કે પંડિતજીએ તો મુંડી જ નાખ્યા છે બધાને. આ સજાયો હોય છેને. હજામત. એમ કહેતા હતા. અરે ભાઈ! એ તો જે વસ્તુની સ્થિતિ છે એનું વર્ણન કર્યું છે. સમજાણું કાંઈ? દર્શનપાહુડ અને બોધપાહુડમાં પણ જૈનદર્શન શું છે એનો ખુલાસો કરી દીધો છે. જેમાં ત્રણ કષાયનો અભાવ છે અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ વ્યવહાર છે અને નગ્નપણું છે અને ઉભા-ઉભા હાથમાં આહાર લે છે એ જૈનદર્શન છે, એ સિવાય જૈનદર્શન છે નહિ. એમ લીધું છે અષ્ટપાહુડમાં. એવો પાઠ છે. ૧૪મી ગાથા છે. દર્શનપાહુડની ૧૪મી અને બોધપાહુડની ૧૪મી. બેય એક છે. આહાહા..!

મુનિપણું જે મોક્ષમાર્ગ એ જૈનદર્શન એમ સિદ્ધ કર્યું છે. દશા નગ્ન હોય છે. વિકલ્પ ઉઠે છે તો અઠ્યાવીશ મૂળગુણના જ વિકલ્પ હોય છે એને. અને અંતરમાં ત્રણ કષાયના અભાવની દશા એ મુનિપણું છે, પણ વ્યવહારમાં એવી ચીજ હોય છે. પંચમહાવ્રતના વિકલ્પ, નગ્નદશા અને આમ ઉભા રહીને (આહાર લે). પાત્ર નહિ એનો એ અર્થ. વસ્ત્ર તો નહિ પણ પાત્ર પણ નહિ. એ અંતર અનુભવસહિતની વાત છે હોં. એકલા નગ્ન થઈ જાય એ કોઈ ધર્મ નથી. અંતરમાં ત્રણ કષાયનો અભાવ, સ્વસંવેદન નિર્મળ વિજ્ઞાનઘન ભગવાન વિજ્ઞાનદળ, વિજ્ઞાનઘન પ્રભુ અતિનિર્મળ એમાં નિમગ્ન, પ્રચુર સ્વસંવેદનથી પ્રત્યક્ષ આનંદના

વેદનમાં ઉગ્રતા જેની આવી છે એ મુનિપણું છે, એ નિશ્ચય જૈનધર્મ છે. પણ એ નિશ્ચય ધર્મની સાથે પંચમહાવ્રતના વિકલ્પ પણ ભૂમિકા પ્રમાણે આવે છે, એ વ્યવહાર છે. એ નગ્નપણું થઈ જાય છે, કરવું નથી પડતું. નગ્નપણું થઈ જાય છે, પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે એ વ્યવહાર છે, પણ એનાથી ધર્મ છે (એમ નથી). ધર્મ તો દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રગટ થયા એ નિશ્ચયધર્મ તો એ છે, પણ નિશ્ચયની સાથે એવો વ્યવહાર આવ્યા વિના રહે નહિ. કોઈ એમ કહે કે નગ્નપણું નથી, ગમે તે વસ્ત્ર હોય અને અઠ્યાવીશ મુળગુણના વિકલ્પ ગમે તે વ્રતાદિના હોય તો એને મુનિપણું છે, તો એમ છે નહિ. આહાહા..! કેમકે જ્યાં મન, વચન અને કાયા, કરણ, કરાવન, અનુમોદનથી જ્યારે પરિગ્રહનો ત્યાગ થાય છે તો વસ્ત્રનો ટૂકડો નથી રહેતો. નવ કોટીએ. તો કાયાથી કરણ, કરાવન, અનુમોદન છૂટે તો કાયાથી વસ્ત્રનું કરણ, કરાવન, અનુમોદન છૂટી જાય. ત્યારે નગ્નદશા થઈ જાય. આહાહા..! જેવો માતાએ જન્મ્યો એવો. એ વસ્તુ  હોવી જોઈએ, પણ એ વસ્તુ ધર્મ છે એમ નથી. આહાહા..! અને એ ધર્મનું કારણ છે એમ પણ નથી. આહાહા..! છતાં હોય તો એ જ હોય છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે '**મનઃપર્યયજ્ઞાન...**' આહાહા..! જેમાં પરના મનને જાણી લેવું એવું જ્ઞાન થાય તો પણ એ ક્ષયોપશમભાવ છેને, ભાઈ! એ તો પર્યાય છે. અને એ તો દ્રવ્ય પાસે એની કોઈ કિંમત નથી. આહાહા..! મહા ભંડાર ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વભાવનો સાગર પ્રભુ પડ્યો છે એની પાસે મનઃપર્યયજ્ઞાન પણ હેય છે. આહાહા..! ..ભાઈ! આવી વ્યાખ્યા બહુ આકરી. એ ચાર જ્ઞાન (થયા).

'**કુમતિજ્ઞાન,...**' એ તો હેય જ છે. કુમતિ મિથ્યાદૃષ્ટિનું કુમતિજ્ઞાન તો હેય જ છે. '**કુશ્રુતજ્ઞાન,...**' સમ્યગ્જ્ઞાન વિનાનું કુશ્રુતજ્ઞાન. એકલું ભણતર કરીને જ્ઞાન માને છે એ કુશ્રુતજ્ઞાન છે. આહાહા..! એ પણ હેય છે. '**વિભંગજ્ઞાન...**' એ પણ હેય છે. વિભંગ. '**એવા ભેદને લીધે અજ્ઞાન ત્રણ; ચક્ષુદર્શન,...**' ક્ષયોપશમભાવે જે ચક્ષુથી અંદર જાણવું થાય છે એ હેય છે. '**અચક્ષુદર્શન,...**' હેય છે. ઓહો..હો..!

પરમાત્મપ્રકાશમાં તો એવું લીધું છે કે જેમ સમ્યગ્દર્શનથી આત્મા જાણવામાં—પ્રતીતમાં આવે છે, તેમ અચક્ષુદર્શનથી પણ જણાય છે. અચક્ષુદર્શનથી એમ લીધું છે. અંદરમાં દર્શન વળે છેને? પરમાત્મપ્રકાશ. ભાઈ, દર્શન છે તો એમાં કોઈ અચક્ષુદર્શનમાં આત્મા આદરણીય છે કે નહિ? એ અચક્ષુદર્શન આત્માને આદરણીય માને છે. નિશ્ચય સાચું અચક્ષુદર્શન. પરમાત્મપ્રકાશમાં લીધું છે. એ અચક્ષુદર્શન પણ અહીં તો હેય છે. આહાહા..! ભગવાન આત્માને જ્ઞાનથી જાણે, સમકિતથી પ્રતીત કરે અને દર્શનથી દેખે સામાન્ય તરીકે. એ અચક્ષુદર્શન પણ હેય છે. આહાહા..! પર્યાય છેને.

'**અવધિદર્શન એવા ભેદને લીધે દર્શન ત્રણ; કાળલબ્ધિ,...**' કાળલબ્ધિ છેને? શું

નામ આપ્યું છે એમાં? ક્ષયોપશમ. નામ આપ્યા છેને આમાં? છે? ગુજરાતી છે આમાં? ગુજરાતી નથી. નહિ? નથી? ગુજરાતી છે એમાં લખ્યું હશે. ગુજરાતીમાં લખ્યું છે. છે? ક્યાં? કાળલબ્ધિ. કાળલબ્ધિનો અર્થ પાંચ લબ્ધિ આવે છેને પાંચ? એમાંથી કાળલબ્ધિ .. ક્ષયોપશમભાવ લીધો છે. ક્ષયોપશમલબ્ધિ. પાંચ લબ્ધિ આવે છેને? એમાં એક ક્ષયોપશમલબ્ધિને અહીં કાળલબ્ધિ કહી છે. '**કરણલબ્ધિ,...**' એ તો પાંચમાં આવે છે. '**ઉપદેશલબ્ધિ,...**' જુઓ, કરણલબ્ધિ. યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ એ પરિણામ પણ હેય છે. આહાહા..!

'**ઉપદેશલબ્ધિ,...**' એ દેશનાલબ્ધિ. પાંચ બોલમાં આવે છેને દેશના. એ ઉપદેશલબ્ધિનો અર્થ દેશના અને '**ઉપશમલબ્ધિ...**' એ વિશુદ્ધિ. વિશુદ્ધિ આવે છેને? એને ઉપશમ કહી. પાંચને સમાડી દીધી છે. અને '**પ્રાયોગ્યતાલબ્ધિ...**' એ પાંચેય લબ્ધિ પણ હેય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**વેદકસમ્યક્ત્વ;...**' ક્ષયોપશમમ લેવો છેને. ક્ષયોપશમમાં વેદકસમકિત છે. જેમાં સમકિતમોહનું વેદન થોડું છે એવું વેદકસમ્યક્ત્વ પણ ઉપાદેય નથી. આહાહા..! અને '**વેદકચારિત્ર;...**' ચારિત્ર વેદક છે. ક્ષયોપશમચારિત્ર છેને. ક્ષયોપશમચારિત્રને અહીંયાં વેદક કહ્યું. થોડો રાગ છેને ક્ષયોપશમનો? વિકાસ છે એ ચારિત્ર, પણ એની સાથે થોડો રાગ છે એ અપેક્ષાએ વેદકચારિત્ર કહેવામાં આવ્યું છે. એ બધું હેય છે. આહા..હા..! લ્યો!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ નહિ, એ નહિ. એ અંતરાયની વાત છે. આ તો પાંચ લબ્ધિ. દેશના, વિશુદ્ધિ, ક્ષયોપશમ આદિ પાંચ લબ્ધિ નથી આવતી? સમકિત પામવાની પાંચ લબ્ધિ. ગોમ્મટસારમાં પાંચ નામ આવ્યા છે.

**શ્રોતા** :- મોક્ષમાર્ગપ્રકાશકમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છે બધામાં છે. ગોમ્મટસારમાં પાંચ લબ્ધિ સમ્યગ્દર્શન પામવા પહેલા આવે છે. તમારે આવે છેને બપોરે અધિકાર. નહિ? બપોરે આવે છેને લબ્ધિ? પાંચ લબ્ધિ છે. ક્ષયોપશમલબ્ધિ, દેશનાલબ્ધિ, વિશુદ્ધિલબ્ધિ, પ્રાયોગ્યલબ્ધિ, એ પાંચ લબ્ધિ અને કરણલબ્ધિ. એ પાંચ છે.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીંયા આવા નામ આપ્યા છે. એ કહ્યુંને પહેલા. કાળલબ્ધિને હેય કહી. પહેલા ખુલાસો કર્યો છે. આમાં નામ આપ્યા છે. જુઓ, કાળબ્ધિનું નામ ક્ષયોપશમ લબ્ધિ અને કરણલબ્ધિ તો આવે છે. બે. ઉપદેશલબ્ધિમાં દેશનાલબ્ધિ અને ઉપશમલબ્ધિમાં વિશુદ્ધિ. નામ ફેર પાડ્યા છે અને પ્રાયોગ્યલબ્ધિ. બે જગ્યાએ આવે છે. એક અહીંયાં પણ આવે છે અને એક ૩૧૩ પાને આવે છે. એ પણ પાંચ બોલ લીધા છે. ૩૧૩ પાને આવે છે. આહાહા..!

**શ્રોતા :-** કરણલબ્ધિ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કરણલબ્ધિ પણ હેય છે. કહે છેને કે કરણલબ્ધિથી થાય છે. કાંતિલાલ બહુ સિદ્ધ કરે છે. કાંતિલાલ ઈશ્વર, મુંબઈમાં. અહીં તો કહે છે કે એ પરિણામ પૂર્વે હતું એનું જ્ઞાન કરાવ્યું, એનાથી સમકિત થતું નથી, એના અભાવથી થાય છે. સમજાણું કાંઈ? એનાથી થતું નથી, એના અભાવથી થાય છે. આહાહા..! ભાષા વ્યવહારથી કથન છે ત્યાં. અહીં તો પાંચેય લબ્ધિને હેય કહી છે. ક્ષયોપશમભાવે પાંચેય લબ્ધિને ગણવામાં આવી છે અહીંયાં તો. સમજાણું કાંઈ? આહાહા..! એ કરણલબ્ધિ પણ હેય છે. હવે કેવળજ્ઞાન હેય છે તો વળી આ શું? આહાહા..! જ્યાં દ્રવ્યનો આશ્રય કરવો છે ત્યાં કોઈ પર્યાયના આશ્રયે લાભ થાય છે એવી વાત છે નહિ. આહાહા..! બહુ સૂક્ષ્મ વાત. ભગવાન પૂર્ણાનંદના નાથનો ભેટો કરવાથી નિર્મળ પર્યાયદશા ઉત્પન્ન થાય છે. પર્યાયનો ભેટો કરવાથી તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. ઝીણી વાત, ભાઈ!

'અબ હમ કબહુ ન નિજઘર આયે' આવે છે કે નહિ? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે.' અમે પંડિત છીએ, અમે મૂર્ખ છીએ, અમે જ્ઞાની છીએ, અજ્ઞાની છીએ. એ તો પર્યાય (છે). પણ નિજઘર ભગવાન આત્મા.. આહાહા..! બળદ અને ભેંસને માટે ગમાણ નથી હોતી ગમાણ? ગમાણને શું કહે છે? ખાવાનું સ્થાન. ઘાસ નાખે છેને? ખાડો મોટી ગમાણ. ત્યાં ભોજન કરે છે તિર્યંચ ગાય, ભેંસ. ગમાણ કહે છે અમારે. એમાં ઘાસ નાખે પછી ખાય. આ આત્મા ગમાણ છે મોટી આનંદકંદ છે. ત્યાં મોઢું નાખે તો આનંદનો ખોરાક મળશે. આહાહા..! બાકી પર્યાય ઉપર નજર કરીશ તો આનંદનો ખોરાક નહિ મળે. આહાહા..! બહુ માર્ગ, ભાઈ! એ તકરાર... તકરાર... તકરાર... વાદવિવાદ. 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા' (સમયસાર નાટકમાં) આવ્યું છે. સમયસાર નાટક. સમયસાર નાટક, બનારસીદાસ. એ ક્ષયોપશમલબ્ધિ નથી, જાઓ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છેને.

**'ઔદયિકભાવના એકવીશ ભેદ આ પ્રમાણે છે : નારકગતિ,...'** આત્મામાં નરકગતિને આશ્રયે લાભ નથી થતો. ભાઈ! નરકગતિના દુઃખથી વૈરાગ્યથી સમકિત પામે એમ નથી આવતું? આવે છે કે નહિ? દુઃખનું લક્ષ કરવાથી. પણ એ તો લક્ષ કર્યું એટલી વાત છે. પણ નરકગતિથી એ ભાવથી સમકિત નથી થતું. સમ્યગ્દર્શન તો ત્રિકાળી ભગવાનના ભેટાથી થાય છે. આહાહા..! હવે અહીં બીજું, **'તિર્યંચગતિ, મનુષ્યગતિ...'** લ્યો, મનુષ્યગતિ હોય છેને કેવળજ્ઞાન પામવામાં? એક પંડિત આવ્યા હતા, બહુ તકરાર કરતાં હતા. કુચામણના હતા પહેલાં. પંડિત હતા એક કુચામણના. નામ હતું શું? નહિ? ઘાસીલાલજી. કુચામણ-કુચામણ છેને? ઘાસીલાલ પંડિત હતા. મનુષ્યગતિ છે તો એનાથી કેવળજ્ઞાન થાય છે. અહીં કહે છે કે મનુષ્યગતિથી

થતું જ નથી, સાંભળને. એ તો હેય છે, ઉદયભાવ છે. ઉદયભાવથી થાય છે? સંહનન છે. ઈ આવશે.

'**અને દેવગતિ એવા ભેદને લીધે ગતિ ચાર;...**' એ પણ નહિ. દેવગતિ પણ હેય છે. આહાહા..! સર્વાર્થસિદ્ધની ગતિ પણ હેય છે. ચારેય ગતિ પરાધીન દશા છે. આહાહા..! સ્વાધીન સુખનો એમાં ચાર ગતિમાં નાશ છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ પણ આવે, દેવ સ્વર્ગની ગતિમાં મનુષ્યગતિને ઈચ્છે છે. લ્યો, એમ આવે. ક્યારે અમને મનુષ્યગતિ મળે અને અમે ચારિત્ર અંગીકાર કરીને (પૂર્ણ) આનંદ (પ્રાપ્ત કરીએ)! એ તો નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? સર્વર્ગના દેવો એકભવતારી જીવો. મનુષ્ય ભવ હો, મનુષ્યભવ પામીને અમે અમારી દશા પ્રાપ્ત કરીને મોક્ષે જઈએ, ચારિત્ર ત્યાં થાય છે. એક મનુષ્યગતિમાં ચારિત્ર (હોય છે), પણ ગતિમાં ચારિત્ર થાય એ ગતિને કારણે નહિ. સમજાણું કાંઈ? ચારિત્ર જે થાય છે એ તો અનંત આનંદના નાથમાં એકાગ્ર થવાથી ચારિત્ર થાય છે. આહાહા..! ગતિ એ તો ઉદયભાવ છે. આહાહા..!

'**ક્રોધકષાય,...**' એ તો ઉદયભાવ છે. '**માનકષાય,..**' ઉદયભાવ છે. '**માયાકષાય,...**' કપટ ઉદયભાવ છે. '**ને લોભકષાય...**' ઈચ્છામાત્ર ઉદયભાવ છે. એને '**લીધે કષાય ચાર;...**' છે એ ઉદયભાવ છે. '**સ્ત્રીલિંગ,...**' એ ઉદયભાવ છે. સ્ત્રીલિંગ કોણ? દ્રવ્ય નહિ, અંદર વિકલ્પ છે ઈ. ઉદયભાવ છેને? '**સ્ત્રીલિંગ, પુંલિંગ,...**' સ્ત્રીલિંગના વિષયનો વિકલ્પ છે એ ઉદયભાવ છે. પુરુષલિંગ ઈ ઉદયભાવ છે, નપુંસક ઉદયભાવ છે. એ ત્રણ છે. '**સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક,...**' છે. આમ મિથ્યાદર્શનના ભેદ તો અસંખ્ય છે, '**સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક,...**' છે, એ ઉદયભાવ છે. મિથ્યાદર્શન એ ઉદયભાવ. કર્મના નિમિત્તે પોતામાં પોતાને કારણે ઉત્પન્ન થાય એનું નામ ઉદયભાવ કહે છે. ઉદયભાવ તત્ત્વાર્થસૂત્રમાં લીધું છે. તત્ત્વાર્થસૂત્ર બીજો અધ્યાય. પાંચ ભાવ જીવતત્ત્વ છે એમ લીધું છે. ઔદયિક, ક્ષયોપશમ, મિશ્ર જીવતત્ત્વ લીધું છે. ઉદયને જીવતત્ત્વ (કહ્યું છે). એની પર્યાયમાં છેને? એ ઉદયભાવ તત્ત્વ જીવની પર્યાયમાં છે. શરીરની અહીંયા વાત નથી. આહાહા..!

એ '**મિથ્યાદર્શન એક, અજ્ઞાન એક...**' ઉદયભાવે હોં. ઉદયભાવનું અજ્ઞાન. આહાહા..! જેટલું જ્ઞાન પ્રગટ નથી એનું નામ ઉદયભાવ છે. ઉઘાડ છે એ તો ક્ષયોપશમભાવ છે, પણ જેટલો નથી એટલું અજ્ઞાન એ ઉદયભાવ છે. આહાહા..! '**અસંયમતા એક;...**' અવિરતભાવ એ ઉદયભાવ છે. '**અસિદ્ધત્વ એક;...**' ઓહો..હો..! ચૌદમા ગુણસ્થાન સુધી સંસાર કહેવામાં આવ્યું છે. કેમકે એ અસિદ્ધત્વ ભાવ છે. અસિદ્ધત્વભાવ છે ત્યાં સુધી. આહાહા..! એ ઉદયભાવ છે. છેને. આહાહા..! પછી?

'**શુક્લલેશ્યા,...**' લ્યો જુઓ, શુભથી લીધું છે, કૃષ્ણથી નથી લીધું. શુક્લલેશ્યા એ ઉદયભાવ

છે. આહાહા..! શુક્લધ્યાન જુદી ચીજ, શુક્લલેશ્યા જુદી ચીજ. શુક્લલેશ્યા તો અભવિને પણ હોય છે. અભવિને પણ શુક્લલેશ્યા હોય છે. શુક્લલેશ્યાને નવમી ગ્રૈવેયક ચાલ્યો જાય છે. શુક્લલેશ્યાને કારણે. એ તો ઉદયભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**પદ્મલેશ્યા, પીતલેશ્યા,...**' પહેલાં શુભ લીધી. પછી '**કાપોતલેશ્યા, નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા...**' એ ઉદયભાવ છે. '**પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે :- જીવત્વપારિણામિક, ભવ્યત્વપારિણામિક, અભવ્યત્વપારિણામિક. આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે;...**' આહાહા..! ભેદથી વાત કરે છેને. '**ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે; અભવ્યત્વપારિણામિકભાવ અભવ્યોને જ હોય છે.**' પણ એવા ભેદ છે... આહાહા..! એ હેય છે. ત્રિકાળ પારિણામિકભાવ એકલો એ જ ઉપાદેય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.**' '**પાંચ ભાવો મધ્યે ક્ષાયિકભાવ કાર્યસમયસારસ્વરૂપ છે;...**' જુઓ, પાંચ ભાવમાં ક્ષાયિકભાવ એ કાર્યસમયસાર (છે). ભગવાન ત્રિકાળ પ્રભુ કારણસમયસાર, ત્યારે કેવળજ્ઞાન એ કાર્યસમયસાર. આહાહા..! છતાં હેય છે. આહાહા..! હજી તો શુભ વ્યવહારરત્નત્રયને હેય માનવામાં પરસેવો ઉતરે. તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ પણ હેય છે, આકુળતા છે. જે ભાવે બંધ પડે એ ભાવ આકુળતા છે, ધર્મ નથી.

**શ્રોતા :-** ક્ષાયિક..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્ષાયિકદર્શનથી બંધ નથી પડતો, રાગથી પડે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાર્ય નહિ. એ કાર્ય અહીં નહિ. પૂરું. પૂરાની અપેક્ષાએ વાત લીધી છે. પૂર્ણ કેવળજ્ઞાનને કાર્યસમયસાર કહેવામાં આવે છે. શરૂઆત કાર્યની થઈ પણ અલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. પૂર્ણ કાર્ય તો ત્યાં કહેવામાં આવે છે. આહાહા..!

કહે છે કે '**તે (ક્ષાયિકભાવ) ત્રિલોકમાં પ્રક્ષોભના હેતભૂત...**' આહાહા..! '**ખળભળાટ (તીર્થંકરના જન્મકલ્યાણકાદિ...**' થાય છે તો આખા લોકમાં જરી શાતા થઈ જાય છે. '**પ્રસંગે ત્રણ લોકમાં આનંદમય ખળભળાટ થાય છે.)**' આનંદમય નામ અતીન્દ્રિય આનંદની આ વાત નથી. લૌકિક સુખની. અતીન્દ્રિય આનંદ પ્રગટે તો મુક્તિ થઈ જાય. અને ભગવાનના જન્મના કારણે અતીન્દ્રિય આનંદ આવે છે એમ છે નહિ. આહાહા..! નરકમાં પણ જરી શાતા (થઈ જાય). ત્યાં ઉદય આવવાની યોગ્યતા એવી છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નિમિત્તથી નથી થતું, ત્યાં યોગ્યતા જ એવી છે. જન્મે ત્યારે યોગ્યતા એવી છે. શાતાનો ઉદય ખળભળાટ થઈ જાય છે. સમજાણું કાંઈ?

'તે (ક્ષાયિકભાવ) **ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકરણાને પ્રાપ્ત થતા સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત...**' તીર્થનાથને. સામાન્ય કેવળીને પણ એમ લેવું. '**સિદ્ધભગવાનને** હોય છે.' એ ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમિકભાવ સંસારીઓને હોય છે. આહાહા..! ક્ષાયિકભાવ કેવળી, તીર્થંકરો અને સિદ્ધને હોય છે અને આ ઔદયિક, ઉપશમ આદિ સંસારી પ્રાણીને હોય છે. ભાષા જુઓ હવે. '**પૂર્વોક્ત ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.**' આહાહા..! આવરણની અપેક્ષા (એટલે) કર્મના અભાવની અપેક્ષા એમાં આવે છે તો આવરણની અપેક્ષા એમાં લીધી. '**ચાર ભાવો આવરણસંયુક્હત હોવાથી...**' નિમિત્તની અપેક્ષા હોવાથી, ક્ષાયિકમાં પણ નિમિત્તના અભાવની અપેક્ષા હોવાથી આવરણસંયુક્ત કહેવામાં આવ્યું છે. આહાહા..! પહેલાં કહ્યું હતુંને? ચાર ભાવાંતરોને અગોચર આત્મા છે. ચાર ભાવાંતર નામ પારિણામિકભાવથી ચાર ભાવ અનેરા ભાવ છે. તો એમાં ક્ષાયિકભાવ પણ આવ્યો. તો પાઠ તો એવો આવ્યો હતો કે ક્ષાયિકભાવથી પણ આત્મા અગોચર છે. એનો અર્થ? કે ક્ષાયિકભાવના આશ્રયે આત્મા જણાતો નથી. પારિણામિકભાવના આશ્રયે જણાય છે. એ પહેલાં આવી ગયું છે. પહેલાં આવ્યુંને? ૭૮ પાને.

'**ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી.**' ૭૮ પાનું, ચોથી લીટી. હિન્દીની ચોથી. '**ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર...**' ભગવાન આત્મા પરમપારિણામિક સ્વભાવ શુદ્ધભાવ, એ ચાર ભાવથી અગમ્ય છે. એનો અર્થ? ચાર ભાવના આશ્રયથી અગમ્ય છે. બાકી ગમ્ય પછી કહ્યું હતું. તરત આવ્યું હતું નહિ? '**વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે—**' પાછળ ૮૦ પાને આવ્યું. ૮૦ પાને આવ્યું જુઓ, '**વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે...**' ત્યાં એમ લીધું. કળશ છે. આહા..! સમ્યગ્દષ્ટિ વિચારવંતને આત્મા ગમ્ય છે અને અહીંયાં કહ્યું કે ચાર ભાવાંતરોથી અગમ્ય છે. એનો અર્થ કે ચાર ભાવના આશ્રયે પારિણામિકભાવ પ્રગટ નથી થતો, એમ લેવું છે. ભાષાનો શું અર્થ છે એ સમજવો જોઈએ.

અને અહીં તો કહ્યું પાછું '**વિચારવંત ડાહ્યા પુરુષોને...**' સમ્યગ્દષ્ટિ વિચારવંત ડાહ્યા પુરુષો, આહાહા..! એને પરમપારિણામિકભાવ ગમ્ય છે. આહાહા..! પરમપારિણામિકનો એને સ્પર્શ થયો છે. આહાહા..! સમજાણું કાંઈ? એકલો પ્રભુ જ્ઞાનરસ, આનંદરસ, સત્ત્વ સત્‌નું સત્ત્વ આખું. સત્ એ વસ્તુ એનું સત્ત્વ એનો ભાવ, પરિપૂર્ણ ભાવથી ભરેલો પ્રભુ એ પારિણામિક ભાવ છે. ગુણ પણ પારિણામિકભાવ છે, દ્રવ્ય પણ પારિણામિકભાવ છે. આહાહા..! સહજાત્મસ્વરૂપ પારિણામિકભાવ સમકિતીને ગમ્ય છે. સમજાણું કાંઈ? એ ઉપશમભાવથી, ક્ષયોપશમભાવથી, ક્ષાયિકભાવથી ગમ્ય છે. ત્યાં ના પાડી કે અગમ્ય છે. એનો અર્થ કે એના આશ્રયે અગમ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ અપેક્ષા. લક્ષ છેને, ત્યાં નિમિત્તનો અભાવ થયોને એટલો? અને એનો આશ્રય કરવા જાય તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહાહા..!

**'પૂર્વોક્ત ચાર ભાવો...'** આહાહા..! રાગ તો ઉદયભાવ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ઉદય છે. આહાહા..! એ આવરણવાળો ભાવ છે. અહીં તો ક્ષાયિક અને ક્ષયોપશમને આવરણ કહ્યું. કેમ? કે ત્રિકાળી ભગવાન જેને આવરણ અને અનાવરણ છે જ નહિ, એવી ચીજની અપેક્ષાએ ક્ષાયિકભાવને પણ નિમિત્તનો અભાવ થયો એટલી અપેક્ષા લઈને આવરણસંયુક્ત કહેવામાં આવ્યું છે. ડાલચંદજી! આહાહા..! સમજાણું કાંઈ? ત્રિકાળ નિરાવરણ ભગવાન આત્મા એ તો પારિણામિકભાવ છે, એમ કહે છે. ત્રિકાળ નિરાવરણ વસ્તુ. આવરણ નથી અને જેમાં રાગનો નિમિત્તરૂપે સંબંધ નથી. પર્યાયમાં નિમિત્તરૂપે સંબંધ છે રાગની સાથે. વસ્તુ તો વસ્તુ છે. ચૈતન્યઘન, વિજ્ઞાનઘન ધ્રુવસ્વભાવ, શુદ્ધભાવ એને તો રાગ સાથે સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવરણના નિમિત્તપણાનો અભાવ એ ક્ષાયિકમાં છે. સ્વભાવ તો આવરણરહિત ત્રિકાળ છે. ત્રિકાળ નિરાવરણ ભગવાન એ જ આદરણીય છે. આહાહા..! આ લોકોને આ બધું નિશ્ચય-નિશ્ચય કરીને જાણે વ્યવહાર ઉડી જાય છે એમ માને છે. પણ વ્યવહાર છે એ ઉડે છે. હોય એ ઉડે કે ન હોય એ ઉડે? ચાર ભાવ નથી? ઉદયભાવ રાગાદિ નથી? પંચમહાવ્રતાદિ વિકલ્પ મુનિને નથી? છે, પણ એ આશ્રય કરવાલાયક નથી. આહાહા..! એનાથી ધર્મ થાય છે એમ નથી. એનાથી ધર્મ થાય છે એમ નથી. ત્રિકાળી ભગવાન પરમપારિણામિકસ્વભાવ આનંદદળ, ચૈતન્યદળ, પરમ સહજાત્મસ્વરૂપ એના આશ્રયે ધર્મ થાય છે. એ એક જ ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પૂર્વોક્ત...'** પહેલાં ક્ષાયિકભાવના વખાણ કર્યા કે કાર્યસમયસારરૂપ ક્ષાયિકભાવ, ત્રણ લોકમાં ક્ષોભનું કારણ એવો તીર્થંકર અને કેવળીને હોય છે. આહાહા..! છતાં એ ભાવને અહીંયાં આવરણ કહ્યું. કેવી શૈલી છે! પંચાસ્તિકાયમાં ચાર ભાવને કર્મકૃત કહેવામાં આવ્યા છે. મૂળ શ્લોક છે. પંચાસ્તિકાય. નિમિત્તપણું છે. કર્મકૃત કહ્યું છે હોં. સમજાણું? પંચાસ્તિકાય છે? નિમિત્તથી કથન છે એમ કહ્યું. ૫૬ નહિ? આ તો કર્તાની આવી. લ્યો ૫૮. ૫૮ ગાથા. પંચાસ્તિકાય ૫૮ ગાથા.

**कम्मेण विणा उदयं जीवस्स ण विज्जदे उवसमं वा।**
**खइयं खओवसमियं तम्हा भावं तु कम्मकदं।।५८।।**

ક્ષાયિકભાવ એ **'कम्मकदं'**. ૫૮—૫૦ અને ૮. નિમિત્ત છેને? નિમિત્તનો અભાવ થયો એટલી અપેક્ષા થઈ. **'कम्मकदं'** પછી કહ્યું કે એ ભાવો **'भावो जदि कम्मकदो अत्ता कम्मस्स होदि किध कत्ता।'** તો પછી કર્મનો કર્તા આત્મા ક્યાંથી થયો? સમજાણું? **'ण कुणदि अत्ता किंचे वि मुत्ता अण्णं सगं भावं।।'** પોતાના ભાવ સિવાય આત્મા પરનો કર્તા છે જ નહિ. તો એ નિમિત્તથી કહ્યું છે. પંચાસ્તિકાય, ૫૮ ગાથા. પાંચ ભાવનું વર્ણન છે. ૫૩-૫૪થી પાંચ ભાવનું વર્ણન છે. ઉદય, ઉપશમ આવ્યુંને? એ પાઠ છે ત્યાં.

કહે છે '**ત્રિકાળનિરૂપાધિ જેનું સ્વરૂપ છે...**' આહાહા..! ભગવાન આત્મા નિશ્ચય આત્મા જેને કહીએ, ધ્રુવ જેને કહીએ, પરમપારિણામિકભાવ જેને કહીએ, ભૂતાર્થ જેને કહીએ, સત્યાર્થ જેને કહીએ, શુદ્ધ જેને કહીએ... આહાહા..! એ તો ત્રિકાળ નિરૂપાધિ (તત્ત્વ છે). ઓલા ચારને ઉપાધિવાળા કહ્યા. '**ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમ પંચમભાવની...**' આહાહા..! જેમાં અંજન નથી. નિજ પરમ પાછું, નિજ પરમ પંચમભાવ. ભગવાનનો પંચમભાવ એમની પાસે રહ્યો. આહાહા..! '**નિજ પરમપંચમભાવની...**' ભાષા જુઓ! કેમકે શાસ્ત્રમાં તો ઉદયભાવને પણ પારિણામિકભાવ કહ્યો છે. એ તો કર્મના નિમિત્તની અપેક્ષાએ ઉદય કહ્યો. બાકી પારિણામિકભાવની પર્યાય છેને ઈ? રાગ, મિથ્યાત્વને પણ પારિણામિકભાવ કહ્યો છે, પરમપારિણામિક નહિ. જયધવલમાં. રાગ આદિ ચાર ભાવને પારિણામિકભાવની પર્યાય કહી છે. નિમિત્તની અપેક્ષાએ ઉદય, નિમિત્તની અપેક્ષાએ ક્ષયોપશમ, નિમિત્તની અપેક્ષાએ ક્ષાયિક એમ કહેવામાં આવે છે. બાકી .. ત્રિકાળ પરમપારિણામિકભાવે એની પર્યાય તો પારિણામિકભાવ છે એનો. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો '**પરમપંચમભાવ...**' એની ભાવના. ભાષા જુઓ પાછી. ભાવના તો ઉપશમ સમકિત, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ છે. સમજાણું કાંઈ? એક બાજુ ના પાડી કે ચાર ભાવ આવરણવાળા છે. બીજી બાજુ કહે કે એ પરમપારિણામિક ભાવનાથી, ત્રિકાળીની ભાવનાથી, ત્રિકાળીમાં એકાગ્ર થવાથી. ત્રિકાળી ભાવ એકાગ્રતાની ભાવના. એ ભાવના તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકવાળી છે. પણ એ તો પરના આશ્રયે નથી થતી એટલું બતાવવા આવરણવાળું કહી દીધું. આહાહા..! પાછું ભાવનામાં તો આવી ગયું એ. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવના. પંચમપારિણામિકની ભાવના ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક છે. સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાન આત્માની જે ભાવના એ તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય છે, પણ એ ત્રિકાળનો આશ્રય લઈને ઉત્પન્ન થઈ છે માટે એની ભાવના કહેવામાં આવી. આહાહા..! ભારે ભાઈ! એ ભાવના મોક્ષનો માર્ગ. જેને અહીંયાં હેય કહ્યું. ત્યાં પાછું એ પરમપંચમભાવ ભગવાન એની ભાવની ભાવના, એના ભાવની ભાવના. ક્યો ભાવ? પંચમ પારિણામિકભાવ એ વસ્તુ, એની ભાવના એ પર્યાય.

**શ્રોતા** :- કઈ પર્યાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પારિણામિકની પર્યાય છેને એ? કહ્યુંને? ચાર ભાવની પર્યાયને પણ પારિણામિક કહે છે.

પરમપારિણામિકભાવ... આહાહા..! ત્યાં ઉદયભાવને પણ પારિણામિકભાવ કહ્યો છે, પરમપારિણામિક નહિ. પરમપારિણામિક ત્રિકાળ. પારિણામિકભાવ એ પર્યાયરૂપ પરિણમે છેને. પર્યાયરૂપે. ભાવ તો ભાવ છે. આહાહા..! એ અપેક્ષાએ ઉદયભાવને, મિથ્યાત્વને પારિણામિકભાવ કહ્યો. આહાહા..! અસંયમને પારિણામિકભાવ કહ્યો. કેમકે એ પારિણામિક ત્રિકાળની પર્યાયની

અપેક્ષાએ કહેવામાં આવ્યું છે.

એમ અહીંયાં કહે છે... આહાહા..! પરમપંચમભાવ, પારિણામિકભાવ, ધ્રુવભાવ, શુદ્ધભાવ, અભેદભાવ, નિત્યાનંદ પ્રભુ ભાવ એની ભાવના. સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, કાંઈ બહુ (કઠણ નથી), ભાવ ભલે (સૂક્ષ્મ છે). ભાષા તો સરળ છે, એટલી કઠણ નથી. ભાવ છે. અલૌકિક વાત છે અહીં તો, ભગવાન! આહાહા..! પંચમભાવની ભાવના છે તો પર્યાય એ. પંચમભાવ એ ધ્રુવ, દ્રવ્ય, શુદ્ધભાવ. અહીં શુદ્ધભાવ કહ્યોને? પંચમભાવ એ ધ્રુવ શુદ્ધભાવ. એની ભાવના—સન્મુખ થઈને એકાગ્રતા થવી એ ભાવના. આહાહા..! છે તો એ ભાવના ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવરૂપ. પંડિતજી! .. નહિ, એને આશ્રયે થઈ એ પર્યાય. એમ. એ પર્યાય મોક્ષનું કારણ છે. નિશ્ચયથી તો મોક્ષનું કારણ એ પર્યાય કહેવામાં આવી એ પણ વ્યવહાર છે. મોક્ષની પર્યાયનું કારણ કારણપરમાત્મા છે. કેમકે આ ભાવનાની પર્યાય પણ વ્યય થાય છે. આહાહા..! તો વ્યય થાય એ ભાવનું કારણ કેમ થાય? કેવળજ્ઞાન અને ક્ષાયિકભાવની પર્યાયનું વ્યય કારણ અભાવ કેમ હોય? ભાવ ત્રિકાળી છે. આહાહા..! સમજાય છે કે નહિ? ભાઈ! એવો માર્ગ છે, ભગવાન! આહાહા..! પ્રભુ અંદર બિરાજે છે. અતીન્દ્રિય નાથ ગુફામાં બિરાજે છે. આહાહા..! આવ્યુંને ત્યાં. અનુભવપ્રકાશમાં આવ્યું છે. એક શરીર ગુફાથી ભિન્ન કર, કર્મ ગુફાથી ભિન્ન કર, રાગની ગુફાથી ભિન્ન કર. અંદર ગુફામાં ભગવાન બિરાજે છે. પોપટભાઈ! આવી વાતું, બાપા! આહાહા..!

**'નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમપંચમભાવની ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ જાય છે,...'** ભાષા જુઓ, પંચમપારિણામિક ભગવાન આત્મા ધ્રુવ, એની ભાવના નામ એકાગ્રતા, ભાવની ભાવના એકાગ્રતા એનાથી મોક્ષ જાય છે. આહાહા..! વ્યવહારરત્નત્રયથી જતા નથી એમ કહે છે.

**શ્રોતા :-** આપ સોનગઢ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની પાસે પડ્યો છેને ભગવાન. સોનગઢમાં ક્યાં છે? આહાહા..! દરબાર! સૂક્ષ્મ વાત છે. કેટલાક કહે કે આ દરબાર છે અને એ તો વાણિયાનો ધર્મ, ત્યાં ક્યાં તમે ગયા? એમ કહે. પણ આ વાણિયાનો ધર્મ નથી, આ તો આત્માનો ધર્મ છે. લોટીયા વોરા કીધુંને. મુસલમાન લોટિયા વોરા ..ભાઈ છે મુલ્લા. વોરા. ઘણા વર્ષથી અને અત્યારે તો આવી શકતા નથી. શરીર ધ્રુજે છે. ૯૨-૯૩ વર્ષ થઈ ગયા. છોકરો લઈને આવ્યો હતો દર્શન કરાવવા. મહારાજ! અલિંગગ્રહણના ૧૮-૧૯-૨૦ બોલ ઓહો..હો..! એમ કીધું. છેલ્લા છેને? એ ગુણી ગુણના ભેદને સ્પર્શતો નથી. દ્રવ્ય ગુણના ભેદને સ્પર્શતો નથી. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી, પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. એ ૧૮-૧૯-૨૦ છે. દરબાર! એ લોટિયા વોરા મુસલમાન. આહાહા..! આ ૧૮-૧૯-૨૦ (બોલ) અલિંગગ્રહણના. આહાહા..! આમ પ્રસન્નચિત્તથી. ડાલચંદજી! આત્મા છેને.

શ્રોતા :- આત્મા ક્યાં મુસલમાન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુસલમાન આત્મા ક્યાં છે? આત્મા રાગી નહિ, શરીર નહિ, નાત નહિ, જાત નહિ. આહાહા..! એ તો ભગવાન પરમસ્વભાવરૂપ પડ્યો છે, પ્રભુ! આહાહા..! એની ભાવનાથી, એ ભાવની એકાગ્રતાથી, એ ભાવના કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. પંચમભાવની ભાવના કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય કહો. આહાહા..!

'**પંચમગતિએ મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે,...**' આહાહા..! અરે..! પ્રભુ! પણ અહીંયાં પંચમ આરામાં મોક્ષ નથીને? અરે..! સાંભળતો ખરો. પોતાની દશાને પામે છે એ અંદરમાં મોક્ષ જ છે. '**ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ...**' જુઓ, આ મુમુક્ષુ એને કહીએ. આહાહા..! પંચમ ભગવાન ભાવની ભાવના કરે છે એ મુમુક્ષુ મોક્ષમાં જાય છે. આહાહા..! ભવિષ્યકાળમાં જાશે. વર્તમાનમાં જાય છે, ભવિષ્યમાં જશે, ભૂતકાળમાં જાતા હતા. એક જ ઉપાય ત્રિકાળનો છે. પરમસ્વભાવભાવની ભાવનાથી વર્તમાનમાં મોક્ષ જાય છે, ભૂતકાળમાં ગયા અને ભવિષ્યમાં જશે. બીજો કોઈ ઉપાય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ સુદ-૧૪, બુધવાર, તા. ૨૦-૦૮-૧૯૭૫,**
**ગાથા-૪૧-૪૨, કળશ-૫૮-૫૯ પ્રવચન નં. ૧૦**

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. અહીં આવ્યું છે. '**પૂર્વોક્ત ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.**' આ વાત કેમ કહી? કે દ્રવ્યની પર્યાય ચાર ભાવરૂપ થાય છે. ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમ, ક્ષાયિક. એ પર્યાયમાં ભાવ છે, પણ એ વસ્તુમાં અંદરમાં નથી. એક-એક આત્માની વાત ચાલે છે. વેદાંત છે એ તો સર્વ આત્માને એક જ માને છે. એને તો દ્રવ્ય અનેક અને પર્યાયની વાત છે નહિ એમાં.

આ તો જૈન પરમેશ્વર સર્વજ્ઞ ભગવાને પ્રત્યેક આત્માની ચાર પર્યાય પ્રકાર જે પર્યાયમાં જોયા છે એ વ્યવહાર છે (એમ જોયું અને વર્ણવ્યું છે). આહાહા..! એ પર્યાય પર્યાયમાં છે, પણ વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ એમાં એ પર્યાય નથી. આહાહા..! એ પર્યાય આવે છે દ્રવ્યમાંથી અને જાય છે પણ દ્રવ્યમાં. આહાહા..! જળ કલ્લોલવત્ એમ આવ્યુંને? આલાપ પદ્ધતિમાં આવ્યો છે શ્લોક. જળ કલ્લોલવત્. પાણીમાં જેમ તરંગ ઉઠે છે એ ઉનમજંતિ, નિમજંતિ એવો શબ્દ છે. ઉનમજંતિ નામ ઉત્પન્ન થાય છે અને નિમજંતિ નામ પર્યાય ડૂબી જાય છે. આહાહા..! સમયસાર નાટકમાં એને 'ડુબુક' કહ્યું છે. જે પર્યાય

એક સમયે છે એ બીજે સમયે તો રહેતી નથી, તો ગઈ ક્યાં? એ તો સત્ હતી, અસત્ નથી. વ્યય પણ સત્, ઉત્પાદ પણ સત્, ધ્રુવ પણ સત્ છે. તો વ્યયરૂપ થઈ એ સત્ છે. તો સત્ દ્રવ્યમાં ગયું. આહાહા..! સમજાણું કાંઈ? તો એ દ્રવ્યમાં ગઈ એ તો પારિણામિકભાવ થયો. બપોરે કહ્યું હતુંને એ પ્રકાશચંદજી! ભાઈ આવે છેને ઈ, સાતમા અધ્યાયમાં. કેવળજ્ઞાન એ કાંઈ પારિણામિકભાવ નથી. સાતમામાં આવે છે પહેલા પાને. સાતમો અધ્યાય મોક્ષમાર્ગપ્રકાશક. શરૂઆતમાં પહેલેથી આ બાજુ. આ બાજુ આવે છે. આહાહા..! એ કેવળજ્ઞાન પર્યાય ક્ષાયિકભાવની છે. ત્રિકાળ છે એ ભાવ નથી. ત્રિકાળ જે કેવળજ્ઞાન શક્તિરૂપ છે એ તો પારિણામિકભાવ છે. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? એ લીધું છેને સાતમામાં? હમણા બતાવ્યું હતું.

'**કોઈ એમ માને છે કે—''આત્માના પ્રદેશોમાં તો કેવળજ્ઞાન જ છે,''**...' કેવળજ્ઞાન આત્માના પ્રદેશમાં છે. સમજાણું? તે '**ઉપર આવરણ હોવાથી પ્રગટ થતું નથી.**' આવરણને કારણે પ્રગટ નથી, અંદર તો છે એમ કોઈ કહે છે. એ પણ ભ્રમ છે. ઝીણી વાત છે. '**જો કેવળજ્ઞાન હોય તો વજ્રપટલાદિ આડા હોય છતાં પણ વસ્તુને જાણે છે, તે કર્મ આડાં આવતાં કેમ અટકે?**' જો શક્તિરૂપે કેવળજ્ઞાન હોય તો. આહાહા..! '**માટે કર્મના નિમિત્તથી કેવળજ્ઞાનનો અભાવ જ છે.**' પર્યાયમાં કર્મનું નિમિત્ત અને પોતાના પુરુષાર્થની કચાશ, એ કારણે પર્યાયમાં કેવળજ્ઞાનનો અભાવ છે. ધન્નાલાલજી! આહાહા..! '**જો તેનો નિરંતર સદ્ભાવ રહે,**...' જો કેવળજ્ઞાન ત્રિકાળ રહે, નિરંતર રહે '**તો તેને પારિણામિકભાવ કહેત,**...' પારિણામિક કહેત. આહાહા..! સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન આત્મામાં કાયમ છે. એમ કહે. શ્વેતાંબરમાં એમ કહે છે. કેવળજ્ઞાન સત્તારૂપે કાયમ છે, એમ કહે છે. આવરણને કારણે... સત્તારૂપ છે કેવળજ્ઞાન. એમ નથી. શક્તિરૂપ છે એ તો ગુણરૂપ છે, પારિણામિકભાવરૂપ છે. એ કેવળજ્ઞાન જે પ્રગટે છે એ પર્યાય અંદરમાં (પ્રગટ) નથી. આહાહા..! ભારે જીણું, ભાઈ! વીતરાગ પરમેશ્વરનો માર્ગ જિનેન્દ્રદેવ એણે કહેલો માર્ગ ગંભીર બહુ, ભાઈ! આહાહા..! કહે છે કે તે સદ્ભાવ જે કેવળજ્ઞાનની સત્તારૂપે કાયમ હોય તો, તો તો એને પારિણામિકભાવ કહીએ. '**તે તો ક્ષાયિકભાવ છે.**' કેવળજ્ઞાનની પર્યાય તો ક્ષાયિકભાવ છે. અંદરમાં કેવળજ્ઞાનની પર્યાય છે તો તો પારિણામિકભાવ થઈ ગયો એ તો. એ તો કેવળજ્ઞાન પર્યાય નથી, એ તો ગુણરૂપ (છે). આહાહા..! છે? જુઓ,

'**સર્વભેદ જેમાં ગર્ભિત છે**...' સાતમો અધ્યાય છે? '**સર્વભેદ જેમાં ગર્ભિત છે**...' અંતર પારિણામિકભાવમાં સર્વભાવ સામાન્ય ગર્ભિત છે. '**એવો ચૈતન્યભાવ, તે જ પારિણામિકભાવ છે,**...' આહાહા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાન છે એ સત્તામાં (હોય તો) એ તો પારિણામિકભાવ થઈ જાય. એ તો પારિણામિકભાવ છે નહિ. આહાહા..! એ એમ કહે છે શ્વેતાંબર. સત્તારૂપ છે, પણ કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિને કારણે પ્રગટ નથી થતું. એમ

નથી. સમજાણું કાંઈ? પંડિતજી! જરી સૂક્ષ્મ છે. સત્તારૂપ કેવળજ્ઞાન છે, પણ આવરણને કારણે કેવળજ્ઞાન નથી દેખાતું.

**શ્રોતા :-** આવરણ હોય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવરણ હોય નહિ. એ તો કહ્યુંને પહેલાં? કે '**વજ્રપટલાદિ આડા હોય છતાં પણ વસ્તુને જાણે છે, તે કર્મ આડાં આવતા કેમ અટકે?**' આહાહા..! કેવળજ્ઞાનની પર્યાયમાં તો વજ્રપટલ ઈન્દ્રનું હોય છે એને પણ જાણે અંદરમાં દેવ છે એને. આહાહા..! સૂક્ષ્મ છે, ભાઈ! અંદર સ્વરૂપ ભગવાન સ્વરૂપ ચૈતન્યસત્તા અને શક્તિ એ તો પારિણામિકભાવ, સહજભાવ, ત્રિકાળભાવ, ધ્રુવભાવ અને કેવળજ્ઞાન પ્રગટ પર્યાય એ તો ક્ષાયિકભાવ. સમજાણું કાંઈ? એ તો પર્યાયભાવ છે, દ્રવ્યભાવ નથી. બહુ લાંબી વાત છે.

અહીંયાં કહે છે કે '**ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી...**' એ પર્યાયમાં આવરણના નિમિત્તની અપેક્ષા આવે છે એ અપેક્ષાએ આવરણ કહ્યું છે. પર્યાયમાં હોં! '**મુક્તિનું કારણ નથી.**' ક્ષાયિકભાવ, આહાહા..! ક્ષયોપશમભાવ એક સમયની પર્યાય છે. એ મુક્તિનું કારણ નથી. આહાહા..! '**ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ છે...**' ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ ભગવાન આત્માનું છે. '**એવા નિરંજન નિજ પરમપંચમભાવ..**' અંજન મેલ વિનાની પંચમ શક્તિરૂપ ભાવ સહજાત્મ પ્રભુ... આહાહા..! એની ભાવના. એ પંચમભાવની ભાવના (અર્થાત્) અંતર્મુખ થવું. આહાહા..! આ તો પર્યાય છે પાછી. ભાવના પર્યાય છે, પણ એ ભાવના પંચમ ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ એને લક્ષમાં લઈને એકાગ્ર થાય છે તેને અહીંયા ભાવના કહેવામાં આવે છે. એ ભાવના તો છે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ. પહેલા ના પાડી હતી કે એમાં છે નહિ. એમાં છે નહિ એ તો વાત રહી, પણ એમાં જે ચીજ પરમ સ્વભાવભાવ સહજસ્વરૂપ ધ્રુવભાવ અનાદિ અનંત અણુત્પન્ન અને અવિનાશી એવો પરમસ્વભાવભાવ એને ધ્યેય બનાવીને, ધ્યાનમાં ધ્યેય બનાવીને, એ ધ્યેય પરમપારિણામિકભાવ છે અને ધ્યાન એ ભાવના છે. આહાહા..! આવો માર્ગ છે બહુ... એ વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય આવી વાત છે નહિ.

વેદાંત તો એક જ, સર્વ આત્મા એક જ માને છે. ત્યાં તો પર્યાય પણ નથી અને અનેક આત્મા પણ નથી. અહીં તો જૈનમાં અનેક આત્મા છે, અનેક દ્રવ્ય છે, એ હોવા છતાં પણ પર્યાયમાં જે ક્ષાયિક આદિ ચાર ભાવ છે એને આશ્રયે મોક્ષમાર્ગ નથી થતો, એના આશ્રયે. ત્રિકાળ ભગવાન પરમસ્વભાવ, ધ્રુવભાવ, પરમભાવ, નિત્યભાવ, સહજભાવ, સ્વભાવભાવ, સત્‌નો સત્ત્વભાવ, સત્‌નું સત્ત્વ. સમજાણું કાંઈ? એ પંચમભાવની ભાવના. આહાહા..! જુઓ, ત્રિકાળ માર્ગ આ કહે છે. એની ભાવનાથી. ભાઈ! શું કરવું? આ કરવું એમ કહે છે. એમ કહે, શું કરવું? પર્યાયને અંતરમાં વાળવી આ કરવાનું છે. આહાહા..!

પર્યાયનું મુખ પરતરફ છે. સ્વથી વિમુખ, પર્યાયનું મુખ સ્વથી વિમુખ, પરથી સન્મુખ

છે. એ પરથી વિમુખ અને સ્વથી સન્મુખ કરવું. આહાહા..! સમજાણું કાંઈ? વર્તમાન પર્યાયનું મુખ પરતરફ છે અને એક સમયની પર્યાયમાં જ અનાદિની એકતાબુદ્ધિ કરી રાખી છે. વસ્તુ જે ત્રિકાળ છે એ તો ખ્યાલમાં આવી જ નથી. પર્યાયમાં રમત. નવમી ગ્રૈવેયક (ગયો), અનંતવાર સાધુ થયો, દિગંબર સાધુ પણ એ પર્યાયમાં રમત એની. પર્યાયબુદ્ધિ. એ પર્યાય પરસન્મુખ છે માટે પર્યાયબુદ્ધિને મિથ્યાદૃષ્ટિ કહે છે. આહાહા..! એ પર્યાય ભગવાન આત્મા પરમસ્વભાવભાવ એની ભાવનાથી. જુઓ, છે? વ્યવહારરત્નત્રય અને વ્યવહારથી મુક્તિ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ થાય છે, આવે છે, પણ એનાથી મુક્તિ નથી. એનાથી ધર્મ નથી થતો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આખો પલટો ખાવાનો છે. દિશા બદલવાની છે. પર્યાયની દિશા પરતરફ છે એ દિશાને કારણે દશા વિપરીત છે. પર્યાયની દિશા પરતરફ છે. એ દિશા પર (ઉપર હોવાને) કારણે દશા વિપરીત છે. એ દશાને સ્વસન્મુખ કરવાથી, સ્વદિશા તરફ વાળવાથી સ્વદશા ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આવી વાત છે. માર્ગ તો આવો છે. એણે પહેલાં તો આ નક્કી કરવું જોઈએ નિર્ણયમાં, નિશ્ચયમાં વિકલ્પસહિત. વિકલ્પસહિત ભલે હોય, પણ એવો તો નિર્ણય થવો જોઈએ કે ત્રિકાળી ભગવાન આત્મા એની ભાવના, ભાવની ભાવના, ભાવ ત્રિકાળ, ભાવના વર્તમાન. આહાહા..!

એનાથી પંચમગતિમાં '**પંચમભાવની ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ જાય છે,...**' આહાહા..! મહાવિદેહમાં મોક્ષમાં જાય છે, વર્તમાન જાય છે. આહાહા..! ૬૦૮ છ મહિનામાં મુક્તિ પામે છે. એ તો ત્રિકાળ ધારાવાહી ચાલે છે. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮. સમજાણું કાંઈ? એટલા તો મુક્તિએ જાય છે. ક્યાં જાય છે? અત્યારે તો અહીંયા નથી. ક્યાં જાય છે? ધારાવાહી જાય છે. આહાહા..! પણ આ પંચમભાવની ભાવનાથી. કોઈ વ્યવહારના વિકલ્પ ને દયા, દાન ને વ્રત ને વ્યવહાર એ તો બંધનું કારણ છે. જેમ ક્ષાયિકભાવ અંદર નથી, એમ ઉદયભાવ અંદર નથી એ બીજી વાત. ચારેય ભાવ અંદર નથી એમ કહ્યુંને? પણ ચારેય ભાવ અંદરમાં નથી, પણ ઉદયભાવ અંદરમાં વળતા ઉદયભાવ રહેતો નથી. અંદરમાં વળતા ઉદયભાવ રહેતો નથી. અંદરમાં વળતા ક્ષયોપશમ, ક્ષાયિકભાવ આવી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**પંચમભાવની ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ જાય છે, (ભવિષ્ય કાળે) જશે...**' એ જ માર્ગે જશે. '**અને (ભૂત કાળે) જતા.**' આ માર્ગે અનંતકાળમાં ભૂતકાળમાં પંચમભાવની ભાવનાથી મુક્તિને પામ્યા છે. આહાહા..! મહાવિદેહ કહ્યુંને. એ પહેલાં કહ્યું હતું. વર્તમાનકાળે મહાવિદેહમાંથી જાય છે. સમજાણું કાંઈ? ભૂતકાળમાં અહીંથી ગયા છે અને ભવિષ્યકાળમાં અહીંથી જાશે. આહાહા..! તીર્થંકર પરમાત્માની ઉપસ્થિતિ હશે ત્યારે મોક્ષમાર્ગ ખુલ્લો હશે. સમજાણું કાંઈ? આહાહા..! સ્વભાવની મહિમા આવે ત્યારે અંદરમાં એકાગ્ર થાય છે. એનાથી

ભવિષ્યમાં મોક્ષ જશે, વર્તમાનમાં જાય છે અને ભૂતકાળમાં (ગયા). આહાહા..! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ આ એક જ છે. મોક્ષના માર્ગ બે છે એમ નથી, એમ કહે છે. મોક્ષમાર્ગનું પ્રરૂપણ બે પ્રકારનું છે—એક નિશ્ચય અને એક વ્યવહાર. નિમિત્ત જોઈને વ્યવહાર કહ્યો. વસ્તુ બે પ્રકારની નથી, વસ્તુ મોક્ષમાર્ગ તો એક જ પ્રકારનો છે. લીધુંને એમાં? મોક્ષમાર્ગપ્રકાશકમાં સાતમા (અધિકારમાં). ત્યાં કહે મોક્ષમાર્ગ બે માનવા એ ભ્રમ છે. ત્યારે રતનચંદજી કહે છે કે બે ન માનવા એ ભ્રમ છે. એમ કહે છે. અનેક પ્રકાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો એક જ પ્રકાર આ કહ્યો. ભગવાન પૂર્ણાનંદની ખાણ સચ્ચિદાનંદ પ્રભુ... આહાહા..! એમાં આવે છે, અધ્યાત્મ તરંગિણી છેને, એમાં આવે છે. ધ્યાનમાં વિષય બનાવીને. લ્યો! પર્યાયમાં એનો વિષય બનાવીને. 'ધ્યાનમાં વિષય બનાવીને' એવો પાઠ છે સંસ્કૃતમાં. અધ્યાત્મ તરંગિણી છે. આ કળશની ટીકા છેને, એમાં આવ્યું છે. ધ્યાનમાં વિષય બનાવીને. કોને? ભગવાન પંચમભાવને. આહાહા..! એને વિષય બનાવીને ધ્યાનની પર્યાય જે ઉત્પન્ન થાય છે (તે ભાવના છે, મોક્ષમાર્ગ છે). એ દ્રવ્યસંગ્રહમાં આવ્યું છે. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' દ્રવ્યસંગ્રહમાં. ૪૭. ૪ અને ૭. સૈંતાલીસ કહે છે તમારે? સૈંતાલીસ. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' એવી ગાથા છે, નેમિચંદ સિદ્ધાંતચક્રવર્તી. અંતર આત્મા શુદ્ધપદ સ્વભાવ અહીં શુદ્ધભાવ કહ્યો એ પંચમભાવ કહો, એને ધ્યાનમાં પકડવાથી નિશ્ચયમોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે અને બાકી રાગ રહે છે એને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' એમ લીધું છે. વ્યવહાર પણ ધ્યાન. કેમ? કે અંદર ધ્યાનમાં સ્વભાવસન્મુખ થાય છે (અને એમાં) જ્યાં એકાગ્ર થયો એ તો નિશ્ચય થયો, પણ બાકી રાગ રહ્યો એને વ્યવહાર કહેવામાં આવે છે, ઉપચારથી. આહાહા..! સમજાણું કાંઈ? પદમચંદજી! આ પૈસા-બૈસા રળવા અને કમાવા એવું અહીંયાં નથી. ઢગલા પૈસા થઈ જાય અને જાણે એમાં બસ. આહાહા..! આ તો અંદરની લક્ષ્મીની વાત છે.

'**(હવે, ૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :)**' શ્લોક ૫૮.

(आर्या)

अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः।
संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः।।५८।।

'**શ્લોકાર્થ :- (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ) પાંચ આચારોથી યુક્ત...**' નિશ્ચય. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ, સમ્યક્વીર્ય. સ્વભાવની એકાગ્રતાથી ઉત્પન્ન થનારા પાંચ પ્રકારના આચાર. આહાહા..! છે? '**પાંચ આચારોથી યુક્ત અને કાંઈ**

**પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...**' મુનિની દશા કહે છેને. જેને એક વિકલ્પનો પણ પરિગ્રહ કે પક્કડ નથી, '**એવા વિદ્વાનો...**' આહાહા..! એને વિદ્વાન કહે છે. જુઓ, ઘણું ભણ્યા-ગણ્યા માટે વિદ્વાન એમ નથી. આહાહા..! વિદ્વાન. આહાહા..! વિદ્-સ્વરૂપની લક્ષ્મીવાળો. પંડિતજી! આહાહા..! વિદ્-વિદ્-જ્ઞાનવાળો અથવા વિત્-લક્ષ્મીવાળો. અંદર લક્ષ્મી પડી છે, એને જાણનારને વિદ્વાન કહેવામાં આવે છે. ભલે બીજું કોઈ જ્ઞાનાદિ ન હોય, પણ અહીં તો એ કહે છે કે એવા વિદ્વાનો. આહાહા..!

'**પૂજનીય પંચમગતિને...**' એવા પંડિત. સમયસારમાં આવ્યું છેને. વિદ્વજન (જ્ઞાની) વ્યવહારને છોડીને નિશ્ચયમાં આવે છે. અજ્ઞાની વિદ્વાન માનીને નિશ્ચયને છોડીને વ્યવહારમાં આવે છે. આહાહા..! 'વિદ્વજન ભૂતાર્થ તજી' એવો પાઠ છે. આહાહા..! વિદ્વાન નામ ધરાવે, શાસ્ત્રના ભણતર કરે એમાંથી કાઢે કે વ્યવહારથી થાય છે. તો કહે છે કે ભૂતાર્થને છોડીને વિદ્વજન વ્યવહારમાં વર્તે છે. પણ નિશ્ચયને આશ્રયે મુક્તિ થાય છે. વ્યવહારને આશ્રયે નહિ. આહાહા..! મોટો ઝઘડો અત્યારે આ. વ્યવહાર-વ્યવહાર. પણ વ્યવહાર છે, પણ એ વ્યવહાર બંધનું કારણ છે. સમજાણું કાંઈ? વ્યવહારનયનો વિષય નથી? જ્યાં સુધી કેવળજ્ઞાન નથી તો વ્યવહારનો વિષય અંદર વિકલ્પ ઉઠે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, શાસ્ત્રનું જ્ઞાન એ વ્યવહાર છે. શાસ્ત્રનું જ્ઞાન એ વ્યવહાર છે. ... પણ આના વિરોધ માટે બે એક થઈ જાય. આહાહા..! અરે ભાઈ! કોના વિરોધ, બાપા! પોતાનો વિરોધ કરે છે, ભાઈ! કોનો વિરોધ કરે?

**શ્રોતા** :- પરિગ્રહ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વિકલ્પનો પરિગ્રહ પણ જેને નથી. ભાવકર્મનો વિકલ્પ જે છે એ પણ જેને અંદર નથી. વ્યવહાર છેને? વ્યવહાર પણ નથી એમ કહે છે. આહાહા..!

'**કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...**' નિર્ગ્રંથ દશા લેવી છેને. '**એવા વિદ્વાન પૂજનીય પંચમગતિને...**' આવા પંડિતજન '**પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે...**' આહાહા..! '**પંચમભાવને સ્મરે છે.**' પંચમભાવને યાદ કરે છે. આહાહા..! પંચમભાવનું સ્મરણ કરે છે. ભગવાન પરમાનંદસ્વરૂપ એનું સ્મરણ કરે છે. આહાહા..! ધારણામાં તો પહેલાં લીધું છે, હવે વારંવાર એનું સ્મરણ કરે છે. પરમાત્મ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એના આશ્રયે જ મારી મુક્તિ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પંચમકાળ હોય કે ચોથો કાળ હોય, મહાવિદેહ હોય કે ભરત હોય કે ઐરાવત હોય, માર્ગ તો આ એક છે. સમજાણું કાંઈ? આહાહા..! '**વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે...**' પંચમગતિને પ્રાપ્ત કરવા માટે, સિદ્ધગતિ પ્રાપ્ત (કરવા માટે). જોયું! પ્રગટ કરવી છેને ઈ? સિદ્ધગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને, પંચમભાવ ત્રિકાળ, પંચમગતિ પ્રાપ્ત કરવા માટે પંચમભાવનું સ્મરણ કરે છે. આહાહા..!

**શ્રોતા** :- અહીંયાં તો પર્યાયને પૂજ્ય બતાવી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પૂજ્ય છેને. અહીં તો પૂજનીય પંચમગતિ, પંચમગતિને પૂજનીય કહી અને ત્યાં ૧૫મી ગાથા નિયમસાર. પૂજ્ય પંચમગતિની ... એ કારણપર્યાય એને પૂજનીય કહ્યું.

**શ્રોતા** :- ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિયમસાર. આ શું છે? આ નિયમસાર છે. નીચે છે છેલ્લું પદ. '**અહીં સહજશુદ્ધનિશ્ચયથી અનાદિ-અનંત...**' જુઓ, કારણશુદ્ધપર્યાય અનાદિ-અનંત. '**અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા અને શુદ્ધ એવા સહજજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર.. પરમવીતરાગ સુખાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ અનંતચુતષ્ટય સ્વરૂપ એના સાથે...**' જુઓ, ત્રિકાળ જે શુદ્ધભાવ ગુણ છે એની સાથેની '**પૂજીત પંચમભાવ પરિણતિ.**' પંચમગતિને પૂજનિક કહી, અહીં કારણપર્યાયને પૂજનિક કહી.

**શ્રોતા** :- કારણપર્યાય ધ્રુવ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધ્રુવ છે. આ કારણપર્યાય ધ્રુવ છે, ઉત્પાદ-વ્યય નથી. એ સૂક્ષ્મ ભાવ છે. એમણે નાખ્યું છે, પદ્મપ્રભમલધારીદેવે. પાઠમાં છે. કેમ? કે નિયમસાર મોક્ષમાર્ગનો અધિકાર છે. નિયમસાર એ પર્યાયનો અધિકાર છે તો પર્યાયમાં શુદ્ધકારણપર્યાય નાખી. બીજે ઠેકાણે આવો અધિકાર છે નહિ. આહાહા..! કહ્યુંને? ત્રિકાળ જે સહજ જ્ઞાનાનંદ આદિ છે એવું જે અનંતચતુષ્ટયસ્વરૂપ અંતઃતત્ત્વ.. આહાહા..! એની સાથેની, અંતઃતત્ત્વ ત્રિકાળ જે છે એની સાથેની પૂજીત પંચમભાવપરિણતિ. આહાહા..! એની સાથે તન્મયરૂપ રહેનારી પૂજ્ય એવી પારિણામિકભાવની પરિણતિ. આ ઉત્પાદ-વ્યય વિનાની વાત છે હોં. '**એ જ કારણશુદ્ધ પર્યાય છે.**' એવો અર્થ છે. એ કારણશુદ્ધપર્યાય છે. આહાહા..! આવી વાત શ્વેતાંબરમાં આ શબ્દ પણ નથી. આ સિવાય બીજે આવો ખુલાસો નથી, નિયમસાર સિવાય. આહાહા..!

કેમ? એ ૧૯ ગાથામાં આવ્યું છે. નિયમસાર નહિ? ૧૯ ગાથા નહિ પહેલી? એનું પુસ્તક બહાર પડી ગયું છે. એમાં ૨૦૦૦ની સાલમાં વાંચ્યું હતુંને ૩૨ વર્ષ પહેલાં. એમાં આવ્યું છે કે કેમ આ કારણપર્યાય છે? કે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, એની પર્યાય જે પારિણામિક પર્યાય છે, પારિણામિકભાવની. દ્રવ્ય પણ પારિણામિક, ગુણ પર્યાય અને એની પર્યાય પણ પારિણામિક. એ પર્યાય અનાદિ-અનંત એકસરખી છે. એકસરખી એક ધારાવાહી. ચાર દ્રવ્યમાં. અને આત્મામાં સંસારની પર્યાય, પછી મોક્ષમાર્ગની પર્યાય, પછી મોક્ષ. એમ પર્યાયનો ભંગ થઈ ગયો. તો એકધારી પેલામાં પર્યાય છે એવી આમાં હોવી જોઈએને? એ આ કારણપર્યાય. એ ખુલાસો કર્યો છે. ૧૯ ગાથામાં કર્યો છે. ૧૯ ગાથા, નહિ? વાંચ્યું છે કે નહિ? નિયમસારની ૧૯મી ગાથા.

**શ્રોતા** :- પરિવર્તન થતું નથી આમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરિવર્તન થતું નથી. એ પરિવર્તન થાય છે એમાં, પણ અહીં

તો એક સરખી છે એટલું બતાવવું છે. એકસરખી છે તો આ દ્રવ્યમાં એકસરખી હોવી જોઈએને? તો એ પરિવર્તનવાળી છે, આ પરિવર્તન વિનાની છે એકધારા. આહાહા..! વસ્તુ સૂક્ષ્મ છે થોડી. એનું દૃષ્ટાંત પણ આપ્યું હતું, દરિયાનું. પણ આ બહારમાં પૂછ્યું બંસીધરજીને, વર્ણીજીને ન બેઠું તો હજી આ લોકોને નથી બેઠી તો બીજાને કઈ રીતે બેસશે? પછી નક્શો ન નાખ્યો. નક્શો છે ત્યાં સ્વાધ્યાયમંદિરમાં. શક્તિનો. સૂક્ષ્મ વાત છે. ભગવાન ધ્રુવસ્વભાવ, ગુણસ્વભાવ જેમ ત્રિકાળ છે એવી પર્યાય ધ્રુવરૂપ એકસરખી ભલે ધ્રુવ અંશ... અંશ... અંશ... અંશ... પણ એ એકસરખી ત્રિકાળ છે. ત્યારે એ દ્રવ્યની પૂર્ણતા થાય છે. નિશ્ચયની પૂર્ણતા ત્યારે થાય છે અને ઉત્પાદ-વ્યયની પર્યાય જે છે એ વ્યવહારનયનો વિષય છે. આહાહા..! સૂક્ષ્મ છે. આ કારણપર્યાય નિશ્ચયનયનો વિષય છે અને ઉત્પાદ-વ્યયની જે પર્યાય મોક્ષમાર્ગની એ બધો વ્યવહારનયનો વિષય છે.

**શ્રોતા** :- કારણપર્યાય પારિણામિક ધ્રુવ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પારિણામિક ધ્રુવ છે. પર્યાય એ પારિણામિકભાવ કહ્યુંને. પંચમભાવની... જુઓને. પંચમભાવ પરિણતિ, પંચમભાવથી પૂજ્ય એવી પરિણામિકભાવની પરિણતિ એ જ કારણશુદ્ધપર્યાય. પંચમભાવની પરિણતિ ધ્રુવ.

**શ્રોતા** :- પરિણતિ શબ્દે પર્યાય લેવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પર્યાય છે. ઉત્પાદ-વ્યયવાળી નહિ. જરી સૂક્ષ્મ વાત છે. બીજે આવો અધિકાર છે નહિ ક્યાંય. એ વખતે ખુલાસો કર્યો હતો. વાત કરતા હતા. ૨૦૦૦ની સાલમાં. આહાહા..! એમાં છે. ૧૯ ગાથાનું પ્રવચન છે એમાં છે. આહાહા..! ભગવાન આત્મા પોતાના સ્વભાવમાં પંચમભાવનું સ્મરણ કરે છે. એ પંચમભાવમાં એ કારણપર્યાય પણ આવી ગઈ. સમજાણું કાંઈ? એ ૫૮ થયો. ૫૯.

(मालिनी)

सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं
त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः।
उभयसमयसारं सारतत्त्वस्वरूपं
भजतु भवविमुक्त्यै कोऽत्र दोषो मुनीषः।।५९।।

આહાહા..! '**શ્લોકાર્થ** :- **સઘળુંય સુકૃત (શુભકર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે;...**' આહાહા..! શુભભાવથી પુણ્ય બંધાય છે અને એનાથી તો ભોગ મળે છે. આહાહા..! ભોગીઓના ભોગનું મૂળ છે શુભભાવ. સમજાણું કાંઈ? ભોગ છેને, રાગ છે. રાગથી પુણ્ય બંધાય છે અને પુણ્યબંધથી સંયોગ મળે છે. ભોગીઓના ભોગનું મૂળ છે શુભભાવ. આહાહા..! આ વાણી તો વીતરાગની આવું કહે વીતરાગી સંત. આહાહા..! આવે છે, હોય છે વ્યવહાર. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યારે વ્યવહાર આવે છે. વ્યવહાર અને નિશ્ચય. જ્યાં

સુધી પૂર્ણ નિશ્ચય ન થાય ત્યાં સુધી વ્યવહાર આવે છે, પણ એ વ્યવહારનું ફળ પુણ્યબંધ છે અને એનાથી સંયોગી ચીજ મળે છે. એ ભોગીઓના ભોગનું મૂળ છે, જ્ઞાનીનું નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'સુકૃત (શુભકર્મ)...'** પાછું એમ લે છે, એ તો શુભકર્મ કહ્યું છે, એમાં શુભભાવ ક્યાં આવ્યો? એ રતનચંદજી કહે છે. એ પુણ્ય અધિકાર છેને, એમાં શુભકર્મનો નિષેધ કર્યો છે, પણ શુભભાવનો ક્યાં નિષેધ છે? પણ ટીકામાં ચારેય બોલ લીધા છે. શુભભાવ, શુભકર્મ. સમજાણું? બંધના હેતુ, એ ચાર બોલ લીધા છે ત્યાં પુણ્ય-પાપના અધિકારમાં. આહાહા..! શુભભાવ લીધો છે, એનું ફળ લીધું છે. બધું શુભકર્મમાં એ આવી જાય છે અને પછી ટીકામાં તો સ્પષ્ટ લીધું છે. વ્રત, નિયમ, તપ આદિ શુભકર્મ છે એમ લીધું છે. સંસ્કૃત ટીકા છે, પુણ્ય-પાપમાં. વ્રત, નિયમ આદિ એ શુભકર્મ છે એમ લીધું છે. શુભકર્મ રાગનું શુભ કર્તવ્ય છે. આહાહા..! કેટલાક એમ કહે કે આ પુણ્યની ઉપર તો મોટી ડાંગ લઈને ઉભા થયા છે. કૈલાસચંદજી એમ કહેતા હતા. પણ આ શું કહે છે ભગવાન આચાર્ય? એય..!

**શ્રોતા :-** કથંચિત્ લગાવી દોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કથંચિત્ છે જ નહિ. શુભભાવ સર્વથા બંધનું કારણ છે. એ બધું પડ્યું છે. એમ આવ્યું છે. સંતો, જ્ઞાનીઓ એવા પડ્યા છે, લક્ષ દઈને પડ્યા છે. આહાહા..! અરે.. ભાઈ! બહારની સામગ્રી જે પુણ્યની મળે એ ચીજ શું છે? અંતરના આનંદના અનુભવ આગળ એ બહારની ચીજની શું કિંમત? અરે! અંતર આનંદના અનુભવ આગળ વ્યવહારરત્નત્રયની પણ કિંમત નથી. આહાહા..! હોય છે, હો. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી વ્યવહાર આવે છેને.

**શ્રોતા :-** સંસાર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંસાર.. છે એ તો. આહાહા..! એને ભલો કેમ કહીએ? જે સંસારમાં પ્રવેશ કરે, કરાવે એવા પુણ્યને શુભ કેમ કહીએ? એમ કહે છે. કુશીલ છે એ. આહાહા..! ભગવાન આત્માનો સ્વભાવ ક્યાં છે એ? ભગવાન આત્માનો સ્વભાવ તો નિર્મળાનંદ શુદ્ધ છે અને રાગ તો કુશીલ છે. આહાહા..! સંસારમાં પ્રવેશરૂપ ભાવ સંસારમાં પ્રવેશ કરાવે છે. ઓહોહો..! શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવ્યું, સમયસાર નાટકમાં કે છઠ્ઠે ગુણસ્થાને જે મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ જગપંથ છે. એવો પાઠ છે સમયસાર નાટકમાં. જગપંથ. આ બાજુ મોક્ષપંથ છે, આ જગપંથ છે. આહાહા..! સમજાણું કાંઈ? સમયસાર નાટકમાં છે. ઓહો..!

**'સઘળુંય સુકૃત (શુભકર્મ)...'** એમ શબ્દ છે પાછો. કોઈ શુભકર્મનો સહારો છે એમ નથી. આહાહા..! જુઓને સંતોની વાણી તો જુઓ. દિગંબર વીતરાગી સંતો. **'સઘળુંય સુકૃત (શુભકર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે; પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર...'** આહાહા..! **'પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત...'** આનંદનો નાથ પ્રભુ અંદરમાં

એના અભ્યાસમાં નિષ્ણાત. એ તરફના માર્ગમાં એકાગ્ર થવામાં નિષ્ણાંત. આહાહા..! એવા **'ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે...'** ભવથી છોડાવવા અર્થે **'તે સઘળાય શુભકર્મનો છોડો...'** આહાહા..! વ્યવહાર છોડો. છોડો એનો અર્થ એ કે દૃષ્ટિમાં છોડો એમ આવ્યું, પણ એ સમયે સર્વથા છૂટી જાય એમ નથી. છોડો એ દૃષ્ટિમાંથી છોડો, એનો આદર છોડો. આદર છોડો એનો અર્થ કે એને ઘટાડો, સ્વભાવનો આશ્રય લ્યો. આહાહા..! ભાવ છે ખરોને. ભાવ ન હોય તો ઘટાડે કોને? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભારે માર્ગ આવો પડે માણસને. એટલે પછી સોનગઢનું એકાંત, સોનગઢનું એકાંત. હમણા આવ્યું છેને, આવ્યું છે. આ જૈનગેજેટમાં આવ્યું છે કાલે. એ તો વ્યવહારને તો ધર્મ માનતા જ નથી. નય જ માનતા નથી એમ કહે છે. એકલો નિશ્ચયને માને છે. વ્યવહારનય માનતા નથી? વ્યવહારનય છે, વિષય છે, છોડવાલાયક છે. ધન્નાલાલજી! એવી વાત છે.

કોટામાં એ આવ્યું હતું. ચાર દિવસ ચાલ્યું કોટામાં. કોટામાં માણસો ઘણા હતા. ભાઈ હતાને ધન્નાલાલજી હતા. જુગલકિશોરની ઘણી છાપ અને જંબુકુમાર શેઠ. ઉંમર નાની છે પણ ગંભીર બહુ. આ તો વ્યાખ્યાન કરે ભાષણ. જુગલકિશોર. પા-પા કલાક, વીસ મિનિટ એકધારાવાહી. શાંત... શાંત... શાંત... અહીં અનુકૂળ છે. જંબુકુમાર બિચારા બોલી શકે નહિ, પણ અનુકૂળ બહુ. બેયે પૈસા ખર્ચ્યા. આઠ દિવસની શિક્ષણ શિબિરના. ૧૬ દિવસ. આઠ દિવસ પહેલા. અમે તો આઠ દિવસ પછી આવ્યા. ૧૬ દિવસ. જંબુકુમાર પણ માણસ શેઠ છે. ઉંમર તો ૫૦ની માંડ હશે. નહિ? એટલી હશે. પણ બહુ માણસ... એને એમ થયું ઓહોહો..! આ માર્ગ! સાંભળવા મળતો નથી આ માર્ગ. ભાઈ! માર્ગ તો આવો છે, બાપુ!

અહીં તો કહે છે, ધર્માત્મા જીવ ભવથી વિમુક્ત થાય છે. એ ભવનું કારણ છે એમ કહે છે. વ્યવહાર રાગાદિ, પુણ્યાદિ એ ભવનું કારણ છે. એ સમસ્ત શુભકર્મને છોડો. **'અને સારતત્ત્વસ્વરૂપ...'** આહાહા..! સમયસાર તત્ત્વ. **'એવા ઉભય સમયસારને ભજો.'** ઉભય સમયસાર નામ કારણસમયસાર અને વર્તમાનમાં કાર્યસમયસાર, બેયને ભજો. ત્રિકાળી ભગવાનનું ભજન કરો. ભજનનો અર્થ એકાગ્રતા. અને વર્તમાન કાર્યપરમાત્મા—કાર્ય જે થાય એનું ભજન કરો, એમાં રમણ કરો. આહાહા..! વ્યવહારમાં રમવાનું છોડી દો. એ બંધનું કારણ છે. આહાહા..! નિર્ગ્રંથમાર્ગ, ગ્રંથમાંથી તો નીકળવાની વાત કરે છે. રાગ એ ગ્રંથ છે. આ તો નિર્ગ્રંથમાર્ગ છે. રાગમાંથી નીકળી સ્વભાવ તરફ જાય છે તો મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. આહાહા..!

**શ્રોતા :-** ઉભય સમયસાર એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણસમયસાર અને કાર્યસમયસાર. એને ભજો. કારણસમયસારને ભજો અને કાર્ય પ્રગટ કરવા માટે એની એકાગ્રતા કરો. એ તરફ સાધ્ય પ્રગટ કરવાની. બેને. સમજાણું કાંઈ?

**'એમાં શો દોષ છે?'** એ શું કહે છે? કે વ્યવહારને છોડે છે અને કાર્યસમયસારને

ભજે એમાં દોષ શો છે? એ તો લાભનું કારણ છે, એમ કહે છે. વ્યવહાર છોડે તો નુકસાન થાય એમ છે? એમ કે વ્યવહાર છોડે છે તો નુકસાન છે? શું દોષ છે એમાં? એ તો નિર્દોષતા પ્રગટે છે. આહાહા..! વ્યવહાર પોતે જ દોષ છે. એને છોડો, એમાં શું દોષ છે? એમ કહે છે. આહાહા..! પંચમહાવ્રત અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય, છોડો. છોડવામાં શો દોષ છે? લાભ છે એમ કહે છે. આહાહા..! પદ્મપ્રભમલધારીદેવ. જુઓ છેને? એ ૪૧ થઈ. ૪૨.

चउगइभवसंभमणं जाइजरामरणरोगसोगा य।
कुलजोणिजीवमग्गणठाणा जीवस्स णो संति।।४२।।

**ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,**
**કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહિ. ૪૨.**

'**ટીકા :- શુદ્ધનિશ્ચયનયે...**' શુદ્ધનિશ્ચયનયે, યથાર્થ દૃષ્ટિથી '**શુદ્ધ જીવને...**' ત્રિકાળી શુદ્ધજીવમાં '**સમસ્ત સંસારવિકારનો સમુદાય નથી...**' પહેલી સામાન્ય વાત કરી. '**સમસ્ત સંસારવિકારનો સમુદાય નથી એમ અહીં (આ ગાથામાં) કહ્યું છે.**' સંસારનો કોઈ ભાવ જ આત્મામાં નથી. આહાહા..! હવે કહે છે '**દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો સ્વીકાર નહિ હોવાથી...**' આહાહા..! જ્યાં જ્ઞાયકભાવ પરમસ્વભાવનો સ્વીકાર છે ત્યાં '**દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો સ્વીકાર નહિ હોવાથી જીવને નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું પરિભ્રમણ નથી.**' એ વસ્તુમાં પરિભ્રમણ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે જ્યાં પરમસ્વભાવનો સ્વીકાર છે અને દ્રવ્યકર્મ અને ભાવકર્મનો જ્યાં સ્વીકાર નથી, તો પરિભ્રમણ એમાં છે નહિ. આહાહા..! જીવસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એમાં પરિભ્રમણ છે જ નહિ. પર્યાયમાં પરિભ્રમણ છે એ દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ?

'**નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવને...**' બીજો બોલ. '**નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ...**' આહાહા..! કેટલા વખાણ કર્યા છે! ભગવાન આત્મા નિત્ય, શુદ્ધ, ચિદાનંદમય આત્મા. આહાહા..! '**નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ...**' જ્ઞાનાનંદરૂપ એ તો જ્ઞાનનું, આનંદનું રૂપ આત્મા છે. આહાહા..! '**કારણપરમાત્માસ્વરૂપ...**' કેવો છે ભગવાન? કારણપરમાત્મસ્વરૂપ છે. આહાહા..! ત્રિકાળી નિત્ય શુદ્ધ ચિદાનંદસ્વરૂપ એ કારણપરમાત્મસ્વરૂપ છે. એવા '**જીવને...**' એ કારણપરમાત્મસ્વરૂપ એ જીવ. આહાહા..! '**દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ગ્રહણને યોગ્ય વિભાવ પરિણતિનો અભાવ હોવાથી...**' દ્રવ્યકર્મ અને ભાવકર્મ બેયની યોગ્યતા ગ્રહણ કરવાની છે જ નહિ એનામાં. ભગવાન કારણપરમાત્મામાં એવા જીવમાં એ છે નહિ. એ કારણે '**જન્મ,...**' નથી, '**જરા,...**' નથી, '**મરણ,...**' નથી. '**રોગ,...**' નથી '**અને શોક નથી.**' આહાહા..! પરમબ્રહ્મ ભગવાન આત્મા એમાં દ્રવ્યકર્મ અને ભાવકર્મ છે નહિ. આહાહા..! એ કારણે એને ગ્રહણ કરવાની યોગ્યતા જ નથી આત્મામાં એમ કહે છે. એ કારણે આત્મામાં આહાહા..! જન્મ નહિ, જરા નહિ, મરણ નહિ, રોગ નહિ, શોક નહિ. આત્મામાં જન્મ

નથી, જરા અવસ્થા નથી, મરણ નથી, રોગ નથી અને શોક નથી એવો ભગવાન આત્મા છે. આહાહા..! ભગવાનનો દરબાર આવો છે એમ કહે છે. દરબાર! આહાહા..!

**શ્રોતા :-** ... વિભાવપરિણતિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ વિશેષ કહ્યુંને. વિશેષ બતાવ્યુંને? કે વિભાવપરિણતિ એમાં નથી. ભાવકર્મને ગ્રહણયોગ્ય વિભાવપરિણતિ નથી, એમ. ભાવકર્મને ગ્રહવું એ વિભાવપરિણતિ નથી. એ કારણે એને જન્મ-જરા છે નહિ. ભગવાન જન્મ, જરા, મરણ, રોગ આદિથી ભિન્ન છે. આહાહા..! એવી ચીજ છે.

'**ચતુર્ગતિ (ચાર ગતિના) જીવોનાં કુળ...**' જીવના ઉત્પત્તિ સ્થાન છેને. '**તથા યોનિના...**' ઉત્પત્તિનું સ્થાન. એમાં ઉત્પન્ન થાય એ જીવ, એ કુળ. ઉત્પન્નસ્થાન એને યોનિ કહે છે. '**જીવમાં નથી...**' એ જીવમાં છે જ નહિ. '**એમ (હવે) કહેવામાં આવે છે.**' પછી વિસ્તાર છે એનો. '**પૃથ્વીકાયિક જીવોના બાવીશ લાખ કરોડ કુળ છે :**' કુળ કોને કહે છે સમજ્યા? જેમ દહીં હોય એ સડી જાય તો એમાં ઈયળ, કીડી પેદા થાય છેને? એ ઉત્પન્ન થાય એ શરીરને કુળ કહે છે અને ઉત્પન્ન જેમાં થાય એને યોનિ કહે છે. જેમાંથી ઉત્પન્ન થાય એ યોનિ અને શરીર ઉત્પન્ન થયું તે કુળ. બેય આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? છાણ હોય છેને, છાણને શું કહે છે? તો ગોબર એ યોનિ સ્થાન છે અને એમાં કીડી, જીવાત ઈયળું ભિન્ન-ભિન્ન પેદા થાય, કોઈ નાની, મોટી .. એ એનું કુળ કહેવામાં આવે છે. શરીર આદિ. સમજાણું કાંઈ? ભિન્ન-ભિન્ન જાતના. એક જ યોનિ હોય એમાંથી ભિન્ન-ભિન્ન જાતની જીવાત પેદા થાય છે. આહાહા..! એ કુળ પણ નથી અને યોનિ પણ આત્મામાં નથી એમ કહે છે. યોનિ પછી લીધી. બાવીસ લાખ કરોડ છે.

'**અપ્કાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે : તેજકાયિક જીવોના ત્રણ લાખ કરોડ કુળ છે : વાયુકાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે; વનસ્પતિકાયિક જીવોનાં અઠ્યાવીશ લાખ કરોડ કુળ છે; દ્વીંદ્રિય જીવોનાં સાત લાખ કરોડ કુળ છે; ત્રીંદ્રિય જીવોનાં સાત લાખ કરોડ કુળ છે; ચતુરિંદ્રિય જીવોનાં નવ લાખ કરોડ કુળ છે; પંચેન્દ્રિય જીવોને વિષે જળચર જીવોનાં સાડા બાર લાખ કરોડ કુળ છે; ખેચર જીવોનાં બાર લાખ કરોડ કુળ છે; ચાર પગવાળાં જીવોનાં દશ લાખ કરોડ કુળ છે; સર્પાદિક પેટે ચાલનારા જીવોનાં નવ લાખ કરોડ કુળ છે; નારકોનાં પચીશ લાખ કરોડ કુળ છે; મનુષ્યોનાં બાર લાખ કરોડ કુળ છે...**' ઉત્પન્ન થનારની શરીરની જાતની વાત, આ કુળની વાત. '**દેવોનાં છવ્વીશ લાખ કરોડ કુળ છે. બધા થઈને એક સો સાડી સત્તાણું લાખ કરોડ કુળ છે.**' લ્યો! એ બધા આત્મામાં નથી. આહાહા..!

હવે, યોનિની વાત કરે છે. ઉત્પત્તિ. '**પૃથ્વીકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ**

છે;...’ પૃથ્વીકાયના જીવોને ઉત્પત્તિસ્થાનને યોનિ કહે છે. એવા સાત લાખ યોનિમુખ છે. એ જાણવાની ચીજ આ તો. એમાં એ છે નહિ એટલું વિશેષ. આ વ્યવહાર છે. જૈન પરમેશ્વરની પર્યાયમાં આવું જાણવામાં આવ્યું છે, પણ એ છે વ્યવહારે. અંદરમાં નથી. એ વ્યવહારને ઉઠાવ્યો છે અને એ વ્યવહાર જૈનની પરમેશ્વરની જે સ્થિતિ બતાવી એમાં એવો વ્યવહાર છે. બીજામાં આવો વ્યવહાર ક્યાં છે? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આટલા ભેદ બીજે ક્યાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજે ક્યાં છે? સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. એના ભેદ બતાવીને અંદરમાં નથી એમ કહેવું છે. ભેદ તરીકે છે, વ્યવહાર તરીકે યોનિ અને કુળની જાત છે. આહાહા..! અંદરમાં નથી.

‘**અપ્કાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; તેજકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; વાયુકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ; નિત્યનિગોદી જીવોનાં સાત લાખ યોનિમુખ છે;...**’ લ્યો, નિત્યનિગોદ. ‘**ચતુર્ગતિ (-ચાર ગતિમાં પરિભ્રમણ કરનારા અર્થાત્ ઈતર) નિગોદી જીવોનાં સાત લાખ યોનિમુખ છે;...**’ બહાર પરિભ્રમણ કરે છેને. ‘**વનસ્પતિકાયિક જીવોનાં દશ લાખ યોનિમુખ છે; દ્વીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; ત્રીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; ચતુરિંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; દેવોનાં ચાર લાખ યોનિમુખ છે; નારકોના ચાર લાખ યોનિમુખ છે; તિર્યંચ જીવોના ચાર લાખ યોનિમુખ છે; મનુષ્યોનાં ચૌદ લાખ યોનિમુખ છે. (બધા થઈને ૮૪૦૦૦૦૦ યોનિમુખ છે.)**’ તો ચોર્યાસી લાખ યોનિમુખ છે એ ભગવાને જોયા છે. બીજા કહે છે કે ચોર્યાસી લાખ યોનિ-ચૌર્યાસી લાખ યોનિ. પણ એ ઓઘે-ઓઘે કહે છે. આહાહા..!

**શ્રોતા :-** સર્વજ્ઞે જે કહ્યું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સર્વજ્ઞે કહ્યું કે એવા છે, એવી યોનિ છે અને એવા કુળ પણ છે, પણ વસ્તુમાં એમ નથી. પર્યાયમાં છે. ભગવાને જોયા છે. એવો વ્યવહાર છે.

‘**સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, સ્થૂલ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, દ્વીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ત્રીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ચતુરિંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, અસંજ્ઞી પર્યાપ્ત ને અપર્યાપ્ત, સંજ્ઞી પર્યાપ્ત ને અપર્યાપ્ત—એવા ભેદોવાળાં ચૌદ જીવસ્થાનો છે.**’ એ જીવસ્વથાન જીવમાં નથી. આહાહા..! એવા જીવના પ્રકાર છે ભેદ. ભગવાન ત્રિકાળી ચૈતન્યનો નાથ એમાં એ છે નહિ. એમાં નથી તો એનાથી રહિત થઈ જાય છે. આહાહા..!

હવે કહે છે એ ‘**ગતિ,...**’ ચાર. એ દ્રવ્યમાં નથી. ‘**ઈન્દ્રિય,...**’ પાંચ. ભાવ ઈન્દ્રિય અને જડ ઈન્દ્રિય એ આત્મામાં નથી. ‘**કાય,...**’ અંદર .. આવે છેને કાય? કાય આત્મામાં

નથી. 'યોગ,...' આત્મામાં નથી, 'વેદ,...' છે નહિ. 'કષાય,...' આત્મામાં નથી. '**જ્ઞાન,...**'નો ભેદ આત્મામાં નથી. આહાહા..! પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન કહે છેને એ દ્રવ્યમાં નથી. આહાહા..! એ છે ખરા હોં પર્યાયમાં. એવી અસ્તિ સિદ્ધ કરીને અંદરમાં એ નથી. આહાહા..! એવી વાત સર્વજ્ઞ સિવાય જૈન પરમેશ્વર સિવાય બીજે આ વાત છે જ નહિ. આહાહા..! અને '**સંયમ,...**' સંયમનો ભેદ. યથાખ્યાત અને સામાયિક અને એના ભેદ અંદરમાં નથી. '**દર્શન,...**' સમજ્યા? અંદર છે નહિ. આ દર્શન કોણ? ચક્ષુ-અચક્ષુ અવધિ એ કેવળદર્શન અંદરમાં નથી. લ્યો! યથાખ્યાતચારિત્ર પર્યાય પણ અંદરમાં નથી. '**લેશ્યા,...**' છ લેશ્યા અંદરમાં નથી. '**ભવ્યત્વ,...**' અભવ્યત્વ અંદર નહિ. ત્રિકાળી દ્રવ્યમાં ભવ્યત્વ-અભવ્યત્વ કેવું? અને '**સમ્યક્ત્વ,...**'ના ભેદ છેને સમ્યક્? ક્ષાયિકસમકિત, ઉપશમસમકિત એ ભેદ પણ દ્રવ્યમાં નથી. આહાહા..! '**સંજ્ઞિત્વ...**' અસંજ્ઞી દ્રવ્યમાં નથી. '**આહાર...**' અનાહાર દ્રવ્યમાં નથી. '**એવા ભેદસ્વરૂપ (ચોદ) માર્ગણાસ્થાનો છે.**' એ આત્મામાં છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ સુદ-૧૫, ગુરુવાર, તા. ૨૧-૦૮-૧૯૭૫, ગાથા-૪૨, કળશ-૬૦ પ્રવચન નં. ૧૧

... વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરવાથી વસ્તુના સ્વભાવમાં એ પર્યાયભાવ છે નહિ. બહુ સૂક્ષ્મ વાત છે. જેણે આત્માને પ્રાપ્ત કરવો હોય તો એ આત્મા તો દ્રવ્યસ્વભાવ જે શુદ્ધ છે, પૂર્ણ છે, એની પર્યાયમાં જ્ઞાનાદિનો ભેદ છે, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય, કેવળ આદિ સંયમના ભેદ છે એ બધું પર્યાયમાં જાણવાલાયક છે. પણ એ પર્યાયનું લક્ષ છોડીને ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ શુદ્ધ ધ્રુવ જે છે એની દૃષ્ટિ કરવાથી એ નિશ્ચયનયના બળે એ પર્યાયભેદ સ્વભાવમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન પ્રગટ કરવામાં વર્તમાન પર્યાયમાં ભેદ હોવા છતાં એનું લક્ષ છોડીને અંતર્મુખ વસ્તુસ્વભાવ જે છે પર્યાયથી ભિન્ન એવી જે શુદ્ધ ચીજ પૂર્ણ આનંદકંદ, એ બધા ભગવાન પરમાત્માને, છેલ્લો શબ્દ છે, એ બધા '**ગતિ, ઈન્દ્રિય, કાય,...**' જ્ઞાનભેદ, ચારિત્રભેદ, સમકિતભેદ. આહાહા..! '**આ બધાં, તે ભગવાન પરમાત્માને...**' આ ભગવાન પરમાત્માસ્વરૂપ જે છે... આહાહા..! '**શુદ્ધનિશ્ચયનયના બળે...**' એટલે કે પર્યાયની રુચિ છોડીને નિશ્ચયના બળે, અંતર્મુખની દૃષ્ટિના બળે.. આહાહા..! એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધ ચૈતન્યઘન અભેદ (છે) એવી દૃષ્ટિ કરવાથી એ શુદ્ધનિશ્ચયનું

બળ કહો કે શુદ્ધનિશ્ચયથી કહો, એવા શુદ્ધ નિશ્ચયના સ્વભાવથી એ પર્યાયભેદ એમાં નથી. આહાહા..! પામવાની રીત આ છે. પ્રથમમાં પ્રથમ ધર્મ, પ્રથમમાં પ્રથમ ધર્મ પામવાની ચીજ આ છે. આહાહા..! એ બધા ગુણસ્થાનભેદ, માર્ગણાના ભેદ... આહાહા..! ભગવાન પરમાત્માને (નથી). આ ભગવાન પરમાત્મા હોં! પૂર્ણ શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ ધ્રુવ જ્ઞાયકભાવમાં **'શુદ્ધનિશ્ચયનયના બળે...'** એટલે અંતર્મુખ દૃષ્ટિ કરવાથી... આહાહા..! એ સ્વભાવમાં ભેદ છે જ નહિ. આહાહા..! પરદ્રવ્ય તો (સ્વભાવમાં) નથી, પરદ્રવ્યના ક્ષેત્ર, કાળ, ભાવ તો આત્મામાં નથી, રાગાદિ ભાવ છે એ પણ આત્મદ્રવ્યમાં નથી, પણ એમાં ક્ષાયિક આદિ પર્યાયનો ભેદ છે... આહાહા..! એ શુદ્ધ અંતર્મુખની દૃષ્ટિના બળે શુદ્ધ ચૈતન્યતત્ત્વને નિહાળતા એમાં એ ભેદ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આઠ વર્ષની બાળિકા હોય શરીર, એ પણ જ્યારે સમ્યગ્દર્શન પામે છે તો આ દૃષ્ટિથી પામે છે. આહાહા..! પણ એ બહુ સૂક્ષ્મ. ચૈતન્યદળ આખો ભગવાન. અહીં તો કહ્યુંને, ભગવાન પરમાત્મા એમ કહ્યું. ત્રિકાળ વસ્તુ શુદ્ધભાવ. જે અહીંયાં શુદ્ધભાવ કહ્યો. સમયસારમાં જ્ઞાયકભાવ કહ્યો, પરમપારિણામિકભાવ જે છે પરમસ્વભાવભાવ એ ભગવાન પરમાત્મા છે. આહાહા..! એ ભગવાન પરમાત્માને... ઓહોહો..! સૂત્ર. એ પહેલા આવી ગયુંને કે નિયમથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જીવને કર્તવ્ય છે. તો સમ્યગ્દર્શન કર્તવ્યમાં અંતર્મુખ દૃષ્ટિ કરવાથી જેમાં કોઈ ભેદ નથી. આહાહા..! એ તો આવ્યુંને? સમકિત, ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ એ બધું પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. આહાહા..! વસ્તુ સમજાય છે કાંઈ? પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન બિરાજે છે બધા આત્મા, બધા આત્મા ભગવાન પરમાત્માસ્વરૂપે છે. એની અંતર નિશ્ચયનય નામ પર્યાયમાં હોવા છતાં પણ અંતર્મુખના જોરથી જોવાથી... આહાહા..! એ ભગવાન આત્મામાં નથી. સમજાણું કાંઈ?

દેવ, ગુરુ ને શાસ્ત્ર ને મૂર્તિ ને મંદિર ને જાત્રા ને સમ્મેદશિખર ને... સમ્મેદશિખર એ તો અંદરમાં છે નહિ, પણ એની જાત્રાનો જે વિકલ્પ છે એ પણ સ્વરૂપમાં નથી. એ તો નથી, પણ ક્ષાયિકસમકિત આદિનો ભેદ છે... આહાહા..! બહુ ધીરાની વાતું છે, અંતર સ્વભાવ પૂર્ણાનંદનો નાથ એમાં એ ભેદ નથી. એમ ભગવાન સૂત્રકર્તાના ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ કહે છે. **'એમ ભગવાન સૂત્રકર્તાનો (શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યનો) અભિપ્રાય છે.'** આહાહા..! કુંદકુંદાચાર્ય, 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો' ત્રીજે નંબરે આવે છે. આહાહા..! એ ભગવાન કુંદકુંદાચાર્યનો આ અભિપ્રાય છે એમ કહે છે. આહાહા..! ત્રિલોકનાથ તીર્થંકરદેવનો આ અભિપ્રાય છે. સમજાણું કાંઈ? પર્યાય ઉપરનું લક્ષ છોડી દે. પ્રગટ વ્યક્ત જે દશા છે એ અંશમાત્ર છે. એ અંશને લક્ષે તને રાગ થશે, વિકલ્પ થશે, પુણ્યબંધ થશે. અબંધસ્વભાવમાં પર્યાયને લક્ષે બંધભાવ થશે. આહાહા..! અબંધ સ્વભાવમાં અબંધસ્વભાવના આશ્રયે અબંધપરિણામ ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ? આ વાત છે. આહાહા..!

પછી માણસ એમ કહે છે કે આ સોનગઢની વાત એમ કહે છે. નિશ્ચયની. પણ આ કોની વાત છે?

**શ્રોતા :-** આ તો ભગવાનની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાનની વાત છે.

અહીં તો કહ્યું. ટીકાકાર મુનિ છે, પદ્મપ્રભમલધારિદેવ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે. એ એમ કહે છે કે ભગવાન કુંદકુંદાચાર્યનો આ અભિપ્રાય છે કે ભગવાન પરમાત્મસ્વરૂપમાં એ ભેદ નથી. ધન્નાલાલજી! આહાહા..! રોગ ને શોક ને ભોગ એ બધા પોક, એ તો બધા બહાર રહી ગયા, પણ રાગનો રોગ મારા પણ અંતરમાં નથી. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ દ્રવ્યસ્વભાવમાં નથી. જે ભાવ કેવળજ્ઞાનપણે પ્રગટે... આહાહા..! આજ બધું બહુ જોયું ભાઈ! **'सर्व द्रव्य पर्यायेसु'** કેવળજ્ઞાનનું એમ છેને? **'सर्व द्रव्य पर्यायेसु'** એવો પાઠ છે. પણ એમાં પછી અર્થમાં બે લીધા છે. સર્વદ્રવ્ય અને સર્વપર્યાય એવું લીધું છે. નહિતર ...

**શ્રોતા :-** **'सर्व द्रव्य पर्यायेसु केवल...'**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમ. સર્વ દ્રવ્ય અને પર્યાય, બેય. ત્રણકાળની પર્યાય અને દ્રવ્ય એ તો સામાન્ય. બાકી ત્રણકાળની પર્યાય એ જ દ્રવ્ય છે. ત્રણકાળની પર્યાયથી કોઈ ભિન્ન સામાન્ય વસ્તુ નથી. એવું સૂક્ષ્મ .. બહુ જોયા છે. તત્ત્વાર્થસાર, સર્વાર્થસિદ્ધ, રાજવાર્તિક અને ફુલચંદજીનું. ફુલચંદજીનું છેને, સર્વાર્થસિદ્ધિ. એ બધામાં બે ભેદ પાડી દીધા અંદર. દ્રવ્ય અને પર્યાય એમ બે ભેદ. પાઠ એવો છે કે **'सर्व द्रव्य पर्यायेसु'** સર્વ દ્રવ્યની પર્યાયને કેવળજ્ઞાન જાણે છે અને .. પણ એ .. ત્રિકાળી પર્યાયને જાણી ઈ દ્રવ્યને જાણ્યું. ત્રિકાળી પર્યાયને જાણ્યું એ દ્રવ્યને જાણ્યું. બીજો કોઈ ઉપાય એમાં નથી. ઘણો વિચાર કર્યો છે. મંથન ખૂબ ચાલ્યું શાસ્ત્ર જોઈને. કેમકે ત્રિકાળી પર્યાય એ જ વસ્તુ છે. ત્રિકાળી પર્યાયથી કોઈ ચીજ ભિન્ન છે? સામાન્ય કહો કે ત્રિકાળી પર્યાયનો પિંડ કહો બેય એક જ વાત છે. આહાહા..! સૂક્ષ્મ પડે. આવ્યા નહિ? ક્યાં ગયા? અહીં તો એ કહે છે કે શ્રીમદ્ ભગવાન કુંદકુંદાચાર્યનો એ અભિપ્રાય છે કે શુદ્ધ, બુદ્ધ જે સ્વભાવનો શુદ્ધભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ, ત્રિકાળી ભાવસ્વભાવ લીધો છે હોં! સ્વભાવના ધરનાર પણ એ ત્રિકાળી સ્વભાવધર્મ આવી ગયો. ત્રિકાળી દ્રવ્યનો જે સ્વભાવ શુદ્ધભાવ, પરમસ્વભાવભાવ, જ્ઞાયકભાવ, અભેદભાવ, સામાન્યભાવ, નિત્યાનંદભાવ, ધ્રુવભાવ, એક સદશ્યભાવ. આહાહા..! એટલા. એમાં એ ભેદ નથી. જ્યાં સામાન્ય ઉપર દષ્ટિ દેવાથી દષ્ટિમાં ભેદ આવતો નથી. સમજાણું કાંઈ? આ કર્તવ્ય છે. એકરૂપ ત્રિકાળ જ્ઞાયકભાવ એના ઉપર દષ્ટિ દેવાથી અભેદ જ દષ્ટિમાં આવે છે. દષ્ટિમાં ભેદ દેખાતા નથી. આહાહા..!

એ સાતમી ગાથામાં કહ્યું છેને, દ્રવ્ય અનંતપર્યાયને પી ગયું છે. સાતમી ગાથામાં આવ્યું

છે. અભેદ છે એમાં. પી ગયું એટલે અંદર પડી છે. પણ દૃષ્ટિના વિષયને જોતાં અભેદમાં ભેદ દેખાતો નથી. ભેદ જોવા જાય તો દૃષ્ટિનો વિષય રહેતો નથી. આહાહા..! આ તો મૂળ માખણ ચીજ છે. જૈનદર્શનનો સાર જે વીતરાગતા છે, ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે, તો એ વીતરાગતા સાર તાત્પર્ય ક્યારે કહેવાય? કે સામાન્યસ્વભાવ ત્રિકાળ ધ્રુવ ઉપર દૃષ્ટિ દેવાથી વીતરાગની પર્યાય ઉત્પન્ન થશે. સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે, સ્વસંવેદન એ વીતરાગી પર્યાય છે અને સ્વરૂપમાં રમણતા ચારિત્ર એ પણ વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાય ત્રિકાળ જ્ઞાયકભાવનો આશ્રય કરવાથી પ્રગટ થાય છે. આહાહા..! ભગવાનના લક્ષે નહિ, ભગવાનની વાણીના લક્ષે નહિ. આહાહા..! ભગવાનની વાણી સાંભળી અને પોતાની પર્યાયમાં એટલું પરલક્ષી જ્ઞાન થયું... આહાહા..! એના આશ્રયે પણ સમ્યગ્દર્શન નથી થતું.

**શ્રોતા :-** કેવળીના પાદમૂળમાં થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાદમૂળમાં થાય છે, સ્વના પાદમૂળમાં થાય ત્યારે નિમિત્ત કહેવાય. ક્ષાયિક કેવળી, શ્રુતકેવળીની સમીપમાં થાય છે. એનો અર્થ કે ક્ષયોપશમમાં જે ભાવ છે, પોતા ઉપર વિશેષ એકાગ્ર થયો તો ક્ષાયિક થાય છે. ત્યારે ભગવાનની સમીપમાં વ્યવહારથી કહ્યું. જો ભગવાનની સમીપતાથી થતું હોય તો સર્વ ક્ષયોપશમસમકિતીને ક્ષાયિક થવું જોઈએ. એ ઉપાદાન-નિમિત્તમાં આવ્યું છે. ૪૭ દોહરા છે. સમજાણું કાંઈ? ભગવાનની સમીપમાં (થતું હોય) તો ક્ષયોપશમસમકિતી ઘણા બેઠા છે સભામાં. શ્રુતકેવળીની સભા, ભગવાનની સભા. આહાહા..! જો એનાથી થતું હોય તો બધાને થવું જોઈએ. પણ એ વખતે નિમિત્ત છે, પણ લક્ષ અંદરમાં જ્યારે એકાગ્ર થયો તો ક્ષાયિક થાય છે. આત્માને ઘણો નજીક કર્યો. એ આવે છે, ... સમ્યગ્દર્શનમાં આત્મા સમીપ છે, નિમિત્ત સમીપ નથી. આહાહા..! એ નિયમસારમાં આગળ આવે છે. ... છેને આમાં? ક્યાં છે? ... સામાયિકના અધિકારમાં છે જુઓ. કેટલામી? 'સંયમ નિયમ અને ઈચ્છા નિરોધરૂપી આનંદનું તપ એમાં આત્મા સમીપ છે.' આહાહા..! સમજાણું કાંઈ? વાત. આહાહા..!

ત્રણલોકનો નાથ આનંદમૂર્તિ પ્રભુ, પોતે સચ્ચિદાનંદ પરમાત્મા ભગવાનસ્વરૂપે છે આત્મા. આહા..! એ સમ્યગ્દર્શનમાં પણ સમીપતા એની, સમ્યગ્જ્ઞાનમાં પણ સમીપતા એની, ચારિત્રમાં પણ સમીપતા પણ એની. રાગની સમીપતા અને નિમિત્તની સમીપતાથી એ થાય છે એમ છે નહિ. આહાહા..! પણ એ ચીજ કેમ બેસે? એક રાગના વિષયની વાસનામાં જ્યાં મજા દેખે... આહાહા..! એક પૈસા, પાંચ, પચ્ચીસ લાખ મળે ત્યાં રાજી-રાજી થઈ જાય અને આહાહા..! આપણને શું થયું? હવે એને ક્યાં આત્મા બેસે આ? સમજાણું કાંઈ? થોડું શાસ્ત્ર જ્ઞાન થઈ જાય તો અંદરમાં ખુશી-ખુશી થઈ જાય. રાજી-રાજી થઈ જાય અને આ આત્મા અંદર ત્રણલોકનો નાથ જેની પાસે ક્ષયોપશમસમકિતની પણ કિંમત નથી, જેની પાસે ક્ષાયિક કેવળજ્ઞાનની કિંમત નહિ. આહાહા..! અરે! એ વાત કેમ બેસે? સમજાણું કાંઈ?

એ કહ્યું જુઓને અહીં કહ્યુંને. .. છે? 'જેમ સંયમમાં, નિયમમાં, તપમાં આત્મા સમીપ છે.' છે? આ ગાથા શ્વેતાંબરમાં પણ અનુયોગમાં આવે છે, અનુયોગ દ્વારમાં. તે વખતે અર્થ કરતાં હતા. અનુયોગદ્વાર છે એના ૩૨ સૂત્રમાં એમાં આ ગાથા આવે છે. સમજાણું કાંઈ? ... ભગવાન ત્રિલોકનાથ ધ્રુવસ્વરૂપ શુદ્ધભાવ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સમીપ છે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. જેને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આત્મા દૂર રહે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. આહાહા..! વીતરાગી પર્યાયમાં આત્મા સમીપ છે. એને રાગ સમીપ છે તો સમ્યગ્દર્શન થાય છે, વ્યવહારરત્નત્રયની શુદ્ધિ છે ત્યાં શુભભાવ તો સમ્યગ્દર્શન થાય છે, એમ નથી. આહાહા..!

ભગવાન આત્મા આહાહા..! અતીન્દ્રિય અમૃતના સાગરનો અણિન્દ્રિય સ્વભાવ જેના ધર્મની પર્યાયમાં એનું સમીપપણું છે તેને ધર્મની પર્યાય કહેવામાં આવે છે. જેમાં ભગવાન સમીપ નથી રહેતો, આત્મા સમીપ હોં! શ્રુતકેવળી અને કેવળીની સમીપમાં ક્ષાયિક થાય છે. અહીં કહે છે કે એ ક્ષાયિકસમકિતની સમીપમાં આત્મા છે. એ તો નિમિત્તની વ્યાખ્યા કરે છે. એ વખતે નિમિત્ત એવું હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! પણ એ સમયે ક્ષાયિક થવામાં પણ પોતાનો આત્મા જ સમીપ છે ત્યારે ક્ષાયિક થાય છે અને તીર્થંકરગોત્ર બંધાય એ પણ ભગવાનની સમીપમાં બંધાય છે. સમજાણું કાંઈ? છે તો વિકલ્પ. એ સંયોગ છે અને આ સ્વભાવ. આહાહા..! જિનેન્દ્રનો માર્ગ જિનેશ્વર પરમાત્મા. તું જિનેશ્વર જ છો ભગવાન! એ જિનેશ્વર તું પણ જિનેશ્વર. અરે! એક બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, બે સીગરેટ પીવે તો ભાઈસાહેબને પાયખાને દસ્ત ઉતરે. હવે આવા વ્યસનીને એમ કહેવું કે તું આવો છો. ક્યાં બેસે? ...ભાઈ! આહાહા..!

**શ્રોતા** :- ટેવ પડી હોયને પણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એને આ આત્મા આવો. આહાહા..! ટેવાઈ ગયો છે પરમાં, પણ સ્વમાં ટેવાયેલો નથી. આહાહા..! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' એમ આવે છેને છ ઢાળામાં. 'છોડી જગત દ્વંદ્વફંદ' દ્વૈતપણું છોડી દ્યો એમ કહે છે ત્યાં. 'નિજ આતમ ઉર ધ્યાવો.' નિજ આતમ ઉર ધ્યાવો. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં ગ્રંથકાર મુનિરાજ છે, ભાવલિંગી સંત છે... આહાહા..! એ કહે છે, પોતે કહે છે કે અમારા મુખમાંથી પરમાગમ ઝરે છે. જે વાણી નીકળે એ પરમ આગમ છે. આહાહા..! બે વાર આવ્યું છે એમાં. એ પરમ આગમ ઝરે છે એવા મુનિરાજ એમ કહે છે કે શાસ્ત્રકર્તા ભગવાન કુંદકુંદાચાર્યનો તો આ અભિપ્રાય છે. સમજાણું કાંઈ? જુઓ, આચાર્યે કુંદકુંદાચાર્યને ભગવાન કહ્યા. પહેલાં પોતાને ભગવાન કહ્યા. '**ભગવાન પરમાત્માને...**' આહાહા..! ભગ નામ જ્ઞાન અને આનંદની લક્ષ્મીવાન પ્રભુ છે. પૂર્ણ જ્ઞાન અને આનંદની ભગ નામ લક્ષ્મી છે. આહાહા..! એવા ભગવાન પરમાત્મા પરમસ્વરૂપ ભગવાન. એ '**શુદ્ધનિશ્ચયનયના બળે...**'

ઓહો..હો..! બે લીટીમાં તો આખા ચૌદ પૂર્વનો સાર કહી દીધો છે. શુદ્ધનિશ્ચય ત્રિકાળી સ્વભાવ.

અગિયારમી ગાથામાં તો એમ કહ્યું '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' એ ભૂતાર્થ ત્રિકાળ શુદ્ધ છે એને જ શુદ્ધનય કહે છે, પણ એ શુદ્ધનય અને એનો વિષય એવો ભેદ અધ્યાત્મમાં નથી. પરમ અધ્યાત્મમાં. આહાહા..! ત્રિકાળી શુદ્ધ ધ્રુવસ્વભાવ એને અહીંયાં (શુદ્ધનય કહ્યું છે). એ નિશ્ચયનય જ છે, ત્રિકાળી વસ્તુ એ જ નિશ્ચયનય છે. આહાહા..! ત્રિકાળી ધ્રુવસ્વરૂપ એ જ શુદ્ધનય છે. પોતે નય છે. એક અંશ છેને. પર્યાયનો અંશ એ સિવાયનો. આહાહા..! અરે! જાત્રા તો આ છે. બાકી બધી સમ્મેદશિખર ને શેત્રુંજય, એ તો શુભ વિકલ્પ હોય.

**શ્રોતા :-** તો અમારે યાત્રા કરવી, મહારાજ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ માટે તો આ માંડી છે, ભગવાન! આહાહા..! ઈ કરે કોણ? કર્તા થઈને કરે કોણ? આહાહા..! પોતાનો શુદ્ધસ્વભાવ ધ્રુવસ્વભાવનું માહાત્મ્ય આવવાથી દૃષ્ટિ એ તરફ વળી જાય છે. દૃષ્ટિને ભગવાનનો ભેટો થાય છે. સમજાણું કાંઈ? દૃષ્ટિની પર્યાયને પરમાત્માનો ભેટો થાય છે. એ દૃષ્ટિની સમીપમાં પરમાત્મા વસે છે. આહાહા..! પોતે પરમાત્મા હોં! આહાહા..!

'**એમ ભગવાન સૂત્રકર્તાનો (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) અભિપ્રાય છે.**' પહેલાં ભગવાન પરમાત્મા આ કહ્યા, પછી કહ્યું કે ભગવાન સૂત્રકર્તા. શાસ્ત્રના કર્તા ભગવાન કુંદકુંદાચાર્યનો આ અભિપ્રાય છે, ભાઈ!

'**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૩૫-૩૬મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**' પહેલા ૩૫ શ્લોક છે, બીજો ૩૬માં છે.

(मालिनी)

''**सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं**
**स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।**
**इममुपरि चरंतं चारु विश्वस्य साक्षात्**
**कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।**''

આહાહા..! '**શ્લોકાર્થ :- ચિત્શક્તિથી રહિત...**' ચિત્શક્તિ, જ્ઞાનશક્તિ, ત્રિકાળ શક્તિ, સ્વભાવશક્તિ. આહાહા..! ત્રિકાળ ધ્રુવશક્તિ, જ્ઞાનશક્તિ કહો, આત્મશક્તિ કહો ત્રિકાળ. આહાહા..! '**ચિત્શક્તિથી રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને...**' પર્યાયને પણ સકળ ચિત્શક્તિને કારણે, (તેનો) આશ્રય કરવાથી એ છોડે છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ અતીન્દ્રિય આનંદ, એ ચિત્શક્તિ, એ જ્ઞાનશક્તિ, એ આનંદશક્તિ, એ પ્રભુત્વશક્તિ એ શક્તિથી રહિત '**અન્ય સકળ ભાવોને...**' આહાહા..! ક્ષાયિકભાવ અને

કેવળજ્ઞાનની પર્યાય પણ ચિત્શક્તિથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન ધ્રુવસ્વરૂપ જ્ઞાનશક્તિ કહો, જ્ઞાન સત્ત્વ કહો, જ્ઞાયકભાવ કહો, જેને અહીંયાં શુદ્ધભાવ કહ્યો છે, એને અહીંયા ચિત્શક્તિ કહી. આહાહા..!

એ ચિત્શક્તિ ભગવાન આત્મા જેનું જ્ઞાન જ સામર્થ્ય છે, પૂર્ણાનંદના નાથનું જ્ઞાન જ સામર્થ્ય છે એવો ચિત્શક્તિ ભગવાન આત્મા, એનાથી '**રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને...**' આહાહા..! ભગવાન કહે છે કે અમારું પણ લક્ષ છોડી દે. સર્વ ભેદભાવ. ક્ષાયિકભાવ પણ ભેદભાવ. સમજાણું કાંઈ? આ તો જન્મ-મરણના અંતની વાતું છે, ભગવાન! આહાહા..! ભવ તો કલંક છે. ભવનો ભાવ એ પણ આત્મામાં કલંક છે. અહીંયાં તો ભવના ભાવરહિતની ક્ષાયિકદશા એનાથી પણ ભગવાન રહિત છે. આહાહા..! ભારે વાત! આહા..! અરે! જગત પાસે જૈનપરમેશ્વર એનો માર્ગ પીરસાણો નથી. અજૈન કરીને પીરસાણો. પીરસાણું સમજ્યા? દીધો, દેવામાં આવ્યો. આ પીરસણા નથી કરતાં? થાળી ભરી ભરીને. એમ જગતને અજૈનપણું, જૈનને નામે અજૈનપણું પીરસ્યું છે. વ્રત કરવાથી આમ થાય છે, તપ કરવાથી આમ થાય. બધી વાત વિરુદ્ધ છે.

**શ્રોતા :-** એમ કહેવાથી શ્રાવકના આચાર (નહિ પાળે કોઈ).

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્રાવકનું આચાર થશે જ. નબળાઈથી થશે. શ્રાવકના આચાર હોય ષટ્ આવશ્યક નથી કહ્યા? એ તો વિકલ્પ છે. એ ભૂમિકાના પ્રમાણમાં નબળાઈને કારણે આવે છે. ખરેખર એ છ આવશ્યક આવશ્યક નથી, એ અનાવશ્યક છે નિશ્ચયમાં તો. સમજાણું કાંઈ? આયતન, દેવ-ગુરુ-શાસ્ત્રને આયતન કહ્યાને? નિશ્ચયથી તો એ અનાયતન છે. આયતન તો આ છે. આયતન જેમાં દેવ બિરાજે છે ભગવાન એવું પોતાનું સ્થાન જે છે એ આયતન છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ચિત્શક્તિથી રહિત અન્ય સકળ ભાવોને...**' જુઓ, અન્ય સકળ ભાવો. પરદ્રવ્ય તો ઠીક, પરદ્રવ્યથી ઉત્પન્ન થયેલો ભાવ રાગ પણ ઠીક, પણ પર્યાય જે છે એ પણ પરભાવ છે. આહાહા..! અન્ય ભાવોથી રહિત '**મૂળથી છોડીને અને ચિત્શક્તિમાત્ર એવા જે નિજ આત્માનું...**' જુઓ, '**ચિત્શક્તિમાત્ર એવો જે નિજ આત્મા...**' એ તો જ્ઞાનમાત્ર, સ્વભાવમાત્ર ભગવાન. પર્યાયની દૃષ્ટિ છોડીને '**નિજ આત્માનું અતિ સ્ફૂટપણે...**' અતિ સ્ફૂટ નામ પ્રત્યક્ષપણે, પ્રગટપણે '**અવગાહન કરીને,...**' જેમ સમુદ્રમાં અવગાહન કરે છે, પ્રવેશ કરે છે તો મોતી આદિ મળે છે, એમ ભગવાન આનંદસ્વરૂપ પરમાત્મા એમાં અવગાહન કરીને... આહાહા..! અંદરમાં પ્રવેશ કરીને... આહાહા..! આવો ધર્મ, ભાઈ! ઓલા કહે દયા પાળો, વ્રત પાળો, આ કરો.

સ્થાનકવાસીમાં એવું છે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધામાં તપ પ્રધાન છે. આ અપવાસ કરવા ઈ. કોઈએ મહિનાના અપવાસ કર્યા હશે, કોક સાધુ છે સ્થાનકવાસી. લાંઘણ છે. આહાહા..!

અહીં એમ લખ્યું દર્શન-જ્ઞાન-ચારિત્ર તપમાં તપ પ્રધાન. કયું તપ પ્રધાન? આ. વર્ષીતપ કરવા ને માસખમણ કરવા ને બબ્બે મહિનાના અપવાસ કરવા. એ લાંઘણ છે. બાળતપ અને બાળવ્રત છે. સમ્યગ્દર્શન વિનાની જે ક્રિયા છે એ બધી મૂર્ખાઈ ભરેલી ક્રિયા છે. સમજાણું કાંઈ? ત્યાં કોક હશે સાધુ. મહિનાના અપવાસ કર્યા. ચીમન ચકુની અધ્યક્ષમાં ઉજવાય છે મોટું. સભા ભરીને ઉજવાણું. ઓહો...! બહુ ભારે કર્યું તમે. અભિનંદનને પાત્ર છો તમે. અહીં ભગવાન કહે છે કે નિંદાને પાત્ર છો તું. જ્યાં આત્મા શું છે રાગથી રહિત, પર્યાયથી રહિત એની દૃષ્ટિની તો ખબર નથી. મૂળ ભૂમિકાની તો ખબર નથી અને ઝાડ ઉગી ગયા? આહાહા..! આકાશમાં ઝાડ ઉગે છે? એમ મૂળ ચીજ જે ધ્રુવસ્વરૂપ ભૂમિકા... આહાહા..!

બંધ અધિકારમાં કહ્યુંને એ, ઉપયોગભૂમિકામાં રાગની એકતા કરે છે એ જ મિથ્યાત્વ અને સંસાર છે. સમજાણું કાંઈ? બંધ અધિકારમાં છે પહેલી ગાથા. ઉપયોગ, ઉપયોગમાં રાગની એકતા કરે છે. ઉપયોગભૂમિકા જે છે જાણન-દેખન પરિણામ એમાં રાગની એકતા કરે છે તે સંસાર છે. આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રતનો, તપનો વિકલ્પ હોય, પણ એ વિકલ્પ ચૈતન્યના પરિણામ સાથે, ઉપયોગ સાથે, ઉપયોગ સાથે, ઉપયોગભૂમિકા સાથે એકતા માનતા એ જ મિથ્યાત્વ સંસાર છે. આહાહા..!

**શ્રોતા :-** બહુ કડક.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચીજ તો એવી છે.

'**અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને અને...**' આત્મા કેવો? '**ચિત્શક્તિમાત્ર...**' આત્મા. ચિત્શક્તિમાત્ર આત્મા, જ્ઞાનસ્વભાવમાત્ર આત્મા, આનંદસ્વભાવમાત્ર આત્મા, પ્રભુત્વશક્તિમાત્ર આત્મા. આહાહા..! '**એવા નિજ આત્માનું અતિ સ્ફુટપણે...**' અંતરમાં જઈને પ્રગટપણે '**અવગાહન કરીને,...**' અનુભવ કરીને. અંતરમાં પ્રત્યક્ષ પ્રમાણથી અંદર જઈને. આહાહા..! મતિશ્રુત જ્ઞાનથી અંદરમાં જઈને. સમજાણું કાંઈ? '**આત્મા સમસ્ત વિશ્વની ઉપર...**' બધી પર્યાય અને આખી દુનિયાથી ભિન્ન '**ચારુ પ્રવર્તમાન...**' ત્યાં 'ચારુ' શબ્દ જોઈએ. ત્યાં 'ચારુ' શબ્દ પડ્યો રહ્યો છે. ચારુ શબ્દ આવ્યો છેને? એ પડ્યો રહ્યો છે. વિશ્વની ઉપર આનંદમય પ્રવર્તમાન કરે છે ચારુ નામ. આહાહા..! બધા વિકલ્પ અને પર્યાયથી પણ ભિન્ન ઉપર તરે છે એ પોતાનું ચારુ, સુંદર, મનોહર આનંદ. આહાહા..!

**શ્રોતા :-** વિશ્વની ઉપર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય, રાગાદિ બધાથી ભિન્ન. પર્યાય અને રાગ એ વિશ્વ એનાથી ભિન્ન. આહાહા..! આ તો મુદ્દાની રકમની વાત છે. માણસે દસ લાખ રૂપિયા આપ્યા હોય આઠ આનાના વ્યાજે ૨૦ વર્ષ સુધી વ્યાજ લીધું. વ્યાજ તો લીધું પણ મૂળ રકમ તો લાવ હવે. કહે મૂળ રકમ છે નહિ. સરકારે કાયદો કાઢ્યો. ગાયકવાડ સરકારે એક કાયદો કાઢ્યો કે ૨૦ વર્ષનું જેણે વ્યાજ ખાધું હોય જમીનનું એ છોડી દ્યો, સોંપી દ્યો એને. તમારા

હકની નહિ હવે. કાયદો કાઢ્યો હતો ગાયકવાડ સરકાર, સયાજીરાવ.

**શ્રોતા :–** એવો કાયદો બધે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધે છે. તે દિ' કાઢ્યો હતો. તો પછી અમારા દામોદર શેઠને જરી ખળભળાટ થઈ ગયો. એની જમીન છેને ઘરની. એને ઘણો ધક્કો લાગતો હતો. દરબાર પાસે ગયા કે આમાં તો ૨૦-૨૦ વર્ષ સુધી ..પણ હવે બધી જમીન વઈ જાય છે તો અમારી પાસે કાંઈ રહેતું નથી. તો દરબારે કહ્યું કે કાંઈ તમારા એકલા માટે આ કાયદો નથી કાઢ્યો. આખા રાજને માટે આ કાયદો કાઢ્યો છે. દામોદર શેઠ. દસ લાખ રૂપિયા તે દિ' ૬૦ વર્ષ પહેલાં. અને જમીન ઘરની મોટી ૪૦ હજારની તો ઉપજ. એક ગામ ઘરે. ઘરે ગામ આખું. મૂળિયાપાટ દસ હજારની ઉપજનું ઘરે ગામ. ગરાસદાર મોટા. ઘરે આરબો, ઘરે ઘોડાસર, ઘરે તલવાર અને બંધુકોની લાઈન. એક-એક તલવાર એમ નહિ. પણ એ એમ માનતા હતા. ઓલા રાજમાં કાયદો આવ્યોને? તો કહે, આ મને નુકસાન જાય છે. તમારા એકલા માટે આ કાયદો નથી. આખા રાજ માટે આ કાયદો છે. એમ આ નિયમ એકલા માટે નથી. ત્રણકાળના આત્મા માટે નિયમ છે કે સ્વભાવ ઉપર આખા સંસારથી ભિન્ન, વિશ્વથી ભિન્ન, અનેકતાની પર્યાય અને રાગથી ભિન્ન. વિશ્વ નામ અનેકતા. પર્યાયની અનેકતાથી ભિન્ન. આહાહા..!

'**સુંદર રીતે પ્રવર્તતા...**' મનોહર પ્રવર્તન, આનંદનું પ્રવર્તન. આહાહા..! પર્યાયથી પણ ભિન્ન તરવાવાળી દશા. આહાહા..! આવો ધર્મ! એક ભાઈ આજે આવ્યા હતા. રતલામવાળા ભાઈ છેને. એને આનો પ્રેમ છેને જરી, તો આજે આવ્યા હતા અંદર. ઈ કહે અહીં તો બાર મહિને એક મેળો કરવો જોઈએ. રતલામવાળા ભાઈ આવ્યા હતા. આવ્યા હતા અંદર. એમ કે આવી વાત માટે મેળો (એટલે) કે જેટલા માણસો હોય એ બધા ભેગા થાય. દસ હજાર, વીસ હજાર, પાંચ હજાર.

**શ્રોતા :–** બધાને લાભ મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લાભ માટે. કીધું મેળો જ છે અહીં સદાય. બધા આવે છે અહીંયાં. અને તિથિ આદિ એવું હોય તો માણસો આવે છે. પરમ દિવસે આવશે માણસો. બહેનની તિથી છેને ત્યારે બહુ આવશે. રાજકોટથી બસ આવશે. બહારથી આવશે. માણસથી ભરાઈ જશે. મેળો જ છે અહીં તો આત્માને સમજવાની ચીજ માટે સદા. જ્યારે આવો ત્યારે આ છે. આહાહા..! ગાયનમાં નથી? ઓલી બાઈએ ગાયું હતું નાગપુરવાળી. 'જબ જાગો તબ સબેરા...' 'જબ જાગો તબ સવેરા હૈ.' એ બહેને ગાયું હતું નાગપુરવાળા. 'જબ જાગો તબ સવેરા હૈ.' આહાહા..!

કહે છે કે સમસ્ત પર્યાય આદિ ભેદથી ભિન્ન થઈને દ્રવ્યસ્વભાવ ઉપર તરે છે. આહાહા..! આનંદરૂપી પ્રવર્તમાન એવા કેવળ એક અવિનાશી '**આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો.**'

આહાહા..! પ્રત્યક્ષ. મતિ-શ્રુત પ્રત્યક્ષ થાય છે. એ સાક્ષાત્ થાય છે. કેમકે એમાં એક પ્રકાશ નામનો ગુણ છે. ૪૭ શક્તિઓ છેને? ૪૭ ગુણ, સમયસાર. એમાં એક પ્રકાશ નામની બારમી શક્તિ છે. બારમી છે. એનો સ્વભાવ એ છે કે સ્વસંવેદન પ્રત્યક્ષ થાય. મતિ-શ્રુતમાં સ્વસંવેદન પ્રત્યક્ષ થાય. આહાહા..! સમજાણું કાંઈ? પ્રકાશ નામનો ગુણ છે એવો. છેને? જીવતર, ચિતિ, દૃષ્ટિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વજ્ઞત્વ, સર્વદર્શી, સ્વચ્છત્વ, પ્રકાશકત્વ. પ્રકાશ નામની શક્તિ. પ્રકાશ (શક્તિ) તો ચાલી ગઈ છે. પ્રકાશ નામનો ગુણ છે અંદર કે જે ગુણનું કાર્ય પ્રત્યક્ષ સ્વસંવેદન થવું એ છે. આહાહા..! મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થઈ જાય છે. પરના આશ્રયે નહિ, સ્વના આશ્રયે પ્રત્યક્ષ થઈ જાય છે. સમજાણું કાંઈ?

એ ૧૪૪માં લીધું છેને. કર્તાકર્મમાં લીધું છે, ૧૪૪. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનના તત્ત્વને અંતરમાં વાળે છે. અંતરમાં વાળતા પ્રત્યક્ષ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ... એ આવે છે. ગાથા આવે છે. અનુભવ એ પ્રત્યક્ષ છે. શ્રુતજ્ઞાનથી અનુભવ કરે છે એ અપેક્ષાએ પરોક્ષ ભલે કહ્યું, પણ વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે. આનંદ પોતાનો આત્મા વેદે છે, કોઈ પરથી વેદાય છે અને પર વેદે છે એમ નથી. આહાહા..! 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પામે વિશ્રામ, રસસ્વાદત સુખ ઉપજે, રસસ્વાદત સુખ ઉપજે અનુભવ યાકો નામ.' અનુભવમાં અનંતગુણનો રસ પડ્યો છે. સમજાણું કાંઈ? ભાઈ! વાત બહુ સૂક્ષ્મ. આહાહા..! **'અવિનાશી આત્મામાં...'** કેવળ અવિનાશી એકલી વસ્તુ એકરૂપ ત્રિકાળ **'આત્માને આત્મામાં...'** અંતરમાં **'સાક્ષાત્ અનુભવો.'** પ્રત્યક્ષ અનુભવ કરો. આહાહા..! રાગની અને પર્યાયની આડ પણ ત્યાં નથી. સીધો ભગવાન ધ્રુવનો અનુભવ કરો. એ અનુભવ એ પર્યાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ શ્લોક તો સમયસારનો છે. બીજો શ્લોક.

(अनुष्टुभ्)

''चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।''

આહાહા..! એ પણ એની ગાથા છે. કળશ છે ૩૬મો. **'ચૈતન્યશક્તિથી વ્યાપ્ત...'** જ્ઞાયકભાવથી પ્રસરેલો ભગવાન આત્મા બસ. ધ્રુવ. **'જેનો સર્વસ્વ-સાર છે...'** સર્વસ્વ સાર છે. એકલો જ્ઞાનભાવ, આનંદભાવ, શાંતભાવ, વીતરાગભાવ, સ્વચ્છભાવ, પ્રભુત્વભાવ એ સર્વસ્વ સાર છે અંદર. આહાહા..! ધ્રુવની વાત છે હોં! **'ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે;...'** એ જીવ એટલો જ માત્ર છે. **'આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પૌદ્ગલિક છે.'** આહાહા..! જ્ઞાનરસ ચૈતન્યશક્તિ, ચૈતન્યશક્તિ સ્વભાવ ધ્રુવ ત્રિકાળ એટલો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો પર્યાય પણ કાઢી નાખી. ચૈતન્યશક્તિમાત્ર એ જ આત્મા છે. આહાહા..! દૃષ્ટિ પર્યાય છે, પણ દૃષ્ટિનો વિષય ચૈતન્યશક્તિમાત્ર ધ્રુવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ કાંઈ સંપ્રદાયની વાત નથી. આ તો વસ્તુના સ્વભાવની વાત છે. વળી જૈનદર્શન આમ કહે છે અને અન્યદર્શન આમ કહે છે, એવી વાત નથી. વસ્તુ એવી છે. જૈનદર્શન કહે છે એવી જ વસ્તુ છે. વસ્તુ છે એ જૈનદર્શન છે. સમજાણું કાંઈ? આહાહા..! એ કહ્યુંને **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** અબદ્ધસ્પૃષ્ટ ચૈતન્ય શક્તિમાત્ર. એ અબદ્ધસ્પૃષ્ટ છે. પરથી બંધનો સંબંધ નથી. એવો દ્રવ્યસ્વભાવ **'पस्सदि'** પ્રત્યક્ષ જે દેખે છે મતિ-શ્રુતજ્ઞાન એ જૈનશાસન છે. મતિ-શ્રુતજ્ઞાનમાં ત્રિકાળ ભગવાન આત્માને જ્ઞેય બનાવીને જે અનુભવે છે એ પર્યાય વીતરાગી એ જૈનશાસન છે, એ જૈનધર્મ છે. એ જૈનધર્મ કોઈ પક્ષનો નથી. આ દરબારને એમ કહે છે કે વળી તમે ગરાસીયા થઈને આ વાણિયાનો ધર્મ ક્યાં (અપનાવ્યો)? તીર્થંકરો ગરાસીયા હતા. ક્ષત્રિય તીર્થંકર થાય, વાણિયા તીર્થંકર ન થાય. વાણિયા મોક્ષ જાય, તીર્થંકર ન થાય. તીર્થંકર તો ક્ષત્રિય જ હોય. જેનું વીર્ય અને જેની પુરુષાર્થની જાગૃતિ અનંતી છે. સમજાણું કાંઈ? જેને ખત્રી ખેદ કરતા જેને અંતરની આવે છે. આહાહા..!

**'એવો આ જીવ...' 'ચિત્શક્તિથી વ્યાપ્ત...'** જુઓ, રાગથી વ્યાપ્ત કે પર્યાયથી વ્યાપ્ત એમ નથી કહ્યું. ત્રિકાળ જ્ઞાનશક્તિથી વ્યાપ્ત. આહાહા..! પોતાના સ્વભાવમાં પ્રસરેલો આત્મા. આહાહા..! **'જેનો સર્વસ્વ-સાર છે...'** આખી ચીજ જ એ સર્વસ્વ સારરૂપ છે. આહાહા..! **'એવો આ જીવ એટલો જ માત્ર છે;...'** એ ચિત્શક્તિથી શૂન્ય, જેમાં ધ્રુવશક્તિ ચિદાનંદનો અભાવ છે એ બધું પૌદ્ગલિક છે. આહાહા..! સમજાણું કાંઈ? આવરણ કહ્યું હતુંને? ક્ષાયિકભાવને પણ આવરણ કહ્યું. પુદ્ગલના નિમિત્તનો અભાવ થાય છેને, એટલી અપેક્ષા છેને એમાં? અને ૫૮ ગાથામાં તો એ કહ્યું હતું નહિ? પંચાસ્તિકાય. કર્મકૃત. ચાર ભાવ કર્મકૃત છે. અપેક્ષા કર્મની લાગુ પડે છેને અભાવની, એટલી અપેક્ષા. છે તો પોતાની પર્યાય પોતાથી થાય છે, કર્મથી નહિ; પણ નિમિત્તની અપેક્ષા ચાર ભાવમાં લાગુ થાય છે. પરમસ્વભાવ ચિત્શક્તિમાત્રમાં કોઈ અપેક્ષા છે નહિ. આહાહા..! પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદમાં વ્યાપ્ત ભગવાન, અતીન્દ્રિય આનંદના પૂર્ણ સ્વભાવમાં વ્યાપ્ત આત્મા એ આત્મા. એનાથી શૂન્ય છે, એનાથી રહિત છે એ બધું પુદ્ગલ. આહાહા..! સમજાણું કાંઈ?

ઓલા વળી એમ કહે કે સમયસાર એકલું વાંચે છે, સમયસાર-સમયસાર. એ એકાંત છે. બધું વાંચો. પણ કોણ ના પાડે છે? બધું વાંચીએ છીએ અમે. બધામાં સાર તો વીતરાગતા છે. અને વીતરાગતા ક્યારે પ્રગટે છે? ત્રિકાળ દ્રવ્યનો આશ્રય લે તો વીતરાગતા પ્રગટે છે. શાસ્ત્રનું તાત્પર્ય તો આ છે. ચાહે તો ચરણાનુયોગ હોય, કરણાનુયોગ હોય. આહાહા..! ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. વીતરાગતા ક્યારે થશે? દ્રવ્યસ્વભાવનો આશ્રય લે તો વીતરાગતા થશે. પર્યાયનો આશ્રય લેશે તો વીતરાગતા નહિ થાય, રાગ થશે. આહાહા..! સમજાણું કાંઈ? તો શાસ્ત્રને એ જ કહેવું છે ચારેય અનુયોગમાં. ભલે ચરણાનુયોગમાં ક્રિયાની વાત કરે રાગની, પણ એનું તાત્પર્ય વીતરાગતા કહેવું છે. સમજાણું કાંઈ? એ હેય છે, છોડવાલાયક

છે. આહાહા..! કોઈપણ સૂત્ર હોય એનું તાત્પર્ય તો વીતરાગતા છે. વીતરાગતા તાત્પર્ય ન આવે અને જૈનદર્શન કહેવામાં આવે એ જૈનદર્શન છે જ નહિ. આહાહા..! માણસ એમ કહે આ પંચમ આરો છે, મતિ થોડી છે. એને આવી વસ્તુ બતાવવી? ભાઈ! મતિ થોડી તું તો પૂર્ણાનંદનો નાથ છો. મતિ શું, કેવળજ્ઞાનની પર્યાય પણ તારી પાસે તો અલ્પ છે. આહાહા..! એવો ભગવાન આત્મા.. આહાહા..!

એવો જીવ '**ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પૌદ્ગલિક છે.**' પોતાનો સ્વભાવ એકલો પૂર્ણાનંદનો નાથ એ જ આત્મા છે બસ. આહાહા..! પર્યાયને પણ અહીંયાં છોડી દીધી.

'**વળી (૪૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :—**' એ પોતે મુનિરાજ શ્લોક કરે છે.

(मालिनी)

अनवरतमखण्डज्ञानसद्भावनात्मा
व्रजति न च विकल्पं संसृतेर्घोररूपम्।
अतुलमनघमात्मा निर्विकल्पः समाधिः
परपरिणतिदूरं याति चिन्मात्रमेषः।।६०।।

'**શ્લોકાર્થ :- સતતપણે અખંડ જ્ઞાનની સદ્ભાવનાવાળો આત્મા...**' આહાહા..! મુનિરાજ શ્લોક કરે છે. '**સતતપણે અખંડ જ્ઞાનની સદ્ભાવનાવાળો આત્મા...**' એટલે સદ્ભાવ. જેનું જ્ઞાન અને આનંદ જ સદ્ભાવ છે એવો આત્મા. નિરંતર જ્ઞાન અને આનંદની સદ્ભાવનાવાળો એ આત્મા. આહાહા..! '**સતતપણે અખંડ જ્ઞાનની સદ્ભાવનાવાળો આત્મા...**' અખંડ જ્ઞાયકભાવવાળો આત્મા. પર્યાય પણ નહિ અને રાગ પણ નહિ. આહાહા..! ભાઈ!

અનાદિ અભ્યાસ નહિ એટલે આ વાત સાંભળવામાં કઠણ લાગે, પણ કઠણ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. જેને જન્મ-મરણ મટાડવા છે ચોર્યાસી ભવસિંધુ. આહાહા..! એકવાર રાજા થાય, બીજીવાર નરકમાં જાય. એ ભવ, નિગોદનો ભવ એક શ્વાસમાં અઢાર, અઢાર વાર ભવ કરે. આહાહા..! ભવ ઉપર ભવ... ભવ ઉપર ભવ... આહાહા..! ભૂલી ગયો પણ. જાણે માણસ થાય, કાંઈક શરીર ઠીક મળે અને પાંચ-પચ્ચીસ લાખ પૈસા ભેગા થાય અને લાખ, બે લાખની પેદાશ થાય. એટલે થઈ રહ્યું જાણે. આહાહા..! ભાઈ! તું એ નહિ. તારી પર્યાયમાં પ્રગટ અવસ્થા એ પણ તું નહિ. તો આ તો ક્યાંથી આવી તારી ચીજ? આહાહા..! ભ્રમ ઘુસી ગયો છે એને. પોપટભાઈ! પૈસાના દરેડા થાય હંમેશા લ્યો. પાંચ-પાંચ હજારની પેદાશ, દસ-દસ હજારની પેદાશ, એક દિવસની દસ-દસ હજારની. એય..! મલૂકચંદભાઈ! છેને એનો છોકરો, પૂનમ-પૂનમ. દસ-દસ હજારની પેદાશ એક દિવસની હોં.

એક દિવસની દસ હજાર. આ મલૂકચંદભાઈનો દીકરો. દીકરો કહેવાય, ત્યાં હતો દીકરો કોનો? આહાહા..! પાંચ કરોડ રૂપિયા. દસ હજારની પેદાશ. એ તો એક ફેરી કહેતા કે આ ધંધો છોડી દઉં તોપણ પાંચેક હજાર એટલા તો કાયમ આવે.

**શ્રોતા :-** ઘણા સુખી હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળ છે, દુઃખ છે. મહાદુઃખી છે. ડોક્ટરે કહ્યું, શું કહેવાય? કીડની બતાવી. તો ૩૦ ટકા કીડની કામ કરે છે, ૭૦ ટકા બંધ છે. હાય.. હાય.. ભાઈને એમ છેને જયંતિભાઈને. એનો નાનો ભાઈ જયંતિ છેને. એને હમણા કરાવ્યુંને. ઓપરેશન કરાવ્યું. એને બિચારાને કિડનીનું મોટું દર્દ. એક માણસે વળી આપી એક ભાગ એક કીડની. એનો નોકર છે તે. એણે આપી તો હવે વળી અત્યારે ઠીક છે. એ નાનો, આ મોટો. આહાહા..! અરે! કિડની ૩૦ ટકા કામ કરે. રાડ નાખી જાય અંદર. હાય.. હાય.. હવે આ કિડની ક્યારે બેસી જાય? પેશાબનું ઝેર થઈ જાય. હશે કાંઈક કિડનીનું. આપણને ક્યાં ખબર છે. આહાહા..! ભાઈને એમ હતું જયંતિભાઈને. એમના નાના દીકરાને એને તો એ હતું. આઠ દિ'માં બે વાર કે ત્રણ વાર આખું લોહી કાઢી નાખવું પડે. બધું લોહી કાઢી નાખવું પડે અને નવું પાછું નાખે. બહુ દુઃખી થાય, બિચારા ગભરાઈ જાય. પછી હમણા ઓપરેશન કરાવ્યું છે. લાખો રૂપિયા ખર્ચ્યા. લાખો રૂપિયા ભાઈએ આપ્યા છે પુનમભાઈએ. અરે! ક્યાંય ધૂળમાંય સુખ નથી. આહાહા..! શરીરમાં ઝેર થઈ જાય. પેશાબના ઝેર, વિષ્ટાના ઝેર. આહાહા..! અહીં તો રાગનું ઝેર. શુભરાગ એ ઝેર. અમૃતનો સાગર ભગવાન આત્મા એનો અનુભવ કર કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'હું તો અખંડ જ્ઞાન છું...' છે? **'સતતપણે અખંડ જ્ઞાનની સદ્ભાવનાવાળો આત્મા...'** હું તો અખંડ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુ (છું). આહાહા..! **'એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે...'** નિરંતર વર્તે છે. લ્યો! **'સંસારના ઘોર વિકલ્પને પામતો નથી,...'** એ સંસારના ઘોર વિકલ્પને પામતો નથી. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ વદ-૧, શુક્રવાર, તા. ૨૨-૦૮-૧૯૭૫, ગાથા-૪૩, કળશ-૬૦-૬૧, પ્રવચન નં. ૧૨

૪૨ ગાથાનો શ્લોક થોડો બાકી છે. ફરીને. 'વળી **(૪૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :-'** પાનુ-૮૯, હિન્દી હિન્દી. ગુજરાતીમાં એ

જ છે? ટીકાકાર મુનિરાજ પદ્મપ્રભમલધારીદેવ ફરમાવે છે... એકલી માખણની ચીજ છે. **'સતતપણે...'** નિરંતરપણે **'અખંડ જ્ઞાનની સદ્‌ભાવનાવાળો આત્મા...'** નિરંતર અખંડ જ્ઞાનની સદ્‌ભાવના-હયાતીવાળો આત્મા. આહાહા..! કેમ એને હાથ ન આવ્યું? ૪૨મો શ્લોક કહ્યો, હાથ નથી આવતું? ૪૨ ગાથા હાથ ન આવી? અભ્યાસ નહિને. પહેલાં કહ્યુંને ૪૨ ગાથા એના બે શ્લોક. **'સતતપણે અખંડ જ્ઞાનની સદ્‌ભાવનાવાળો આત્મા...'** આત્મા કેવો છે? કે નિરંતર અખંડ જ્ઞાનની હયાતી-મોજૂદગીવાળો આત્મા. આહાહા..! રાગ નહિ, પર નહિ, પર્યાય પણ નહિ અહીંયા તો. આહાહા..! અખંડ જ્ઞાનની સદ્‌ભાવનાવાળો-હયાતીવાળો-મોજૂદગી(વાળો) એવો આત્મા.

**'હું અખંડ જ્ઞાન છું એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે...'** ખુલાસો કર્યો. 'હું અખંડ જ્ઞાન છું' એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે. **'તે આત્મા...'** ભાવના. **'સંસારના ઘોર વિકલ્પને પામતો નથી,...'** આહાહા..! અખંડ જ્ઞાયકભાવથી હયાતી મારી છે એવા અખંડ જ્ઞાનની ભાવના, જેની પર્યાયમાં... એ રાત્રે પ્રશ્ન ઉઠાવતા હતાને, ધ્રુવમાં પર્યાય કેમ વાળવી? એ તો ચાલે છે આખો દિ'. પહેલાં પ્રશ્ન ચાલતો હતો બીજો. એમાં પણ રાત્રે એમ જ હતું. વસ્તુ જે સ્વભાવ અખંડ જ્ઞાન ત્રિકાળ એના તરફની સદ્‌ભાવના, એકાગ્રતા. પર્યાયથી પણ ખસીને અખંડ જ્ઞાયકભાવમાં એકાગ્રતા એ ધ્રુવમાં પર્યાયમાં વાળી એમ કહેવામાં આવે છે. આહાહા..! લખ્યું છેને? .. કહ્યું.

**'હું અખંડ જ્ઞાન છું એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે...'** એમ. અખંડ જ્ઞાનની સદ્‌ભાવનાવાળો. સદ્‌ભાવનાવાળો. એક તો એ સદ્‌ભાવ ત્રિકાળ છે, હવે એની સદ્‌ભાવના (અર્થાત્) વર્તમાનમાં એની ભાવના. આહાહા..! એક ન્યાયે તો હું સતતરૂપ અખંડ જ્ઞાનના સદ્‌ભાવ, જ્ઞાનની સદ્‌ભાવનાવાળો આત્મા (છું). આવી સદ્‌ભાવનાસ્વરૂપ ત્રિકાળ છે, પણ એની સદ્‌ભાવના વર્તમાનમાં. આહાહા..! નિમિત્ત ઉપરથી લક્ષ છોડીને, રાગ વ્યવહાર ઉપરથી લક્ષ છોડીને અને એક સમયની પર્યાય જે વર્તમાન વ્યક્ત પ્રગટ છે એનાથી પણ લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવની હયાતીવાળો જે ભગવાન એની સદ્‌ભાવના. એની સત્‌ભાવના વર્તમાન. આહાહા..!

એવો આત્મા એ **'સંસારના ઘોર વિકલ્પને પામતો નથી,...'** એ તો ભાવના વર્તમાન એમ થઈ કે ત્રિકાળી અખંડ જ્ઞાયકભાવની ભાવના કરનારને સંસારનું ઘોર કારણ વિકલ્પ (એને પામતો નથી). જુઓ ભાષા. શુભરાગ છે એ પણ સંસારનું ઘોર કારણ છે. બહુ વાત (સૂક્ષ્મ). અંતરમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ... આહાહા..! કહે છે કે 'પૂર્ણાનંદસ્વરૂપ અખંડ જ્ઞાન હું છું' એવી વર્તમાનમાં સત્‌ભાવના—અંતરમાં એકાગ્રતા (થતાં) એવા આત્માને સંસારનું ઘોર કારણ જે વિકલ્પ... આહાહા..! ચાહે તો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે છે એ વિકલ્પ સંસારનું કારણ છે. ઘોર સંસારનું કારણ. આહાહા..! સમજાણું કાંઈ? એવા **'સંસારના ઘોર**

**વિકલ્પને પામતો નથી,..'** અંતર ભગવાન પૂર્ણાનંદના નાથમાં એકાગ્રતાની ભાવનાવાળો વિકલ્પને પ્રાપ્ત (થતો નથી). ઘોર સંસારનું કારણ એ વિકલ્પ છે. આહાહા..! એને પામતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કરવાલાયક આ છે.

નિત્યાનંદ પ્રભુ અખંડ આનંદસ્વરૂપ, અહીં અખંડ જ્ઞાનસ્વરૂપ લીધું, એવો જ્ઞાનસ્વભાવ અને આનંદસ્વભાવ એ તરફનું ધ્યેય કરીને જે ભાવના પ્રગટ થઈ, નિર્વિકલ્પદશા સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિની જે ઉત્પન્ન થઈ એમાં સંસારના ઘોર વિકલ્પની નાસ્તિ છે. આહાહા..! છે? **'ઘોર વિકલ્પને પામતો નથી,...'** ધન્નાલાલજી! આવો માર્ગ, બાપા! આહાહા..! ભગવાન આત્મા નિર્વિકલ્પ અભેદ અખંડસ્વરૂપ એને ધ્યેય બનાવીને જે પર્યાય ઉત્પન્ન થાય છે એ સદ્ભાવની ભાવના છે, સત્‌ભાવની પર્યાય છે. આહાહા..! અંતરમાં એવો જીવ પોતાના સ્વભાવની ભાવનામાં આવે છે (એને) વિકલ્પ ઉત્પન્ન નથી થતો. આહાહા..! અને વિકલ્પ એ ઘોર સંસારનું કારણ છે. ચાહે શુભ વિકલ્પ હોય, આહાહા..! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ ઘોર સંસારનું કારણ છે. આહાહા..! વાણી તો જુઓ! સમજાણું કાંઈ? વિકલ્પ ઉઠે છે એ સંસાર છે. આહાહા..! ભગવાન આત્મા સંસારની વિકલ્પદશાથી ભિન્ન છે. એવો ચૈતન્યમૂર્તિ ભગવાન એની એકાગ્રતાથી જે સદ્ભાવની ભાવના પ્રગટ થઈ એમાં વિકલ્પને અવકાશ નથી. એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો...'** ભાષા જુઓ! સંસારનું ઘોર કારણ એવો વિકલ્પ ઉત્પન્ન થતો નથી. ત્યારે થાય છે શું? **'નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો...'** રાગ વિનાની શાંતિ... શાંતિ... શાંતિ.... શાંતિ... આનંદરસ, સમાધિરસ, શાંતિરસની પ્રાપ્તિ કરતો થકો. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ શાંતરસની પ્રાપ્તિ છે, એ સમાધિ છે. સમજાણું કાંઈ? આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત એ સમાધિ. આધિ નામ સંકલ્પ-વિકલ્પ મનનો, વ્યાધિ નામ શરીરની રોગાદિ અવસ્થા, ઉપાધિ નામ સમીપમાં જે ઉપાધિ સંયોગની. એ ઉપાધિ, વ્યાધિ અને સંકલ્પની આધિ એ ત્રણથી રહિત તે સમાધિ. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણથી રહિત તે મોક્ષનો માર્ગ.

**શ્રોતા :-** આ સમાધિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સમાધિ. ઓલા બાવા કરે ને આમ કરે.

**શ્રોતા :-** શરીરના રોગનું નામ વ્યાધિ કે શરીરમાં એકત્વનું...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, શરીરની વ્યાધિ. રોગ એ વ્યાધિ. એ પોતાનો માનવો એ બીજી વસ્તુ છે. આ તો ફક્ત સંકલ્પ આધિ, શરીરની વ્યાધિ, સંયોગની ઉપાધિ.

**શ્રોતા :-** શરીરની વ્યાધિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી, એ તો કહ્યુંને, ત્રણથી રહિત તે સમાધિ. ઉપાધિથી રહિત, વ્યાધિથી રહિત, સંકલ્પની આધિથી રહિત. સમજાણું કાંઈ? એ સમાધિતંત્રમાં આવે છે,

દ્રવ્યસંગ્રહમાં આવ્યું છે. આ ત્રણ વ્યાખ્યા છે આવી. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. જેમાં શરીરની વ્યાધિ નથી, ઉપાધિ જે સંયોગની છે એમાં નથી અને સંકલ્પ-વિકલ્પની આધિ પણ જેમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? શાંત અકષાયસ્વભાવ વીતરાગસ્વરૂપ આત્મા એની એકાગ્રતા થાય છે એ શાંતિ અને સમાધિ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાધિસ્વરૂપ છે, ત્રણે આનંદસ્વરૂપ છે, ત્રણે શાંતસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ઉપાધિ પૈસાની છે. પોપટભાઈ! મોટા પૈસાવાળા તમને કહે છે માણસો.

**શ્રોતા :-** મોટા ભાઈને સોંપીને આવ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સોંપીને પણ હાથમાં રાખીને બધું. કાગળ-બાગળ બધી તપાસ રાખે, ધ્યાન રાખે. આહાહા..! ઉપ-આધિ એટલે નજીકમાં, સમીપમાં જે સંયોગ એ ઉપાધિ. અને શરીરની વ્યાધિ એ શરીરમાં દશા. સંકલ્પ એ મનતરફના વલણવાળી દશા. એ ત્રણેથી રહિત ભગવાન આત્મા સ્વરૂપ તો ત્રણથી રહિત જ છે, પણ એની ભાવના કરે, એની ભાવનામાં ત્રણથી રહિત છે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ માર્ગ! એવો માર્ગ સૂક્ષ્મ છે. એ અત્યારે એવી વાતમાં ગડબડ બહુ થઈ ગઈ. બહારથી આમ કરો, વ્રત કરો, તપ કરો, આમ કરો ને તેમ કરો. એ એને રાગ અસમાધિ દુઃખ છે. આહાહા..! પણ લોકોને આ વ્રત લીધા, તપસ્યા કરી, નગ્નપણું લીધું, ઉઘાડે પગે ચાલે છે (એની મહિમા). આહાહા..!

**શ્રોતા :-** સાધન તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય સાધન નથી. સાધન તો નિર્વિકલ્પ સમાધિ એ સાધન છે. સાધ્ય જે પરમાત્મદશા આહાહા..! સાધ્ય જે સિદ્ધદશા એનું સાધન તો આ નિર્વિકલ્પ સમાધિ છે. એ સમયસારમાં પાછળ લીધું છેને? કે ઉપાય અને ઉપેય, બેય આત્મા છે, રાગ નહિ. ઉપાય અને ઉપેય. ઉપેય સાધ્ય સિદ્ધદશા. એ જ્ઞાનની, આત્માની પૂર્ણ દશા એ ઉપેય અને એ જ આત્માની અપૂર્ણ દશા એ સાધન, એ ઉપાય. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એ જ જ્ઞાનસ્વરૂપમાં અધૂરી દશા સ્વભાવ સન્મુખની એ ઉપાય. પૂર્ણ દશા તે ઉપેય. ઉપેય નામ એનું ફળ. ઘણો અધિકાર લીધો છે છેલ્લે. કોઈ ઉપાય રાગ છે અને નિમિત્ત રાગ છે અને સાધન છે એમ નથી.

ચિદાનંદ ભગવાન આત્મા પોતાની સન્મુખ થઈને, અભિમુખ થઈને, આશ્રય લઈને જે પર્યાય ઉત્પન્ન થાય છે એ આત્માની જ્ઞાનની જ પર્યાય છે, એ શુદ્ધની પર્યાય છે. એને સાધન કહે છે, એને ઉપાય કહે છે, એ સાધન, વ્યવહાર સાધન નથી. આહાહા..! આવે છે સમયસારમાં, ઉપાય-ઉપેય. એક જ આત્મા પૂર્ણાનંદનો નાથ પોતાની અપૂર્ણ દશારૂપે શાંતપણે પરિણમવું એ ઉપાય, નિર્વિકલ્પ શાંતિપણે થવું એ ઉપાય અને પૂર્ણ દશા પ્રાપ્ત કરવી એ જ આત્માની પૂર્ણ દશા એ સાધ્ય, એ ઉપેય. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર સાધન-ફાધન રહ્યા નહિ ત્યાં.

**શ્રોતા** :- બીજા શાસ્ત્રમાં કીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બીજા શાસ્ત્રમાં કહ્યું એ તો જ્ઞાન કરાવ્યું છે. પંચાસ્તિકાયમાં કહ્યું છે. એ તો સાધન તો એક જ છે પોતાના સ્વરૂપની એકાગ્રતા, પણ રાગ આવ્યો એ સંબંધી તો આરોપ કરીને એને સાધન કહ્યું. સાધન નથી એને સાધન કહેવું એ વ્યવહારનય છે. આહાહા..! સાધન છે નહિ એને સાધન કહેવું એ અભૂતાર્થ, વ્યવહારનયનો વિષય છે. આહાહા..! પોતાનો શુદ્ધભાવ એ જ શુદ્ધપણે પરિણમન કરવું અલ્પ દશાપણે એ જ ઉપાય છે અને એની પૂર્ણ દશારૂપ થવું એ ઉપેય છે.

કહે છે કે '**સમાધિને પ્રાપ્ત કરતો થકો પરપરિણતિથી દૂર,...**' લ્યો! વિકલ્પની પરિણતિ, અવસ્થા એનાથી દૂર છે. આહાહા..! બહુ કળશ (ઊંચો). પરપરિણતિથી દૂર, વ્યવહારના વિકલ્પની પરિણતિથી નિશ્ચયપરિણતિ દૂર છે. આહાહા..! '**પરપરિણતિથી દૂર, અનુપમ,...**' આહાહા..! જેની ઉપમા નથી એવા '**અનઘ ચિન્માત્ર (ચૈતન્યમાત્ર આત્માને) પામે છે.**' જુઓ, પૂર્ણને પામે છે. એવો '**સમાધિને પ્રાપ્ત કરતો થકો પરપરિણતિથી દૂર, અનુપમ, અનઘ ચિન્માત્ર...**' એકલા જ્ઞાનમાત્ર, જ્ઞાનસ્વભાવમાત્રને '**પામે છે.**' એ મોક્ષ. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારનો ઝઘડો બહુ મોટો અત્યારે. એમાં આવ્યું છે કે વ્યવહાર એ સાધન છે. વ્યવહારે આચરણ કરવું એ જ તને પહેલું કલ્યાણનું કારણ છે.

**શ્રોતા** :- વ્યવહાર સાધન કહ્યું છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો વ્યવહાર કહ્યો નિમિત્તનું જ્ઞાન કરાવવા. સાધન-ફાધન કેવું? જેમ મોક્ષમાર્ગ એ કારણ છે. મોક્ષમાર્ગ બે નથી એનો અર્થ શું થયો? બે કારણ નથી. કથનપદ્ધતિનું બે નિમિત્ત છે એનો આરોપ કરીને કહ્યું, પણ મોક્ષમાર્ગ બે નથી. આહાહા..! એક જ માર્ગ છે. સ્વભાવની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ એક જ પ્રકાર છે. તો સાધન કહો કે ઉપાય કહો કે કારણ કહો. તો ત્યાં કારણ એક જ કહ્યું, બીજું કારણ લીધું નથી. સમજાણું કાંઈ? મોક્ષનો ઉપાય કહો કે કારણ કહો. તો કારણ તો એક જ લીધું. તો એ કારણ બે છે એમ નથી. આહાહા..! બે કારણનું કથન આવ્યું છે. નિમિત્ત સહકારી વ્યવહારથી જાણીને, ઉપચારથી જાણીને વ્યવહાર કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? એ છે એમાં મોક્ષમાર્ગપ્રકાશક, સાતમા અધ્યાયમાં. અને નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર લક્ષણ આ છે એમ લખ્યું છે. પંડિતજી! એમાં એ શબ્દ પડ્યો છે. નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર લક્ષણ આ છે. છેને?

'હવે મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી, પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ કહેવો એ નિશ્ચયમોક્ષમાર્ગ છે. જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી, પણ મોક્ષમાર્ગનું નિમિત્ત છે.' સહચારી સાથે રાગની મંદતા જોઈને 'તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર છે. કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું લક્ષણ છે.' આ શબ્દ છે. ટોડરમલે તો ઘણું સ્પષ્ટ કરી દીધું છે મોક્ષમાર્ગમાં. આહાહા..! માખણ કહી દીધું. જુઓ, 'કારણ કે નિશ્ચય

અને વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે.' પંડિતજી! આ તકરાર મોટી. નિમિત્તથી થાય, વ્યવહારથી થાય બધી એક જ વાત છે. આ તકરાર સોનગઢની સામે પાંચ. ખરેખર તો નિમિત્તથી થાય છે અને વ્યવહારથી થાય છે એ એક જ બોલ છે. પણ અંદરના વિકલ્પથી થાય એ વ્યવહાર અને બહારના નિમિત્તથી થાય એ ઉપાદાન-નિમિત્ત અને ક્રમબદ્ધ થાય છે, એ પાંચના વાંધા. પંડિતજી! પાંચ. આહાહા..! પાંચનો એક જ .. બધું ઉડી જાય છે.

જ્યારે પોતાના સ્વકાળમાં પોતાનો મોક્ષમાર્ગ પોતાથી થયો ત્યારે રાગ હોય એને નિમિત્તથી વ્યવહાર કહેવામાં આવ્યો છે, પણ વ્યવહારથી નિશ્ચયથી થાય છે એમ છે નહિ. એમ ઉપાદાનની પર્યાયમાં પોતાને કાળે છે, પરને કારણે નહિ. નિમિત્તથી (થાય એ) ઉડી ગયું. અને જે સમયે જે દ્રવ્યની પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે એ જન્મક્ષણે એ એનો ઉત્પન્ન કાળ થાય છે. એ ક્રમબદ્ધ થઈ ગયું. સમજાણું કાંઈ? અરે! આવી સીધી સરળ વાત છે, પણ એવી ગડબડ કરી દીધી.

અન્ય કારણ એ કારણ છે જ નહિ. કારણ તો આ છે. કહ્યુંને, 'સર્વત્ર નિશ્ચય-વ્યવહારનું લક્ષણ આ છે.' કોઈપણ નિશ્ચય-વ્યવહારનું કથન ચાલ્યું હોય ત્યાં વાસ્તવિક પોતાના સ્વરૂપની સ્થિતિ, સ્થિરતા, શ્રદ્ધા આદિ એ કારણ અને નિમિત્ત જોઈને રાગની મંદતા તે કાળે, તે પ્રકારની જોઈને, નિમિત્ત જોઈને, સહચર દેખીને, સાથે દેખીને ઉપચારથી વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહાહા..! બરાબર છે. આહાહા..! પ્રભુ! તારી સ્વતંત્રતા તને બેસતી નથી? અને રાગથી થાય એ પરતંત્રતા તને બેસે? આહાહા..! અને નિમિત્તથી થાય એ તો પરતંત્રતા થઈ. પોતાથી થાય એ સ્વતંત્રતા એ તને બેસે નહિ? શું? કર્તા સ્વતંત્રપણે કરે સો કર્તા. કર્તાની વ્યાખ્યા શું? સ્વતંત્રપણે કરે તે કર્તા. પરની અપેક્ષા નથી. સ્વતંત્રપણે કરે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનું નામ કર્તા છે. જેમાં વ્યવહાર અને નિમિત્તની અપેક્ષા નથી. આહાહા..! એ કહે છે.

'**પરપરિણતિથી દૂર, અનુપમ, અનઘ...**' જેને ઉપમા નથી એવી પરિણતિને '**અનઘ ચિન્માત્રને પામે છે.**' પૂર્ણાનંદની દશા પૂર્ણ જ્ઞાનની પ્રાપ્ત થાય છે. આહાહા..! એ નિજસમાધિ દ્વારા ચિન્માત્રની પૂર્ણદશા પામે છે. સમજાણું કાંઈ? હવે ૬૧. એ ૬૦મો શ્લોક હતોને?

(स्त्रग्धरा)

इत्थं बुद्ध्वोपदेशं जननमृतिहरं यं जरानाशहेतुं
भक्तिप्रह्वामरेन्द्रप्रकटमुकुटसद्रत्नमालार्चितांघ्रेः।
वीरात्तीर्थाधिनाथाद्दुरितमलकुलध्वांतविध्वंसदक्षं
एते संतो भवाब्धेरपरतटममी यांति सच्छीलपोताः।।६१।।

આહાહા..! હવે જરીક ભગવાનની વ્યાખ્યા કરે છે. '**ભક્તિથી નમેલા દેવેન્દ્રો મુગટની સુંદર રત્નમાળા વડે જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે એવા મહાવીર તીર્થાધિનાથ**

**દ્વારા...'** આહાહા..! કેવા છે ભગવાન મહાવીર? લ્યો, આ ભગવાન મહાવીરને આ ૨૫૦૦મું વર્ષ ચાલે છે. ભગવાન મહાવીરની પ્રતિષ્ઠા થઈ. આહાહા..! **'ભક્તિથી નમેલા દેવેન્દ્રો...'** અર્ધ લોકના સ્વામી, ૩૨ લાખ વૈમાન શક્રેન્દ્ર એનો સ્વામી, ઈશાનઈન્દ્ર ૨૮ લાખ વિમાનનો સ્વામી. બે. .. સુધર્મ દક્ષિણના સ્વામી અર્ધલોકના. ઈશાન ઈન્દ્ર ઉત્તર આખા લોકના સ્વામી. એવા ઈન્દ્ર આવીને ભગવાન પાસે (નમે છે). આહાહા..! **'ભક્તિથી નમેલા...'** એમ ભાષા છે. બીજા તો નમન-નમનમાં ફેર છે. મીંદડી પણ ઉંદરને પકડવામાં નમે છે. સમજાણું કાંઈ? અહીં તો નમન-નમનમાં ફેર છે. અહીં તો ભક્તિથી નમેલા. આહાહા..! બહુ પ્રેમથી, ભક્તિથી જ્યાં ઈન્દ્રના મુગટ નમી ગયા છે આમ.

**'દેવેન્દ્રો મુગટની સુંદર રત્નમાળા વડે...'** મુગટની સુંદર રત્નમાળા વડે. રત્નની માળા. **'જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે...'** આ તો સમવસરણમાં મહાવીર હતા એમની સ્થિતિ લીધી છે. અત્યારે તો મોક્ષ ગયા તો એને આમ યાદ કર્યા. ભગવાન મહાવીર પરમાત્મા જ્યારે વર્તમાનમાં સમવસરણમાં બિરાજતા હતા, આમ લઈને સ્તુતિ કરી છે. આહાહા..! મહાવીર તો મોક્ષ પધાર્યા છે, પણ વર્તમાન તરીકે અહીં લીધું. આ ભગવાન બિરાજે છે. **'ભક્તિથી નમેલા...'** ઈન્દ્રો દ્વારા **'મુગટની સુંદર રત્નમાળા...'** ભાષા જુઓ, **'મુગટની સુંદર રત્નમાળા વડે જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે...'** આહાહા..! સિદ્ધ ભગવાન તો દૂર થઈ ગયા. આ તો અરિહંતપદમાં બિરાજમાનની વાત કરે છે. આહાહા..! ભગવાન મોક્ષ પધાર્યા, છતાં મુનિરાજ તો એમ કહે છે કે જાણે આ સમવસરણાં ભગવાન બિરાજે છે. સમજાણું કાંઈ? એમ નમન કરીને **'જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે...'** આહાહા..!

**'એવા મહાવીર તીર્થાધિનાથ...'** તીર્થના અધિપતિ દ્વારા. વર્તમાન શાસન તીર્થાધિનાથ ભગવાનનું શાસન ચાલે છે. આહાહા..! **'તીર્થાધિનાથ દ્વારા આ સંતો જન્મ-જરા-મૃત્યુનો નાશક...'** આહાહા..! સમજાણું કાંઈ? કોણ કહે છે? કે એમનો કહેલો ઉપદેશ. એમ કહેવું છે. આ ઉપદેશની વ્યાખ્યા છે. આહાહા..! ભગવાન મહાવીર પ્રગટ સમવસરણમાં બિરાજતા હતા ત્યારે વાણી નીકળતી હતીને? એ વખતની યાદગીરી કરતાં નમન કરનારા ઈન્દ્રો જેમના મુગટમાં રત્નમાળાથી પ્રગટ પૂજા કરતાં હતા. આહાહા..! એવા **'તીર્થાધિનાથ દ્વારા આ સંતો વડે જન્મ-જરા-મૃત્યુનો નાશક...'** આહાહા..! કેવો છે ભગવાનનો ઉપદેશ? જન્મ-જરા-મરણના નાશનો ઉપદેશ છે. ભવ કરવો એ ઉપદેશ ત્યાં નથી. આહાહા..! કોઈ કહેતા હતા. ભલે અમારે એકાદ ભવ કરવો પડે પણ અધ્યાત્મનો ઉપદેશ તો અમે હમણા નહિ દઈએ. એમ કોક કહેતું હતું. કોણ કહેતું હતું? નહિ? આ ભાઈ ગુજરી ગયાને ચુનીલાલ. એના માટે કોઈ કહેતું હતું. હમણા કો'ક કહેતું હતું. ભાવનગરથી કો'ક કહેતું હતું. એમ કહેતા હતા. ભલે એકાદ કરવો પડે પણ અધ્યાત્મનો ઉપદેશ અમે હમણા નહિ દઈએ. કોઈક ભાવનગરનું હતું. શાંતિભાઈ કે કોઈ હતા. આહાહા..! ગાંધીજી એમ કહેતા હતાને કે કદાચ ભવ કરવા

માટે પણ કલ્યાણ માટે મારે જન્મ ભલે લેવો પડે. અરે ભગવાન! જન્મની ભાવના એ મિથ્યાત્વની ભાવના છે. આહાહા..! સમજાણું કાંઈ? જન્મ લેવો હોય તો વિકારભાવથી થાય છે અને વિકારભાવની ભાવના એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

અહીં તો ભગવાન કહે છે, કુંદકુંદાચાર્યની ટીકા કરનારા પદ્મપ્રભમલધારિ સંત મુનિ કહે છે (કે) ભગવાનનો ઉપદેશ **'જન્મ-જરા-મૃત્યુનો નાશક અને દુષ્ટ મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર...'** આહાહા..! દુષ્ટ પાપસમૂહરૂપી અંધકાર. એ પુણ્ય અને પાપ બેય પાપ છે હોં યથાર્થપણે. સમજાણું કાંઈ? એ અધિકાર લીધો છે. પુણ્ય-પાપ અધિકાર છેને જયસેનાચાર્યની ટીકામાં. અધિકાર તો પાપનો ચાલે છે એમાં વળી તમે આ વ્યવહારરત્નત્રયનો અધિકાર શું લીધો? કહે છે કે એ વ્યવહારરત્નત્રય પણ પાપ જ છે. જયસેનાચાર્યની ટીકામાં છે. નિશ્ચયથી પાપ જ છે. સ્વરૂપથી રાગમાં પતિત કરે છે તો પાપ છે. આનંદનો નાથ પ્રભુ સ્વરૂપથી વ્યવહારમાં ચળ થઈ જાય છે. આહાહા..! નુકસાન છે. આહાહા..!

**શ્રોતા :-** અનુભવીજન પુણ્યને પાપ કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો યોગસારમાં કહ્યું છે. યોગસારમાં યોગીન્દ્રદેવે કહ્યું, 'પાપ પાપકો તો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યકો પાપ કહે.' યોગસારમાં આવે છે. 'પાપ પાપકો તો સહુ કહે, અનુભવીજન પુણ્યકો પાપ કહે.' ભગવાન આનંદમાંથી છૂટી જાય છે, વિકલ્પમાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે એવો ભગવાન, પાપસમૂહ—પાપનો સમૂહ એ બધો વિકલ્પ એ અંધકાર છે. **'દુષ્ટ મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો ઉપદેશ...'** ભગવાનનો એ પ્રકારનો ઉપદેશ છે. ભવ હોય છે અને ભવનું કારણ સેવો એવો ઉપદેશ ભગવાનનો નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ સમજીને,...'** પાપસમૂહનો નાશ કરનાર. સમજાણું કાંઈ? અને **'જન્મ-જરા-મૃત્યુનો નાશક...'** એવો ભગવાનનો ઉપદેશ સમજીને **'સત્શીલરૂપી નૌકા વડે...'** આહાહા..! સત્શીલરૂપી. સત્શીલ પોતાનો સ્વભાવ, શુદ્ધ પરિણતિ. **'સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે.'** આહાહા..! નૌકા વડે જેમ દરિયો પાર કરે છે, એમ સત્શીલરૂપી નૌકા. સ્વભાવ જે શુદ્ધ છે એના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ સત્શીલ છે. વ્યવહાર છે એ અસત્શીલ છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે લોકો કહે છે, આ એકાંત છે-એકાંત છે. એમ કહે છે. કહો ભગવાનને. ભગવાન તો આમ કહે છે. આહાહા..!

**'સત્શીલરૂપી નૌકા...'** વ્યવહાર તો અસત્શીલ છે. સત્શીલ, સ્વભાવનું શુદ્ધ આચરણ, શુદ્ધ આનંદનો નાથ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ સત્શીલરૂપી નૌકા. આહાહા..! સમજાણું કાંઈ? **'સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિ...'** ભવ-અબ્ધિ, ભવસીંધુ. ઓહોહો..! ચોર્યાશી લાખનું કારણ જે રાગ એ ભવાબ્ધિ, ભવની અબ્ધિ સંસાર એના **'સામા કિનારે પહોંચી**

જાય છે.' અલ્પકાળમાં પહોંચી જાય છે. આહાહા..! સંસારનો કિનારો આવી જાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આહાહા..! એ ૪૨ થઈ. એમાં પણ એ કહ્યું. ઓલા પંચમભાવની ભાવના કરવાથી મોક્ષ ગયા એમ કહ્યુંને પહેલાં? તો અહીંયાં એ કહ્યું, સત્શીલરૂપી નૌકા વડે. આહાહા..!

**શ્રોતા** :- સત્શીલ એટલે સમ્યક્ચારિત્ર?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત એ સત્શીલ. આહાહા..! શુભભાવ એ સત્શીલ નથી, અસદ્ભાવ છે. આહાહા..!

એનાથી (સત્શીલરૂપી નૌકા વડે) '**ભવાબ્ધિના સામા કિનારે...**' સંસારના કાંઠે આવી જાય છે. ત્યારે એમાં લખ્યું છે. એમાં હમણાં આવ્યું છે જૈનગેજેટમાં ઘણું. વ્યવહારથી તો શુદ્ધિ વધે છે. ઘટતા... ઘટતા... ઘટતા... વહાણને પછી છોડવું કિનારો આવે ત્યારે. એમ વ્યવહારને પછી છોડવો. એમ લીધું છે એમાં. જૈન ગેજેટમાં આવ્યું છે. વ્યવહારથી શ્રેણી-સીઢી આગળ ચડે છે, પછી છોડી દેવી. મોક્ષ થાય ત્યારે છોડવું. આહાહા..! અહીંનું કહ્યું છે. અહીં કોઈનો વિરોધ નથી. એની દૃષ્ટિમાં એનો વિરોધ કરે છે. આહાહા..!

**શ્રોતા** :- પહેલેથી હેય માન્યું હોય તો... પણ ઉપદેય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એનાથી વૃદ્ધિ થતી જ નથી. વૃદ્ધિ જો આગળ વધે છે તો સ્વદ્રવ્યના આશ્રયે વૃદ્ધિ થાય છે. વ્યવહારથી આગળ વધે અને શુદ્ધ થાય છે એમ ત્રણકાળમાં છે જ નહિ. એ તો વ્યવહારને અંધકાર કહ્યો. એને પાર કરવાનો છે. આહાહા..! ઓહોહો..! અનંત તીર્થંકરો આ કહે છે, ભાઈ!

પોતાનો શુદ્ધસ્વભાવ એની પર્યાયમાં સત્શીલ નૌકા બનાવી દે. આહાહા..! એ સત્શીલ સ્વભાવની દૃષ્ટિ, સ્વભાવનું વેદન-જ્ઞાન, સ્વભાવમાં લીનતા એ જ સત્શીલરૂપી નૌકા વડે પાર થાય છે. આહાહા..! વ્યવહારથી પાર થાય છે એમ છે નહિ. આહાહા..! ત્યારે કહે વ્યવહારને ન માને તો આ તીર્થનો નાશ થાય છે. પણ એનો અર્થ શું? પર્યાય નથી, ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન એમ નથી તો તીર્થનો નાશ કહેવામાં આવે છે. (એમ) નથી. છે, વ્યવહારનયનો વિષય છે, આદરણીય નથી, આદરણીય નથી. વ્યવહારનય નથી? બે નયનો ઉપદેશ ગ્રહણ કરવાલાયક એવું તો કહ્યું ભગવાને. એક નયનો ઉપદેશ ગ્રહણ ન કરવો. એનો અર્થ શું થયો? કે પર્યાયભેદ, ગુણસ્થાનભેદ આદિ વ્યવહારનો વિષય છે. ના પાડે કે નથી, તો ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન પર્યાયભેદ એ રહેતો નથી. અને તત્ત્વનો જો નાશ થાય ત્રિકાળ આનંદસ્વરૂપ. તો તો એના આશ્રયે તો મોક્ષ થાય છે. તો તત્ત્વનો નાશ થતાં વસ્તુનો નાશ થઈ જાય છે. આહાહા..! એ દાખલો આપ્યો છે. .. જુઓ, વ્યવહારને પણ ન છોડો. પણ કઈ અપેક્ષાએ? વ્યવહાર નથી એમ નહિ. વ્યવહાર છે, છે એની ના પાડે કે વ્યવહાર નથી, તો પર્યાયમાં અલ્પતા છે, અશુદ્ધતા છે, શુદ્ધતા થોડી વધી એ માર્ગ રહેતો નથી.

સમજાણું કાંઈ? વ્યવહારે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. એમ ૧૨મી ગાથામાં (આવ્યું).

**શ્રોતા :–** ઘણીવાર ચાલી ગયું છે આ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના અહીં તો પાઠ છેને. પાઠ છે. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન એવો પાઠ છે. એ અહીં કહે છે. એ અર્થ કર્યો એ બીજી વાત છે. પણ એ અર્થ તો બતાવ્યા છે એ કાળે. એ વખતે એ સમયે એવો ભાવ આવે છે. એ ભાવથી લાભ થાય કે નહિ એનો પ્રશ્ન નથી. ભાવ હોય છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન નિશ્ચય સ્વભાવ થયો, પણ જ્યાં સુધી પૂર્ણ નથી ત્યાં સુધી એવો ભાવ આવે એ વ્યવહાર છે. છે એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એનાથી લાભ થાય છે અને એનાથી નિશ્ચય થાય છે એ વાત છે નહિ ત્યાં. આહાહા..! ભાઈએ પણ દિલ્હીમાં શાહુજીએ પણ એકવાર વ્યાખ્યાનમાં એ લીધું હતું. લોકો કહે ખરાને. જુઓ, વ્યવહારનો ઉપદેશ. નિશ્ચય ન હોય એને વ્યવહારનો ઉપદેશ દેવો. એમ છેને?

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।**

એનો અર્થ શું? ઉપદેશ આપવો એવી વ્યાખ્યા ત્યાં નથી. ઉપદેશનું વાચ્ય જે વ્યવહાર છે એ 'છે' એને જાણવું એમ કહે છે. સમ્યગ્દર્શનમાં જે એકલી નિશ્ચયની વાત થઈ કે ભૂતાર્થને આશ્રયે સમ્યક્ થાય છે. એ તો નિશ્ચય થયો. હવે પર્યાયમાં અશુદ્ધતા, શુદ્ધતાની વૃદ્ધિ એવા ભેદ છે કે નહિ? એ ભેદને જાણવો એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? '**ववहारदेसिदा**'નો અર્થ દેખાડ્યો એટલે? ઉપદેશ્યો એમ નહિ. ત્યાં વ્યવહાર છે એમ જાણવું એને પ્રયોજનવાન કહેવામાં આવ્યું છે. એકલા વ્યવહારને માને તો ... આહાહા..!

'**સત્શીલરૂપી નૌકા...**' ભગવાન પૂર્ણાનંદનો નાથ એનું શીલ શુદ્ધસ્વભાવ, સત્શીલ શુદ્ધ સ્વભાવ એવી '**નૌકા વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે.**' સમજાણું કાંઈ? આ તો શ્રદ્ધાના, વ્યવહારના ઠેકાણા નથી. વ્યવહારની શ્રદ્ધાના પણ ઠેકાણા નથી. અમે આ મહાવ્રત પાળીએ ઠીએ અને આ છે ઈ બધું મુનિપણું છે અને એનાથી નિશ્ચય થાય છે. બધી ખોટી વાત છે. ધન્નાલાલજી!

**શ્રોતા :–** દ્રવ્યલિંગને છોડી દો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્યલિંગને છોડી દો એનો અર્થ? દૃષ્ટિમાં ન લેવું એમ. .. આવે છે. દ્રવ્યલિંગ દૃષ્ટિમાં આશ્રય કરવાલાયક નથી, એમ કહ્યું છે. .. આવે છે. વિકલ્પ અને નગ્નપણું એ કોઈ ધર્મનું કારણ નથી. દૃષ્ટિમાંથી છોડી દે. અસ્થિરતા તો પૂર્ણ સ્થિરતા થશે ત્યારે છૂટશે વ્યવહાર, પણ દૃષ્ટિમાંથી એને છોડી દે પહેલાં. આહાહા..! રાગાદિ વ્યવહાર છે એ જાણવાલાયક છે, આદરવાલાયક (એટલે કે) વ્યવહારથી નિશ્ચય થાય એમ નથી. એ વ્યવહારનો ઉપદેશ એનું નામ નથી. વ્યવહારનો ઉપદેશનો અર્થ એ પર્યાયમાં હીનતા અને

અશુદ્ધતા છે એને જાણવું એ વ્યવહારનો ઉપદેશ છે. આહાહા..! જો એમ ન જાણે તો વ્યવહારને જાણ્યો નથી અને વ્યવહાર દયા, દાન, આદિથી નિશ્ચય પ્રગટ થાય છે તો તત્ત્વ રહેશે નહિ. ત્રિકાળ તત્ત્વના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? શું થાય? એ ૪૨ થઈ.

હવે ૪૩. કેવો છે આત્મા? ૪૩ છેને? છેલ્લો શબ્દ છેને છેલ્લો? 'अप्पा' શબ્દ છેને? તો 'अप्पा' નામ આત્મા. કેવો છે?

**णद्दंडो णिद्दंदो णिम्ममो णिक्कलो णिरालंबो।**
**णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा।।४३।।**

આહાહા..! આત્મા કેવો છે? આહાહા..! શુદ્ધભાવ અધિકાર છેને?

**નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નિરાગ છે,**
**નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.**

આવી માર્ગની સ્થિતિ દિગંબર જૈનધર્મમાં છે, બીજે ક્યાંય નથી. બીજા ધર્મ જ નથી. સમજાણું કાંઈ? પણ એટલો ખ્યાલ ન કરે કે સંપ્રદાયમાં હતા અને છોડી દીધું તો એનું કારણ હશે કે નહિ? સમજાણું કાંઈ? સંપ્રદાયમાં તો ૨૧ વર્ષમાં લોકો તો અમને પ્રભુ માનતા હતા. ગામડામાં જઈએ, શહેરમાં જઈએ તો માણસોના ટોળા (ભેગા થયા). બાળક નાના-નાના કહે, પ્રભુ આવ્યા, પ્રભુ આવ્યા. નાના બાળકો બે-ત્રણ વર્ષના. ઘણી પ્રસિદ્ધિ હતીને અને સુંદર શરીર હતું. આ તો ૮૭મું ચાલે છે. ગર્ભના ૮૭, જન્મના ૮૬. એ વખતે તો ૨૫, ૨૬, ૨૭ વર્ષ. એટલે નાના-નાના બાળકો, ગામડામાં જઈએને, ઓલા ઘરમાં વાતું કરેને મહારાજ આજે આવ્યા છે, એ પ્રભુ આવ્યા.. પ્રભુ આવ્યા... એમ કહે બિચારા હોં. પણ એ વાત બધી જૂઠી હતી, વેશ જૂઠો, માર્ગ જૂઠો, એ શાસ્ત્ર જૂઠાં, એ શાસ્ત્રમાં કહ્યા એ દેવ જૂઠાં, મોક્ષમાર્ગ જૂઠો. આહાહા..! એ તો અંદરથી (આવતું હતું). ડાલચંદજી!

અમારા મોટા ભાઈ હતા. ૬૨ વર્ષ થયાને દીક્ષાને? તો એ વખતે ૧૮૦૦ ખર્ચ્યા હતા. ૬૨ વર્ષ પહેલાં ઘરેથી દીક્ષા, ઘરે દીધી. ૧૮૦૦. ૬૨ વર્ષ પહેલાં ૧૮૦૦ ખર્ચ્યા. દીક્ષા લીધા પછી કહ્યું, ભાઈ! આ માર્ગ નથી. હું તો છોડી દઈશ. ૮૭ની સાલમાં કહ્યું. ૮૭. ૭૦માં દીક્ષા. ૮૭ વીંછીયામાં. ૧૯૮૭. ૯૧માં છોડ્યું. ભાઈ! માર્ગ આ નથી. હાથીને હોદ્દે દીક્ષા. ૨૩ વર્ષ, સાડી ૨૩ વર્ષની ઉંમર, સુંદર શરીર. શેઠીયા તો રાડ નાખતા, ભાઈ! અમારે દામોદર શેઠ હોં એમ કહેતા. દામોદર શેઠ હતા બિચારા. મહારાજ! ભાઈ! તમારું શરીર સુંદર રૂપાળું શી રીતે તમે સાધુપણું પાળશો? સ્થાનકવાસીની ક્રિયા આકરી છેને. આ તમારું શરીર. આહાહા..! સાડી ૨૩ વર્ષની ઉંમર હતી. રૂપાળું શરીર, અવયવ સુંદર, કોમળ શરીર. આ તડકા, છાયા તમે કેમ સહન કરશો? એમ કહેતા હતા. દામોદર શેઠ હતા. પહેલાં તો બિચારા વૈરાગ્ય દીક્ષામાં આવ્યા હતા. ઉમરાળા આવ્યા હતા. પછી વિરોધ થઈ ગયો

આ તત્ત્વની દૃષ્ટિ. ભાઈ! એ તો સહન કરવું એ તો સહજસ્વભાવ છે. એમાં કોઈ સહન કરવું એવી ચીજ છે નહિ. પણ એ માર્ગ એમાં નહોતો. સમજાણું કાંઈ? એ ક્રિયા કરો, આ કરો ને આ કરો એનાથી મોક્ષ થાય એ ધર્મ જ નથી. એ જૈનધર્મ નથી એમ કહ્યું છે. કુંદકુંદાચાર્યે તો સ્થાનસવાસી અને શ્વેતાંબરને જૈન નથી એમ કહ્યું છે. દુઃખ લાગે, ન લાગે એ જાણે.

મોક્ષમાર્ગ (પ્રકાશકના) પાંચમા અધિકારમાં તો એમ કહ્યું કે શ્વેતાંબર અને સ્થાનકવાસી અન્યમતિ છે, જૈન નથી. એય..! ચંદુભાઈ! એ બધા સ્થાનકવાસીના શેઠિયાઓ છેને. આ શેઠિયા રહ્યા. એ સ્થાનકવાસી આ રહ્યા અમારે નેમીદાસ લ્યો, એ સ્થાનકવાસી શેઠિયા. ત્યારે આ સમ્મેદશિખરમાં એક રાત્રીમાં જે દિગંબરના પગલા હતા એક રાત્રીમાં બદલી નાખ્યા શ્વેતાંબર લોકોએ. ત્યાં હાજર હતા નેમીદાસ. પૈસાવાળા માણસ છે. દીકરા-દીકરી નથી. પૈસા દસ લાખ. બબ્બે લાખના બંગલા છે. તો ત્યાં ગયા તો એ તો સ્થાનકવાસી હતા. અમને શું તમે પરિવર્તન કરો છો એવું સાંભળ્યું એણે. કહે, કેમ શેઠ અહીંયાં આવ્યા? બીજે શેઠ શ્વેતાંબરના. આ દિગંબરના પગલા છે એ રાત્રે ફેરવી નાખવા છે. પગલા આમ હતાને? આમ કરી નાખ્યા. આપણા દિગંબરમાં આમ હોય. નીચેનો ભાગ આમ હોય. એને ફેરવી નાખ્યા એક રાતમાં. નેમિદાસ હતા. નહિ નેમિદાસજી? એણે કહ્યું હતું મને. એમની હયાતી હતી. પણ (અમે તો) સ્થાનકવાસી, તમે બદલો કે ન બદલો, અમે ક્યાં માનીએ છીએ! આહાહા..! તે દિ' એક રાતમાં ફેરવી નાખ્યા હોં. સનાતન વસ્તુ હતી, એ ક્યાં નવી હતી? આહાહા..! એ શેઠ કોણ શેઠ હતા? એ શ્વેતાંબર શેઠ હતાને કોક. અમદાવાદના શેઠ હતા. ત્યાં .. હતી એની. એને ૯૦ વર્ષ થયા અત્યારે. ૯૦ વર્ષ છે. શરીર એવું દેખાય. ૯૦ વર્ષ છે. ૯૦ શું કહે છે? નબ્બે. આ ૮૬ વર્ષ. મારાથી ચાર વર્ષ મોટા છે. ૯૦ વર્ષ થયા. ગૃહસ્થ છે. ઘરના મંદિર બનાવ્યા દિગંબર મંદિર. એ વખતે સ્થાનકવાસી હતા. તો એ લોકો કહે અમે .. પરિવર્તન .. એક રાતમાં પરિવર્તન. અમારે શું? પરિવર્તન કરો કે નહિ. અમે તો મૂર્તિને માનતા નથી. આવું થયું છે પલટો બહુ કરી નાખ્યો. લોકોએ ઘણો તીર્થમાં પણ ફરેફાર કરી નાખ્યો.. અરેરે! કાળ એવો.

આ તો સનાતન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમના દ્વારા કહેલા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો માર્ગ કહ્યો એ આવ્યો છે, બીજો માર્ગ છે નહિ. પરમસત્ય તો આ છે, ભાઈ! આ કોઈ પક્ષ નથી, આ કોઈ વાડો નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે. છઠ્ઠું ગુણસ્થાન હોય અને વસ્ત્ર રહે એ દશા જ નથી એવી. સ્થિતિ એવી છે એમ કહે છે. એવો વિકલ્પ રહે વસ્ત્ર લેવાનો તો છઠ્ઠું ગુણસ્થાન નથી રહેતું. એ તો વસ્તુની સ્થિતિ એવી છે. આહાહા..! એ કહ્યુંને ભગવાને ઉપદેશ દીધો. એ પ્રમાણે જેણે સત્શીલરૂપી નૌકા પ્રગટ કરી (એ) સંસારથી પાર થઈ ગયો. અહીંયા ખુલાસો કરે છે. ૪૩ ગાથા છેને.

**‘અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને...’** શુદ્ધ નામ ત્રિકાળી ભગવાન જ્ઞાયકભાવને **‘સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.’** પહેલો શબ્દ. **‘મનદંડ, વચનદંડ અને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો અભાવ હોવાથી આત્મા નિર્દંડ છે.’** મન-વચન-કાયથી દંડ થાય એ આત્મામાં નથી, પર્યાયમાં છે. આત્મા તો મન, વચન, કાયાના દંડથી પાર છે. આહાહા..! એને અહીં નિર્દંડ કહેવામાં આવ્યો છે. નિર્દંડ છે. આહાહા..! હવે એ આવ્યું. છ ઢાળામાં આવે છેને. ‘લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ...’ એ દ્વંદ્વ અહીંયા લીધું. દ્વૈતપણું છોડો, એમ કહે છે દ્વૈતનો અર્થ. સમજાણું કાંઈ? ત્યાં છ ઢાળામાં બહુ ગાગરમાં સાગર ભરી દીધો છે. દ્વંદ્વ નામ બે ભાગ. વિકલ્પાદિ એ દ્વંદ્વ છે. એ બધું દ્વંદ્વ છે.

જુઓ, **‘નિશ્ચયથી પરમપદાર્થ સિવાયના સમસ્ત પદાર્થસમૂહનો (આત્મામાં) અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ (દ્વૈતરહિત) છે.’** જુઓ, નિર્દ્વંદ્વ-વિકલ્પનો દ્વંદ્વ એમાં છે નહિ. આહાહા..! ‘છોડી સકલ જગત દ્વંદ્વ ફંદ, નિજ આતમ ઉર ધ્યાવો.’ દ્વૈતપણું પણ છોડી દે. દ્વંદ્વ છે ઈ. આહાહા..! એમ કહે છે. પોતાનું સ્વરૂપ અખંડ દ્વંદ્વ નામ વિકલ્પથી રહિત છે. આહાહા..! એને અહીંયા આત્મા કહે છે. **‘अप्पा’** કહ્યુંને? **‘अप्पा’** શબ્દ પડ્યો છેને? નિર્દ્વંદ્વ આત્મા છે. વિકલ્પનો સંબંધ આત્મામાં છે જ નહિ. દ્વંદ્વરહિત એ આત્મા છે અર્થાત્ દ્વૈતરહિત આત્મા, અદ્વૈત ચૈતન્યસ્વરૂપ છે. એ વેદાંત અદ્વૈત કહે છે એ નહિ હોં. આ તો જ્ઞાયકભાવ એકલો એકસ્વરૂપ છે, એમાં વિકલ્પનું દ્વંદ્વપણું નથી. આહાહા..! સમજાણું કાંઈ? એનો અર્થ તો થયો કે વિકલ્પ પર્યાયમાં છે ખરો. સમજાણું કાંઈ? વેદાંત કહે છે કે સદાશિવ સદાશુદ્ધ છે. એમ નથી. પર્યાયમાં સદાશુદ્ધ છે એમ નથી. પર્યાયમાં અશુદ્ધ છે. વસ્તુમાં દ્વંદ્વપણું, અશુદ્ધપણું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે **‘નિશ્ચયથી પરમપદાર્થ સિવાય...’** ભગવાન પરમપદાર્થ, જ્ઞાયકભાવ શુદ્ધ એનાથી ભિન્ન **‘સમસ્ત પદાર્થ સમૂહનો અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ (દ્વૈત રહિત) છે.’** એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. આ શુદ્ધભાવ જે કહે છે એ નિર્દ્વંદ્વ આત્મા એને શુદ્ધભાવ કહેવામાં આવે છે. જ્ઞાયકભાવ તો એકલો જ્ઞાયકભાવ જેમાં કર્મનો (અભાવ છે). વસ્તુને રાગનો સંબંધ કેવો? એવી ચીજ જે આત્મા છે એને અહીંયાં નિર્દ્વંદ્વ કહેવામાં આવે છે. એને દૃષ્ટિમાં લેવો અને ધ્યાન કરવું એ ધર્મ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૨, શનિવાર, તા. ૨૩-૦૮-૧૯૭૫, ગાથા-૪૩, પ્રવચન નં. ૧૩

નિયમસારના બે અર્થ છે—એક ત્રિકાળી શુદ્ધભાવ શુદ્ધચેતના એ નિયમસાર અને સ્વસન્મુખ થઈને સ્વભાવમાંથી નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત થાય એ વર્તમાન પર્યાય તે મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? નિયમસાર વસ્તુમાં ન હોય તો પર્યાયમાં નિમયસાર ક્યાંથી આવશે? સમજાણું કાંઈ? વસ્તુ આત્મા પદાર્થ એવી ચીજ છે કે એમાં નિયમસાર એનું સ્વરૂપ જ એવું છે. એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. એનો આશ્રય ત્રિકાળ. તો એ શુદ્ધભાવ એ દ્રવ્યસ્વભાવ એ પરમાત્મસ્વભાવ. ભગવાન આત્માનો પરમ આત્મા, પરમસ્વરૂપ સ્વભાવની દૃષ્ટિ કરતાં જેને દૃષ્ટિમાં એવો ભાવ સમીપ થવાથી સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ થાય છે. એનું નામ અહીંયાં આત્મા, એનું નામ અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. આહાહા..!

તો કહે છે, બે બોલ આવી ગયા છે. આત્મામાં દંડ નથી. મન, વચન, કાયાની પર્યાયમાં દંડ છે એ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. આહાહા..! નિર્દંડ આત્મા છે. ભગવાન આત્મા આનંદ જ્ઞાયક શુદ્ધસ્વભાવ એ નિર્દંડ છે. એમાં આવી ગયું. અને નિર્દ્વંદ્વ છે. બીજા પદાર્થનો સંબંધ દ્વૈતપણું એક ચીજમાં નથી. ઓહોહો..! એવા આત્મામાં દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ ધર્મની પહેલી સીઢી. એવી વાત છે. ધર્મની શરૂઆત ક્યાંથી થાય છે? જે વસ્તુ અભેદ ત્રિકાળ અખંડાનંદ પ્રભુ નિર્દ્વંદ વસ્તુ છે (એનો આશ્રય કરવાથી ધર્મ થાય છે). એ આવી ગયું છે. આજે ત્રીજો બોલ છે. કાલે આવી ગયું હતું. કાલે નહોતા? હતા?

હવે ત્રીજો બોલ છે. '**નિર્મમ છે.**' આ ભગવાન આત્મા. નિર્મમનો અર્થ? '**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...**' શુભરાગ પ્રશસ્ત કે અપ્રશસ્ત રાગ કે અપ્રશસ્ત મોહ, એવી જે પરિણતિ વિકારીભાવ એ આત્મામાં છે નહિ. આહાહા..! એને અહીંયાં આત્મા કહે છે ભગવાન. એ આત્માને અંતર દૃષ્ટિમાં લેવો, પોતાની જ્ઞાનપર્યાયને આવા આત્મામાં વાળવી એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન છે. સમજાણું કાંઈ? છ દ્રવ્યની શ્રદ્ધા ને નવ તત્ત્વની શ્રદ્ધા એ બધી ભેદવાળી શ્રદ્ધા એ તો વિકલ્પ છે, એ વસ્તુમાં નથી, એમ કહે છે. બીજી રીતે કહીએ, પ્રશસ્ત નામ વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે એ વસ્તુમાં નથી. આહાહા..!

**શ્રોતા :-** વેદાંતમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ... નહિ... નહિ... વેદાંતે નથી કહ્યું. એની પર્યાયમાં તો છે, દ્રવ્યમાં નથી. એમ વેદાંતમાં નથી. સમજાણું કાંઈ? અને પર્યાયમાં દ્વૈતપણું (છે). સ્વરૂપમાં

દ્વૈતપણું નથી, પર્યાયમાં છે. છે એના વ્યવહારની પર્યાયનો વિષય જે છે, છે વ્યવહારનયનો વિષય. છે એટલી વાત છે. પણ એ વસ્તુ ભગવાન ચિદાનંદ પરમાત્મસ્વરૂપ એકલું જ્ઞાયકદળ, આનંદદળ એવો જે ધ્રુવ શુદ્ધભાવ જ્ઞાયકભાવ એમાં વ્યવહારના વિકલ્પનો અભાવ છે એ અપેક્ષાએ એને નિર્મમ કહ્યો છે. વ્યવહારની પર્યાયરહિત છે માટે નિર્મમ છે. આહાહા..! સમજાણું કાંઈ? વાત તો બહુ સૂક્ષ્મ. અત્યારે તો એવી ગડબડ થઈ ગઈ છે.

**શ્રોતા :-** હવે તો ગડબડ ઘણી મટી ગઈ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે વાત સાચી, પણ મોટો ભાગ હજી વિરોધ કરે છે. આહાહા..! વસ્તુની ખબર નથી. સમજાણું કાંઈ? અને ચીજ જે સત્... સત્... સત્... સત્... એ સત્ ત્રિકાળ સત્ એનું સત્ત્વ જે ભાવ છે એ તો એકલો શુદ્ધ જ્ઞાયકભાવ છે. એ જ્ઞાયકભાવને મમત્વરહિત કેમ કહ્યો? કે 'શુભરાગ પણ મારો છે' એવું વસ્તુમાં નથી. 'વ્યવહારરત્નત્રય મારા છે' એવું વસ્તુમાં નથી. આહાહા..!

**'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી આત્મા...'** પાઠ છેને? **'अप्पा'** છેને? ૪૩માં છેલ્લો શબ્દ છે. **'अप्पा'** અહીંયા અર્થમાં પહેલું લીધું છે, આત્મા-આત્મા, **'अप्पा'** આહાહા..! ભગવાન આત્મા જેમાં શુભરાગ મારો છે એવી મમત્વદશા જ નથી, એવો મમત્વ ભાવ જ નથી. સમજાણું કાંઈ? તો કહે છે કે વ્યવહાર કરતાં નિશ્ચય થાય એ વાત જ ખોટી છે. આહાહા..!

**શ્રોતા :-** અહીં ન થાય, બીજે તો થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય થાતા નથી. માને, માને. આહાહા..! કુંદકુંદાચાર્યે કહ્યું તો એવું જો માનવા જઈએ તો બીજા આચાર્યોનું બલિદાન થઈ જશે! એવું અહીં ચાલ્યું હતું. અરે.. ભગવાન! અરે! આમ ન હોય પ્રભુ આ! દિગંબર બધા આચાર્યોની એક જ શૈલી છે. કોઈ વ્યવહારની કથની હોય, કોઈ નિશ્ચયની કથની હોય ભલે, પણ એનું તાત્પર્ય તો એક જ છે. વીતરાગતા તાત્પર્ય છે. ચાહે તો ચરણાનુયોગમાં વ્યવહારની વાત કરી હોય, પણ એનું તાત્પર્ય? કે વ્યવહાર વસ્તુમાં છે નહિ એવો અનુભવ કરવો એ તાત્પર્ય છે. આહાહા..! શાંત શાંતરસ પડ્યો છે એકલો. એક જ મત છે.

'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી તેમ જ જીવ સ્વભાવ.' નિર્મળ જેમ સ્ફટિક છે. સ્ફિટક અમે જોયો છે. ત્યાં જામનગરમાં એક છે. ડોક્ટર છેને, ભાઈ! પ્રાણજીવનદાસ. અત્યારે .. મુંબઈ રહે છે. એણે બતાવ્યું હતું. એક છ લાખનો સોલેરીયમ સંચો છે. છ લાખનો. એણે ત્યાં વ્યાખ્યાન સાંભળીને રાજકોટ આવ્યા હતા. સાંભળ્યું પછી ત્યાં જામનગર વ્યાખ્યાન સાંભળ્યું. મહારાજ! અમારે ત્યાં સોલેરિયમ છે, તમને લાગુ પડશે આ દૃષ્ટાંત આપવામાં. પછી એની પાસે સ્ફટિક હતો મોટો. સ્ફટિક દેખાડ્યો. જામનગરમાં છે. એ નિર્મળ જેમ સ્ફટિક એ પત્થર છે અને રૂપી છે. આ ભગવાન આત્મા ચૈતન્ય છે અને અરૂપી છે. એકલા ચૈતન્યના

પ્રકાશનો પુંજ પ્રભુ એમાં વ્યવહારના વિકલ્પનો અભાવ છે તેથી આત્માને નિર્મમ કહેવામાં આવે છે. આહાહા..!

ચોથો બોલ. '**નિશ્ચયથી ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ નામનાં પાંચ શરીરોના સમૂહનો અભાવ હોવાથી...**' ભગવાન આત્મામાં પાંચ શરીરનો અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? કાર્મણ શરીર જે આઠ કર્મની પુંજી. શું કહેવાય છે? પિંડ. આ કહેવાય છેને? આ મૂકેને. માટીના નથી બનાવતા? એમાં મૂકે અનાજ. એ માટીના બનાવે છે. મૂકે અંદર. હશે બધે ઘણે ઠેકાણે. પહેલાં તો એ હતાને માટીના મોટા-મોટા શું કહેવાય એ? ભાષા જુદી. ભાષા તમારી આવડે નહિ. એમાં રોટલી, રોટલા, ઠામ મૂકે એમાં. કોઠલા-કોઠલા. એમ આ આઠ કર્મ કોઠલા છે. જેમાં રજકણ રહ્યા છે. એ કોઠલા આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે આ ઔદારિક શરીર જ આત્મામાં નથી, તો જેમાં નથી એને એ કરી કેમ શકે? એમ કહેવું છે. પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ આત્મામાં નથી, જેમાં અભાવ છે, જેમાં અભાવ છે એનું એ કરે કેવી રીતે? સમજાણું કાંઈ? શરીરનો ભગવાન આત્મામાં અભાવ છે. તો એનો અભાવ છે, તો અભાવને કરે કેવી રીતે? ભાવ હોય તો કરે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે પાંચેય શરીરનો અભાવ છે. તો શરીરની ક્રિયા આત્મા કરે પર્યાયમાં એમ પણ નથી. આહાહા..! દ્રવ્યમાં નથી તો એની પર્યાયમાં પણ પાંચ શરીરનું કરે એવી ચીજ નથી. આહાહા..!

**શ્રોતા :-** શરીર તો ધર્મનું સાધન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાધન એ નિમિત્તથી કહ્યું. 'શરીર આદ્યં ખલુ ધર્મ સાધનમ' પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં લધું છે. પહેલાં લીધું છે. એ તો નિમિત્તથી કથન છે. વિકલ્પ સાધન નથી તો વળી પછી આ શરીર સાધન ક્યાંથી આવ્યું? આહાહા..! રાગથી ભિન્ન કરવું એ પ્રજ્ઞાછીણી સાધન છે. આહાહા..! સૂક્ષ્મ વાત, ભાઈ! જિનેન્દ્રદેવ એ દિગંબર સ્વરૂપ ધર્મ ખરેખર દિગંબર શબ્દે તો વિકલ્પની લાગણી પણ જેમાં નથી. બાહ્યમાં નગ્નપણું વસ્ત્ર નહિ, પણ અભ્યંતરમાં વિકલ્પની કલ્પના લાગણી આત્મામાં નથી. એવો ભગવાન આત્મા દિગંબર છે. સમજાણું કાંઈ? એ ચીજને પાંચ શરીરરહિત કહીને એમ કહ્યું કે નિઃશરીરી છે. અર્થાત્ એ શરીર એમાં નથી, એ શરીર એમાં નથી તો એને કરે કેવી રીતે? શરીરની ક્રિયા કરે આ દયા પાળવી, આમ કરવું, આમ કરવું. સ્વાહા (કરે) પૂજામાં.

**શ્રોતા :-** પાણીમાં માખી પડી હોય તો કાઢી લે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માખી પડે ઈ કાઢે કોણ? એય..! નેમિદાસભાઈ! તમારો કાકો. અભેચંદભાઈ નહિ? ચોમાસામાં જાતા હોય અને પાણીમાં માખી પડેને. ખબર છેને? મકોડા અને માખી પડે (એની) દયા પાળવા જાતા. અભેચંદભાઈ હતા. નરમ માણસ, પણ દૃષ્ટિની

ખબર નહિ, તત્ત્વની ખબર નહિ. ચોમાસામાં આવે પાણીમાં મકોડા પડે. વરસાદ આવેને. મકોડા, માખી. શેઠિયા માણસ હતા. કાઢવા જાય આમ. અમે દયા પાળીએ છીએ. એ શરીરની ક્રિયા આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. આમ નાખે પાણી. આમ પાણી નીચે જાય અને માખી ઉપર રહી જાય. બચી જાય. એ ક્રિયા આત્મા કરી શકે એમ ત્રણકાળમાં નથી. આહાહા..!

'**નિઃશરીર છે.**' આહાહા..! '**નિશ્ચયથી પરમાત્માને...**' જુઓ, પરમાત્મા આત્માની વાત કરે છે અહીંયા. આ આત્મા એ જ પરમાત્મા છે. અપ્પા સો પરમ અપ્પા. ક્યાં ગયા શોભાલાલજી! એ તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસારમાં કહે છે. અપ્પા સો પરમ અપ્પા. આત્મા એ જ પરમાત્મા છે. સમજાણું કાંઈ? એ કહ્યું જુઓ, '**નિશ્ચયથી...**' ખરેખર, યથાર્થથી '**પરમાત્માને...**' પરમસ્વરૂપ ભગવાન પરમાત્મા એટલે પરમસ્વરૂપ ભગવાન એને '**પરદ્રવ્યનું આલંબન નહિ હોવાથી...**' પરદ્રવ્યનું આલંબન નથી એને. આહાહા..! નિરાલંબી. એ સમવસરણની સ્તુતિમાં આવ્યું છેને? જેવું નિરાલંબન આત્મદ્રવ્ય એવા નિરાલંબ ભગવાન અંતરીક્ષમાં. અંતરીક્ષમાં બિરાજે છેને. આલંબન છે નીચેનું? સિંહાસનનું આલંબન નથી. અંતરીક્ષ તો દિગંબરમાં જ હોય છે. આ અંતરીક્ષમાં તકરાર થઈ હતીને મોટી? આપણે ધનકુમાર છેને? અંતરીક્ષ શ્વેતાંબરમાં છે જ નહિ. ભગવાન અંતરીક્ષ રહે છે એ વાત શ્વેતાંબરમાં છે જ નહિ. એ અંતરીક્ષ દિગંબરનું જ તીર્થસ્થાન છે. એ તો નીચે...

**શ્રોતા :-** એ તો પાંચ પાટલા હોય તો દઈ આવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધું હતું એક ફેરી. કેવળજ્ઞાની જ્યારે મોક્ષ જાય છે તો પાંચ પાટલા સોંપે છે. એવો પાઠ છે. એ ભગવાન શું કેવળજ્ઞાની (કાંઈ ખબર ન મળે). એને ક્યાં પાટલા હતા? લોકોને એમ લાગે. પણ બે હજાર વર્ષ થયા આ શાસ્ત્રને કર્યાને બે હજાર વર્ષ થયા. તાર-ટપાલ નહોતી તો એને ખબર નહિ. ... માર્ગ ચાલ્યો. બે હજાર વર્ષ પહેલાં દિગંબરમાંથી એ પંથ નીકળ્યો. અર્ધફાલક કટકો થોડો લીધો હતો. થોડો કટકો હતો. .. એમાંથી .. અત્યારે તો એક સાધુ છે એણે કાઢ્યું છે કે અત્યારે તો ૧૦૮ ઉપકરણ થઈ ગયા છે. શ્વેતાંબર એક સાધુ છે એણે કંઈક.. અર્ધફાલકમાંથી ૧૦૮ ઉપકરણ થઈ ગયા. હજી ક્યાં જાશે? એમ લખ્યું છે. અહીં આવ્યા હતા. ત્યાં મળ્યા હતા, શ્વેતાંબર હતા. પણ હજી ગડબડ કરી બધી. હજી કાંઈક શ્વેતાંબરનું થોડું રાખવું. એવું અહીં રહે નહિ. શ્વેતાંબરની કોઈ વાત વસ્ત્રનો ટૂકડાની વાત છે નહિ એમાં. એક ટૂકડો પણ રાખે અને મુનિપણું માને, કુંદકુંદાચાર્ય તો કહે છે, નિગોદમાં જશે. જાશે નિગોદમાં. એ એમ જ છે.

કોઈ એમ કહે છે કે ચીભડાના ચોરને ફાંસી? શું કહે છે તમારી ભાષા? કકડીકા... ચીભડાના ચોરને ફાંસી? એમ નથી. એ વસ્ત્રનો ટૂકડો રાખે એવો જે રાગ એ રાગની ભૂમિકા છઠ્ઠે ગુણસ્થાને હોતી જ નથી. રાગ છે અને વસ્ત્ર રાખે છે તો એને આસ્રવની પણ ખબર નથી અને સંવરની પણ ખબર નથી. અને જીવમાં એકાગ્ર થાય છે છઠ્ઠા ગુણસ્થાને તો કેટલો

રાગ રહી જાય તો એ જીવની ખબર નથી. રાગ જાય છે તો સંયોગ વસ્ત્રનો રહેતો નથી. તો સંયોગ અજીવની પણ એને ખબર નથી. નવેય તત્ત્વની ભૂલ છે. નવ તત્ત્વની ભૂલ છે એમ કહ્યું. એક ભૂલ નથી, બધી ભૂલ છે. પણ સંપ્રદાય નીકળી ગયો એટલે અત્યારે બહુ આકરું પડે લોકોને. આહાહા..! માર્ગ તો એવો છે, બાપુ! કુંદકુંદાચાર્યે કહ્યું એ કડક થઈને અતિશયોક્તિથી નથી કહ્યું. સમજાણું કાંઈ? ભગવાન! આ માર્ગ આહા..હા..! પોતાના સ્વરૂપમાં ઉગ્ર જ્યાં આશ્રય થયો ત્યાં તો એની રાગની મંદતા ઘણી ઓછી રહી. એ એટલા રાગની મંદતા છે કે જેમાં આહાર લેવાનો વિકલ્પ, વિનય કરવાનો બસ એટલો. પણ એને વસ્ત્ર લેવાનો ભાવ અને પાત્ર લેવાનો ભાવ કે એના માટે બનાવેલો આહાર લેવાનો ભાવ, એ વિકલ્પ એને હોતો જ નથી. આહાહા..! વસ્તુસ્થિતિ એવી છે. એ કોઈ પક્ષ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કાળદોષ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાળદોષ છે ક્યાં? કાળમાં દોષ ક્યાં છે? દોષ તો એની દશામાં છે. કાળ શું કરે? આહાહા..!

અહીં કહે છે કે '**પરમાત્માને પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી...**' ઓહો..હો..! ખરેખર તો રાગનું પણ અવલંબન એને નથી. ભગવાનની મૂર્તિનું અવલંબન હોય તો લાભ થાય એવું આત્મામાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ સ્થાનકવાસી અને શ્વેતાંબરમાં મોટી તકરાર છેને? એ કહે કે આલંબન હોય છે, શ્વેતાંબર કહે. સ્થાનકવાસી કહે નહિ. મૂર્તિ ન માનેને એ. એ તો શુભરાગ આવે છે ત્યારે નિમિત્ત ઉપર લક્ષ જાય છે. એટલું વ્યવહારે આલંબન (આવે છે), પરમાર્થે આત્મામાં આલંબન છે જ નહિ. વ્યવહાર જ નથી ત્યાં પછી આલંબન કેવું અંદરમાં? પણ એવું આલંબન નથી, તો વ્યવહારનો વિકલ્પ જ્યારે આવે છે તો નિમિત્તનું આલંબન છે એટલો વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? એમ કાઢી નાખે કોઈ તો એમ ન ચાલે.

ચર્ચા થઈ હતી ઘણા વર્ષ પહેલાં. શેઠ હતા, દામોદર શેઠ હતા. દામનગર. તો એ કહે પ્રતિમા છે એ જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી માની શકે, સમ્યગ્દૃષ્ટિ માને નહિ. બહુ ચર્ચા થઈ હતી, (સંવત) ૧૯૮૩ની સાલમાં. બહુ થઈ હતી. મેં કહ્યું, એમ નથી. (મિથ્યાદૃષ્ટિને) નિક્ષેપ પણ હોતો નથી, નય પણ નથી, નિક્ષેપ નથી. સમ્યગ્દૃષ્ટિને શ્રુતજ્ઞાન થાય છે તો એનો ભેદ નય હોય છે. તો નયનો વિષય જે નિક્ષેપ ઈ એને હોય છે. સમ્યગ્દૃષ્ટિને જ નિક્ષેપ હોય છે, વ્યવહાર. આહાહા..! વાત સમજાણી? ઘણી ચર્ચા ચાલતી હતી. .... માર્ગ તો આવો છે. અંતરમાં, સ્વભાવમાં કોઈનું આલંબન નથી, પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ આવ્યા વિના રહે નહિ અને રાગનું નિમિત્ત ભગવાનની પ્રતિમા ને ઈ છે, વ્યવહારનો વિષય છે. વ્યવહારના વિષયથી ધર્મ થાય છે એમ નથી. આહાહા..!

ક્યાં ગયા ચીમનભાઈ? છે કે નહિ? આ બેઠા. એ બધા સ્થાનકવાસીના અગ્રેસર કહેવાય. આહાહા..! બાપુ! આ તો વસ્તુનું સ્વરૂપ જ છે.

પરમાત્મા નિશ્ચયથી ભગવાન! ઈ કહે છે જુઓ, '**પરદ્રવ્યનું આલંબન નહિ...**' વસ્તુમાં નથી, પણ જ્યાં સુધી વીતરાગતા પર્યાયમાં પૂર્ણ ન થાય ત્યાં સુધી શુભરાગ એ યોગ્યતાના કાળે આવે છે. ત્યારે એનું નિમિત્ત ઉપર લક્ષ જાય છે. રાગનું લક્ષ દિશા પર ઉપર છે. પ્રતિમા ભગવાનનું લક્ષ એ રાગ છે તો જાય છે, એવો વ્યવહાર છે, નિશ્ચયમાં નથી. ધન્નાલાલજી! આ વાત ભારે, ભાઈ! એવું ખેંચવા ગયા તો આલંબનરહિત આત્મા છે. હવે એ તો એવો જ છે, પણ પર્યાયમાં જ્યાં સુધી વીતરાગતા ન થાય તો પર્યાયમાં રાગ આવે છે ત્યારે આલંબન ભગવાન મૂર્તિ આદિ ભગવાન છે નિમિત્ત. સમજાણું કાંઈ? છે તો બંધનું કારણ પણ એ પૂર્ણ અબંધ પરિણામ ન થાય ત્યાં બંધનું કારણ આવ્યા વિના રહે નહિ. વાત એવી છે. નિશ્ચય નક્કી કરવા જાય તો વ્યવહાર ઉડાવી દે કે વ્યવહાર છે જ નહિ, એમ નથી. અને વ્યવહાર માનીને એનાથી ધર્મ થાય છે, વસ્તુમાં છે જ નહિ રાગ, એ માનતા નથી તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ધન્નાલાલજી!

**શ્રોતા :-** નીચલી અવસ્થામાં થાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નીચલી દશા સમ્યગ્દર્શનમાં એમ હોય છે, 'હું તો ત્રિકાળ નિરાલંબન છું. મને કોઈનું આલંબન નથી. ભગવાનનું આલંબન નથી, ભગવાનની ભક્તિનું આલંબન નથી. એવી મારી વસ્તુ છે.' એવી દૃષ્ટિ થયા પછી જ્યાં સુધી વીતરાગતા ન થાય તો એ કાળે શુભરાગને કાળે આવે છે, ત્યાં ભગવાન કે પ્રતિમા કે તીર્થંકરદેવ નિમિત્ત પડે છે. એટલું આલંબન છે.

**શ્રોતા :-** આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છે. .. કરવાલાયક નથી, પણ આવ્યા વિના રહેતો નથી. નબળાઈને કારણે (આવે છે). આહાહા..! એવી વાત છે, ભાઈ! શું થાય? આ તો અંદરથી વાત આવી હતી. ત્યારે તો બધાને કહેતા હતા .. તમારી વાત ખોટી છે. માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? પરિવર્તન કર્યું તો કાંઈક કારણ હશે કે નહિ? સમજાણું કાંઈ? ઈ વિચાર કરતાં નથી. આહાહા..!

અહીંયાં તો કહે છે કે '**પરદ્રવ્યનું આલંબન નહિ હોવાથી...**' અહીં ઉડાવી દે કે જુઓ, ભગવાનની મૂર્તિ અને પરનું આલંબન નથી એમ અહીંયા કહ્યું. કેવળીની સ્તુતિ કહીને ૩૧મી ગાથામાં. ત્યારે કહ્યું કે પરની સ્તુતિ એ કેવળીની સ્તુતિ નથી. એ સ્થાનકવાસી ઉડાવી દે છે. જુઓ, ના પાડી છે ત્યાં સ્તુતિની. પણ એ તો વ્યવહારસ્તુતિ પરની છે અને નિશ્ચયસ્તુતિ નથી એ અપેક્ષાએ, પણ વ્યવહારસ્તુતિને કાળે વ્યવહારસ્તુતિ આવે છે. સમજાણું કાંઈ? ખેંચતાણ કરે એમ ન ચાલે, ભાઈ! આ તો 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું

તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.' આ કાંઈ .. આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ કોઈનો પક્ષ કે પંથ છે?

કહે છે કે આલંબન નથી. વસ્તુમાં નથી. તો વસ્તુની દૃષ્ટિ કરવામાં આલંબન નથી દૃષ્ટિ કરનારને. વસ્તુ નથી તો દૃષ્ટિ કરનારને કોઈ આલંબન નથી. આહાહા..! વ્યવહાર છે તો નિશ્ચય થાય, રાગ છે તો દ્રવ્યસન્મુખ થઈ જાય છે એવી વાત નથી. છતાં નિરાલંબન તત્ત્વની દૃષ્ટિ હોવા છતાં પણ... આહાહા..! જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી સાંભળવાનો રાગ આવે છે. ગણધરોને પણ સાંભળવાનો રાગ આવે છે. આવે છે એ જુદી વાત છે, પણ એ બંધનું કારણ છે. તો કેમ આવ્યો? પણ જ્યાં સુધી અબંધ પરિણામ, અબંધસ્વરૂપી ભગવાન... 'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।' એ અબદ્ધસ્વરૂપી ભગવાન દૃષ્ટિમાં આવ્યો, અબંધ પરિણામ પ્રગટ થયા, પણ પૂર્ણ અબંધ પરિણામ જ્યાં સુધી પ્રગટ ન થાય ત્યાં સુધી બંધનું કારણ વ્યવહારનયનો વિષય આવ્યા વિના રહે નહિ. એવી ચીજ છે. છતાં એ આવે છે એ મોક્ષનો માર્ગ અને ધર્મ છે એમ નથી. સમજાણું કાંઈ? આ નિરાલંબનમાં એમ .. કંઈ પણ આલંબન નથી. તમે મુર્તિ ને ફૂર્તિને આલંબન માનો છો. અહીં આલંબનની ના પાડે છે. ભગવાન તું સાંભળતો ખરો, પ્રભુ! આહાહા..! ભાઈ! તારા હિતના પંથનો માર્ગ છે આ તો. આહાહા..! કોઈના પક્ષની આ વાત નથી.

ભગવાન આત્મા જેમાં વ્યવહારનો વિકલ્પ નથી એને આલંબન કોનું? એવો નિરાલંબ પ્રભુ ભગવાન... એ સમવસરણની સ્તુતિમાં લીધું છે, નહિ? ત્યાં શું કર્યું? જેવો નિરાલંબન આત્મા એવો નિરાલંબન દેહ. સમવસરણની સ્તુતિ કરી છેને પંડિતજીએ. 'જેવો નિરાલંબન આત્મા તેવો નિરાલંબ દેહ.' ભગવાનનો દેહ પણ નિરાલંબ. નીચે સિંહાસન, ગંધકુટી ઉપર બેસે. અડતું નથી, શરીર એને અડતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી ચીજ દિગંબરમાં છે, શ્વેતાંબરમાં નથી. એ અંતરિક્ષ તીર્થ છે એ દિગંબરનું તીર્થ છે. ... એ ધનકુમારે લઈ લીધું હમણા, બહુ મહેનત કરીને. દિગંબરનું છે એમ સિદ્ધ કર્યું. ધનકુમાર બ્રહ્મચારી છેને. ધનકુમાર બ્રહ્મચારી છે. દસ ભાઈ છે. નવ પરણેલા છે અને પોતે બાળબ્રહ્મચારી છે. દસ ભાઈ છે. આવે છેને અહીંયાં. થોડા ત્યાં કામમાં રોકાય છે. એણે અંતરિક્ષનું સાંભળ્યું હતું. અંતરિક્ષ દિગંબરનું છે. તાબે લઈ લીધું. પછી કેસ-બેસ કરે ભલે, પણ વસ્તુ આ તકરાર-તકરાર. સત્‌ના પંથમાં તકરાર કેવી? સમજાણું કાંઈ? એ પંથ જ અનાદિ સનાતન છે તો દિગંબર ધર્મ એ જ સનાતન છે. આહાહા..! શ્વેતાંબર અને સ્થાનકવાસી એ પંથ તો પછી નીકળ્યો છે. એ જૈન (માર્ગ નથી). ઝીણી વાત છે, ભગવાન! એને જૈનધર્મમાં ગણ્યા નથી. ... મોક્ષમાર્ગપ્રકાશકના પાંચમા અધ્યાયમાં શ્વેતાંબર, સ્થાનકવાસીને અન્યમતમાં નાખ્યા છે. આહાહા..!

એક લાલચંદભાઈ વકીલ હતા. વાંકાનેર, વાંકાનેર. શ્વેતાંબરના અગ્રેસર હતા. પછી અહીંયાંના

મુમુક્ષુ થઈ ગયા. વાંચન કરતાં વાત બેઠી કે ઓહો..! માર્ગ તો આ છે. લાલચંદભાઈ... એ મગજવાળા માણસ હતા. વકીલ હતા. તો આ વાત બેસી ગઈ. પછી એક શ્વેતાંબર સાધુ આવ્યા હતા ગામમાં. તો શ્વેતાંબરના એકાદ-બે માણસ ગયા એની પાસે. ભાઈ! ચાલોને ત્યાં પ્રશ્ન કરવા. મહારાજ આવ્યા છે. આ માણસ તો એવો કડક હતો. એમ કહી દીધું કે જુઓ, હું તો મુસલમાનને ગૃહીતમિથ્યાત્વ માનું છું એમ શ્વેતાંબરને ગૃહીતમિથ્યાત્વ માનું છું. એય..! પોપટભાઈ! કડક બહુ હતા, વકીલ હતા. લોજિક-ન્યાયથી આ વાત એને બેસી ગઈ કે ઓહો..! માર્ગ તો આ છે. તો એના સાધુ આવ્યા તો કહે આવો, પૂછવા આવો. મોટા વિદ્વાન આવ્યા છે. કહ્યું, હું તો મુસલમાન અને શ્વેતાંબર બેયને એક માનું છું. પંડિતજી! એ ગૃહીતમિથ્યાત્વની અપેક્ષાએ. પછી મિથ્યાત્વમાં ફેર હોય થોડો. એ તો મિથ્યાત્વના અસંખ્ય ભેદ છેને. ભલે થોડો ભેદ પણ છે તો મિથ્યાત્વ. આહાહા..! અરે! પ્રભુ! તકરારની આ વાત નથી, ભગવાન! વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..! એમાં નાખ્યું છેને? મોક્ષમાર્ગપ્રકાશકમાં એમાં નાખ્યું છે. મુસલમાન, વૈશેષિક, બૌદ્ધ અને શ્વેતાંબર અને સ્થાનકવાસી બધાને એકમાં નાખ્યા છે. ગૃહીતમિથ્યાત્વમાં બધાને નાખ્યા છે. પાંચમા અધ્યાયમાં.

એક શ્વેતાંબર સાધુ એવા હતા કે મોક્ષમાર્ગપ્રકાશક જોયું. વલ્લભવિજય હતો એક. આણે તો સજાયા.. સજાયા સમજ્યા? હજામત બધાની કરી નાખી છે. એ તો વસ્તુસ્થિતિ એવી છે, ભાઈ! વસ્તુનું સ્વરૂપ એવું છે. ભગવાન આત્મા ... વિકલ્પની લાગણી વિનાની ચીજ છે. એ કહ્યુંને? આલંબન નથી. જેને વિકલ્પ રાગ છે એ તો વ્યવહાર થયો. નિશ્ચયમાં શું છે? રાગનું આલંબન છે જ નહિ. આહાહા..! ભગવાનનું આલંબન ભગવાન આત્માને નથી. ભગવાન આત્માને ભગવાનનું આલંબન કેવું? એ તો કહ્યુંને.

'**નિશ્ચયથી પરમાત્માને...**' એવી ભાષા લીધી. આત્માને પરમાત્મા શબ્દે જ બોલાવ્યો છે. એક સમયની પર્યાય સિવાય આખો ભગવાન પરમાત્મા છે. આહાહા..! અરેરે! લક્ષ્મી ઘટે છે, બાપ મરી જાય છે પછી દીકરાઓ કકળાટ કરે છે. એમ કેવળજ્ઞાની પરમાત્માના વિરહ પડ્યા. કેવળજ્ઞાનની પ્રાપ્તિનો વિરહ પડ્યો. આ અંદરોઅંદર છોકરાઓ ઝઘડે. આ માર્ગ અમારો, ઓલા કહે આ માર્ગ અમારો. સમજાણું કાંઈ? માર્ગ તો આ છે, બાપા! નિરાલંબન પરમાત્મા ચિદાનંદસ્વરૂપ નિત્યાનંદ જેને ઉત્પાદ-વ્યયની અપેક્ષા નથી. આહાહા..! નિશ્ચય પરમાત્માને અસ્તિપણે રહેવામાં પોતાના ઉત્પાદ-વ્યયની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? એમ કહે છે. આહાહા..!

એ ૧૦૧ ગાથામાં આવ્યુંને? પ્રવચનસાર. ઉત્પાદ ઉત્પાદથી, વ્યય વ્યયથી, ધ્રુવ ધ્રુવથી. ઉત્પાદ ઉત્પાદના આલંબનથી, વ્યય વ્યયના આલંબનથી, ધ્રુવ ધ્રુવના આલંબનથી. સમજાણું કાંઈ? પ્રવચનસારની ૧૦૧ ગાથા. આવ્યુંને? જુઓ, '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અંશોના ધર્મો છે.**' '**અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એક સાથે જ ભાસે**

છે,...' વ્યયનું આલંબન વ્યયને, ઉત્પાદનું આલંબન ઉત્પાદને, ધ્રુવનું આલંબન ધ્રુવને. ૧૦૧ (ગાથા) છે. ૧૬૦ પાનું છે, ૧૬૦ પાનું છે. જુઓ, ત્રીજો પેરેગ્રાફ. **'એ ત્રણ અંશો...'** વ્યય-ઉત્પાદ.. વચ્ચે છે. ત્રણે અંશો.. (સંસ્કૃત) ટીકામાં લઈએ તો **'उत्पादव्ययध्रौव्याणि हि पर्यायानालम्बन्ते'** પોતાનું આલંબન પોતામાં છે. ઉત્પાદનનું આલંબન ઉત્પાદ, ઉત્પાદનું આલંબન ધ્રુવ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને પછી ભાવાર્થમાં તો ઘણું લીધું છે ભાઈએ તો.

**'નષ્ટ થતા ભાવોનો નાશ, ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતા ભાવનું ધ્રૌવ્ય એકીસાથે છે. આ રીતે નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે,...'** ભાવાર્થ છે. **'નાશ નષ્ટ થતા ભાવને આશ્રતિ છે, ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રતિ છે;...'** આહાહા..! સમજાણું કાંઈ? ઉત્પાદને ધ્રુવના આશ્રયની જરૂર નથી. આહાહા..! અને ધ્રુવને રહેવા માટે ઉત્પાદ-વ્યયના આશ્રયની જરૂર નથી. આહાહા..! ટીકામાં છે. ૧૬૧ પાને સ્પષ્ટ કર્યું છે. છે? નાશ **'નષ્ટ થતા ભાવને આશ્રિત છે, ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રતિ છે; નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી તે ભાવો પણ દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી. માટે આ બધાંય, એક દ્રવ્ય જ છે.'** પણ ઉત્પાદને આશ્રયે ઉત્પાદ છે. આહાહા..! સંસ્કૃત ટીકા છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈના આશ્રયે નથી. ઉત્પાદ ઉત્પાદને આશ્રયે, વ્યય વ્યયને આશ્રયે, ધ્રુવ ધ્રુવને આશ્રયે. ઉત્પાદ ધ્રુવને આશ્રયે નહિ. છે ૧૦૧ ગાથા. પ્રવચનસાર છે. દ્રવ્યના આશ્રયે નહિ એ તો ઉત્પન્ન થવાની અપેક્ષાએ, પણ ઉત્પન્ન થઈ એને કોઈ અપેક્ષા નથી. સંસ્કૃત છે. એમાં ૧૦૧ ગાથામાં પાઠ છે. મોક્ષમાર્ગની ઉત્પાદ પર્યાયને ધ્રુવની અપેક્ષા નથી. આહાહા..! અહીં કહ્યું કે દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. આશ્રયનો અર્થ? પરતરફ લક્ષ હતું એને સ્વતરફ કર્યું તો આશ્રય કર્યો એમ કહેવામાં આવ્યું. બાકી પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે. ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ? આમ તો દ્રવ્યના આશ્રયે સમકિતદૃષ્ટિ કહ્યુંને. આશ્રયનો અર્થ એટલો કે પર્યાય આમ હતી એ આમ ગઈ એટલો આશ્રય કહેવામાં આવે છે.

**શ્રોતા :-** પર્યાય દ્રવ્યની મોહતાજ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સન્મુખ થઈને બસ એટલું. આહાહા..! પર્યાય દ્રવ્યથી દૂર હતી એ પર્યાયમાં દ્રવ્યનું સમીપપણું આવ્યું એટલો આશ્રય કહેવામાં આવે છે. પર્યાયમાં દ્રવ્ય દૂર હતું. પર્યાયનું લક્ષ રાગ ઉપર હતું તો પર્યાયમાં દ્રવ્ય દૂર હતું. એ પર્યાય આ બાજુ વળી તો પર્યાયમાં દ્રવ્ય સમીપ આવી ગયું. આહાહા..!

**શ્રોતા :-** કેટલું દૂર હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરલક્ષ કરે છે એટલું દૂર હતું. એ અમારે છોકરાઓ છેને ત્યાં ઘાતકીખંડમાં. ઘાતિ શું કહેવાય? આપણે આ ઘાટકોપર છોકરાઓ છેને. આ અધ્યાત્મના અભ્યાસવાળા. આપણા નિહાલભાઈના પુસ્તકનો બહુ અભ્યાસ છે. એ કરતાં... કરતાં... કરતાં... એને જરી ચર્ચા થઈ ગઈ હતી. એક જણાએ કહ્યું કે પર્યાય દ્રવ્યથી દૂર છે. તો કહે કેટલી દૂર છે? કે લોક અને અલોક જેટલા દૂર છે. પછી અહીંયાં આવ્યા અને કહ્યું કે એમ નથી. એ દૂરનો અર્થ પર્યાયમાં દ્રવ્ય નથી અને દ્રવ્યમાં પર્યાયને એટલી દૂર કહેવામાં આવે છે. દૂર કંઈ પર્યાય દૂર છે અને દ્રવ્ય અહીં રહે છે એમ નથી. આહાહા..! બીજે છે. એય..! શું કહેવાય? અતુલ એમાં હતોને ત્યાં? એ તો પાંચ-છ જણા છોકરાઓ છેને. ભૂપત-ભૂપત. છે ઘાટકોપર. ભૂપત ને આ ભાઈ આવ્યા છેકે નહિ મણિભાઈ? મણિભાઈ આવ્યા છે? મણિકાંત. નથી આવ્યા? સવારે જોયા હતા મણિકાંતને. હું અહીં આહાર કરીને અહીં ફરતો હતો ત્યારે જોયા હતા. ગયા હશે ક્યાંક. એ મણિકાંત છે, એનો ભાઈ છે, પછી એવા પાંચ-છ જુવાનિયા છે. એ આ નિહાલભાઈનું પુસ્તક ખૂબ વાંચન કરે. એમાંથી આ જરીક નીકળ્યું. પછી માણસ અહીં આવીને બોલ્યા આમ.. આમ.. દૂરનો અર્થ દ્રવ્યમાં પર્યાય નથી, પર્યાયમાં દ્રવ્ય નથી એટલું દૂરની અપેક્ષા. દ્રવ્યના ક્ષેત્રથી ભિન્ન છે પર્યાયનું ક્ષેત્ર? છે તો અંતર બેયના ક્ષેત્ર ભિન્ન, પણ પર્યાયનું ક્ષેત્ર સામે છે અને દ્રવ્યનું ક્ષેત્ર અહીંયા છે એમ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા નિશ્ચયથી તો પર્યાયનું ક્ષેત્ર પણ ભિન્ન છે અને ધ્રુવનું ક્ષેત્ર પણ ભિન્ન છે. પણ એ અસંખ્ય પ્રદેશમાં અને અસંખ્ય પ્રદેશમાં છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. અસંખ્ય પ્રદેશ છે એમાં જેટલા ક્ષેત્રમાંથી પર્યાય ઉત્પન્ન થાય છે એ ક્ષેત્ર પર્યાયનું છે અને એનાથી ભિન્ન જે ક્ષેત્ર છે એ ધ્રુવનું છે. બ્રહ્મચારીજી! ઝીણી વાત છે. એ ચિદ્‌વિલાસમાં ખુલાસો કર્યો છે દીપચંદજીએ. ચિદ્‌વિલાસ નથી અહીંયા. બધું જોયું છેને. એમાં લીધું છે, પર્યાયનું ક્ષેત્ર પર્યાયમાં છે, ધ્રુવનું ક્ષેત્ર ધ્રુવમાં છે. પર્યાયની શક્તિથી પર્યાય છે, ધ્રુવની શક્તિથી પર્યાય નથી. પર્યાયના વીર્યને કારણે પર્યાય છે, દ્રવ્યના વીર્યથી પર્યાય નથી. એમ ઘણું લીધું છે. આહાહા..! સૂક્ષ્મ બાપા!

ભગવાન! તારી ચીજ જ એવી છે. ભાઈ! તું પ્રભુ છો. વસ્તુ પ્રભુ ભગવાન સાક્ષાત્ ભગવાન છે, વ્યક્તરૂપ ભગવાન છે. એ તો પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત કહેવામાં આવે છે. દ્રવ્ય તો વ્યક્ત છે, પ્રગટ છે. આહાહા..! જેનું અસ્તિત્વ પૂર્ણ ધ્રુવ એવા પરમાત્માને પરદ્રવ્યનું આલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબન છે. આહાહા..! એક બોલ બરાબર સમજે તો, એક ભાવ સમજે તો બીજા બધા ભાવ સમજાય જાય. ગડબડ-ગડબડ કરે છે. ભાઈ! આ માર્ગ એવો નથી, બાપુ! અનંતકાળ થયો... આહાહા..! પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો નથી.

એટલે સ્વસન્મુખ થયો નથી, એટલે જે દ્રવ્યની પર્યાય છે તે દ્રવ્ય ઉપર ગઈ નહિ. પર્યાય દ્રવ્યની છે વ્યવહારે, એ પર્યાય રાગ ઉપર અને પર ઉપર અને કાં એક સમયની પર્યાયમાં એકત્વબુદ્ધિ. એક સમયની પર્યાયમાં એકત્વબુદ્ધિ એ જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ ૯૩ ગાથામાં છેને ભાઈ ૯૩, પ્રવચનસાર. '**पज्जयमूढा हि परसमया**' પ્રવચનસાર ૯૩.

**શ્રોતા :-** એમાં જ વાંધો કાઢ્યો હતોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટો વાંધો યશોવિજયએ કાઢ્યો છે. યશોવિજય એક શ્વેતાંબર આચાર્ય થઈ ગયા છે મોટા. ૯૩-૯૩, પહેલી ગાથા જ્ઞેય (અધિકારની). '**पज्जयमूढा हि परसमया**' તો એમાં શ્વેતાંબરના યશોવિજયજી છે એણે ભૂલ કાઢી કે પર્યાયમૂઢા પરસમયા તો વેદાંત થઈ જશે. અરે..! એમ નથી. અહીં તો એક સમયની પર્યાયને પૂર્ણ માનવી એ પર્યાયમૂઢ છે. સમજાણું કાંઈ? દિગંબરના ૮૪ બોલ વિરુદ્ધ કાઢ્યા છે યશોવિજયે. અને એની સામે હેમરાજજી, પ્રવચનસારનો અર્થ કર્યોને? હેમરાજજીએ ૮૪ બોલ કાઢ્યા છે એના ઉત્તર પણ કાઢ્યા છે. બેય છે, બેય વાંચ્યા છે. અહીં છેને ઉત્તર એનો? હેમરાજજીનો. ૮૪.. આવ્યું છે. ઉત્તર છે અને ઓલા યશોવિજયનું. યશોવિજયનું છેને, એ વાંચ્યું છેને બધું? એમાં એમ છે કે '**पज्जयमूढा हि परसमया**' ૯૩માં કહ્યું છે એ ખોટી વાત છે. વેદાંત થઈ જશે. પણ અહીં તો પર્યાય જેટલો આત્માને માને.

**શ્રોતા :-** પર્યાયને તો માને છે, દ્રવ્યને ન માને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયને માને એક સમયની અવસ્થાને. કેમકે એના ઉપર અનાદિનું લક્ષ છે અને આખું ઘુંટણ જ પર્યાયમાં છે. પર્યાયમાં (ઊભા રહીને) દ્રવ્ય આવું છેને તેવું છે એમ કહે છે, પણ પર્યાય દ્રવ્ય તરફ ઢળતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપા એવો છે. તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વરે એવું કહ્યું એવું અહીંયા લખ્યું છે.

આત્મા નિરાલંબન છે. કેવો આત્મા? '**નિશ્ચયથી પરમાત્માને...**' એ આત્મા. નિશ્ચયથી પરમાત્મા એ આત્મા. આહાહા..! છે? '**નિશ્ચયથી પરમાત્માને...**' એ ભગવાન થઈ ગયા એની અહીંયા વાત નથી. આ તો ત્રિકાળ નિશ્ચયથી પરમ આત્મા પરમસ્વરૂપ, પરમપારિણામિકભાવ એકલો જ્ઞાયકભાવ પર્યાયની ક્રિયા વિનાનો નિષ્ક્રિયભાવ. આહાહા..! રાગની ક્રિયા તો નહિ પર્યાયની ક્રિયાથી રહિત નિષ્ક્રિય આત્મા એને અહીંયાં નિશ્ચયથી પરમાત્મા કહ્યો છે. એ પરમાત્માને '**પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે.**' આહાહા..! પછી વિશેષ. .. અભ્યંતર પરિગ્રહ. હજી તો વાર છે. આ પદ પૂરું થયું. આ આલંબન... વ્યાખ્યાન પૂરું થયું એમ નથી.

જુઓ, '**મિથ્યાત્વ,...**' પરિણામ નિશ્ચય નિષ્ક્રિય ભગવાનમાં નથી. પર્યાયમાં મિથ્યાત્વ છે, આહાહા..! વસ્તુમાં નથી. વસ્તુ તો પરમસ્વરૂપ અખંડાનંદ પ્રભુ સમ્યક્સ્વભાવ સત્થી પરિપૂર્ણ ભરેલું છે, એમાં મિથ્યાત્વ નથી. સમજાણું કાંઈ? તો એમાં મિથ્યાત્વ નથી તો એનું

લક્ષ કરવાથી મિથ્યાત્વનો નાશ થાય છે. જેમાં મિથ્યાત્વ નથી એવા ભગવાન પરમાત્માનું લક્ષ કરવાથી, એમાં મિથ્યાત્વ નથી (માટે તેનું) લક્ષ કરવાથી મિથ્યાત્વનો નાશ થાય છે. સમજાણું કાંઈ? બીજી કોઈ રીત ઉપાય છે નહિ. આહાહા..! મિથ્યાત્વ નથી. 'વેદ,...' નથી વેદ. સ્ત્રી, પુરુષ, નપુંસકની વાસના એ ભગવાન આત્મામાં નથી, પર્યાયમાં છે. નિશ્ચય અભ્યંતર પરિગ્રહની વાત છે આ. એ અભ્યંતર પરિગ્રહ વસ્તુમાં નથી. આહાહા..! વસ્તુમાં નથી તો અપરિગ્રહ થઈ શકે છે. જો પરિગ્રહ જ આત્મા હોય તો અપરિગ્રહ થઈ શકે નહિ. આહાહા..! રાગનો પણ પરિગ્રહ આત્મામાં નથી.

'વેદ,...' વાસના સ્ત્રી, પુરુષ, નપુંસક. ભાવવેદ હોં. આહાહા..! એ વૃત્તિ જે ઉઠે છે સ્ત્રીની પુરુષને અને પુરુષની સ્ત્રીને, એ વાસના ભગવાન વસ્તુમાં નથી. આહાહા..! અવેદી ભગવાન છે. પર્યાયમાં અવેદી તો આગળ જતાં થાય છે, પણ અવેદી છે તો અવેદી થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! આ તો કેવળજ્ઞાનીનો માર્ગ. આહાહા..! હમણા આમાં લખ્યું છેને ભાઈએ હરિભાઈએ. વીંછીયામાં બોલાતુ હતું ઈ. ભાષા લખી છે. સંસારને પાર. આમાં આવ્યું હતું. નહોતા બોલ્યા? 'મને હવે ગમે નહિ સંસાર, મારે જાવું પેલે પાર.' છેલ્લે આવ્યું છે. વહાણ બનાવ્યું છે. વહાણ, એમાં માણસ બેઠો છે. એ આ વીંછીયામાં બોલાણું હતું. પહેલાં જ્યારે હતાને .. ૯૯. ૩૨ વર્ષ થયા. 'મને હવે ગમે નહિ સંસાર, મારે જાવું પેલે પાર.' આહાહા..! સંસાર પર્યાયથી રહિત ભગવાન આત્મા ત્યાં હું જઈશ તો સંસારરહિત થઈ જઈશ. જેમાં સંસાર નથી એનો આશ્રય કરવાથી સંસારનો અભાવ થઈ જાય છે. આહાહા..! ઉદયભાવ આદિ તો સંસાર છે. રાગાદિની ક્રિયા વ્યવહારની એ તો સંસાર છે. તો સંસારમાં પેલે પાર જાવું હોય તો સંસારનો આશ્રય લઈને જાય છે? આહાહા..! સંસારરહિત ભગવાન આત્મા... એ કાંઈક ભાષા પડી હતી થોડી-થોડી. ... બીજે આપી છેને ક્યાંક નહિ? મૂળી, મૂળી. એ કુંવારી હતી. એવી ભાષા હતી હોં. પેલે પાર. એમ બોલી હતી. મારે તો સંસારને પેલે પાર જાવું છે. સંસાર એવો ઉદયભાવ એ સંસાર. સંસાર કોઈ આત્માની પર્યાયથી ભિન્ન રહે છે એમ નથી. શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, દુકાન એ સંસાર નથી. એ તો સંસારના નિમિત્ત છે. સંસાર તો અંદર ઉદયભાવ એ સંસાર છે. સમજાણું કાંઈ? શરીર, કુટુંબ આ બાયડી, છોકરા છોડે તો સંસાર છોડ્યો એ ખોટી વાત છે. દીક્ષા લીધી એટલે આ સંસાર છોડ્યો એ વાત ખોટી છે. સંસાર છોડ્યો એને કહીએ કે જેણે ઉદયભાવ આત્મામાં નથી એવો આત્માનો અનુભવ કરીને ઉદયભાવને છોડ્યો એણે સંસાર છોડ્યો. બાયડી, છોકરા, કુટુંબ તો અનંતવાર છોડ્યા છે. અને એ સંસાર હોય શરીર, સ્ત્રી, કુટુંબ, ધંધો તો મરતા બધું છૂટી જાય છે, તો સંસાર છૂટી જાય તો એનો મોક્ષ થઈ જાય. આહાહા..! સંસાર તો ઉદયભાવ છે. આ છેલ્લે પાને લખ્યું છે. વાંચ્યું હતું આજે.

જ્યાં વેદની વાસના નથી... આહાહા..! એવો ભગવાન નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ. એનો

આશ્રય કરવાથી વેદની વાસનાનો નાશ થાય છે. બીજો કોઈ ઉપાય નથી. ઈન્દ્રિયદમન કરે ને ઓછું ખાય... સમજાણું કાંઈ? એ તો રાગ છે. સુરદાસમાં આવે છેને? અન્યમતમાં સુરદાસમાં. આંખો ફોડી નાખી. સ્રીને જોઈને એવું થયું. વેશ્યાનો રસ લાગ્યો. વેશ્યાના ઘરે રસ્તો નહોતો તો સર્પ લટકતો હતો. તો એને પકડીને અંદર ગયો. ભૂલી ગયો કે આ સર્પ છે કે નહિ. વેશ્યાનો રંગ બહુ હતો. પછી સમજાણું કે ઓહો..! આ આંખથી બધું નુકસાન થયું. આંખ ફોડી નાખો. એ સુરદાસ થયાને અન્યમતમાં.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ખબર છેને. શ્રીકૃષ્ણએ બનાવ્યા એને. શ્રીકૃષ્ણ હતા તો એનો હાથ જાલીને સુરદાસ ચાલતા હતા. કૃષ્ણએ હાથ છોડી દીધો. તો સુરદાસ કહે કે પ્રભુ! તમે હાથ છોડાવીને ગયા, મારા હૃદયમાંથી તમે નહિ જઈ શકો. આવે છેને? આવે છે ખબર છે, બધું જોયું છે.

અહીં કહે છે કે ઈન્દ્રિય છોડે તો ઈન્દ્રિયનું દમન થાય, એ ખોટું છે. સમજાણું કાંઈ? આમ જોવે અને જરી થપ્પડ લગાવે. આંખ શું દેખાડે? આંખથી રૂપ દેખે તો... ભ્રમણા છે એ બધી. સમજાણું કાંઈ? એ દોષ છે એ પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. તો દ્રવ્યનો આશ્રય કરવાથી દોષ નાશ પામે છે, બીજો કોઈ એનો ઉપાય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

વેદ નહિ, 'રાગ,...' નહિ. ભગવાન આત્મામાં રાગ નથી. ઓહો..હો..! ભગવાનની ભક્તિનો રાગ આત્મામાં નથી. એ રાગના જેટલા પ્રકાર કહ્યા એ બધા વસ્તુમાં નથી. એવી વસ્તુનો પ્રકાશ કરવાથી, દૃષ્ટિ કરવાથી વિકારનો નાશ થાય છે. એ માટે આ કહેવામાં આવ્યું છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ વદ-૩, રવિવાર, તા. ૨૪-૦૮-૧૯૭૫, ગાથા-૪૩, પ્રવચન નં. ૧૪

આ નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવનો અર્થ ત્રિકાળી જ્ઞાયકભાવ. એક સમયની પર્યાય સિવાયની ચીજ જે છે એને અહીંયાં શુદ્ધભાવ, ધ્રુવભાવ, પરમસ્વભાવ પરમાત્મા કહેવામાં આવે છે. આહાહા..! એ પરમાત્મામાં એની નજર અનંતકાળમાં ગઈ નથી. પરમાત્મસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ. અન્યમતમાં એવું આવે છે કે મારી 'નયનના આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' હરિ એટલે આત્મા. પંચાધ્યાયીમાં લીધું છે. પંચાધ્યાયીમાં હરિ (આવે છે). અજ્ઞાન અને રાગ-દ્વેષને હરનાર એવો ભગવાન આત્મા હરિ છે. સમજાણું કાંઈ? હરનારો.

પંચાધ્યાયીમાં શ્લોક છે. આત્માને હરિ કહે છે. કેમ? કે અજ્ઞાન અને રાગ-દ્વેષને હરનાર-નાશ કરનાર એટલે અજ્ઞાન અને રાગ-દ્વેષ એમાં નથી તો એનો આશ્રય કરનારને રાગ, દ્વેષ અને મોહ નાશ પામે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં એ કહે છે. શ્રીમદ્‌માં એક વાક્ય છે, 'હરતાં ફરતાં પ્રગટ પ્રભુ દેખુ રે, મારું જીવવું રે સફળ તવ લેખું રે.' 'હરતા ફરતા પ્રગટ હરિ દેખું.' ત્રિકાળ જ્ઞાયકભાવને હું દેખું એ મારો પરમાત્મા છે. આહાહા..! 'હરતા ફરતા પ્રગટ હરિ દેખું રે, મારું જીવન સફળ તવ દેખું રે, મુક્તાનંદનો નાથ વિહારી રે, એ ઓધા જીવન દોરી અમારી રે..' આત્માની જીવનદોરી અમારી અમારી પાસે છે. સમજાણું કાંઈ? આહાહા..! ઈ કહે છે જુઓ.

'**નિશ્ચયથી...**' ... પછી. ભગવાન આત્મા નિશ્ચય નામ સત્યાર્થથી, યથાર્થપણે, ખરેખર '**સમસ્ત પાપમળકલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ,...**' એક તો એ વાત છે કે સમસ્ત સંસારનો ઉદયભાવ એ પાપ છે, ચાહે તો પુણ્યનો ઉદય એ પણ પાપ છે. આહાહા..! એ '**સમસ્ત પાપમળકલંકરૂપી કાદવને...**' અહીં તો એ પુણ્યને જ પાપ કહેવામાં આવ્યું છે. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એનાથી વિરુદ્ધ, આનંદથી વિરુદ્ધ વિકલ્પ આદિ એમાં છે નહિ. એક વાત. બીજી, '**પાપમળકલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ,...**' એટલે કે એનો આશ્રય લેવાથી પુણ્ય અને પાપનો ભાવ નાશ થઈ જાય છે. આ વાત છે. ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ સહજાત્મ પરમાત્મસ્વરૂપ આત્મા છે. જેવા સિદ્ધ ભગવાન છે એવો જ આ આત્મા છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં એને લેવાથી એ ચીજ એવી છે કે જેમાં પાપ અને પુણ્યનો અભાવ છે અને બીજી રીતે એ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એના આશ્રયે પુણ્ય-પાપનો નાશ થઈ જાય છે. એમાં છે નહિ અને એનો આશ્રય કરવાથી નાશ પામે છે. બે વાત છે. આહાહા..! આ ધર્મની ક્રિયા અને આ ધાર્મિક આચરણ. આહાહા..! આકરું જગતને. ધન્નાલાલજી!

શું છે જુઓ, '**કદાવને ધોઈ નાખવામાં સમર્થ,...**' કેવો છે ભગવાન આત્મા? '**સહજ-પરમવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન...**' છે એ તો. આહાહા..! પરમવીતરાગ સુખસમુદ્ર એ પણ સહજ. સહજાત્મસ્વરૂપ, સહજસ્વરૂપ પરમસ્વભાવભાવ જેમાં પરિણમનની પર્યાય પણ નથી. આહાહા..! એવો ભગવાન સહજ-સ્વભાવિક '**પરમવીતરાગ-સુખસમુદ્ર...**' પરમવીતરાગ સુખનો સમુદ્ર ભગવાન આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમ સહજ, પરમવીતરાગ સુખસમુદ્રમાં. ટીકાકારને શબ્દ ઓછા પડે છે. એની વ્યાખ્યા કરતાં શબ્દ ઓછા પડે છે એવી અંદરમાં ગંભીરતા છે. ભગવાન આત્મા સ્વભાવિક પરમવીતરાગ સુખસમુદ્ર એમાં મગ્ન છે. પર્યાયની અહીં વાત નથી. સુખસમુદ્ર સ્વરૂપ જ છે. આહાહા..!

**શ્રોતા :-** (મગ્ન કહેતા પર્યાયની વાત નથી?)

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ ત્રિકાલ એમાં છે એટલું. મગ્ન પર્યાયની વાત નથી. 'સહજ

**પરમવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન** (ડૂબેલી, લીન)...' અંદર સ્વરૂપની વાત છે, પર્યાયની વાત નથી. અંદર સ્વભાવમાં ડૂબેલો પડ્યો છે આનંદમાં, એમ કહે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સમુદ્ર ભગવાન આત્મા એમાં એ લીન છે. બહારમાં આવતો નથી, એમ કહે છે. પર્યાયમાં આવતો નથી, વિકલ્પમાં તો ક્યાંથી આવે? આહાહા..! સમજાણું કાંઈ? કે આ સમ્યગ્દર્શનનો આ વિષય. આહાહા..! અને એ સમ્યગ્દર્શનની પર્યાય '**પરમ સહજવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન**...' પડી છે વસ્તુ. એને સમ્યગ્દર્શન, સમકિતની પર્યાય દ્રવ્યમાં પ્રસરે છે. દ્રવ્યમાં સમ્યગ્દર્શનની પર્યાય ફેલાય છે. સમજાણું કાંઈ? વાત તો આ મુદ્દાની રકમની વાત છે.

'**પ્રગટ સહજાવસ્થાસ્વરૂપ**...' પ્રગટ સહજ-અવ-નિશ્ચય સ્થ. એમ. અવસ્થા એટલે પર્યાય ન લેવી અહીંયા. સમજાણું કાંઈ? સ્વભાવિક પ્રગટ સહજ અવસ્થ. અવ નામ નિશ્ચય, સ્થ એવું સ્વરૂપ. આહાહા..! ભાષા એમ છે. ઘણે ઠેકાણે એવું આવે છે. જયસેનાચાર્યની ટીકામાં સહજ અવસ્થાસ્વરૂપ. અવ નામ નિશ્ચય સ્થ. એમ લેવું. અવસ્થા નામ પર્યાય ન લેવી. પંડિતજી! આહાહા..! અવસ્થ, અવસ્થા. નિશ્ચયમાં સ્થિત છે ત્યાં. આહાહા..! ધ્રુવ ભગવાન પરમપરમાત્મા એ આવ્યું હતુંને પહેલાં? એમાં આવ્યું હતું નહિ?

**શ્રોતા** :- નિશ્ચયથી પરમાત્માને..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા ઈ. પરમાત્મા લીધું હતુંને. ચોથી લીટી.

'**નિશ્ચયથી પરમાત્માને પરદ્રવ્યનું આલંબન નહિ હોવાથી**...' પરમાત્મા ભગવાન ત્રિલોકનાથ... આહાહા..! એને પરદ્રવ્યનું આલંબન નથી. ત્રણલોકનો નાથ અને વાણીનું પણ જેમાં આલંબન નથી. આહાહા..! એવી એ ચીજ સ્વતઃ સહજ ત્રિકાળી પડી છે અંદર, પ્રગટરૂપ વસ્તુ પડી છે. આહાહા..! નજરને આળસે. એ નજર ત્યાં ગઈ નહિ. 'નજરને આળસે રે નિરખ્યા ન નયણે હરિ.' પોતાના હરિ ભગવાનને નયનને આળસે જોયા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પરમાત્માએ દર્શન દીધા એમ કહે છેને? એ આ પરમાત્મા. સમજાણું કાંઈ? ઓહો..! જેની પાસે કેવળજ્ઞાનની પર્યાય પણ સદ્‌ભૂતવ્યવહારનયનો વિષય છે. આ નિશ્ચય વિષય છે. આહાહા..! કેવળજ્ઞાન સિદ્ધપદની પર્યાય, એ દ્રવ્યમાં ભેદ પડે કે બંધ અવસ્થા અને મોક્ષ અવસ્થા એ બેય વ્યવહાર છે. આહાહા..! બેય અવસ્થાથી ભિન્ન ભગવાન જે બંધનું કારણ પણ નથી અને બંધના કારણને ઉત્પન્ન કરનાર પણ નથી, મોક્ષનું પણ કારણ નથી અને મોક્ષના માર્ગનું પણ એ કારણ નથી. સમજાણું કાંઈ? આ તો મૂળ તત્ત્વની વાત છે, ભાઈ!

કહે છે '**સહજ**...' પ્રગટ સહજ. પ્રગટ જુઓ, ભાષા લીધી છે. પર્યાયની અપેક્ષાએ પર્યાય વ્યક્ત છે, વસ્તુ અવ્યક્ત છે. ૪૯માં કહ્યું. ૪૯ (ગાથામાં) અવ્યક્તના છ બોલ લીધા છેને ત્યાં એમ લીધું છે કે છ દ્રવ્યસ્વરૂપ જ્ઞેય વ્યક્ત (છે) એનાથી ભગવાન ભિન્ન અવ્યક્ત છે એમ કહ્યું. પહેલો બોલ છે. આહાહા..! આવ્યુંને? છ દ્રવ્યસ્વરૂપ જ્ઞેય એ વ્યક્ત છે. તો

એનાથી ભગવાન આત્મા ભિન્ન અવ્યક્ત છે. સપ્તમ એ આત્મા છે. ધર્મદાસ ક્ષુલ્લકે તો એમ લઈ લીધું છે એ શબ્દનો અર્થ. ભગવાન આત્મા સાતમો થઈ જાય છે. સાતમું, સાતવાં. એમ લીધું છે. આ શબ્દનો અર્થ લીધો છે. છ દ્રવ્યસ્વરૂપ જ્ઞેય વ્યક્ત છે એનાથી ભગવાન આત્મા ભિન્ન અવ્યક્ત છે. તો ભિન્ન લીધું એ છ દ્રવ્યથી ભિન્ન તો સાતમું (દ્રવ્ય) થઈ ગયું. ક્ષુલ્લક ધર્મદાસ, સમ્યગ્જ્ઞાન દિપીકા છેને એમાં એ લીધું છે. આહાહા..! સમજાણું કાંઈ?

અનંત જીવ, અનંત જ્ઞેયો એ તો એક સમયની પર્યાયમાં જણાય એટલી પર્યાયની તાકાત. તો એ કહે છે કે એ પર્યાય અને છ દ્રવ્ય જે જાણ્યા પર્યાયમાં એ વ્યક્ત છે. એનાથી ભગવાન દ્રવ્યસ્વભાવ તો અવ્યક્ત છે. એ પર્યાયની અપેક્ષાએ વ્યક્ત કહ્યું. અહીં બીજું લીધું જુઓ, અહીં પ્રગટ કહ્યું. વસ્તુ પ્રગટ જ છે. સમજાણું કાંઈ? આહાહા..! છ બોલ લીધાને અવ્યક્તમાં? પહેલો બોલ એવો લીધો છે. બીજો બોલ એવો લીધો છે કે કષાયભાવરૂપી ભાવકનો ભાવ એ વ્યક્ત છે. ભગવાન આત્મા એનાથી ભિન્ન અવ્યક્ત છે. આહાહા..! ચેતનના સામાન્ય સ્વભાવમાં ચૈતન્યની વ્યક્તતા, પ્રગટતા અંતરલીન છે. તેથી ભગવાન આત્માને અવ્યક્ત કહે છે. જે અહીંયાં પ્રગટ કહે છે ઈ એમાં અવ્યક્ત કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્ષણિક વ્યક્તિમાત્ર નથી. એક સમયની પર્યાયમાત્ર નથી તેથી ભગવાનને અવ્યક્ત કહ્યો. ભગવાન આ હોં. આહાહા..! વ્યક્ત અને અવ્યક્ત બેયને જાણવા છતાં વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી.

**શ્રોતા :-** થોડો ખુલાસો કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કરીએ છીએને. કહીએ છીએ. આ પાંચમો બોલ છે. વ્યક્ત પર્યાય, અવ્યક્ત ત્રિકાળી વસ્તુ. બેય એક સાથે જણાવા છતાં દ્રવ્યસ્વભાવ વ્યક્તને સ્પર્શતો નથી, દ્રવ્યસ્વભાવ પર્યાયને અડતો નથી. એ પાંચમો બોલ છે. એ તો ઘણીવાર લીધું છે. ટીકામાં આવી ગયું છે.

**શ્રોતા :-** પર્યાયમાં મિશ્રિતરૂપે પ્રતિભાસવા છતાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છતાં જ્ઞાનમાં. જ્ઞાનમાં બે મિશ્રિત ભાસે કે આ અવ્યક્ત અને વ્યક્ત સાથે જણાય છે, તોપણ જે અવ્યક્ત વસ્તુ છે એ વ્યક્તને સ્પર્શતી નથી. પાંચમો બોલ છે. સમયસારમાં. બધા ઉપર વ્યાખ્યાન થઈ ગયા છે.

**શ્રોતા :-** પર્યાય... પરિણમન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય નહિ, પર્યાયને અડતું નથી. જ્ઞાનમાં વ્યક્ત અને અવ્યક્ત બેય એક સાથે જણાવા છતાં વ્યક્તને ભગવાન આત્મા અડતો નથી, સ્પર્શતો નથી. એ પાંચમો બોલ છે. છઠ્ઠો જરી ઝીણો છે. બાહ્ય-અભ્યંતર અનુભવમાં આવવા છતાં વ્યક્ત જે છે એનાથી પરમ ઉદાસ છે. અર્થાત્ પર્યાયમાં ઉદાસ છે, પર્યાયમાં ... નથી. દ્રવ્યસ્વભાવ... દ્રવ્યસ્વભાવ... દ્રવ્યસ્વભાવ... પર્યાયથી ઉદાસ છે. આહાહા..! પર્યાયથી ઉદાસ છે નામ પર્યાયમાં આવતો નથી. પર્યાયથી ઉદાસ છે. એ છ બોલ છે અવ્યક્તના. ૪૯ ગાથા સમયસાર.

અહીંયાં કહે છે કે એ પ્રગટ છે. એ વસ્તુની અપેક્ષાએ પ્રગટ કહ્યું. પેલું તો પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત કહ્યું હતું. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન પર્યાયમાં આવતો નથી એ અપેક્ષાએ અવ્યક્ત કહ્યું, પણ વસ્તુ જે છે એ તો પ્રગટ સહજ અવસ્થાસ્વરૂપ. સહજ-અવસ્થ, સહજ-નિશ્ચયરૂપ અવસ્થ, નિશ્ચય સ્થરૂપ એવો સ્વરૂપવાળો હોવાથી. આહાહા..! સ્વસ્વરૂપ '**સહજજ્ઞાનશરીર,...**' જુઓ, જેનું જ્ઞાન જ શરીર છે. સહજસ્વભાવિક ત્રિકાળ. ત્રિકાલ જ્ઞાન જેનું શરીર છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સહજજ્ઞાનશરીર તેના વડે પવિત્ર હોવાને લીધે...**' આહાહા..! '**પવિત્ર હોવાને લીધે આત્મા નિર્દોષ છે.**' આહાહા..! ત્રિકાળ સ્વરૂપ નિર્દોષ છે એમ કહે છે. અહીંયા પર્યાયની વાત નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ તરીકે, ધ્રુવ તરીકે, સત્‌ના સત્ત્વ તરીકે, અર્થના ભાવ તરીકે જે ત્રિકાળસ્વરૂપ છે એ પ્રગટ અવસ્થારૂપ છે. અવસ્થરૂપ છે. પ્રગટ પોતામાં રહેલો છે. આહાહા..! એવા '**સહજજ્ઞાનશરીર તેના વડે...**' સહજજ્ઞાનશરીર. એ જ્ઞાનશરીર. શરીરશરીર, રાગશરીર કે પર્યાય પણ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એકલું જ્ઞાનસ્વરૂપ જ આખું. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! ત્યાં દૃષ્ટિ દેવી એમ કહે છે. બાકી બધી વાતું છે. આ ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ એની વાણીમાં (જે આવ્યું તે) દિગંબર સંતોએ પોતાની વાણીમાં એ વાત કહી. આહાહા..! ભગવાને જે કહ્યું હતું અને કહેવામાં આવ્યું હતું, એ આ સંતોએ પોતાની વાણીમાં કહી દીધું છે. આહાહા..! સમજાણું કાંઈ? જેના માહાત્મ્યની શું વાત કરીએ! જેની પાસે કેવળજ્ઞાનની પણ કિંમત નથી. કેમકે એ પર્યાય છે અને ભેદ છે તો સદ્‌ભૂતવ્યવહારનયનો વિષય છે. આહાહા..! ૧૧મી ગાથામાં કહ્યુંને, કે '**ववहारोऽभूदत्थो**'. વ્યવહારના ચાર ભેદ. સદ્‌ભૂત ઉપચારિક વ્યવહાર, સદ્‌ભૂત અનુપચારિક વ્યવહાર, અસદ્‌ભૂત ઉપચારિક વ્યવહાર, અસદ્‌ભૂત અનુપચારિક વ્યવહાર. ચારેયને અસત્યાર્થ કહેવામાં આવ્યા છે. ૧૧મી ગાથા. ચંદુભાઈ! આહાહા..! એટલે ત્યાં ટીકામાં તો એમ લીધું, સમસ્ત વ્યવહાર. સમસ્ત વ્યવહાર કહેતા ચાર ભેદ. અધ્યાત્મના હોં. આગમની વાત ત્યાં નથી.

**શ્રોતા :-** સર્વ હેય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સર્વ હેય. અસત્યાર્થ છે. આહાહા..! સદ્‌ભૂત ઉપચાર—જ્ઞાન રાગને જાણે એ સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય છે. એ પણ ત્યાં આગળ આશ્રય કરવાલાયક નથી. સદ્‌ભૂત અનુપચાર જ્ઞાન તે આત્મા એવો સદ્‌ભૂત અનુપચાર વ્યવહાર એ પણ અસત્યાર્થ છે. અને રાગ જણાય છે, આ રાગ છે એમ ખ્યાલમાં આવે છે એ અસદ્‌ભૂત ઉપચાર વ્યવહાર છે અને એ જ સમયે ખ્યાલમાં નહિ આવતો એવો રાગ, ઉપયોગ સ્થૂળ છે એ કારણે, ખ્યાલમાં નથી આવતો એવો રાગ અબુદ્ધિપૂર્વક છે એને અસદ્‌ભૂત અનુપચાર વ્યવહાર કહેવામાં આવે છે. તો ચારેય વ્યવહાર અસત્યાર્થ છે એમ કહ્યું. ધન્નાલાલજી! ફરીને. ઈ

છે એમાં. આ સમયસાર છેને? વ્યવહારનય...

'**ટીકા :- વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે;...**' એ સંસ્કૃત છે હોં. '**व्यवहारनयो हि सर्व एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति, शुद्धनय एक एव भूतार्थत्वात् भूतमर्थं प्रद्योतयति।**' આહાહા..! બે ટૂકડામાં નિશ્ચય અને વ્યવહાર (સમાડી દીધા). શું કહ્યું? '**વ્યવહારનય બધોય...**' બધાનો અર્થ ચાર. પહેલા અસદ્ભૂત ઉપચાર વ્યવહારનય. રાગ છે અને જણાય છે એને અસદ્ભૂત ઉપચાર વ્યવહારનય કહેવામાં આવે છે. એ અસત્યાર્થ છે, વસ્તુમાં નથી. અને રાગને જાણે છે, જ્ઞાન જાણે છે, પ્રમાણ, પ્રમાણજ્ઞાન રાગને જાણે છે, સ્વને જાણે અને પરને જાણે એવું જે પ્રમાણ તો એ પ્રમાણ સદ્ભૂત વ્યવહારનયનો ઉપચાર વ્યવહારનય થયો. સદ્ભૂત વ્યવહારનયનો ઉપચાર વ્યવહાર આવ્યો. ઓલો અસદ્ભૂત કહ્યો રાગને. અસદ્ભૂત ઉપચાર વ્યવહાર આવ્યો.. આહાહા..!

ફરીને. જે રાગ ખ્યાલમાં આવે છે એ અસદ્ભૂત ઉપચાર વ્યવહાર, ખ્યાલમાં આવતો નથી એ અસદ્ભૂત અનુપચાર વ્યવહાર. બે. ત્રીજું સદ્ભૂત વ્યવહાર. આત્મા રાગને જાણે એ ઉપચાર સદ્ભૂત વ્યવહારનય છે. પ્રમાણ-પ્રમાણ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. પ્રમાણ છે એ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયને જાણે અને વ્યવહારને જાણે એ બેને જાણે એ પ્રમાણ. એ પ્રમાણ પોતે જ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. સદ્ભૂત ઉપચાર વ્યવહારનયનો વિષય છે. આહાહા..! ડાલચંદજી! આવી વાત છે. હવે ચોથો એક બોલ રહ્યો. 'જ્ઞાન તે આત્મા' એ સદ્ભૂત અનુપચાર વ્યવહારનય છે. એ ચારેય બધો નય અભૂતાર્થ છે. અભેદમાં એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારનય... શું કહ્યું?

**શ્રોતા :-** આગમનો વ્યવહાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ, આગમના નહિ. આગમ તો પરને વ્યવહારનય કહે છે. અહીંયા પરની સાથે સંબધ નથી. અહીં તો એમાં જે રાગ છે એના બે પ્રકાર. અસદ્ભૂત ઉપચાર, અસદ્ભૂત અનુપચાર. જણાય છે એ અસદ્ભૂત ઉપચાર, ન જણાય એ અસદ્ભૂત અનુપચાર. એમાં છે એવી વાત. પરની સાથે સંબંધ નથી. અને રાગને જ્ઞાન જાણે એટલો પણ અસદ્ભૂત વ્યવહાર ઉપચાર. કારણ કે જ્ઞાન તો પોતાનું છે તો સદ્ભૂત છે. પણ એને જાણે છે એમ કહેવું એ ઉપચાર છે. આહાહા..! અને જ્ઞાન તે આત્મા. એ સાતમી ગાથામાં કહ્યું છે. સાતમીમાં કહ્યુંને? એ સદ્ભૂત અનુપચાર છે. ભેદ છેને એટલો, સદ્ભૂત અનુપચાર છે. ચારેય નય અભૂતાર્થ છે. અહીં તો એમ કહ્યું. ત્રિકાળમાં એ અપેક્ષામાં નથી અને અભેદ દૃષ્ટિમાં એ ભેદ દેખાતો નથી તો અભેદની અપેક્ષાએ ભેદને અસત્યાર્થ કહેવામાં આવ્યો છે. આ અપેક્ષાએ હોં. આહાહા..!

**શ્રોતા :-** ગૌણ કરીને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગૌણ કરીને, અભાવ કરીને નહિ. શૈલી જ એવી છે. સ્યાદ્વાદ

શૈલી ભગવાનની.

પર્યાયને અભૂતાર્થ કહી, અસત્યાર્થ કહી. કેમ? કે ત્રિકાળની અપેક્ષાએ પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી. જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અસત્ છે. (સ્વદ્રવ્ય) સત્ છે તો પરદ્રવ્ય અસત્ છે. એમ ત્રિકાળની અપેક્ષાએ... એ તો સર્વથા અસત્ છે એ બરાબર છે. સ્વદ્રવ્યની અપેક્ષાએ સત્ છે અને પર અસત્ છે એ તો બરાબર છે. અહીંયાં જે ત્રિકાળને સત્ કહીને પર્યાયને અસત્ કહી એ ગૌણ કરીને કહી છે. બેમાં ફેર છે. ધન્નાલાલજી! આહાહા..! આવી ભાષા છે, ભાઈ!

ઓહો..હો..! કુંદકુંદાચાર્યે તો ગજબ કામ કર્યા છે! પંચમ આરામાં તીર્થંકર જેવું કામ કર્યું છે. એ દેવસેનાચાર્ય કહે છેને. શ્લોક છે ત્યાં. આપણે આમાં નાખ્યો છેને. આમાં છે? આમાં છે? હિન્દીમાં નહિ હોય. છે? દેવસેન આચાર્ય મુનિ સંત ભાવલિંગી એમ કહે છે, મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન તીર્થંકરદેવ શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્યજ્ઞાન વડે શ્રી પદ્મનંદીનાથ કુંદકુંદાચાર્યે બોધ ન દીધો હોત... આહાહા..! તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત? સમજાણું કાંઈ? તો શું બીજા આચાર્યનું બલિદાન થઈ ગયું? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આપ ન મળ્યા હોત તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નહિ, વાત તો એમ કહેવી છે કે એ કુંદકુંદાચાર્ય ભગવાન પાસે જઈને આવી ચીજ જો અમને ન મળી હોત તો અમે સાચા માર્ગને કેમ પામત? એ પછી મુનિ નથી થયા? એ પહેલા પણ મુનિ નથી થયા? ગણધર પછી કુંદકુંદાચાર્ય તો ૬૦૦ વર્ષ પછી થયા છે. તો એમને એમણે ન દીધું હોત તો અમે સાચો માર્ગ કેમ પામત? તો વચ્ચે આચાર્ય છે એમનું જૂઠું થઈ ગયું? એમ નથી. એમાં બહુ આચાર્યો થયા છે. કુંદકુંદાચાર્ય પહેલા ઘણા આચાર્યો થયા છેને. ૬૦૦ વર્ષે થયા છેને એ તો. ૬૦૦ વર્ષમાં તો ઘણા આચાર્યો થયા છે. આહાહા..! પણ અહીં તો જેનું સ્પષ્ટ કથન, સ્પષ્ટ કથન, ભગવાન પાસે ગયા હતા અને ત્યાં સાંભળ્યું અને અહીં અમને ન દેત તો સાચો માર્ગ કેમ પામત? આહાહા..! સમજાણું કાંઈ? આ કૈલાસચંદજીને હિસાબે તો બીજા આચાર્યનું બલિદાન (થઈ ગયું). લોકોને ખબર નથી. લોકો બિચારા...

**શ્રોતા :-** ક્યાં આવ્યું બલિદાન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બલિદાન એમ કે આ એક જ સાચા અને બીજા વ્યવહારનયના કથન છે, ચરણાનુયોગમાં એમ કે વ્યવહારનયનું કથન છે એ જૂઠું થઈ જાય છે આને લઈને.

અહીં તો કહે છે કે સદ્ભૂતવ્યવહાર પણ જૂઠો છે, સાંભળતો ખરો. કરણાનુયોગ, ચરણાનુયોગની જે ક્રિયા છે એ તો અસદ્ભૂતવ્યવહારનયમાં જાય છે. ચરણાનુયોગની જે ક્રિયા વ્રતાદિ એ તો અસદ્ભૂતવ્યવહારનયમાં જાય છે. પણ અહીં તો જ્ઞાન તે આત્મા અને જ્ઞાન રાગને જાણે એવો સદ્ભૂતવ્યવહાર ઉપચાર અને સદ્ભૂત અણુપચાર અસત્યાર્થ છે.

કઈ અપેક્ષાએ? ગૌણ કરીને એનું પ્રયોજન વ્યવહારનયના આશ્રયે પોતાનું પ્રયોજન સિદ્ધ થતું નથી અને પ્રયોજન સમ્યગ્દર્શન-જ્ઞાનનું પ્રયોજન ત્રિકાળ અભેદની અપેક્ષાએ પ્રયોજન સિદ્ધ થાય છે. એ (અપેક્ષાએ) કહે છે કે એ જ સત્ય, આ અસત્ય. ગૌણ કહીને અસત્ય કહ્યું છે. આહાહા..! ધન્નાલાલજી! આવો માર્ગ, ભાઈ!

**શ્રોતા :-** અનુપચરિત અસદ્ભૂત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ... નહિ. એ ખ્યાલમાં આવે છે એ ઉપચાર અસદ્ભૂત, પણ એ જ સમયે ખ્યાલમાં નથી આવતો એ અનુપચાર રાગ. અસદ્ભૂત અનુપચાર વ્યવહાર. સદ્ભૂત નથી. એ બીજી વાત. આ તો ખ્યાલમાં આવે છે એટલી વાત છે. વ્યક્ત ખ્યાલમાં (આવે છે). એ જાણે એ બીજી વાત અહીંયાં છે. અહીં તો રાગ જણાય છે એને અસદ્ભૂત વ્યવહારનય ઉપચાર કહ્યો અને એ રાગ અંદર જણાતો નથી અબુદ્ધિપૂર્વકનો છે એને અસદ્ભૂત અનુપચાર વ્યવહારનય કહેવામાં આવ્યો છે. બેયને અહીંયા અસત્યાર્થ કહી દીધા. એ તો અસદ્ભૂત છે જ. હવે અહીં તો જ્ઞાન રાગને જાણે, પોતાને જાણે અને રાગને જાણે એમ કહેવું એ અસદ્ભૂત ઉપચારનય વ્યવહારનય છે, એ અભૂતાર્થ છે. કેમકે એના ઉપર લક્ષ કરવાથી વિકલ્પ ઉઠે છે. આહાહા..! અને ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ગુણસ્વરૂપ છે એવો ભેદ કરવો એ પણ અનુપચાર સદ્ભૂતવ્યવહારનય કહેવામાં આવે છે. તેને પણ અહીંયાં અસત્યાર્થ કહીને, ગૌણ કહીને અસત્યાર્થ કહીને ત્રિકાળી વસ્તુને સત્યાર્થ કહેવામાં આવી છે કે જેને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન અને આનંદ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! શું થાય? જગત લૂંટાઈ ગયું છે તત્ત્વની વસ્તુની ખબર વિના. આહાહા..!

અહીં એ કહ્યું, અમે મુનિજનો... આહાહા..! સાચા માર્ગને કેમ જાણત? મુનિજનો એમ કહે છે. દેવસેનાચાર્ય. આહાહા..! કેમકે કુંદકુંદાચાર્ય ત્રીજે નંબરે આવ્યા. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. વચ્ચે આચાર્યો હતા એ ન આવ્યા અને આ આવ્યા. મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં. વીતરાગ સ્વભાવી જૈનધર્મ એ જગતમાં મંગળિક છે. સમજાણું કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! એને સમજમાં ન આવે એથી કાંઈ બીજો માર્ગ થઈ જાય? માર્ગ તો જે છે ઈ છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે આપણે, **'પ્રગટ સહજાવસ્થાસ્વરૂપ જે સહજજ્ઞાનશરીર તેના વડે...'** ભગવાન સ્વભાવિક જ્ઞાન ધ્રુવ હોં. આહાહા..! જ્ઞાનશરીર લીધું. નહિતર અનંતગુણ એના છે. પણ જ્ઞાનની પ્રધાનતા કરીને સહજજ્ઞાનશરીર આખો આત્મા. નહિતર આત્મા તો અનંતગુણ સહજસ્વભાવી છે, પણ જ્ઞાનની પ્રધાનતા અસાધારણ શક્તિ એની છે, જે સ્વ અને પરને જાણે છતાં વિકલ્પ નથી એવી એની તાકાત છે. એવું સહજજ્ઞાનસ્વરૂપ ત્રિકાળ હોં. ત્રિકાળી **'સહજજ્ઞાનશરીર તેના વડે પવિત્ર...'** ભગવાન આત્મા. આહાહા..! ધોઈ નાખ્યો એમ કીધુંને, કીચડને. કારણઆત્મા નિર્દોષ છે. આહાહા..! કહો, ધન્નાલાલજી! આ એક લીટીમાં

અડધો કલાક થયો. એક જણો કહે વાંચી ગયો સમયસાર, પંદર દિ'માં વાંચી ગયો. બહુ સારુ, બાપા! વાંચી નાખ્યું. ભાઈ! એનો એક-એક શબ્દ, એક-એક અક્ષર, એનું એક-એક પદ બહુ ગંભીર છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એ સમયસાર તો જગત્ચક્ષુ છે. એમ આવે છેને છેલ્લે? અદ્વિતીય જગત્ચક્ષુ. ઓહોહો..! આહાહા..!

ક્રમબદ્ધનું પંડિતજીએ કહ્યું હતું, ૨૦૧૩ની સાલમાં. જબલપુર છેને ત્યાં? એમ કે આ ક્રમબદ્ધ જો ન આવ્યું હોત તો જૈનના એક અંગની ખામી રહી જાત. ૧૩ની સાલ. ૧૮ વર્ષ થયા. એ વખતે પહેલા ગયા હતાને. .... આહાહા..! કહે છે, એક બોલ નિર્દોષ આત્મા કેવો છે? એની વ્યાખ્યા થઈ. આહાહા..! ત્રિકાળીને નિર્દોષ કહ્યું તો પર્યાય સદોષ થઈ? પર્યાયનું લક્ષ કરવાથી રાગ થાય છે એ અપેક્ષાએ નિર્દોષ આ છે અને એ પર્યાય નિર્દોષ નથી એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? આહાહા..! નિર્દોષની વાત થઈ.

બીજું. નિર્મમ, નિરાલંબ, નિર્દોષ. હવે નિર્મૂઢ. નિર્મૂઢની વ્યાખ્યા (કરે છે). નિર્મૂઢની બે વ્યાખ્યા છે. '**સહજનિશ્ચયનયથી...**' સહજ નિશ્ચયનયથી ત્રિકાળી '**સહજજ્ઞાન,...**' ત્રિકાળી '**સહજદર્શન,...**' ત્રિકાળી '**સહજચારિત્ર,...**' ત્રિકાળી હોં. પર્યાયની વાત નથી. આહાહા..! '**સહજ પરમવીતરાગસુખ...**' સ્વભાવિક પરમવીતરાગ સુખસ્વરૂપ ભગવાન '**વગેરે અનેક પરમધર્મોના આધારભૂત...**' આહાહા..! દ્રવ્ય છે એ અનંત પરમ ધર્મનો આધાર છે. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મ જે અનંત સહજસ્વભાવ છે એ આધેય છે. ભગવાન આત્મા એનો આધાર છે. આહાહા..! જોકે એમાં આધાર-આધેય ભેદ નથી, પણ અહીં સમજાવ્યું એટલું. જે સહજજ્ઞાન ત્રિકાળ, સહજઆનંદ સુખામૃતસ્વરૂપ, એવું સહજદર્શન, સહજ ચારિત્ર વીતરાગ સુખસ્વરૂપ એવો ભાવ ગુણનો, એકરૂપ દ્રવ્ય એને આધાર કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

ભેદજ્ઞાન, સંવર અધિકારમાં પ્રથમ ગાથામાં એમ લીધું છે '**उवओगे उवओगो**', એ બીજી ચીજ છે. '**उवओगे उवओगो**' પોતાની નિર્મળ પરિણતિને આધારે ઉપયોગ આત્મા છે. '**उवओगे**' પહેલો શબ્દ છે, સંવર (અધિકારની) ગાથા. '**उवओगे**' નિર્મળ વીતરાગ પરિણતિમાં એના આધારે. કેમકે એનાથી જણાય છે. નિર્મળ પરિણતિ દ્વારા જણાય છે. આહાહા..! એ કારણે નિર્મળ પરિણતિને આધાર કહીને વસ્તુ ત્રિકાળને ત્યાં આધેય કહી. આહાહા..! કેમ? પર્યાયને આધાર બનાવી. કેમ? પર્યાય દ્વારા જાણવામાં આવ્યું. એ પર્યાય વડે જાણવામાં આવ્યું, દ્રવ્ય વડે દ્રવ્ય જણાતું નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! આવો ધર્મ અને આવી વાત. ઓલું તો દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, પૂજા કરો, ભક્તિ કરો અને શેત્રુંજયની જાત્રા કરો. આ પ્રવિણભાઈએ હમણા ભાઈએ કર્યું નહોતું? ત્રણ મહિના બાબુભાઈએ. ધર્મચક્ર ચલાવ્યું હતુંને. એમાં એક ઠપકો આપ્યો હતો થોડો બાબુભાઈને. નહિ? કીધું રાતે ચલાવવું. જાત્રા દિવસે કરવું અને રાતે ચાલવું એ માર્ગ નથી, બાપુ! હમણા અહીં

ભાઈ જોયુંને દિશાએ જાતા. ઉંદર મોટો મરી જાય રાતે. નીકળે તો દેખાય નહિ. સર્પ મરી ગયો હતો, કાલે જોયું હતું. મોટો સર્પ હતો. કારણ કે રાતે દેખાય નહિ અને એ મૂંઝાઈ જાય ચાલતા-ચાલતા. ખરેખર તો ૮ થી ૪ વાગ્યા સુધી ખોરાક માટે નીકળે રાત્રે. કોણ? ઉંદર, સર્પ, શેળો. શેળો સમજો છો? શેળો હોય છે કાંટાવાળો. એ બધાને પકડે. શેળો-શેળો. તમારે કાંઈક કહેતા હશે. ... હા એ. એ બહુ મરી જાય. કચરાઈ જાય. અમે તો ઘણું જોયું છેને. અમારે તો કાયમ બહાર જાવાનું હોય. ઓહો..હો..! કાલે કે પરમદિ' મોટો સર્પ જોયો. આમ હશે ભલે પડકું પણ મોટું હતું.

**શ્રોતા** :- ખટારાવાળા રાત્રે જ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખટારા.. પણ રાતે ધ્યાન કોણ રાખે? એ નીકળે તો ભુક્કા ઉડી જાય બિચારાના. આહાહા..! એ તો એ કાળે એ ચીજ થવાની હતી, પણ ભાવવાળાનો પ્રમાદભાવ... સમજાણું કાંઈ? અરે! રાત્રે પૂજાનો નિષેધ છે તો રાત્રે ચાલવું, જાત્રાએ જાવું દિવસે. ડાલચંદજી! પંચેન્દ્રિયનો વધ થઈ જાય છે. રાતે ૧૦ થી ૪ વાગ્યા સુધી ઘણા જીવ નીકળે છે ખોરાક માટે. પહેલા કલાક, બે કલાક ન નીકળે જીવ. પછી તો બહુ નીકળે. શેળો-શેળો સમજો છો? શું કહે છે તમારે? .. કાંટાવાળા હોય છે. ભુક્કો ઉડી જાય. સર્પ, ઉંદર, વીંછી, નોળ, કોળ એવી જીવાત પંચેન્દ્રિય. બાપુ! આ તો માર્ગ પ્રભુનો છે. અહિંસાનો છે. ડાલચંદજી! પોતાનો પક્ષકાર કરે એ સાચું અને બીજો કરે એ ખોટું એવી વાત અહીં છે? આહાહા..! આ હમણા બે દિ' જોયાને. આપણે બે દિ'થી આમ જઈએ છીએ, પણ એ પહેલા બે દિ'. એક સર્પ મોટો આવડો ઉંદર, ભુક્કા. અને સર્પ આમ કચરાઈ ગયો અને મરી ગયો હતો. એવા ઉંદર, સર્પ, નોળ, કોળ અરે! સસલા. સસલા સમજો છો? ખરગોશ. રાત્રે નીકળે ખોરાક માટે એમાં શું કહેવાય ઈ? બસ અને ખટારા (ઉપર ફરી વળે). ભુક્કા. આહાહા..! આ તો જૈનનો માર્ગ છે, ભાઈ! મોક્ષમાર્ગમાં તો કહ્યું છે કે મંદિર-મંદિર બનતા હોય પણ ત્રસની હિંસાનો ... કરવો. સ્થાવરની હિંસા તો એમાં થાય છે, પણ ત્રસ ન મરે એનું ધ્યાન રાખવું. આહાહા..! સમજાણું કાંઈ? ડાલચંદજી! એવી વાત છે.

અહીં કહે છે, આહાહા..! ભગવાન આત્મા જે પરમાત્મસ્વરૂપ છે, નિશ્ચયથી પરમાત્મા, એ અનંતજ્ઞાન, દર્શન, સહજસ્વભાવ એનો આત્મા આધાર છે. ગુણ આધેય છે, પ્રભુ આધાર છે. અહીં ટકવાની અપેક્ષાએ કહેવું છે. અને એમાં જે ભેદજ્ઞાનમાં આવ્યું કે નિર્મળ પરિણતિને કારણે દ્રવ્ય જણાયું તેથી નિર્મળ પરિણતિ આધાર છે અને આત્મા આધેય છે.

**શ્રોતા** :- ભેદ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભેદ નથી એમ નહિ, પણ આધાર-આધેય કહેવું છે. અહીંયાં આધાર-આધેય દ્રવ્યને લીધું. રહેવાની સત્તાની હોવાની અપેક્ષાએ એ જ્ઞાન, દર્શન જે આનંદ આદિ ગુણ છે એ દ્રવ્યને આધારે રહે છે. આવે છે? 'निर्गुणागुणाः' ગુણ દ્રવ્યને આશ્રયે

રહે છે, ગુણને આશ્રયે ગુણ નથી રહેતા. આવે છે? આહાહા..! આચાર્યોની શૈલી તો ગજબ! દિગંબર મુનિઓની શૈલી... 'निर्गुणागुणाः' ગુણને આશ્રયે ગુણ નથી રહેતા, ગુણ દ્રવ્યને આશ્રયે રહે છે. એ અહીંયા કહ્યું. સમજાણું કાંઈ? અને ત્યાં કહ્યું કે આ દ્રવ્ય છે, ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ એનો બોધ થાય છે તો એની હયાતીનું ભાન થયું. જ્ઞાન થયું તો હયાતીનું ભાન થયું. તો એ જ્ઞાન થયું એ જ આધાર, વસ્તુ આધેય. આહાહા..! અમરચંદભાઈ! આવી વાત છે, ભાઈ! અરે! વીતરાગનો માર્ગ! આહાહા..!

એક રાગનો કણ ઊઠે તો હિંસા. આવ્યુંને? પુરુષાર્થસિદ્ધિ ઉપાય. જે અંશે સમ્યગ્દર્શન એટલે અંશે અબંધ છે. જેટલા અંશે રાગ જ્ઞાનીને થાય છે એટલે અંશે હિંસા છે. આહાહા..! પરજીવની દયાનો ભાવ ઉઠવો એ પણ હિંસા છે. આ વાત છે. વસ્તુ એવી છે. વૃત્તિ ઊઠે ત્યાં સ્વભાવની હિંસા થાય છે. સમજાણું કાંઈ? પરની હિંસા કોણ કરે? પરની દયા કોણ પાળે? એ તો છે જ નહિ, પણ પોતામાં જે રાગ થાય છે એમાં આત્માના સ્વભાવની હિંસા થાય છે. આહાહા..! અને અરાગી પરિણતિ અહિંસક જે પર્યાય ઉત્પન્ન થઈ... સમજાણું કાંઈ? એ ધર્મ અને એ અહિંસા છે. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ પરિણામ એ અહિંસક છે. એ અહિંસક છે. તો ભેદજ્ઞાનમાં કહ્યું કે એ અહિંસક પરિણામ વડે જણાયુંને? નહિતર હતી તો વસ્તુ હતી, પણ એ છે એનું જ્ઞાન પર્યાયમાં ભાન થયું તો પર્યાયને આધારે એ જણાયો તો પર્યાયને આધાર કહીને આત્માને 'उवओगे' શુદ્ધ ઉપયોગમાં, શુદ્ધ ઉપયોગમાં 'उवओगे' શુદ્ધ ઉપયોગ દ્રવ્ય, શુદ્ધ ઉપયોગમાં દ્રવ્ય રહે છે. કેમકે શુદ્ધ ઉપયોગ દ્વારા દ્રવ્ય જણાય છે. આહાહા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે તો ભલે છે, પણ છે એ જાણ્યા વિના છે એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? થોડું ઝીણું આવી ગયું. વસ્તુ તો એવી છે. વસ્તુ એવી છે ત્રિકાળ. કોઈની બની બનાવેલી નથી. વસ્તુની સ્થિતિ એવી છે. જેવી છે એવું દિગંબર સંતો પ્રસિદ્ધ કરે છે. આત્મખ્યાતિ આવ્યુંને? ટીકાનું નામ આત્મખ્યાતિ-આત્માની પ્રસિદ્ધિ. આહાહા..! ટીકાનું નામ એ છેને? સમયસારની ટીકા આત્મખ્યાતિ. આત્માને પ્રસિદ્ધ કરતી ટીકા. એ ટીકા એટલે શબ્દથી અને ભાવથી આ આત્મખ્યાતિ (એટલે) સમ્યગ્દર્શન-જ્ઞાનથી આત્મખ્યાતિ-પ્રસિદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? ટીકા તો શબ્દ છે. એનાથી આત્મખ્યાતિ નથી થતી. આત્મખ્યાતિ બતાવી. આત્મપ્રસિદ્ધિ. આહાહા..! છે એમ જ્યાં પૂર્ણાનંદનો સ્વીકાર કર્યો, આવો છે, અસ્તિત્વ આવું છે, પૂર્ણાનંદ પ્રભુ છે. ત્યારે સ્વીકાર કર્યો ત્યારે છે એમ જણાયું. ત્યારે એ જીવન જે છે ત્રિકાળ, એ ત્રિકાળ ટકનારી ચીજ છે એણે માની ત્યારે ત્રિકાળ ચીજના જીવની હયાતી સ્વીકારી. અને રાગનો સ્વીકાર કરવાથી તો ત્રિકાળના સ્વીકારની હિંસા થાય છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રિકાળ શુદ્ધ છે. આહાહા..! આ શુદ્ધભાવનો અધિકાર ચાલે છેને. ત્રિકાળ શુદ્ધ છે. જાણવામાં આવ્યો એ પછી શુદ્ધ છે. જણાયો નથી તોપણ શુદ્ધ તો છે જ. સમજાણું કાંઈ? એ છઠ્ઠી ગાથામાં કહ્યુંને?

ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।
एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।

ભગવાન આત્મા અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી એવો પર્યાયરહિત '**एवं भणंति सुद्धं**' જેણે દ્રવ્યની સેવા કરીને પરનું લક્ષ છોડીને, એવો પાઠ છે, દ્રવ્યની ઉપાસના કરવાથી એટલે પર્યાય આવી. દ્રવ્યની સેવા કરવાથી, સેવા કરનારને શુદ્ધનું અસ્તિત્વ છે એમ એને જણાયું. એના માટે શુદ્ધ ત્રિકાળ છે. એમ ને એમ કહે કે શુદ્ધ છે.. શુદ્ધ છે એમ નહિ. સમજાણું કાંઈ? એ બાજુથી દલીલ આવી હતી પહેલાં, ૧૫-૨૦ વર્ષ પહેલા. આત્મા તો શુદ્ધ છે એમાં શું કરવું? અશુદ્ધતા ટાળવા માટે પુરુષાર્થ કરવો એ વાત જ ખોટી છે. આત્મા શુદ્ધ છે એવી અસ્તિત્વની પ્રતીતિ કોને આવે છે? એ તો છે ઈ છે. પણ આ છે એની પ્રતીતિ એના તરફની સેવા કરવાથી, પર્યાય એ તરફ વળતા એ શુદ્ધ છે એમ જણાય છે. અજ્ઞાનીને શુદ્ધ છ.. શુદ્ધ છે એવું ક્યાંથી આવ્યું એને? સમજાણું કાંઈ? આહાહા..! પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતે ભગવાન, એ તરફ પર્યાય વળતા શુદ્ધ જે થઈ, ઉપાસના કરવાથી શુદ્ધ પર્યાય થઈ એ શુદ્ધ પર્યાયવાળાને ત્રિકાળ શુદ્ધ છે એમ જણાયું. વિષય શુદ્ધ બન્યો નથી, ખ્યાલમાં આવ્યો નથી અને શુદ્ધ ક્યાંથી આવ્યું તને? આહાહા..! એવી વાત છે, ભાઈ! આહાહા..! ત્રણ-ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રો, ચાર-ચાર જ્ઞાનના ધણી ગણધરો એમના સમક્ષ જિનની વાણી નીકળતી હોય એ કેવી હશે ભાઈ! આહાહા..!

શું કહ્યું? '**અનેક પરમધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ...**' ત્રિકાળ શક્તિ હોં! ત્રિકાળ શક્તિની વાત છે પહેલી. આહાહા..! ત્રિકાળી જ્ઞાનશક્તિને, શક્તિમાં જ્ઞાનશક્તિમાં અનંતગુણનો આધાર એવો જે ભગવાન આત્મા એવા '**નિજ પરમાત્મતત્ત્વને...**' જુઓને '**આધારભૂત નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ હોવાથી આત્મા નિર્મૂઢ છે;**' આ ત્રિકાળની અપેક્ષાએ વાત છે. હવે પર્યાય લેશે. સમજાણું કાંઈ? બહુ સરસ અધિકાર આવ્યો. આનંદના રસના ઝરણા ઝરે એ રસ છે. દુનિયા માને, ન માને, દુનિયા પાગલ કહે, નિશ્ચયાભાસી કહે. કહો બાપુ! ... બાપુ! માર્ગ આવો છે, ભાઈ! અને તે પણ તારા હિતને માટેની વાત છે. તારો અનાદર કરવાની વાત અહીંયાં નથી. આહાહા..! શું કહે છે?

'**સહજનિશ્ચયથી...**' સ્વભાવિક નિશ્ચયનયથી સહજજ્ઞાન ત્રિકાળી, સહજદર્શન ત્રિકાળી, સહજચારિત્ર ત્રિકાળી, સહજવીતરાગસુખ ત્રિકાળી એ '**વગેરે અનેક પરમધર્મ...**' પરમ ધર્મ લીધા. ધર્મ શબ્દે ગુણ છે ત્રિકાળી. '**ધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વને...**' એવા

નિજ પરમાત્મતત્ત્વને. હવે એમ લીધું છે. અનંતગુણનો આધાર એવા નિજ પરમતત્ત્વને **'જાણવામાં સમર્થ...'** કોણ? અંદર જ્ઞાનશક્તિ જે સ્વભાવિક છે ઈ. **'હોવાથી આત્મા નિર્મૂઢ (મૂઢતા રહિત) છે;...'** ધ્રુવમાં જે જ્ઞાન પડ્યું છે એ અનંતગુણનો આધાર જે ભગવાન એને જાણવામાં સમર્થ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રિકાળ. અનંત ધર્મ ગુણ છેને ત્રિકાળ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેને ત્રિકાળ. ત્રિકાળ પરમ વીતરાગસુખ. એ તો કહ્યુંને ત્રિકાળની વાત છે. ત્રિકાળ પરમ વીતરાગસુખ, ત્રિકાળ પરમ જ્ઞાન, પરમ દર્શન એનો આધાર જે તત્ત્વ એવા તત્ત્વને જાણવામાં જ્ઞાનસ્વભાવ છે એ તાકાત છે. એના જ્ઞાનસ્વભાવની તાકાત છે. આહાહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ, એવી વાત છે. આહાહા..! આ તો પ્રભુનો પ્રવાહ છે, ભાઈ! સમજાણું કાંઈ? પાણીના ધોરિયા ચાલતા હોયને પાણી. ધોરિયા સમજ્યા? પાણી ચાલે છેને આમ. ધોરિયાને શું કહે? રસ્તામાં ગાડાવાળા નીકળે તો પાણી પી લે. ધોરિયા નથી સમજતા? કૂવામાંથી પાણી નીકળેને. આમ નીકળે છે.

**શ્રોતા :-** પાણીનો પ્રવાહ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ એ ધોરિયો છે. ધોરિયામાંથી પાણી આવ્યું એમાંથી આમ... આમ.. ચાલ્યું જાય ખુલ્લું. અમારે તો ઉમરાળાથી ગારિયાધાર જાવું પડતું હતુંને, નાની ઉંમરમાં. ઉમરાળાથી ગારિયાધાર છે. અમારી બહેનનું ઘર. બાર કોષ છે. બાર કોષ ત્યાં રેલ તો હતી નહિ. એકામાં જાવું પડે. એક બળદવાળા ઓલામાં. બે બળદવાળાને ગાડું કહેવાય, એક બળદવાળાને એકા કહે છે. એક બળદવાળામાં બેસવાની ચીજને એકો કહે છે. તો અમે નાના હતાને ત્યારે નાની ઉંમરમાં જાતા. દસ વાગે ચાલુ કર્યું હોય, ત્રણ-ચાર કોષ ચાલ્યા હોય, પછી ત્યાં ભોજન કરી લઈએ. સાથે ઢેબરા... ઢેબરા સમજો છો? થેપલા. એ સાથે હોય અને ગામમાં કોઈ શેઠિયા મહાજન હોય તો છાશ લઈ આવીએ. અથાણું હોય સાથે. તો ત્યાં ખાઈએ અને ધોરિયો પાણીનો હોય ત્યાં પાણી પી લઈએ. અડધો કલાક, એક કલાક રહીએ પછી ચાલવા માંડીએ. સાંજે પહોંચતા. બાર કોષ છેને. ઉમરાળાથી ગારિયાધાર બાર કોષ છે. એ ધોરિયાની ખબર છેને. એ તમારી ભાષા હશે કાંઈક. ક્યારી. પાણીની ક્યારી નીકળેને. તો વચમાં જે કોઈ જનાવર આવે એ પી લે છે. એમ ભગવાનનો પ્રવાહ આવો ચાલ્યો છે, પાત્ર હોય તે પી લે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાનનો માર્ગ જ એવો છે, પ્રભુ! આહાહા..! એથી એ લોકોને એમ લાગેને સોનગઢ એકાંત છે, એકાંત છે આ. ભાઈ! બધાને એકાંત લાગે છે. કૈલાસચંદજીને

પણ એકાંત લાગે છે. બાપુ! ખબર નથી, ભાઈ! આ કોઈ પક્ષનો માર્ગ નથી, બાપુ! આહાહા..! સમ્યક્ એકાંત ત્રિકાળસ્વરૂપ ભગવાન આત્મા એની દૃષ્ટિ કરવી એ સમ્યક્ એકાંત છે. આહાહા..! એવું છે. વિશેષ કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ વદ-૪, સોમવાર, તા. ૨૫-૦૮-૧૯૭૫, ગાથા-૪૩, કળશ-૬૨ પ્રવચન નં. ૧૫**

..નો ભેદ પડ્યો તો એને શુદ્ધ સદ્ભૂતવ્યવહારનય કહેવામાં આવે છે. આહાહા..! ત્રિકાળી ભગવાન આત્મામાં જે જ્ઞાનાદિ અનંતગુણ છે એનો આધાર પ્રભુ એને જાણવાની શક્તિ છે એ અપેક્ષાએ નિશ્ચય નિર્મૂઢ છે. એ નિશ્ચય નિર્મૂઢ છે, આ વ્યવહાર નિર્મૂઢ છે. પર્યાયમાં સ્વભાવવાળો શુદ્ધ સદ્ભૂતવ્યવહારનય. આહાહા..! એ શુદ્ધ કહ્યુંને? શુદ્ધનો અર્થ આવી ગયો. એ શુદ્ધ આવી ગયું. અનુપચરિતનો અર્થ શુદ્ધ આવી ગયો.

'**શુદ્ધસદ્ભૂત વ્યવહારનયથી...**' આહાહા..! '**ત્રણકાળના અને ત્રણલોકના...**' કેવળજ્ઞાનની પર્યાય એ શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ત્રણકાળના અને ત્રણલોકના સ્થાવર-જંગમસ્વરૂપ...**' સ્થાવર-એકેન્દ્રિય આદિ અને જંગમ-ત્રસ આદિ. સ્થિર રજકણો કે અસ્થિર રજકણો દરેકના '**સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને...**' ભાષા જુઓ, '**સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને...**' '**ત્રણકાળના અને ત્રણલોકના...**' સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાય. એનો અર્થ એ થયો કે ત્રણકાળની, ત્રણલોકની જે પર્યાય છે એને જાણી તો દ્રવ્ય અને ગુણને જાણ્યા, એમ. દ્રવ્ય-ગુણ પણ જાણ્યા અને પર્યાય પણ જાણી એ અપેક્ષાએ ત્યાં છે. ઝીણી વાત છે થોડી. ત્રણકાળ, ત્રણલોકની દ્રવ્ય-ગુણ-પર્યાય. તો હવે પર્યાય તો ત્રણકાળની છે. તો ત્રણકાળની પર્યાયમાં દ્રવ્ય-ગુણ કોઈ ભિન્ન ન રહ્યા; પણ એનો અર્થ એ થયો કે ત્રણકાળ, ત્રણલોકની પર્યાય આમ જણાય છે તો એ ત્રણકાળની પર્યાયને ધરનાર દ્રવ્ય અને ગુણ પણ જાણવામાં આવ્યા એમ કહેવામાં આવ્યું છે. એ જરી ઝીણું છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**સ્થાવર-જંગમસ્વરૂપ સમસ્ત...**' કોઈ દ્રવ્ય બાકી નહિ, કોઈ ગુણ બાકી નહિ, કોઈ ત્રિકાળની પર્યાય બાકી નહિ. કહે છેને કેટલાક કે કેવળજ્ઞાન એ ભવિષ્યની પર્યાય અત્યારે નથી જાણતું. એ ધવલનો દાખલો આપે છેને, જયધવલનો. વર્તમાન પર્યાય એ અર્થ છે. બીજી પર્યાયને અર્થ નથી કહ્યું. પંડિતજી! જયધવલમાં છે. છેને ત્યાં. ખબર છેને. પણ એનો

અર્થ તો વર્તમાન કહો, પછી ભૂત અને ભવિષ્ય પણ વર્તમાન પ્રગટ જેવી હતી એવી જાણે છે. વર્તમાનની અપેક્ષાએ ત્રણકાળને જાણે છે એમ નથી, એ તો પરોક્ષ જ્ઞાન થયું. સૂક્ષ્મ વાત છે, ભાઈ! કેવળજ્ઞાનની પર્યાય, અરિહંતની પર્યાય,.. તત્ત્વાર્થશ્રદ્ધાનમાં સાત તત્ત્વ આવ્યાને? તો સાત તત્ત્વમાં મોક્ષતત્ત્વ આવ્યું, કેવળજ્ઞાનની પર્યાય આવી.

એમ કહ્યુંને ત્યાં મોક્ષમાર્ગમાં કે તત્ત્વાર્થશ્રદ્ધાનની મુખ્યતા કેમ કરી? એક આત્માની ન લીધી, સ્વપરની ન લીધી, દેવ-ગુરુ-શાસ્ત્રની ન લીધી અને તત્ત્વાર્થશ્રદ્ધાનની મુખ્યતા કેમ લીધી? કે તત્ત્વાર્થશ્રદ્ધાનમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ આવી જાય છે. કેમકે સંવર-નિર્જરા એ ગુરુની શ્રદ્ધા અને મોક્ષ એ દેવની શ્રદ્ધા. આહાહા..! દેવ એટલે અરિહંત, સિદ્ધ. આહાહા..! સમજાણું કાંઈ? એકપણ પર્યાયની પ્રતીત કરવી એ અલૌકિક વાત છે. આહાહા..! સદ્ભૂતવ્યવહાર. આ કેવળજ્ઞાન પર્યાય પણ શુદ્ધ સદ્ભૂત. છે શુદ્ધ, છે પોતામાં પોતાની પર્યાય તેથી ભેદથી વ્યવહાર કહ્યું. આહાહા..!

કહો, કેવળજ્ઞાન સદ્ભૂત શુદ્ધવ્યવહાર. પર્યાય છેને? પર્યાયને વ્યવહાર કહે (ત્યારે) દ્રવ્યને નિશ્ચય કહે. આહાહા..! ત્રિકાળી દ્રવ્ય. એ પહેલાં કહ્યું. ત્રિકાળી દ્રવ્યમાં જે ગુણાદિનો આધાર દ્રવ્ય છે એને જાણવામાં શક્તિ જે જ્ઞાનની છે, જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન દર્શનને જાણે, સર્વ ગુણનો આધાર દ્રવ્યને જાણે એવી શક્તિ અંદર એ નિશ્ચય છે. એ કારણે આત્મા ત્રિકાળને નિર્મૂઢ કહેવામાં આવ્યો છે. એવો દૃષ્ટિનો વિષય જે ભગવાન આત્મા એ પરમાત્મસ્વભાવ જે આત્મા એનો આશ્રય કરવો એ જ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં પર્યાય આવી છે એ પણ તત્ત્વાર્થશ્રદ્ધાનમાં આવી જાય છે. આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ બધી પર્યાય. પર્યાયસહિત આવ્યુંને સવારે? પર્યાય, જ્ઞેયાકારરૂપ જ્ઞાનની પર્યાય એ આસ્રવ, બંધ, સંવર, નિર્જરા એ પણ જ્ઞેયાકારરૂપ જ્ઞાનપર્યાયમાં આવી ગઈ છે. આહાહા..! જ્ઞાનની પર્યાયમાં એ શું સ્વરૂપ છે સંવર, નિર્જરા, મોક્ષાદિનું જ્ઞાન પરિણમનમાં આવી ગયું છે. એવો જ્ઞાનપર્યાયવાળો આકારવાળો પ્રભુ. તો પર્યાય અને દ્રવ્ય બેય લીધા. તત્ત્વાર્થશ્રદ્ધાન છેને? તો ઓલી પાંચ પર્યાય છે. બે—જીવ અને અજીવ અને આ પાંચ પર્યાય છે. આમ નવ કહો તો સાત પર્યાય છે. તો એ પર્યાયને અને એ પર્યાયને જાણનારી જ્ઞાનપર્યાય... આહાહા..! એવી એક સમયની પર્યાયમાં એ સાતેય તત્ત્વનું જ્ઞાન થાય છે એવા જ્ઞાનના આકારરૂપ ભગવાન આત્મા.

તત્ત્વાર્થસૂત્રમાં એમ કહ્યું. તત્ત્વાર્થસૂત્રમાં તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન લીધું છે અને એ જ મોક્ષમાર્ગ અને એ જ મુખ્ય લીધું છે. કેમકે સ્વચ્છંદી ન થઈ જાય. તત્ત્વાર્થશ્રદ્ધાનમાં તો આસ્રવ હેય છે, સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, મોક્ષ પરમહિતકર છે, બંધ અહિતકર છે. સમજાણું કાંઈ? એકલો આત્મા-આત્મા કરે અને પછી પર્યાયનું જ્ઞાન ન કરે તો એ સ્વચ્છંદી થઈ ગયો.

**શ્રોતા :-** નિશ્ચયાભાસી થઈ જશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચયાભાસી થઈ જાય. સમજાણું કાંઈ? આહાહા..!

તો કહે છે કે ત્રણકાળ અને ત્રણલોક... આહાહા..! જ્ઞાનની પર્યાયનો કેવળજ્ઞાનનો એટલો સ્વભાવ. સમય એક, પર્યાય એક, જાણે ત્રણકાળ, ત્રણલોક. લોક લીધો તો અલોક પણ એમાં આવી ગયો. આહાહા..! ક્ષેત્રનો અંત નથી. ક્ષેત્રનો અંત છે ક્યાંય? પછી... પછી... અનંત... અનંત... અનંત... એનો અંત ક્યાં? અંત હોય તો પછી શું? ઓહોહો..! જેનો ક્ષેત્રસ્વભાવ પણ અનંત-અનંત તર્કથી લક્ષમાં ન આવી શકે એવી ચીજ છે. તો ક્ષેત્ર છે એટલું એનો ક્ષેત્રજ્ઞ, કેવળજ્ઞાન પર્યાય ક્ષેત્રજ્ઞ છે. સર્વક્ષેત્રની, સર્વકાળની. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એક સમયની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક સમયની. આહાહા..! અને ત્રણકાળના સમય એનાથી ક્ષેત્રનો પ્રદેશ અનંતગુણા. જુઓ, અહીં તો કહે છે ત્રણકાળ, ત્રણલોક દેખે. એ ત્રણકાળ જાણે અને ક્ષેત્ર જે લોકાલોક છે એને પણ જાણે. આહાહા..! કેમકે ત્રણકાળ જે છે એ તો આકાશની એક જ શ્રેણીમાં સમાઈ જાય છે. અનંત શ્રેણી છેને આકાશની? તો આકાશની ગમે ત્યાંથી શ્રેણી ઉપાડો એની અહીંયા આદિ નથી, અહીંયા અંત નથી. તો જેમ કાળનો આદિ-અંત નથી તો એ ક્ષેત્રની એક શ્રેણી હોં! એક... એક... એક... એક... એક... એક... એક શ્રેણી. એમાં ત્રણકાળ સમાઈ જાય છે. એનાથી અનંતગુણી શ્રેણી આકાશની છે. આહાહા..! અનંતગણું એટલે કહ્યું છે. વસ્તુની સ્થિતિ એવી છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઈ કહે છે, '**ત્રણકાળના અને ત્રણલોકના...**' એમાં અલોક પણ આવી ગયો. '**સ્થાવર-જંગમસ્વરૂપ સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયને...**' આહાહા..! સમસ્ત દ્રવ્ય, ગુણ અને પર્યાય એમ લીધું છે. નહિતર તો ત્રણકાળની પર્યાય એ દ્રવ્ય-ગુણ છે, પણ એ ત્રણકાળની પર્યાય જાણી એ જ દ્રવ્ય અને ગુણને જાણ્યા અને ત્રિકાળને જાણ્યો. સમજાણું કાંઈ? આહાહા..! એક સમયમાં. ભાષા છે? '**એક સમયે...**' આહાહા..! '**જાણવામાં સમર્થ...**' એક સમયમાં જાણે, ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને એક સમયમાં જાણવામાં સમર્થ. આહાહા..! સમજાણું કાંઈ?

એ પ્રશ્ન અમારે (સંવત) ૧૯૭૨ની સાલમાં ચાલ્યો હતો. ૭૨. કેટલા વર્ષ થયા? ૨૮ ને ૩૧. ૬૦માં એક ઓછો. બહુ ચાલ્યો સંપ્રદાયમાં, 'કેવળજ્ઞાની છે એમણે જોયું એમ થશે, આપણે પુરુષાર્થ શું કરવો?' એમ કહેતા હતા. સમજાણું કાંઈ? સંપ્રદાયના ગુરુભાઈ હતા, મૂળચંદજી. બહુ પહેલેથી કહેતા હતા. હું સાંભળતો હતો પણ મને એ વાત બેસતી નહોતી. પછી બે વર્ષ થયા. ૭૦માં દીક્ષા. ૭૦ સમજ્યા? તમારે શું કહે છે? સત્તર. ૭૨ના ફાગણ માસમાં એ પ્રશ્ન ઉઠ્યો. તમે કહો છો કે સર્વજ્ઞ છે તો સર્વજ્ઞે દીઠું એમ થાશે. આપણે પુરુષાર્થ

શું કરીએ? 'ભાઈ! સર્વજ્ઞ છે એવી એક સમયની પર્યાય જગતમાં છે, એની માન્યતા છે? પછી દીઠું છે એમ થાશે.' જગતમાં એવી એક પર્યાય ત્રણકાળ, ત્રણલોક જાણે એવી અસ્તિ છે, એવી અસ્તિ છે, સત્તા છે એના સ્વીકાર વિના જોયું છે કોણે? તો એનો સ્વીકાર કરવા જાય છે ત્યારે દ્રવ્યદૃષ્ટિ થઈ જાય છે. ધન્નાલાલજી! ઘણી ચર્ચા થઈ હતી. ઘણી ચાલી. એય..! તારા ઓલા પાળિયાદમાં. પાળિયાદ છેને, તારા ગામની પાસે. બોટાદની પાસે પાળિયાદ. તું તો ક્યાં જન્મ્યો હતો તે દિ'? ૭૨ની વાત છે, સંવત ૧૯૭૨. ઘણી ચર્ચા ચાલી. અમે તો સંપ્રદાય છોડી દીધો. નાની ઉંમર ૨૫ વર્ષની. આ વાત અમને નથી બેસતી. સર્વજ્ઞ જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એવી પર્યાયની સત્તા જગતમાં છે એવો સ્વીકાર કરનારને અંતર્મુખ દૃષ્ટિ થાય છે. કેમકે પર્યાયનો નિર્ણય પર્યાયના આશ્રયે નથી થતો. પરની પર્યાયની (શ્રદ્ધા) પણ પરને આશ્રયે નથી થતી અને પોતાની પર્યાયની શ્રદ્ધા પણ પોતાની પર્યાયને આશ્રયે નથી થતી, દ્રવ્યના આશ્રયે થાય છે. ધન્નાલાલજી! આહાહા..! ભાઈ! અમને તો બેસતું નથી. આવી વાણી? આ વાણી ક્યાંથી લાવ્યા એવી સ્વચ્છંદી! એ વખતે તો નાની ઉંમર હતીને. ૨૫ વર્ષની ઉંમર હતી. ૬૦ વર્ષ પહેલાંની વાત છે.

ઓહોહો..! એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પર્યાયમાં જણાય છે. આહાહા..! સમય એક, જાણે ત્રણકાળ, સમય એક જાણે લોકાલોક. સમય એક, આદિ-અંત વિનાનો કાળ અને આદિ-અંત વિનાનું ક્ષેત્ર. કાળ પણ આદિ-અંત વિનાનું, ક્ષેત્ર પણ આદિ-અંત વિનાનું. .. ઉપાડો તો અહીંયા આદિ છે ક્યાંય? આકાશના પ્રદેશની આદિ છે ક્યાંય? આહાહા..! બાપુ! તત્ત્વજ્ઞાન ઘણું ઝીણું છે, ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા એમણે કહ્યું, તો જેણે એ માન્યું પછી દીઠું એમ થશે. એક સમયમાં... એ ભાષા છેને? એક સમયમાં જાણવામાં સમર્થ. કોણે પ્રતીત કરી? કોને એ વાત રુચિ? કારણ કે આ તત્ત્વાર્થશ્રદ્ધાનમાં ભાઈ આવ્યુંને, મોક્ષપર્યાય? તત્ત્વાર્થશ્રદ્ધાનમાં મોક્ષપર્યાય આવી. એ વખતે એટલી બધી ખબર નહોતી, પણ અંદર આટલી તો વાત આવી હતી. આ તો ૭૨ની વાત છેને.

મોક્ષપર્યાય તત્ત્વાર્થશ્રદ્ધાનમાં સાત પર્યાય શ્રદ્ધામાં આવી ગઈ છે. તો જગતમાં મોક્ષપર્યાય, કેવળજ્ઞાનપર્યાય છે એવી શ્રદ્ધા (કરનારને), (આવી) પર્યાયવાળો આત્મા એ આત્માની શ્રદ્ધા કર્યા વિના કેવળજ્ઞાનની શ્રદ્ધા યથાર્થપણે માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીંયા કહે છે. આહાહા..! વસ્તુ એવી છે, ભાઈ! આ તો પૂર્વની અંદર હતી તો ચાલી આવતી હતી. બે વર્ષની (દીક્ષામાં) એવું થયું. અમે તો સંપ્રદાય છોડી દીધો. એકલા નીકળી ગયા. આ વાત કેવી? જેને ભગવાન સર્વજ્ઞની પર્યાય જગતમાં છે એવી સત્તા, એવી મોજૂદગી જેના જ્ઞાનમાં બેસે... બેસે સમજ્યા? બૈઠે. એ પર્યાયનું લક્ષ એના દ્રવ્ય ઉપર ચાલ્યું જાય છે, એ પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! આ વાત એવી છે, બાપુ! આહાહા..!

**શ્રોતા :-** પુરુષાર્થ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુરુષાર્થ કાંઈ કૂદવું છે બહાર? એક સમયની પર્યાયની એટલી તાકાત. મારી પર્યાય એટલી અત્યારે નથી. અને પર્યાયની સત્તા જગતમાં એવી છે. આહાહા..! એવી પ્રતીતિ જ્યારે કરવા જાય છે તો કેવળજ્ઞાનની પર્યાયસહિત એવું દ્રવ્ય... એ આવ્યુંને સવારમાં? એ વખતે એટલી બધી ખબર નહોતી, પણ એટલું તો આવ્યું હતું કે પર્યાયની જો પ્રતીત કરવા જાય છે તો એમાં કેવળજ્ઞાને નિશ્ચય જોયું છે કે એને ભવ નથી. પ્રશ્ન એવો મોટો હતો. કેવળજ્ઞાનીએ જોયું ત્યારે થશે, ત્યારે ભવ ઘટશે. કીધું, જેને કેવળજ્ઞાન જ્ઞાનમાં બેસે એના ભગવાને ભવ દીઠા જ નથી. ડાલચંદજી! આહાહા..! અરે બાપુ! કેવળજ્ઞાન આહાહા..! એ જ્ઞાનની પર્યાય કેવળજ્ઞાનરૂપે, સર્વ જ્ઞેયાકારરૂપે પરિણમન થયું, એ તો હવે બધું સ્પષ્ટ થયું. સમજાણું કાંઈ? અને તત્ત્વાર્થશ્રદ્ધાનમાં એ આવી ગયું. તત્ત્વાર્થમાં સાત પર્યાયસહિત દ્રવ્ય (શ્રદ્ધામાં આવ્યું). આહાહા..! એવી પર્યાયની શ્રદ્ધા જેને અંતરમાં બેસી જાય એ જ સ્વભાવ તરફનો પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? અને ભગવાને, એ કેવળજ્ઞાન જેને બેઠું એના ભગવાને ભવ દીઠા જ નથી અનંત આદિ. એક-બે ભવનો કોઈ પ્રશ્ન નથી. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને, નિર્મૂઢ. એક સમયની પર્યાય ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાયની (જાણે). આહાહા..! છે પર્યાય વ્યવહાર. ત્રિકાળની અપેક્ષાએ એક પર્યાયનો ભેદ થઈ ગયોને? છે શુદ્ધ, છે સદ્ભૂત પોતાની પર્યાય છે, પણ છે પર્યાય વ્યવહાર. આહાહા..! સમજાણું કાંઈ? એવા આત્માની પર્યાય એવી છે એવી સત્તા જેને જ્ઞાનમાં રુચે, પોસાય એ અમારી ગુજરાતી ભાષા છે. પોસાણ-પોસાણ થાય છે. આ માલ પોસાણ થાયને? માલ લેવા જાય તો પોસાણ હોય એ માલ લે કે નહિ? સાડા ત્રણનો મણ મળે અને અહીં ત્રણ રૂપયે વેચાય તો એ માલ લે? સાડા ત્રણનું મણ હોય અને અહીં ચારે વેચે તો સાડા ચારે તો માલ લે. વાણિયાને તો પોસાય. પોસાય સમજ્યાને? પોસાણ. એમ ભગવાન જ્ઞાન એક સમયમાં... આહાહા..! જેને એ જ્ઞાનની પર્યાયમાં રુચિ અને પોષાણ થયું... આહાહા..! સમજાણું કાંઈ? અરિહંતના જ્ઞાનનું પોસાણ જ્યાં થયું તો એમાં પણ કહ્યુંને ૮૦માં. **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।'** કેવી શૈલી છે! આહાહા..! **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।'** એની પર્યાય કેવળજ્ઞાન, દ્રવ્ય ત્રિકાળ, ગુણ ત્રિકાળ એને જે જાણે, **'सो जाणदि अप्पाणं'** તો એ આત્માને જાણે એનું લક્ષ છોડીને. સમજાણું કાંઈ? એ દ્રવ્ય-ગુણ-પર્યાય પહેલાં મનથી જાણવામાં આવ્યા. વિકલ્પથી છેને? પરદ્રવ્યના છેને. પછી જાણવામાં આવ્યું કે આ પર્યાય એટલી તાકાતવાળી! તો વર્તમાનમાં મારી પર્યાયમાં એટલી તાકાત તો છે નહિ. તો એ પર્યાય ક્યાંથી આવે છે? અંદરથી આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ વખતે તો અમે દૃષ્ટાંત આપ્યું હતું. ગજસુકુમાર આવે છેને ગજસુકુમાર. ગજસુકુમાર નહિ? શ્રીકૃષ્ણના ભાઈ. એ વખતે તો અમે દિગંબર વાંચ્યું નહોતું. ૭૮ પછી વાંચ્યું હતું.

આ તો ૭૨ની વાત છે. તો એમાં ...માં આવે છે ગજસુકુમારની વાત. ગજસુકુમાર છેને? શ્રીકૃષ્ણના ભાઈ. ગજસુકુમાર. સ્મશાનમાં ગયા અને પાઘડી.. ધૂળ. સોમિલ બ્રાહ્મણ એના સસરાએ (બાંધી). તો ત્યાં ..માં એવો પાઠ છે, સૂત્ર છે. ભગવાનને વંદન કરવા શ્રીકૃષ્ણ જતા હતા. એવો પાઠ ત્યાં છે. ગજસુકુમાર નાના ભાઈ હતાને? ખોળામાં બેઠા હતા. તો એમાં એક સોનીની દીકરી હતી બહુ સુંદર રૂપાળી. તો હાથી ઉપર બેઠેલા શ્રીકૃષ્ણે જોઈ. કે ઓહો..! આ કન્યા તો રાજકન્યા જેવી છે. ગજસુકુમારને પરણાવી નાખીએ. જાવ એ છોકરીને લઈને અંતઃપુરમાં લઈ જાવ. ગજસુકુમાર બેઠા હતા. એના માટે કહ્યું કે આ ગજસુકુમાર માટે આ કન્યા પરણાવવી છે. સમજાણું? શું કહે છે તમારે? ત્યાં તો ગુજરાતી ભાષા હતીને.

એ જ્યાં ભગવાન પાસે વ્યાખ્યાન સાંભળે છે, ગયા અને કહ્યું, પ્રભુ! હું સંસારદશાને છોડીને હું મુનિપણું અંગીકાર કરું છું. આહાહા..! કેવી વાણી હશે? આ તમારા જેવી હશે? આહાહા..! અને હું તો અત્યારે સંસારનો ત્યાગ કરીને, વિકારનો ત્યાગ કરી મારી આત્મભૂમિ આનંદ એમાં હું ચાલ્યો જાઉં છું. એ વખતે તો એટલી ભાષા નહોતી. પણ એટલું કહ્યું કે હું તો આગારને છોડીને અણગાર થવાનો છું. શું વાણી સાંભળી એણે કે એકદમ ક્ષણમાં અણગાર થવાની ભાવના આવી?

તારો આત્મા પૂર્ણાનંદનો નાથ છે. પર્યાયમાં તારી પૂર્ણ ચીજ નથી આવતી. કેવળજ્ઞાનની પર્યાય પણ તારી પર્યાયમાંથી નથી આવતી. એની પ્રતીતિ તો દ્રવ્યસ્વભાવથી થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ઘરે માતા પાસે જાય છે. દેવકીનંદ છેને એની માતા? દેવકી. માતા! હું તો મુનિપણું લેવા જાવ છું. અરે બેટા! તારી એક જ જિંદગીમાં.. કૃષ્ણ આદિ સાત કુમાર, છ પહેલાં હતા. કૃષ્ણ સાત અને આ આઠમા હતા. તો છ તો ગર્ભમાંથી સારણ થઈ ગયું હતુંને? સારણ થઈ ગયું બીજે ઠેકાણે અને આ શ્રીકૃષ્ણ એ પણ બાળ ગોવાળમાં લઈ ગયા હતા. તારા એકલાનું મેં પાલનપોષણ કર્યું અને તું ચાલ્યો જાય છે, મને ઘણું દુઃખ થાય છે. માતા! હું તો આત્મામાં અણગારપણું લેવા માંગુ છું. બા! તારે રોવું હોય તો એકવાર રોઈ લે, માતા! હું ફરીને જનેતા નહિ કરું. હું ફરીને માતાની કૂંખમાં નહિ આવું. આહાહા..! કેટલો કીધું આ પુરુષાર્થ! સમજાણું કાંઈ? હું ફરીને જનેતાને કૂંખમાં નહિ આવું. માતા! તારો છેલ્લો દેહ માતા. હવે મને બીજી માતા છે નહિ. એમ હું આત્મામાં ચાલ્યો જઈશ.

એ દીક્ષા લીધી અને દીક્ષા લીધા પછી એમ થયું. મહારાજ! હું આજે બારમી ભીક્ષુ પડિમા. જેમ અગિયાર પડિમા શ્રાવકની છે એમ બાર ભીક્ષુક પડિમા છે. આપણે સામાયિકમાં છે. સામાયિક પાઠ છેને આપણે એમાં છે. બારમી ભીક્ષુક પડિમાને શું કહે છે? સ્મશાનમાં જઈને ધ્યાનમાં ઉભો રહું. ઓહો..! હજી દીક્ષીત થયા અને આ! એ રાજકુમાર, ગજસુકુમાર. ગજ નામ હાથીનું તાળવું. આ તાળવું સમજો છો? સુકુમાર, ગજસુકુમાર. એવું શરીર કોમળ... કોમળ... કોમળ... જેને સૂર્યનું કિરણ અડે તો લાલચોળ શરીર થઈ જાય. એવા ગજસુકુમાર,

પ્રભુ પાસે માગણી કરે છે, નાથ! હું તો સ્મશાનમાં જઈશ દીક્ષા લઈને. આહાહા..! એ તો શ્વેતાંબરમાં એવી શૈલી છેને. ભગવાન એમ કહે છે કે ... એવો પાઠ છે. અંતગણ એ બધું વાંચ્યું હતુંને. ભગવાનની વાણી એવી હોતી નથી. ભગવાનને તો ૐ ધ્વનિ આવે છે. પણ ૐ ધ્વનિ એવી વાત એમાં નથી. તો એમ કહ્યું કે ભગવાનની વાણી નીકળી ... દેવને વલ્લભ, તમારું મનુષ્યપણું દેવને વલ્લભ છે... જેમ સુખ ઉપજે એમ કરો. પ્રતિબદ્ધ ન કરતાં. ક્યાંય રોકાતા નહિ. ચાલ્યા ગયા સ્મશાનમાં. આહાહા..! આજ ને આજ દીક્ષા અને આજ ને આજ સ્મશાન. તો એના સસરાને ખબર પડી કે આણે તો દીક્ષા લઈ લીધી. મારી કન્યા તો રખડી પડી. એ અંતગઢમાં મૂકીને? શું કહેવાય? અંતેપુર. અંતેપુરમાં કન્યા છોડી દીધી. સોમિલ ગયો સ્મશાનમાં. સ્મશાનમાં ઘણી અગ્નિ હતી, રાખ હતી, પાણી હતું. તો રાખમાં પાણી નાખીને એવી પાઘડી બનાવી અને એમાં અગ્નિ નાખી. આપણે ત્યાં ફોટો છેને. દ્રવ્યનું ધ્યાન લગાવ્યું, કેવળજ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? આ તમારી ભાષા! આ શું કહો છો? સર્વજ્ઞ ત્રિલોકનાથની વાણીમાં તો એમ આવે છે કે અમારું જ્ઞાન જેને બેસે એને ભવ છે જ નહિ. ડાલચંદજી! પહેલેથી ભણકાર હતોને. ભવ કેવો? આહાહા..! એ અહીં કહે છે. આહાહા..!

**શ્રોતા** :- પ્રથમાનુયોગનું કથન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રથમાનુયોગમાં પણ કહ્યું તો આ છેને. એ તો એ બધી વાત ત્યાં વાંચી હતીને. .. સૂત્ર ઘણું વાંચ્યું હતું. પહેલેથી ૭૦, ૭૧. એ જ વાંચતા હતાને. બધા શ્વેતાંબર શાસ્ત્ર જ વાંચતા હતા. કથા-બથા અમે નહોતા વાંચતા. આહાહા..!

અહીં કહે છે કે એવા '**સકળ-વિમળ...**' આહાહા..! ભગવાન કેવળજ્ઞાન, સદ્ભૂત વ્યવહારનયનો વિષય જે કેવળજ્ઞાન. આહાહા..! '**સકળ-વિમળ (સર્વથા નિર્મળ)...**' આહાહા..! '**કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી આત્મા નિર્મૂઢ છે.**' જાણવાનું કાંઈ બાકી રહેતું નથી. એ લોકાલોક જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. પોતાની પર્યાય, લોકાલોક જેટલું સત્ છે એ રૂપે પોતાને કારણે જ્ઞાનપર્યાય પરિણમી જાય છે, લોકાલોક છે તો એને કારણે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનગુણની એક સમયની પર્યાયની એટલી તાકાત છે. આહાહા..! લોકાલોકને જાણવું એમ કહેવું એ તો અસદ્ભૂતવ્યવહારનયનું કથન છે. સમજાણું કાંઈ? પોતાની પર્યાયની એટલી શક્તિ છે કે ત્રણકાળ, ત્રણલોકને જાણવાની જે પર્યાય છે એ પર્યાયને જાણવાથી સમસ્ત લોકાલોક જણાઈ જાય છે. સમજાણું કાંઈ? એ પર્યાયને જાણવાથી.

એ પરમાત્મપ્રકાશમાં દૃષ્ટાંત દીધું છે, પરમાત્મપ્રકાશમાં. જેમ જળ છે જળ. રાત્રીનું જળ. એમાં સ્વચ્છ પાણી છે. એમાં ચંદ્ર, નક્ષત્ર દેખાય છે અંદર પાણીમાં. એ પાણીની અવસ્થા છે, એ લોકાલોકની ચંદ્રની, નક્ષત્રની નહિ. આહાહા..! એમ ભગવાન જ્ઞાનની પર્યાયમાં લોકાલોક

તો પર્યાયમાં પોતાને કારણે જ્ઞાનરૂપે પરિણમી ગયા છે. તો એને જોવે છો તો એમાં ભેગું ઈ દેખાય છે. સમજાણું કાંઈ? પાણીની નિર્મળતા પણ જોવે છે અને પાણીમાં નક્ષત્ર, ચંદ્ર આદિ છે એને પણ જોવે છે. એ પાણીની પર્યાય છે. નક્ષત્ર, ચંદ્ર ત્યાં છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! અરે! ભાઈ! એવી એક સમયની પર્યાયમાં એટલી તાકાત! આહાહા..! સમજાણું કાંઈ? એવી પ્રતીત કરવા જાય છે તો પર્યાય દ્રવ્ય ઉપર ઢળી જાય છે. પર ઉપર જે છે એ દ્રવ્ય ઉપર ઢળી જાય છે. ઢળી જાય છે એમ કહે છેને? આહાહા..! ઢળી જાય છે. એવા આત્માને નિર્મૂઢ કહેવામાં આવ્યો છે. આહાહા..!

હવે છેલ્લો એક શબ્દ છે. '**સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના...**' આહાહા..! મિથ્યાત્વ આદિ, રાગ-દ્વેષ આદિ મહાપાપરૂપી સેના, શૂરવીર સેના, કાયર હીજડા નહિ. '**સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના જેમાં પ્રવેશી શકતી નથી...**' ભગવાન આત્મા એવી ચીજ છે કે પાપરૂપી એ શત્રુ વસ્તુમાં પ્રવેશી શકતા નથી. સમજાણું કાંઈ? આહાહા..! છે? મહા દુર્ગ કિલ્લો છે એવો. જેમ કિલ્લામાં પરનો પ્રવેશ નથી થતો, એમ ભગવાન આત્માની શક્તિમાં પર્યાયમાં જે મહા પાપના શત્રુની સેના છે એ અંદર પ્રવેશી શકતી નથી. આહાહા..! એવો આત્મા દુર્ગ-કિલ્લો છે. એવો કિલ્લો મજબુત છે. અરે! આત્મા એટલે શું, બાપુ! આહા..! એક સમયમાં ભગવાન સાક્ષાત્ પરમાત્મા શક્તિ સ્વભાવરૂપે. સમજાણું કાંઈ?

કહે છે કે એવી '**સેના જેમાં પ્રવેશી શકતી નથી એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ...**' એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ, અંતરભાવસ્વરૂપ ત્રિકાળ '**મહા દુર્ગમાં (કિલ્લામાં)...**' એવો મહા કિલ્લો છે. એમાં નિવાસ કરવાથી—પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં નિવાસ કરવાથી '**આત્મા નિર્ભય છે.**' ભયનું સ્થાન વસ્તુમાં નથી. આહાહા..! એ ગાથાની ટીકા પૂરી થઈ.

હવે, '**એવી રીતે...**' દૃષ્ટાંત આપે છે મુનિ. '(**શ્રી યોગીન્દ્રદેવકૃત**) **અમૃતાશીતિમાં** (**૫૭મા શ્લોક દ્વારા**) **કહ્યું છે કે :—**'

(मालिनी)

''स्वरनिकरविसर्गव्यंजनाद्यक्षरैर्यद्
रहितमहितहीनं शाश्वतं मुक्तसंख्यम्।
अरसतिमिररूपस्पर्शगंधाम्बुवायुः
क्षितिपवनसखाणुस्थूलदिक्चक्रवालम्।।''

આહાહા..! યોગીન્દ્રદેવ અમૃતશીતીમાં, પુસ્તક શાસ્ત્ર છે, કહે છે કે '**આત્મતત્ત્વ સ્વરસમૂહ,...**' આ સ્વર જે અ, આ, ઈ એ આત્મામાં નથી. આહાહા..! અ, આ, ઈ, ઈ, ઉ, ઊ.. એ બધા સ્વર છેને? એ આત્મામાં નથી. આહાહા..! આત્મા બોલતો નથી. એ તો સ્વર છે, જડ છે. આહાહા..! '**આત્મતત્ત્વ...**' અ, આ, ઈ એ સ્વર અને '**વિસર્ગ...**' વિસર્ગ આવે છેને મીંડુ. કઃ, ખઃ એ આત્મામાં નથી. '**ને વ્યંજનાદિ...**' ક, ખ. ક, ખ,

ગ, ઘ એ વ્યંજન છે. અ, આ, ઈ એ સ્વર છે અને મીંડુ એ વિસર્ગ છે. એ '**અક્ષરો રહિત...**' આહાહા..! સ્વરરહિત, વિસર્ગરહિત, વ્યંજનાદિ અક્ષરો રહિત '**તથા સંખ્યારહિત છે...**' ૧, ૨, ૩, ૪, ૫ એવી સંખ્યા આત્મામાં નથી. સમજાણું કાંઈ? અરે! આત્મા તે કોણ? બાપુ! આહાહા..! અનંતી સિદ્ધ અવસ્થા જેની શક્તિમાં પડી છે, જેના ગુણમાં અનંતી મોક્ષદશા પડી છે. મોક્ષ તો એક સમયની પર્યાય છે. એવી અનંતી-અનંતી પર્યાયનો સમુદાય ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**સંખ્યારહિત છે (અર્થાત્ અક્ષર અને અંકનો આત્મતત્ત્વમાં પ્રવેશ નથી),...**' કહ્યુંને પહેલાં? સંખ્યા એટલે અંક. અક્ષર નામ પહેલાં કહ્યા એ બધા. સ્વર, વિસર્ગ, વ્યંજન એ અક્ષર અને સંખ્યા એ અંક, એનો આત્મતત્ત્વમાં પ્રવેશ નથી. એક, બે, ત્રણ. એક, બે, ત્રણ એમ કરે છેને? એ એક, બે, ત્રણ આત્મામાં નથી એમ કહે છે. એ તો અક્ષર છે, વિકલ્પ છે. સમજાણું કાંઈ? ધન્નાલાલજી!

**શ્રોતા :-** આત્મા બોલે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા બોલતો નથી, જડ બોલે છે. બોલે ઈ બીજો. આત્માથી બીજો. જડ બોલે.

**શ્રોતા :-** જડને તો ખબર પણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબર ન હોય તો શું થયું? જડની શક્તિ નથી? જાણવાની શક્તિ હોય એ જ તત્ત્વ છે? તો જડ તત્ત્વ રહી ગયું, નાશ થઈ ગયું. જાણવાની શક્તિ ભલે ન હોય, જડરૂપી શક્તિ એમાં પૂર્ણ ઈશ્વર છે, ઈશ્વર છે. આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપનું ભાન હોવાથી સ્વભાવ ઈશ્વર છે અને સ્વભાવનું ભાન ન હોય તો વિભાવ ઈશ્વર છે અને જડ જડેશ્વર છે. ત્રણ ઈશ્વર લીધા છે. શ્રીમદ્ રાજચંદ્રમાં ત્રણ ઈશ્વર (લીધા છે). સમજાણું કાંઈ? ત્રણે સ્વતંત્ર ઈશ્વર પોતાની સ્વતંત્રતા રાખે છે. આહાહા..! શુદ્ધ સ્વભાવનું ભાન થવાથી સ્વભાવરૂપી આત્મા ઈશ્વર છે, ભાન નહિ હોવાથી વિભાવરૂપી ઈશ્વર છે અને જડ જડેશ્વર છે. આહાહા..! એક પરમાણુમાં પલટવું એ કોઈની મદદથી પલટે છે? એક પરમાણુ એક ક્ષેત્રથી ભિન્ન (ક્ષેત્રમાં) જાય છે તો કોઈની મદદથી જાય છે? ધર્માસ્તિકાય છે તો જાય છે? એ સ્વતંત્ર ઈશ્વર છે. એ સમયે ક્ષેત્રાંતર થવું, રૂપાંતર થવું, રૂપાંતર પર્યાય, એમાં ઈશ્વર જડેશ્વર પોતે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અહિત વિનાનું છે,...**' શબ્દ છેને ત્યાં? '**यद् रहितमहितहीनं**' શ્લોકમાં છે. '**અહિત વિનાનું છે,...**' અહિતપણું એમાં છે જ નહિ. એ તો હિતનો સમુદ્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? હિતોપદેશ આવે છે કે નહિ? ભગવાનની વાણી હિતોપદેશ છે. હિતસ્વરૂપ ભગવાન હિતસ્વરૂપ છે, એમાં અહિત છે જ નહિ. આહાહા..! '**अहितहीनं**' એવો પાઠ છે. ભગવાન! ત્રણલોકનો નાથ પ્રભુ એ અહિતથી હિન છે, અહિતપણાથી રહિત છે. એ કહ્યુંને કે બંધ

અહિત છે. મોક્ષમાર્ગ(પ્રકાશક)માં લીધું છે, સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, બંધ અહિતકર છે. લીધું છે. મોક્ષ પરમહિતકર છે. તો અહીં કહે છે, બંધ અહિતકર છે એ આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ? તત્ત્વાર્થસૂત્ર નથી? તત્ત્વાર્થશ્રદ્ધાનની જ વ્યાખ્યા બધી કરી છે એમાં આખા મોક્ષમાર્ગમાં. પછી કહ્યું કે ચાર લક્ષણમાંથી એક પણ યથાર્થ જાણવામાં આવે તો ચારેય સાથે છે. એવું આવે છે.

'**શાશ્વત છે,...**' ભગવાન તો ધ્રુવ શાશ્વત છે. આહા..હા..! ત્રિકાળ ધ્રુવ છે. '**અંધકાર...**' રહિત છે. અંધકાર-ફંધકાર અંદર વસ્તુમાં નથી. અજ્ઞાનરૂપી અંધકાર પણ વસ્તુમાં નથી. આહાહા..! અને આ અંધકાર જે બહારનો છે એ પણ વસ્તુમાં નથી. '**તેમ જ સ્પર્શ, રસ, ગંધ અને રૂપ વિનાનું છે,...**' સ્પર્શ ને રસ ને ગંધ ને રૂપરહિત ભગવાન આત્મા છે અને '**પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અણુઓ રહિત છે...**' પાંચ મહાભૂત કહે છેને? એમાં ચાર ભૂત લીધા આકાશ સિવાય. '**પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અણુઓ રહિત છે...**' આહાહા..! પૃથ્વીના શરીરમાં જે અણુ છે, પાણીના શરીરમાં અણુ છે આહાહા..! અને અગ્નિ શરીર અણુ રજકણ છે, વાયુના અણુ છે શરીર, એ ભગવાન આત્મામાં નથી. આહાહા..! જુઓ, બીજા આચાર્ય કહે છે એનો આધાર દીધો. એમ ભગવાન આત્મા... વનસ્પતિ અહીંયા ન લીધી. વાયુના અણુ રહિત છે.

'**સ્થૂલ દિક્ચક્ર...**'થી. બહારની દિશાઓ આ ઉગમણી, આથમણી ને એવી દિશાથી રહિત છે. દિક્ચક્ર છેને? '**(દિશાઓનો સમૂહ)...**' દસ દિશા કહે છેને. ચાર પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ. બે ઉર્ધ્વ અને અધો, અને ચાર ખૂણા વાયુ, અગ્નિ આદિ. દશેય દિશા સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એને ભગવાન આત્મા કહે છે. અહીં તો લોકો બહારની ભક્તિ ને પૂજા ને વ્રત ને તપ કરવાથી કલ્યાણ થશે એ મોટું મિથ્યા શલ્ય છે. આહાહા..! સ્વરૂપમાં એ વસ્તુ છે જ નહિને. સમજાણું કાંઈ? ઝીણી વાત કરે છે હોં. શુદ્ધભાવ અધિકાર છેને. શુદ્ધભાવ ત્રિકાળી ભાવ એમાં આ ભાવ છે જ નહિ. '**સ્થૂલ દિક્ચક્ર રહિત છે.**' લ્યો!

'**વળી (૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ સાત શ્લોક કહે છે):—**' જુઓ, ગાથા એક અને શ્લોક સાત. ૬૨. જુઓ, ૬૧ પૂરું થયું અને આ ૬૨.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એમ છે જુઓ, ૬૧ પૂરું થયું અને ૬૨મું છે. એ અમારે ભાઈએ કહ્યું હતું. હિંમતભાઈ છેને હિંમતભાઈ. ક્યાં ગયા? એણે કહ્યું હતું હિંમતભાઈએ. ..કે ૬૧ શ્લોક પૂરો થયો અને ૬૨મો આવવાનો છે અહીંયા. ૬૧ પૂરો થયોને પહેલાં? એ તો આધારનો હતો. '**इत्थं बुद्ध्वोपदेशं जननमृतिहरं यं जरानाशहेतुं**' એ ૬૧માં હતું. અને આ આવ્યો ૬૨મો.

(मालिनी)

दुरघवनकुठारः प्राप्तदुष्कर्मपारः
परपरिणतिदूरः प्रास्तरागाब्धिपूरः।
हतविविधविकारः सत्यशर्माब्धिनीरः
सपदि समयसारः पातु मामस्तमारः।।६२।।

દરેકમાં ‘ર’ આવશે. દરેક પદમાં એક-એક ‘ર’ છેલ્લે આવશે.

‘**શ્લોકાર્થ :- જે (સમયસાર)...**’ ભગવાન આત્મા છે ‘**દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે,...**’ અર્થાત્ પાપરૂપી ભાવ એમાં છે જ નહિ અને એનો આશ્રય કરનારના પાપનો નાશ કરી નાખે છે, બીજો કોઈ ઉપાય નથી. જેમાં નથી એનો આશ્રય કરવાથી પાપનો નાશ થાય છે. ‘**દુષ્ટ પાપોના વન...**’ વન. દુષ્ટ પાપનું વન મોટું. ઓહોહો..! એને ‘**છેદવાનો કુહાડો છે,...**’ કુહાડો કહે છેને? કોઠાર. આહાહા..! મૂળમાંથી છેદવાનો કુહાડો છે. ભગવાન આત્માનો જેણે આશ્રય લીધો એને મૂળનો, પાપનો કોઠાર નાશ કરવાની તાકાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**જે દુષ્ટ કર્મોના પારને પહોંચ્યો છે...**’ આહાહા..! ભગવાનમાં કર્મનો અંત છે. કર્મ છે જ નહિ. પોતાના સ્વભાવમાં કર્મ પરદ્રવ્ય છે જ નહિ. વસ્તુ કર્મનો અંત પામીને વસ્તુ રહેલી છે. આહાહા..! અને જે એ વસ્તુનો આશ્રય લે છે એના કર્મનો અંત આવી જાય છે. કર્મઅંતરહિત છે ભગવાન, તો એનો આશ્રય લેવાથી કર્મનો અંત થઈ જાય છે. આહાહા..! આચાર્યોએ કહ્યું. આ તો મુનિરાજ છે. પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે. ત્રીજા છેને ઈ? આ અમૃતચંદ્રાચાર્ય છે, આ કુંદકુંદાચાર્ય, પદ્મપ્રભમલધારિ મુનિ છે, આચાર્ય નથી. ઓલા કહે છે, ઓલા રતનચંદજી કે આચાર્યોનું કથન માનવું, મુનિ આદિના નહિ. પરમેષ્ઠી છે. ત્યાં તો પછી ફૂલચંદજીએ તો એ પણ લીધું હતું કે સમ્યગ્દૃષ્ટિ પંડિત થઈ ગયા એની વસ્તુ પણ માન્ય છે. જૈનતત્ત્વ મીમાંસામાં નાખ્યું છે. સમજાણું કાંઈ? જૈનતત્ત્વ મીમાંસા બીજી ઢબે છપાય છે હમણા. પૂરી તો થઈ ગઈ. આ બીજી છપાય છે. એમાં સુધારો કરીને. પાના થોડા અહીંયા આવ્યા હતા એના. જૈનતત્ત્વ મીમાંસા બીજી ઢબે છપાય છે. થોડા પાના અહીં આવ્યા છે. વાંચ્યા છે, આપણે વાંચ્યા. આહાહા..!

‘**દુષ્ટ કર્મોના પારને પહોંચ્યો છે (અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે),...**’ એ કર્મનો અંત જ છે, કર્મ એમાં છે જ નહિ. અને જેણે એ ભગવાન આત્મા ધ્રુવનો આશ્રય લીધો એના કર્મનો અંત આવી જાય છે. આહાહા..! ‘**જે પરપરિણતિથી દૂર છે,...**’ વિકારની પરિણતિથી ભગવાન આત્મા ભિન્ન છે. આહાહા..! પર્યાયથી ભિન્ન છે એ તો બીજી વાત. આ તો પરપરિણતિથી ભિન્ન એ તો સ્થૂળ વાત છે. ઉદયભાવરૂપી સંસાર પરિણતિ. ઓહોહો..! એનાથી ભગવાન આત્મા દૂર છે, ઘણો દૂર છે એટલે કે એમાં ઉદયભાવ છે

જ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, એ તો કહે છે કે એનો આશ્રય કરવાથી એ નાશ પામે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**જે પરપરિણતિથી દૂર છે,...**' ભગવાન ધ્રુવસ્વરૂપ પ્રભુ સચ્ચિદાનંદ પરમાત્માસ્વરૂપે ભગવાન, એ પરપરિણતિ ઉદયભાવ વિકાર એનાથી દૂર છે. ભેદજ્ઞાનમાં પણ કહ્યું છે, સમયસારમાં. વસ્તુ વિકાર એ વસ્તુ ભિન્ન છે. એ ચૈતન્યની વસ્તુ જ નથી. ભેદજ્ઞાન લીધું છે. એક વસ્તુ બીજી વસ્તુની નથી. એનો અર્થ એ કે ભગવાન આત્માની પરપરિણતિ એ વસ્તુ એની નથી. એનું ક્ષેત્ર પણ ત્યાં ભિન્ન લીધું છે, સમયસાર. આહાહા..! અહીં કહે છે કે વિકાર '**પરપરિણતિથી દૂર છે, જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે,...**' આહાહા..! રાગરૂપી પૂર. જુઓ, આહાહા..! રાગરૂપી સમુદ્રનું પૂર. આહાહા..! રાગના હીલોળા જેમ અંદર ઉત્પન્ન થાય છે... આહાહા..! એવા રાગના પૂરથી પાર ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..! '**રાગરૂપી સમુદ્ર...**' ઉદયભાવ છેને મોટો ભવસિંધુ. એ પૂરને નષ્ટ કર્યું છે. આહાહા..! એમાં છે નહિ અને એનો આશ્રય કરવાથી રાગનું પૂર નાશ પામે છે. બે અર્થ છે.

'**જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે,...**' આહાહા..! વિવિધ વિકારના અનેક પ્રકાર એમ લીધું. અનેક પ્રકારના વિકારોને હણી નાખ્યા છે એટલે છે જ નહિ. અને એના આશ્રયે વિકારોનો નાશ થાય છે. આહાહા..! કોઈ ક્રિયાકાંડ કરવાથી દયા, દાન, વ્રત કરવાથી કર્મ નાશ પામે છે એમ નથી, એમ કહે છે. ત્રિકાળ ભગવાન આત્માના આશ્રયે કર્મનો નાશ થાય છે. સમજાણું કાંઈ? '**જે સાચા સુખસાગરનું નીર છે...**' આહાહા..! સાચા સુખ સાગરનું પાણી છે. એ દરિયો સમુદ્ર કહ્યુંને? એ સાચા સુખસાગરનું પાણી છે. સાગર પાણી-પાણી જળ. આહાહા..! '**સાચા...**' એ કેમ લીધું? કે આ દુનિયામાં સુખ માને છે એ સુખ નથી, એ ખોટું સુખ છે. આ તો '**સાચા સુખસાગરનું...**' સાચા સુખનો સાગર. આહાહા..! સાચા સુખનો સમુદ્ર ભગવાન એનું '**નીર છે...**' આહાહા..! મુનિરાજને શબ્દો ઓછા પડે છે. કેમ કહેવું. આહાહા..!

'**સાચા સુખસાગરનું નીર છે...**' એકલા સુખ સાગરનું પાણી. જેમ સમુદ્રમાં જળ ભર્યું છે, એમ સુખસાગરનું નીર ભર્યું છે. આહાહા..! ક્ષેત્ર થોડું એની અહીંયા વાત નથી. ભલે ક્ષેત્ર આટલામાં હોય. અરે! અંગુળના અસંખ્યમા ભાગમાં નિગોદ પડ્યા છે. અંગુલના અસંખ્ય ભાગમાં અનંત નિગોદ. આહાહા..! પણ એનું દ્રવ્ય જે છે એ સુખસાગરનું નીર છે. સમજાણું કાંઈ? ક્ષેત્રની મોટાઈથી મોટાઈ નથી. એના ભાવના સામર્થ્યથી મોટાઈ છે. આહાહા..!

કહે છે કે '**સુખસાગરનું નીર છે અને જેણે કામને અસ્ત કર્યો છે,...**' વિષયવાસના જેમાં છે જ નહિ. આહાહા..! અને એનો આશ્રય કરે છે એને કામની વાસના નાશ પામે છે. આહાહા..! જુઓ, સંતોની વાણી તો જુઓ! દિગંબર મુનિઓએ આહાહા..! જંગલમાં રહીને, જંગલમાં રહીને કેવી ચીજ બનાવી! જંગલમાં હતા. મુનિ તો જંગલમાં જ રહે છે. ગામમાં મુનિ હોતા જ નથી. અંદર જંગલ જ છે, રાગરહિત વસ્તુ એ જંગલ જ છે. આહાહા..! વસ્તુનું માહાત્મ્ય આવવું અને વસ્તુના સામર્થ્યની પ્રતીતિ થવી, અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? બધો રાગ ઘટાડી બાહ્ય ક્રિયા કરે, વંદન કરે, ઇન્દ્રિયદમન કરે એ કોઈ વસ્તુ નથી.

પરમાત્મસ્વરૂપ મહાપ્રભુ... આહાહા..! '**જેણે કામને અસ્ત કર્યો છે,...**' કામની વાસના વસ્તુમાં ગંધ નથી. આનંદ સાગરમાં કામવાસના ક્યાંથી આવી? સમજાણું કાંઈ? આહાહા..! એ વાસનાને અસ્ત કરી છે. હવે મુનિરાજ કહે છે છેલ્લે, આહાહા..! '**તે સમયસાર મારું શીઘ્ર રક્ષણ કરો.**' મારા હૃદયમાં એ સમયસાર મને બેઠું છે એ મારી રક્ષા કરો. આહાહા..! આ સમયસાર ભગવાન ચિદાનંદ પ્રભુ સુખસાગરનું નીર છે એ મારી શીઘ્ર રક્ષા કરો. મેં એનો આશ્રય લીધો એ મારી રક્ષા છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ વદ-૫, મંગળવાર, તા. ૨૬-૦૮-૧૯૭૫,**
**કળશ-૬૩ થી ૬૫, પ્રવચન નં. ૧૬**

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. ૬૩મો કળશ છે.

(मालिनी)

जयति परमतत्त्वं तत्त्वनिष्णातपद्म-
प्रभमुनिहृदयाब्जे संस्थितं निर्विकारम्।
हतविविधविकल्पं कल्पनामात्ररम्याद्
भवभवसुखदुःखान्मुक्तमुक्तं बुधैर्यत्।।६३।।

આહાહા..! શુદ્ધભાવ અધિકાર છેને. મુનિ કહે છે કે શુદ્ધતત્ત્વમાં નિષ્ણાત. હું તત્ત્વમાં નિપુણ છું. ભગવાન આત્મા તત્ત્વ શુદ્ધ અખંડ આનંદ એવું જે તત્ત્વ સત્યાર્થ ત્રિકાળ જે ભૂતાર્થ એમાં હું નિપુણ છું. આહાહા..! નિમિત્ત નહિ, રાગ નહિ, પર્યાય નહિ. એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદના સાગરનું નીર એનાથી ભરેલો પ્રભુ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? સુખામૃતનો સાગર આત્મા છે. આહાહા..! એમાં નિષ્ણાત. એને જાણવું

કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં નિષ્ણાત હોય એને નિષ્ણાંત કહેવામાં આવે છે. લોકોમાં કાંઈક કહે છેને શું? આમાં નિષ્ણાત છે. ચતુર. આ લોકોમાં કહે છે, આમાં નિષ્ણાત છે. વિશેષજ્ઞ. નિષ્ણાત તો એને કહીએ કે ભગવાન પૂર્ણાનંદનો જેણે સ્વીકાર કર્યો, જેણે પર્યાયબુદ્ધિ છોડી ધર્મની શરૂઆત કરવામાં ભગવાન પૂર્ણાનંદનાથ ધ્રુવસ્વરૂપ એનો જેણે સ્વીકાર કર્યો એ જ તત્ત્વમાં નિષ્ણાત છે. આહાહા..! વ્યવહારને જાણવો, ન જાણવો એની વાત અહીં ગૌણ કરી નાખી.

આ તત્ત્વ જે ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ વીતરાગ પરમાત્મસ્વરૂપ પોતાનું નિજ હોં! આહાહા..! એમાં નિષ્ણાત '**(વસ્તુસ્વરૂપમાં નિપુણ)...**' વસ્તુ એટલે આત્મા, એના ત્રિકાળી સ્વરૂપમાં નિપુણ. આ તમારા શરાફ-ફરાફમાં નિપુણની વાત નથી. શેઠ શરાફ છેને. છોકરો કરતો હશે હવે. આહાહા..! આવી વાત છે. એ તત્ત્વ પણ ચૈતન્યતત્ત્વ હોં પાછું, એમ લીધું છે. આહાહા..! જ્ઞાયકભાવ જે નિત્યાનંદ પ્રભુ સહજાનંદના સાગરનું પૂર્ણ રૂપ નૂર-તેજ આહાહા..! એવા તત્ત્વમાં નિષ્ણાત છું. એમ પોતાની વાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં સુસ્થિત છે,...**' આહાહા..! પોતે મુનિ છેને. અમારા હૃદયમાં સ્થિત જ્ઞાનાનંદ. જ્ઞાનનું હૃદય—જ્ઞાનના ભાવમાં એ તત્ત્વ સ્થિત છે. સમજાણું કાંઈ? આહાહા..! શું વાત! કરવાની ચીજ તો આ છે. લાખ વાતની વાત કરે. કહે છે કે '**પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં...**' અંતર હૃદયકમળ તો ઠીક છે, પણ જ્ઞાનરૂપી ભાવમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનરૂપી દશામાં આ ભગવાન સ્થિત છે. આહાહા..! સમજાણું કાંઈ? હૃદયકમળ શબ્દે જ્ઞાનની પર્યાય છે અને સ્થિત છે એ ત્રિકાળી વસ્તુ. આહાહા..! સમ્યગ્દર્શનમાં... એ પર્યાય સમ્યગ્દર્શનની છે, સમ્યગ્જ્ઞાન કહો એ પણ પર્યાય છે, એમાં ભગવાન પૂર્ણ સ્વરૂપ સ્થિત છે. આહાહા..! જુઓ, આ દશા! સમ્યગ્દૃષ્ટિની એ દશા. આ તો મુનિ પોતે ટીકા કરનારા છે. આહાહા..! બીજા જાણપણા હોય ન હોય એની સાથે સંબંધ નથી. આહાહા..!

ભગવાન જ્ઞાયકસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ, એ જ્ઞાનની પર્યાયમાં સ્થિત છે. આહાહા..! સમજાણું કાંઈ? 'સુસ્થિત છે' એમ લીધું છે પાછું. એકલું સ્થિત એમ નથી, સુસ્થિત છે. આહાહા..! અમારી જ્ઞાનપર્યાયમાં ભગવાન આત્મા પૂર્ણાનંદ એ સુસ્થિત છે. આહાહા..! પર્યાયમાં આવ્યો છે. આહાહા..! આવ્યો શું, વસ્તુ તો વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો માખણની વાત છે, ભાઈ! માખણને શું કહે છે? મકખન કહે છેને? આહાહા..! સોમચંદભાઈ! આ છે.

મુનિ એને કહીએ, અરે..! સમકિતી એને કહીએ, આહાહા..! શ્રાવક એને કહીએ. એ સ્થિરતા વિશેષ હોય મુનિમાં, પણ જ્ઞાનની પર્યાયમાં ભગવાનનું સુસ્થિતપણું (છે). આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને પાંચમા ગુણસ્થાનમાં સ્થિત છે, પણ આ તો સુસ્થિત મુનિ

રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? શેઠ! આ તમારા શેઠ તો આવ્યા અહીંયાં. ૧૫-૧૬ દિ' તો થઈ ગયા હિન્દી. પછી ગુજરાતી ચાલશે. શેઠ લાભ લે છે.

**શ્રોતા :-** પાંચ-છ દિવસ પછી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પછી ગુજરાતી થશે ત્યારે. હવે આ ચાર દિ' રહ્યા. ૧૬ દિ' થયાને આજે? ચાર દિ' (રહ્યા). આહાહા..! જે ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયકસ્વભાવ એ મારી જ્ઞાનપર્યાયમાં સુસ્થિત છે. આહાહા..! મારામાં રાગ અને વ્યવહાર સુસ્થિત છે એમ નથી. પરદ્રવ્ય કે રાગ મારામાં સુસ્થિત છે એમ નથી, એ તો ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનથી માંડીને મુનિની દશા આવી હોય છે. આહાહા..! એવી વાત છે.

**'નિર્વિકાર છે,...'** ભગવાન ત્રિલોકનાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ નિર્વિકાર છે. વિકાર કેવો? ત્રિકાળ વસ્તુમાં વિકાર કેવો? અને ત્રિકાળમાં અપૂર્ણતા કેવી? આહાહા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ સમ્યગ્દર્શનનો વિષય! આ માર્ગ વીતરાગનો બહુ મુશ્કેલ લોકોને. સંપ્રદાયના આગ્રહમાં પડ્યા હોય એને આ એવું લાગે. આકરી વાત, બાપુ! આ મુનિ! મુનિ-આભાસમાં જે મુનિપણું માને છે એને આકરી વાત લાગે. માર્ગ આ તો બાપુ! માર્ગ આ છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથ સહજાનંદ પ્રભુ, આત્મ સહજાત્મસ્વરૂપ, સહજસ્વરૂપ પૂર્ણ એ નિર્વિકાર છે. નિર્વિકાર છે અમારી પર્યાયમાં સ્થિત છે. આહાહા..! અમારી પર્યાયમાં વ્યવહાર કે નિમિત્ત સ્થિત નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર આવે છે, હોય છે, પણ એને હું જાણનાર છું. જાણનારો (છું), મારી પર્યાયમાં તો સુસ્થિત ભગવાન આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ચારેય બાજુ દૃષ્ટિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ એ છે, વસ્તુ આ છે. ચાહે લાખ આગમ કહો, પણ કહેવું છે કે વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો સ્વીકાર કરી લે. એ .. શબ્દ આવ્યો હતોને? તો એમાં આશય લીધો છે. પણ કીધું એવું આવે છે કે નહિ એવું વાંચન કરે છે. પૂર્ણાનંદનો સ્વીકાર કરી લે પ્રભુ! આહાહા..! પર્યાયનો અને રાગનો સ્વીકાર છોડી દે. સમજાણું કાંઈ? હજી આ તો પ્રથમ સમ્યગ્દર્શનની ભૂમિકાની વાત છે. આહાહા..!

**'નિર્વિકાર છે, જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે,...'** એટલે કે જેમાં વિવિધ વિકલ્પનો અભાવ છે, પણ એનો જે આશ્રય લીધો અને આત્માની પર્યાયમાં સુસ્થિત થયો તો વિકલ્પનો તો નાશ થઈ જાય છે. આહાહા..! અર્થાત્ વિકલ્પની ઉત્પત્તિ થતી નથી. આ માર્ગ આકરો ભારે! પણ એનું કોઈ સાધન હશે કે નહિ? એમ લોકો કહે છે. ત્યાં શ્રીમદ્‌માં ગયા હતાને અગાસમાં. દિવસે તો વ્યાખ્યાન સાંભળ્યું બધાએ. પણ રાત્રે કહે, પણ આ નિશ્ચય બરાબર, પણ એનું સાધન? એમ કે આ ભક્તિ કરવી... 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોહી.' એ આત્મસિદ્ધિમાં આવે છે. ભાઈ! એ સાધન-ફાધન છે નહિ કોઈ. ભગવાન

આત્માનો અંતર પર્યાયમાં સ્વીકાર કરવો એ પર્યાય જ સાધન છે. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા :–** પર્યાય સાધન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય જ સાધન. પ્રજ્ઞાછીણી કહ્યુંને. સર્વવિશુદ્ધમાં લીધું છે. રાગથી ભિન્ન જે જ્ઞાન આત્મામાં લીન થયું એ જ સાધન છે. પ્રજ્ઞાછીણી કહ્યું છે. ૨૯૪ આવી ગઈ છે. આહાહા..! રાગથી ભિન્ન થઈને અહીંયા એકાકાર થયો એ જ સાધન છે. સાધક એ જ છે અને સાધ્ય પૂર્ણ દશા છે. આ તો બધું અહીં છે. સમયસાર.

'**આત્મા અને બંધનાં નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં...**' આ ભાષા છે. સમજાણું કાંઈ? '**આત્મા અને બંધ કે જેઓ ચેત્યચેતકભાવ અત્યંત નિકટતાને લીધે એક (–એક જેવા) થઈ રહ્યા છે, અને ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જાણે તેઓ એક ચેતક જ હોય એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે.**' પણ '**તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય?**' પ્રશ્ન છે, શિષ્યનો પ્રશ્ન છે. સમાધાન '**આત્મા અને બંધના નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં...**' રાગ અને આત્માની વચ્ચે સૂક્ષ્મ અંતઃસંધિ છે. આહા..! ત્રડ કહે છે અમારી ભાષામાં. ગુજરાતીમાં ત્રડ-ત્રડ કહે છે, તિરાડ છે. મોટો પત્થર હોય છેને, એમાં રગ હોય છે રગ. મોટો પત્થર હોયને લાખો મણનો, એમાં એક ઝીણી રગ હોય છે એને સંધિ કહે છે. ઉપરનો પત્થર અને એ પત્થર બે એક નથી. એ સંધિમાં સુરંગ નાખવાથી લાખો પત્થર નીકળી જાય છે. એમ ભગવાન આત્માના દળમાં અને રાગની વચ્ચે સંધિ છે. ત્રણકાળમાં એકરૂપ નથી થયા. માન્યું છે એણે. સમજાણું કાંઈ? એ અહીંયા '**પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી...**' જુઓ, '**છેદી શકાય છે અર્થાત્ જુદાં કરી શકાય છે એમ અમે જાણીએ છીએ.**' આહાહા..! આ સાધન. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા વસ્તુ ધ્રુવ છે પોતે, પણ અંદર રાગથી ભિન્ન કરીને, રાગ છે એ બંધનું લક્ષણ છે અને આત્માનું ચૈતન્ય લક્ષણ છે. તો બંધના લક્ષણને ચૈતન્યના લક્ષણથી ભગવાનને ભિન્ન કરીને. સાધન પ્રજ્ઞાછીણી ભિન્ન કરવાનું સાધન છે. સમજાણું કાંઈ? પ્રજ્ઞાછીણી આવે છેને કળશ આવે છે. '**प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः**' '**પ્રવીણ પુરુષો વડે...**' '**આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી પ્રવીણ પુરુષો વડે કોઈપણ પ્રકારે (–યત્નપૂર્વક) સાવધાનપણે પટકવામાં આવી થકી,...**' આહાહા..! '**આત્મા અને કર્મ––બંનેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં શીઘ્ર પડે છે.**' આહાહા..! '**આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં મગ્ન કરતી અને બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ કરતી એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન-ભિન્ન કરતી પડે છે.**' આહાહા..! અંતર્મુખ વળીને, રાગથી ભિન્ન કરીને અંતર્મુખ વળે છે તો બે ભિન્ન થઈ જાય છે. આ ઝીણું સૂક્ષ્મ. આ સાધન છે. એક જ સાધન

આ છે, બીજું સાધન છે જ નહિ. બીજાને તો આરોપથી કથન કરવામાં આવ્યું છે, એ (માર્ગ જ) નથી.

મોક્ષનો માર્ગ એક છે. માર્ગ કહો કે સાધન કહો કે કારણ કહો કે ઉપાય કહો, એક છે. કથન બે પ્રકારના છે, માર્ગ બે પ્રકારના નથી. એમ કારણ કહો કે સાધન કહો. એ સાધન એક જ પ્રકારનું છે. કથન બે પ્રકારનું આવે છે. પણ એ તો વચ્ચે રાગ છે એને વ્યવહારથી સાધનનું આરોપ દઈને કહે છે. એ સાધન છે જ નહિ એને કહેવું (તે વ્યવહાર થઈ ગયો). સમજાણું કાંઈ? આવી વાત. અત્યારે લોકોને સંપ્રદાયની દૃષ્ટિમાં ભારે કઠણ પડે.

**શ્રોતા :-** લોકોને ભલે કઠણ પડે પરંતુ ઘણા લોકોને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે તો લોકો સાંભળે છેને. હવે તો ઘણા.. અંદરમાં સ્વીકાર તો કરે કે ભગવાન પૂર્ણ શુદ્ધ છે એ જ હું. પર્યાય અને રાગ જેટલો હું નથી. આહાહા..! ધન્નાલાલજી! આ ધન્ય થવાનો માર્ગ છે. આહાહા..! સાચું ધન આ છે. આહાહા..!

કહે છે... ઈ કહે છે જુઓ, '**જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે,...**' અર્થાત્ જેમાં વિવિધ વિકલ્પ છે નહિ, પણ રાગથી ભિન્ન કરવાથી પોતાની પર્યાયમાં વિકલ્પનો નાશ થાય છે. આહાહા..! બહુ માર્ગ, ભાઈ! '**જેને બુધપુરુષોએ કલ્પનામાત્ર-રમ્ય એવા ભવભવનાં સુખોથી તેમ જ દુઃખોથી મુક્ત** (રહિત) **કહ્યું છે,...**' આહાહા..! ભવના સંસારના સુખની કલ્પના અને દુઃખની કલ્પના એનાથી ભગવાન રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ઈન્દ્રોમાં સુખ છે, ઈન્દ્રાણીમાં સુખ છે, પૈસામાં સુખ છે, ધનાઢ્યપણે સુખ છે, રાજપણે (સુખ છે),... એ કલ્પના સુખની છે, એ કલ્પના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? પ્રતિકૂળતા તે દુઃખ છે, શોક અને રાગાદિ દુઃખ છે. એ કલ્પનામાત્ર છે, એ આત્મામાં છે જ નહિ. આહાહા..!

'**બુધપુરુષોએ કલ્પનામાત્ર-રમ્ય...**' જુઓ, જ્ઞાનીપુરુષોએ કલ્પનામાત્ર રમ્ય ભવભવનાં સુખો. ઓહો..! ઈન્દ્રિયના વિષયના સુખ અને પ્રતિકૂળ ઈન્દ્રિયના દુઃખ, એ દુઃખોથી મુક્ત રહિત છે. ભગવાન તો મુક્ત છે. આહાહા..! આનંદનો નાથ પ્રભુ અમૃતનો સાગર નાથ, સુખ-દુઃખની કલ્પનાથી તો ભિન્ન છે, રહિત છે. આહાહા..! પર્યાયમાં છે, પણ વસ્તુમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં ગયા કાંતિભાઈ? આવ્યા છે કે નહિ? નથી આવ્યા? આવ્યા છે. સવારે કહ્યું હતું કાંઈક પછી આવ્યા હતા માફી માગવા. મેં કહ્યું, ભાઈ! તમારે માટે એમ કહ્યું હતું, કોકે જણાવ્યું માટે એમ કહ્યું હતું. રજનીના. આવ્યા હતા. ઓલા ભાગ લેતા હોયને જરી કોક રજનીના ભગત હોય, ત્યાં બેસતા હોય, જાતા હોય. તો કોકે કીધું હતું કે ત્યાં રજનીને માને છે. ભાઈ! એ કહે કે હું તો ૩૪ વર્ષથી અહીં છું. ક્યાં છે? આવ્યા હતા અંદર. મેં કીધું, કોઈએ કહ્યું હતું. બે વાર, બે વાર કહ્યું હતું. એકવાર તો બેઠા હતા અને કહ્યું હતું, પણ એણે સાંભળ્યું નથી. આ રજનીને માને છે. અરે! રજની કેવા?

અહીં ભગવાન ત્રણલોકના નાથ એની પાસે (બીજા) બધા માર્ગ ગૃહીતમિથ્યાત્વના છે. કોઈ વાત એવી કહી દે કે આ નિર્વિકલ્પ એવો. પણ એનાથી શું થયું? એ તો ભાષા થઈ, વસ્તુ શું છે? પર્યાય શું, ગુણ શું, દ્રવ્ય શું, સંયોગ એ વિકાર શું? એ ચીજ જાણ્યા વિના નિર્વિકલ્પ અને નિર્વિકાર ક્યાંથી આવ્યું તને?

**શ્રોતા :–** એમ કહે છે.. આપણને બધાને ભૂલ ખવડાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કીધી હતીને પહેલી. એ પણ કહ્યું હતુંને ભાઈને. બધા આચાર્યોએ ભૂલ ખાઈને અમને ધર્મના ખાડામાં નાખી દીધા. હવે પછી જરી કલ્પનામાત્ર ઓલું ગીતાનું લે છે, બાઈબલનું લે એવું કરીને કરે છે. અરેરે! આ બાપા માર્ગ ભાઈ! એ બધા ભ્રમણામાં ચડી ગયેલા અને અધૂરું હતું એ હું પૂરું કરવા આવ્યો છું, એમ કહે છે. મિથ્યાત્વ છે, તીવ્ર ગૃહીતમિથ્યાત્વ છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળેય નથી, બધી કલ્પના છે. આહાહા..! આ વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યું એ વસ્તુ ક્યાંય છે નહિ. એનાથી વિરુદ્ધ જેટલા માર્ગ છે એ બધા ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ક્યાં હવે ગુપ્ત રાખી છે વાત. આહાહા..! ઓહોહો..! સનાતન જૈનદર્શન અનાદિ પ્રાચીન વસ્તુ જૈનદર્શન એ અર્વાચીન નવો માર્ગ નીકળ્યો એનાથી પણ આ ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ? આ તો સનાતન-સનાતન સત્ય જૈનદર્શન, સનાતન સત્ય વસ્તુનું સ્વરૂપ. એ જૈનદર્શન કોઈ પક્ષ નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. જુઓને!

હું તો નિર્વિકાર અને વિકલ્પથી રહિત બુધપુરુષો જે સુખ-દુઃખની કલ્પના અજ્ઞાની માનતા હતા એ મારામાં છે નહિ. જુઓને પર્યાય ફેરવી. આહાહા..! આવી વાત ક્યાં છે? પર્યાય હતી, પછી નથી, દ્રવ્યમાં નથી. એ ક્યાં છે? એક બોલ કોઈ લઈ લે સમાધિ ને સમકિત ને ફલાણું, એમાં આવી ગયું? આહાહા..! સમજાણું કાંઈ? બૌદ્ધમાં એવા શબ્દો ઘણા પડ્યા છે સમકિત ને સમાધિ ને... બૌદ્ધપંથ. ક્ષણિકવાદી છે, મિથ્યાદૃષ્ટિ છે બૌદ્ધ બધા. અંદર લખ્યું છે ટીકામાં. જિનમાર્ગને છોડીને બુદ્ધ આદિ પુરુષોનો માર્ગ.. આગળ છે. બધાને છોડી દે. કોઈનો માર્ગ સાચો નથી. આહાહા..! આ પક્ષ નથી, વસ્તુનું સ્વરૂપ છે. પણ હવે શું કરીએ? એથી પહેલાં કહ્યુંને, વસ્તુમાં નિષ્ણાત. કલ્પનામાત્રથી રમ્ય તેથી રહિત છે. આહાહા..!

'**તે પરમતત્ત્વ જયવંત છે.**' આહાહા..! એ દૃષ્ટિમાં આવ્યું છે એટલે જયવંત છે એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની દૃષ્ટિમાં આ વસ્તુ આવી છે, તો કહે છે કે એ જયવંત વર્તો. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધ છે એ શુદ્ધ છે પણ ખ્યાલમાં આવ્યા વિના આ છે એવું ક્યાંથી આવ્યું? ખ્યાલમાં આવ્યું કે ઓહો..! આ તો ધ્રુવતત્ત્વ પરમાત્મા પૂર્ણાનંદસ્વરૂપ (છે) એવી અનુભવદૃષ્ટિમાં એ વસ્તુ આવી તો કહે છે કે આચાર્ય, મુનિ પરમતત્ત્વ જયવંત વર્તે છે. એ પરમતત્ત્વ જયવંત છે. આહાહા..! અનાદિની એવી ચીજ છે. એવું અમારી

દૃષ્ટિમાં આવ્યું તો જયવંત વર્તે છે એમ કહીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ એવો સૂક્ષ્મ છે. આહા..! કેટલાકને તો અહીંનું એવું લાગેને જાણે. વ્યવહાર નહિ, સંયમ નહિ, ચારિત્ર નહિ; પણ સંયમ-ચારિત્ર હોય કોને? હજી સમ્યગ્દર્શન-જ્ઞાન વિના સમ્યક્ચારિત્ર ક્યાંથી આવ્યું? અને સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછી સંયમ તરત આવે છે? તીર્થંકર જેવા ઋષભદેવ ભગવાન ૯૩ લાખ પૂર્વ રહ્યા અસંયમમાં. ભલે પાંચમું ગુણસ્થાન કહે છે. ઉત્તર પુરાણમાં આવે છેને? આઠ વર્ષે એમ કે તીર્થંકરો પાંચમાં ગુણસ્થાનને (યોગ્ય) વ્રત લે છે એમ કહે છે. ઉત્તરપુરાણમાં છે. બધા તીર્થંકરો. પણ છતાં એમાં સંયમ નથી આવ્યો. ૯૩ લાખ પૂર્વ સુધી સંયમ ન આવ્યો. એ સંયમ શું ચીજ છે! એ કાંઈ બહારથી લઈ લે એમાં સંયમ થઈ ગયો? આહાહા..!

**શ્રોતા :-** એટલે જ લોકો કહે છે કે સ્વામીજીમાં સંયમની કમી છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ ક્યાં બાપા! સંયમ એવી ચીજ કોઈ છે કે આ વાત ચાલી નહિ? એ કહે છે. એમાં કોઈ એવા ચારિત્ર નીકળ્યું? કોઈ પડિમાધારી નીકળ્યા? એમ કહે છે. ખબર છે. ભાઈ! હજી સમ્યગ્દર્શનના ઠેકાણા વિના તું આવી વાત કરે છો! આહાહા..! અને સમ્યગ્દર્શન થયા પછી પંચમ ગુણસ્થાન આવવું એ કાંઈ બહારની વાત નથી. અંતરમાં ઉગ્ર આશ્રય થતાં જે પંચમ ગુણસ્થાન આવે છે એ ભૂમિકામાં પડિમાનો વિકલ્પ હોય છે. પણ વસ્તુ જ નથી ત્યાં પડિમાનો વિકલ્પ કેમ આવે? એમ મુનિપણું પણ અંદરમાં ઉગ્ર આશ્રય લઈને જ્યારે શાંતિ... શાંતિ... શાંતિ... સ્થિરતા વધી ગઈ, પછી પંચમહાવ્રતનો વિકલ્પ પહેલા લીધો હતો એ પંચમહાવ્રતના વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! આવી વસ્તુ છે, ભાઈ! શું કરે? 'વાદવિવાદ કરે સો અંધા.' અહીં તો એ છે. 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' એ તો કહ્યુંને ઓલામાં? નિયમસારમાં આગળ આવ્યુંને. વાદવિવાદ ન કરવો. આવે છેને આમાં? '**णाणाजीवा**' વિવાદ ન કરવો, બાપુ! પોતાનું કરી લે. આહાહા..!

એક દૃષ્ટાંત આપ્યું છે એમાં કે જેમ એક લક્ષ્મીનું નિધાન મળ્યું હોય, પછી પોતે ભોગવે. એ બહાર પાડે? મારે પાંચ લાખ નીકળ્યા છે, દસ લાખ નીકળ્યા છે, દસ કરોડ નીકળ્યા છે? એમ આત્મધનને પકડી લીધું તો એ તું ભોગવને, પરની સાથે વાદવિવાદ કરવો નહિ. '**णाणाजीवा णाणालद्ध णाणाकम्मं**' એવો શબ્દ છે. પહેલા '**णाणाजीवा**' છે, પછી '**णाणालद्ध**' છે, પછી '**णाणाकम्मं**' છે. આહાહા..! આ વાત બાપુ! આ તો મહા કોઈ ભાગ્ય હોય એને તો સાંભળવા મળે અને મહા સંસારને કાંઠે આવ્યો હોય એને અનુભવ થાય. સમજાણું કાંઈ? જેનો સંસાર રહ્યો ન હોય એને સમ્યગ્દર્શન થાય છે. અર્ધપુદ્ગલ રહે એને. એ વળી એ કહે છે રતનચંદજી કે સમ્યગ્દર્શન થાય ત્યારે અર્ધપુદ્ગલ થઈ જાય છે. અર્ધપુદ્ગલ હોય ત્યારે સમ્યગ્દર્શન થાય એમ નથી. એ વળી એમ કહે છે. રતનચંદજી.

રતનલાલ. ખોટી વાત છે. એ સંસાર અર્ધપુદ્ગલપરાવર્તન રહે ત્યારે જ સમ્યગ્દર્શન થાય છે. થાય છે પુરુષાર્થથી. સમજાણું કાંઈ? પણ એટલો સંસાર... એ છે સર્વાર્થસિદ્ધમાં. સર્વાર્થસિદ્ધમાં આ શ્લોક છે, પાઠ છે. અર્ધપુદ્ગલ રહે ત્યારે સમ્યગ્દર્શન (થાય છે). એ તો કહે છે, ગમે તે પુદ્ગલપરાવર્તનમાં અર્ધપુદ્ગલમાં સમકિત પામે એમ નથી. છેલ્લો જે અર્ધપુદ્ગલ છે એ સમ્યક્‌ને લાયક થઈ જાય છે. જરી ઝીણી વાત છે.

અહીં કહે છે '**પરમતત્ત્વ જયવંત છે.**' એ પરમતત્ત્વનો જે જ્ઞાનમાં ભાસ થયો કે આ. એ જયવંત છે. ભાસ થયો એને જયવંત કહે છે. આ જ્ઞાનમાં આવ્યું નથી અને જયવંત છે એ તો શબ્દ જયવંત થયા. આહાહા..! સમજાણું કાંઈ? શું શૈલી! દિગંબર સંતોની શું શૈલી!! આહાહા..!

**શ્રોતા :-** આ સનાતન ધર્મ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જ સનાતન છે, બીજો સનાતન છે જ ક્યાં? તમારે નામ આપે છે વેદાંત સનાતન. ખબર છેને. સનાતન સત્ય વસ્તુ આ છે. પ્રાચીન વીતરાગમાર્ગ હોય તો આ છે. અનાદિનો સનાતન સત્ય એ જરીક અનુભવ ખ્યાલ... એ કહે છે. એ તો બધા કહે, ભાઈ શું કરીએ? સ્થાનકવાસી કહે અમારો અનાદિનો છે. એ તેરાપંથી નીકળ્યા છે હમણાં તુલસી એ કહે અમારો અનાદિનો છે. શું કહે? પ્રભુ! તને નુકસાન થાય છે, ભાઈ! એવા પંથમાં ગૃહીતમિથ્યાત્વનું પોષણ થાય છે. એ આત્માને લાભ નથી, ભાઈ! એનું ફળ મિથ્યાત્વનું છે. પ્રભુ! બહુ દુઃખ થશે, બહુ દુઃખ થશે. એવા જીવનો તિરસ્કાર કરવો નહિ. જાણવું. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! મિથ્યાત્વભાવ છે, ભાઈ! તને દુઃખ થશે. તું માની લે કે સંપ્રદાયમાં અમારો ધર્મ બરાબર છે. આહાહા..! પ્રભુ! અનંત સંસાર, જેના મિથ્યાત્વમાં અનંત સંસાર પડ્યો છે. આહાહા..! એ કહે કે અમે સમકિત ધર્મી છીએ અને સમકિતી છીએ. આહાહા..! શું થાય?

શ્રીમદ્દે કહ્યું છેને, 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો કરૂણા ઉપજે જોઈ.' એવી ભાષા લીધી છે. પ્રભુ! નુકસાન તને થશે. એ સંપ્રદાયદૃષ્ટિમાં ધર્મ માને છે એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? આહાહા..! અને શ્વેતાંબરમાં તો ભગવાન ત્રિલોકનાથ મહાવીર, અરે પ્રભુ! એને બે માતા, બે પિતા. સજ્જનને શોભે નહિ એ તીર્થંકરને આ! અને દ્રૌપદી મહાસતી એને પાંચ પતિ. અરે! પ્રભુ! આ ન શોભે, ભાઈ! એ કોણ છે દ્રૌપદી! સમજાણું કાંઈ? અને એના પાંચ પતિ કોણ છે! એ ધર્માત્મા છે. આહાહા..! મોક્ષગામી છે એ તો. ભલે બેને વિકલ્પ આવ્યો અને સર્વાર્થસિદ્ધમાં ગયા, સહદેવ અને નકુલ. બાકી મોક્ષગામી જીવો છે. એ ધર્માત્મા. એક સતિને આજ આ ભોગવે, બીજે દિ' આ ભોગવે. અરે પ્રભુ! જ્ઞાતાસૂત્રમાં એવું લખાણ છે. મેં નાની ઉંમરમાં સાંભળ્યું હતું અન્યમતિમાં. એ માણભટ્ટ આવે છે માણ-માણ. એમાં સાંભળ્યું હતું કે દ્રૌપદીને પાંચ પતિ. તો એક પતિને

ઘરે ૭૨ દિવસ રહે તો પછી અગ્નિમાંથી નીકળે. અગ્નિમાંથી જ્વાળામાંથી નીકળે. પછી બીજા પતિ પાસે જાય. એવું સાંભળ્યું હતું. આ જ્ઞાતાસૂત્ર શ્વેતાંબરનું એમાં તો એવો પાઠ છે... આહાહા..! દિને-દિને પાંચ ભિન્ન-ભિન્ન ભોગતે હૈ. અરરર! આજ ધર્મરાજા તો કાલે ભીમ ને કાલે અર્જુન અને ત્રીજે દિ' સહદેવ, પછી પાંચમે દિ' નકુલ. અરરર! આ તે સતિ કોણ છે, બાપા! ભાઈ! તને ખબર નથી. સતિના સ્વરૂપ કોને (કહેવા)? આહાહા..!

સીતાજીને લઈ ગયા હતા ત્યાં, રાવણ. રાવણ આવ્યો તો (કહ્યું), છેટે ઉભો રહેજે. મારા નાથ રામચંદ્રજી મારી વહારે ન આવે ત્યાં સુધી મને આંબેલ કરવાનો .. ભાવ છે. સામું જોઈશ નહિ. અમે બ્રહ્મચારિણી બાઈ સતિ છીએ. આહાહા..! ધ્યાન રાખ, અમારી સામું જોતો નહિ. આહાહા..! (એમના જેવી) દ્રૌપદીને પાંચ પતિ કહેવા એ સજ્જનતા નથી. શાસ્ત્ર કેમ કહીએ એને? શસ્ત્ર છે. આહાહા..! અમરચંદભાઈ! એ ભાઈ ઓલા ગુલાબચંદજી હતાને? એ બિચારા ગુલાબચંદજી એકલા રહેતા અને વૈરાગી માણસ. દૃષ્ટિ ખોટી. વસ્તુ તો હતી નહિ. સ્થાનકવાસીમાં તો વસ્તુ હોય નહિ, પણ વૈરાગી માણસ ભુક્ત ભોગી. શું કહેવાય ઓલા? આ ખેતર. સર્વિસ. આપણે તમારા બાપ હતા હૈ. મોજડીદાર. બીજી ભાષા શું છે એની? એ એવા હતા ગાંધી. છોકરા, બૈરા મૂકીને દીક્ષા લીધેલી. પછી એનાથી બોલાઈ ગયું. ૬૮નું ચોમાસું બોટાદમાં હતું. ૬૮. હું દુકાન છોડીને ત્યાં ગયો હતો. ત્રણ મહિના પાળિયાદ રહ્યા હતા. તો એમાં વચ્ચે બોટાદ આવતું હતું. એણે એમ કહ્યું કે, પહેલા કહ્યું એણે, કોઈને બે પતિ હોતા જ નથી. તો એવું પકડી લીધું એ સાધુએ. સ્થાનકવાસીએ. આને સિદ્ધાંતની ખબર નથી, આ ક્યાં સાધુ થઈ ગયા? ઓલા તો બ્રહ્મચર્યમાં એમ કહે બે પતિ હોય કોઈ સતિને? સાધારણને બે પતિ ન હોય. એમ બોલાઈ ગયું એનાથી. ઓલો બહુ ખ્યાલ નહિ અને (એમના) શાસ્ત્રમાં એમ છે કે દ્રૌપદીને પાંચ પતિ છે. તો મૂલચંદજી ત્યાં હતા. ઘણો વિરોધ કર્યો. આહાહા..! એવી વાત બહુ સાંભળી છે, બહુ સાંભળી. આહાહા..! એવાને શાસ્ત્ર કોણ કહે?

એક તેરાપંથી આવ્યા હતા. ત્યાં સરહાનપુર? આ શેઠિયાનું. સરદાર શહેર. સરહાનપુર તો આ તમારા સરહાનપુર અને ઓલું સરદારશહેર. સરદારશહેરના એક આવ્યા હતા અમારી પાસે અહીંયાં. કીધું, ભાઈ! દ્રૌપદીને પાંચ પતિ એ ન હોઈ શકે, ભાઈ! નહિતર પાકો તેરાપંથી. પણ શંકા પડી ગઈ એને. વાત સાચી લાગે છે. સમજાણું કાંઈ? અરે! પતિ. સતિને બીજો પતિ સ્વપ્નામાં ન હોય વિકલ્પમાં. તને ખબર નથી, બાપુ! સમજાણું કાંઈ? એવા સતિને પાંચ પતિ ઠરાવ્યા. કીધું કાળાકેર કરી નાખ્યા. વીતરાગની વાણી નહિ પણ સમકિતીની નહિ. સજ્જન પુરુષની એવી વાણી હોતી નથી. એને ભગવાનની વાણી કહીને ચલાવી, અનર્થ કરી નાખ્યો. આહાહા..! સમજાણું કાંઈ? ઠીક લાગે, ન લાગે, પ્રભુ! સત્ય વાત તો આ છે. સમજાણું કાંઈ? એય..! હસમુખભાઈ! આહાહા..!

૬૮માં એ થયું હતું, બોટાદ. તમારો તો જન્મ પછી થયો નાની ઉંમરનો. ચોમાસુ હતું એનું. ઓલી ભોજનશાળા છેને. ઓલી કોર નહિ શેઠની? હિંમતભાઈના ઓલામાં ભોજનશાળા. ત્યાં ઉતારો. હું આવ્યો હતો. તે દિ' આ વાત થઈ હતી બધી. ૬૮ની વાત પણ, ઘણા વર્ષ થઈ ગયા. ૬૮ એટલે ૩૨ અને આ ૩૧, ૬૩ વર્ષ થયા. એ વખતે આ કહ્યું. નહિ, કોઈપણ સ્ત્રીને બે પતિ? એમ ભાષણ કર્યું. એવી ભાષા જરી કડક હતી એની. એક કોર માતા જન્મે, એકકોર વહુ જન્મે અને એકકોર દીકરી જન્મે. એમ કહ્યું હતું. ઓલા કડક હતાને. એમ કહ્યા ભેગી આ વાત કહેવાઈ ગઈ એનાથી. એકકોર માતા જન્મે, એકકોર વહુ જન્મે અને એકકોર દીકરી જન્મે. આ તે કઈ જાતનો માર્ગ! એમ બોલ્યા એમાં આ બોલાઈ ગયું એનાથી. સ્ત્રીને બે પતિ હોતા જ નથી. અને (એમના) શાસ્ત્રમાં છે. એને ખ્યાલમાં નહિ વાંચન. પછી ઘણી ગડબડ થઈ ગઈ હતી. શું કરે? આહાહા..!

અહીં કહે છે કે આ પરમતત્ત્વ ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ... આહાહા..! જેમાં શુભ વિકલ્પનો પણ અભાવ છે એવો જયવંત વર્તે છે, જયવંત વર્તે છે. આ માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? ૬૪.

(मालिनी)

अनिशमतुलबोधाधीनमात्मानमात्मा<br>
सहजगुणमणीनामाकरं तत्त्वसारम्।<br>
निजपरिणतिशर्माम्भोधिमज्जन्तमेनं<br>
भजतु भवविमुक्त्यै भव्यताप्रेरितो यः।।६४।।

આહાહા..! '**જે આત્મા ભવ્યતા વડે પ્રેરિત હોય,...**' આહાહા..! મુક્તિ થવાને લાયક છે. સમજાણું કાંઈ? ભવ્યભાવનો વિપાક છે જેને. પંચાધ્યાયીમાં એમ લીધું છે. આહાહા..! ભવ્ય નામ મોક્ષ થવાની લાયકાત. તો મોક્ષ થવાની લાયકાત જેમાં થઈ ગઈ એમ કહે છે. એવા ભવ્યજીવ '**ભવ્યતા વડે પ્રેરિત...**' પોતાના ધર્મની લાયકાત વડે પ્રેરિત '**તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે...**' એવા ભવ્યજીવો. અરે આત્માઓ! આહાહા..! અરે ભગવાન! તું કોણ છો, ભાઈ! '**ભવ્યતા વડે પ્રેરિત તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર આ આત્માને ભજો...**' આહાહા..! ભલે વ્યવહાર વચ્ચે આવે છે, પણ એ તો જાણવાલાયક છે. ભગવાન ત્રિલોકનાથ એને ભજો, એનો આદર કરો, એમાં એકાગ્ર થાવ. આહાહા..! તારી ભવ્યજીવની પ્રેરિતા જે થઈ ગઈ અલ્પભવમાં તો આમ કર, પ્રભુ! આહાહા..! ધન્નાલાલજી! આહાહા..! કહો, રૂપચંદજી! એમ કહે છે. ભાઈ! તારી ભવ્યતા મોક્ષને લાયક થઈ ગઈ હોય (તો આત્માને ભજ). આહાહા..!

'**આત્મા ભવ્યતા વડે...**' શું કળશ પણ કળશ! અમૃતથી ભર્યા છે આ!! આહાહા..! ભગવાન! તારી ભવ્યતા મોક્ષને માટે લાયક થઈ ગઈ હોય... આહાહા..! '**તે આત્મા ભવથી**

**વિમુક્ત થવા અર્થે...'** ચાર ગતિના ભવથી વિમુક્ત થવા અર્થે **'નિરંતર...'** સતત ભગવાન પૂર્ણાનંદનો નાથ એને ભજો. આહાહા..! એની સેવા કરો, એમાં એકાગ્ર થાવ. પૂર્ણાનંદના નાથનો સ્વીકાર કરી લે પર્યાયમાં, પ્રભુ! આહાહા..! તારાચંદજી! આવી ચીજ છે. આહાહા..! સંતો કેવી કરૂણા કરે છે! આહાહા..! ભાઈ! તું ભગવાન, ભગવાન થવાની લાયકાત તારી થઈ ગઈ હોય તો ભગવાનને ભજ.

**શ્રોતા :-** નિરંતર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિરંતર. તારી દૃષ્ટિમાં નિરંતર ધ્રુવ રહેવો જોઈએ. નિરંતર ધ્રુવ રહેવો જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભજો—કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે,...'** આહાહા..! એ તો સમ્યગ્જ્ઞાનને આધીન છે આત્મા. કોઈ રાગને આધીન કે પરને આધીન પ્રગટ નથી થતો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનની વાણી સમવસરણમાં છૂટતી હોય. રાજકુમાર સાંભળતા હોય, ચક્રવર્તીના પુત્રો સાંભળતા હોય. આહાહા..! ફાટ-ફાટ પુરુષાર્થ ઉપડે અંદરથી. ભગવાન! તું તારી ચીજ ઉપર નજર કર. તારે ભવથી મુક્ત થવું હોય તો ભવ વિનાની ચીજ છે ત્યાં નજર કર. આહાહા..! એ રાજકુમારો સમ્યગ્દર્શન પામે છે અને વનમાં ચાલ્યા જાય છે. સંયમસહિત મુક્તિ છેને? એ સવારે ચાલે છેને. એકલા દર્શન-જ્ઞાનથી નહિ. આહાહા..! માતા! રજા દે, માતા-જનેતા! એકવાર દુઃખ લાગે તો તું રોઈ લે, મા! પણ હું ફરીને જનેતા નહિ કરું. આહાહા..! સમજાણું કાંઈ? બીજી માતા નહિ કરું.

એ ધ્રુવનું નાટક સાંભળ્યું હતું એકવાર. પ્રહલાદજી આવ્યા છેને? ગયા? મનસુર. ધ્રુવનું નાટક (હતું). એમાં ધ્રુવ અને પ્રહલાદ આવે છેને? દરબાર! સાંભળ્યું છેને? હું તો પહેલેથી નાટક પણ ધર્મના સાંભળતો હતો. ભાવનગર અમે આવ્યા હતા દુકાન છોડીને દેશમાં. તો ત્યાં ધ્રુવનું નાટક હતું. થિએટર છે સ્ટેશનની પાસે. તો ત્યાં ગયા જોવા. એ ધ્રુવ હતો. રાજકુમાર હતો. એની માતા ગુજરી ગઈ હતી. એના પિતાએ બીજા લગન કર્યા હતા. તો આણે દીક્ષા લઈ લીધી. બાવો થઈ ગયો.. આપણા નહિ. લાકડી હોય છેને. લાકડીથી આમ ત્રિદંડી. આમ જંગલમાં બેઠો હતો. પાવડી. એક ઓલું અને એક લાકડી. અને પડદો હોય છેને પડદો. લીલો પડદો. તો આમ પડદો ખોલે તો જંગલ દેખાય. પડદો સમજ્યાને? નાટકમાં. એવો જ પડદો રાખે. આમ જંગલ દેખાય. તો જંગલમાં બેઠો હતો. આહાહા..!

આમ બે બાજુથી ઉપરથી ઈન્દ્રાણી આવી. ઓલું લાકડીનું હોયને એમાં પગ રાખીને. બે બાજુથી આવી. હે કુંવર! રાજકુમાર! શું એકલો રહે છે? જો અમારું સુંદર શરીર, માખણ જેવું શરીર, મોઢું ચંદ્રમાં જેવું, આ કેળ જેવા અમારા સાથળ. સાથળને શું કહે છે? જંઘા. બહુ વખાણ કર્યા. એકવાર નજર તો કર રાજકુમાર. અમે કોણ છીએ? ઈન્દ્રાણી છીએ. પછી બહુ સાંભળીને એમ બોલ્યો, માતા! આહાહા..! મારે ભવ કરવો હશે તો તું જનેતા

તરીકે હોઈશ. બીજું કાંઈ છે નહિ. ભવ જો બાકી હશે તો, માતા! તારી કૂંખે આવીશ. આહાહા..! એ વખતે હોં. અત્યારે તો નાટક-બાટક, ફિલમ-બિલમ કાળાકેર કરી નાખ્યા છે. રસ્તામાં એક આદમી હોય અને એક બાઈ આમ કરતી હોય. અરર! એવા દેખાવ સજ્જનને શોભે? એવા તો ફિલમમાં બતાવે. એક બાઈને હાથ નાખીને ઓલો આમ કરતો હોય. અરરર! એ અનીતિ છે, એવી અનીતિ સંભવે નહિ. આહાહા..!

એ વખતે વૈરાગ્યના બહુ નાટક (હતા). આ મીરાંબાઈના, નરસિંહ મહેતાના, અનસુયાનું એક મોટું નાટક છે. અનસુયાનું મોટું નાટક. અમે તો બધા જોયા છેને. બધા જોયા છે. ઘણા. ત્યાં દુકાન ઉપર તો નિવૃત્તિ હોય સાંજે. એટલે આ કહે કે અરે! માતા! જો આ ભવમાં મોક્ષ થશે તો બીજી વાત છે, પણ મારે જન્મ કરવો પડશે તો તારી કૂંખે આવીશ, બીજી વાત તો હરામ છે. આહાહા..! એવી બ્રહ્મચર્ય દશા જ્યાં પ્રગટ દશા થઈ... આહાહા..! એને ઇન્દ્રાણી ચળાવવા આવે તો શું થયું? સમજાણું કાંઈ? એમ ભગવાન આત્માની જ્યાં દૃષ્ટિ થઈ અને એમાં સ્થિરતા જેમ થઈ સંયમ, ખલાસ થઈ ગયો. આહા..! મોક્ષ નજીક થઈ ગયો છે. એકાદ-બે ભવમાં કેવળજ્ઞાન પામીને સાદિઅનંત સિદ્ધ થઈ જશે.

એમ કહે છે કે આત્માને ભજો. આહાહા..! **'કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે,...'** જેની ઉપમા નથી એવા સમ્યગ્જ્ઞાનને આધીન ભગવાન છે. આહાહા..! સમજાણું કાંઈ? **'જે સહજગુણમણિની ખાણ છે...'** આહાહા..! સહજગુણમણિરૂપી રત્નની તો ખાણ છે, નિધાન છે. જેમાંથી અનંત-અનંત કેવળજ્ઞાન કાઢો તોપણ ત્યાં ખોટ નથી આવતી, અપૂર્ણતા નથી આવતી, હીણપ નથી આવતી. આહાહા..! એવો સહજગુણમણિ. સહજગુણમણિની ખાણ છે. આહાહા..! ભગવાન! ત્યાં નજર કરને. સમજાણું કાંઈ? દુનિયાને બેસે ન બેસે, વસ્તુ આ છે. સમજાણું કાંઈ? બહારનું મુનિપણું લે, નગ્નપણું લઈને સાધુ માને, સમ્યગ્દર્શન-જ્ઞાનના ઠેકાણા ન મળે. એવું તો અનંતવાર લીધું છે. સમજાણું કાંઈ? આત્મા અંદર આનંદના નાથના અનુભવ વિના એવો વૈરાગ્ય પણ પરથી ખસીને ઉદાસ નથી થતો. સમજાણું કાંઈ? આહાહા..! નિર્જરા અધિકારમાં લીધું છેને? જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ છે. નિર્જરા અધિકારમાં (આવે છે). સમજાણું કાંઈ? જ્ઞાન શબ્દે વસ્તુનું ભાન. આ જ્ઞાનને આધીન જે કહ્યું ઈ. અને વૈરાગ્ય શબ્દે રાગથી વિમુક્ત. આહાહા..! બે શક્તિ જ્ઞાનીને સહજ હોય છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'સહજગુણમણિની ખાણ છે, જે (સર્વ) તત્ત્વોમાં સાર છે...'** આહાહા..! એ આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ સર્વ તત્ત્વોમાં સાર આ છે. એ પહેલાં આવી ગયું ૩૮ ગાથામાં. બીજા સર્વ તત્ત્વ નાશવાન છે. કેવળજ્ઞાન, સંવર, નિર્જરા પણ નાશવાન છે. ભગવાન એક અવિનાશી તત્ત્વ ત્રિકાળ છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! ત્યાં કરને પ્રેમ પ્રભુ! અને પરનો પ્રેમ છોડને. જે તેં પરની સાથે જોડી છે એ જોડને તોડ અને અહીં

તોડી છે ત્યાં જોડી દે. આહાહા..! ભલે થોડું જાણપણું હોય, દુનિયા વિશેષ માને, ન માને એની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! એ દુનિયાને સમજાવતા આવડે મોટી સભામાં, તો એ જ્ઞાની છે એવી કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ તો ભાષાની કળા છે. એ તો આવી ગયું આપણે. ભાષા, અક્ષર આત્મામાં છે નહિ. આહાહા..! એ અક્ષર ઉઠવો અ, આ, ઉઠવો, ક, ખ, ઉઠવો એ તો જડની પર્યાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**જે (સર્વ) તત્ત્વોમાં સાર છે અને જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે.**' આહાહા..! ત્રિકાળ નિજ પરિણતિમાં મગ્ન છે અને એનો આશ્રય કરવાથી નિજ સુખસાગર પરિણતિમાં મગ્ન થાય છે. આહાહા..! આનંદની લહેરમાં મગ્ન થાય છે ઈ. જ્યાં જયવંત તત્ત્વનો સ્વીકાર થયો, તો સ્વીકારની પર્યાયમાં આનંદ આવે છે એમ કહે છે.

**શ્રોતા :-** નિજ પરિણતિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય નિર્મળ. '**નિજ પરિણતિના સુખસાગર...**' સુખસાગર આનંદ છે. પર્યાયમાં ઘણો આનંદ આવ્યો એમ કહે છે. આત્મા મગ્ન થાય છે. આહાહા..! બેય અર્થ છે. નિજ પરિણતિ ત્રિકાળ જે સ્વરૂપ છે એમાં વસ્તુ મગ્ન છે અને એવો સ્વીકાર જ્યાં કર્યો તો પરિણતિમાં આનંદમાં મગ્ન થયો ઈ. આહાહા..! ત્રણલોકના નાથની વાણી આ ક્યાં? 'કથા સાંભળી ફૂટ્યા કાન...' નથી આવતું કાંઈક?

**શ્રોતા :-** તોપણ ન આવ્યું બ્રહ્મ જ્ઞાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બ્રહ્મ જ્ઞાન. આહાહા..! આ તો કથા સાંભળતા ક્યાં આવે છે? કથા સાંભળવામાં, ભગવાનની વાણી સાંભળવામાં પરલક્ષી જ્ઞાન થાય છે. થાય છે પોતાથી, પણ એ પરલક્ષી જ્ઞાન છે, એ કાંઈ સમ્યગ્જ્ઞાન નથી. આહાહા..! વાણી જે સમવસરણમાં સાંભળી અને જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થયું એ નિમિત્ત તો વાણી છે. એ જ્ઞાન પરલક્ષી છે, એ સ્વલક્ષી જ્ઞાન નથી. આહાહા..! સમજાણું કાંઈ? પોતાને પકડવામાં એ પરલક્ષી જ્ઞાન કામ કરતું નથી. એ કહ્યુંને, અનુપમ જ્ઞાનને આધીન એ તો છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ ૬૪ થયો. ૬૫.

(द्रुतविलंबित)

भवभोगपराङ्मुख हे यते
पदमिदं भवहेतुविनाशनम्।
भज निजात्मनिमग्नमते पुन-
स्तव किमध्रुववस्तुनि चिन्तया।।६५।।

આહાહા..! '**નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા...**' ભગવાન આત્મામાં લીન. અંતર્મુખ દૃષ્ટિ કરીને જે લીન છે એવા બુદ્ધિવાળા. એ બુદ્ધિવાળા. '**તથા ભવથી ને ભોગથી પરાઙ્મુખ થયેલા હે યતિ!**' આહાહા..! જુઓ, આ યતિ. ભવના કારણો અને ભવ અને ભવના

ભોગ એનાથી પરાङ્મુખ છો પ્રભુ તું! વ્યવહારરત્નત્રયના વિકલ્પથી પણ તું પરાङ્મુખ છે. કારણ કે વ્યવહારરત્નત્રય ભોગીનો ભોગનું મૂળ છે, એનાથી પુણ્ય બંધાશે. 'ભોગીના ભોગનું મૂળ છે' એ પહેલાં આવી ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? **'પરાङ્મુખ થયેલા હે યતિ!'** આહાહા..! ઓલા બાવા યતિ થાય છે જતિ એ નહિ, હોં! આ તો યતના સ્વરૂપમાં જેની જાગી છે એ યતિ. પરની યતના છૂટી ગઈ છે અને સ્વરૂપની યતના જાગૃત થઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'હે યતિ! તું ભવહેતુનો વિનાશ કરનારા...'** આહાહા..! ચાર ગતિના ભવ. સ્વર્ગ એ પણ દુઃખરૂપ છે. ત્યાં સ્વર્ગમાં સુખ નથી, સુખ તો ભગવાન આત્મામાં છે. આહાહા..! **'તું ભવહેતુનો વિનાશ કરનારા...'** પોતાને કહે છે અને યતિને બંનેને સંબોધન કરે છે. આહાહા..! પણ કોઈ કહે કે આવું સાધન કરવામાં કોઈ સાધન હશે કે નહિ? એ ચાર આવ્યા હતાને? સવારે નહિ? જયચંદ્ર પંડિતમાં ચાર આચાર આવ્યા. પહેલા આમ, પછી આમ, પછી આમ. પછી આ ટકા જોઈ ભાઈ શીતલપ્રસાદની. બપોરે હિન્દી શું કર્યું છે? એનું કાંઈ ઠેકાણું નથી. ચાર સીઢી છે અને એનું ફલાણું છે. શીતલપ્રસાદની ટીકા છે. પ્રવચનસાર છેને, જયસેનાચાર્ય એની ટીકાનું હિન્દી કર્યું છે શીતલપ્રસાદે. બધા પુસ્તકો અહીંયા છે. બહુ ગડબડી. એ તો અહીંયાં પંદર દિ' રહ્યા હતાને, શીતલપ્રસાદ. નિમિત્તાધિન દૃષ્ટિ ઘણી હતી. આહાહા..!

કહે છે **'હે યતિ! તું ભવહેતુનો વિનાશ કરનારા એવા આ (ધ્રુવ)...'** ભગવાન. ધ્રુવને **'(ધ્રુવ) પદને ભજ;...'** આહાહા..! નિત્યાનંદના નાથનો સ્વીકાર કરીને ભજન કર ત્યાં. **'અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે?'** વિકલ્પ આદિ અધ્રુવ છે એનાથી તને શું પ્રયોજન છે? આહાહા..! જુઓ તો 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે.' એવું શ્રીમદ્દે લખ્યું છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. શ્રીમદ્‌માં એવો શબ્દ છે. ભાષા તો જુઓ દિગંબર સંતોની. આહાહા..! ફાટ-ફાટ પ્યાલા અંદર કરી નાખ્યા. એકવાર હા તો પાડ, પ્રભુ! તારી તત્ત્વની સન્મુખ જા, આશ્રય લે, આદર કર, અંગીકાર કર. અને અધ્રુવની ચિંતાથી તારે શું કામ છે? લ્યો, એ ૬૫ થયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૬, બુધવાર, તા. ૨૭-૦૮-૧૯૭૫, કળશ-૬૬ થી ૬૮, પ્રવચન નં. ૧૭**

શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ નામ ત્રિકાળી નિત્યાનંદ, સહજાનંદસ્વરૂપ સુખસાગરનું નીર એનાથી ભરેલો પ્રભુ એને અહીંયા શુદ્ધભાવ કહે છે. અહીંયા પર્યાયની વાત નથી. આ શુદ્ધભાવ અધિકાર ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય પવિત્ર પિંડ. આહાહા..! સમજાણું કાંઈ? એ કેવો છે? ૬૬.

(द्रुतविलंबित)

समयसारमनाकुलमच्युत्तं
जननमृत्युरुजादिविवर्जितम्।
सहजनिर्मलशर्मसुधामयं
समरसेन सदा परिपूजये।।६६।।

આહાહા..! ભગવાન આત્મા ત્રિકાળી '**જે અનાકુળ છે,...**' સમજાણું કાંઈ? એ તો આનંદની મૂર્તિ પ્રભુ છે. આહા..હા..! ત્યાં દૃષ્ટિ કરવાની છે એમ કહે છે. બાકી બધા થોથા છે. અનાકુળ આનંદનો નાથ છે. અનાકુળ નામ સુખસ્વરૂપ, આકુળતારહિત એમ કહ્યું તો એ અનાકુળ નામ આનંદસ્વરૂપ છે. જેમ શક્કરિયા હોય છેને શક્કરિયા? શક્કરિયા નથી હોતા? એની છાલ, વિશેષ છાલ રહિત જે આખી ચીજ છે, એકલી મીઠાશથી ભરેલા શક્કરિયા છે. શક્કરિયા સમજો છો? એ છાલને છોડીને. આહાહા..! છાલને શું કહે છે? છિલકા. એ છિલકા વિનાનું આખું દળ મીઠાશથી ભરેલું છે; એમ ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એ છાલ છે અને એક સમયની પર્યાયથી પણ રહિત અનાકુળ આનંદકંદ પ્રભુ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જે અનાકુળ છે, અચ્યુત છે,...**' પોતાના નિજાનંદ સ્વરૂપથી અસ્ખલિત છે, કદી સ્ખલિત થયો નથી. આહાહા..! પર્યાયમાં આવ્યો નથી. નિત્યાનંદસ્વરૂપ પોતાના સ્વભાવથી અસ્ખલિત. '**નિજસ્વરૂપથી નહિ ખસેલું.**' આહાહા..! એ ધ્રુવ નિત્યાનંદસ્વભાવ જે આત્મતત્ત્વ એને નિશ્ચય આત્મા કહીએ. પર્યાયને તો વ્યવહાર આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્ષાયિકસમકિતની પર્યાય કે ક્ષાયિક કેવળજ્ઞાનની પર્યાય એ પણ વ્યવહાર છે. એનાથી રહિત ભગવાન પોતાના સ્વરૂપથી કદી ચ્યુત-સ્ખલિત થયો નથી. આહાહા..! નિત્યાનંદ વજ્ર ભીંત એવી ચીજ અંદર ત્રિકાળી છે. ત્યાં દૃષ્ટિ કરવાથી, એનો આશ્રય કરવાથી, એનું અવલંબન કરવાથી ધર્મ થાય છે. બાકી બધી વાત છે. સમજાણું કાંઈ? એવી ચીજ છે. આહાહા..!

**શ્રોતા :-** આકુળતા દૂર થશે ત્યારે અનાકુળતા પ્રગટશેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ આકુળતા દૂર થાય કેમ? અનાકુળસ્વરૂપ ત્રિકાળ છે એનો આશ્રય કરવાથી અનાકુળતા પ્રગટે, ત્યારે આકુળતા દૂર થઈ જાય છે. એમાં છે ક્યાં આકુળતા? આહાહા..! અનાકુળ આનંદનો નાથ પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો એ આનંદની રક્ષા કરનારી ચીજ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદસ્વરૂપની રક્ષા નામ ત્યાંથી ચ્યુત નથી થતો, એમાં જ ભગવાન પડ્યો છે. આહાહા..! ભારે ઝીણું. લોકોને આ મૂળ તત્ત્વ ઉપર આવવું એ બહુ કઠણ પડે છે. અને એ વિના કોઈ રીતે ધર્મ ત્રણકાળમાં નથી. એ ભક્તિ કરે અને પૂજા કરે અને દાન કરે ને મંદિર બનાવે ને પૂજા હંમેશા કરે, એ તો બધી જડની ક્રિયા થવાની હોય તો થાય છે અને એમાં ભાવ (મંદ) હોય તો રાગ છે. અહીં તો એ રાગને ઘોર સંસારનું કારણ કહે છે. આહાહા..!

કેવો છે ભગવાન આત્મા? '**જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે,...**' આહાહા..! વસ્તુ કઈ રીતે જન્મે? વસ્તુમાં કઈ રીતે મૃત્યુ-અંત હોય? વસ્તુમાં શું રોગાદિ હોય? રોગાદિ, વૃદ્ધાવસ્થા આદિ અંતરમાં કાંઈ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ સુખસ્વરૂપ અચ્યુત સુખથી અને જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે.

'**સહજ નિર્મળ સુખામૃતમય છે,...**' આહાહા..! વસ્તુ એવી છે. સ્વભાવિક નિર્મળ સુખના અમૃતસ્વરૂપમય છે. આહાહા..! નિર્મળ સુખ અમૃત એમ લીધું છે. ત્રિકાળ વસ્તુ નિર્મળ સુખ અમૃતમયી આત્મા છે. આવો આત્મા શું છે એની ખબર નથી અને એ ખબર વિના કાંઈક વ્રત ને નિયમ ને તપ કરે એ બધું સંસાર રખડવા ખાતે છે. આહાહા..! ભગવાન જેમાં ભવ અને ભવનો ભાવ નથી. એવી વસ્તુ અંદર ધ્રુવ પરમાત્મસ્વભાવથી ભરેલી છે. આહાહા..! એમાં જન્મ-મૃત્યુ-રોગાદિ નથી. છે શું ત્યારે? એ તો નાસ્તિથી કહ્યું. '**સહજ નિર્મળ સુખામૃતમય છે,...**' સુખામૃતવાળો છે એમ નહિ. જેમ સાકર મીઠાશવાળી છે એમ નથી, મીઠાશમય જ છે. એવી વસ્તુ છે, એવી વાત છે. આ દિગંબર સંતોની વાણી છે. રામબાણ વાણી છે. આહાહા..! વસ્તુ એવી છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આત્માનું રામબાણ છે. આત્માની પર્યાય દ્રવ્ય ઉપર જાય તો રામબાણ છે. વાણીનું તો નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? સંતોએ,... જેમ રામનું બાણ ફરે નહિ, એક બાણે બધું ખલાસ થઈ જાય. એમ સંતોની વાણીમાં વાચ્ય જે છે... એ દિગંબર સંતો હોં, એ સિવાય નહિ. આહાહા..! કહે છે કે એ ભગવાન પોતે નિર્મળ સુખામૃતમય છે. આહાહા..!

**શ્રોતા :-** દિગંબર કહીને આપ શું કહેવા માગો છો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિગંબર કહીને આત્મા કહેવા માગીએ છીએ. દિગંબરનો અર્થ કાંઈ

કોઈ સંપ્રદાય નથી. જેમાં વિકલ્પરૂપી કપડું નથી એવો ભગવાન આત્મા છે. અને મુનિ હોય તો બાહ્ય કપડા નથી. સમજાણું કાંઈ? વિકલ્પની વૃત્તિની લાગણીરૂપી કપડું અંદરમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છેને.

સહજસ્વભાવિકસ્વરૂપ નિર્મળ સુખામૃતમય છે. સહજ નિર્મળ... આહાહા..! સુખામૃત–સુખરૂપી અમૃતમય જે આત્મા છે. આ શુદ્ધભાવ અધિકાર ચાલે છેને. એ શુદ્ધભાવ કહો કે આ કહો. પર્યાયના શુદ્ધભાવની અહીંયા વાત નથી. આહાહા..! ઈ કહેશે, હજી વિશેષ કહેશે. આહાહા..! '**તે સમયસારને...**' આહાહા..! શું મુનિરાજ કહે છે? એવા ભગવાન અમૃતના સાગરને આહાહા..! '**હું સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું.**' એનો આશ્રય કરવાથી જે વીતરાગ પર્યાય થઈ એ વીતરાગ પર્યાય દ્વારા એને પૂજું છું. આહાહા..!

**શ્રોતા :–** રાગ વડે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગ–બાગ તો વ્યભિચાર રાગ સંસારનું કારણ, ઘોર સંસાર. કહ્યુંને સવારે તો. પાંડવ જેવો ધર્માત્મા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અનુભવ સ્થિરતા (સહિત ધ્યાનમાં હતા). એવો એક વિકલ્પ આવ્યો ત્યાં બે ભવ થઈ ગયા. આહાહા..! મુક્તિ ન થઈ. મુક્તિ દૂર થઈ ગઈ, દૂર થઈ ગઈ. આહાહા..! અત્યારે સંસારમાં છે એ સર્વાર્થસિદ્ધમાં. ત્રણ તો મુક્તિએ પધાર્યા. અહીંયા નજીક છે. સાત કોષ છે, ચૌદ માઈલ. શેત્રુંજય ત્યાંથી ગયા હતા. સમજાણું કાંઈ? નગ્નમુનિ હતા હોં દિગંબર. આહાહા..! એવા ધ્યાનમાં હતા તો ત્રણ તો મોક્ષમાં ગયા. અહીંથી ચૌદ માઈલ દૂર ત્યાં ઉપર બિરાજે છે. સમશ્રેણીએ જાય છેને. આહાહા..! અહીંયાંથી સમશ્રેણીએ ગયા એવા અનંત જીવ છે. અહીંથી. અહીંથી કેવળજ્ઞાન પામીને મુક્તિએ ગયા એવા અનંત જીવ ઉપર છે. અહીંથી સમશ્રેણીએ ગયા છે. સમજાણું કાંઈ? મહાપુરુષની જે છેલ્લી સ્થિતિ એ નજીકની વાત કરે છે તો કોઈ પાંડવો ત્યાં મોક્ષ ગયા. બેને જરી વિકલ્પ આવી ગયો થોડો. એ સાધર્મીના મુનિના પ્રેમથી રાગ આવ્યો. અરે! એને શું થશે? એને તો કાંઈ નહોતું. એ તો આનંદમાં રહેતા હતા ત્રણ તો. આહાહા..! તો એક વિકલ્પમાં બે ભવ થઈ ગયા. સમ્યગ્દૃષ્ટિ, અનુભવી હતા તોપણ. આહાહા..! જે રાગથી લાભ માનનારા મિથ્યાદૃષ્ટિની તો વાત શું કરવી!

**શ્રોતા :–** આ તો સમ્યગ્દૃષ્ટિની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એવી વાત છે. જુઓને સંસાર .... ચોથે ગુણસ્થાને. આહાહા..!

જેણે ભગવાન આત્મા,... રાગથી લાભ માનનારા એ તો મહામિથ્યાદૃષ્ટિ અનંત સંસારી. આહાહા..! એ તો ઘોરસંસાર, બાપુ! આહાહા..!

ભગવાન! જિન સોહી હૈ આત્મા. જિનેન્દ્રસ્વરૂપ એ ભગવાનનું એવું જ જિનેન્દ્રસ્વરૂપ આત્માનું છે. આચાર્ય મુનિરાજ કહે છે... આહાહા..! હું એવા આત્માને સમરસ—સમતા, પરિણામ શુભાશભભાવથી રહિત. આહાહા..! જુઓ, આ પંચમ આરાના મુનિ. વળી કોઈ

કહે કે પંચમ આરામાં મુનિ બીજી જાતના હશે, પહેલા ચોથા આરાના મુનિ બીજા છે; એમ નથી, ભાઈ! તને ખબર નથી. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' વીતરાગ સ્વરૂપે ભગવાન પૂર્ણાનંદનો નાથ પોતે બિરાજે છે એની વીતરાગ પર્યાયથી પૂજા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'સમરસ (સમતાભાવ) વડે...'** મારી ચીજ જે એવી છે એ તરફનું મારો ઝુકાવ થઈ ગયો છે એ ઝુકાવના સમતાપરિણામ વીતરાગી પર્યાય છે એનાથી હું પૂજું છું. એને હું પૂજ્ય માનું છું. આ પર્યાયથી હું ભગવાનને પૂજ્ય માનું છું. આહાહા..! ક્રિયાકાંડીને તો એવું આકરું લાગે આ. પણ સાધન નહિ? આ તો બધી નિશ્ચયની વાત છે. સાધન જ આ છે, સાધન બીજું નથી. આહાહા..! ચૈતન્યના દળમાં, વળમાં આનંદ પડ્યો છે. આહાહા..! એવા ભગવાનને હું... મુનિરાજ એમ કહે છે, હું સમતારસ અતીન્દ્રિય વીતરાગી રસ, અતીન્દ્રિય વીતરાગી સમતા, વીતરાગી પર્યાય વડે આદર કરું છું, પૂજું છું. આવો માર્ગ ભારે. આહાહા..!

અહીં તો હજી ઠેકાણા નહિ વ્યવહારના અને નિશ્ચય તો ક્યાંય નહિ. આહાહા..! અહીં એમ નથી કહેતા કે અમે નગ્ન છીએ, અઠ્યાવીશ મૂળગુણ છે તો એ વડે હું વીતરાગી આત્માને પૂજું છું, એમ ન કહ્યું. આહાહા..! એ તો વસ્તુસ્થિતિ નથી. હું ભગવાન આત્માને... આહાહા..! એવું થાય છે અને એવું થશે એમ નહિ. હું.. આહાહા..! પૂર્ણાનંદનો નાથ જન્મ-મૃત્યુ રહિત, રોગાદિ રહિત, નિરોગ આનંદના ગુણથી ભરેલો, અનંત ગુણનું સામ્રાજ્ય જેમાં પડ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

એકવાર આ દિગ્વિજય છેને? જામનગર, દિગ્વિજય હતા. કરોડનો તાલુકો છે કરોડનો. પહેલા દિગ્વિજય હતા. તો અમે એના બંગલા પાસે જંગલ જતા હતા. તો એને ખબર પડી કે અહીંયા મહારાજ આવે છે. પાંચ મિનિટનો રસ્તો છે. તો એની પાસે એક રાણીના,.. સ્થાનકવાસી માણસ હતો એનો માનીતો. તો એણે કહ્યું કે મહારાજ અહીં આવે છે. તમારે દર્શન કરવા હોય તો. હેં! એ રાજાને આંખ બહુ દુઃખતી હતી. આંખ સમજ્યા? બહાર નીકળી શકતા નથી. એટલે કહે, 'મહારાજ! મારા બંગલા પાસે તો તમે જંગલમાં આવો છો. પાંચ મિનિટનો રસ્તો છે. મારા બંગલામાં આવો. મારે દર્શન કરવા છે.' ગયા. રાણી હુશિયાર બહુ. છે રાણી છે. એક ભાઈ ગુજરી ગયા. દિગ્વિજય ગુજરી ગયા. રાણી બહુ હુશિયાર છે. ઘણા કરોડો ભેગા કર્યા છે પૈસા. તો એણે રંગોળી પૂરી. રંગોળી સમજો છો? છેક મકાનમાં. બે મકાન હતા અને એના દરવાજા સુધી રંગોળી. સવારનો ટાઈમ હતો. સવારમાં જંગલ જતા હતાને. હજી દૂધ પણ પીધું નહોતું. સવારમાં જંગલ ગયા ત્યારે ગયા. મેં કીધું દરબાર! આ રાજ નહિ. આ સામ્રાજ્ય નહિ હોં! ભિખારા છે તો આ. અનંતગુણનું સામ્રાજ્ય અંદર પડ્યું છે, પ્રભુ! એનો રાજા આ આત્મા છે. સમજાણું કાંઈ? અમારે તો ક્યાં એની પાસેથી કાંઈ પૈસા-બૈસા લેવા હતા. રાણી બહુ ખુશી થઈ. આહાહા..! આ ધૂળના રાજ

નહિ, પ્રભુ! અનંતગુણનું સામ્રાજ્ય, અનંતગુણનો દેશ એનો આ નાયક આત્મા છે. ખુશીથી બિચારા સાંભળેને. લોકો બિચારાને આવું સાંભળવા મળ્યું ક્યાંથી હોય? એને કોણ કહે કે આ નહિ ધૂળ તારી. આ ધૂળના રાજા એ ભિખારા છે. ભગવાન આત્મા એક-એક ગુણ અને એવા અનંતગુણનું સામ્રાજ્ય એવો પ્રભુ બિરાજે છે અંદર. બહુ બિચારા ખુશી થયા. દસ મિનિટ બેઠા હતા. એક હજાર રૂપિયા મૂક્યા. એ તો રાજા હતા. એક હજાર જ્ઞાન ખાતે આપ્યા. આપણે નામ નાખ્યું છે એનું. એક પુસ્તકમાં નામ નાખ્યું છે. હજાર આપ્યા હતાને. આહાહા..! આ જામનગરની વાત છે. રાજકોટ પછી.

આ સામ્રાજ્ય છે, પ્રભુ! તને ખબર નથી. તારો ગરાસ અહીંયા અંદર છે. ઓહો..હો..! એક-એક ગુણની ઈશ્વરતા, એક-એક ગુણનો આનંદ એવા સામ્રાજ્યથી ભરેલો, કહો, શેઠ! આ શેઠિયા મોટા બાદશાહ કહેવાય છે ત્યાં. છે પણ વૈભવ ઘણો છે. અમે ગયા ત્યારે આ વખતે જોયો હોં. ઓલા વખતે ઓછો હતો. ભવ્ય ઘણો છે. સાધારણ કરોડપતિ કહે છે, પણ મને તો ઘણા લાગ્યા. સાત-સાત તો મોટરું ઘરે. આમ દેખાય સાધારણ માણસ.

**શ્રોતા :-** આપ વખાણ કરો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળની વાત કરીએ છીએ, ઠપકો આપીએ છીએ. મોટા ભાઈ રહેતા હતા એ છ લાખનું મકાન, ભાઈસાહેબ રહે છે એ અંદરમાં ઉંડું-ઉંડું મોટું મકાન છે. એ ધૂળ ક્યાં આત્માની હતી, પ્રભુ! એ ક્યાં બાદશાહ એનો છે? આહાહા..! રાગને બાદ કરીને શાહ પ્રભુ બિરાજે છે એને અંતરમાં લેવો એ બાદશાહ છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ શ્રીમદ્‌માં આવે છે. ભાષા શું આવે છે? શ્રીમદ્‌માં નથી આવતું? ભાષાબાદ. એય..! ચેતનજી! આવે છેને કાંઈક આવે છે. 'અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવસ્વરૂપ.' બાદ કરતાં-કરતાં, કાઢતા-કાઢતા જે રહે એ આત્માનું સ્વરૂપ છે. એવો શ્લોક છે આત્મસિદ્ધિમાં. રાગ કાઢે, પર નહિ, પર નહિ, રાગ નહિ, એક સમયની પર્યાય પણ જેમાં નથી. આહાહા..! એવો ભગવાન બિરાજે છે એનું નામ આત્મા કહે છે. આહાહા..! અરે! પ્રભુ! તને પામરતા અને પ્રભુતાની પરીક્ષા નથી. સમજાણું કાંઈ? આહાહા..! એક શુભભાવ થાય ત્યાં રાજી રાજી થઈ જાય. શુભભાવથી પુણ્ય બંધાય અને પુણ્યથી સંયોગ મળે ત્યાં હરખ (થઈ જાય). હરખ સનેપાત છે. સનેપાત સમજો છો? સનેપાત થાય છેને. દાંત કાઢે છે ખડખડ. એ દુઃખી છે બિચારો. આહાહા..! એમ આ જરી સગવડતા પાંચ, પચ્ચીસ, પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ-દસ કરોડ (મળે ત્યાં ખુશી થઈ જાય). આ અમારે પોપટભાઈ છે મોટા. કહો, સમજાણું કાંઈ? ખુશી થઈ જાય, ખુશી થઈ જાય બધા કે આહાહા..! શું છે, પ્રભુ? આહાહા..! તારા સ્વભાવના ચરણે જા નાથ! આહાહા..!

ગુરુ સમર્થ આવે છેને અંદર? ગુરુની પૂજાથી પ્રાપ્ત થયેલું એવું આવે છે. શ્લોક આવે છે. ગુરુની પૂજાથી એટલે એને બહુમાનથી મેં સાંભળ્યું, એથી પોતાથી પ્રાપ્ત થયું. એવો

પાઠ છે. કળશ આગળ છે. સમજાણું? શું છે? આ તો હિન્દી છે નહિ? શું કહ્યું? **'ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલા નિજમહિમાને જાણતો કોણ વિદ્વાન આ પરદ્રવ્ય મારું છે એમ કહે?'** ૧૩૨ કળશ છે, ૧૩૨ કળશ છે. છે એમાં? જુઓ, **'ગુરુચરણોના સમર્ચનથી...'** આહાહા..! છે? નિમિત્તપણું બતાવ્યુંને. ગુરુએ ઈ કહ્યું હતું. ગુરુએ એમ કહ્યું હતું એમ સિદ્ધ કરવું છે. તારા આનંદનો નાથ એનો તું અનુભવ કર. સમજાણું કાંઈ? તો એમ કહ્યું હતું એવું પ્રગટ કર્યું. કહ્યું હતું એવું કાર્ય અંદર પ્રગટ કર્યું. તો એ ગુરુના ચરણથી એમ કહેવામાં (આવ્યું). સમર્ચનથી છે. ભાષા જુઓ, **'ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલા નિજમહિમાને જાણતો કોણ વિદ્વાન...'** એ વળી ભાષા લીધીને સમયસારની. **'આ પરદ્રવ્ય મારું છે એમ કોણ કહે?'** આહાહા..! સમજાણું કાંઈ? બીજે ઠેકાણે પણ છે ક્યાંક. આ તો નવું છે.

મુનિરાજ કહે છે, અમારો પ્રભુ બિરાજે છે અંદર આનંદનો નાથ. હું એનો આશ્રય કરીને વીતરાગ પર્યાય જે ઉત્પન્ન થાય છે એનાથી હું ભગવાન આત્માને પૂજું છું. એ મારી પૂજા છે. સમજાણું કાંઈ? આ ભગવાનની પૂજા એ તો શુભભાવ છે. આહાહા..! ગુરુએ આમ કહ્યું હતું એમ ગુરુને સિદ્ધ કર્યા છે. ગુરુ એને કહીએ કે જે શુદ્ધાત્માનો આશ્રય કરાવે અને એમાં ધર્મ મનાવે એ ગુરુ. આ ગુરુની પરિભાષા છે. આહાહા..! એ આત્માવલોકનમાં આવે છે કે ગુરુ તો વીતરાગભાવનો જ ઉપદેશ આપે. મૂહૂ-મૂહૂ એવો પાઠ છે. આત્માવલોકનમાં છે. મૂહૂ-મૂહૂ. વીતરાગી સંતો, વીતરાગી ભાવનો મૂહૂ-મૂહૂ વારંવાર ઉપદેશ દે છે. પરની ઉપેક્ષા કરીને, સ્વની અપેક્ષા કરાવવાનો ઉપદેશ છે. આહાહા..!

**શ્રોતા :-** દેશ સેવા કે દિ' કરવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેશ સેવા કોણ કરતું હતું ધૂળ? આ અત્યારે તો વખાણ બહુ કરે ઓલા વિદ્યાનંદજીના. દેશ સેવા. બધાના વખાણ, બધાના વખાણ. અરે પ્રભુ! માર્ગ ઘણો દૂર છે. દેશ સેવા કરે, તમે સેવા કરી તમને પણ લાભ થશે. ફલાણા ને... કોણ સેવા કરે? આહાહા..! સમજાણું કાંઈ? ઓલો શેઠ હતો ઈ એમ બોલતો હતો. શાંતિલાલ ખુશાલ. ક્યાં ગયા પોપટભાઈ? છે કે નહિ? પોપટભાઈના સાળા. એ પોપટભાઈ છે એના સાળા. બે અબજ ચાલીસ કરોડ.

**શ્રોતા :-** આપ નામ લ્યો છો ત્યાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી ત્યાં. અહીં તો અનંતનો... અને એને કહ્યું પોપટભાઈએ. એના આ બનેવી છે. એણે કહ્યું પણ આ હવે ધંધો એટલો? શું અમે ધંધા માટે કરીએ છીએ? લોકોની આજીવિકા પૂરી થાય છે અનેક માણસોની. એ માટે કરતો હશે? આહાહા..! મૂર્ખાઈના કાંઈ ગામ જુદાં હોય છે? આહાહા..! એણે કહ્યું કે ભાઈ! હવે તમે શું કરવા કરો છો? આટલા પૈસા છે. શું અમે ધંધો એના માટે કરીએ છીએ? હજારો માણસોને પોષણ-

આજીવિકા મળે છે. આવા ગાંડા તે કાંઈ પાગલ છેને. એય..! પોપટભાઈ! આહાહા..!

અહીં તો ત્રણલોકનો નાથ એમ કહે કે અમારી પૂજા કરવાથી પણ તને રાગ થાય છે. આહાહા..! અમારી સામું જોવું છોડી દે, તારી સામું જો. આહાહા..! તું ત્રણલોકનો નાથ અંદર છો, બાપુ! તારામાં કોઈ ખામી નથી, અપૂર્ણતા નથી, વિકાર નથી, પૂર્ણતાનો નાથ ભર્યો છે, ભાઈ! એક-એક ગુણ પૂર્ણ અને એક-એક ગુણ ઈશ્વર, એવા તો આકાશના પ્રદેશ કરતા અનંતગુણા ગુણ. આહાહા..! એક-એક ગુણ ઈશ્વર અને એક-એક ગુણ પૂર્ણ. આહાહા..! અને એક-એક ગુણનો આનંદ. જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, શાંતિનો આનંદ, ચારિત્રનો આનંદ એવા અનંતગુણનો આનંદ. આહાહા..! સમજાણું કાંઈ? આ દુનિયામાં કહેને લક્ષ્મીનું સુખ, બાયડીની સુખ, મકાનનું સુખ, આબરૂનું સુખ. ધૂળમાંય નથી સાંભળને. એય..! મણિભાઈ! આ ગામડામાં તો શેઠિયા બધા ઓલા લાગે નહિ? તમારે ..માં નહિ? આહાહા..!

ભગવાન! સુખ ક્યાં છે? ભાઈ! તારી એક-એક શક્તિમાં અનંત સુખ છે. એવી અનંતી શક્તિનો ભંડાર તારું નિધાન પડ્યું છે. આહાહા..! એની સામું તેં નજર કદી કરી નથી. બહિર્મુખ દૃષ્ટિને છોડીને અંતર્મુખ દૃષ્ટિ કદી કરી નથી. કહે છે કે '**હું સમરસ વડે સદા પૂજું છું.**' આહાહા..! એ ૬૬ થયો. ૬૭.

(इंद्रवज्रा)

इत्थं निजज्ञेन निजात्मतत्त्व-<br>
मुक्तं पुरा सूत्रकृता विशुद्धम्।<br>
बुद्धवा च यन्मुक्तिमुपैति भव्य-<br>
स्तद्भावयाम्युत्तमशर्मणेऽहम्।।६७।।

'**એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે...**' એય..! ચેતનજી! એ કહેતા હતાને, વિદ્યાનંદજી તમને પૂછતા હતાને કે 'ભાઈ! કુંદકુંદાચાર્ય જ્ઞાની છે એ આપણે કેમ નિર્ણય કરી શકીએ?' આહાહા..! એણે કહ્યું હતું. મન્સુર. મન્સુરમાં હતાને અમે. ... કોઈએ શ્રીમદ્‌નું પૂછ્યું. પણ આપણે કુંદકુંદાચાર્ય એ પણ સમકિતી હતા કે નહિ? આહાહા..! પ્રભુ... પ્રભુ... પ્રભુ... પ્રભુ... આ મુનિરાજ ૯૦૦ વર્ષના આંતરે મુનિ પાક્યા, એ મુનિરાજ એમ કહે છે.. આહાહા..! '**પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે...**' આહાહા..! આત્માના જાણનાર અનુભવી સૂત્રકાર. મુનિરાજ ૯૦૦ વર્ષ પહેલાં થયા એનો નિર્ણય કરે છે. આહાહા..!

'**એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે...**' મુનિરાજ કહે છે કે પહેલાં જે નિજજ્ઞ નામ આત્માના જાણનાર અનુભવી એવા સૂત્રકારે '(**આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવે**) **જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું...**' જે આત્માની અંદર ક્ષાયિકભાવ નહિ, ઉપશમ નહિ, ઉદય નહિ. આહાહા..! કુળ નહિ, યોનિ નહિ, પરિભ્રમણના સ્થાન નહિ. શું કહેવાય? માર્ગણા. માર્ગણાના સ્થાન નહિ, જીવસ્થાનના સ્થાન નહિ. આહાહા..! એવા જે નિજજ્ઞ

સૂત્રકારે. આ મુનિ છદ્મસ્થ કેવળીને પૂછવા નથી ગયા. પોતે ભાઈ એમાં પરીક્ષા અંદર આવ્યા વિના ભાન થાય નહિ. આહાહા..! હવે એ આ પૂછે અને દુનિયામાં માણસો દસ-દસ હજાર (સાંભળે). કુંદકુંદાચાર્ય સમકિતી હતા કે નહિ? એ આપણે નિર્ણય શી રીતે કરીએ પરદ્રવ્યનો? આહાહા..! અમરચંદભાઈ! આ વિદ્યાનંદજી એમ કહે. અરે..! પ્રભુ! શું કરે છે, ભાઈ!

**શ્રોતા** :- આપને..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો પછી .. એને જાણે કે એના માનનારા છે માટે પૂછો એમને કાનજીસ્વામીને. આહાહા..!

અરે! એ અનુભવી છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલનારા... સમજાણું કાંઈ? દેહ છોડીને અત્યારે તો સ્વર્ગમાં છે. સ્વર્ગમાં છે ભગવાન કુંદકુંદાચાર્ય. ત્યાંથી નીકળીને એવી શક્તિ-લબ્ધિ છે કે એકાદ ભવમાં એ કેવળજ્ઞાન પામીને મોક્ષમાં ચાલ્યા જશે. એવી તાકાત છે. આહાહા..!

**શ્રોતા** :- નિજજ્ઞ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ તો નિજજ્ઞ પોતાને જાણનાર કહ્યો. પોતાના આત્માને જાણનાર આત્મજ્ઞાની થાવ. એવા મુનિરાજ છદ્મસ્થ મુનિ હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય થયા એનો નિર્ણય પંચમહાવ્રતધારી કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે...'** પૂર્વે એટલે આમાં. પહેલા કહી ગયાને? ક્ષાયિકભાવ નહિ, ઉપશમભાવ નહિ, ઉદયભાવ નથી, માર્ગણાસ્થાન નહિ, જીવસ્થાન નહિ. ઓહોહો..! એવો ભગવાન પૂર્ણાનંદનો નાથ, આત્મજ્ઞાની ભગવાન કુંદકુંદાચાર્યે **'જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું...'** જે નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્માનું એવું (વર્ણન કર્યું). **'અને જેને જાણીને...'** આહાહા..! ભગવાન કુંદકુંદાચાર્ય આત્મજ્ઞાની નિજજ્ઞ-પોતાના અનુભવી જીવ, એણે જે સૂત્રમાં પહેલા કહ્યું એ પ્રકારે જાણીને, એમ કહે છે. આહાહા..! અરે! આ તો ભાઈ! મોક્ષમાર્ગ.. આ નિયમસાર છેને. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. આહાહા..! સમજાણું કાંઈ?

શાસ્ત્રમાં એમ પણ ચાલે છે. ધવલમાં આવ્યું છે. આ જીવ કોણ છે? ભવિ છે કે અભવિ? અવગ્રહ, ઈહા, અવાય, ધારણામાં ઉપાડ્યું છે. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા હોય છેને? એમાં.. એ લૌકિકમાં એમ ઉતાર્યું છે કે આ દક્ષિણી છે કે કાઠિયાવાડી છે? પણ એમાં તો એમ ઉતાર્યું છે કે આ ભવિ છે કે અભવિ? તો એવો નિર્ણય કરવા જાય છે તો એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો નિર્ણય એને થાય છે અને થાય છે તો નક્કી કરે છે કે આ તો ભવિ જીવ છે. સમજાણું કાંઈ? ધવલમાં પાઠ છે. આહાહા..! મતિ-શ્રુતજ્ઞાનમાં. ઓહો..હો..! અવગ્રહ લીધું કે આ કોણ છે? એની ભાષા, એના ભાવ શું છે? એ ભાવને જ્યાં સમજવા વિચાર કરવા જાય છે, ત્યાં નિર્ણય થઈ જાય છે કે ઓહો..! આ જીવ તો સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની, ચારિત્રવંત છે મોક્ષમાર્ગી. એવો નિર્ણય છદ્મસ્થ મતિજ્ઞાનની અવગ્રહ, ઈહા, અવાય

ધારણામાં કરી લ્યે છે. એવો પાઠ છે. આહાહા..!

**શ્રોતા :-** ૯૦૦ વર્ષનું અંતર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, હજાર ૯૦૦ વર્ષનું અંતર. આ મુનિને. વાણીમાંથી કાઢી લીધું કે આ તો જ્ઞાની છે. આહાહા..! સમજાણું કાંઈ? એમને મળ્યા તો નથી. પણ મળે શું? એની વાણી અને ભાષાનો ન્યાય જોવે છે. ઓહો..! પોતે આ ભગવાન એમ કહે છે. આહાહા..! એક ઠેકાણે તો એમ આવે છે કે ભગવાન પૂર્ણાનંદનો નાથ, પુદ્‌ગલના નિમિત્તથી થયેલા ક્ષાયિક આદિ એ બધા પૌદ્‌ગલિક છે એમ કહે છે એકવાર. આગળ આવશે. આહાહા..! કર્મકૃત કહ્યુંને પંચાસ્તિકાયમાં? અહીં કહ્યું આગળ, અહીં આવ્યું છે. આ તો શુદ્ધભાવ અધિકાર છે. પ્રતિક્રમણ, પચ્ચખાણમાં છે. આહાહા..!

આ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ એનો અનુભવી જીવ આવો છે અને એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે એવો અવગ્રહ, ઈહા, અવાયથી નિર્ણય કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પ્રશ્ન ૭૭ની સાલમાં બહુ થયો હતો. ૭૭. કેટલા થયા? ૫૪ વર્ષ પહેલાં આ હતા ભાઈ! પોરબંદરવાળા દેવીદાસ. દેવીદાસભાઈ પોરબંદરવાળા. એણે પ્રશ્ન કર્યો ૭૭માં. ભગવાનભાઈ હતા ઓલા કચ્છી. આ શ્રીમદ્ એમ કહે કે એક ભવ કરીને મોક્ષ જશું. આવું કહી શકે? એમ પૂછ્યું હતું. ૭૭ની સાલ છે. ૫૪ વર્ષ પહેલાંની વાત. અરે! ભાઈ! મતિ અને શ્રુતજ્ઞાનની એટલી તાકાત છે કે બધું જાણી શકે છે. એવો ન્યાય કરે છે અંદર જ્યાં તર્ક ઉઠ્યો ત્યાં ન્યાયથી બધુ જાણી લ્યે. એમ કે શ્રીમદ્ છદ્મસ્થ છે, ગૃહસ્થાશ્રમમાં હતા અને એવો નિર્ણય કરી દે, કહી દે કે 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે, તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ.' આહાહા..! 'હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહી રે, હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહી રે. અમે સ્વરૂપ સાધન પૂર્ણ કરી જાશું મુક્તિકા સ્વરૂપ જો.' એ જ્ઞાની એવો નિર્ણય કરી શકે છે. આ બીજા કરે છે... આહાહા..! લોકોને આત્માની તાકાત (કેટલી છે એની ખબર નથી). આહાહા..!

એક ઠેકાણે આવ્યું છે કળશમાં. ભગવાન આત્મા અનંત બળસંપન્ન છે, અનંત બળસંપન્ન. કળશમાં આવે છે. પાછળ કોઈ એક કળશ છે. આત્મા અનંત બળસંપન્ન. એ બળવાનને પણ અજ્ઞાનપણામાં રાગને પોતાનો માને છે અને પામરતા થઈ જાય છે. આહાહા..! પુરુષાર્થ પર્યાયમાં થાય એ તો અનંતમા ભાગનો પુરુષાર્થ. ભગવાનમાં તો અનંત બળ ભર્યું છે. આહાહા..! જેને સ્વીકાર હોય એને. એક કળશ છે ક્યાંક. આ શું છે? પ્રતિક્રમણમાં ક્યાંક આવ્યું છે. .. એટલામાં છે. હા ઈ. ક્યાં? ૨૦૨? હા ઈ.

'હે ભાઈ!' જુઓ, ૨૦૨ પાને. '**સ્વાભાવિક બળસંપન્ન એવો તું...**' આહાહા..! ભાષા તો જુઓ, '**સ્વાભાવિક બળસંપન્ન એવો તું...**' પ્રભુ છો. આહાહા..! તારામાં સ્વભાવથી અનંત બળ પડ્યું છે. '**સ્વાભાવિક બળસંપન્ન એવો તું આળસ તજીને, ઉત્કૃષ્ટ**

**સમતારૂપી કુળદેવીને સ્મરીને,...**' આહાહા..! છે? ૧૪૦ ઉપર છે. ૧૪૦ કળશ છેને? એની ઉપર છે, એની ઉપર છે. આધારનો કળશ આપ્યો છે. આહાહા..! જુઓ, '**मुक्त्वालसत्वमधिसत्त्वबलोपपन्नः**' લ્યો, ઈ. આહાહા..! પ્રભુ! તું તો અનંત બળસંપન્ન છોને, નાથ! આહાહા..! અનંતબળ તારામાં પડ્યું છે. અનંતબળ. તને કોણ જીતે? આહાહા..! એવો અનંતબળ સંપન્ન પ્રભુ! આળસને છોડ હવે. આહાહા..! જુઓ, પુરુષાર્થી. આહાહા..! ઓલા કહે, ભગવાન સર્વજ્ઞે એવો કેમ ઉપદેશ કર્યો? અહીં જુઓ મુનિ કહે છે કે ભગવાન કહે, એક જ છે. આહાહા..!

હે પ્રભુ! '**સ્વાભાવિક બળસંપન્ન એવો...**' તારામાં અનંત બળસંપન્ન પ્રભુ તું છો. આહાહા..! પર્યાયમાં પુરુષાર્થ તો અનંતમા ભાગે પુરુષાર્થ આવે છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા, તું આળસ છોડ પ્રભુ હવે. આહાહા..! તારા સ્વરૂપમાં અનંતબળ પડ્યું છે, પ્રભુ! આહાહા..! એ અનંતબળ છે તો કેવળીને પર્યાયમાં અનંતબળ પ્રગટે છે. એ અનંતબળ વર્તમાનમાં છે. આહાહા..! અનંત-અનંત પુરુષાર્થનો પિંડ છે. એ તો આવી ગયું. ભાઈએ બતાવ્યુંને. સમજાણું કાંઈ? પ્રભુ! તું સહજસ્વાભાવિક અનંતબળ સંપન્ન છોને. તારી સ્વીકાર કરવાની તાકાતમાં એ બધું આવી જશે. 'હું અનંત બળસંપન્ન છું' એના સ્વીકારમાં આળસનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા :-** પર્યાયની તાકાત આટલી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં અનંત બળસંપન્ન છું એવો સ્વીકાર આવ્યો નથી. એ આત્મા અનંત બળસંપન્ન જ છે. અનંત ઈશ્વર બળસંપન્ન છે પ્રભુ. આહાહા..! એની ઈશ્વરતા અને એની મહત્તાની શું વાત? જે વાણી પણ પૂર્ણ કામ કરી શકે નહિ. આહાહા..! ભગવાને જે કાંઈ દીઠું એવું અનંતમા ભાગે વાણીમાં આવ્યું. આહાહા..! અને જેવું કહ્યું એના અનંતમા ભાગે શાસ્ત્રમાં રચના થઈ. આહાહા..! ગોમ્મટસારમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! પ્રભુ! તું અનંત બળસંપન્ન છોને. તારા સ્વીકારની આળસે એ વાત તારી રહી ગઈ છે. અનંતબળ તારું છે. એક ક્ષણમાં અજ્ઞાનનો નાશ કરીને કેવળજ્ઞાન લઈ શકે એટલું તારું બળ છે. સમજાણું કાંઈ? પણ એની પ્રતીત આવવી જોઈએને. છે પણ...

**શ્રોતા :-** આળસમાં રહી ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આળસમાં રહી ગઈ! સમજાણું કાંઈ? તે દિ' તો આ ક્યાં વાંચ્યું હતું, પણ આ વાત અમારે બહુ ચાલતી, દામોદર શેઠ સાથે ૮૩માં. ભગવાનની વાણીમાં અનંત પુરુષાર્થ આવે છે કહ્યું. એ કહે કે ભગવાન સર્વજ્ઞે જોયું કે આ સમયે કરશે, એ એવો ઉપદેશ કેમ કરે? અરે..! સાંભળતો ખરો. આવી વાણી પામરની. ત્રણલોકના નાથના શ્રીમુખે (આવ્યું). આ મુનિરાજ એમ કહે છે. તો કેવળી અનુસાર જ વાણી છે આ. પ્રભુ! તું અનંત બળસંપન્ન છો, નાથ! આહાહા..! તું પામર નથી, તું નીચ નથી, હલકો નથી, પ્રભુ! તારામાં

ચૌદ ગુણસ્થાનના ભેદ નથી. અરે..! પ્રભુ! તારામાં ક્ષાયિકપર્યાય તારામાં નથી એટલો બળસંપન્ન છો તું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! હવે આ ધૂળનું તારું સામ્રાજ્ય અને રાજ ને... એની ક્યાં માંડી છે તેં આ! આ માંડને અહીં.

આ જુઓ, '**ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવી...**' વીતરાગ પર્યાય. અહીં પૂજિત કીધુંને? અહીં કીધુંને વીતરાગ પર્યાયથી પૂજું છું. એ ભાષા અહીં આવી જુઓ, '**ઉત્કૃષ્ટ સમતા...**' વીતરાગતા-વીતરાગતા... આહાહા..! સમભાવ. ત્રિકાળ સમભાવમાંનો આશ્રય કરવાથી જે સમભાવ આવ્યો એ '**સમતારૂપી કુળદેવીને સ્મરીને,...**' આહાહા..! એનું સ્મરણ કર વીતરાગ પર્યાયનું. આહાહા..! '**અજ્ઞાનમંત્રી સહિત મોહશત્રુનો નાશ કરનારા આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.**' સમ્યગ્જ્ઞાનરૂપી ચક્ર ગ્રહણ કર. સમજાણું કાંઈ? અનંત બળસંપન્ન નાથ, તું સમ્યગ્જ્ઞાનના ચક્રને પકડ હવે અંદરમાં. તારી આળસ-બાળસ દૂર થઈ જશે. સંસારનો નાશ થઈ જશે અને કેવળજ્ઞાન તને પ્રાપ્ત થશે. એવી તારી શક્તિ છે, તને ખબર નથી. સમજાણું કાંઈ? આપણે અહીં ચાલે છેને. આ તો ૬૭ ચાલે છેને? બરાબર છે. આહાહા..!

'**આ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે...**' જુઓ, કેટલું ભર્યું છે! આહાહા..! જેને સર્વજ્ઞની હાજરી નથી, સર્વજ્ઞપણું પ્રગટ્યું નથી એ નિજજ્ઞ આત્મજ્ઞાની કુંદકુંદાચાર્ય છે. ચેતનજી! ખબર નહિ કાંઈ અને આ બહારના ઉપદેશથી લોકો રાજી થાય, રંજન. લોકરંજન. એમાં શું આવ્યું? નાથ! તને નુકસાન થશે ભાઈ! તને ખબર નથી.

**શ્રોતા :-** ... લોકરંજન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકરંજનમાં શું છે? એ તો ભાઈ અમારે તારણસ્વામી કહે છે, લોકરંજન કરનાર નરક અને નિગોદમાં જશે. એવું આવે છે, જ્ઞાનસમુચ્ચયસારમાં એવું આવે છે. તારણસ્વામીની કડકાઈ બહુ કડક છે.

કહે છે, અરે..! આત્મજ્ઞાની '**જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું...**' જે કુંદકુંદાચાર્યે આત્મતત્ત્વનું વર્ણન કર્યું એ યથાર્થ છે એમ કહે છે. '**અને એને જાણીને...**' જેણે એવું કહ્યું એવું જાણીને. આહાહા..! '**ભવ્યજીવ મુક્તિને પામે છે,...**' એવો સ્વભાવ ભગવાન ક્ષાયિકભાવથી પણ દૂર. એવા સ્વભાવનો જે અનુભવ કરે છે. આહાહા..! '**એને જાણીને ભવ્યજીવ મુક્તિને પામે છે, તે નિજાત્મતત્ત્વને...**' આહાહા..! મુનિરાજ કહે છે કે '**તે નિજાત્મતત્ત્વને...**' મારું આત્મતત્ત્વ, એમ. ભગવાનનું આત્મતત્ત્વ ભગવાન પાસે રહ્યું. આહાહા..! '**નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે...**' હું તો પૂર્ણ આનંદની પ્રાપ્તિ અર્થે '**હું ભાવું છું.**' આહાહા..! મારી ચીજની હું ભાવના કરું છું. આહાહા..! ઓહો..! વાણી તો જુઓ, દિગંબર સંતોની શૈલી તો જુઓ, આહાહા..! મારફાડ કરીને કટકા બે કરી નાખ્યા. એક ઘા ને બે કટકા. સમજાણું કાંઈ? આહાહા..! એવા આત્માને '**ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું.**' આહાહા..! ક્ષાયિકભાવ પણ જેમાં નથી એવો આત્મા એને

હું ભાવું છું. આહાહા..! સમજાણું કાંઈ? રાગ ને ફાગ તો ક્યાંય રહ્યા, સંસાર તો અંદર છે જ નહિ. આહાહા..! એ ૬૭ થયો. ૬૮.

(वसन्ततिलका)

आद्यन्तमुक्तमनघं परमात्मतत्त्वं
निर्द्वन्द्वमक्षयविशालवरप्रबोधम्।
तद्भावनापरिणतो भुवि भव्यलोकः
सिद्धिं प्रयाति भवसंभवदुःखदूराम्।।६८।।

આહાહા..! ટીકા તે પણ ટીકા! આહાહા..! મુનિરાજ... સાચા મુનિ છેને. આત્માના આનંદના સ્વાદિયા છે ચારિત્રસહિતના. આહાહા..!

'**શ્લોકાર્થ :- પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે,...**' ભગવાન જે વસ્તુ છે એ તો આદિ-અંત રહિત છે. પર્યાયની આદિ હોય છે અને પર્યાયનો અંત હોય, વસ્તુમાં આદિ-અંત છે ક્યાં? આહા..! '**પરમાત્મતત્ત્વ...**' આ પરમાતત્ત્વ એટલે આ હોં! પાછા પરમાત્મા એટલે ભગવાન નહિ. આહાહા..! '**આદિ-અંત વિનાનું છે, દોષરહિત છે,...**' છેને? નિર્દ્વંદ્વ. અનઘ એટલે દોષરહિત છે. '**નિર્દ્વંદ્વ છે...**' દ્વંદ્વ નથી. બે પ્રકાર નથી, દ્વૈતપણું જેમાં નથી. આહાહા..! એકલો અખંડાનંદ પ્રભુ એવો પરમાત્મા તારી ચીજ છે. આહાહા..! '**અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.**' આહાહા..! કેવો છે ભગવાન આત્મા? અક્ષય. અક્ષય અને વિશાળ. આહાહા..! '**ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.**' આટલા તો વિશેષણ લીધા છે. સમજાણું કાંઈ?

આમ તો ચારિત્ર અધિકારમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને અક્ષય અનંત કહ્યું, નહિ? ચારિત્ર અધિકારમાં, અષ્ટપાહુડમાં. પર્યાયને અક્ષય-અનંત કહી છે. અમેય. અમેય-મર્યાદારહિત. આહાહા..! ચારિત્ર અધિકાર, અષ્ટપાહુડ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પર્યાય છે એ અક્ષય-અમેય છે. પર્યાય. આહાહા..! મોક્ષમાર્ગની પર્યાયને અક્ષય-અમેય કહી છે. આહાહા..! ત્રણલોકના નાથમાંથી જે પર્યાય આવી તો એ અક્ષય અનંત છે તો પર્યાય અક્ષય-અમેય થઈ ગઈ. સમજાણું કાંઈ? આહાહા..! '**અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.**' વિશેષ કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૭, ગુરુવાર, તા. ૨૮-૦૮-૧૯૭૫,**
**કળશ-૬૮, ગાથા-૪૪, પ્રવચન નં. ૧૮**

શુદ્ધભાવ અધિકાર, ૬૮મો કળશ. '**પરમાત્મતત્ત્વ...**' આ સ્વરૂપ ભગવાન આત્મા જેને અહીં શુદ્ધભાવ કહ્યો, એ પરમાત્મતત્ત્વ શુદ્ધ જીવાસ્તિકાય દ્રવ્યાર્થિકનયનો વિષય ત્રિકાળ એ પરમાતત્ત્વ. આ પરમાત્મતત્ત્વ હોં! ભગવાન તત્ત્વ એ નહિ. આહાહા..! '**પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે,...**' સંસારની અનાદિ-અંત, સિદ્ધપણાની સાદિ-અનંત. આ વસ્તુ છે એ તો અનાદિ-અનંત છે. આહાહા..! સમજાણું કાંઈ? સંસારપર્યાય અનાદિ-અંત અને સિદ્ધ સાદિ-અનંત એ તો પર્યાયનો ભેદ છે. વસ્તુ છે એ તો આદિ-અંત વિનાની છે. એની શરૂઆત નથી, એનો અંત નથી. '**દોષરહિત છે,...**' તદ્દન પવિત્ર પિંડ પ્રભુ છે. આહાહા..! જેમાં સંસારના ઉદયભાવનો દોષ સ્વરૂપમાં નથી. દોષરહિત એ ભગવાન આત્મા છે. '**નિર્દ્વંદ્વ છે...**' દ્વૈતપણું એમાં નથી. આહાહા..! આત્મા અને પર્યાય એવું દ્વૈતપણું પણ દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? નિર્દ્વંદ્વ—દ્વૈત નથી, દ્વંદ્વ નથી. સંયોગી પર્યાય કે સ્વભાવિક પર્યાય, એ દ્રવ્ય અને પર્યાય બે એવી ચીજ નથી. ત્રિકાળી ચીજ તો એ દ્વંદ્વરહિત છે.

**શ્રોતા :-** પર્યાયથી દ્વંદ્વ થઈ ગયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યની સાથે પર્યાય દ્વંદ્વ થઈ ગયો, બે થઈ ગયા. ઝીણી વાત છે, બાપુ! એ ચીજને સમજવા માટે... આહાહા..!

દ્વંદ્વ આ દ્રવ્ય અને પર્યાય એવા ભેદ પણ જેમાં નથી. આહાહા..! નિર્દ્વંદ્વ છે. અદ્વૈત છે અંદર એકરૂપ વસ્તુ. આહાહા..! વેદાંત કહે છે એવું અદ્વૈત નહિ હોં! સમજાણું કાંઈ? વેદાંત તો પર્યાયને જ નથી માનતું અને એક જ આત્મા માને છે. એ તો વસ્તુ જ પાખંડ છે. અલિંગગ્રહણમાં આવ્યું છે. એક અખંડ, સર્વ આત્મા થઈને એક અખંડ આત્મા. ત્યાં તો આચાર્ય, સર્વજ્ઞ ત્રિલોકનાથ (એમ કહે છે કે) અમેહનાકાર પાખંડીઓને પ્રસિદ્ધ એવું સાધન એક આકાર લોકવ્યાપક એ આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ નિર્દ્વંદ્વ તો દ્રવ્યસ્વરૂપ વસ્તુ, એમાં પર્યાયનો પણ ખરેખર સંબંધ નથી. પર્યાય છે ખરી. રાગનો તો સંબંધ નથી, કર્મનો તો સંબંધ નથી. વસ્તુ નિર્દ્વંદ્વ એકરૂપ ત્રિકાળ પરમાત્મસ્વરૂપ જેમાં દ્વૈતપણું, દ્રવ્ય અને પર્યાય એવું બેપણું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવું સ્વરૂપ છે.

**શ્રોતા :-** એવું નિજપરમાત્મતત્ત્વ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવું પોતે નિજપરમાત્મતત્ત્વ છે. કહ્યુંને પહેલાં? આદિ-અંત વિનાનું એ તત્ત્વ છે. પર્યાયમાં તો આદિ અને અંત થઈ જાય છે, ઉત્પન્ન થાય અને નાશ પામે

છે. આહાહા..! ભગવાન આત્મામાં સંસાર ને આસ્રવ ને બંધ તો નથી, એવું દ્વંદ્વપણું તો નથી... આહાહા..! એ છ ઢાળામાં આવ્યુંને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ.' ત્યાં જગત દ્વંદ્વ ફંદની વાત છે. અહીં તો દ્વંદ્વ નામ એક દ્રવ્યમાં પર્યાયનો સંબંધ એવું તત્ત્વ છે. આહાહા..! માર્ગ પ્રભુનો બહુ સૂક્ષ્મ છે. અને એની એ સ્થિતિ પ્રાપ્ત કર્યા વિના ભવના દુઃખનો અંત આવે એવો નથી. સમજાય છે કાંઈ?

'**નિર્દ્વંદ્વ છે અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.**' આહાહા..! ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ એ તો અક્ષય છે-ક્ષય કદી થાય નહિ એવી ચીજ છે. '**વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.**' વિશાળ અનંત જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે. '**જગતમાં જે ભવ્યજનો એની ભાવનારૂપે પરિણમે છે,...**' ભાષા જુઓ. એ ભાવનારૂપ પરિણમે એ તો પર્યાય છે. સમજાણું કાંઈ? ભગવાન નિત્યાનંદ પ્રભુ ધ્રુવ એની ભાવનારૂપ પરિણમે છે. આહાહા..! ભાવના એ પર્યાય થઈ. કારણ કે પર્યાયમાં ધ્રુવ દૃષ્ટિમાં આવે છેને? કાંઈ ધ્રુવ ધ્રુવમાં દૃષ્ટિમાં આવે એમ નથી. આહાહા..! '**તેની ભાવનારૂપે...**' તેની નામ ધ્રુવ ચિદાનંદ પ્રભુ, એની ભાવનારૂપ એ તરફની એકાગ્રતારૂપ, ધ્યેય બનાવીને, ધ્યાનમાં ધ્યેય બનાવીને વિષય ધ્યેયનું, ધ્યાનમાં ધ્યેયને વિષય બનાવીને... આહાહા..! એની ભાવનારૂપે પરિણમે છે. એ વીતરાગી પર્યાય. એ આ નિયમસાર મોક્ષમાર્ગની પર્યાય. સમજાણું કાંઈ? આ તો ધીરાના કામ છે, ભાઈ! આ કાંઈ બહારથી ચીજ મળી જાય એવી આ ચીજ નથી.

ભગવાન આત્મા એક સમયમાં નિત્યાનંદ પ્રભુ સહજાનંદ સ્વભાવનો સાગર નાથ એ આત્મતત્ત્વ, એની ભાવનારૂપે પરિણમિત. આહાહા..! સમ્યગ્દર્શનનું ધ્યેય જે દ્રવ્યસ્વભાવ છે તો સમ્યગ્દર્શન એની ભાવનારૂપ પરિણતિ છે. એમ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એવી ભાવનારૂપ પરિણમે છે. '**તેઓ ભવજનિત દુઃખોથી દૂર...**' આહાહા..! ભાવનાથી પરિણમે છે ભગવાન ત્રિલોકનાથ. આહાહા..! ધ્રુવસ્વરૂપની ભાવના ધ્યેય લગાવીને. આહાહા..! જે ભાવનારૂપે પરિણમે છે એ ભવજનિત દુઃખોથી દૂર આહાહા..! '**એવી સિદ્ધિને પામે છે.**' બહુ ટૂંકી વાત. સમજાણું કાંઈ? ધ્રુવની ભાવનારૂપ પરિણમે એ નિર્મળદશા. ભવજનિત દુઃખ એ મલિનદશા એનાથી રહિત થઈ જાય છે. ધ્રુવ, એની ભાવના એ ઉત્પાદ. આહાહા..! અને ભવજનિત દુઃખ એટલે વ્યય. આહાહા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ. આહાહા..! સમજાણું કાંઈ?

કામ તો પર્યાયથી લેવું છેને? કાંઈ ધ્રુવથી લેવું છે? ધ્રુવ તો કૃત્યકૃત્ય છે. ધ્રુવસ્વરૂપ તો કૃત્યકૃત્ય છે. છે એવું કૃત્યકૃત્ય, છે જ એવું. પણ એની ભાવના પરિણમન કરનાર એ ઉત્પાદ પર્યાય છે. અને એ ભાવનાથી પરિણમિત થવાથી અશુદ્ધપણાની આકુળતા જે ભવદુઃખ એનો એ નાશ કરે છે. આહાહા..! ધ્રુવનો આશ્રય લઈને જે શુદ્ધરૂપે પરિણમે છે એ અનિત્ય એવી કર્મજનિત સુખ-દુઃખની કલ્પનાનો નાશ કરી નાખે છે. વસ્તુ શું છે? સમજાણું કાંઈ? પોપટભાઈ! આ બહુ આકરું છે હોં! ઓલા પૈસા મળી ગયા ઝટ એમ આ મળે એવું નથી.

ત્યાં કાંઈ મહેનત બુદ્ધિનું કાંઈ કામ નથી.

**શ્રોતા :-** આવી વાત સાંભળવા મળે નહિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત સાચી, વાત સાચી. એ તો બધા સાથે પંડિત હતાને. આહાહા..! આ તે વાત સાંભળવા મળે નહિ. અરેરે..! એને ક્યાં જાવું? ભાઈ! આહાહા..! ચોર્યાશી લાખની યોનિમાં ભવસિંધુમાં ડૂબકા મારવા છે એને તો. જેને ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથની ભાવના નથી, એ ભવસિંધુમાં ડૂબકા મારે છે. આહાહા..! ભાઈ! ભવજનિત દુઃખ શું છે? મિથ્યાત્વ અને આકુળતા એ દુઃખ છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ આકુળતા દુઃખ છે. એનો નાશ મિથ્યાત્વનો અને રાગ-દ્વેષનો. જુઓ, કેવું સમાડી દીધું! ધ્રુવની ભાવના નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની ભાવનારૂપ એકાગ્ર થાય છે. આહાહા..! એના મિથ્યાત્વ અને રાગ-દ્વેષ નાશ પામે છે. આહાહા..! કેવી શૈલી! ઓહોહો..! ભગવાન! તું આનંદનો નાથ છોને, પ્રભુ! તું ક્યાં સુખબુદ્ધિમાં રોકાઈ ગયો? આહાહા..! સ્ત્રીમાં સુખ, આબરૂમાં સુખ, મહિમા પોતાની બહાર પડે છે જરી લક્ષ્મી, આબરૂ, કીર્તિ એટલે સુખ. મોટી ભ્રમણા છે પ્રભુ તને. આહાહા..!

**શ્રોતા :-** .. પૈસાવાળાને સંબંધ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી. પૈસાવાળા બધા કેમ છે એ બધી ખબર નથી? આ શેઠ રહ્યા. મોટા બાદશાહ છે ત્યાં સાગરમાં તો. ઘણો વૈભવ પણ હોં એનો. શેઠનો બહુ વૈભવ ઘણો. લોકો સાધારણ માણસને તો આમ.. જેને ઘરે ૬૦-૬૦ તો મોટરું. જેને ઘરે ૬૦-૬૦ મોટરુંના સંચા સુધારવાના (સર્વિસ સેન્ટર) ઘરે. છ-છ લાખના તો મકાન. આ શેઠ રહે એ બે, ચાર, પાંચ લાખનું હશે. શોભાલાલ રહે ઈ. ત્યાં આપણે આવ્યા હતાને? આહાર કરવા આવ્યા હતા કે નહિ? તમારે ઘરે? પગલા કર્યા હતા નહિ? આહાર કરવા આવ્યા હતા. ઉંડે-ઉંડે .. આમ .. મોટું મકાન. એવા તો કેટલાય સેંકડો. કોઈ કહે, બસ્સો મકાન છે. આપણને ભાઈ ખબર નથી. કો'ક કહે એ ઉપરથી. મોટા, પણ એ દુઃખી છે હોં આકુળતામાં. આહાહા..! પોપટભાઈ! આહાહા..!

શુદ્ધ સ્વભાવને છોડીને કોઈપણ વિકલ્પ કરવો, અહીં તો શુભવિકલ્પ પણ દુઃખ છે, ત્યાં અશુભની શું વાતું કરવી? આહાહા..! એ દુકાનને સાચવવા અને દુકાનના માલ ને... આહાહા..! મહા દુઃખી છે એ. આહાહા..! એ દુઃખને ટાળવાનો ઉપાય, એક પ્રભુ ત્રિલોકનાથ એનો એને વિશ્વાસ આવીને શ્રદ્ધા થવી. પૂર્ણાનંદ સ્વરૂપ હું પૂર્ણ શુદ્ધ ધ્રુવ, અનંત આનંદની ખાણ હું છું. આહાહા..! મારી ચીજ તો અનંત સુખની ખાણ છે. આહાહા..! એમ દૃષ્ટિને પરતરફ વળેલી છે એને અંતરમાં વાળ. આહાહા..! ત્યારે એ દ્રવ્યનું માહાત્મ્ય આવ્યું, ત્યારે એ દ્રવ્યની ભાવનારૂપે પરિણમ્યો. મણિભાઈ! આવું ભારે, ભાઈ! એ '**ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે.**' આહાહા..! પદ્મપ્રભમલધારિદેવ આ કળશના ટીકાકાર.

**શ્રોતા** :- છેલ્લો કળશ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ છેલ્લો છે. ૪૪ (ગાથા).

'**અહીં (આ ગાથામાં) પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.**' દ્રવ્યાર્થિકનયનો વિષય જે શુદ્ધ ધ્રુવ એ કેવો છે એનું વર્ણન એમાં છે.

**णिग्गंथो णीरागो णिस्सल्लो सयलदोसणिम्मुक्को।**
**णिक्कामो णिक्कोहो णिम्माणो णिम्मदो अप्पा।।४४।।**

આહાહા..! ક્યાંથી ઉપાડ્યું જુઓને!

**નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,**
**નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.**

'**શુદ્ધ જીવાસ્તિકાય...**' ભાષા જુઓ ટીકા. શુદ્ધ જીવ એમ ન લેતા '**શુદ્ધ જીવાસ્તિકાય...**' શુદ્ધ જીવ, અસ્તિ અને અસંખ્ય પ્રદેશરૂપી કાય. સર્વજ્ઞ સિવાય એવું શુદ્ધ જીવાસ્તિકાયના સ્વરૂપનું વર્ણન ક્યાંય નથી. આહાહા..!

**શ્રોતા** :- જીવાસ્તિકાય કે પંચાસ્તિકાય કોઈ ધર્મમાં આવું નામ જ નથી!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, ના, હોય નહિ. હતું ક્યાં એ ઈ? સર્વજ્ઞ સિવાય એ વસ્તુ બીજે ક્યાંય હોય નહિ. આહાહા..! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' શ્રીમદ્‌માં આવે છે. ચૈતન્યઘનમાં પ્રદેશ લીધા છે. અસંખ્ય પ્રદેશ. શુદ્ધ-પવિત્ર, બુદ્ધ-જ્ઞાનનો પિંડ પ્રભુ. ચૈતન્યઘન અસંખ્ય પ્રદેશીનો પિંડ કાયા. એ એની કાયા છે. 'સ્વયં જ્યોતિ સુખધામ' સ્વયં ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ અંદર પ્રગટ છે. સુખનું ધામ. 'કર વિચાર તો પામ.' આહાહા..! 'બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.' એ એક ગાથામાં કેટલું સમાડી દીધું છે! આહાહા..! ગૃહસ્થાશ્રમમાં હીરા-માણેકના વેપાર હતા, પણ અંતરમાંથી ભિન્ન હતા. નાળિયેરનો ગોળો જેમ છૂટો હોય, ભલે બહાર ન નીકળ્યો હોય તોપણ ગડગડીયું ખડખડે અંદર. આહાહા..! એમ રાગથી, શરીરથી ભગવાનને જ્યારે ભિન્ન કર્યો તો ભિન્ન ગોળાની પેઠે અંદર (રહે છે). આહાહા..!

એ ચીજ ત્રિકાળી... ક્યાંથી ઉપાડી ભાષા જુઓ. નિર્ગ્રંથ. પર્યાયમાં જ્યારે નિર્ગ્રંથપણું પ્રગટે છે તો ક્યાંથી થાય છે? કહે છે. મુનિપણું નિર્ગ્રંથદશા જેને વસ્ત્રનો ધાગો નહિ, વસ્ત્રનો, પાત્રનો એક કટકો નથી. લેશે અંદર. છેને? ૧૪ પ્રકારના, ૧૦ પ્રકારના પરિગ્રહ. '**ક્ષેત્ર, મકાન,...**' નીચે. '**ચાંદી, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કપડાં અને વાસણ...**' એટલે પાત્ર આદિ. જેની નગ્નદશા અને જેની મુનિપણાની દશા એ વસ્ત્રરહિત એની દશા છે. એ દશા પ્રગટી ક્યાંથી? કહે છે. આહાહા..! નિર્ગ્રંથસ્વરૂપ ભગવાન ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એ '**જીવાસ્તિકાય બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહ...**' જુઓ, છેને? બાહ્ય દસ પ્રકાર અને અંદર '**મિથ્યાત્વ, ચાર કષાય અને નોકષાય...**' ચૌદ પ્રકાર. આહાહા..! જેમાં

મિથ્યાત્વનો પરિગ્રહ સ્વરૂપમાં નથી. આહાહા..! જેમાં રાગ-દ્વેષનો પરિગ્રહ સ્વરૂપમાં નથી. એવો નિર્ગ્રંથ ભગવાન અત્મા ગ્રંથ નામ રાગની એકતા જેમાં નથી. આહાહા..! એવો નિર્ગ્રંથ પ્રભુ, ત્રિકાળ નિર્ગ્રંથ ભગવાન આત્મા. આહાહા..! '**સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મના...**' '**હોવાથી નિર્ગ્રંથ છે;...**' બસ એટલું. આહાહા..! જુઓ, ભાષા ત્યાંથી ઉપાડી છે. મુનિ ભાવલિંગી સંત નિર્ગ્રંથ હોય છે. ત્યાંથી ઉપાડ્યું છે. આહાહા..! પોતાની વાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રિકાળ આત્માનું જો નિર્ગ્રંથસ્વરૂપ હોય તો પર્યાયમાં નિર્ગ્રંથપણાની દશા પ્રગટે છે. સમજાણું કાંઈ? એ નિર્ગ્રંથનો અર્થ બાહ્ય-અભ્યંતર પરિગ્રહરહિત ભગવાન આત્મા અને એનો આશ્રય કરનારની પર્યાયમાં બાહ્ય-અભ્યંતર પરિગ્રહરહિત દશા. સમજાણું કાંઈ? આહાહા..! વસ્ત્ર-પાત્રસહિત નિર્ગ્રંથમુનિપણું માનવું, એને આત્મા નિર્ગ્રંથ છે એની ખબર નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- પોતાના સ્વરૂપને નિર્ગ્રંથ તો કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ નિર્ગ્રંથ કહે, મોટા પોટલા રાખે અને નિર્ગ્રંથ કહે. આહાહા..! અહીં તો એક વસ્ત્રનો ટૂકડો રાખે તો એ નિર્ગ્રંથદશા એની પર્યાયમાં નહિ થઈ શકે. કેમકે વસ્તુ જ પોતે એવી નિર્ગ્રંથ છે. આહાહા..! સમજાણું કાંઈ?

શ્રીમદ્‌માં એક આવે છે. અરે! અમે આત્મા તો નિર્ગ્રંથ છીએ અને આ શું? આહાહા..! દૃષ્ટિનો વિષય છે તે અનુભવમાં આવ્યો એટલે પર્યાયમાં અમે નિર્ગ્રંથ છીએ. ભલે સ્થિરતા નથી. સમજાણું? પણ અમે રાગ વિનાના આત્મા ચૈતન્યની ક્રિયા વિનાના, જે ચૈતન્યની ક્રિયા રાગની કીધુંને, એ વિનાના આત્મા. પછી કહેશે જુઓ, તરત જ કહેશે.

'**ચેતન કર્મના અભાવને લીધે નીરાગ છે;...**' જુઓ, ભાષા તો. આહાહા..! પહેલા હજી આટલું લઈએ. '**બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ...**' પરિત્યાગ. પરિગ્રહના પરિત્યાગ. સમસ્ત પ્રકારના અભાવસ્વરૂપ હોવાથી. આહાહા..! જો એવો નિર્ગ્રંથ ભગવાન ન હોય તો નિર્ગ્રંથપર્યાય ક્યાંથી આવશે? ક્યાંય બહારથી આવે છે? આહાહા..! સમજાણું કાંઈ? નિર્ગ્રંથદશા એ ચારિત્રદશા અને એ મુક્તિનું મૂળ કારણ છે. ચારિત્ર ધર્મ એ મુક્તિનું કારણ. એ ચારિત્ર નિર્ગ્રંથદશા અંદરમાં. આહાહા..! ત્રણ કષાયનો અભાવ. અરે..! આ વસ્ત્ર અને વસ્ત્ર લેવાના વિકલ્પનો પણ અભાવ. આહાહા..! એવી નિર્ગ્રંથદશા, ભગવાન નિર્ગ્રંથસ્વરૂપ છે એની એકાગ્રતાથી આ દશા પ્રગટ થાય છે. એમાં છે એ પર્યાયમાં આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા નિર્ગ્રંથસ્વરૂપ જ બિરાજમાન છે. આહાહા..! એવા ત્રિકાળી ભગવાનને વિશ્વાસ, જ્ઞાનવેદન અને સ્થિરતામાં લેવાથી નિર્ગ્રંથ દશા જે પર્યાયમાં આવે છે... આહાહા..! બાપુ! અત્યારે નિર્ગ્રંથ દશા... આહા..હા..! સમજાણું કાંઈ? ભાવલિંગી સંત આવા હોય છે. એવી છે, વસ્તુ એવી છે એમ કહે છે અહીંયા. વસ્તુ નિર્ગ્રંથ છેને. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વસ્તુ પોતે નિર્ગ્રંથ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ પોતે નિર્ગ્રંથ છે. તો પર્યાયમાં નિર્ગ્રંથપણું પ્રગટે છે એ વસ્તુમાંથી દશા આવે છે. એ કોઈ રાગની મંદતા અને બહારનું છોડ્યું માટે આવી છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**શુદ્ધ જીવાસ્તિકાય...**' ભગવાન પવિત્ર છે, અસંખ્યપ્રદેશી સમુદાય એ જીવ ત્રિકાળી. એમાં બાહ્ય દસ પ્રકાર અને અભ્યંતર ચૌદ પ્રકાર (પરિગ્રહના નથી). જુઓ, આહાહા..! એમાં મિથ્યાત્વ નથી તો નિર્ગ્રંથદશામાં પણ મિથ્યાત્વ નથી. મિથ્યાત્વભાવ હોય અને મુનિપણું આવે (એમ ત્રણ કાળમાં બને નહિ). આહાહા..!

**શ્રોતા :-** પંચમકાળમાં તો આવેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું થાય બિચારાને. ભાઈ!

કુંદકુંદાચાર્ય તો મૂલાચારમાં એમ કહે છે કે અમારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હજો. કેમકે દ્રવ્યલિંગ ધારણ કર્યા અને અંતર વસ્તુ નથી, હવે એ છોડ્યું જાય નહિ, પાળ્યું જાય નહિ. છોડ્યું જાય નહિ. નગ્ન થઈ ગયા બહારમાં. શું કરે બિચારા? એક અહીંયાં આવ્યા હતાને સાધુ. મુનિ નગ્ન દિગંબર. ૮૫ વર્ષની ઉંમર હતી. ઋષભસાગર, મહારાષ્ટ્રના હતા. ચોમાસુ ઇંદોર હતું. પછી અહીંનો પરિચય થયો. નેમિચંદભાઈ ત્યાં છેને. ઇંદોરમાં નેમિચંદ પંડિત. નેમિચંદ. બહુ અહીંની રુચિવાળા છે. તો એના સંગમાં એણે સાંભળ્યું અને સમ્યગ્દર્શન પુસ્તક છેને આપણું? કેટલામો ભાગ હશે એની પાસે? આપણે હમણા છઠ્ઠો ભાગ પડ્યો બહાર. એની પાસે હશે કાંઈક. વાંચીને એને એવું બેઠું... ઓહો..! મહારાજ! તમે કહો છો એવા ભાવલિંગી સંત તો હિન્દુસ્તાનમાં નથી. પોતે દિગંબર. એવું છે. ભાઈ! દ્રવ્યલિંગ પણ શું છે એની પણ ક્યાં ખબર છે? દ્રવ્યલિંગ પણ નથી. જેને અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા જોઈએ, શાસ્ત્રની વ્યવહારશ્રદ્ધા બરાબર જોઈએ એના ઠેકાણા નથી. આહાહા..! એના માટે ચોકા કરે એ તો લે છે. ચોકા બનાવે, બનાવો ચોકા, સાથે રાખો. અરેરે! આ માર્ગ ક્યાં? અરે! વીતરાગમાર્ગથી ભ્રષ્ટમાર્ગ છે ઈ. આહાહા..! એવી વાત છે, બાપુ! દુઃખ લાગે બીજાને શું થાય? પ્રભુ! માર્ગ એવો છે. શું કરે? આહાહા..! નિર્ગ્રંથદશા ભાવ વિના એકલું નગ્નપણું એ તો અનંતવાર ધારણ કર્યું અને પંચમહાવ્રતના પરિણામ અત્યારે તો એવા છે નહિ, એવા નવમી ગ્રૈવેયક ગયો ત્યારે પંચમહાવ્રતના પરિણામ અને અઠ્યાવીશ મૂળગુણ બહુ ચોખ્ખા પાળ્યા હતા. એના માટે આહાર અને પાણીનો બિંદુ બનાવે, પ્રાણ જાય તોપણ નહોતા લેતા. એવા દ્રવ્યલિંગી હતા. એવા દ્રવ્યલિંગી અત્યારે તો નથી. આહાહા..! આકરું પડે બહુ આકરું!

**શ્રોતા :-** દ્રવ્યલિંગી પણ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યલિંગી નથી. કંઈ નથી? પણ તમારા કરતા તો સારા છે કે

નહિ? એમ કહે છે. અરે..! ભાઈ! એમ ન .... એવો બચાવ ન કરવો. ઓહોહો..!

જેમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો અભાવ છે એવી ચીજ છે ઈ. એવી ચીજનો જ્યારે અનુભવ થયો તો એને મિથ્યાત્વ, રાગનો કર્તા અને રાગનો ભોક્તા દૃષ્ટિપૂર્વક નથી રહેતું. સમજાણું કાંઈ? 'એ અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ પણ કરવાલાયક છે' એમ સમ્યગ્દૃષ્ટિને નથી રહેતું. આહાહા..! રાગનું પરિણમન જ્ઞાન જાણે છે. પર્યાયનયથી જુઓ તો રાગનું પરિણમન મારી પર્યાયમાં છે એમ જ્ઞાન જાણે છે. દૃષ્ટિની અપેક્ષાએ દ્રવ્યાર્થિકનયથી જુઓ તો એમાં નથી. આહાહા..! પણ પર્યાયનયથી જોવે તો ત્રણ કષાયનો અભાવ થયો, સાથે રાગ જે બાકી છે એ મારી પરિણતિ છે, મારી છે, મારું કર્તવ્ય છે. કર્તવ્ય નામ પરિણમન એ કર્તા. કર્તવ્ય (કરવા) લાયક છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? તો વસ્ત્ર-પાત્રવાળાની તો વાત જ શું કરવી? એય..! સ્વરૂપચંદભાઈ! શ્વેતાંબર હતા કે નહિ તમે? આ તો સમજવા માટે. જાણવા માટે વાત છે. આહાહા..!

અહીં તો કહે છે કે વસ્તુ નિર્ગ્રંથ છે. ભગવાન આત્માનો સ્વભાવ જ નિર્ગ્રંથ છે. આહાહા..! તો એવા સ્વભાવનું જેણે અવલંબન લીધું, ઉગ્રપણે, સાધારણ અવલંબન લીધું તો સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, સ્વરૂપ આચરણ છે; ઉત્કૃષ્ટપણે નહિ, પણ મધ્યમપણે આશ્રય લીધો એને નિર્ગ્રંથદશા પર્યાયમાં વીતરાગી પરિણતિ થઈ જાય છે. સમજાણું કાંઈ? અને તદ્દન ઉગ્ર પુરુષાર્થ કરે, આશ્રય લે તો કેવળજ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એવું તારું નિધાન તારામાં પડ્યું છે, કહે છે. એ નિર્ગ્રંથપણાની પર્યાય પ્રગટ કરવાનું નિધાન તારી વસ્તુ છે એમ કહે છે. આહાહા..! એ કોઈ બહારથી નથી આવતું નિર્ગ્રંથપણું. પંચમહાવ્રત લઈ લીધા અને નગ્ન થઈ ગયા માટે ભાવલિંગ થઈ ગયું-નિર્ગ્રંથપણું, એવું નથી.

ભગવાન આત્મા શુદ્ધ જીવાસ્તિકાય દ્રવ્ય વસ્તુ બાહ્ય-અભ્યંતર પરિગ્રહરહિત નિર્ગ્રંથ છે. આહાહા..! શું કુંદકુંદાચાર્યના વેણ! એમ ભગવાન આત્મા અનાદિ-અનંત નિર્ગ્રંથ છે. આહાહા..! એવો ભગવાન અનાદિ-અનંત આત્મા નિર્ગ્રંથ જ છે. એનો આશ્રય કરવાથી, અવલંબન કરવાથી સમ્યગ્દર્શન થાય છે, મધ્યમપણે અવલંબન કરવાથી છે અંદર નિર્ગ્રંથદશા એવી પર્યાયમાં પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એ પંચમહાવ્રત પાળ્યા માટે નિર્ગ્રંથદશા થઈ એમ નથી. આહાહા..!

**શ્રોતા** :- આપ કહો છો એ વાત બરાબર છે, પણ કરવું તો પડશેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું કરવું પડે? સ્વરૂપમાં કરવું છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જોલા ખાતા હતા? એ જોલા ખાય છે. ઈ ખાય છે ઘણા વખતથી. ઉઠે વહેલા અહીં ખાય જોલા. સમજાણું કાંઈ? સાંભળવામાં ધ્યાન નથી એટલે જોલા ખાય. આહાહા..! આવી વાત, છે, બાપુ! સાંભળનાર તો,... આઠમી ગાથામાં નથી કહ્યું? કે ટગ-ટગ-ટગ જોયા કરે આમ શું કહે છે? આઠમી ગાથા. આહાહા..! એને જોલા ક્યાંથી આવે? આહાહા..! બહુ આકરી વાત બાપા!

અહીં કહે છે... આહાહા..! અહીં તો નિર્ગ્રંથપણું શબ્દ આવ્યોને. જેમાં મિથ્યાત્વ અને રાગ એ નથી તો એમાં વળી વસ્ત્ર અને પાત્ર ક્યાંથી આવ્યું? તો એવો નિર્ગ્રંથ ભગવાન ત્રિલોકનાથ અનાદિ-અનંત નિર્ગ્રંથપણાથી ભર્યો છે. આહાહા..! એનો જઘન્યપણે આશ્રય કરવાથી એ સમ્યગ્દષ્ટિ થાય છે અને મધ્યમપણે આશ્રય કરવાથી નિર્ગ્રંથદશા પ્રગટ થાય છે. એમાં છે એ બહાર આવે છે. પહેલા પ્રતીતમાં આવે છે કે હું આત્મા નિર્ગ્રંથ છું. સમજાણું કાંઈ? આત્મા નિર્ગ્રંથ છે, રાગની ગાંઠ વિનાની ચીજ છે, પરના પરિગ્રહરહિત છે એવી પ્રતીતમાં નિર્ગ્રંથપણું આવે છે. પછી સ્થિરપણામાં નિર્ગ્રંથપણું આવે છે એ ચારિત્રદશા છે. આહાહા..!

**શ્રોતા :-** પહેલા પ્રતીત?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રતીતિમાં પહેલા આવે છે કે આ નિર્ગ્રંથ છે. તદ્દન નિર્દોષ નિર્ગ્રંથ, રાગ વિનાનો, ઉદયભાવ વિનાનો, બાહ્ય પરિગ્રહ તો ક્યાંય દૂર રહ્યો, એનો તો અત્યંત અભાવ. સમજાણું કાંઈ? આ તો રાગનો પણ અત્યંત અભાવ. આહાહા..! અરે..! એ વસ્તુના માહાત્મ્યની દૃષ્ટિ થાય તો એની ખબર પડે. આહાહા..! આ ચીજ એવી છે. આહાહા..! નિધાન ત્રિલોકનાથના નિધાન પડ્યા છે અંદર. ચૈતન્યરત્નથી મણિરત્નથી ભરેલો ભગવાન છે. આહાહા..! એક બોલ થયો નિર્ગ્રંથનો. આહાહા..! અરે! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, આ પદ્મપ્રભમલધારીદેવ મુનિ છે. ઓલા કહે છે રતનચંદજી કે મુનિ નહિ, આચાર્યના વચનો લાવો. કારણ કે આ મુનિના માર્ગ સાથે મેળવવા જાય તો એની શ્રદ્ધા ખોટી પડે છે. અને આચાર્યોના વચન ગંભીર હોય છે બહુ.

**શ્રોતા :-** મુનિ કહો કે આચાર્ય કહો, બેય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું એકનું એક છે. અરે..! સમકિતી હોય નહિ. એના શ્રદ્ધા અને ઉપદેશમાં ફેર છે? આહાહા..! તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત, બેય એક છે. સ્થિરતામાં, ચારિત્રમાં ફેર હોય. સમજાણું કાંઈ? ચારિત્ર ક્રમે-ક્રમે થાય છે અને સમ્યગ્દર્શનમાં ક્રમ નથી. એકસાથે પૂર્ણાનંદના નાથના અનુભવમાં પ્રતીત (થઈ જાય છે). સમજાણું કાંઈ? ભલે એ ક્ષયોપશમ, ઉપશમ હોય, પણ એનો વિષય તો પૂર્ણ જ છે. સમજાણું કાંઈ? એ સમકિતમાં ફેર નથી, એના વિષયમાં ફેર નથી. આહાહા..!

'હું પૂર્ણ નિર્ગ્રંથ છું, નિર્વિકલ્પ વસ્તુ છું, રાગના કણ વિનાની એ મારી વસ્તુ છે' એવું જ્ઞાન થઈને અનુભવમાં પ્રતીત થવી એ તો પ્રથમ સમ્યગ્દર્શન છે. આહાહા..! પછી સ્વરૂપનો વિશેષ આશ્રય લઈને, વિશેષ સન્મુખ થઈને, વિશેષ અભિમુખ થઈને... આહાહા..! નિર્ગ્રંથપણું જે સ્વભાવમાં છે એ પર્યાયમાં આવે છે. આહાહા..! આમાં પક્ષ કોનો છે? કે દિગંબર તમારો પક્ષ છે. આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. વસ્તુનું સ્વરૂપ એવું છે તો ... દિગંબર ધર્મ કોઈ પક્ષ નથી, વસ્તુનું સ્વરૂપ છે. નિર્ગ્રંથ કહ્યુંને. આહાહા..! અમરચંદભાઈ! આહાહ..!

**શ્રોતા :-** વસ્તુ જ નિર્ગ્રંથ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મૂળ વસ્તુ નિર્ગ્રંથ છે. એ નિર્ગ્રંથ છે એ જ દિગંબર છે. આહાહા..! જેને રાગ અને વિકલ્પની લાગણીનો જેમાં અભાવ છે એવી ચીજ જ દિગંબર છે. આહાહા..! સમજાણું કાંઈ? ઈ એક બોલ થયો.

હવે કહે છે કે નીરાગ છે. નીરાગની વ્યાખ્યા કરે છે. '**સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મના અભાવને લીધે...**' જુઓ, ભાષા. જડ કર્મની તો એકકોર રાખો એ તો ગઈ એમાં. હવે અહીં તો વિશેષ સ્પષ્ટ કરતાં (કહે છે કે) '**સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મના અભાવને લીધે...**' જે ચૈતન્યની પરિણતિનું કાર્ય. આહાહા..! ભાવકર્મના અભાવને લીધે. આહાહા..! એ કારણે ભગવાન નીરાગ છે. સમજાય છે કાંઈ? સાધારણ સાધનમાં જેને બહારમાં પ્રેમ આવે, સાધારણ વાતમાં જેનું વીર્ય રોકાઈ જાય ત્યાં, ઉલ્લસિત થઈ જાય, કાંઈક સુંદર શરીર, સુંદર મકાન, સુંદર લક્ષ્મી, આબરૂ એ તો માણસને અંદર જવાની તાકાત નથી એની. સમજાણું કાંઈ? આહાહા..! અને બહારની મોટપનો જ્યાં અંદર અંશે પણ રસ હોય એને અંતરની મોટપ નહિ સૂઝે. આહાહા..! મને બોલતા આવડે છે, કહેતા આવડે છે. એમ પણ જેને ભાવ મોટપનો હોય... આહાહા..! એને આ વાત નહિ બેસે. સમજાણું કાંઈ? કેમકે એ ભગવાન નિરાગ છે એમ કહે છે. જેને નિરાગપણું છે જે વસ્તુમાં એને પહોંચવા માટે પરના રાગનો તો એને ત્યાગ અંદર કરવો જ પડશે. આહાહા..! વિકલ્પથી માંડીને બધી ચીજ પ્રત્યે જેની ઉદાસીનતા છે, એમ કહે છે. એવો ભગવાન નીરાગ છે, તો એની પર્યાયમાં પણ એવી દશા પ્રગટ થાય છે. આહાહા..! આ તો થોડું લખ્યું ઘણું કરીને જાણજો એમ કહે છે. આહાહા..! સકળ મોહ. પર તરફની સાવધાનીનો જરા પણ અંશ રાગ-દ્વેષસ્વરૂપ ચૈતન્યકાર્ય, એ ચેતનનું કાર્ય છે પરિણમનનું. આહાહા..!

એવા '**ચેતન કર્મના અભાવને લીધે નીરાગ છે;...**' એમ ચૈતન્યના વિકારી શુભકર્મ એનાથી પણ ભગવાન ભિન્ન છે, તો એવો નીરાગ આત્મા છે. આહાહા..! આ સ્ત્રી મારી અને આ પુત્ર મારા, આ મકાન, હજીરા... હજીરા કહીએ છીએ એને. એય..! શેઠ! બે-પાંચ માળનું મકાન મોટું કરેને. લોટીયા વોરામાં એને હજીરા કહે છે. અહીં જામનગર છેને જામનગર? નદીની બહાર હજીરા છે મોટા. હજીરા એટલે ત્યાં બાળે અને દાટે. બાળે તો નહિ, દાટે. દાટ્યા ઉપર મકાન કરે એને હજીરો કહે. જામનગર છે મોટું. ઘણી વસ્તી છેને એટલે. આહાહા..! ત્યાં ઘણે ઠેકાણે છે. હળવદ-હળવદ. હળવદમાં બહાર મોટું છે. લોટીયા વોરા. અમે ગયા હતાને એક ફેરી. ત્યાં એનો મોટો આવ્યો મુલ્લો મોટો એ વ્યાખ્યાનમાં આવ્યો હતો. ૧૪મી સાલમાં જામનગર ગયા ત્યારે. જુવાન હતો. ઘણું માણસ આવેને. પહેલા વહેલા ગયેલા અમે. ૧૪ની સાલની વાત છે. ૧૯ વર્ષ થઈ ગયા. તો એનો મુલ્લો આવ્યો હતો એ વ્યાખ્યાનમાં આવ્યો હતો. જુવાન હતો. માર્ગ બાપુ આ છે. આહાહા..! એ પણ આત્મા છેને, પ્રભુ! એ કાંઈ આત્મા કાંઈ બીજો છે? આહાહા..!

આ રાજકોટમાં મુલ્લા છેને. જીવાજીભાઈ મુલ્લા. આહાહા..! એટલું એને વાંચન અને મનન પ્રથમ તો આ બધું સાંભળીને જંગલમાં જતા ધ્યાન કરવા. મુસલમાન લોટીયા વોરા. સમજાણું? હવે તો એનું શરીર જીર્ણ થઈ ગયું. .. કંપે-ધ્રુજે. એકવાર આવે દર્શન કરવા છોકરાને લઈને. આ ફેરી આવ્યા હમણા. દસ દિવસ રહ્યા, નવ દિવસ રહ્યાને નવ દિ'. આહાહા..! પછી બોલ્યા.. 'આહાહા..! શું અલિંગગ્રહણનો ૧૮, ૧૯, ૨૦મો બોલ!' તારાચંદજી! એ મુસલમાન. અલિંગગ્રહણનો શું ૧૮, ૧૯, ૨૦મો બોલ! જે ગુણભેદને સ્પર્શે નહિ આત્મા, પર્યાયને સ્પર્શે નહિ આત્મા, પર્યાય દ્રવ્યને સ્પર્શે નહિ. આહાહા..! લ્યો! આવી વાત કાઢી એણે. એમને એમ ઓઘે-ઓઘે નહિ. આ વાત તે વાત છે. એય..! મણિભાઈ! આ વાણિયાને ખબર નથી કેટલાક ૨૫-૫૦ વર્ષથી હોય તોપણ. આવ્યા હતા હમણા બિચારા. છોકરાને લઈને આવે. શરીર બહુ ધ્રુજેને. દર્શન કરવા આવે બપોરના.

એક ફેરી તો આવ્યા ત્યારે પોર કે પરાર. તે દિ' ભાઈ આવ્યા હતા ઓલા ઢેબરભાઈ. ઢેબરભાઈ આવ્યા હતા અને ઓલો બીજો સાથે હતોને, છગન શું કહેવાય? જ્યોતિષ. છગન જોષી. એ બે આવ્યા ત્યારે એ બેઠા હતા પછી બીજા સાંભળતા હતા. આ વખતે તો બરાબર એકલા આવ્યા હતા. કોઈ નહોતું. પછી શું પ્રસન્નતા બતાવતા હતા! આહાહા..! ડાલચંદજી! વોરો મુસલમાન. ૧૯૮૯ની સાલથી વ્યાખ્યાનમાં કાયમ આવે, કાયમ આવે. અહીં પણ એના કોક છોકરાને .. કાયમ સાંભળવા માઈલ ચાલીને આવે માઈલથી. અને પાછું આ .. કેવી વાત! કે હજી જૈનોને પકડવી, સમજવી કઠણ પડે. આહાહા..! શું વાત કહે ૧૮, ૧૯, ૨૦ની! અલિંગગ્રહણના છેલ્લા બોલ. આપણે અહીં વંચાઈ ગયા છે શરૂઆતમાં.

એ દ્રવ્ય છે એ ગુણને સ્પર્શતું નથી. આહાહા..! પહેલા બોલમાં. અભેદ એ ભેદમાં આવતો નથી, ભેદને સ્પર્શતો નથી. આહાહા..! તારાચંદજી! લોટીયો વોરો. પછી બીજામાં, દ્રવ્ય પર્યાયને અડતી નથી. ૧૯મો બોલ એ છે. હમણા બે વાર ચાલી ગયું. આ ક્લાસ પહેલાં ચાલી ગયું વિસ્તારથી, પછી ક્લાસમાં થોડા દિવસ ચાલ્યું હતું શરૂઆતમાં. ઓહોહો..! ભગવાન દ્રવ્યસ્વરૂપ એ તો પહેલાં કહ્યુંને નિર્દ્વંદ્વ છે. દ્રવ્ય નિર્દ્વંદ્વ છે. પર્યાયને સ્પર્શતું નથી. આહાહા..! રતિભાઈ! આ એમના શેઠ છે ત્યાં. ગામમાં આવા વોરા છે મંડળમાં. આહાહા..! હજી છે અવ્યક્ત પણ એને પ્રેમ ઘણો થઈ ગયો છે. આહાહા..! અમે મુસલમાન એને આ ચીજ! આ શું ચીજ છે આ તે! શેઠ! અને જૈનમાં જન્મ્યા ૫૦-૫૦ વર્ષથી એને હજી ભાન ન મળે. આ શું છે આ ચીજ? આહાહા..!

નિર્દ્વંદ્વ દ્રવ્ય છે એ પર્યાયસહિત છે જ નહિ. બે બોલ છે એમાં. આહાહા..! તો ત્યાં એમ કહ્યું ૧૯ બોલમાં કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી, આલિંગન કરતું નથી. દ્રવ્ય પર્યાયને આલિંગન કરતું નથી. આહાહા..! એ ભગવાનની સિંહગર્જના. સમજાણું કાંઈ? સિંહ ત્રાડ મારે છે અંદરથી કે હું ત્રિકાળી ધ્રુવ છું, એ પર્યાયને સ્પર્શતો નથી. આહાહા..! અમરચંદભાઈ!

૨૦મો બોલ એ આવ્યો ૨૦મો, કે દ્રવ્ય-આત્મદ્રવ્ય દ્રવ્યને સ્પર્શતું નથી. ૧૯માં દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી અને ૨૦માં એમ આવ્યું કે ભગવાન આત્મા પોતાનું દ્રવ્ય પોતાના દ્રવ્યને સ્પર્શે નહિ એવા પર્યાયરૂપ છે, એ પર્યાયને સ્પર્શે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ત્રણ બોલ કાઢીને પ્રસન્ન થયા. અમરચંદભાઈ! વાણિયાને શરમ આવે એવું છે આ બધું. એને પરિચય .. ૮૯ની સાલ. ૮૯. ૪૨ વર્ષ થયા. ૮૯થી પરિચય. વ્યાખ્યાનમાં આવે. ૮૯માં વ્યાખ્યાનમાં આવતા. પછી તો હવે વસ્ત્ર મહારાજ લ્યો. આમંત્રણ કર્યું હતું ..૮૯ની સાલ હોં. ત્યારથી રસ બહુ. અને એને તો એટલું થઈ ગયું છે કે અમે તો મોક્ષ લેવાના, લેવાના ને લેવાના. એવું બોલે. એ વાત રુચિ ગઈને. નવરો માણસ. અત્યારે ધંધો કાંઈ કરે નહિ. ઘરે પડ્યા રહે અને વાંચન એકલું બસ. વાંચન અને ઘોલન. ધંધા-બંધાની વાત નહિ. દુકાન પણ નહિ ને કાંઈ નહિ. આહાહા..!

અહીં કહેવું છે કે આત્મા નિરાગ છે. અહીં તો આત્મા પર્યાય વિનાનો છે તો રાગ વિનાનો છે એ તો ક્યાંય વાત રહી ગઈ. આહાહા..! આ તો વિશેષ સ્પષ્ટ કરવા વાત કરે છે. આહાહા..! પરની સાથે કાંઈપણ પ્રેમનો વિકલ્પ આવવો એ વસ્તુમાં નથી. આહાહા..! વસ્તુમાં નથી અને પ્રેમ કરે છે, પ્રેમમાં રોકાય છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

'**સકળ મોહ-રાગ-દ્વેષાત્મક...**' રાગ-દ્વેષાત્મક એટલે રાગ-દ્વેષસ્વરૂપ. '**ચેતન કર્મના...**' એટલે ચૈતન્યની પર્યાયનો વિકારીભાવ શુભ-અશુભ '**અભાવને લીધે નીરાગ છે;...**' આહાહા..! પહેલા નિર્ગ્રંથ કહ્યું, પછી નીરાગ કહ્યું. નિર્ગ્રંથમાં બધું આવી ગયું હતું, પણ વિશેષ સ્પષ્ટ કરવા માટે એક-એક બોલમાં વિશેષ સ્પષ્ટ કરે છે. આહાહા..! દેહદેવળમાં ભગવાન બિરાજે છે. આહાહા..! એમાં રાગ નથી, એ તો નિરાગ છે. આહાહા..! પહેલી એક વ્યાખ્યા આવી ગઈ હતી હોં નીરાગની. પહેલાં આવી હતી. નીરાગ. ૪૩નો પહેલો બોલ. આ ૪૪નો બીજો બોલ છે. છે? નીરાગ. ત્રીજી લીટી. બીજી લીટીનો પહેલો બોલ. આહાહા..! શું કહ્યું? નિરાલંબન. એમાં આ કહ્યું છે જુઓ, મિથ્યાત્વ. નિરાલંબ પછી વ્યાખ્યા છે. '**મિથ્યાત્વ, વેદ, રાગ, દ્વેષ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભ નામનાં ચૌદ અભ્યંતર પરિગ્રહનો અભાવ હોવાથી આત્મા નીરાગ છે.**' ત્યાં એવી વ્યાખ્યા કરી હતી. ત્યાં વિસ્તારથી કરી હતી, અહીં ટૂંકું કરી નાખ્યું. આહાહા..! ભગવાન રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપના વિકલ્પથી ખાલી છે. ખાલીખમ છે. આહાહા..! સમજાણું કાંઈ? એને રાગસહિત માનવો મિથ્યાત્વ, ભ્રાંતિ, ભ્રમ છે. આહાહા..! જુઓ ત્યાં નીરાગ આવ્યું, નીરાગ આવ્યું.

નિઃશલ્ય છે. ભગવાન આત્મા ત્રિકાળી વસ્તુ નિઃશલ્ય છે. નિઃશલ્ય છે તો પરિણમનમાં નિઃશલ્ય થઈ જાય છે. આહાહા..! નિઃશલ્યોવૃત્તિ આવે છે? તત્ત્વાર્થસૂત્ર. વસ્તુ નિઃશલ્ય છે તો વૃત્તિ પર્યાયમાં નિઃશલ્ય થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્રતી નામ ધરાવે

અને મિથ્યાત્વ અને શલ્ય હોય એ વ્રતી જ નથી. આહાહા..! એની શરત એ. શરત એ કે નિઃશલ્યોવૃત્તિ એ શરત છે. આહાહા..! કેમકે ભગવાન આત્મા નિઃશલ્ય છે, તો જેનો આશ્રય લીધો એ પરિણતિમાં પણ નિઃશલ્ય થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! '**નિદાન,...**' કોઈપણ રાગાદિ કરીને હેતુ માનવો કે આ મળે કાંઈક. આહા..હા..! '**માયા,...**' કપટ '**અને મિત્યાત્વ—એ ત્રણ શલ્યોના અભાવને લીધે નિઃશલ્ય છે;...**' આહાહા..! અને એનો આશ્રય લીધો હોય તો પર્યાયમાં નિઃશલ્ય થઈ જાય છે. આહાહા..! ત્યારે વ્રતી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ... શરૂ તો કરેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું શરૂ કરે? શરૂ એ પોતાના દ્રવ્યનો આશ્રય કરવો એ જ એની શરૂઆત છે. કારણ કે નિઃશલ્ય છે માટે. સમજાણું કાંઈ? આહાહા..! આત્માનો આશ્રય તો લીધો નહિ અને બાહ્યક્રિયામાં વ્રતી માનવા (એ તો) મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? બહુ વાત, બાપુ!

**શ્રોતા :-** શરૂ કરે એ મિથ્યાત્વ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું શરૂ થયું? મિથ્યાત્વની શરૂઆત છે ત્યાં. રાગનું કર્તૃત્વ અને ભોક્તૃત્વબુદ્ધિ છે તો મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..! અમે દેશની સેવા કરી શકીએ છીએ, દેશની સેવા કરે એ ભલું કામ કરે છે, એ બધો મિથ્યાત્વભાવ છે.

**શ્રોતા :-** ..જન કલ્યાણ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ જન કલ્યાણ? જન આત્મા નથી? જનમાં આત્મા નથી? એનું કલ્યાણ કરવું છે કે બીજાનું? એ વિશેષ કહેશે લ્યો...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ વદ-૭, શુક્રવાર, તા. ૨૯-૦૮-૧૯૭૫, ગાથા-૪૪, પ્રવચન નં. ૧૯

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર, ૪૪ ગાથા. ચોથો બોલ. ત્રણ બોલ ચાલ્યા છે. નિર્ગ્રંથ, નીરાગ, નિઃશલ્ય—ત્રણ થઈ ગયા છે. શું કહે છે? આહાહા..! નિયમસારમાં પરમસ્વભાવનું વર્ણન જેટલું સ્પષ્ટ છે એટલું વર્ણન બીજે ક્યાંય નથી. ઓહોહો..! ભગવાન આત્મા શુદ્ધ નામ ત્રિકાળી પવિત્ર ભાવસ્વભાવ. હમણા આવ્યું છે થોડું જૈનસંદેશમાં. પુણ્ય ન કરવું, પુણ્ય નહિ (એમ નહિ), પહેલા પાપ છોડીને પુણ્ય કરો, પછી પુણ્ય છોડીને (ધર્મ) થશે. એમ

છે નહિ. એ ચારિત્રની અપેક્ષાએ છે. દર્શનની અપેક્ષાએ તો વિકલ્પમાત્ર હેય. અહીં પર્યાય હેય છે ત્યાં વળી પ્રશ્ન ક્યાં થયો? સમજાણું કાંઈ? સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય હેય છે. આહાહા..!

**શ્રોતા** :- પર્યાયમાત્ર હેય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હેયમાત્ર છે.

**શ્રોતા** :- કઈ અપેક્ષાએ કહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કઈ અપેક્ષાએ કહે? ગડબડ એવી ચાલે? શેઠ! શરાફનો ધંધો તો બરાબર હોય છે કે નહિ? કે ગોટાળો હોય છે? ન ચાલે. આહાહા..!

અહીંયાં તો પરમાત્મસ્વરૂપ ભગવાન પહેલાં દૃષ્ટિમાં લેવા માટે એ જ પૂર્ણાનંદનો નાથ ઉપાદેય છે. એની આગળ... એક આવ્યું હતું ત્યાં. ચાર ભાવ પણ આમ તો આવરણસંયુક્ત કહ્યા, પણ ચાર ભાવ પુદ્ગલાત્મક કહ્યા છે, પુદ્ગલના. આત્મા સિવાય પર્યાય બધી પુદ્ગલ એમ કહ્યું છે. ત્યાં કાઢી હતી. ગુજરાતીમાં ચિહ્ન કર્યું છે. આ તો હિન્દી છેને. આહાહા..! હિન્દીમાં આજ ગોત્યું હતું ઓલું. એ આવ્યું હતુંને, ભાઈ! કાલે કહ્યું હતું કે શ્રવણ કરનારના પણ સૌભાગ્ય જોઈએ. ૧૦૮ ગાથામાં છે, નિયમસાર ૧૦૮. છે? ૧૦૮ છે.

**'ભગવાન અર્હંતના મુખારવિંદથી નીકળેલો,...'** આહાહા..! ૧૦૮. કાલે કહ્યું હતું. પણ કીધું યાદ નથી. બધું કાંઈ યાદ રહે છે? ભાવ ખ્યાલમાં રહે. **'ભગવાન અર્હંતના મુખારવિંદથી...'** આહાહા..! મુખારવિંદ-મુખરૂપી અરવિંદ-કમળ એમાંથી નીકળેલો, **'(શ્રમણ માટે આવેલ) સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે...'** આહાહા..! ભગવાનની દિવ્યધ્વનિ જેને સાંભળવા મળે એ એનું સૌભાગ્ય છે એમ કહે છે. આહાહા..! પોપટભાઈ! આ તમારા પૈસા-ફૈસા મળ્યા એમાં સૌભાગ્ય નથી એમ કહે છે.

**શ્રોતા** :- આપની પાસે ન કહેવાય.

**પૂજ્ય ભાઈશ્રી** :- અહીં ન કહેવાય, ત્યાં ઘરે કહેવાય. મુંબઈ કહેવાય. આહાહા..! જુઓને એક ટીકા આ સંતોની!

કહે છે **'સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો, સુંદર-આનંદસ્યંદી (સુંદર-આનંદઝરતો), અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ,...'** આહાહા..! વાણીમાં આનંદ ઝરે છે? એ વાણી એમ કહે છે કે આનંદનો નાથ પ્રભુ એનો આશ્રય લે તો તને આનંદ ઝરશે. આહાહા..! સમજાણું કાંઈ? તું પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિત્યાનંદ આત્મા જેમાં ચાર ભાવને પણ પુદ્ગલ વિકાર કહી દીધો છે. અંદર ગુજરાતીમાં ચિહ્ન કર્યું છે મેં. સમજાણું કાંઈ? આહાહા..! કેમકે જેમાં પુદ્ગલનું નિમિત્ત અને નિમિત્તનો અભાવ એ બધો આત્મા નહિ. આહાહા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદકંદ એની વાણી સાંભળવા માટે કહે છે કે સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થાય. આહાહા..! સમજાણું કાંઈ? ત્રિલોકનાથ

સર્વજ્ઞની વાણી, ભાઈ! આ તો સર્વજ્ઞની વાણી છે બધી. સંતો કહે છે એ સર્વજ્ઞની વાણી કહે છે. આહાહા..! દિગંબર સંતો કહે છે એ સર્વજ્ઞની વાણી કહે છે. સમજાણું કાંઈ? એવી વાત બીજે ક્યાંય નથી. જૈન સંપ્રદાયમાં બીજે નથી તો બીજામાં તો ક્યાંથી હોય? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે '**સૌભાગ્ય મળે એવો, સુંદર-આનંદસ્યંદી (સુંદર-આનંદઝરતો), અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ,...**' ૐ ધ્વનિ અનક્ષરાત્મક પ્રભુની છૂટે છે. આહાહા..! એનો સાર લઈને પ્રવચનસાર બનાવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? એનો સાર આ નિયમસાર છે. બધો સાર છે. પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, અષ્ટપાહુડ એ પણ અષ્ટસાર છે પાહુડનો અર્થ મૂળ તો. આહાહા..! પંચાસ્તિકાયને પણ પંચાસ્તિકાય સમયસાર કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! ભગવાનની દિવ્યધ્વનિ, ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માની નિરક્ષરી દિવ્યધ્વનિ સાંભળવા માટે સૌભાગ્ય હોય છે. એ ભાગ્યવાન પ્રાણી એને સાંભળે છે એમ કહે છે. આહાહા..! કેમકે અહીં તો સાંભળવામાં, વીતરાગની વાણીમાં એમ આવ્યું કે ભગવાન! તું ત્રિલોકનો નાથ પરમાત્મા પૂર્ણ પ્રભુ છો, પૂર્ણ છે પરમસ્વભાવભાવ, એનો આશ્રય લે અને પર્યાય અને રાગનો આશ્રય છોડી દે. આહાહા..! તને આનંદ ઝરશે. તો એ અપેક્ષાએ દિવ્યધ્વનિમાં આનંદ ઝરે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

બીજે ઠેકાણે કાંઈક કર્યું છે ગુજરાતીમાં. ઓલા પુદ્ગલના ભાવ નથી ક્યાંક છે. આત્મા સિવાય બધા પુદ્ગલ એવો કળશ છે એક. આ સવારમાં, બપોરે જરી જોયું હતું. આહા..હા..! ગુજરાતી છે? ચિહ્ન કર્યું હશે ક્યાંક. શું કીધું? પુદ્ગલ. ઠીક. પાછળમાં છે ઓલા પ્રત્યાખ્યાન કે એટલામાં ક્યાંક છે. સ્વભાવ સિવાય બધો પુદ્ગલ વિકાર છે. આહાહા..! ચારને આવરણસંયુક્ત કહ્યા. ચાર ભાવથી ભગવાન ત્રિલોકનાથ અગોચર કહ્યો, ચાર ભાવના આશ્રયથી અગોચર કહ્યું અને ચાર ભાવ પુદ્ગલરૂપ છે. ત્રિકાળ મહા ત્રણલોકનો નાથ સર્વજ્ઞ પ્રભુ એ અપેક્ષાએ પર્યાય આવે છે, જાય છે, આવે છે, જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એવું અંદર છે. એ તો કાંઈ બધું યાદ રહે છે.

**શ્રોતા :-** ધવલમાં પણ આત્માને પુદ્ગલ કીધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વળી પુદ્ગલ નામ દીધું છે. એ તો પુદ્ગલ નામ. અહીં તો આત્મા સિવાયની પર્યાયો પુદ્ગલ. ઓલામાં તો આત્માને પુદ્ગલ કહ્યો એ બીજી વાત. પાછળ એટલામાં છે પ્રત્યાખ્યાનમાં ક્યાંક છે. ચિહ્ન કર્યું છે મેં. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** નિયમસારમાં ૧૨૯માં શ્લોકમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૧૨૯? આહાહા..! કળશ ૧૨૯. આહાહા..! ૧૮૭ ઠીક. હા, ઈ ૧૨૯, ૧૨૯. '**આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને—એક પંચમભાવને—જાણે છે...**' આહાહા..! '**અને દેખે છે; તે સહજ એક પંચમભાવને**

**એણે છોડ્યો નથી જ અને અન્ય એવા પરભાવને—કે જે ખરેખર પૌદ્‌ગલિક વિકાર છે...'** એ અત્યારે હાથ કાંઈ આવે છે? અહીંયા છે. એ તો અહીંયા આવી ગયું છે. અહીંયા ગુજરાતી છે. હતું? ચિહ્ન કર્યું હશે. એમાં ચિહ્ન કર્યું છે, હાથ આવે તો. **'ખરેખર પૌદ્‌ગલિક વિકાર છે...'** ૧૨૯. આમાં ચિહ્ન કર્યું હશે. ચિહ્ન કર્યું છે, મોટી કાળી લીટી. છે? **'પંચમભાવને એણે છોડ્યો નથી જ અને અન્ય એવા પરભાવને—કે જે ખરેખર પૌદ્‌ગલિક વિકાર છે તેને—એ ગ્રહતો નથી જ.'** એટલે પર્યાયને ગ્રહતો નથી. એ ગાથા એ છેને. એ સમયસારમાં આવે છે, **'णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।'** એ ૯૭ ગાથા છે. એમાં આવે છે, આપણે સમયસારમાં આવે છે. આહાહા..! ...

અહીં તો કહે છે કે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એ ચાર ભાવ એ પુદ્‌ગલનો વિકાર છે એને ગ્રહતો નથી, પર્યાયને ગ્રહતો નથી. આહાહા..! પોતાના પંચમભાવને છોડતો નથી અને પર્યાયમાત્રને ગ્રહતો નથી. આહાહા..! એવી વાત તો જુઓ, ઓહોહો..! **'णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।'** એટલા શબ્દ. પાઠ એટલો. **'णियभावं णवि मुच्चइ'** નિજભાવ પંચમભાવ નિત્યાનંદ પ્રભુ. આહાહા..! અભવિને પણ પંચમભાવ છે. વ્યવહારનિષ્ટ નહિ. એ આવે છેને પાછળ? વ્યવહારમાં, પર્યાયમાં પ્રગટ થાય એવી યોગ્યતા એની નથી. એ વ્યવહાર પર્યાય, પર્યાય વ્યવહાર થઈને? વ્યવહારનિષ્ટ નહિ. નિશ્ચય તો છે જ. આહાહા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ પોતાનો પંચમ સ્વભાવભાવ, ધ્રુવભાવ, નિત્યાનંદભાવ, સહજાનંદભાવ, સ્વભાવભાવ, અભેદભાવ, એકરૂપભાવ, સાદશ્યભાવ કદી છોડતો નથી. પંડિતજી! આહાહા..! કદી છોડતો નથી અને પર્યાયમાત્રને કદી ગ્રહતો નથી. રાગને અને કર્મને ગ્રહે એ તો વાત જ ક્યાં રહી? આહાહા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ કાયરના કામ નથી. આહાહા..! આ તો જેને વીર્ય ઉછાળવું છે, સ્વભાવસન્મુખ થઈને ત્રિલોકના નાથનો આદર કરવો છે એનું આ કામ છે. સમજાણું કાંઈ? લ્યો, એ પૌદ્‌ગલિક કહ્યું. પાનું-૨૧૭ આમાં લખ્યું છે. એ ચિહ્ન ઓલું વાંચ્યું હોયને એમાંથી કર્યું હોય. ૨૧૭. આ. એ પણ છે જુઓ, ૧૧૦ ગાથા ૧૧૦.

**'ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે પરમસ્વભાવ છે. તે પંચમ ભાવ ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવને અગોચર છે.'** એ તો ઠીક. **'તેથી જ તે પંચમભાવ ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે.'** છેને? વિકાર એટલે વિશેષભાવ. છે? **'ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે.'** આહાહા..! વાણી તો જુઓ, ત્રીજી લીટી. પછી પછી ત્રીજી લીટી. **'વિવિધ વિકારો વિનાનો છે.'** (ચારેય) પ્રકાર નહિ એમ પાછું, ચારેય પ્રકાર નહિ એમ. ઓલો વિકાર નહિ, પણ આ તો ક્ષય પણ એવા વિવિધ વિકાર(વાળો) છે. ક્ષયભાવ એ વિવિધ વિકાર સહિત છે. વિકાર નામ વિશેષ દશા. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે '**શુદ્ધ નિશ્ચયનયથી...**' ૪૪. '**શુદ્ધ જીવાસ્તિકાયને...**' કેવી ટીકા! શુદ્ધ જીવને ન લીધું, શુદ્ધ જીવાસ્તિકાયને. શુદ્ધ અસ્તિ અને કાય, અસંખ્ય પ્રદેશી. આવી વસ્તુ સર્વજ્ઞ સિવાય કોઈ સ્થાનમાં કોઈ ઠેકાણે છે નહિ. એવા '**શુદ્ધ જીવાસ્તિકાયને...**' ભગવાન અહીં શુદ્ધભાવ માથે કહ્યુંને? એ જ શુદ્ધ જીવાસ્તિકાય. શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું ટીકામાં પહેલી લીટી. એ જ શુદ્ધ જીવાસ્તિકાય. એને '**દ્રવ્યકર્મ,...**' નથી. '**ભાવકર્મ,...**' વિકૃત વિકાર નથી '**અને મોહકર્મનો અભાવ હોવાને લીધે સર્વદોષવિમુક્ત છે;...**' ભગવાન તો દ્રવ્ય-ભાવકર્મથી રહિત વિમુક્ત નિર્દોષ છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ વાત એવી છે કે એ પર્યાયમાંથી લક્ષ છોડીને પૂર્ણાનંદમાં દૃષ્ટિ લઈ જવી એ જ અપૂર્વ પુરુષાર્થ છે. આહાહા..! પર્યાય છે, રાગ છે, એમ હોવા છતાં વસ્તુમાં એ નથી. આહાહા..! ત્યાં દૃષ્ટિ લગાવવી. આહાહા..! આ જિનેન્દ્રના માર્ગની શરૂઆત અહીંથી થાય છે. વાતું પણ લોકોને કઠણ પડે છેને બિચારાને એટલે. એ આમ છેને તેમ છે. બધું અહીંનું વિરુદ્ધ છે થોડું. નામ આપ્યું નથી. જૈનસંદેશમાં આવ્યું છે લખાણ. અરે ભગવાન!

**શ્રોતા :–** જૈનસંદેશમાં તો એમ જ હોવું જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જૈનસંદેશમાં તો ઠીક હોવું જોઈએ. જૈનગેજેટમાં જરી નાખે. આહાહા..! જિનેન્દ્રનો સંદેશ એ તો એવો હોવો જોઈએ. આ જિનેન્દ્રની વાણી અહીં કહ્યુંને. જેને દિવ્યધ્વનિ સૌભાગ્ય પ્રાપ્ત હોય એને સાંભળવા મળે છે. આહાહા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રદેવ.. આહાહા..! અને પરમ અમૃતમાં તૃપ્ત-તૃપ્ત પરમાત્મા. આહાહા..! ભાઈ! એ શું ચીજ છે? આહાહા..! પરમ અતીન્દ્રિય આનંદથી સુખામૃતમાં તૃપ્ત પરમાત્મા એના મુખે નીકળેલી વાણી. પરમ અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એ અમૃતસ્વરૂપથી તૃપ્ત-તૃપ્ત પર્યાયમાં છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદથી, જે સ્વભાવમાં અતીન્દ્રિય અમૃત આનંદ પડ્યો છે એ જ પર્યાયમાં પ્રગટ કરીને અતીન્દ્રિય અમૃત આનંદમાં તૃપ્ત એવા ભગવાન, એના મુખે નીકળેલી વાણી. વ્યવહારે મુખ (કહ્યું છે). સમજાણું કાંઈ? એમાં આ કહ્યું. આ વીતરાગની વાણી છે કે પ્રભુ! તું તો કર્મ, નોકર્મ અને ભાવકર્મ ત્રણથી તો રહિત તું નિર્દોષ છોને. દોષથી મુક્ત પ્રભુ તારી ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? દોષસહિત અને પર્યાયસહિતની દૃષ્ટિને છોડીને જે પર્યાયમાં પ્રગટ નથી અને વસ્તુ તરીકે પ્રગટ ભગવાન છે. આહાહા..! પ્રભુ બાળ-ગોપાળ બધા ભગવાન પૂર્ણાનંદથી ભરેલા છે. પ્રભુ! તારા આનંદ માટે બહારમાં ક્યાંય ખોજ નહિ... ખોજ નહિ. અંતર ખોજ, અંતર ભગવાન આનંદ પડ્યો છે. આહા..હા..!

આહાહા..! તારે અધ્રુવથી શું પ્રયોજન છે? અધ્રુવથી શું પ્રયોજન? ધ્રુવ પ્રભુ બિરાજે છેને. આહાહા..! આનંદની કાતળી, અતીન્દ્રિય આનંદની ચુસણી પડી છે. આ આઈસ્ક્રીમ ચુસે છેને આઈસ્ક્રીમ નહિ? શું? કુલ્ફી. આ કુલ્ફી નહિ? એ બધું અમે જોયું હતુંને ત્યાં.

માલ લેવા જાતા હતાને પાલેજથી ભરૂચ તો બપોરે કુલ્ફી-બુલ્ફી મળે તો લઈ લેતા ત્યાં. પાણી પીવા ક્યાં જઈએ ત્યાં. અને પછી બહુ તૃષા લાગી હોય તો એક કંદોઈનું ઘર હતું. કંદોઈ સમજ્યા? હલવાઈ. એક ભાવનગરના કંદોઈ હતા. પણ આ તો ૬૪-૬૫ની વાત છે. સંવત્ ૧૯૬૪-૬૫. ત્યાં માલ લેવા જાતા હતા. તૃષા લાગે તો કોઈ ઘર તો નહિ. કંદોઈ ત્યાં કંદોઈ કહે આવો... આવો... ભાઈ! ઉપર બેસાડે અને પાણી પાય. ૬૪-૬૫. કેટલા વર્ષ થયા? ૬૬ વર્ષ પહેલાની વાત છે. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તારે નિર્વિકલ્પ પીણું પીવું હોય તો તારામાં પડ્યું છે. આહાહા..! આનંદની ચુસણી તારી ચીજ છે. આહાહા..! ચુસણી પર્યાયમાં આવે છે, પણ એ પર્યાયરહિત હોવા છતાં પર્યાયમાં આનંદનું ઝરણે વહે છે. એવી જિનદેવ ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં એ વાણીમાં આવેલો સાર છે. આહાહા..! આકરું લાગે છે લોકોને તેથી બહુ માણસને. સ્વસ્વભાવનું માહાત્મ્ય આવતું નથી. સ્વસ્વભાવ કેવો છે? કેટલો છે? કેવો છે? આહાહા..! કહે છે, અરે..! તારા પૈસા-ફૈસા અને આબરૂ-કીર્તિ તો છોડ એક બાજુ, ધૂળેય નથી તારી; પણ અંદરમાં ભાવકર્મ દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે એનું લક્ષ છોડી દે અને એને જાણનારી જ્ઞાનની પર્યાય છે એનું પણ લક્ષ છોડી દે. સમજાણું કાંઈ? આહાહા..! આ કારણે ભગવાન '**સર્વદોષવિમુક્ત છે;...**' અરે! એ તો નિષ્કામ છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ તો નિષ્કામ છે.

'**શુદ્ધ નિશ્ચયનયથી નિજપરમતત્ત્વની પણ વાંછા નહિ હોવાથી...**' પોતાની વસ્તુ છે એની વાંછા, ઈચ્છા એમાં ક્યાં છે? છે એની વાંછા શું? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! દિગંબર મુનિઓની વાતું અમૃતની રેલ વહી છે. સમજાણું કાંઈ? ઓલા શ્રીમદ્માં કહે છેને એ લોકો ગાય બહુ, 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત રે. ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં.' હવે એ વાણીમાં એમાં તો જરી ફેરફારવાળી છે. આ તો ત્રિલોકના નાથની વાણી. સમજાણું કાંઈ? આહાહા..! હજી એમાં કેવળજ્ઞાની ગુરુનો વિનય કરે એવા ફેરફારવાળી છે. આહાહા..! આ તો પૂર્વાપરવિરોધરહિત ત્રિલોકનાથની દિવ્યધ્વનિ એ જ સાક્ષાત્ નિયમસાર અને સમયસારમાં ઉતારી છે. પ્રવચનસાર આદિ. આહાહા..!

કહે છે '**શુદ્ધ નિશ્ચયનયથી...**' ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિ કરવાથી '**નિજપરમતત્ત્વની પણ વાંછા નહિ...**' મારી વાંછા મારામાં એવી એનામાં નથી. આહાહા..! છે એની વાંછા શું? એનું નામ નિષ્કામ. આહાહા..! '**શુદ્ધ નિશ્ચયનયથી નિજપરમતત્ત્વની...**' પરમતત્ત્વ પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્મા એની પણ જેને વાંછા નથી. છે એની વાંછા શું? સમજાણું કાંઈ? એક વાત. બીજી, '**નિઃક્રોધ છે.**' ભાષા જુઓ, ભગવાન નિત્યાનંદ પ્રભુ ધ્રુવસ્વભાવ પરમપંચમભાવ, જ્ઞાયકભાવ એ '**નિશ્ચયનયથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત પરદ્રવ્યપરિણતિનો**

**અભાવ હોવાને લીધે...'** આહાહા..! એમાં શુભરાગની પરિણતિ પણ નથી, અશુભ રાગની પરિણતિ પણ નથી. એ સમસ્ત પરદ્રવ્યપરિણતિ. આહાહા..! તો આ ખટકે માણસને, પુણ્યનું ખટકે છે. માણસ કહે પુણ્યની માથે ડાંગ લઈને બેઠા છે. એમ કહ્યું હતુંને એક ફેરી? કૈલાસચંદજીએ.

**શ્રોતા** :- શુભભાવને ક્રોધ કહ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્રોધ કહ્યો. છે, કારણ છે. સ્વભાવથી વિરુદ્ધ ભાવ માટે ક્રોધ. એ ક્રોધરહિત નિઃક્રોધ આત્મા છે. સમજાણું કાંઈ?

**'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત પરદ્રવ્યપરિણતિ...'** એ ક્રોધ છે, વિકાર છે, સ્વભાવથી વિરુદ્ધ છે. એવા **'ભાવનો અભાવ હોવેને લીધે...'** ભગવાન **'નિઃક્રોધ છે;...'** નિઃક્રોધ છે. શાંતરસથી ભરેલો પ્રભુ આત્મા છે. આહાહા..! એ શાંતરસનો સ્વાદિયો થા એકવાર, કહે છે. સમજાણું કાંઈ? બીજા રસ તો ઘણા લીધા અજ્ઞાનમાં. આહાહા..! વિષયની કામના, ભોગની કામના, પૈસાની કામના, આબરૂની કામના, વખાણે એને, પ્રશંસા કરે એની કે સાંભળે આમ બરાબર છે. આહાહા..! એ પ્રશંસા કરે અને સાંભળે ધ્યાન રાખીને, એ કામના છે એની. આહાહા..!

**શ્રોતા** :- એ અશુભભાવની કામના છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અશુભ છે એ તો. આહાહા..! અહીં તો પ્રશસ્ત-અપ્રશસ્ત પરદ્રવ્યપરિણતિ. આહાહા..! એ સ્વદ્રવ્યપરિણતિ નહિ, પંચમભાવ ભગવાન એની એ દશા નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એનો **'અભાવ હોવાને લીધે નિઃક્રોધ છે;...'** આહાહા..! વ્યાખ્યા જુઓ. હવે નિર્માન. **'નિશ્ચયનયથી...'** સત્યદષ્ટિથી. સત્યના સ્વભાવની વાસ્તવિક દષ્ટિથી જુઓ તો **'સદા પરમ સમસરસીભાવસ્વરૂપ...'** સદા પરમસમરસીભાવ-સમરસીભાવ એમાં માન નથી, એ તો નિર્માન છે. આહાહા..! માન હોવું, 'હું આવો છું, હું આવો છું' એ મહાભ્રમ છે, અજ્ઞાન છે. હું પૈસાવાળો છું, આબરૂવાળો છું, કુટુંબવાળો છું, હું લક્ષ્મીવાળો છું, હું સારા ધંધામાં વ્યવસાય કરનારો હુશિયાર-ચતુર છું. એ આવે છેને અંદર, નહિ? કવિની બુદ્ધિ એવું આવે છે અંદર. આવે છે. આગળ આવે છે. એ બધામાં એને અહં છે અહં. એ આમાં આવે છે. પચ્ચખાણમાં આવે છે. આઠ મદ ને કવિની બુદ્ધિ ને... ઈ છે. પચ્ચખાણમાં હશે ક્યાંક. પ્રતિક્રમણમાં? ક્યાંક છે ખરું. કેટલામું છે આ? શું કહ્યું? ૧૧૨. ૧૧૨ ગાથા છે.

**'मदमाणमायलोह'** આ મદ આવ્યોને, ત્યાં ઈ મદ. **'તીવ્ર ચારિત્રમોહના ઉદયને લીધે પુરુષવેદ નામના નોકષાયનો વિલાસ તે મદ છે. અહીં મદ શબ્દનો અર્થ મદન એટલે કે કામપરિણામ એવો અર્થ છે. (૧) ચતુર વચનરચનાવાળા વૈદર્ભકવિત્વને લીધે, આદેયનામકર્મનો...'** એવી વાણી નીકળે આમ કવિની (કે) લોકો થંભી જાય. એનું પણ અભિમાન. એ પર ચીજ છે. આહાહા..! છે? **'આદેયનામકર્મનો ઉદય હોતાં સમસ્ત**

**જનો વડે પૂજનીયપણાથી, (૨) માતા-પિતા સંબંધી કુળ-જાતિની વિશુદ્ધિથી,...'** અને અહીં એક લીધું છે. '(૩) **પ્રધાન બ્રહ્મચર્યવ્રત વડે ઉપાર્જિત લક્ષકોટિ સુભટ...'** લાખ કોટિ વીર જેવું જેનું બળ હોય અંદર. સારું બ્રહ્મચર્ય પાકું હોય એવું શરીરનું બળ. એનું એને કહે છે કે અભિમાન હોય. એ આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં કહેવું છે હોં. સુભટ સમાન. સમજાણું? '**દાનાદિ શુભકર્મ વડે ઉપાર્જિત સંપત્તિની વૃદ્ધિના વિલાસથી,...'** એવા પુણ્ય હોય કે લક્ષ્મી વધે જ જાય. લાખો, કરોડો-કરોડો રૂપિયા. જુઓને, આ શાંતિલાલ ખુશાલ. ૩૫ વર્ષ પહેલાં કાંઈ નહોતું. કાંઈક હશે થોડું-ઘણું. ક્યાં ગયા પોપટભાઈ? એ કહેતા હતા. છેને પોપટભાઈ? ત્યાં બેઠા છે. એના સાળા. વધી ગયા ૩૫ વર્ષમાં. બે અબજ અને ચાલીસ કરોડ. ધૂળ વધી ગઈ એટલે જાણે કે અમે હુશિયારીથી વધ્યા. અમને વ્યવસાય કરતાં આવડે. તમને વ્યવસાય કરતાં શું આવડે? આહાહા..! એવી બુદ્ધિનું અભિમાન. આહાહા..! છે? છેને?

'**બુદ્ધિ, તપ, વિક્રિયા, ઔષધ, રસ, બળ અને અક્ષીણ...'** આદિનું અભિમાન. '(૬) **સુંદર કામિનીઓનાં લોચનને આનંદ પમાડનારા શરીરલાવણ્યરસના...'** શરીરની એવી સુંદરતા કે સ્ત્રીઓના લોચન ત્યાં ઠરે દેખીને. હવે એ તો ધૂળ છે, માટી છે. આ ક્યાં...? આહાહા..! ઈયળુ પડશે, ભાઈ! એમાં ઈયળું પડશે, ભાઈ! આહાહા..! કીડા. આ તો જડ છે. આહાહા..! ઓ લોહીના નથી કરતાં? ઉલટી થાય છે. લોહીની ઉલટી થાય છે. ભાઈને હમણા થયું. જાધવજીભાઈનો દીકરો છેને ઓલો અંદર? એને ઉલટી થઈ હતી. અને અહીં કોક ઉલટી કહેતું હતું. ઉલટી થઈ. અમારે જીવરાજજીને આજ ઠીક નથી પાછું. સવારે નહોતા આવ્યા. બહુ સહનશીલ. પણ અત્યારે કહે કે મને કાંઈક થાય છે. હું આવી નહિ શકું. કીધું, કાંઈ નહિ. સૂઈ જાવ. કાંઈક થાય છે અંદરથી શરીરમાં. શું કહું? એમ કે કહી શકાતું નથી. આજ નહિ આવી શકું, કહે. બહુ સહનશીલ. એટલા સહનશીલ છે કે એવી વાત બહુ હોય ત્યારે કહે. આહાહા..! આ જડનું આ દરદ એવું છેને.

કહે છે સારું શરીર હોય અને એના... આહાહા..! લબ્ધિ પ્રગટી હોય. જેના શરીરમાંથી આમ પરસેવો બીજાને અડે તો રોગ મટી જાય. એવી લબ્ધિનું પણ અભિમાન. આહાહા..! એવું તો અનંતવાર થયું, ભગવાન! આહાહા..! કેવળજ્ઞાન લબ્ધિ પ્રાપ્ત કર, એ ચીજ છે. આહાહા..! માન અને પછી વિશેષ લઈ ગયા છે. '**ગુપ્ત પાપથી માયા હોય છે. યોગ્ય સ્થળે ધનવ્યયનો અભાવ તે લોભ છે;...'** ૧૧૨માં બધું લઈ લીધું. આહાહા..!

કહે છે કે '**નિશ્ચયનયથી...'** ભગવાન આત્મા '**સદા પરમસમરસીભાવ...'** વીતરાગભાવ. '**વીતરાગભાવરૂપ હોવાને લીધે નિર્માન છે;...'** કોનું માન? વસ્તુ પોતાની પૂર્ણાનંદનો નાથ છે એનું જ્યાં ભાન થયું ત્યાં માન કોનું? આહાહા..! સમજાણું કાંઈ? '**નિશ્ચયનયથી નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે...'** પ્રભુ આત્મા તો અંતર્મુખ છે. પર્યાયમાં પણ આવતો

નથી એવી ચીજ અંદર છે. આહાહા..! આવો ઉપદેશ. જૈનમાં તો વ્રત કરવા, અપવાસ કરવા, આ કરો, સેવા કરવી (એવું હોય).

**શ્રોતા** :- એ તો ઘણા વર્ષ સુધી સાંભળ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઘણા વર્ષ. હવે એ જૈનપણું નથી, બાપુ! તને ખબર નથી, ભાઈ! આહાહા..!

**શ્રોતા** :- અપવાસ વગેર જૈનમાં જ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉપવાસ જૈનમાં હોય, પણ ઉપવાસની વ્યાખ્યા શું? આનંદનો નાથ પ્રભુમાં ઉપ નામ સમીપમાં વસવું એ ઉપવાસ છે. પોતાની સમીપમાં વસ્યા વિના જે ઉપવાસ આદિ કરે છે એ બધી લાંઘણ છે. એ અપવાસ છે, એ ઉપવાસ નથી. આહાહા..!

**શ્રોતા** :- લંઘન?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લંઘન શું લંઘનનો બાપ છે. આહાહા..! આ પૈસાવાળા હોય બે-પાંચ કરોડ અને ધૂળ કરોડ ત્યાં તો એને થઈ રહ્યું જાણે આહાહા..! સાંભળવાનો વખત ન મળે, નિવૃત્તિ લેવાનો વખત ન મળે. આહાહા..! એનું અંદર પોષણ. મૂળ તો પોષણ અંદર હોય અભિમાન કે અમારે આટલું કરવું જોઈએ, આટલું આમ કરવું જોઈએ અને અમારે આમ કરવું જોઈએ. આહાહા..! મરી ગયો એમ ને એમ.

**શ્રોતા** :- કરવું શું એ સમજાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કરવું, અંદર સ્વરૂપ છે એમાં જાવું ઈ. સમજાણું કાંઈ? પરમાત્મા બિરાજે છે ત્રણલોકનો નાથ દેહદેવળમાં. એ વિકલ્પની પાછળ, પર્યાયની પાછળ પરમાત્મા છે અંદર. આહાહા..! મનુષ્યપણું હારી જાવું છે. ન કહ્યું? 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો.' સોળ વર્ષે શ્રીમદ્ કહે છે લ્યો! 'શું કુટુંબ ને પરિવારથી વધવાપણું...' દેવજીભાઈ! તમારે તો પૈસા પેદા બહુ થાય ત્યાં કાનાતળાવ. કણબીને પેદાશ બહુ થાય છે. ભલે ભરવું પડે એ પણ પેદાશ થાય છે. એ કાંઈ બોલે નહિ. એમ કરીને. અમારે ૧૫-૧૫ રૂપિયાનો શું કહેવાય તમારે એ? દાડિયો. પણ એ બધા પાંચ-પચ્ચીસ હજાર જાય, મળે પાછા ૩૦-૪૦ હજાર રહે. એને વળી ભાણેજ ભેગો છે તો એના ૫૦ કાંઈક છે.

**શ્રોતા** :- લાખ રૂપિયે .. ખેતી હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કેવી? લાખ. ભાઈ કહેતા હતાને ઓલા કોકને બબ્બે લાખની. હા, બે લાખની. એ હોય એમાં શું થયું? બાપા! બે લાખની ખેતીમાં બે લાખની પેદાશ એવી જમીન. આ વાણિયાને સાધારણ રીતે દસ લાખની પેદાશ વર્ષની હોય, કોઈ બે-ચાર કરોડ રૂપિયા હોય તો એક કરોડે પાંચ-પાંચ લાખ તો હોય જ તે. ૨૦-૨૫ લાખની પેદાશ (થાય તો) જાણે કે ઓહોહો..! મરી ગયો છે પણ સાંભળને હવે. તારા ચૈતન્યના જીવનને જીવતી જ્યોતનો નકાર કરીને આનાથી જીવું એ મરી ગયેલો છો તું. સમજાણું કાંઈ?

આહાહા..!

**શ્રોતા :-** અહીંયાં કિંમત ન જ હોયને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો ત્યાં પણ ક્યાં પાગલ કિંમત કરે. આહાહા..! પ્રભુ અહીં તો કહે છે, પાગલ પાગલની કિંમત કરે એ પાગલ શું? પાગલની કિંમત. એનો શું કહેવાય એનો રિપોર્ટ? સર્ટિફિકેટ. પાગલનું પ્રમાણપત્ર શું? આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તું તો '**નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે નિર્મદ છે.**' જોયું! પહેલાંમાં મદ આવ્યો હતો એનો અર્થ બીજો કર્યો હતો. આવ્યો હતોને? એ બીજે આવ્યું હતું. એ બીજે ક્યાંક આવ્યું છે. આવ્યું હતું મગજમાં. એ પાછળ આવશે. અહીં નિઃશેષ અંતર્મુખ, સર્વથા અંતર્મુખ ભગવાન છે. આહાહા..! એ રાગમાં તો આવતો નથી, નિમિત્તમાં તો આવતો નથી, પણ એક સમયની પર્યાયમાં પ્રભુ પૂર્ણાનંદનો નાથ આવતો નથી. આહાહા..! ચીમનભાઈ! પૈસા હોય તો પાછા બ્લડ પ્રેશર થાય. શું કહેવાય ઈ? લોહીનું દબાણ ને ઢીંકણું ને ફીંકણું. આહાહા..! અરે.. પણ નિરોગ શરીર હોય તોપણ એ તો જડ, માટી, ધૂળ, સ્મશાનની રાખ છે. આહાહા..! ઓહોહો..! શેનું અભિમાન, બાપુ? તને શેની અધિકતા દેખાય છે? આહાહા..! પ્રભુ આગળ પ્રભુત્વની આગળ અધિકતા તને કોની દેખાય છે? આહાહા..!

તો એ અપેક્ષાએ ભગવાન અંતર્મુખ હોવાથી... નિઃશેષપણે કહ્યુંને? નિઃશેષપણે સર્વથા પ્રકાર એમ. કથંચિત્ બાહ્ય અને કથંચિત્ અંતર્મુખ એમ નહિ. આહાહા..! વીતરાગનો માર્ગ અલૌકિક માર્ગ છે, ભાઈ! જેના ફળ અનંત આનંદ. 'સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં...' આહાહા..! મોક્ષ. સાદિ અનંત-અનંત સમાધિ આનંદ સુખ (પ્રાપ્ત થાય) એનો ઉપાય પણ અલૌકિક હોયને! આહાહા..! એ લૌકિક વાતું કરે અને આ કરે અને આમ કરે. એમ અમે નથી કહેતા આચાર્ય કહે કે તું શુભ છોડીને અશુભ કર. સમજાણું કાંઈ? પણ શુભ છે એ વસ્તુ નથી, એ ધર્મ નથી, ધર્મનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અશુભથી બચવા જ્ઞાનીને પણ શુભ તો હોય છે. '**अशुभ वंचनार्थ**' પંચાસ્તિકાયમાં છે. '**अशुभ वंचनार्थ**' હોય છે તો એમાં શું થયું? તીવ્ર જ્વર મટાડવા માટે. આહાહા..! પણ એ છે તો વર્તમાન દુઃખરૂપ છે. આહાહા..!

અહીં તો કહે છે કે પ્રભુ તો એમાં આવતો નથી અને એનાથી આત્મા જણાતો નથી. એ તો ભગવાન સર્વ પ્રકારે અંતર્મુખ છે. આહાહા..! પર્યાયને અંતર્મુખ વાળતા એનો પતો લાગે છે. ઉંડે-ઉંડે ભગવાન અંતર્મુખ પડ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! હજી તો અહીં કર્મથી વિકાર થાય, શુભભાવથી ધર્મ થાય. અરે..! પ્રભુ! ક્યાં તું અટક્યો? આહાહા..! તારી શક્તિ અનંત-અનંત બળવાન ભગવાન તું. આહાહા..! એમાં લીધું છેને એ? એકલો મરે છે. આહાહા..! મહા બળવંત અનંત આનંદનો, અનંત પુરુષાર્થના બળનો ધણી એ મરતા...

આહાહા..! હાય.. હાય.. હા.. હા.. એમ કરીને મરે. અરેરે! આ શું છે, પ્રભુ! એ લીધું છે. એગો મરે. નહિ? એગો મરે ગાથા છેને. એમાં આવે છે. એકલો મરે, એકલો જીવે અને એકલો ગુરુની પ્રસાદિથી મળીને આત્મજ્ઞાન પામીને મોક્ષ જાય. આગળ છે. આહાહા..! સમજાણું કાંઈ? છેને કેટલામી ગાથા છે? કેટલામી ગાથા છે? આ મદનું આવ્યું લ્યો! ઓલો મદ કહેતો હતોને. એ જુઓ આ મદ આવ્યુંને એ મદ ૧૧૨માં આવ્યું. અહીં મદ કીધોને નિર્મદ '**નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે નિર્મદ છે.**' અહીં મદની વ્યાખ્યા આવી બીજી.

૧૧૨. '**તીવ્ર ચારિત્રમોહના ઉદયને લીધે પુરુષવેદ નામના નોકષાયનો વિલાસ તે મદ છે. અહીં મદ શબ્દનો મદન એટલે કે કામપરિણામ એવો અર્થ છે.**' અહીં એમ લેવું છે.

**શ્રોતા** :- મદ અને માન બે શબ્દ પડ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, બે શબ્દ પડ્યા છેને. આહાહા..! શું કહ્યું હમણા પહેલું?

**શ્રોતા** :-૧૦૧ ગાથામાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ.

'**एगो य मरदि जीवो एगो य जीवदि सयं।**' આ એના અર્થમાં છે જુઓ, આહાહા..! નીચે અર્થ છે. '**સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ,...**' કુટુંબ, કબીલા દેહના ઢગલા બધા. આહાહા..! કહ્યું હતુંને, એક વાર ત્યાં નાનાલાભાઈના કાકાના દિકરા. અમુલખભાઈ, ભાઈ! આહાહા..! બીજી પરણેલો અને મરવાની તૈયારી. કુટુંબ, કબીલા કરોડોપતિ બધા નાનાલાલભાઈ, મોહનલાલભાઈ, બેચરભાઈ મોટું કુંટુંબ ભેગું થયેલું. આખો ઓરડો ભરાણો. ૧૯૯૦ની સાલ. ચોમાસું હતુંને, રાજકોટ. મંગળિક સંભળાવવા મહારાજને બોલાવો. પણ એ તો લીધે જાય અંદર અને બધા ભાઈઓ કરોડોપતિ આ નાનાલાલભાઈ, બેચરભાઈ. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. એને આંખમાંથી આંસુ ચાલ્યા જાય મરનારને. પીડા એટલી કે આંખમાંથી આસું. કોઈ શરણ? એ કહે છે જુઓ, '**સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ,...**' આખા ઓરડામાં બધા મોટા-મોટા ગૃહસ્થો. નાનાલાલભાઈ એટલે અમીર માણસ અને કરોડોપતિ, આહાહા..! જેને પાંચ-પાંચ, દસ-દસ લાખની તો પેદાશ.

**શ્રોતા** :- અમીર માણસ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અમીર માણસ. નાનાલાલભાઈ એટલે તો અમીર માણસ. આહા..હા..! ભારે અમીર માણસ.

એ ત્યાં કહે છે '**રક્ષા કરવામાં આવતું હોવા છતાં પણ, મહાબળ-પરાક્રમવાળા જીવનું...**' છે? મહાબળ પરાક્રમવાળો આત્મા તો અંદર છે છતાં '**એકલાનું જ, અનિચ્છિત હોવા છતાં, સ્વયમેવ મરણ થાય છે;...**' દેહ છૂટી જાય. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પછી ગુરુ ને ધર્મ. ગુરુ નિમિત્ત છેને સત્.

**શ્રોતા :-** ગુરુની જવાબદારી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જવાબદારીની વાત નથી ત્યાં. એને સમજાવનાર સત્ જ્ઞાની જ હોવા જોઈએ એટલી વાત. અજ્ઞાની એને સમજાવનાર હોય એ વાત નહિ, એમ. સમજાણું કાંઈ? દેશના એને સદ્ગુરુ જ્ઞાની પાસેથી મળવી જોઈએ. અજ્ઞાનીની દેશના એ દેશના નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ધુતારાની ટોળી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધુતારાની ટોળી એમ લખ્યું છે. એ બધી બાયડી, છોકરા, કુટુંબ બધા ધુતારાની ટોળી છે. બાયડી કહે, મારા માટે કરવું પડશે, છોકરો કહે મારા માટે કરવું પડશે. બાપુ! બહુ ન દેવાય તમારે. અમે છોકરા છીએ. પાછળ છીએ કે નહિ? આહાહા..! એમ કહ્યું કે છોકરાનો પિતા કોઈને ઘણા રૂપિયા દે તો, છોકરો કહે તમે આટલા બધા ન દઈ શકો. પાછળ અમે છીએ કે નહિ? પાંચ-પાંચ, દસ-દસ લાખ આપી દ્યો પછી અમારા માટે શું? એ બધી ધુતારાની ટોળી છે. લખ્યું છેને એ? કઈ ગાથા?

**શ્રોતા :-** આમાં જ છે. ૧૧૯મો શ્લોક આમાં જ, આમાં જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહાહા..! ૧૧૯ શ્લોક. આ તો હિન્દી છે. ૯૬? આહાહા..! અહીં લખ્યું છે.

'**પોતે કરેલા કર્મના ફળાનુબંધ સ્વયં ભોગવવા માટે એકલો જન્મવા જાય છે.**' ચાલ્યો જાય છે. આહાહા..! એ કુટુંબ, કબીલા મૂકી દેહ છોડી ચાલ્યો જાય છે એકલો નરક અને નિગોદ. અહીંયા વાણિયા મોટા પૈસાવાળા તો ઘણા તિર્યંચમાં જવાવાળા. કારણ કે માંસ ખાતા ન હોય... એય..! ધર્મની ખબર ન હોય. આહાહા..! વચલા વર્ગવાળા બધા લગભગ તિર્યંચમાં જવાના. પંચેન્દ્રિય તિર્યંચ. અહીં ભલે કરોડોપતિ હોય. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા :-** કરવું શું તિર્યંચમાં ન જવાય એને માટે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માટે કહે છે, આ સમજો એમ કહે છેને. આહાહા..!

**શ્રોતા :-** આમાં કાંઈક ઉપાય બતાવોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ વસ્તુ ભગવાન ત્રિલોકનાથ દષ્ટ કર ત્યાં, આશ્રય કર ત્યાં, શરણ લે ત્યાં, મંગળિક છે ત્યાં. આહાહા..! તારો મંડપ નખાય છે. મોક્ષનો મંડપ નખાય એવું છે. છે?

'સ્ત્રી, પુત્ર, મિત્ર આદિ સુખ-દુઃખકે પ્રકારમાં બિલકુલ સહાયભૂત નથી થતા.' એકલા હાય.. હાય... હાય... કરતાં હતા. ક્યાં ગયા તમારા? એય..! મલુપચંદભાઈ! ન્યાલભાઈની

ખબર છે? એક ફેરી અસાધ્ય થઈ ગયા હતા. છોટાભાઈ કહેતા હતા કે હું ગયો તો કાંઈ નહિ. પછી પાછી આમ આંખ (કરી), બાપા આવ્યા છો? રાણપુર. ખબર નથી. એ પણ ભૂલી જાય. એને ક્યાંથી ખબર હોય? ન્યાલભાઈને. ન્યાલભાઈને રોગ થયો હતોને પહેલાં. રાણપુર કહું છુને. એ તો કીધું. પણ સાંભળતા ઓછું લાગે છે. એ ન્યાલભાઈ પડ્યા હતા આમ ઠેકાણા વિનાના... આમ. છોટાભાઈ ગયા તો એને ખબર નહિ. એ છોટાભાઈ કહેતા હતા. પછી થોડીવાર વળી આંખ આમ કરી, બાપા! આવ્યા છો? એ અત્યારે કરોડો રૂપિયામાં સલવાઈ ગયા છે. નિવૃત્તિ ન મળે. દેશમાં આવવાની નિવૃત્તિ ન મળે. અહીં આવે તો સાંભળવાની નિવૃત્તિ ન મળે. આહાહા..! એય..! સ્વરૂપચંદભાઈ! આહાહા..! 'સાંગો કહે સલવાણા કંઈક ચડ્યા કંઈક પાળા.' સાંગો સમજ્યા? જેલમાં જાય છેને કોઈ. ઊંટને પૂર્યા હોય અને માણસને પૂર્યા હોય. જેલમાં હોય અને ઊંટ ઉપર ચડીને બેસે. પણ છે તો જેલમાંને? આહાહા..!

અહીં કહે છે **'પોતાની આજીવિકા માટે, માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રી, પુત્ર, મિત્ર આદિ ઠગની ટોળી તને મળી છે.'** ગુજરાતીમાં ધુતારા છે. ઠગ છે બધા. એય..! પોપટભાઈ! 'બાપુજી! બાપુજી!' કરે ત્યાં હોં! એ હસમુખભાઈ ને બધા આવીને. આહાહા..! બધા ઠગારા ઠગ છે. ઠીક હોય ત્યાં સુધી આવે અને પછી તણાણું બહુ, ઉજાગરા બહુ થાય છે. આહાહા..!

**શ્રોતા :-** આ વ્યાખ્યાન તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો અમારે ક્યાં... અમે તો ઘણા જોયા છેને. અમારા તારાચંદભાઈ હતા એય..! મલૂકચંદભાઈ! તમારા તારાચંદભાઈ. એનો દીકરાનો દીકરો હતોને સોમચંદનો? મગન. એ મરવા પડ્યો. નાની ઉંમર. લગન કરેલા. અમે ત્યાં હતા. આવે અમારી પાસે. મહારાજ! છોકરો દુઃખી બહુ, દુઃખી બહુ છે. વાત તો એ કે અમારે ઉજાગરા કરવા પડે છે. રાતે એકલો મરી જાય અને ખબર ન હોય તો પછી ઠપકો મળશે. એટલે જાગવું પડે. જાગવું પડેને. રાતે જાગવું પડેને. એના કાકા. અમારે ભાણેજ હતીને, સંતોકબા. ફઈના દીકરાની દીકરી હતી. એ કહે આહાહા..! આ છોકરો આમ.. હેતુ તો એ કે આ બહુ તણાય એટલે રાતે ઉજાગરા કરવા પડે. એ કરતા વહેલો મરી જાય. ઊંડો હેતુ એમ. આ બધા સગા-વ્હાલા. આહાહા..! 'એક રે દિવસ એવો આવશે જાણે જન્મ્યો નહોતો.' આહાહા..! 'સગી નારી રે તારી કામની એ ઉભી ટગ ટગ જોશે, આરે કાયામાં હવે કાંઈ નથી એમ ઉભી ઉભી રોશે.' હાય..! હાય..! અરેરે..! કાંઈ કર્યું નહિ. થયું નહિ. આટલું પૂછવું હતું એ પૂછાણું નહિ. આ પૈસાનું શું કરવું? આ કોને દેવા? દીકરીને દેવા કે આને દેવા? એય..! ચીમનભાઈ!

કીધું હતુંને ઓલું? ૯૦ની સાલમાં. એ ધુતારાની ટોળી છે બધી છોકરા-બોકરા બધા. કહ્યુંને ત્યાં ૯૦ની સાલમાં. ઓલા ભાઈ કોણ? મ્યુનિસિપાલિટીનો હતોને માણસ. પ્રેમચંદ. એક મ્યુનિસિલાપિટીનો ઉપરી હતો દેરાવાસી. એ જોઈને બોકડા કપાય. બોકડા સમજ્યા?

બકરા. કસાયખાનું. મ્યુનિસિપાલિટીનો ઉપરી દેરાવાસી હતો. પછી લગનમાં ગયેલો. જલેબી ખાધી. જલેબી સમજ્યા? એ ખાધી તો ડબલ ન્યુમોનિયા થઈ ગયો. શરીર લઠ જેવું સોનાના ઓલા જેવું શરીર આમ અને ડબલ ન્યુમોનિયા. બોલાવો મહારાજને. ત્યાં હું ગયો. માથે બાયડી બેઠી હતી. હું પૂછી લઉં હવે મરવાના છે તે. આ શું કરો છો તમે? હવે મરી જશે હમણા ત્યાં હું પૂછી લઉં. જ્યાં હું થોડીવાર ઉભો ત્યાં તો એક પોલીસ આવ્યો. શું કહેવાય? પટ્ટાવાળો સાઈકલ લઈને. રાવ સાહેબનો ખિતાબ છે. આ રાયસાહેબ મરવાની તૈયારીમાં છે. રાવસાહેબનો... હું ત્યાં ઉભો હતોને ત્યારે આવ્યો. રાવસાહેબનો ખિતાબ આપવામાં આવે છે. પણ આ મરવા પડ્યો છે, આંખમાંથી આંસુ ચાલ્યા જાય. શરીર તૈયાર, કાંઈ રોગ થયેલો નહિ. એકદમ ન્યુમોનિયા જામી ગયેલો. આંસુ... આંસુ... આંસુ... બાયડી માથે બેઠેલી તળાઈ ઉપર. પૂછે આનું આમ. અરે..! શું કરો છો પણ આ? હવે આ જાય છે એને મરવા દ્યોને. આહાહા..! તમે હેરાન કરો છો. દરબાર! હવે જાય છે ચાલ્યો ત્યાં હવે પાછો નહિ આવે. હવે એને સખ લેવા તો દ્યો. આ પૂછવા ક્યાં બેઠા અત્યારે અહીંયાં? એ બધા એમ જ કરવાના હોં! આહા..હા..! અમે તો જોયું છેને. આહાહા..!

અહીં તો કહે છે... આહાહા..! '**નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે નિર્મદ છે.**' આહાહા..! પર્યાયનું હુંપણું પણ ક્યાં છે એમ કહે છે. નિર્મદ છે એ તો. '**ઉક્ત પ્રકારનું (ઉપર કહેલા પ્રકારનું), વિશુદ્ધ, સહજસિદ્ધ નિત્ય-નિરાવરણ નિજકારણસમયસારનું સ્વરૂપ ઉપાદેય છે.**' આહાહા..! બાકી બધી ધૂળ ધાણી અને વા-પાણી છે. '**વિશુદ્ધ, સહજસિદ્ધ નિત્ય-નિરાવરણ નિજકારણસમયસારનું સ્વરૂપ ઉપાદેય છે.**' આહાહા..! એ વિશેષ પ્રવચનસારમાં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ વદ-૮, શનિવાર, તા. ૩૦-૦૮-૧૯૭૫, ગાથા-૪૪-૪૫, કળશ-૬૯, પ્રવચન નં. ૨૦

પ્રવચનસારના આધારનો કળશ છે.

(मन्दाक्रांता)

''इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद-
भ्रान्तिध्वंसादपि च सुचिराल्लब्धशुद्धात्मतत्त्वः।
सञ्चिन्मात्रे महसि विशदे मूर्छितश्चेतनोऽयं
स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव।।''

શું કહે છે? ભગવાન આત્મા '**એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા...**' શરીર કે રાગાદિના પરિણમનરહિત. '**પરપરિણતિના ઉચ્છેદ દ્વારા (અર્થાત્ પરદ્રવ્યસ્વરૂપ પરિણમનના નાશ દ્વારા)...**' પોતા સિવાય જે પરદ્રવ્ય એના પરિણમનથી ભિન્ન. નિશ્ચયમાં તો જે આઠ કર્મ છેને આઠ કર્મ, એ પણ પોતાના જ્ઞેયમાં, એની જ્ઞાનપર્યાયમાં જ્ઞેયરૂપ આકાર થાય છે, એ કર્મની પર્યાય નથી. જ્ઞાનની પર્યાયમાં સર્વ જ્ઞેયાકારમાં આઠ કર્મ પણ આવ્યા, તો કર્મ છે એમ જ્ઞેય બનાવીને પોતાની પર્યાયમાં જ્ઞેયાકાર જ્ઞાન થયું એ પરદ્રવ્યપરિણતિથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ ભાવ છે, ભાઈ!

'**આ રીતે...**' આ પ્રવચનસારની ૧૨૬ ગાથા છે, એનો આ કળશ છે. સામાન્ય દ્રવ્યસ્વરૂપનું કથન પૂરું થાય છે એનો આ કળશ છે. ૧૨૭થી વિશેષ સ્પષ્ટીકરણ થાય છે. આ સામાન્ય દ્રવ્ય અધિકાર પૂરો થયો એનો કળશ કર્યો. ભગવાન આત્મા પરદ્રવ્યની પરિણતિનો તો નાશ કરીને. આહાહા..! '**તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા...**' નિશ્ચયથી રાગનો હું કર્તા અને રાગ મારું કાર્ય... આહાહા..! અને રાગનું હું કરણ-સાધન અને રાગ મારું ફળ એવા ચાર બોલ છે ત્યાં—કર્તા, કર્મ, કરણ અને ફળ. એનાથી રહિત આ ભગવાન છે. આહાહા..! વ્યવહારરત્નત્રનો રાગ થાય છે એનો હું કર્તા, મારું કાર્ય એવી પરિણતિથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? અને તદ્દન નિશ્ચય અપેક્ષા લે તો પોતાની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન નિર્મળમાં જે થાય છે (એનાથી પણ રહિત છે). અહીંયા એ નથી કહેવું, પણ એ મૂળ ૭૩ ગાથામાં ચાલે છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યની પરિણતિથી રહિત, રાગના કર્તા, કર્મના ભેદથી રહિત... આહાહા..! અને પોતાની એક સમયની જ્ઞાન અને આનંદની પર્યાય જે છે એના ષટ્કારકની પરિણતિ જે વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? ઓહો..! ક્યાં છે આત્મા? કેવો છે આત્મા? કેમ પ્રાપ્ત થાય? ઈ વાત છે. આહાહા..! એ '**કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ...**' રાગાદિનો કર્તા એ ભ્રાંતિ છે. આહાહા..! પરના કર્તાથી તો રહિત એ તો પહેલાં આવી ગયું, હવે અંદરમાં જે દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ ઉઠે છે... આહાહા..! એનો કર્તા (હું), એ મારું કાર્ય, એનું હું કરણ નામ સાધન અને એ મારું ફળ એનાથી રહિત છે. પંડિતજી!

**શ્રોતા :-** કર્મના અભાવમાં શુદ્ધાત્માની ઉપલબ્ધિ વીતરાગતા થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો અંદરમાં આવ્યો. સવારે જરી એ કર્મ નહોતું લીધું. નજીક શરીર, વાણી, મન લીધું હતું, પણ ખરેખર તો આઠ કર્મ જે છે એ ભગવાન જ્ઞાનનું જ્ઞેય છે. તો કર્મપણે તો પરિણમતો નથી, પણ કર્મ એવા જ્ઞેયનો પોતાના જ્ઞાનપણે જ્ઞેયાકાર જ્ઞાન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે, ભાઈ! આહાહા..! એવા તત્ત્વનો આશ્રય વિના અને અનુભવ વિના તારો વનવાસ ને કાયક્લેશ ને તારી ક્રિયાકાંડ શું કરશે? એમ કહે છે. આવે છેને નિયમસારમાં આગળ. નિયમસાર, સામાયિક અધિકારમાં. સામાયિકમાં છેને.

આ નિયમસાર છેને? ૧૨૪.

'**किं काहदि वणवासो**' તું વનમાં રહે નગ્ન દિગંબર તરીકે અને '**कायकिलेसो**' બહુ કાયક્લેશથી સહન કરો '**विचित्तउववासो**' ઉપવાસ કરો. અનેક પ્રકારના અપવાસ મહિના, બે મહિના, ચાર મહિના. શાસ્ત્રનું પઠન કરો. આહાહા..! અને '**મૌન...**' મૌન રહો, '**સમતારહિત શ્રમણને શું કરે છે (-શો લાભ કરે છે)?**' છે? સમતારહિતનો અર્થ? જે વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા સમતાનો પિંડ છે. ચૈતન્યમૂર્તિ વીતરાગ પિંડ છે એના આશ્રયે વીતરાગી પર્યાય ન પ્રગટ કરી તો તારી આ ક્રિયાકાંડ શું કરશે તને? અમરચંદભાઈ! આહાહા..! વનવાસમાં રહે જંગલમાં તોપણ શું થયું? કહે છે. આહાહા..! શાસ્ત્રનું અધ્યયન કરે, વાંચન ઘણું કરે એમાં શું થયું? પોતાનો ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ જેમાં અનંત શાંતિ સમાધિ પડી છે એમાં એના આશ્રયે સમતાભાવ જે પ્રગટે છે, સમતાભાવ કહો કે મોક્ષનો માર્ગ કહો કે વીતરાગી પર્યાય કહો, એવી વીતરાગી સમતા જે શુભાશુભભાવથી રહિત, જે સ્વભાવને આશ્રયે ઉત્પન્ન થઈ એવી સમાધિ, અહીં સામાયિક સમાધિ... આહાહા..! સ્વના અવલંબને જે સમતા પ્રગટે છે એવી સમતા વિના તારા કાયક્લેશ, વનવાસ, અપવાસ શું કરશે? શાસ્ત્રનું વાંચન પણ શું કરે? એ તો બધો વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ સમતાનો અર્થ આ. અંદર વસ્તુ જે વીતરાગ સ્વરૂપે છે એના અવલંબને સમતા જે વીતરાગી પર્યાય પ્રગટ થવી એ સિવાય તારી ક્રિયાકાંડ શું કરે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જુઓ, બાર પ્રકારના તપ અને એવા વ્રત ને પાંચ મહાવ્રત ને મૌન રહે તદ્દન આમ. જંગલમાં જઈને મૌન રહે. આહાહા..! કાયોત્સર્ગ લગાવી દે શરીરથી, શું એવી ક્રિયા કરે? ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો તેં આશ્રય લીધો નથી અને એને આશ્રયે સમતા, વીતરાગ પર્યાય પ્રગટ થવી જોઈએ એ કરી નહિ. સમજાણું કાંઈ? તો તારી ક્રિયાકાંડ, વનવાસ, અપવાસ, શું કરશે? ચાર ગતિમાં રખડવાની ચીજ છે બધી. આહાહા..!

અહીં કહે છે ઓહોહો..! ભગવાન આત્મા, પરદ્રવ્યરૂપ પરિણતિનો જેણે અભાવ કર્યો અને રાગાદિ કર્તા-કર્મની ભ્રાંતિ પણ છૂટી ગઈ, અરે! પર્યાયમાં નિર્મળ પર્યાયનું ષટ્કારકરૂપ પરિણમન જે પર્યાયમાં છે એ દ્રવ્યમાં નથી. આહાહા..! આ વાત. કહ્યું હતુંને કાલે. દિવ્યધ્વનિ સમસ્તજનને શ્રવણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. એવું આવ્યું હતુંને કાલે? આહાહા..! દિવ્યધ્વનિ ભગવાનની વાણી આ છે. આહાહા..! પણ લોકોને બહારના વ્યવહારના પક્ષવાળા (એમ કહે છે), બે નય છેને. બે નય (છે ખરી), પણ એનો અર્થ શું? વ્યવહારનયનો વિષય છે એટલી વાત છે, પણ એ આશ્રય કરવાલાયક છે અને એનાથી ધર્મ થાય છે (એમ બિલકુલ નથી). આહાહા..!

'**ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે...**' જુઓ, આહાહા..! પૂર્ણાનંદનો નાથ જેને પર્યાયમાં પ્રાપ્ત થયો. છે? '**શુદ્ધ આત્મતત્ત્વને**

**ઉપલબ્ધ કર્યું છે—એવો આ આત્મા, ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો,...'** આહાહા..! ચૈતન્યમાત્રરૂપ નિર્મળ તેજ જેનું, એવા આનંદ અને જ્ઞાનમાં લીન રહેતો થકો **'પોતાના સહજ (સ્વભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.'** એવી દશા પ્રગટ થાય તો સદા મુક્ત જ રહેશે. ત્યાં સુધી લઈ ગયા! આહાહા..! સમજાણું કાંઈ? પરપરિણતિથી રહિત, સમજાણું કાંઈ? કર્તાકર્મથી રહિત... આહાહા..! સમજાણું કાંઈ? અને અંતે સરવાળો શું આવ્યો એમાં? ભગવાન અંતઃતત્ત્વ જે ભગવાનસ્વરૂપ એની આત્મપ્રાપ્તિ પર્યાયમાં થઈ ગઈ. અહીં તો છેલ્લી મોક્ષની પર્યાય કહેવી છે. સમજાણું કાંઈ?

એવા **'શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ...'** તત્ત્વને ઉપલબ્ધ નામ મોક્ષદશા. જે શુદ્ધ આત્મા છે એવી પર્યાય જેને પ્રાપ્ત થઈ ગઈ. આહાહા..! એવો આ આત્મા **'ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં...'** ચૈતન્યમાત્રરૂપ નિર્મળ તેજ ભગવાનનું, ચૈતન્યસ્વભાવનું તેજ, ચૈતન્યનો પ્રકાશ એવો આત્મા. આહાહા..! પોતામાં **'લીન રહ્યો થકો, પોતાના સહજ (સ્વભાવિક) મહિમાના...'** સ્વભાવિક જે ચૈતન્ય સ્વભાવની મહિમા જે પર્યાયમાં પ્રગટ થઈ. આહાહા..! **'પોતાના સહજ (સ્વભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.'** જ્યારથી આત્મતત્ત્વ ઉપલબ્ધ પ્રાપ્ત થયું, ઉપલબ્ધ-અનુભવ, મોક્ષની દશા સદા એમ જ રહેશે. સમજાણું કાંઈ? આહાહા..! એ પ્રવચનસારની ૧૨૬ ગાથા, સામાન્ય દ્રવ્યનો અધિકાર પૂર્ણ થાય છે એનો એ આઠમો કળશ છે. પ્રવચનસાર. ૧૨૭થી વિશેષ દ્રવ્યનો અધિકાર ચાલે છે. આ સામાન્ય અધિકારની પૂર્ણાહૂતિ કરતાં (શ્લોક કહ્યો છે). આહાહા..!

**'વળી (૪૪ ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-'** મુનિરાજ પોતે હવે શ્લોક કહે છે. એ તો આધાર આપ્યો હતો.

(मन्दाक्रांता)

ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तसंघातकात्मा
नित्यानन्दाद्यतुलमहिमा सर्वदा मूर्तिमुक्तः।
स्वस्मिन्नुच्चैरविचलतया जातशीलस्य मूलं
यस्तं वन्दे भवभयहरं मोक्षलक्ष्मीशमीशम्।।६९।।

આહાહા..! **'શ્લોકાર્થ :- જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકારસમૂહનો નાશ કર્યો છે,...'** એ શુભ અને અશુભ બેયને પાપમાં ગણવામાં આવ્યા છે. કેમકે એ અંધકાર છે. આહાહા..! શુભ—દયા, દયા, વ્રત, ભક્તિ, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ અચેતન છે, અંધકાર છે. એવા સર્વ **'જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકારસમૂહ...'** ઓહોહો..! અંધકારનો સમૂહ. અસંખ્ય પ્રકારના શુભાદિ, અશુભાદિનો નાશ કર્યો. આહાહા..! **'જે નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે,...'** આહાહા..! નિત્ય આનંદ-નિત્યાનંદ પ્રભુ. આનંદ આદિ એટલે અનંતગુણ **'અતુલ મહિમાનો ધરનાર છે,...'** અનંતગુણના સામ્રાજ્યનો એ

સ્વામી છે. આહાહા..! સમજાણું કાંઈ? અસંખ્યપ્રદેશી દેશ, એના અનંતગુણ એનું ગામ, એના સામ્રાજ્યનો એ રાજા છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, દેવજીભાઈ! તમારી જમીન-ફમીનનું ક્યાંય રહી ગયું. અમારે ૩૦ વિઘા છે ને ૫૦ વિઘા છે, ૧૦૦ વિઘા છે. બે લાખ પેદા થાય.

**શ્રોતા** :- ભક્તિ તો રાજા રામની પણ થઈ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોની હોય ભક્તિ ધૂળ? રાગ એનો નથી. અરે! રાગ... પર્યાય જ નાશવાન છે ત્યાં બીજી ચીજની શું વાત કરવી? આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પણ નાશવાન છે. એક સમય જ રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન એ પર્યાયથી પાર અવિનાશી ત્રિકાળી આનંદકંદ પ્રભુ એની દૃષ્ટિ કરીને જેણે આત્મા પ્રાપ્ત કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? '**પાપરૂપી અંધકારસમૂહનો**...' જુઓ, એ પુણ્ય-પાપના ભાવ અંધકાર, એનો સમૂહ એ. '**નાશ કર્યો છે,**...' મારી વસ્તુમાં નથી. '**જે નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો**...' આનંદ આદિ અનંતગુણની અતુલ-જેની તુલના ન થઈ શકે-જેની તુલના ન હોઈ શકે એવા ભગવાનના અનંત આનંદ આદિ ગુણમહિમાને ધરનાર છે. સમજાણું કાંઈ? આ વાત બધી હવે મૂળ પાયો પડ્યો રહ્યો અને પછી ઉપરની ક્રિયા આ કરો ને આ કરો. મંદિર બનાવો ને પૂજા કરો, ભક્તિ કરો ને જાત્રા કરો. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ન કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ કરી શકે છે? એ તો વિકલ્પ આવે તો થાય. વિકલ્પનો કર્તા થાય એ પણ વસ્તુ નથી. આહાહા..! માર્ગ બાપુ! વસ્તુનો સ્વભાવ જ એવો છે ત્યાં કોની પાસે ફરિયાદ કરવી? (લોકો એમ કહે છે), વ્યવહાર બધો અટકી જાય છે. હવે સાંભળતો ખરો, પ્રભુ! વ્યવહાર-ફ્યવહાર તારામાં છે જ નહિ. આહાહા..! ખરેખર તો વ્યવહાર જ્ઞેય છે. એ જ્ઞેયરૂપનું જ્ઞાન પોતામાં થાય છે એ પોતાની (અવસ્થા) છે. સમજાણું કાંઈ? બહુ વાતું (આકરી).

**શ્રોતા** :- વ્યવહાર પોતામાં છે જ નહિ કે થોડોઘણો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જરીએ નથી આત્મામાં. એની પર્યાયમાં પણ વ્યવહાર નથી.

**શ્રોતા** :- પર્યાયમાં પણ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, એ વ્યવહાર પોતાનામાં જ્ઞાનની પર્યાય છે ઈ છે. આહાહા..! અરે..! આવો પરમાત્મા જેની અતુલ મહિમા આહા..! જુઓને, અનંતગુણની અતુલ મહિમાને ધરનાર ભગવાન છે. આહાહા..! રાગને ધારણ કરે અને પરને ધારણ કરે એ તો એમાં નથી, ખરેખર તો પર્યાયને ધારણ કરે એવો એ આત્મા નથી. એ તો અનંતજ્ઞાન, આનંદ આદિ ગુણની મહિમાને ધરનાર છે. આહાહા..! ભાઈ! મારગડા તારા પ્રભુ! જુદાં છે. જિનેન્દ્ર ત્રિલોકનાથની ધ્વનિમાં આ આવ્યું છે. એવી તારી વસ્તુ છે. આહાહા..! બહારથી લોપ થઈ

જાય છે, આમ થાય ને તેમ થાય એમ કહે છે. બાહ્ય જૈન સંપ્રદાય હશે તો એમાં કોઈ નિશ્ચય પામશે એમ કેટલાક કહે છે, પણ એ જૈન સંપ્રદાય જ નથી. આહાહા..!

જૈન તો જેણે રાગ અને વિકલ્પથી ભિન્ન એવી પોતાની અતુલ જ્ઞાન મહિમાવાળી શક્તિ પ્રભુ આત્માની, અતુલ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... જ્ઞાન આદિ અતુલ જેની તુલના નથી, ઉપમા નથી, બીજાની સાથે જેને ઉપમા દઈ શકે એવી ચીજ નથી એવો અતુલ આત્મા છે અનંતગુણનો ધરનાર. આહાહા..! નિયમસારમાં આત્માને કારણપરમાત્માનું જે કહ્યું... આહાહા..! કારણજીવ કહો, કારણપરમાત્મા કહો, ધ્રુવસ્વભાવ કહો, સામાન્યરૂપ કહો. એકરૂપ ત્રિકાળ રહેનારો એમ કહો.

**શ્રોતા :–** .. કારણસમયસાર જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કારણસમયસાર છે એ તો ત્રિકાળ કારણસમયસાર છે, કારણજીવ છે. આહાહા..!

**શ્રોતા :–** ધ્રુવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધ્રુવ છે. એક કારણસમયસાર મોક્ષમાર્ગની પર્યાય છે અને બીજો કારણસમયસાર એ પર્યાયનું કારણ જે ધ્રુવ એ ધ્રુવ છે. સમજાણું કાંઈ? કારણસમયસારના બે પ્રકાર—એક ત્રિકાળ કારણસમયસાર અને એને આશ્રયે ઉત્પન્ન થતી વીતરાગી પર્યાય જે મોક્ષનું કારણ, એ પર્યાયરૂપી કારણસમયસાર, પણ એ પર્યાયરૂપી કારણસમયસાર ત્રિકાળ ભગવાન કારણસમયસારને આશ્રયે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સમયસારરૂપ છે એવી. સમતાનો પિંડ પ્રભુ. આહાહા..! સમતા કુળમંદિર આવે છેને નહિ? પાછળ. સમતારૂપી કુળ મંદિર, કુળનું મંદિર પ્રભુ તું છો. આહાહા..! સમતારૂપી કુળનું મંદિર. આહાહા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ વીતરાગ, પરંપરા વીતરાગનું કુળનું પરંપરા તારી ચીજ એવી છે. આહાહા..! સમજાણું કાંઈ? છેને પાછળ ક્યાંક? કેટલામાં છે? ૨૦૨ કળશ? ૨૦૨ કળશ. પાનું ૨૫૨ હિન્દી.

'**ખરેખર સમતારહિત યતિને...**' એ જ હશે તો ઓલો. વનવાસનું હશેને ઈ? હા, એ જ ગાથાનો બરાબર છે. શું કરે તેને વનવાસ? આહાહા..! '**ખરેખર સમતારહિત યતિને...**' સમતા નામ વીતરાગી સમભાવ પ્રગટ્યો નથી... આહાહા..! વીતરાગી સંયમદશા પ્રગટ નઈ નથી... આહાહા..! સમતા એવો વીતરાગીભાવરહિત છે એવા યતિને '**અનશનાદિ તપશ્ચરણોથી ફળ નથી;...**' તારા અપવાસ ને અનશન ને ઉણોદરી ને વિનય ને ભક્તિ ને એનાથી આત્માનું કંઈ ફળ તને નહિ મળે. આહાહા..! સમજાણું કાંઈ? '**માટે, હે મુનિ! સમતાનું કુલમંદિર...**' છે? '**એવું જે આ અનાકુળ નિજતત્ત્વ...**' સમતાનું નિજઘર, સમતાનું વંશ પરંપરાનું ઘર, સમતા વીતરાગ વંશ પરંપરાનું ઘર એ ભગવાન તત્ત્વ છે. આહાહા..!

સમજાણું કાંઈ? છે તો સમતા વીતરાગી પર્યાય. સમજાણું કાંઈ? '**હે મુનિ!**' આહાહા..! રાજકુમાર ચક્રવર્તીના રાજકુમારો જેને ઘરે હજારો રાણીઓ, જેને ઘરે નિલમણિની.. શું કહેવાય? લાદી. નિલમણિની લાદી ઘરે હોય. આહાહા..! અરે..! અમે એ નહિ, અમારામાં એ નહિ. એના તરફના વલણની વૃત્તિ ઉઠે એ અમારી નહિ, અમારામાં નહિ. આહાહા..! સમજાય છે? આહાહા..! ઓહોહો..!

સવારે તો કહ્યું હતું કે સર્વ પદાર્થનું જ્ઞેયાકાર જ્ઞાન. આહાહા..! ગજબ વાત કરી છે! આવી ભાષા ક્યાં...? આઠ કર્મ છે ઈ સર્વ પદાર્થમાં આવી જાય છે. આહાહા..! એ સર્વ પદાર્થ પણ આત્માના જ્ઞાનનું નિશ્ચયથી તો જ્ઞેય છે, પણ એ જ્ઞેયરૂપ થયો નથી, પણ એ સંબંધી પોતાનું જે જ્ઞાન, પોતાની પર્યાયમાં આઠ કર્મ છે, ૧૪૮ પ્રકૃતિ છે અને આમ... આમ... આહાહા..! અરે! તીર્થંકરપ્રકૃતિ પર છે આઠ કર્મમાં, તો એ સંબંધીનું જ્ઞાન પોતાનું થયું, જાણવામાં આવ્યું કે આ છે એમ. એ જ્ઞાનની પર્યાયસહિત ભગવાન (છે). આહાહા..! સમજાણું કાંઈ? એવી શ્રદ્ધા અંદરમાં, નિર્વિકલ્પ શ્રદ્ધા હોં! આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** તમે કર્મને ભિન્ન બતાવો છો. કર્મે તો સર્વઘાત કર્યો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ઘાત કર્યો નથી.

**શ્રોતા :-** સર્વઘાતિયા...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સર્વઘાતિયા ભાવકર્મ એનાથી ઘાત છે. ભાવઘાતિ છે. ૧૬મી ગાથામાં આવ્યું છે પ્રવચનસારમાં. દ્રવ્ય-ભાવઘાતિકર્મ એમ આવ્યું છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. પોતાની પર્યાયમાં હીણી દશા ભાવકર્મરૂપ થવી એ પોતાનો ઘાત (કરે છે), પણ એ મારામાં નથી. આહાહા..! જે ભાવે પોતાની પર્યાય ઘાત થાય છે, પોતાના ભાવથી હોં! આહાહા..! ચેતનકર્મ નહોતું આવ્યું? આવ્યું હતું. ચેતનકર્મ આવ્યું હતું. કેટલામાં? ચેતનકર્મ આ. ૪૪માં. આ ૪૪માં આવ્યું હતું. '**સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતનકર્મના અભાવને લીધે નીરાગ છે;...**' ભગવાન. આહાહા..! અરે..! એ વિશ્વાસ અંદર અનુભવમાં આવવો... આહાહા..! '**સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતનકર્મના અભાવ...**' જડકર્મની તો વાત નથી, એ તો દૂર રહ્યા, નિશ્ચયથી એ વિકારીભાવ જે છે પોતામાં પોતાનો એ પણ નિશ્ચયથી જ્ઞાનનું જ્ઞેય છે. જ્યાં આનંદથી, અતુલગુણથી ભરેલી જેની મહિમા છે. એ મહિમા છે. કોઈનું કરે અને કોઈને મદદ કરે એ એની મહિમા નથી. સમજાણું કાંઈ? બધાના કામ કરી દે ને દેશસેવા ને વેપાર બહુ સારા કરે અને પછી નોકરોને બહુ પોષે. પોષે એટલે મદદ કરે પૈસા આપીને. લ્યો! એ મહિમા નહિ. આહાહા..!

**શ્રોતા :-** એ મહિમા ભલે ન હોય, પણ આવી વાત અમે જાણી લઈએ તો અમે પંડિત તો ખરાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી પંડિત. લ્યો, આ શેઠિયાઓ શોભાલાલ, ભગવાનદાસ શોભાલાલ. ત્રણ-ત્રણ લાખની હમણા ધર્મશાળા બનાવી લ્યો. ત્રણ લાખની ધર્મશાળા બનાવી. અમે ત્યાં હતા ત્યારે ખોલી. અરે..! અહીં તો કહે છે કે એ ધર્મશાળા પરપદાર્થ, એમાં પૈસા દેવાનો વિકલ્પ થયો એ પણ પરપદાર્થ. શેઠ! આ બેઠા, શેઠ બેઠા છેને. એ પરપદાર્થ જ્ઞેય છે, એ પોતાનું નથી. સ્વશક્તિ જ્ઞેયની, પરશક્તિ જ્ઞેયની એ પોતાની નથી. આહાહા..! એ પરજ્ઞેય છે એનું જ્ઞાન સ્વતઃ પોતાના સ્વપરપ્રકાશક સ્વભાવથી સ્વતઃ જ્ઞાન થાય છે. એ જ્ઞેય છે એટલે થાય છે એમ પણ નથી. જ્ઞેય પોતાનું તો નથી, પણ રાગ અને કર્મનું જ્ઞાન અહીંયા થાય છે, એ ચીજ છે તો જ્ઞાન થાય છે એમ પણ નથી. આહાહા..! એવો ભગવાન આત્મા સ્વપરપ્રકાશકરૂપે જ્યારે પર્યાય થાય છે. આહાહા..! પરમાં કોણ બાકી રહી ગયું? સકળ પદાર્થ (આવી ગયા). આહાહા..! શું શૈલી! શું વસ્તુ! ઓહોહો..! એ સમસ્ત પદાર્થ કર્મથી માંડીને, રાગથી માંડીને બધા પરજ્ઞેય છે. એ જ્ઞેયને પોતાની પર્યાયમાં જાણવા એ પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એવી સ્વપરપ્રકાશક પર્યાય... આહાહા..! જેનો એક આકાર એવો સ્વભાવ એવો ભગવાન આત્મા. જ્ઞાનપ્રધાન કથન છેને, એટલે પર્યાયસહિત આત્માની શ્રદ્ધા એનું નામ સમ્યગ્દર્શન છે. આવા આત્માની શ્રદ્ધા. આહાહા..! ગજબ વાત છે! વીતરાગની દિવ્યધ્વનિ... આહાહા..! સમજાણું કાંઈ? આ વાત છે. ક્યાં આવ્યું? આપણે આવ્યુંને અહીં ૪૪ (ગાથાનો ૬૯મો) કળશ.

'**નિત્ય આનંદ આદિ...**' આહાહા..! નિત્ય જ્ઞાનાદિ, નિત્ય શાંતિ આદિ, નિત્ય સ્વચ્છતા આદિ, નિત્ય પ્રભુતા આદિ. '**અતુલ મહિમાનો ધરનાર છે,...**' આહાહા..! સમજાણું કાંઈ? '**જે સર્વદા અમૂર્ત છે,...**' ત્રિકાળ અમૂર્ત છે પ્રભુ! જેમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. '**જે પોતામાં અત્યંત અવિચળપણા વડે ઉત્તમ શીલનું મૂળ છે,...**' આહાહા..! '**પોતામાં અત્યંત અવિચળપણા વડે ઉત્તમ શીલનું મૂળ છે,...**' આહાહા..! ઉત્તમ સ્વભાવ, ઉત્તમ ચારિત્રનું મૂળ એ ચીજ છે. પોતામાં જ ઉત્તમ ચારિત્ર છે અને એનો આશ્રય કરવાથી ઉત્તમ ચારિત્ર પ્રગટ થાય એના મૂળનું ઈ કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાકનું હમણા આવ્યું છે, પણ અજ્ઞાનીને આ વાત કહેવી? અજ્ઞાનીને તો અશુભથી છોડવાની વાત શુભ કરીને. અરે..! પ્રભુ! તારે કરવું છે શું હવે? શુભ હોય, પણ એ શુભ ચીજ તારી છે? અને એનાથી તને કલ્યાણ જન્મ-મરણનો અંત આવે છે? આહાહા..! સમજાણું કાંઈ? એના અભાવ-સ્વભાવરૂપ તારી ચીજ છે અને અનંતગુણ સ્વભાવ સત્રૂપ એ તારો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ઉત્તમ શીલનું...**' શીલ નામ ચારિત્ર. સ્વભાવ. ઉત્તમ વીતરાગચારિત્રનું એ મૂળ છે. આહાહા..! એ વસ્તુ વીતરાગચારિત્રરૂપ છે અને વીતરાગચારિત્ર પ્રગટ થવાનું ઈ મૂળ છે. આહાહા..! સમજાણું કાંઈ? સંયમ અને ચારિત્ર તો વીતરાગપણે થાય છે. એ સંયમ અને

ચારિત્ર વીતરાગભાવ છે. પંચમહાવ્રતના વિકલ્પ એ સંયમ ચારિત્ર નથી, એ તો ચારિત્રનો દોષ છે. આહાહા..! અમરચંદભાઈ! આવો માર્ગ. એવું લાગે કે આ એકાંત-એકાંત એવું લાગે. કહે ભાઈ ભગવાનને તું. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પદ્મપ્રભમલધારીદેવ તો આમ કહે છે. ઈ પંચપરમેષ્ઠી છે. આહાહા..! ભગવાન કુંદકુંદાચાર્ય તો ત્યાં સુધી કહે છેને, સર્વજ્ઞ ભગવાન અતિ નિર્મળ ઉત્તમ વિજ્ઞાનઘનમાં નિમગ્ન ભગવાન છે. આહાહા..! ત્યાંથી અમારા મુનિ સુધી, અમારા ગુરુ સુધી.. પ્રભુ! બધાનો નિર્ણય કરી લીધો? આહાહા..! એય..! ચેતનજી!

.. તો એ વસ્તુના આશ્રયે વીતરાગ પર્યાય પ્રગટ થાય છે. સંયમ જે કહેવામાં આવે છે વીતરાગભાવ ઈ એના આશ્રયે ઉત્પન્ન થાય છે. કોઈ નિમિત્તથી અને પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠ્યો તો ચારિત્ર થયું, એમ છે નહિ. આહાહા..! આવો સંયમ હોય એની શ્રદ્ધાના ઠેકાણા નથી. સંયમ તો નથી, પણ કેવો સંયમ હોય એની શ્રદ્ધાના ઠેકાણા નથી. આહાહા..!

કહે છે '**જે પોતામાં અત્યંત અવિચળપણા વડે ઉત્તમ શીલનું મૂળ છે,...**' આહાહા..! વીતરાગી સંયમ અને વીતરાગી ચારિત્રનું એ મૂળ છે. અર્થાત્ વીતરાગચારિત્રથી ભરેલો પ્રભુ છે ત્રિકાળ. વીતરાગી ચારિત્રથી ત્રિકાળ ભરેલો છે. આહાહા..! એના આશ્રયે વીતરાગી ચારિત્ર જે પર્યાયમાં પ્રગટ થાય છે એવા ચારિત્રનું મૂળ એ ભગવાન છે. આહાહા..! સમજાણું કાંઈ? શાસ્ત્રના અર્થ કરવાના પણ ઠેકાણા નથી. પોતાની કલ્પનાએ અર્થ કરે. પ્રભુ! એમ ન ચાલે. આ તો ભગવાન તીર્થંકર, એની વાણી. આહાહા..! એનો અર્થ સમજવો બહુ દુર્લભ વાત છે. આહાહા..! ગંભીર વાત છે, ભાઈ! નયનું જ્ઞાન, નિશ્ચય, વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત એ નિશ્ચય-વ્યવહાર છે. આહાહા..! ક્રમબદ્ધ એ વ્યવહાર છે. તો ક્રમબદ્ધ ઉત્પન્ન ક્યાંથી થાય છે? એ દ્રવ્યનું જ્ઞાન. એ નિશ્ચય-વ્યવહાર થયો. સમજાણું કાંઈ?

'**તે ભવભયને હરનારા મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વંદું છું.**' પદ્મપ્રભમલધારીદેવ પોતાનો ધર્માનુરાગ પ્રગટ કરે છે. આહાહા..!

**શ્રોતા :-** સ્વામીનો મતલબ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોક્ષલક્ષ્મીનો સ્વામી ઐશ્વર્યવાન આત્મા. પોતાની મોક્ષલક્ષ્મીનો સ્વામી. મોક્ષ થઈ ગયોને? એ મોક્ષ એટલે સ્વામી આત્મા. આહાહા..! '**ઐશ્વર્યવાન સ્વામીને...**' મોક્ષરૂપી લક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને '**હું વંદું છું.**' આહાહા..! સિદ્ધાણં. સિદ્ધ પર્યાય એવી, પણ ઓળખીને હું વંદું છું.

**શ્રોતા :-** સ્વામી શબ્દ કેમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વામી એ પોતાની પર્યાયનો સ્વામી છે.

**શ્રોતા :-** સ્વામી એટલે નિજતત્ત્વ લેવું કે મોક્ષતત્ત્વ લેવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ; નજતત્ત્વ. નિજતત્ત્વ લેવું. મોક્ષરૂપી ઐશ્વર્યવાન સ્વામી. મોક્ષતત્ત્વનો સ્વામી છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? પોતાની પર્યાયનો સ્વામી છે.

'**મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન...**' એમ કહ્યુંને? મોક્ષલક્ષ્મીની પર્યાય પ્રગટ થઈ એવો ઐશ્વર્યવાન, એનો સ્વામી આત્મા છે. એ સ્વામી, પર્યાયનો સ્વામી છેને તો એ પણ એ પર્યાયનો સ્વામી છે, એને હું વંદન કરું છું. આહાહા..! બીજી રીતે કહીએ તો એમાં સ્વસ્વામીસંબંધ નામનો એક ગુણ છે. શું? ૪૭ શક્તિની છેલ્લી શક્તિ. ૪૭ સમજ્યા? આહાહા..! સ્વસ્વામીસંબંધ એ અંદરમાં ગુણ છે એનો. તો એ ગુણની પરિણતિમાં મોક્ષની જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ તો એ દ્રવ્યનો પણ સ્વામી, ગુણનો પણ સ્વામી અને પર્યાયનો પણ સ્વામી. ત્રણેનો સ્વામી. સમજાણું કાંઈ? એ સ્વસ્વામી. એ ત્રણેય સ્વ. શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ, શુદ્ધ પર્યાય ત્રણે સ્વ એનો સ્વામી. લ્યો, ત્રણેનો સ્વામી થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? એવું એનું સ્વરૂપ છે. સ્વસ્વામીસંબંધ નામનો ગુણ એમાં છે અને જ્યારે દ્રવ્ય પ્રગટ થયું તો એ પર્યાયમાં મોક્ષલક્ષ્મી જે પ્રગટ થઈ તો એ દ્રવ્ય સ્વ, ગુણ સ્વ, પર્યાય સ્વ. ત્રણે સ્વ એનો સ્વામી આત્મા. એવી ગુણની પર્યાય પ્રગટ થઈ. આહાહા..! ગુણ તો ગુણરૂપ છે.

**શ્રોતા** :- સ્વામી એટલે ત્રિકાળી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્રણેયનો સ્વામી છે ઈ. દ્રવ્યનો સ્વામી, ગુણનો સ્વામી અને પર્યાયનો સ્વામી.

'**મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વંદું છું.**' એ દ્રવ્યનો સ્વામી કહો, ગુણનો, પર્યાયનો ત્રણેનો. આહાહા..! ત્યાં ભેદ ક્યાં છે? સ્વસ્વામીસંબંધમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ નથી. ત્રણેનો સ્વામી છે. આહાહા..! એ ૪૪ ગાથા પૂરી થઈ, ગાથા પૂરી થઈ.

૪૫-૪૬. હવે આવી ઓલી ૪૯ ગાથા છેને. અહીં ૪૬મી. સમયસારની ૪૯ એ અહીંયા ૪૬. એ ગાથા સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ, ધવલ બધામાં આ ગાથા આવે છે. ૪૬ છેને અહીંયાં.

**वण्णरसगंधफासा थीपुंसणउंसयादिपज्जाया।**
**संठाणा संहणणा सव्वे जीवस्स णो संति।।४५।।**
**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।४६।।**

**સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને,**
**સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.**
**જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.**

જુઓ, ક્લીબ આવ્યું. નપુંસક. સંસ્કૃતમાં ક્લીબ પડ્યું છેને ઘણે ઠેકાણે. શુભનો સ્વામી થાય તે નપુંસક છે. અહીં નપુંસક નર-નારી નહિ.

આહાહા..! '**ટીકા :- અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત એવું જે**

**કારણપરમાત્માનું સ્વરૂપ...'** ઓહોહો..! જ્યાં હોય ત્યાં એ કારણપરમાત્મા, પરમભાવ, પરમસ્વભાવ. એ કારણપરમાત્મા કહો કે શુદ્ધભાવ કહો. શુદ્ધભાવ અધિકાર છેને? **'પરમસ્વભાવભૂત એવું...'** પરમસ્વભાવભૂત એવું ત્રિકાળ **'કારણપરમાત્માનું સ્વરૂપ તેને સમસ્ત પૌદ્ગલિક વિકારસમૂહ નથી એમ કહ્યું છે.' 'નિશ્ચયથી પાંચ વર્ણ,...'** નથી. સમજાણું કાંઈ? એક અર્જિકા આવી હતી અહીંયાં. તો એને પૂછ્યું કે આત્મા કેવા રંગનો છે? ધોળો કે લાલ? કહે, પહેલો લાલ, પછી સફેદ. અરેરે! કાંઈ ખબર ન મળે.

**શ્રોતા :-** કોઈ અપેક્ષા લાગુ કરીને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઈ અપેક્ષા લાગુ પડે? પહેલાં એમ કે લાલ અને પછી એમ કે સફેદ. આહાહા..! આંખ મીંચે ત્યારે આમ થાયને લાલ જેવું દેખાય, પછી .. આમ કરતાં દેખાય લાલ. એ તો જડ છે. જડનો ભાસ થાય છે એમાં. આહાહા..!

**શ્રોતા :-** જવાબ તો દીધોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જવાબ નહિ. સાધારણ વાત. આવ્યા હતા અહીં પૂછ્યું હતું સ્વાધ્યાય મંદિરમાં. આહાહા..! એમ કે પહેલા લાલ હોય અને પછી આ મહાવ્રત ધારે કે .... ધારે ત્યારે સફેદ દેખાય એમ. આહાહા..! અરેરે! દ્રવ્ય, ગુણ અને પર્યાયની પણ ખબર ન મળે અને એને આ પડિમા અને વ્રત થઈ ગયા. શું થાય? પંચમ આરો.

અહીં કહે છે **'પાંચ વર્ણ, પાંચ રસ,...'** નથી. ખાટો, મીઠો રસ આત્મામાં નથી. રસ મીઠો લાગે છેને. **'બે ગંધ,...'** નથી. **'આઠ સ્પર્શ,...'** નથી. ભગવાન સુંવાળો, ભારે એવો નથી. **'સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ વિજાતીય વિભાવવ્યંજનપર્યાયો,...'** આહાહા..! એ નહિ. **'કુબ્જાદિ સંસ્થાનો,...'** કુબ્જાદિ એ દેહની ક્રિયા છેને બહારની. નપુંસક દેખાવ, ઇન્દ્રિય, સ્ત્રીના આકાર એ બધો વિભાવપર્યાય, વિભાવવ્યંજનપર્યાય એ આત્મામાં નથી. વિજાતીય લીધુંને? આત્માની જાતથી એ વિજાત છે. આ શરીરના અવયવોનો આકાર, સ્ત્રીનો, પુરુષનો આદિ, નપુંસક, પાવૈયા, હીજડાનો એ બધો વિજાતીય આત્માથી બીજી જાત છે. વિભાવવ્યંજનપર્યાય આત્મામાં નથી. આહાહા..! **'કુબ્જાદિ સંસ્થાનો,...'** નથી. છ સંસ્થાન છેને. છેલ્લેથી લીધું, સમચતુરસ્રસંસ્થાનથી નહિ લઈને. કુબ્જાદિ સંસ્થાન નથી.

**'વજ્રનારાચાદિ...'** અહીંથી લીધું. હાડકાની મજબુતાઈ આદિ વજ્રનારાચ આદિ **'સંહનનો પુદ્ગલોને જ છે,...'** જુઓ, છે? એ બધી પુદ્ગલની વ્યાખ્યા છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સ્ત્રી, પુરુષ, નપુંસક, કુબ્જાદિ સંસ્થાન, વજ્રનારાચાદિ સંહનનો પુદ્ગલોને જે છે **'જીવોને નથી.'** આહાહા..! આ શરીરના આકાર ઇન્દ્રિયનો, પુરુષનો, સ્ત્રીનો એ બધું જડનું પુદ્ગલનું છે. પુદ્ગલનું છે, આત્મામાં નથી. આહાહા..! એ જડના આકારને આકૃતિમાં ફેરફાર થતાં જાણે હું ફેરફાર કરું છું. સમજાણું કાંઈ? એ માન્યતા ભ્રમ અજ્ઞાન છે. આહાહા..! એમાં સુખબુદ્ધિ થવી એ તો મિથ્યાત્વ છે જ, પણ એ ઇન્દ્રિયના આકારમાં ફેરફાર થવો

એ મારાથી થાય છે એ વિભ્રમ અજ્ઞાન છે.

**શ્રોતા :-** ... ભ્રમણા તો જીવના જ્ઞાનની પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભ્રમણા મિથ્યાત્વની પર્યાય છે, જૂઠી શ્રદ્ધાની પર્યાય છે. આહાહા..! એ મોક્ષમાર્ગ-પ્રકાશકમાં લીધું છે. જ્યાં સમકિતની વ્યાખ્યા કરી છેને, ત્યાં બહુ લીધું છે. શરીરનું લિંગ આદિ કઠણ થાય છે. એ લીધું છે એમાં. છેને, ખબર છે. એ તો જડની પર્યાય છે. સમજાણું કાંઈ? શરીરના અવયવ કઠણ હોય કે નરમ હોય, એ તો જડની પર્યાય છે. એ પોતાથી થતી નથી. આહાહા..! વિષયનો રાગ કર્યો માટે એ ઇન્દ્રિયની એવી દશા થઈ એમ છે નહિ. ભારે વાત કઠણ! મૂળ વાતને સમજ્યા વિના ઉપરથી માની લે કે આ અમે સમજ્યા છીએ. આહાહા..!

અહીં કહે છે, '**પુદ્ગલોને જ છે, જીવોને નથી. સંસાર-અવસ્થામાં સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને કર્મફળચેતના હોય છે,...**' પંચાસ્તિકાયમાં નાખ્યું છેને. '**સંસાર-અવસ્થામાં સ્થાવરનામકર્મ...**' એકેન્દ્રિય પૃથ્વી, પાણી '**જીવને કર્મફળચેતના હોય છે,...**' આહાહા..! એ આત્મામાં નથી. આહાહા..! એ ચેતનાની વ્યાખ્યા કરી. ચેતનાના ભાગ પાડ્યા જોયું! '**चेदणागुणमसद्दं**' છેને પાઠમાં? એ ચેતનાના ભાગ પાડ્યા. કર્મચેતના. આહાહા..! કર્મફળચેતના, રાગને ભોગવવો, સુખ-દુઃખની કલ્પના એ કર્મફળચેતના અને '**ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્યસહિત કર્મફળચેતના હોય છે.**' રાગના કર્તાપૂર્વક રાગને ભોગવવો એ કર્મફળચેતના. આહાહા..!

'**કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે.**' આહાહા..! આ ચેતના હોતી નથી આત્માની એમ કહે છે. રાગને કરવો અને રાગને ભોગવવો એ કાર્યચેતના કે કારણચેતના એ આત્મામાં નથી. કર્મચેતના—કર્મનું ફળ. કર્મ શબ્દે જડ નહિ હોં. સુખની કલ્પના એ કર્મફળચેતના. જડ ન લેવું. એ '**કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે.**' ત્રણ બોધ લીધા. રાગને કરવો એ કર્મચેતના, રાગને ભોગવવો એ કર્મફળચેતના. શુદ્ધ ભગવાન '**કાર્યસમયસારને કે કારણસમયસારને સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે.**' આ બે (કર્મચેતના અને કર્મફળચેતના) નહિ. આહાહા..! સમજાણું કાંઈ? છે?

'**શુદ્ધજ્ઞાનચેતના હોય છે.**' ત્રિકાળમાં કારણપરમાત્મા એ શુદ્ધજ્ઞાનચેતના. જુઓ, ધ્રુવ. ત્રિકાળ ધ્રુવ જ્ઞાનચેતના. આહાહા..! અને પર્યાયમાં જ્ઞાનચેતના. કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે અને કાર્યપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે. સમજાણું કાંઈ? એ કારણ અને કાર્યપરમાત્મામાં એ કર્મચેતના અને કર્મફળચેતના હોતી નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ વ્યવહારરત્નત્રયનો રાગ એ કર્મચેતના છે. એ કારણસ્વભાવ ભગવાન અને કાર્યસ્વભાવ પર્યાયમાં છે નહિ. સમજાણું કાંઈ? એ શુદ્ધજ્ઞાનચેતનાના બે પ્રકાર—એક કારણપરમાત્મામાં

શુદ્ધજ્ઞાનચેતના એ ધ્રુવ અને કાર્યપરમાત્મા શુદ્ધજ્ઞાનચેતના એ પર્યાય. આહાહા..!

'**તેથી જ કાર્યસમયસાર કે કારણસમયસારને...**' ભાષા જુઓ હવે પાછી. હવે ઓલી શુદ્ધજ્ઞાનચેતના કહી, હવે ફળ-ફળ. કાર્યસમયસાર ભગવાન. કેવળજ્ઞાનપર્યાય કાર્યસમયસાર. કારણસમયસાર ત્રિકાળ '**સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે.**' એ ત્રિકાળ કારણસમયસાર ત્રિકાળમાં સહજફળરૂપ જ્ઞાનચેતનાનો અનુભવ છે ત્યાં. આહાહા..! ધ્રુવ-ધ્રુવમાં. સમજાણું કાંઈ? કાર્યસમયસાર એ પર્યાય, કારણસમયસાર એ ત્રિકાળી દ્રવ્ય. બેયમાં સહજફળરૂપ જ્ઞાન. સહજ આનંદના ફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે. ત્રિકાળમાં શુદ્ધજ્ઞાનચેતના આનંદફળરૂપ. આહાહા..! જો અંદરમાં ન હોય તો બહારમાં ક્યાંથી આવશે? ધ્રુવમાં આનંદચેતના પડી છે. ધ્રુવમાં હોં. એ કાર્યસમયસારમાં આનંદચેતના આવે છે. એ આનંદના ફળરૂપ ચેતના બેયમાં છે. ધ્રુવમાં છે, પર્યાયમાં છે. આહાહા..! ભારે! શુદ્ધજ્ઞાનચેતના પણ બેયમાં અને કર્મફળ નામ આનંદનું ફળ-વેદન, એ ત્રિકાળમાં પણ છે અને પર્યાયમાં પણ છે. સમજાણું કાંઈ? સુજાનમલજી!

આ કર્મચેતના અને કર્મફળચેતના એ નહિ. એ કારણપરમાત્મામાં નહિ અને કાર્યપરમાત્મામાં નથી. ભગવાન કારણપરમાત્મામાં શુદ્ધજ્ઞાનચેતના ધ્રુવ અને પર્યાયમાં શુદ્ધ જ્ઞાનચેતનાનું વેદન એ કાર્ય. અને ફળ આનંદનો અનુભવ જ્ઞાનચેતનાનું ફળ એ ત્રિકાળમાં આનંદનો અનુભવ અંદર ધ્રુવમાં પડ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? અને કાર્યમાં આનંદનું ફળ આવ્યું પર્યાયમાં તો કાર્યસમયસારમાં પણ આનંદનું ફળ છે, રાગનું ફળ અને રાગ એ છે નહિ. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ વદ-૧૦, રવિવાર, તા. ૩૧-૦૮-૧૯૭૫, ગાથા-૪૫-૪૬, પ્રવચન નં. ૨૧

નિયમસાર, ૪૫-૪૬ (ગાથાનું) બાકી છેને થોડું? ફરીને લઈએ છીએ. '**કાર્યપરમાત્માને...**' ચેતનાગુણ શબ્દ છેને અંદર? ચેતનાગુણ શબ્દ પડ્યો છેને, એની વ્યાખ્યા કરે છે. એકેન્દ્રિય સ્થાવર જીવ જે છે એને કર્મફળચેતના છે. એટલે? કે જે રાગ-દ્વેષ આદિ કર્યા હતા એના ફળને એ ભોગવે છે. એકેન્દ્રિય આ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. એને જ્ઞાનચેતના નથી, તેમ કર્મચેતના મુખ્યપણે નથી. સમજાય છે કાંઈ? એકેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ જીવ છે. આહાહા..! એક પૃથ્વીના કટકામાં સચેત પૃથ્વી જે નીકળે છે એમાં અસંખ્ય શરીર છે અને એક-એક શરીરે એક-એક જીવ છે. એમ પાણીનું બિંદુ, એક

બિંદુમાં અસંખ્ય શરીર છે. એક-એક શરીરે એક-એક જીવ છે. એમ અગ્નિ-દિવાસળીથી અગ્નિ કરે એટલામાં અસંખ્ય શરીર છે અને એક-એક શરીરે એક-એક જીવ છે. એમ વાયુ-એ પણ એ આટલા થોડામાં અસંખ્ય શરીર છે અને એક-એક શરીરે એક જીવ છે. વનસ્પતિમાં બે પ્રકાર—પ્રત્યેક અને સાધારણ. જે આ લીંબડો, પીપળો એવા જે છે એને એક-એક પાંદડે અસંખ્ય શરીર છે અને એક-એક શરીરે એક-એક જીવ છે. આહાહા..! સ્વરૂપચંદભાઈ! ત્યાં અનંતવાર ગયો છે.

**શ્રોતા :-** દરેક પાંદડે જીવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાંદડે અસંખ્ય. મૂળ જે પીપળો, લીંબડો છે એનો મૂળ એક જીવ તો મૂળ છે એ બધે વ્યાપ્યો છે. પણ તેના સ્કંધમાં, એની એક-એક ડાળ નીકળે એમાં એક જીવ ભિન્ન આખા ડાળમાં વ્યાપેલો હોય છે અને બીજા અસંખ્ય જીવ એની સાથે હોય છે. એમ પાંદડે એક જીવ હોય છે આખા પાંદડામાં વ્યાપેલો અને એને આશ્રયે અસંખ્ય જીવ હોય છે. અને...

**શ્રોતા :-** ફૂલમાં પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફૂલ જીવ છે. ફૂલમાં બે પ્રકાર. નવા ફૂલ થાય અંકુરો એમાં એક કટકીમાં અસંખ્ય શરીર છે અને એક-એક શરીરે અનંત જીવ છે. અને પ્રત્યેક જરી થઈ જાય...

**શ્રોતા :-** એક-એક ડાળીમાં એક-એક જીવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ડાળીમાં એક જીવ મૂળ એક, પછી અસંખ્ય જીવ સાથે. જેમ આ શરીર છેને આમાં એક આત્મા છેને? પણ અંદર બીજા જીવાત થાયને જીવાત? શું કહેવાય એ? કીટાણુ જીવ થાયને એ જુદાં છે અંદર. એમ એક-એક ડાળમાં એક (જીવ). પહેલો તો પીપળો, લીંબડો આખું બાવળ જે ઝાડ છે એનો મૂળ જીવ એક છે. એક જીવ આખા પીપળામાં વ્યાપેલ છે, પણ તેના એક-એક સ્કંધમાં, એની કણી-કણીમાં અસંખ્ય જીવ છે. એની ડાળમાં એક જીવ મૂળ નવો આવે છે તો આખી ડાળમાં વ્યાપક હોય છે, પણ પાછી એની કટકી-કટકી અસંખ્ય શરીરમાં અસંખ્ય જીવ હોય છે. આહાહા..! શેઠ! ત્યાં રહ્યો હતો આ બંગલા છોડીને, એમ કહે છે. એય..! પોપટભાઈ!

**શ્રોતા :-** મુળામાં મફત વેચાણો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મફત વેચાણો. કાંઈ ગણતરી ક્યાં છે? એને જીવ માને એવું ક્યાં છે અજ્ઞાનીને? આહાહા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે ઈ.

એક શરીરમાં વનસ્પતિ આ પીપળો, લીંબડો, બાવળ એ તો અસંખ્ય એમાં જીવ. એક જીવ વ્યાપક હોય, પાંદડું એક હોય તો એમાં મૂળ જીવ પાછો એક આવે, વ્યાપે અને એમાં અસંખ્ય જીવ બીજા આવે. સમજાણું કાંઈ? એ જીવો અને ડુંગળી, લસણ, પ્યાજ, લસણ, લીલ-ફુગ, કાય એક કટકીમાં અસંખ્ય શરીર છે અને એક-એક શરીરે અનંત જીવ છે. ક્યાં

એને ખબરું ન મળે કાંઈ. અનંત. ડુંગળી, લસણ, આ મુળાનો કાંદો. મુળા હોય છેને મુળા? એના પાંદડામાં પ્રત્યેક હોય છે. મૂળ કાંદો છે એમાં અનંત છે. શરીર અસંખ્ય અને એક શરીરે અનંત જીવ.

એ અહીં કહે છે કે એને શું છે? કે એને કર્મફળચેતના છે. ફક્ત વિકારીભાવનું ફળ એને વેદવામાં આવે છે. આહાહા..! બહુ દુઃખી છે. સમજાય છે કાંઈ? આમ લીલાછમ જેવા લાગે, પાણી મળે નહિ. દુઃખી છે. એ કર્મફળચેતના વેદે છે. એ વિકારના ભાવનું ફળ દુઃખને કર્મફળને, કર્મ જડ નહિ, કર્મ ભાવકર્મનું ફળ જે વેદન-દુઃખ એને વેદે છે. આહાહા..!

અને ત્રસ જે છે એકેન્દ્રિય સિવાય કીડી, મકોડા સમજાય છે? ઈયળ, ભમરા, માખી, પતંગ, ફુદા, મનુષ્ય, તિર્યંચ, નારકી, દેવ એ બધા ત્રસ જીવો, કર્મ... જુઓ અહીં આવ્યું છે. '**ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્યસહિત...**' કર્મચેતના તો એને છે. રાગ-દ્વેષની ચેતના, કાર્યરૂપે ચેતના છે. એ કર્મસહિત કર્મફળચેતના (છે). એ રાગ-દ્વેષના ફળને વેદે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ બધા રાજા, શેઠિયાઓ પૈસાવાળા, કહે છે કે એ જીવ છે ત્રસ. એ શું વેદે છે? કે વિકારીના કાર્યના પરિણામસહિત, વિકારના ફળના દુઃખને કર્મફળચેતના વેદે છે.

**શ્રોતા :-** દેવોને પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેવોને પણ એ છે. દેવ એટલે શું પણ ત્યાં? ત્રસ આવ્યુંને? એને વિકારી પરિણામના કાર્યસહિત વિકારી ફળને તે દેવો મુખ્યપણે વેદે છે. આહાહા..! ધૂળમાં ત્યાં ક્યાં સુખ હતું? આહાહા..! સમજાય છે કાંઈ? આ પૈસાવાળા રાજાઓ જુઓને મોટા. આહાહા..! હમણા તો સાંભળ્યું હતું ઓલા તમારી ગ્વાલિયરની રાણીને લઈ ગયા છે. સાંભળ્યું છે? લઈ ગયા છે કોક. ત્યાં ગયા હતાને ભાઈ અમારા બાબુભાઈ, એની ઝવેરાતની કિંમત ટાંકવા ગયા સરકાર તરફથી. આપણે બાબુભાઈ આ ત્રિભુવનભાઈના દીકરા. એની કિંમત શું? સરકાર તરફથી એને રાખ્યા છે. બાબુભાઈ અહીં બેસતા. કાયમ રહેનારા. ત્રિભુવનભાઈના દીકરા એમના દીકરા છે. અહીં છેને. ક્યાં ગયા? કિરિટ. એના બાપ બહુ શાંત છે અને બહુ અભ્યાસ છે. આપણે ત્યાં લાલભાઈના માળમાં રહે છે ભેગા. લાલભાઈને માળ છેને ત્યાં રહે છે. ભાઈ ઉપર રહે છે અને લાલભાઈ નીચે રહે છે. એટલે બેયને પરિચય ઘણો છે. એને સરકાર તરફથી આ કેટલી કિંમતની આ ઝવેરાત છે એ (નોંધવા મૂક્યા) છે. પહેલા જયપુરમાં ગયા હતા નોંધવા. એની પાસેથી ૫૦ લાખનું ઝવેરાત નીકળ્યું અને ૪૦-૫૦ લાખ બાકી છે હજી નોંધવાના અને અહીં ગ્વાલિયરની રાણીને પકડી ગયા અને એનું નક્કી કર્યું ત્યાં એને ઝવેરાત ૪૦ લાખનું નીકળ્યું. એના દીકરા વાત કરતાં હતા. એ આપણે અહીં આવે છે. .. બહુ છે. માણસ ઘણા અભ્યાસી છે. સમજાણું? આ બાબુભાઈ અહીં બેસતાને. સરકાર તરફથી એને નોંધ્યા છે. ઝવેરી ખરાને. નહિતર તો અહીં હતા. ત્રણ

બોલ ચાલતા હતા ૧૮, ૧૯, ૨૦ ત્યારે એને જવું પડ્યું. એના ભાગીદારનો કોલ આવ્યો. કારણ કે આ તો મગજવાળો માણસને ઓલા .. ભાગીદારને. તમે અહીં આવો. પછી સરકાર એને સોંપ્યા છે. જુઓને અત્યારે ગ્વાલિયર ગયા છે.

**શ્રોતા** :- અત્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અત્યારે ગ્વાલિયર. નહિ ભાઈ? કિરિટ! ઝવેરી છે. ત્યાં ૪૦ લાખની ઝવેરાત (નીકળી). રાણીને પકડી ગયા છે. પકડી ગયા છે, પણ એની પાસે કેટલા ઝવેરાત છે એ નોંધાયા વિનાનું એની કિંમત કરવા માટે સરકાર તરફથી ગયા છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કહ્યુંને. સમજાણું? નહિ સમજાણું? હવે ગુજરાતી ચાલશે. ગુજરાતીનો અભ્યાસ કરવો પડશે. એ તો ક્લાસનો દિવસ હતો તો ઝાઝા લોકો આવે. સમજાય છે કાંઈ? શાંતિભાઈ! ઈ પણ ઝવેરી છે, મોટા ઝવેરી છે. આહાહા..!

કહે છે કે એકેન્દ્રિયના જીવો અસંખ્ય અને અનંત છે. અનંત છે એ બધા વિકારના ફળને ભોગવવા માટે એ અવતાર છે. સમજાય છે કાંઈ? ... ગૌણપણે છે ત્યાં. એકેન્દ્રિય છેને એટલે.. મુખ્યપણે કહ્યુંને? મુખ્યપણે કર્મચેતનાની મુખ્યતા ન લેતા આચાર્યે ત્યાં કર્મફળચેતનાની મુખ્યતા લીધી. અહીં આવ્યુંને? જુઓને. જુઓ અંદર. '**સંસાર-અવસ્થામાં સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને કર્મફળચેતના હોય છે,...**' છે ભાઈ? છે? કર્મચેતના નથી. મુખ્યપણે નથીને, મુખ્ય આ છે. કારણ કે મન નથી, વાણી નથી. એક કાયા (છે). આહાહા..! એમાં એને મિથ્યાત્વ અને રાગ-દ્વેષની કરવાની મુખ્યતા ન લેતા એના ફળના વેદનવાળા એમ કહ્યુંને? સંસારી જીવને કર્મફળચેતના હોય છે. આ કાલે આપણે વંચાઈ ગયું, પણ એ કાલે હિન્દીમાં હતું, આ ગુજરાતીમાં આવ્યું. સમજાણું કાંઈ? સ્પષ્ટ ગુજરાતીમાં આવે.

**શ્રોતા** :- ખુલાસો વધારે થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વધારે થાય. આહાહા..!

અને '**ત્રસનામકર્મયુક્ત...**' છે? '**ત્રસનામકર્મયુક્ત...**' એમાં ઈયળ, કીડી, મકોડા, નારકી, મનુષ્ય, તિર્યંચ અને દેવ એ બધા ત્રસમાં આવે. સમજાય છે કાંઈ? આ શેઠિયાઓ પંચેન્દ્રિય બધા ત્રસમાં આવે, રાજાઓ બધા ત્રસમાં આવે, દેવ બધા ત્રસમાં આવે. '**ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્યસહિત...**' કાર્ય નામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના કાર્યસહિત, એ કર્મચેતનાસહિત '**કર્મફળચેતના હોય છે.**' સમજાણું કાંઈ? આહાહા..! એની સીમાની મર્યાદામાં (વેદન હોય). પરનું તો વેદન છે નહિ કાંઈ. જડનું, શરીરનું, વાણીનું એ તો કાંઈ છે નહિ. કોઈને એનું વેદન હોય નહિ. વેદન હોય તો ત્રસને કર્મચેતનાપૂર્વક વિકારી મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ, એ કર્મચેતના. કર્મ નામ કાર્ય. એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના કાર્યસહિત તેના ફળને કર્મફળચેતના એટલે દુઃખને વેદે છે. આહાહા..! સમજાણું કાંઈ? પોપટભાઈ!

**શ્રોતા :-** માણસ આવી ગયા આમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધું હતુંને પહેલું માણસનું. માણસ, શેઠીયા, રાજા એમ તો કીધું મેં. એ બધા ત્રસ. દેવ... આહાહા..! જે બે ઇન્દ્રિય ઇયળથી માંડીને ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિય નારકી, મનુષ્ય, દેવ આદિ એ બધા ત્રસ કહેવામાં આવે. એકેન્દ્રિયથી આગળ વધ્યા એટલે બે ઇન્દ્રિય આદિ. એ બધા કાર્યસહિત, વિકારના કાર્ય હોં. પરના કાર્યની અહીં વાત છે નહિ. આહાહા..!

**શ્રોતા :-** પરના કાર્ય કે દિ' કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ દિ' ત્રણકાળમાં કરતો નથી અને કરે શું? આહાહા..! કહો, શાંતિભાઈ! એ ઝવેરાતમાં ફેરવવા અને ફરવા એ કાર્ય નહિ. એમાં રાગ અને દ્વેષ અને મિથ્યાત્વભાવરૂપી કાર્ય એ કર્મચેતના છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ કાર્યસહિત કહો કે કર્મસહિત કહો. એ કર્મ એટલે આ. મિથ્યાશ્રદ્ધા. હું આ કરું છું, મેં આ કર્યું અને મને આ મળ્યું, હું વ્યવસ્થિત કામ કરનારો માટે આ વ્યવસ્થા થાય છે એવો જે આ મિથ્યાત્વભાવ અને એની સાથે રાગ-દ્વેષનો ભાવ એ કર્મચેતના કહેવાય. અરૂપી આત્માની દશામાં (થતો ભાવ). પરના દ્રવ્યની સાથે સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ જીવને કર્મ એટલે કાર્ય એટલે કે વિકારી પરિણામ કાર્ય છે એનું. અજ્ઞાનીનું સંસાર અવસ્થામાં પુણ્ય અને પાપ ને મિથ્યાત્વભાવ એ એનું કર્મ છે, એ એનું કાર્ય છે. સંસાર આ કાર્ય રળવાના અને ફળ એ એના કાર્ય નથી. સ્વરૂપચંદભાઈ! આહાહા..! એ કાર્યસહિત કર્મફળચેતના. એ કાર્યસહિત એને દુઃખનું ફળ જે છે એ કર્મફળચેતનાને એ વેદે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

હવે જ્ઞાનીની વાત ન લેતા એકદમ કાર્ય અને કારણસમયસારની લીધી છે. સમજાય છે કાંઈ? જો જ્ઞાની લ્યો, સમ્યગ્દૃષ્ટિ તો તેને જ્ઞાનચેતના પણ છે થોડી અને જરી રાગની ચેતના પણ છે અને જ્ઞાનના ચેતનાના ફળરૂપે આનંદનું પણ વેદન છે અને રાગના ફળરૂપે દુઃખનું પણ વેદન છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને, સમ્યગ્દૃષ્ટિ જે સવારે વ્યાખ્યા કરી, તત્ત્વાર્થ શ્રદ્ધાનં, એનો વિષય કાંઈ જગતની કોઈ ચીજ બાકી ન રહી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ભગવાનનો દરબાર છે. આહાહા..! ગૂઢ ભાષા ઘણી ગંભીર! ઓહોહો..! સંતોની ભાષા દિગંબર મુનિઓની સાક્ષાત્ દિવ્યધ્વનિ! એમાં કુંદકુંદાચાર્ય આહાહા..!

આ એક આવ્યું છે નિયમસારમાં પણ. ભક્તિનો અધિકાર આવે છેને કે નિશ્ચયશ્રાવક અને મુનિ બેય નિશ્ચયભક્તિ કરે છે. નિશ્ચયરત્નત્રય વીતરાગી ભક્તિ કરે છે ઈ. શ્રાવક અને મુનિ. શ્રાવકની અગિયાર પડીમામાં પણ.. ભાઈ ગયા લાગે છે, બ્રહ્મચારી. સમજાણું કાંઈ? અગિયાર પડિમામાં પણ સમ્યગ્દર્શનસહિત છેને, એથી એ પણ રત્નત્રયની ભક્તિ કરે છે. નિશ્ચયરત્નત્રયની ભક્તિ કરે છે શ્રાવક. અને પછી લીધું છે કે એ શ્રાવક અને મુનિ સિદ્ધની

ભક્તિ '**कुणइ**'—કરે છે એમ શબ્દ છે. કરે છે. છે શુભભાવ પણ '**कुणइ**' કરે છે એમ શબ્દ છે ત્યાં.

**શ્રોતા :-** ચરણાનુયોગમાં કરે છે એમ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, આ તો નિયમસારમાં, નિયમસારમાં. આ નિયમસાર છેને? '**सम्मत्तणाणचरणे जो भंत्ति कुणइ सावगो समणो।**' ૧૩૪ ગાથા. એ તો પાનું કાઢતા વાર ન લાગે એમાં ૧૩૪. છે? '**सम्मत्तणाणचरणे**' નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયસમ્યગ્જ્ઞાન અને નિશ્ચય સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર '**जो भंत्ति कुणइ सावगो समणो।**' શ્રાવક અને સાધુ બેય નિશ્ચયભક્તિ કરનારા છે. આહાહા..! '**तस्स दु णिव्वुदिभत्ती**' એ નિવૃત્તિભક્તિ એને છે. નિશ્ચય છેને? એ '**होदि त्ति जिणेहि पण्णत्तं**' ભગવાને એમ કહ્યું છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવે એમ કહ્યું છે કે જે સાચા શ્રાવક છે, સાચા શ્રાવક એની વાત છેને, એ અંતર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની ભક્તિ એને અનુભવે, વેદે છે, એને એ કરે છે. આહાહા..! પછી અહીં તો આપણે આ લેવું છે. એ ૧૩૫, ૧૩૫.

**मोक्खंगयपुरिसाणं गुणभेदं जाणिऊण तेसिं पि।**
**जो कुणदि परमभत्तिं ववहारणयेण परिकहियं।।१३५।।**

છેને ભાષા. આ તો નિયમસાર છે. એ વ્યવહારભક્તિ સિદ્ધ ભગવાનના ગુણોને જોઈને એની ભક્તિ કરે છે. છે શુભવિકલ્પ. સમજાય છે કાંઈ? એ વ્યવહારભક્તિ. પણ પાઠ એવો છે કે '**जो कुणदि परमभत्तिं**' એમ શબ્દ છે. છેને? કરે છે પરમભક્તિ. ભાષા તો એમ આવેને, શું આવે બીજું? સમજાય છે કાંઈ? એટલે કે તેને પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનમાં નિશ્ચયભક્તિસહિત આ વ્યવહારભક્તિનો વિકલ્પ હોય છે. તે થાય છે, હોય છે અને કરે છે પણ એમ કહ્યું અહીં તો. સમજાય છે કાંઈ? આહાહા..! છે?

**વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની**
**જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.**

છે? 'જે પરમભક્તિ કરે' એમ શબ્દ છે. નહિતર આ તો નિશ્ચયભક્તિના અધિકારની વ્યાખ્યા છે, પણ એમાં આ વાત નાખી. અંતર વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ એને ગોતીને અંદરથી, એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર અંશે એને હોય છે, શ્રાવકને પણ અને તે મુનિને પણ (હોય છે). અહીં તો શ્રાવક પાંચમા ગુણસ્થાનવાળાને વીતરાગી ચારિત્રપર્યાય, વીતરાગી સમ્યગ્જ્ઞાન એમ હોય, એમ કહે છે. આહાહા..! કેટલાક ઉડાવી દે છે. શ્રાવકને એવું હોય નહિ, શ્રાવકને વ્યવહાર એકલો હોય. અહીં તો નિશ્ચયભક્તિ કરે છે. ભગવાન ત્રિલોકનાથના સ્વભાવને પકડીને, એકાકાર થઈને. આહાહા..! વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી સમ્યગ્જ્ઞાન, વીતરાગી સ્થિરતા એનું વેદન કરે છે. આહાહા..! એની સાથે સિદ્ધની ભક્તિ પણ એ વ્યવહારે કરે છે એમ કહે છે. આહાહા..! પરિણામ છેને, શુભભાવ આવે છેને. સમજાણું કાંઈ? આહાહા..!

'**कुणइ**' શબ્દ ઉપર અહીં તો જરી જોર છે. આ તો ચરણાનુયોગ નથી, આ કાંઈ ચરણાનુયોગ નથી. છતાં એમાં આ ભાષા કુંદકુંદાચાર્ય પોતે મૂકે છે. હોય છે ખરુંને. છ આવશ્યક, સમકિતીને છ આવશ્યક આદિ હોય છે એ કરે છે એમ કહેવામાં આવે. બાકી કર્તૃત્વ તરીકે કરે છે એમ નહિ, પણ પરિણમન છે માટે કરે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એટલું બતાવવું હતું બસ. એ '**ववहारणयेण परिकहियं।**' એ વ્યવહારનયની ભક્તિ. નિશ્ચયનયની ભક્તિસહિત એવી વ્યવહારનયની ભક્તિ શ્રાવકને અને મુનિને બેયને હોય છે. આહાહા..! વ્યવહારભક્તિનું ફળ પુણ્યબંધ છે, નિશ્ચયભક્તિનું ફળ સંવર અને નિર્જરા છે, વીતરાગ. આહાહા..! સમજાણું કાંઈ? હવે એ થયું. હવે અહીં આપણે અહીં લેવું છે.

હવે '**કાર્યપરમાત્માને...**' છેને? પહેલી એકેન્દ્રિય અને ત્રસની વ્યાખ્યા થઈ ગઈ. હવે '**કાર્યપરમાત્માને...**' કાર્યપરમાત્મા એટલે સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા તેરમે ગુણસ્થાને તે કાર્યપરમાત્મા. '**અને કારણપરમાત્માને...**' જે ત્રિકાળી વસ્તુ. આ કાર્યપરમાત્મા એ પર્યાય છે અને કારણપરમાત્મા એ ત્રિકાળી દ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે.**' જુઓ, ઓલું કર્મફળ અને કર્મફળચેતના કાઢી નાખી. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા સુખામૃત, વીતરાગી સુખામૃતને વેદે છે. સમજાણું? એ શુદ્ધ જ્ઞાનચેતના કહેવાય. અહીં તો હજી કર્મચેતના છે એ. એ જ્ઞાનચેતના એ કર્મચેતના છે. નિર્મળ કર્મચેતના. ઓલી રાગ અને રાગનું ફળ એ નહિ. એ પ્રવચનસારમાં આવે છે. શુદ્ધ ઉપયોગને પણ કર્મચેતના કીધી છે. નિર્મળ કાર્ય છેને. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની પરમાત્માને કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, અનંતઆનંદ એવું એનું કાર્ય છે, એ એનું કર્મ છે એને અહીંયાં જ્ઞાનચેતના કહેવામાં આવે છે. આહાહા..! એ શુદ્ધજ્ઞાનચેતના સર્વજ્ઞ પરમેશ્વરને પણ હોય છે અને ત્રિકાળી પરમાત્મદ્રવ્યસ્વભાવ એમાં એ શુદ્ધજ્ઞાનચેતના પણ હોય છે. પર્યાયરૂપે નહિ, દ્રવ્યરૂપે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ.. ઓહો..! એ તો પરમાત્મસ્વભાવ. શક્તિરૂપ સ્વભાવભાવરૂપ એમાં પણ જ્ઞાનચેતના, શુદ્ધજ્ઞાનચેતના ધ્રુવપણે હોય છે. સમજાણું કાંઈ? અને કેવળજ્ઞાની પરમાત્માને ઉત્પાદપણે, પર્યાયપણે શુદ્ધજ્ઞાનચેતના હોય છે. આહાહા..! આવું ક્યાં? થોડુંઘણું ઉપરથી જાણી અને માની લે કે આપણે બધું (જાણીએ છીએ). આ તો વસ્તુ, ભાઈ! આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એની વાણીનો વિસ્તાર અલૌકિક છે. આહાહા..! ત્રિકાળ સ્વભાવમાં એ શુદ્ધજ્ઞાનચેતના છે. એ શુદ્ધ છે. એ ધ્રુવ છે, એ ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાની ચીજ છે. આહાહા..! જેમ કારણશુદ્ધપર્યાય કહી ૧૫મી ગાથામાં, બધું આમાં જ છેને નિયમસારમાં, એ જેમ ત્રિકાળી ભગવાન ધ્રુવ છે એમ એની એક કારણપર્યાય પણ ધ્રુવ છે. આવું બધું.

**શ્રોતા :-** પંચમભાવપરિણતિ શબ્દ છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંચભાવપરિણતિ છે. ઉત્પાદ-વ્યય વિનાની છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધજ્ઞાનચેતનાસંપન્ન પ્રભુ એની પર્યાયમાં કારણપર્યાય પણ શુદ્ધ જ્ઞાનચેતનારૂપી ધ્રુવ છે. આહાહા..!

કહે છે '**કાર્યપરમાત્માને...**' એટલે પર્યાયમાં પરિણમન પૂર્ણ થઈ ગયું એવા ભગવાન આત્માને. કેવળીને, અરિહંતને, સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં એ કાર્યપરમાત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..! એ '**કાર્યપરમાત્મા અને કારણપરમાત્માને...**' જે ત્રિકાળી છે. આ તો પર્યાયરૂપ છે એમ કીધું, કાર્ય. અને આ ત્રિકાળી કારણપરમાત્મા ભગવાન આત્મા ચાહે તો સંસારદશામાં હો કે મોક્ષદશામાં હો, પણ કારણપરમાત્મામાં શુદ્ધજ્ઞાનચેતના અનાદિ-અનંત ધ્રુવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ એકેન્દ્રિય જીવ કર્મફળચેતનાને વેદે છે. એ પર્યાયની અપેક્ષાએ વાત, પણ એનો જે આત્મા કારણપરમાત્મા ધ્રુવ છે એમાં શુદ્ધજ્ઞાનચેતના નિત્ય એની પડી છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમ ત્રસ જીવો કાર્યસહિત, કર્મફળસહિત, કર્મચેતનાસહિત કર્મફળને વેદે છે એ જીવની પર્યાયની અપેક્ષાએ વાત છે, પણ એ જીવ જે નિત્ય ધ્રુવ કારણપ્રભુ છે, એમાં શુદ્ધજ્ઞાનચેતના એને તે કાળે પણ પડી છે. આહાહા..! શુદ્ધભાવ અધિકાર છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે.**' એકને ધ્રુવરૂપ, એકને પર્યાયના કાર્યરૂપ. સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવને કાર્યરૂપ છે અને એને જ ધ્રુવમાં કારણરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**તેથી જ...**' હવે શબ્દ ફેરવે છે. અહીં કારણપરમાત્મા અને કાર્યપરમાત્મા લીધા હતા. હવે સમયસાર લે છે. '**તેથી જ કાર્યસમયસારને...**' એ કાર્યપરમાત્મા કહો કે કાર્યસમયસાર કહો. વિશેષ સ્પષ્ટ થવા માટે શબ્દ ફેરવ્યો. સમજાણું કાંઈ? કાર્યસમયસાર એટલે ભગવાન અરિહંત પરમાત્મા કેવળજ્ઞાનને અનંતઆનંદ આદિ ગુણ પ્રગટ્યા પર્યાય એ કાર્યપરમાત્મા છે. સમજાણું કાંઈ?

'**અને કારણસમયસારને...**' એ ત્રિકાળની વાત છે. એ જ આત્માને કારણસમયસાર ધ્રુવ જે છે, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય અને સિદ્ધમાં પણ જે કારણધ્રુવ જે છે... આહાહા..! એને કારણસમયસાર કહેવામાં આવે છે. આ કારણસમયસાર મોક્ષમાર્ગને પણ કહેવામાં આવે છે, એ અહીં નહિ. મોક્ષમાર્ગને પણ કારણસમયસાર અને કેવળજ્ઞાનને કાર્યસમયસાર એમ પણ કહેવામાં આવે છે. એ પર્યાયના ભેદ પાડવા હોય ત્યારે. અહીં તો દ્રવ્ય અને પર્યાયની બેની વાત કરવી છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે કારણપ્રભુ, કારણસમયસાર, કારણપરમાત્મા એના નિધાનમાં શુદ્ધ જ્ઞાનચેતના ધ્રુવ પડી છે. સમજાણું? એને '**સહજફળરૂપ...**' કાર્યપરમાત્માને અને કારણપરમાત્મા, કારણસમયસારને '**સહજફળરૂપ...**' સહજ '**શુદ્ધજ્ઞાનચેતના હોય છે.**' આહાહા..! સહજ ફળરૂપ. પહેલી શુદ્ધજ્ઞાનચેતના એ કર્મચેતના લીધી હતી અને આ કર્મફળચેતના. કર્મફળ પણ અંદરમાં જે શુદ્ધજ્ઞાનચેતના છે એ કર્મફળચેતના ધ્રુવ અને

કાર્યપણે જે કેવળજ્ઞાન પ્રગટ્યું એવા ભગવાનને કાર્યમાં પણ સહજજ્ઞાનચેતના ફળ છે. આહાહા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ?

'**આથી, સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજકારણપરમાત્મા...**' આથી, એમ સિદ્ધ થયું કે સહજશુદ્ધજ્ઞાનચેતનાસ્વરૂપ ભગવાન કારણપરમાત્મા. આહાહા..! એ '**સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે...**' આહાહા..! સંસારાવસ્થા હો કે સિદ્ધાવસ્થા હો, કારણસમયસાર-કારણપરમાત્મા ધ્રુવ એકરૂપ છે. ઓલી તો અનેકતા થઈ ગઈ. એકરૂપ ત્રિકાળ એ જ આત્માને ઉપાદેય છે. અંગીકાર કરવાલાયક હોય તો એ કારણસમયસાર કે કારણપરમાત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ મોંઘુ પડેને એટલે લોકો બિચારા આવી વાતને નિશ્ચય એકાંત છે, નિશ્ચય એકાંત છે કરીને ઉડાવી દ્યે છે. પ્રભુ! ન ઉડાવ એને ભાઈ! આ તારા સ્વરૂપની સ્થિતિની વાત છે. સમજાણું કાંઈ? એ સોનગઢની વાત છે. આ કોના ઘરની વાત છે? આહાહા..! એને કરવી નથી, સમજવી નથી એટલે કરીને આવી વાત એને ઉડાવી દે. એ નિશ્ચયની વાત. (એ લોકો એમ કહે છે કે) પહેલો નિશ્ચય ન હોય, પહેલો વ્યવહાર હોય.

**શ્રોતા :-** પારમેશ્વરી વિદ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો બાપા! અલૌકિક, ભાઈ! પહેલેથી શરૂ છે. કીધું ને? ત્યાં તો પાંચમા ગુણસ્થાનથી ત્રણ રત્નત્રયી નિશ્ચયની ભક્તિ કરે એમ કીધું છે. સંયમી છે એટલો ઈ. આહાહા..! લીધા છે પડિમાવાળા. સમજાણું કાંઈ? ભલે પહેલી પડીમા હો. એ પડિમા વિકલ્પવાળી એ નહિ ત્યાં. નિશ્ચય જે સમ્યગ્દર્શન, જ્ઞાન, અંશે ચારિત્ર એમાં જે શાંતિ અંશે વધી, વીતરાગી શાંતિ વધી એ પહેલી પડિમા. આહાહા..! બીજી પડિમામાં વિશેષ શાંતિ થોડી વધી એ બીજી પડિમા. વિકલ્પ હોય એ વ્યવહાર, આ તો નિશ્ચયની વાત છે. શાંતિ જોઈએ. અકષાય પરિણમન. આહાહા..! અરે! આવું સત્ છે એને એનું માહાત્મ્ય ન આવે! આહાહા..! ભાઈ! ત્રણલોકનો નાથ સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં, સંસારદશા હોય એકેન્દ્રિયની કે ત્રસની કે મુક્તઅવસ્થામાં.. આહાહા..! સર્વદા એકરૂપ (છે). આ તો બે ભાગ પડી ગયા. સંસાર-અવસ્થા અને મુક્ત-અવસ્થા, પણ એમાં વસ્તુ જે છે એ તો એકરૂપ ત્રિકાળ ધ્રુવ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કીધુંને આનંદરૂપ અંદર. ધ્રુવમાં પણ આનંદરૂપ ફળ છે અને પર્યાય કાર્યમાં પણ છે. કહ્યુંને. સહજ ફળ અનંત આનંદરૂપ. કારણસમયસારમાં સહજજ્ઞાનચેતના ધ્રુવ, એનું ફળ આનંદનું ફળ એ પણ અંદર ધ્રુવ છે. કારણસમયસાર અને કારણપરમાત્મામાં આ કહ્યુંને '**સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના...**' એ ત્રિકાળમાં પણ છે અને કાર્યપરમાત્મામાં પણ છે. આહાહા..! નિયમસારની શૈલી કારણપરમાત્માને સાથે રાખીને વાત કરે છે. આહાહા..!

કે જે ચીજ ઉપાદેય છે. કાર્ય અને કારણ એ ઉપાદેય અહીં નથી કહ્યા. ભલે કાર્ય છે એ સાધકને સાધ્ય હોય, પણ ઉપાદેય તો ત્રિકાળી ધ્રુવ છે. એને પછી સિદ્ધપણું સાધ્ય છે એમ નક્કી થાય. આહાહા..! સમજાણું કાંઈ?

સંસારાવસ્થામાં હો, એકેન્દ્રિયની અવસ્થામાં હો, ત્રસની અવસ્થામાં હો કે સિદ્ધની અવસ્થામાં હો કે મોક્ષના માર્ગની પર્યાયની અવસ્થામાં હો. આહાહા..! અહીં અપૂર્ણની વાત ન લીધી, આખી પૂર્ણની લીધી છે. સમજાય છે કાંઈ? એ દરેક અવસ્થામાં ત્રિકાળ રહેનાર જે ભગવાન ધ્રુવ... આહાહા..! એ સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે એમ કીધું. સર્વદા શુદ્ધજ્ઞાનચેતના, શુદ્ધજ્ઞાનચેતનાનું ફળ પણ સર્વદા ધ્રુવરૂપ એકરૂપ હોવાથી. આહાહા..! એ ઉપાદેય છે. શબ્દ છેને પાછો અંદર. '**जाण अलिंगग्गहणं**' '**जाण चेदणागुणम**' છેને? ચોથા પદની પહેલી લીટી. '**जाण**' એ ગાથાનો અર્થ. એ ગાથા તો સમયસારમાં આવે છે, પ્રવચનસારમાં આવે છે. 'જાણ' એમ કુંદકુંદાચાર્ય કહે છે. ભગવાનની વાણી લઈને કુંદકુંદાચાર્ય કહે છે, આહાહા..! 'હે શિષ્ય! તું જાણ.' આહાહા..! ત્રણલોકનો નાથ ધ્રુવ ચિદાનંદ ધ્રુવ છે. જેમાં શુદ્ધજ્ઞાનચેતના ધ્રુવ છે, જેમાં સહજ આનંદનું જ્ઞાનચેતનાનું ફળ પણ ધ્રુવ છે. આહાહા..! એ સર્વે એકરૂપ છે. એને એકરૂપ હોવાથી ઉપાદેય છે. આહાહા..! એકરૂપ સદૃશભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ... આહાહા..! એવો જે કારણપરમાત્મા કે કારણસમયસાર સર્વદા એકરૂપ હોવાથી તે સમકિતદૃષ્ટિને એ ઉપાદેય છે. સમજાણું કાંઈ? હવે તો અહીં ભાઈ ઘણા વર્ષ થઈ ગયા. સાંભળનાર પણ ઘણા છે. પછી ન સમજાય એમ કેમ કહે? અને ભાષા સાદી છે. કોઈ એવી ભાષા સંસ્કૃત ને વ્યાકરણ મોટી-મોટી નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તમારે તો પરિચય નહિને. આ તો આ લોકોને તો પરિચય છેને. અને આ ૪૦ વર્ષથી. અને જન્મ પણ જૈનમાં થયેલો છે આ લોકોનો તો. આ લોકો જૈન વિનાના જન્મે અને ઉપરથી થોડુંક (ઊંધું) સાંભળ્યું હોય એટલે એને આ સમજવું કઠણ પડે. એ પુસ્તકની વ્યાખ્યામાં કઠણ પડે. આહાહા..!

**શ્રોતા :-** ગ્રંથ તો મુનઓના વાંચવા માટે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, મુનિ એટલે જ્ઞાન. જ્ઞાનવાળો ભગવાન એને જાણવા માટે છે. અહીંયાં તો ત્યાં સુધી કહ્યું સમયસારમાં તો કે આ સમયસાર અબુદ્ધોને માટે કહું છું. અપ્રતિબુદ્ધ અજ્ઞાનીને માટે કહું છું. હવે એને સમજાવવા માટે ક્યાં..?

**શ્રોતા :-** મહારાજ એ બહુ ચાલે છે તો ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ સાચી વાત. અજ્ઞાનીઓને આ તત્ત્વ અંદરમાં રુચતું નથીને એટલે કઠણ પડે છે. 'હાથ નહિ લગાવવો' કહે છે. આહાહા..! પણ ત્યારે તો પછી આ અજ્ઞાની પંડિતે વાંચ્યું શું કરવા? વાંચનારા કહે છે કે ના, ના, એ ન વાંચવું, એનો અર્થ શું?

**'સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજકારણપરમાત્મા...'** સહજસ્વભાવિક શુદ્ધજ્ઞાન સ્વભાવી ચેતનાસ્વરૂપી ત્રિકાળ એવો નિજકારણપરમાત્મા એ **'સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં...'** **'સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજકારણપરમાત્મા...'** **'સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે...'** આહાહા..! સમજાણું કાંઈ? સ્વભાવિક શુદ્ધજ્ઞાનચેતના. સ્વભાવિક પારિણામિકભાવે. ક્ષાયિકભાવ કે ક્ષયોપશમભાવ એ નહિ. પારિણામિક સહજ-સહજ સ્વરૂપ શુદ્ધજ્ઞાનચેતના. આહાહા..! એવું શુદ્ધજ્ઞાનચેતના, સહજશુદ્ધજ્ઞાનચેતના એવું જે સ્વરૂપ નિજકારણપરમાત્મા એ સંસારદશામાં કે મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ હોવાથી, સર્વદા સર્વકાળ એકરૂપ હોવાથી ઉપાદેય છે. આહાહા..! એ અંગીકાર કરવાલાયક છે. સમજાણું કાંઈ? અરે! આહાહા..!

**'એમ હે શિષ્ય!'** કુંદકુંદાચાર્ય એમ કહે છે કે **'હે શિષ્ય! તું જાણ.'** ત્રિકાળ સંસાર અને સિદ્ધ અવસ્થામાં રહેનારો ભગવાન ત્રિકાળ એ ઉપાદેય છે એમ હે શિષ્ય! જાણ તું. સમજાણું કાંઈ? આહાહા..! એમાં વળી વ્યવહાર વિકલ્પ અને રત્નત્રય તે આદરણીય છે અને સાધન છે, નિશ્ચયનું સાધ્ય... આહા! ક્યાંય વયુ ગયું. આહાહા..! અહીં તો નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટ્યો એ કાળમાં પણ ત્રિકાળ કારણપરમાત્મા છે, એકરૂપ રહેનારો તેથી તે ઉપાદેય આદરણીય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રીપદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૭૯માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'**

(मन्दाक्रांता)

''आत्मा भिन्नस्तदनुगतिमत्कर्म भिन्नं तयोर्या
प्रत्यासत्तेर्भवति विकृतिः साऽपि भिन्ना तथैव।
कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे
भिन्नं भिन्नं निजगुणकलालंकृतं सर्वमेतत्।।''

આહાહા..! જુઓને, પદ્મનંદિ આચાર્ય એ તો દિગંબર મુનિ, જેને શ્રીમદ્ વનશાસ્ત્ર કહે છે. આ બધા વનશાસ્ત્ર છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પદ્મનંદિ એ વનશાસ્ત્ર છે. વનમાં સંતોને વિકલ્પ આવ્યો અને રચના થઈ ગઈ. જંગલમાં રહેનારા મુનિઓ એની આ રચના બધી. આહાહા..!

કહે છે, હવે પદ્મનંદિનો આધાર આપે છે કે આ કુંદકુંદાચાર્ય કહે છે એક જ એમ નહિ, પણ પદ્મનંદિ આચાર્ય પણ જે કુંદકુંદાચાર્ય પછી હજાર વર્ષે થયા એ પણ એમ કહે છે, એમ કહે છે. આહાહા..! **'મારું એમ મંતવ્ય છે...'** આચાર્ય કહે છે. પદ્મનંદિ આચાર્ય. **'મારું એમ મંતવ્ય છે...'** મારી એ વિચારણા અને સમ્યક્શ્રદ્ધા એ છે કે **'આત્મા જુદો**

છે...' ભગવાન આત્મા જુદો છે '**અને તેની પાછળ-પાછળ જનારું કર્મ...**' જુઓ, આહાહા..! આત્માને લઈને કર્મ જાય છે એમ નહિ. કર્મ પણ પોતાને કારણે પાછળ-પાછળ આમ જાય છે.

**શ્રોતા :-** કર્મ આત્માને લઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, એ બિલકુલ જૂઠી વાત છે કહે છે. આહાહા..! આત્મા કર્મથી જુદો છે અને એની સાથે કર્મ જે છે પાછળ-પાછળ જનારું એ જુદી ચીજ છે. આહાહા..! કર્મ નથી આત્માને લઈ જતા, આત્મા નથી કર્મને લઈ જતો સાથે. આહાહા..!

**શ્રોતા :-** કર્મ હેરાન કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ હેરાન કરે? મૂઢ માને છે. આહાહા..! 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ; અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાયી.' આહાહા..! કોણ હેરાન કરે? તું પોતે હેરાન ભાવકર્મથી થા છો અને જડ કર્મને તું આરોપ દે છે.

પણ અહીં તો કહે છે ભગવાન આત્મા આહાહા..! તદ્દન જુદો ચૈતન્યમૂર્તિ પ્રભુ. એની સાથે પાછળ-પાછળ જનારું. આહાહા..! '**કર્મ જુદું છે;...**' એ રજકણ જે આઠ કર્મના છે એ પોતાને કારણે આત્માની પાછળ ત્યાં આમ જાય છે. આત્મા તે કર્મને લઈ જતો નથી, તેમ કર્મ તે આત્માને લઈ જતા નથી. આહાહા..!

**શ્રોતા :-** આનુપૂર્વી કર્મ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આનુપૂર્વીકર્મથી પાંગળો છે આત્મા કહ્યું નહિ? એ બધી વાતું નિમિત્તનું જ્ઞાન કરાવવા. કોણ લઈ જાય? આહાહા..!

આચાર્ય મહારાજ જાતની દૃષ્ટિથી કહે છે '**આત્મા જુદો છે અને તેની પાછળ-પાછળ જનારું...**' ભાષા તો જુઓ, એની સાથે જનારું એ કર્મ પણ તદ્દન જુદું કામ કરે છે. આહાહા..! આત્માએ કર્મ બાંધ્યા માટે સાથે આવ્યા! બાંધ્યા જ નથીને પછી સાથે ક્યાં (આવે)? આહાહા..! રજકણની પર્યાયને કોણ બાંધે? આહાહા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** કાંઈ સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન આવ્યું?

ભગવાન આત્મા જાય છે પોતે પોતાની યોગ્યતાથી, ત્યાં કર્મ પોતાને કારણે પાછળ-પાછળ જાય છે, એના પોતાના સ્વભાવની પર્યાયને કારણે. એ ભગવાન આત્માએ બાંધ્યું કર્મ એટલે કે રાગ એનું નિમિત્ત હતું, માટે આત્માને કર્મ સાથે જાવું પડે એમ નથી. સ્વરૂપચંદભાઈ! આવી વાતું. આહાહા..! ભાઈ! આ તો સર્વજ્ઞ પરમાત્મા, એની વાણી અને એનું સ્વરૂપ બાપા અલૌકિક છે. આહાહા..! સંતો પણ સર્વજ્ઞનું સ્વરૂપ જ કહે છે. આહાહા..!

**શ્રોતા :-** કરણાનુયોગમાં નથી લખ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બધું લખ્યું છે. કરણાનુયોગમાં એમ છે. બધાનો અર્થ સાર

શું? વીતરાગતા. ચારેય અનુયોગનો સાર તો વીતરાગતા. વીતરાગતા ક્યારે થશે? કે પરનિમિત્ત મને લઈ જાય છે અને હું નિમિત્તને લઈ જાવ છું, એ તો આવે નહિ એમાં. આહાહા..!

હવે ત્રીજી વાત. '**આત્મા અને કર્મની અતિ નિકટતાથી જે વિકૃતિ થાય છે તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે;...**' ભગવાન આત્મા જુદો, પાછળ-પાછળ કર્મના રજકણો જાય એ જુદાં અને બેના સંઘર્ષ એકત્વથી... આહાહા..! નિકટતાથી. બહુ અતિ નિકટ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ. નૈમિત્તિકમાં કર્મનું નિમિત્ત અને નૈમિત્તિક પોતાથી થાય છે. એ વિકૃતિ થાય છે તે પણ આત્માથી જુદી છે. રાગનો વિકલ્પ અને દયા, દાનનો વિકલ્પ પણ ભગવાન આત્માથી જુદો છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ, આ પદ્મનંદિ આચાર્ય. આ તો હજી હજાર વર્ષ પહેલાં થયા છે. કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલાં થયા છે. બધાની એક જ સરખી વાત? ઓલા કહે કે કુંદકુંદાચાર્યનું માનશો તો બીજા આચાર્યોનું બલિદાન થાશે. આમાં તો કાંઈ બલિદાન નથી થયું. આહાહા..! નિશ્ચયની વાત ગોઠતી નથી એટલે વ્યવહારનયે કહ્યું એ ઠીક છે એમ માનીને એને બલિદાન લાગે છે, પણ આચાર્યોએ કહ્યું એ વ્યવહારથી કહ્યું છે બધું. ચરણાનુયોગની ક્રિયામાં એ આચાર્યોએ વ્યવહારથી કહ્યું એ ભગવાન કુંદકુંદાચાર્યે નિશ્ચયથી એને ઉડાવી દીધું, પણ એણે વ્યવહાર તો કહ્યો. અહીં ન કહ્યું? સિદ્ધ ભગવાનની ભક્તિ કરે. વ્યવહાર તો કહ્યો. જાણવાલાયક વસ્તુ નથી? પરિણતિ એની રાગની છે કે નહિ? સમ્યગ્દૃષ્ટિ અને મુનિ હોય જ્યાં સુધી, ત્યાં સુધી વીતરાગતા પણ નથી એટલે રાગ તો હોય છે. એ રાગ કરો એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. એ વ્યવહારભક્તિ એમ કીધું, લ્યો. સમજાણું? આહાહા..!

અહીં તો કહે છે ભગવાન આત્મા જુદો. તદ્દન જુદું પર્યાય કામ કરે અને કર્મ જુદી સ્વતંત્ર એની પર્યાયથી પાછળ-પાછળ જાય. બેની અતિ નિકટતાને લઈને જે વિકૃતિ થાય છે (અર્થાત્) મિથ્યાત્વ કે રાગ-દ્વેષના પરિણામ જે થાય છે, તે પણ તેવી જ રીતે આત્માથી જુદી છે. વિકૃતદશા આત્માથી જુદી છે. આહાહા..! ભાવબંધ, ભાવાસ્રવ ભગવાન આત્માથી જુદી ચીજ છે. સમજાણું કાંઈ?

'**વળી કાળ-ક્ષેત્રાદિક જે છે...**' આ હુંડાવસર્પિણી ને ફલાણો કાળ ને આ ચોથો કાળ ને પાંચમો કાળ, આ મહાવિદેહ ક્ષેત્ર અને ભરતનું ક્ષેત્ર એ '**કાળ-ક્ષેત્રાદિ જે છે...**' છે ખરું. '**તે પણ આત્માથી જુદાં છે.**' કહો, એને કાળ પણ નડતો નથી અને ક્ષેત્ર પણ એને નડતું નથી કે ભાઈ! મહાવિદેહ ક્ષેત્રમાં જઈએ તો કેવળજ્ઞાન થાય. એમ ના પાડે છે. ક્ષેત્ર આત્મામાં છે નહિને. સમજાણું કાંઈ? ક્ષેત્ર અને કાળાદિ, છેને? પાઠ છેને. '**कालक्षेत्रप्रमुखमपि**' પાઠમાં છે. કાળ, ક્ષેત્ર પ્રમુખ આદિ બધી ચીજ. દિવસ ને રાત ને મહિનો ને બે મહિનાનું .. એ બધું આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**કાળ-ક્ષેત્રાદિ જે છે...**' આદિ શબ્દ વાપર્યો પ્રમુખ. '**તે પણ (આત્માથી) જુદાં**

છે.' આહાહા..! જુઓ, હવે સિદ્ધાંત. '**નિજ-નિજ ગુણકળાથી અલંકૃત આ બધુંય જુદે જુદું છે...**' પોતાના ગુણ અને પોતાની પર્યાયથી તે ભિન્ન-ભિન્ન ચીજ પોતામાં પડી છે. તદ્દન જુદે જુદી. કર્મ જુદાં. અરે! રજકણે રજકણ જુદો અંદર. આહાહા..! સમજાણું કાંઈ? '**નિજ-નિજ ગુણકળાથી...**' પોતાની ગુણકળા અને એની પર્યાય એનાથી આલંકૃત આ બધુંય. એનાથી શોભતું આ બધું ભિન્ન-ભિન્ન છે. આહાહા..! એમાં વળી બાયડી, છોકરા ને કુટુંબ મારા થઈ ગયા. ક્યાંથી તારા થઈ ગયા એ? આહાહા..! એય..!

**શ્રોતા :-** ભિન્ન-ભિન્ન છે તો ભેદજ્ઞાનની ક્યાં જરૂર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કહે છે? ભિન્ન છે એવું જાણવું એનું નામ ભેદજ્ઞાન. આહાહા..! સમજાય છે કાંઈ? એ જાણ્યું ક્યારે કે આ ભિન્ન-ભિન્ન છે? એને રાગ અને કર્મ અને દરેક પદાર્થ પોતાના ગુણ અને અલંકારથી શોભી રહ્યા છે. આહાહા..! જુદેજુદાં છે. રજકણે-રજકણ જુદો, ભગવાન આત્મા જુદો, વિકાર જુદો. આહાહા..! એ પોતપોતાની શક્તિની કળાથી બધા શોભી રહ્યા છે. પરની કોઈ અપેક્ષા એને છે નહિ. આહાહા..! છે?

'**પોતપોતાના ગુણો અને પર્યાયોથી...**' જોયું? ગુણકળાથી છેને? '**પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યંત જુદેજુદાં છે).**' ભગવાન આત્મા અને કર્મને કાંઈ સંબંધ નથી, જુદેજુદાં છે. આહાહા..! સર્વે સંબંધો નાસ્તિ આવે છેને? ૨૦૦ કળશ. વસ્તુને શું? પરની સાથે શું સંબંધ છે? એમાં વળી આ બાયડી, છોકરા, મકાન અને ગામ. આ મારું ગામ અને મારા મકાન અને આ મારી બાયડી. ક્યાં છે પણ? શું થયું તને આ?

**શ્રોતા :-** ચાતુર્યતા!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મૂર્ખાઈ છે. આહાહા..!

'વળી (આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—' (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ વદ-૧૦, સોમવાર, તા. ૧-૦૯-૧૯૭૫, કળશ-૭૦, ગાથા-૪૭, પ્રવચન નં. ૨૨

૭૦.

(मालिनी)

असति च सति बन्धे शुद्धजीवस्य रूपाद्
रहितमखिलमूर्तद्रव्यजालं विचित्रम्।

इति जिनपतिवाक्यं वक्ति शुद्धं बुधानां
भुवनविदितमेतद्भव्य जानीहि नित्यम्।।७०।।

બંધ હો કે ન હો, આત્માની સાથે પર્યાયમાં રજકણ જડનો '**બંધ હો કે ન હો, સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકભાવ, એનાથી રજકણ દરેક ભિન્ન છે. '**એમ જિનદેવનું શુદ્ધ વચન...**' જુઓ, વીતરાગનું આ વચન '**બુધપુરુષોને કહે છે.**' આહાહા..! ભગવાન આત્મામાં એ તો ... લીધું પણ એ બધું ચાર પર્યાયો પણ જેમાં એવો ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ એનો જ્યાં આશ્રય અને અવલંબન અને એનો આધાર જ્યાં લીધો નથી, ત્યાં સુધી બધી ક્રિયાકાંડો, બધા દ્રવ્યલિંગ એકલા વ્યવહારાભાસમાં જાય છે. આહાહા..! એ આવ્યું. પર્યાયમાં જે વિકલ્પ છે એ વસ્તુમાં નથી. વસ્તુની દૃષ્ટિ વિના,.. એ જ કહેશે હમણા ૪૭માં. અહીં એ જ કહ્યું છે ત્યાં. અવર્ણ.. ગુણ ચેતના લીધી હતીને. ચેતનાગુણ એનો આ કળશ છે.

ચેતનાગુણ જે ત્રિકાળી ભગવાન આત્મામાં ચેતનાગુણ ધ્રુવપણે પડ્યો છે અને ચેતના ફળ એનું જે આનંદરૂપી ફળ એ પણ ધ્રુવમાં ત્રિકાળ પડ્યું છે. આહાહા..! એમ કાર્યસમયસારમાં પણ શુદ્ધચેતના અને એનું ફળ છે. અહીં એ વર્ણવ્યું છે. એનો શ્લોક છેને આ. મૂળ તો એક સમયમાં દ્રવ્યસ્વભાવ છે એ કર્મજાળના કોઈ કારણથી પણ રહિત છે. આહાહા..! એકલો ચૈતન્યપુંજ, અનાકુળ જ્ઞાનાનંદના સ્વભાવસ્વરૂપ એવું જે દ્રવ્ય એ દૃષ્ટિમાં ન આવે અને એનો આશ્રય ન કરે ત્યાં સુધી વ્યવહારમાં... નિશ્ચય આવશ્યકમાં કહ્યું છે ત્યાં નિયમસારમાં કે વ્યવહારના વિકલ્પમાં જે પરાયણ છે એને નિશ્ચયના આત્માના ભાન સ્વભાવનો આશ્રય નથી, એ બધા વેશધારીઓ દ્રવ્યલિંગીઓ છે. આવું કામ છે, ભાઈ! સમજાણું કાંઈ?

હમણા કાંઈક મોટી સભા ભરાણી હતી દિલ્હીમાં કે ક્યાંક. બધા મોટા-મોટા બધા ગયા હતા. દિલ્હી નહિ? રાજકુમાર બધા મોટા-મોટા. મોટી સભા ૨૦૦ માણસની. એમાં ઘણા-ઘણા નેમિચંદભાઈ આપણે પાટણી ગયા હતા. એમાં પણ આવ્યું છે ક્યાંક, સોનગઢ ટ્રસ્ટને મહાસમિતિમાં ભેળવવી એમ કહેતા હતા. એ કાંઈક છે સોનગઢનું ટ્રસ્ટ. મહાસમિતિ કાંઈક હશે, આપણને કાંઈ ખબર નથી. એમાં એવું લખ્યું છે. અને મખનલાલજી બધા મોટી સભામાં એમ કે એકાંત છે એનું જાહેર પ્રસિદ્ધ થવું જોઈએ. અહીંનું લીધું. સભામાં ખળભળાટ થઈ ગયો. સભાએ એ વાતને પસંદ ન કરી. એમ કે અત્યારે આવો કાળ છે ૨૫૦૦ વર્ષ ભગવાનનો, બધાને સમાધાન રહેવું એમાં આ શું? ખળભળાટ થઈ ગયો. ઘણા બધા શેઠિયાઓ હતા બધા, મોટા-મોટા પંડિતો ઘણા હતા. હા, કાંઈક હતું મહાસમિતિનું. શાહુજી અત્યારે તો બધું કહેતા કે વર્તમાન વ્રતીઓનો પણ આદર થવો જોઈએ. એવી શૈલી વ્યવહારની.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ માને છે. આહાહા..! ભાઈ! વ્રતી કોને કહેવા? બાપુ!

આહાહા..! જેને ભગવાન ચિદાનંદનો ભેટો થયો નથી અંદર, પરમાત્મસ્વરૂપનો ચમત્કાર પર્યાયમાં આવ્યો નથી એને સમ્યગ્દર્શન પણ નથી, ત્યાં વળી ચારિત્ર અને વ્રત ક્યાંથી આવ્યા? ક્યાં ગયા અમરચંદભાઈ ગયા? રાજકોટ. કાંઈક હશે. અમરચંદભાઈ ગયા. આહાહા..!

અહીંયાં તો મૂળ વસ્તુ તો, નિશ્ચય પરમ-આવશ્યકમાં તો એ લીધું છે કે એકલા ક્રિયાકાંડના જેટલા પ્રકાર એ બધાના વિકલ્પમાં જે રોકાણો છે એ મિથ્યાદૃષ્ટિ છે, દ્રવ્યલિંગી વેષધારી છે. આહાહા..! આવું આ કહે છેને જુઓને. '**એમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે.**' સમજાણું કાંઈ? જેને જાણવાની લાયકાત છે એ જાણનારને ભગવાન આમ કહે છે. ..લાલજી! આવી વાતું છે. આહાહા..! જેને યથાર્થ જાણવું છે... આહાહા..! એને જિનેશ્વરદેવનું શુદ્ધ પરમપવિત્ર યથાર્થ વચન બુધપુરુષોને કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન પૂર્ણાનંદ શુદ્ધસ્વરૂપ એમાં કોઈ વિકારમાત્ર નથી, કર્મ પુદ્‌ગલમાત્ર નથી, અરે! એમાં પર્યાયમાત્ર પણ નથી. આવું શુદ્ધ વચન પરમપવિત્રની યથાર્થતાનું કથન જાણનાર, યથાર્થ જાણનાર જીવોને પરમાત્મા આમ કહે છે. આહાહા..! ભાષા જુઓને આચાર્યે કેવી વાપરી મુનિએ! આહાહા..!

મૂર્ત દ્રવ્યથી રહિત છે એનો અર્થ એ પર્યાય જેને મૂર્તપણાના નિમિત્તનો અભાવ એ પણ વસ્તુમાં નથી. એવો શુદ્ધ જ્ઞાયકસ્વભાવ વસ્તુ દ્રવ્યસ્વભાવ એને વાસ્તવિક આત્મા કહે છે. એની દૃષ્ટિવંતને વાસ્તવિક સમકિતી કહે છે. આહાહા..! એવું '**જિનદેવનું શુદ્ધ વચન...**' એ ભાષા વાપરી. ત્રણલોકના નાથની આ વાણી. આહાહા..! સમજાણું? નિશ્ચયનયનું વચન એ જ યથાર્થ, એમ કહે છે. વ્યવહારનયનું વચન છે એ એક તરીકે તો નય જ નથી, નય જ આ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન સર્વજ્ઞદેવ પરમેશ્વર જિનેન્દ્રદેવ એના શુદ્ધ વચનો જો હોય તો આ છે કે 'ભગવાન પૂર્ણાનંદનો નાથ રાગ અને પર્યાયથી ભિન્ન એવી ચીજ છે' એવું જેને સમજવું હોય એને માટે ભગવાન આમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વચનની શું શુદ્ધતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વચનનો અર્થ એ વચનમાં એ કહ્યું છે એમ. વચનમાં એ વાચ્ય આ છે પદાર્થ, એમ. એ વીતરાગની વાણી છે. વાણીનું આ શુદ્ધ વચન છે. વ્યવહારની વાણીનું વચન એ શુદ્ધ નથી. આહાહા..! જુઓને, પાઠ છે કે નહિ? '**इति जिनपतिवाक्यं वक्ति शुद्धं बुधानां**' છે? '**वक्ति शुद्धं बुधानां**' જેને એ જાણવાની યોગ્યતા છે એવા જીવોને આહાહા..! સભામાં ભગવાનની વાણી આ નીકળી હતી, ભગવાને આ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શું કહ્યું હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાને એમ કહ્યું છે કે આત્મા તદ્દન નિર્મળાનંદ છે. જેમાં

રાગ ને દ્વેષ ને કર્મ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આમ ભગવાનની વાણીમાં આ શુદ્ધ વચન અને આ શુદ્ધ ન્યાય (આવ્યો છે). આહાહા..! સમજાણું કાંઈ? અરેરે! એ વાતને ગણકારે નહિ અને એમ કહે કે આ તો નિશ્ચયાભાસ છે. એ વ્યવહાર કરીએ તો નિશ્ચય પ્રગટે. આહાહા..! એ વીતરાગની વાણી નથી, બાપુ! સમજાણું કાંઈ? ઓહોહો..! મુનિરાજે ગજબ કરી છે કે વીતરાગનો ઉપદેશ આ છે મુખ્ય. મુખ્ય પણ લીધું નથી. એ તો જિનવચન જ આવું છે. જિનવચન જ એ છે વીતરાગની વાણી. ત્રિલોકનાથ પરમાત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન છો. એવું સમજનાર પ્રાણીને ભગવાન આમ સમજાવતા હતા કહે છે. સમજાણું કાંઈ? આ તો મુદ્દાની રકમની વાત છે. આહાહા..!

દૃષ્ટિ પૂર્ણ દ્રવ્યને સ્વીકારે છે અને એ દ્રવ્ય આવું છે કે જે દૃષ્ટિ એનો આશ્રય લે છે, એની સન્મુખ થાય છે એ આવા દ્રવ્યની. સમજાણું કાંઈ? એમ ભગવાનની બાર અંગની વાણીમાં... આહાહા..! ભગવાનનો સાર બાર (અંગની) વાણીમાં વચન આવું એનું હતું. શુદ્ધ વચન. આહાહા..! એટલે કે એ શુદ્ધ વચનમાં વાચ્ય જે ત્રિકાળી ભગવાન એ જ વસ્તુ છે, એ આત્મા છે, એ ચીજ છે, એ સિદ્ધ સ્વરૂપે પોતે પ્રભુ છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ બુધપુરુષોને, મૂઢપુરુષોને નહિ. આહાહા..! જેને સમજવાની નિશ્ચયતત્ત્વના ભાવની સમજવાની જેને જિજ્ઞાસા છે. અહીં તો જિજ્ઞાસા નહિ, સમજવાનો યોગ છે. આહાહા..! એને ભગવાન આમ કહેતા હતા કે તું પરમાનંદનો નાથ પ્રભુ, તારામાં કોઈ સંસાર અને રાગાદિ ત્રિકાળ નથી. આહાહા..! એ દ્રવ્ય પ્રસિદ્ધ ભગવાનની વાણીમાં આવતું હતું. જુઓ છે.

**'આ ભુવનવિદિતને...'** જુઓ, છેને શબ્દ? આ તો જગતપ્રસિદ્ધ છે, કહે છે. એય..! આહાહા..! ઓહોહો..! જિનદેવનું શુદ્ધ વચન. ત્રણ ન્યાય મૂક્યા. એક તો વીતરાગનું વચન આ તે શુદ્ધ કહેવાય કે જે એકલો દ્રવ્યસ્વભાવ પરથી રહિત છે. એ વચન શુદ્ધ કહેવાય અને એ વચને આવું દ્રવ્યને બતાવ્યું છે. એક વાત. અને તે પણ બુદ્ધોને સમજવાને માટે આ વાત છે. જેને પર્યાયનો આગ્રહ છે, રાગનો આગ્રહ છે એને આ નહિ સમજાય, માટે એને માટે આ નથી કહેવું. આહાહા..! એને જેને બુધપુરુષો, તત્ત્વજ્ઞાની પુરુષો, જે વાસ્તવિક તત્ત્વ છે એનું જેને જ્ઞાન છે એને ભગવાને આમ કહ્યું છે. આહાહા..! પોપટભાઈ! આવી વાત છે. આહાહા..! ઓહોહો..! મુનિરાજે કેટલો સંકેલ કર્યો છે. એક તો વચનો શુદ્ધ, બીજું બુધપુરુષોને કહ્યું અને ત્રીજું ભુવનવિદિત જગતપ્રસિદ્ધ આ છે, કહે છે. વ્યવહારે કર્મવાળો, રાગવાળો એ પ્રસિદ્ધ નહિ. આહા..હા..! જગતપ્રસિદ્ધ છે. આહાહા..! દુનિયામાં આ જ પ્રસિદ્ધિ જગતમાં વર્તે છે કહે છે. સમજાણું કાંઈ? આ મુનિરાજના શબ્દો તો જુઓ, હવે એની ટીકા માન્ય નહિ એને. આહાહા..!

ભગવાન એમ કહેતા હતા, જેની શુદ્ધવાણીમાં એ આવ્યું હતું. શુદ્ધનિશ્ચય જે આવ્યું એ શુદ્ધવાણી છે એમ કહે છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ તદ્દન નિર્લેપ પડ્યો

છે આખો. સમજાય છે કાંઈ? અને એ જ જગતને પ્રસિદ્ધ છે અને એ જ ભગવાને કહ્યું છે અને એ જ જ્ઞાનીને એમ કહ્યું છે. આહાહા..! વ્યવહારથી આમ છે અને વ્યવહારથી આમ છે, એ ભગવાનનું મૂળ વચન શુદ્ધ નહિ. આહાહા..! અને એ જગતપ્રસિદ્ધ નથી વ્યવહારની વાત સત્યની, સત્ય તો આ પ્રસિદ્ધ છે. આહાહા..! ડંકાની ચોટ પર વાત કરે છે. જગતની દરકાર નથી, જગત કેમ માનશે કે નહિ? સમાજ સમતોલ રહેશે કે નહિ આવા ન્યાયથી? ભગવાન તો એમ કહેતા હતા, મુનિરાજ એમ કહે છે. આહાહા..! એને જણાવનાર, જાણનારને જણાવનાર એવું શુદ્ધ વચન ભગવાનનું (આ છે) આહાહા..! કે તું તદ્દન નિર્મળ આનંદ છો, પ્રભુ! આહાહા..! એ તો આ જ્ઞાન થાય એને પછી રાગાદિ બાકી છે એનો વ્યવહાર હોય એની વાત અહીં નથી. એ પેટામાં આવી ગઈ, ગૌણમાં આવી ગઈ. આહાહા..! ગજબ કર્યો છે. મૂળ ચીજની જ્યાં હજી ખબર નથી અને ભગવાનને કહેવું છે આ. બાર અંગમાં કહેવું છે આ. આહાહા..! પૂર્ણાનંદ પ્રભુ એ વિકલ્પની જાળથી રહિત છે. અને તું એકલા વ્યવહારના વિકલ્પમાં રોકાઈ જા, જે રહિત છે એમાં રોકાઈ જા, પ્રભુ! એ વચન વીતરાગનું નહિ. આહાહા..! અને એના ફળમાં વીતરાગતા નહિ આવે. શુભ વચનના વિકલ્પો, શુભના વિકલ્પની જાળ વ્યવહારની, એમાં વીતરાગતા નહિ આવે. આહાહા..! વીતરાગતા જેમાં આવે તે વચન વીતરાગનું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- શેમાં કોણ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિશ્ચનય આ એક જ નય છે યથાર્થ. આસ્રવમાં ન આવ્યું? ભાઈ! '**णयपरिहीणा**'. આસ્રવ અધિકારમાં એક ગાથા આવે છે. '**णयपरिहीणा**'. '**णयपरिहीणा**' કીધી એ નય એટલે શુદ્ધ નિશ્ચય. એનાથી રહિત એને નય કીધી. સમજાણું? આસ્રવ અધિકાર ૧૮૦ ગાથા, સમયસાર.

तह णाणिस्स दु पुव्वं जे बद्धा पच्चया बहुवियप्पं।
बज्झंते कम्मं ते णयपरिहीणा दु ते जीवा।।१८०।।

જે નયથી રહિત છે. નય એટલે નિશ્ચયનય. આહાહા..! એ નિશ્ચયનયથી પરિહીણ-રહિત છે એ કર્મથી બંધાય છે. આહાહા..! અહીં નિશ્ચયનય એવો શબ્દ વાપર્યો નથી. '**णयपरिहीणा**' એનો એ અર્થ થઈ ગયો બસ. જે અહીં કીધું. આહાહા..! સમજાણું કાંઈ? વળી એ યાદ આવી ગયું. જુઓ, ન્યાય તો જુઓ! એક માર્ગની શૈલી તો જુઓ, ઓહોહો..! કહે છે કે જિનવચન-શુદ્ધવચન એને કહીએ, આહાહા..! બાર અંગમાં પણ શુદ્ધવચન એને કહીએ કે જે એકલો દ્રવ્યસ્વભાવ બતાવ્યો છે પરથી રહિત એને શુદ્ધવચન કહીએ. આહાહા..! ગજબ કામ કર્યું છેને! અને એ નયથી રહિત છે... આહાહા..! એ મિથ્યાદૃષ્ટિ આસ્રવી બંધને બાંધે છે. આહાહા..! કેમકે ભગવાન આત્મા અબંધસ્વભાવી... એમ કહ્યું હતુંને ૧૪મી-૧૫મીમાં? અબદ્ધસ્પૃષ્ટ. અબદ્ધસ્પૃષ્ટ એ શુદ્ધનયનો વિષય અને શુદ્ધનય તે વસ્તુ આખી. આહાહા..!

રાગ અને કર્મના સંબંધ વિનાની એ ચીજ એવા અબદ્ધસ્વભાવને જેણે જોયો, માન્યો, એ જૈનશાસન છે. આહાહા..! શૈલી તો જુઓ એ વીતરાગની. ચારે બાજુથી જુઓ તો ઓહોહો..!

ભગવાનનું કથન શુદ્ધનિશ્ચયનયનું તે એનું વચન છે. એમ વીતરાગ છે માટે એનું વચન આ છે. આહાહા..! સમજાણું કાંઈ? કે જે વચન શુદ્ધ છે એટલે કે ભગવાન અબદ્ધસ્પૃષ્ટ વસ્તુ છે એને જ વસ્તુ કહે છે. એ શુદ્ધનયનું વચન ભગવાનનું આવું છે. આહાહા..! અને એને જે જાણે, એને જે ઓળખે અને એમાં જે એકાગ્રતા થાય એ જૈનશાસન છે. એ પર્યાય જૈનશાસન છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! શું રચના! જૈનશાસન કહેવું કોને? ત્યારે કહે જે આત્મા બદ્ધરહિત મુક્તસ્વરૂપ છે. આહાહા..! મુક્તસ્વરૂપને જે શુદ્ધ ઉપયોગથી જાણે, માને એ જૈનશાસન. કેમકે વીતરાગે શુદ્ધવચન, વસ્તુ નિર્મળાનંદ અબદ્ધ મુક્ત છે એમ કહ્યું છે. આહાહા..! સ્વરૂપચંદભાઈ! આવી વાતું ત્યાં મુંબઈમાં નથી હોં. ત્યાં વારંવાર રોકાઈ જાવ.

**શ્રોતા :-** આપ પધારો ત્યારે મુંબઈમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાં તો આવેને. ત્યાં તો ગામમાં ઓલું સચવાય અને આ પણ સચવાય. બેય થાયને. અને અહીં તો ઓલું સચવાય નહિ કાંઈ દુકાનનું. આહાહા..! સમજાણું કાંઈ? ઓહો..! પ્રભુતા પ્રભુ તારી તો ખરી. તારી વાણી ખરી અને તું પણ ખરો.

**શ્રોતા :-** ધ્રુવમાં પર્યાયનો અભાવ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભાવ છે, ધ્રુવમાં પર્યાયનો અભાવ છે. એવું જિનનું વચન શુદ્ધ એ છે. આહાહા..!

**શ્રોતા :-** જેમ નીચેની ચક્કીની પાટ અને ઉપરની ચક્કીની પાટમાં અભાવ છે, એમ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ... નહિ... નહિ... ચક્કા-ફક્કા એમ નહિ. અહીં તો વર્તમાન જ પ્રભુ પૂર્ણાનંદનો નાથ જેમાં પર્યાયનો એક સમયનો ઉત્પાદ એનો જેમાં ધ્રુવમાં અભાવ છે. આહાહા..! ક્ષાયિક સમયની પર્યાય પણ એક સમયની ઉત્પાદ છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ સહજાત્મસ્વરૂપ એમાં એ છે નહિ. એવું જિનનું વચન શુદ્ધ છે એમ અહીં મુનિરાજ પંચમહાવ્રતધારી સંત આગમ અનુભવી, મારા મુખમાંથી આગમ ઝરે છે એમ કહે છે. આહાહા..! આગળ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને ત્યાં '**णयपरिहीणा**' કીધા. એ નય એટલે નિશ્ચયનય. એ તો વ્યવહારનય તો એક છે એમ ખરું. જાણપણું, વસ્તુ જે આદરણીય છે... આહાહા..! એ છેલ્લું કહ્યું હતુંને? '**મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે એમ, હે શિષ્ય! તું જાણ.**' છેને? '**સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે એમ, હે શિષ્ય! તું જાણ.**' આહાહા..! '**अरसमरूवमगंधं अव्वत्तं**' એમાંથી કાઢ્યું છે. '**चेदणागुणमसद्दं**' ચેતનાગુણમાંથી આ કાઢ્યું છે. આહાહા..! ટીકા તે પણ ટીકા.

મુનિરાજ છેને. ભાવલિંગી પરમેશ્વર છે. આહાહા..! એણે તો એમ કહ્યું છે કે સર્વજ્ઞથી

મુનિરાજ જરીક થોડા ઓછા છે. બીજે ઠેકાણે કહ્યું કે સર્વજ્ઞ અને મુનિમાં ફેર માને એ જડ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ત્રીજી રીતે કહ્યું કે સર્વજ્ઞથી માંડીને મારા ગુરુ નિર્મળ, અતિ નિર્મળ એવા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. બધી એકસરખી જાત છે, કહે છે. આહાહા..! શું શૈલી મુનિરાજ દિગંબર સંતોની! કેવળીના કેડાયતો. આહાહા..!

અને અહીં તો ત્રણ વાત લીધી કે જિનવચન તો એ કે જેમાં શુદ્ધતા બતાવે એ જિનવચન. એક. અને તે પણ સમજનાર જે છે એ સમજે આ રીતે, શુદ્ધતાને સમજે એવા જીવને માટે કહ્યું છે. આહાહા..! એય..! બે વાત થઈ. ત્રીજી વાત, મુનિરાજ કહે છે કે આ તો ભુવનવિદિત પ્રસિદ્ધ છેને, બાપુ! આહાહા..! અનાદિથી જિનવચન આ પ્રસિદ્ધ છે કે ભગવાન શુદ્ધ આનંદકંદ પ્રભુ નિર્મળાનંદ વસ્તુ છે એ તો જગતપ્રસિદ્ધ છે. આહાહા..! આ સ્તવનમાં નથી આવતું? સિદ્ધ પ્રસિદ્ધં. પ્રસિદ્ધ.. માં આવે છે. સિદ્ધ પ્રસિદ્ધ છે, કહે છે. અહીં તો કહે વસ્તુ આવી પ્રસિદ્ધ છે. આહાહા..! પ્રભુ! ઓહોહો..! શું એમાંથી નીકળ્યું? કેટલું નીકળ્યું જુઓ તો ખરા. એ ભગવાન બોલે છે અહીં તો. હું તો એનો દાસ છું. એ ભગવાન દ્વારા આવી વાત આવી છે. આહાહા..!

**શ્રોતા :-** આપમાં અને ભગવાનમાં કાંઈ ફેર નથી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ? એય..! આહાહા..! ગમે તેટલું સાંભળ અને ગમે એટલું વાંચ, ગમે તેટલું જાણપણું કર, પણ આ વસ્તુ વિના બધું થોથા છે. સ્વરૂપચંદજી! એ બધી જાત્રા-ફાત્રા પણ થોથા છે, એમ કહે છે. જોકે એ જાત્રા દોષવાળી હતી, પણ આ તો અમથી જાત્રા... આહાહા..! એઈ..! ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે, એવું વીતરાગ અનંત તીર્થંકરોએ એના જિનવચનો શુદ્ધ આવા કહ્યા હતા. આહાહા..! એક તીર્થંકર એવા અનંત તીર્થંકરો આદિ-અંત વિનાના અનાદિના. આહાહા..! એ જિનવચન શુદ્ધ છે. આહાહા..! આમાં લખ્યું નથી, પણ બીજે ઓલામાં છે. જૂનું છેને નિયમસાર. એમાં બે-ત્રણ ઠેકાણે છે. આ તો નવું છેને. નવું છે. કેટલામી આવી? ૪૭ નહિ? એમાં એમ નાખ્યું છે.

જુઓ, ૨૦૬ પાનું છે. નીચે, નીચલો શ્લોક છે. જુઓ, આમાં લખ્યું છે હોં બે ઠેકાણે આમાં ૯૯.. આહાહા..! '**જે શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે,...**' છે? પાનું-૨૦૬. ૧૪૬ કળશ. છે? હિન્દી છે? ફેર હશે. નીચે તદ્દન નીચે છે. '**જે શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે,...**' એ તો પ્રભુ તો. આહાહા..! હિન્દીમાં તમારે ૧૪૬ કળશ કાઢોને. ૧૪૬ કળશ. શું છે? આહાહા..! સિદ્ધ શાશ્વત પ્રસિદ્ધ છે. એમ આત્મા પણ આવી રીતે પ્રસિદ્ધ છે. આહાહા..! બે ઠેકાણે આધાર આપ્યો. જુઓ, હવે આ કહે છે કે જેને સમજવાની લાયકાત છે બુધપુરુષો, એને આ સમજવું. આ સમજવું. બધું મૂકી દઈને વાત આ સમજવી, એમ કહે છે. વસ્તુ પૂર્ણાનંદ દ્રવ્ય શુદ્ધ છે એમ વીતરાગનું વચન છે,

અને સમજનારને પણ આ સમજવું મુખ્ય. આહાહા..! સમજાય છે કાંઈ? હવે આ ચીજને ભૂલીને બધી બહારની એકલા વ્યવહારની વાતું કરે. એ વીતરાગનું વચન શુદ્ધ એ વચન છે જ નહિ. આહાહા..! વ્યવહારના વચનો કથનમાત્ર લૌકિકવચન છે એમ કહે છે. આહાહા..! આ લોકોત્તરવચન આ છે. સમજાણું કાંઈ?

એ દ્રવ્યસંગ્રહમાં આવે છે ભાઈ, નહિ? વ્યવહારનય લૌકિક છે એમ આવે છે દ્રવ્યસંગ્રહમાં. લૌકિક. આહાહા..! કળશમાં કહ્યું છે કે વ્યવહારનય તો કહેવામાત્ર, એક કહેવામાત્ર કથનમાત્ર. આહાહા..! અ વસ્તુ વાસ્તવિક છે. આહાહા..! સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં લેવો હોય તો આ લેવાલાયક છે, જાણવો હોય તો આ જાણવાલાયક છે. આહાહા..! ઠરવું હોય તો એમાં ઠરવાલાયક છે. એમ જિનવચનો... આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ ત્રિલોકનાથના શુદ્ધ વચનો આ છે, ભાઈ! અને તે પણ બુધ નામ યથાર્થ જાણવાના જીવોને આ ભગવાને કહ્યું. અરે! બીજું નથી કહ્યું આ બધું વ્યવહારાદિ? કુંદકુંદાચાર્યે કહ્યુંને, અમારા ગુરુ આવા અને અમને શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો. તો બીજું કાંઈ આપ્યું નહોતું? આ એક વસ્તુ (આપી)? અમને શુદ્ધ આત્માનો ઉપદેશ ભગવાને અમારા ગુરુએ કર્યો. એમાંથી અમને નિજવૈભવ આવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સમાડ્યું પણ. પાછું **'मतौ भव्यशार्दूल नित्यं'** છેલ્લો શબ્દ છે. હે ભવ્ય! તું સદા આ જાણ. આહાહા..! ગજબ કર્યો છે. જાંજરીજી! આ બધા બહારના પંડિતોને આ ખટકે છે બધું. જે સત્ય વસ્તુ છે એ ખટકે છે. આહાહા..!

**શ્રોતા :-** કાળદોષ જ એવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાળદોષ નહિ, એની ઊંઘાઈ છે માટે. કાળ શું કરે? કાળ આત્મામાં છે જ નહિને. એ તો પહેલાં આવી ગયું છે. (૫૨) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્મામાં નથી. આત્મા ત્રિલોકનાથ સચ્ચિદાનંદ પ્રભુ જે કાળમાં આવતો નથી, કાળ એનામાં નથી. આહાહા..! એ ગાથા છેને. આહાહા..! બહુ સારી વાત આવી છે. આહાહા..! પરમસત્ય આ છે. પરમસત્ય તે જ ભગવાનને કહેવું હતું અને જાણનારને પણ આ પરમસત્ય છે એ જ જાણનારને જાણવું હતું. આહાહા..! સમજાણું કાંઈ?

એક તો વીતરાગદેવનું શુદ્ધવચન, સત્યવચન, પવિત્રવચન, યથાર્થવચન બુધપુરુષને આ કહે છે. આહાહા..! બીજું, કે જાણનારને જેને યથાર્થ જાણવું છે એવા બુધપુરુષો એને આ કહ્યું છે. આહાહા..! ઉપદેશમાં જાણનાર જીવોને માટે ભગવાને તો આ કહ્યું છે. આહાહા..! ત્રીજું, એ ભુવનવિદિત (છે). આહાહા..! એ તો જગતપ્રસિદ્ધ છેને પ્રભુ અનાદિનું. આહાહા..! ચોથું, **'હે ભવ્ય!'** આહાહા..! હે લાયકજીવ! તું સદા આ જાણ. સ્વરૂપચંદભાઈ! લોજિકથી, ન્યાયથી (વાત છે). આહાહા..! **'હે ભવ્ય!'** મોક્ષ થવાને લાયક હે પ્રાણી! આહાહા..! તારે સદા આ જાણ એમ. નિરંતર શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે એમ તું જાણ છે. આહાહા..! તારી દૃષ્ટિમાં નિરંતર શુદ્ધદ્રવ્ય રહે એમ જાણ તું. સમજાણું કાંઈ? આહાહા..! આ તો ભારે કળશ આવ્યો!

આટલું તો પહેલાં ખ્યાલ હતું કે ભુવનવિદિત આમ કહે છે. જગતપ્રસિદ્ધ એટલું. આ તો પાછું ઘણું બધું નીકળ્યું. શુદ્ધનિશ્ચયનું વચન એ શુદ્ધને બતાવે છે એ જ એનું વચન શુદ્ધ કહેવાય અને તે જાણનારને જાણવું છે આ જ. જાણનારને આ જણાવે છે કે તું ત્રિકાળ શુદ્ધ આનંદનો નાથ પ્રભુ છો. આહાહા..! એ તારે જાણવું છે અને જાણવા માટે આ અમે કહીએ છીએ. ત્રીજું, એ ભુવનવિદિત આ છે, એ કાંઈ ગુપ્ત વાત નથી. અનાદિથી આ પ્રસિદ્ધ છેને વીતરાગમાર્ગમાં. આહાહા..! ચોથું, 'હે ભવ્ય! તું સદા જાણ.' બીજું મૂકી દે. આહાહા..! શું વીતરાગની વાણી! આવી ક્યાંય ન નીકળે. એ પણ દિગંબર સંતો સિવાય આ વાતની ક્યાંય ગંધ નથી. આહાહા..! લોકોને દુઃખ લાગે, પણ વસ્તુસ્થિતિ આવી છે. આહાહા..! એને એમ કે અમે આવા છીએ. અર! બાપુ! તમને મૂળ શાસ્ત્ર અને મૂળ દેવ-ગુરુ જ મળ્યા નથી આચાર્ય આ સંપ્રદાયને, ત્યાં આ વાત ક્યાંથી હોય? આ તો એના શબ્દોમાં આ ભાવ ભર્યા છે અહીં તો. સમજાણું કાંઈ? લ્યો એ ૪૭ કળશ પૂરો થયો.

વજન કોને છે? કે એ ભવ્યને અને તું સદા આ જાણ. ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ (છે) એમ ભગવાનને કહેવું છે, જાણનારને એ જાણવું છે, જગતમાં એ પ્રસિદ્ધ છે કે હે ભવ્ય! તું સદા આ જાણ. આહાહા..! પોપટભાઈ! આવી વાતું છે, બાપા! આહાહા..! પ્રાણભાઈ! એ ૪૫-૪૬નો શ્લોક હતો. ૪૫-૪૬મી ગાથા, એનો એ શ્લોક હતો. ગંભીર બહુ ગંભીર. લોકોને એવું આકરું લાગે. જેને વ્યવહારના આગ્રહ છેને એ લોકોને, આ શું કહે છે એ વાતની એને ખબર નથી. વીતરાગને શું કહેવું છે અને વીતરાગને મુખ્યપણે, મુખ્ય નહિ એ જ કહેવું છે અહીં તો કહે છે. આહાહા..! અને વીતરાગને કહેવું છે અને જાણનારને આ જ જાણવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

અને કહ્યું નહિ? ત્યાં આપણે આવ્યું હતુંને. સમસ્ત જીવને ભગવાને.. આવ્યું હતુંને? સકળ જનતાને સુબોધ આવું સૌભાગ્ય પ્રાપ્ત થાય એને એ વાણી મળે છે એમ કહે છે. આવી વાણી હોય ઈ. આહાહા..! સકળ જનને આહાહા..! દિવ્યધ્વનિ આનંદ ઝરતી એમ ભાષા છે. વાણીમાં આનંદ ઝરે? પણ એ વસ્તુ કહેવી છેને. જે દૃષ્ટિ થઈ ત્યાં આનંદ ઝરે છે એ વસ્તુ ભગવાનને કહેવી છે. આહાહા..! કહો, ગીરધરભાઈ! જ્યાં હાસ્ય નથી, જ્યાં રાગ નથી, જ્યાં વિકલ્પ નથી, જ્યાં સંસારની ગંધ નથી એવો જે ભગવાન આહાહા..! એ વીતરાગ ત્રિલોકનાથના શુદ્ધ વચનો એમ કહે છે. આહાહા..! અને શ્રોતાઓને માટે આ કહ્યું છે. શ્રોતામાં પણ જે બુધપુરુષ છે એને. આહાહા..! મૂઢજીવો માટે આ નથી, કહે છે. આહાહા..! અને જગતપ્રસિદ્ધ છેને બાપુ આ વાત. વીતરાગદેવે આમ કહ્યું છે એ વસ્તુ પ્રસિદ્ધ છે. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળ છે, શુદ્ધ છે એવું જગતમાં પ્રસિદ્ધ છે. માટે હે ભવ્ય! તું સદા આ જાણ એમ કહે છે. આહાહા..! નિરંતર, તારા પર્યાયમાં દ્રવ્યનું સદા નિરંતરપણું લક્ષમાં રહે એમ જાણ. આહાહા..! સમજાણું કાંઈ?

સદા શબ્દ મૂકીને... નિત્ય શબ્દ છેને? 'जानीहि नित्यम्' આ જ નિત્ય નામ સદા જાણ. આહાહા..! ચોવીસે કલાક. કારણ કે એ જ વસ્તુ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, ભગવાને એમ કહ્યો, સમજનારને એમ કહ્યો, જગતપ્રસિદ્ધ એમ કહ્યું અને તું ભવ્યજીવ છેને, તો સદા એમ જાણ. આહાહા..! સમજાણું કાંઈ? ઘણો ભાવ ભર્યો છે. મુનિરાજે એક લીટીમાં તો ઓહોહો..! કહે છેને શ્રીમદ્ કે એક વાક્યમાં અનંત આગમ ભર્યા છે. ઈ આ. કેટલું ગંભીરપણું ભર્યું છે! ઓહોહો..! જેમાં વ્યવહારને શુદ્ધ વચન જ કહ્યા નથી. આહાહા..! એ વ્યવહાર જણાવવો નથી, જણાવવું છે તો આ. એમ જાણતા વ્યવહાર જણાઈ જાય છે. વ્યવહાર જાણતા નિશ્ચય જણાય જાય છે એમ નથી. આહાહા..!

એક શુદ્ધ ભગવાન પૂર્ણ આનંદ અરે! એના અસ્તિત્વનો, છે એનો સ્વીકાર એ તે શું ચીજ છે? એ સ્વીકાર છે તે જૈનશાસન છે. ઓહોહો..! લ્યો, પોણો કલાક થયો એમાં. વસ્તુ આ તો ગંભીર, બાપા! મુનિરાજની વાણી એટલે વીતરાગી સંતોની વાણી તો વીતરાગની વાણી અને વીતરાગ સંતોની વાણી. આહાહા..!

૪૭.

जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति।
जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया जेण।।४७।।
**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.**

સિદ્ધિને પામેલા. જેના જન્મ અને મરણ જેમાં નથી. આહાહા..! એવો જે ભગવાન સિદ્ધ સમાન બધા આત્મા છે, એમ કહે છે. સંસારી આત્મા પણ સિદ્ધ સમાન છે. આહાહા..! નાસ્તિ કીધી અને પછી અસ્તિ કીધી. આહાહા..!

'**ટીકા :- શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે...**' અને કહેવું હતું ભગવાનને આ, એમ કહે છે. અરેરે! મુખ્ય થઈ ગયો વ્યવહાર. જે મુખ્ય હતું એ વાત તો વઈ ગઈ આખી. આહાહા..! અને વીતરાગને આ કહેવું છે એ વાત તો મૂળ રહી ગઈ. આ પંચમહાવ્રત અને એના વિકલ્પ અને એ અતિચાર ટાળવો, એ દોષ ટાળવો (એ બચી ગયું). આહાહા..! '**શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે...**' એટલે? વસ્તુ જે દ્રવ્યાર્થિક એટલે દ્રવ્યને જે જાણે, વસ્તુને જાણે. આહાહા..! એવી જે દ્રવ્યાર્થિકનય, શુદ્ધ ત્રિકાળી દ્રવ્યને જાણે એવી જે દ્રવ્યાર્થિકનય એના અભિપ્રાયે. આહાહા..! '**સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.**' અરે! આહાહા..! જ્ઞાનમાં એ વાત બેસવી એ જ પુરુષાર્થ છે. પુર્ણાનંદનો નાથ વર્તમાનમાં પણ પૂર્ણ શુદ્ધ સિદ્ધ જેવો છે.

**શ્રોતા :-** આપે કહ્યું એ બરાબર સાંભળીએ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ સાંભળી લે એમ નહિ. અંદરમાં એનો સ્વીકાર (થાય) ત્યારે

તે આવો છે એમ એને ખ્યાલમાં આવે. સમજાણું કાંઈ? આહાહા..! આ તફાવત નહિ હોવાનું સંસારી જીવ અને સિદ્ધ જીવમાં.. સંસારી અને સિદ્ધ તો પર્યાય છે. વસ્તુમાં ક્યાં ફેર છે? આહાહા..! નિગોદથી માંડીને સિદ્ધ પર્યાયમાં જે દ્રવ્યાર્થિકનયનો વિષય દ્રવ્ય તો જેવું છે એવું ને એવું પડ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે મખનલાલજીએ એ મૂક્યું સભા મોટી. બધા રાજા ઓલા. મોટા-મોટા બધા હતા. આ રાજકુમારસિંહ, દેવકુમાર બધા ભેગા થયા હતા. એકાંતનું કાંઈક કરો એમ કાંઈક ભાષા છે. એ તો અહીંનો વિરોધ કરવા. ૨૫૦૦ વર્ષ છે માટે મુખ્ય તો એ કરવું જોઈએ, એમ. અરે ભગવાન! શું તારે કરવું છે? પ્રભુ!

**શ્રોતા :-** એકાંતનું ખંડન કરવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એકાંતનું ખંડન કરવું જોઈએ. કોણ ના પાડે છે? પણ એકાંત કોને કહેવું? આ તો એકલો ભગવાન શુદ્ધ સમ્યક્ એકાંત છે. આહાહા..! અને આવા સમ્યક્ એકાંતનું જ્ઞાન થતાં એને વ્યવહારનું જ્ઞાન એમાં આવી જાય છે, આહાહા..! એ અનેકાંત છે. સમજાય છે કાંઈ? શ્રીમદ્દે એમ કહ્યું છેને, સમ્યક્ એકાંત એવા નિજપદની (પ્રાપ્તિના) હેતુ સિવાય અનેકાંત કોઈ રીતે સિદ્ધ નહિ થાય. આહાહા..! ઈ આ છે. એમ તો શ્રીમદ્દને ઘણું ઓલું હતું. એક ફક્ત આ શ્વેતાંબર અને દિગંબરનું પહેલાં શરૂઆતમાં જુદું ન આવ્યું. મોટો ભાગ આ એને સંસ્કાર હતા. બાકી આ તો.. આહાહા..! આ વાત દિગંબર સિવાય શાસ્ત્રો, એના સંતો અને એના ભગવાન બધાનો આ એક જ પ્રકાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા,...**' જુઓ, '**જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા,...**' એકદમ મોક્ષની નજીક. '**એવો પૂર્વે સંસારાવસ્થામાં સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા...**' હવે તો સિદ્ધ કેમ થાય એની વ્યાખ્યા કરે છે. પછી સિદ્ધ જેવા સંસારી એમ સિદ્ધ કરશે. સમજાણું કાંઈ? આહાહા..! અરે! લાંબી વાત હોય ન હોય, ટૂંકી ટચ તો આ છે. સમજાણું કાંઈ? હવે કહે છે કે સિદ્ધ જેવા સંસારી છે તો એ સિદ્ધ કેવા થયા? સિદ્ધ કેમ થયા? '**પૂર્વે સંસારાવસ્થામાં સંસારક્લેશથી થાકેલા...**' વિકલ્પનો ક્લેશ છે એનાથી થાકેલા. આહાહા..! વિકલ્પ દુઃખરૂપ લાગ્યા, થાક્યા એનાથી. સંસાર એટલે વિકલ્પ તે સંસાર. આહાહા..! એવા '**ચિત્તવાળા થયા થકા સહજવૈરાગ્યપરાયણ થવાથી...**' સ્વભાવિક પરથી ઉદાસરૂપ પ્રભુ સહજ સ્વભાવિક વૈરાગ્યપરાયણ થયા. પરથી ઉદાસ થઈ ગયા. આહાહા..! ઓહોહો..!

'**દ્રવ્ય-ભાવલિંગને ધારણ કરીને...**' જોયું! ભાવલિંગ અને દ્રવ્યલિંગ છે એને ભેગું નાખ્યું. જણાવ્યો હવે અહીં વ્યવહાર. આહાહા..! ભાવલિંગ એ તો નિર્વિકલ્પ દશા આત્માની. દ્રવ્યને આશ્રય થતો નિર્વિકલ્પભાવ સમ્યગ્દર્શન-જ્ઞાનસહિતનું સ્વસંવેદનની ઉગ્ર દશા થાય તે ભાવલિંગ અને એની સાથે વિકલ્પ અને નગ્નપણું તે દ્રવ્યલિંગ. સમજાણું કાંઈ? એ વખતે હોય છે આ એ પણ ભેગું નાખ્યું હવે. આહાહા..! '**દ્રવ્ય-ભાવલિંગને ધારણ કરીને...**'

ભાષા તો એમ છે જુઓ, ભાવને ધારણ કર્યો, એવું વિકલ્પ અને નગ્નપણું પણ ધારણ કર્યું એમ. વ્યવહારથી ભાષા એમ લેવાયને. આહાહા..! સમજાણું કાંઈ?

**'દ્રવ્ય-ભાવલિંગને ધારણ કરીને પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા...'** આહાહા..! હવે નાખ્યું. પરમગુરુએ શું કહ્યું હતું? એ પાછું આવ્યું. **'પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને...'** પરમાગમ અંદર આનંદનો નાથ ભગવાન એની દશા. પરમ આગમભાવ એના **'અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને...'** આહાહા..! સમજાણું કાંઈ? પહેલાં દસ-દસ કલાક વાંચન ચાલતું શાસ્ત્રનું. કેમ? કે એમાં આ લોકોનો વિશ્વાસ મને ઉઠી ગયેલો બધા ઉપરથી. એટલે હવે શાસ્ત્રને શું કહેવું છે વાસ્તવિકતા, એ ઉપરને માટે વાંચન હતું. વધારે જાણપણું થાય કે એ માટે નહોતું. સમજાય છે? કારણ કે એ લોકોએ કીધું એ તો વાત બેઠી નહિ. કીધું આ વાત તો બરાબર નથી. સમજાણું કાંઈ?

એકકોર ખાનગી પૂછ્યું, કીધું ભાઈ! આ 'જિન પ્રતિમા જિન સારખી' કીધી છે. વીતરાગની મૂર્તિ વીતરાગ થયા તેવી જિનપ્રતિમા છે. તો આ શું છે? એ લોકો બહારમાં તો એમ કહેતા કે એ મૂર્તિ અન્યમતિની જક્ષની છે એમ કહે. આહાહા..! એ દામોદર શેઠે ભાવનગરમાં એ સાક્ષી આપી હતી કે એ જક્ષની મૂર્તિ છે. અરે પ્રભુ! ખાનગી મેં પૂછ્યું હતું પણ મેં કીધું મને તો ભાઈ આ લાગે છે. ૭૩ની સાલની વાત છે. આ તો વીતરાગની મૂર્તિ છે અને વીતરાગની ઉપમા. જિનપ્રતિમાની ઉપમા એને જિનની ઉપમા આપી છે. બાકી જક્ષની નહિ. છે તો એમ. ઓય માળા! મૂળચંદજીએ એમ કહ્યું. અરેરે! આ શું? આ લોકો આમ માને અંદર અને બહાર આ કહે સ્થાનકવાસી સંપ્રદાયની જાળવણી રાખવા. વીતરાગમૂર્તિ શાશ્વત છે. જિનેશ્વરદેવની શાશ્વત મૂર્તિ છે એને આ જક્ષની બહારમાં કહે અને અંદરમાં કહે કે જિનપ્રતિમા. આહાહા..! ખાનગી કોઈ નહોતું. ઈ એક અને હું બે જણા હતા. ખાનગી પૂછ્યું હતું. ૭૩ની વાત છે. ૫૮ વર્ષ થયાને? વિશ્વાસ ઉડી ગયો અંદરથી. આ લોકોના વચનો પ્રમાણ નથી અહીંયાં હવે. હવે તો શાસ્ત્ર શું કહે છે? શું એમનો આશય છે એ આપણે જાતે નિર્ણય કરવો પડશે. આહાહા..!

અહીં કહે છે **'દ્રવ્ય-ભાવલિંગને ધારણ કરીને પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા...'** પરમગુરુએ એને કહ્યું કે શુદ્ધ ચૈતન્યમૂર્તિ તું છો. આહાહા..! એનો તેના તરફનો અભ્યાસ કર. એમાં રહેવાનો, એમાં એકાગ્ર થવાનો અભ્યાસ કર. આહાહા..! એવા પરમ આગમના અભ્યાસ વડે, પરમ આગમ જે જ્ઞાનદશા એનો અંતરમાં અભ્યાસ વડે. આહાહા..! **'સિદ્ધક્ષેત્રને પામીને...'** છે? **'સિદ્ધક્ષેત્રને પામીને અવ્યાબાધ સકળ-વિમળ (સર્વથા નિર્મળ)...'** આહાહા..! **'કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળવીર્યયુક્ત સિદ્ધાત્માઓ થઈ ગયા—'** આ રીતે સિદ્ધાત્મા થયા એ પણ વિધિ છે. હવે વિશેષ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૧૨, મંગળવાર, તા. ૦૨-૦૯-૧૯૭૫,**
**ગાથા-૪૭-૪૮, કળશ-૭૧, પ્રવચન નં. ૨૩**

૪૭ ગાથા. શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોઈએ તો સંસારી અને સિદ્ધ બેય સરખા છે. પર્યાયમાં ફેર છે એ કાંઈ પર્યાયનો વિષય દ્રવ્યાર્થિક નથી. જેવા સિદ્ધ ભગવાન કાર્યસમયસારરૂપે છે એવા બધા આત્માઓ કારણસમયસારસ્વરૂપે જ છે. વસ્તુ કારણસમયસાર ચિદાનંદસ્વરૂપ એ કારણસમયસાર સિદ્ધ સમાન જ જીવ છે. આહાહા..! ત્યાં એને દૃષ્ટિ કરવાની છે. સંસારી હોય કે સિદ્ધ હોય, શુદ્ધદ્રવ્યાર્થિકનયથી બેય સરખા છે. અહીં સુધી આપણે આવ્યું છે.

'**અતિ-આસન્ન-ભવ્યજીવો થયા, તેઓ પૂર્વે સંસારાવસ્થામાં સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા...**' આહાહા..! વિકારમાત્રથી થાક્યા, જેના ચિત્ત થાકી ગયા. આહાહા..! એવા થયા થકા '**સહજવૈરાગ્યપરાયણ થવાથી...**' આ ઉપાય કહે છે. સિદ્ધ કેમ થયા? અને એમ ત્રણે કાળે સિદ્ધ આ રીતે થાય. '**દ્રવ્ય-ભાવલિંગને ધારણ કરીને...**' આહાહા..! ભાવલિંગ, જ્ઞાનાનંદસ્વભાવ કહેશે, જ્ઞાનાનંદસ્વભાવનું ભાવલિંગ એને ધારણ કરી દ્રવ્યલિંગ નગ્નપણું અને વિકલ્પ આદિ ધારણ કરી '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા...**' ઓલી દ્રવ્યની વાત સાધારણ ... આવી પણ '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ વડે...**' આહાહા..! પરમગુરુએ એ કહ્યું કે તારો સ્વભાવ જ્ઞાન અને આનંદ છે, એ જ્ઞાનના સ્વભાવ દ્વારા તેનું સાધન કર. આહાહા..! એ કહ્યું એ પ્રમાણે એણે કર્યું, એમ કીધું અહીં. ભગવાન જ્ઞાનસ્વભાવ, જ્ઞાતૃતત્ત્વ તો આવ્યું હતુંને. સવારમાં આવ્યું હતું. જ્ઞેય અને જ્ઞાયકતત્ત્વ જ્ઞાતૃતત્ત્વ એટલે આત્મા જ્ઞાતૃતત્ત્વ જાણકસ્વભાવનો પિંડ, એકલો જ્ઞાયકસ્વભાવ ચૈતન્યબિંબ એનો આશ્રય કરીને, એનું અવલંબન લઈને જે જ્ઞાન-દર્શન-આનંદની એ જ્ઞાનદશા કહેવાય બધી, એ જ્ઞાનદશા વડે એટલે પરમાગમના અભ્યાસ વડે, પરમાગમ નામ પરમ આનંદ અને જ્ઞાનની દશા એ પરમાગમ, દ્રવ્ય પરમાગમ નહિ. આહાહા..! વસ્તુ ભગવાન જ્ઞાતૃતત્ત્વ એટલે જ્ઞાયકભાવ, તેમાંથી જ્ઞાનની પર્યાયને પ્રગટ કરીને જ્ઞાનસ્વભાવ દ્વારા સાધન કર્યું. એ સમકિત, જ્ઞાન અને ચારિત્ર ત્રણે જ્ઞાનસ્વભાવ કહેવાય. રાગસ્વભાવ નહિ એટલે જ્ઞાનસ્વભાવ. આહાહા..! સમજાણું કાંઈ? એવા '**અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને...**' સિદ્ધક્ષેત્રને પામ્યા એમ કહે છે.

**શ્રોતા :-** એ તો ભાવસિદ્ધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવસિદ્ધક્ષેત્ર પોતાનું એને પામ્યા. દ્રવ્યક્ષેત્ર જણાવ્યું છે કે ઉપર ગયા. આહાહા..! બેય જણાવ્યું છે.

**'અવ્યાબાધ (બાધા રહિત) સકળ-વિમળ (સર્વથા રહિત) કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળવીર્યયુક્ત સિદ્ધાત્માઓ થઈ ગયા...'** જેવો એનો સ્વભાવ અનંતચતુષ્ટય હતો એ રીતે પરિણમનમાં અનંતચતુષ્ટય આદિ અનંત ગુણો પરિણમન થઈ ગયા. આહાહા..! જુઓ, આ ઉપાય આ કહ્યો. કોઈ વિકલ્પ અને વ્યવહાર સિદ્ધ થવાનો ઉપાય નથી એમ કહ્યું. જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એવા સ્વભાવથી ભરેલો પ્રભુ, એના આશ્રયથી જ્ઞાનદશાની જે દશા પ્રગટ થઈ, પછી એ જ્ઞાન કહો, દર્શન કહો, ચારિત્ર કહો, એ બધી જ્ઞાનની દશાઓ છે. આત્મજ્ઞાનની દશાઓ એનું સાધન કરીને સિદ્ધ થયા. લ્યો! જેટલા અત્યાર સુધી સિદ્ધ થયા (તે આ રીતે થયા). ઓલામાં એમ આવ્યું હતું **'भेदविज्ञानतः सिद्धाः'**. પરથી ભિન્ન પાડીને એમ. અહીં કહ્યું પોતાનો સ્વભાવસ્વરૂપ ભગવાન એનું સાધન કરીને. આહાહા..!

**શ્રોતા :-** બીજો ઉપાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય એક જ ઉપાય છે. ભેદજ્ઞાન પરથી ભિન્ન પાડીને કહ્યું, અહીં પોતાના સ્વભાવની દશાને અભેદથી કહ્યું. બેય થઈને એક જ છે. આહાહા..!

જ્ઞાયક ચૈતન્યસ્વભાવ તેનું જ્ઞાન, તેની પ્રતીત અને તેની રમણતા એ બધો પરમાગમ અભ્યાસ કહેવામાં આવે છે. જુઓ, આ પરમગામ છેને આ? એ પરમાગમ નહિ કહે છે. પરમાગમમાં ગુરુએ જે કહ્યું કે તારો સ્વભાવ ભગવાન પૂર્ણ છે ત્યાં દૃષ્ટિ દે, એનો આશ્રય લે, એમાં એકાગ્ર થા, એનાથી મુક્તિ થશે. આહાહા..! અમારાથી નહિ અને વ્યવહારથી નહિ એમ કહે છે. એમ ગુરુએ એને કહ્યું હતું, એવું એણે સાધન કર્યું અને મુક્તિને પામ્યા. આહાહા..! એ **'કાર્યસમયસારરૂપ છે,...'** સિદ્ધ ભગવાન કાર્યસમયસારસ્વરૂપ છે. પર્યાયમાં કાર્ય પૂર્ણ થઈ ગયું. એથી કાર્યસમયસાર છે. **'કાર્યશુદ્ધ છે.' 'કાર્ય-અપેક્ષાએ શુદ્ધ.'** છે. પર્યાયની અપેક્ષાએ તદ્દન શુદ્ધ છે. દ્રવ્યે શુદ્ધ છે એ તો જુદી વસ્તુ, આ તો દ્રવ્ય શુદ્ધ છે એ કારણસમયસારમાં જાય છે અને પર્યાયે શુદ્ધ છે એ કાર્યસમયસારમાં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા (સંસારી) જીવો છે.'** આહાહા..! જેવા એ સિદ્ધસ્વભાવ કાર્યસમયસારરૂપ થયા એવા જ ભગવાન આત્મા પ્રત્યેક સંસારી પ્રાણી કારણસમયસાર તે તદ્દન શુદ્ધ અને પૂર્ણ શુદ્ધ છે. એ પર્યાયે શુદ્ધ છે, આ વસ્તુથી શુદ્ધ છે. આહાહા..! પણ એ વસ્તુએ શુદ્ધ છે એનો અનુભવ કરે ત્યારે એ વસ્તુ શુદ્ધ છે એમ એને દૃષ્ટિમાં આવે. સમજાય છે કાંઈ? પણ અહીં તો શુદ્ધનયે આવો છે એમ કહ્યું. અને સંસારી જીવ પણ પોતાને શુદ્ધનયથી 'શુદ્ધ પરમાત્મસ્વરૂપે જ કારણસમયસાર છું' એવું દૃષ્ટિ અને સાધન કરીને તે પણ મુક્ત થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

વ્યવહારવાળાને ભારે આકરું પડે આ. બીજે કહ્યું વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. લ્યો! પંચાસ્તિકાયમાં ૭૨ (ગાથા). એ તો સાધનના બે પ્રકારનું કથન કર્યું છે. સાધન બીજું એને

જ્ઞાન જણાવ્યું છે કે જ્યાં સ્વરૂપનું સાધન કરે છે ત્યાં પૂર્ણ નથી તેને રાગની મંદતાનો કેવો પ્રકાર હોય છે એને સાધન તરીકે આરોપ કરીને કથન કર્યું છે. આમ છે. આવું છે. એને અંદર રાગની મંદતા કેવા પ્રકારની હોય છે એ જણાવવા માટે તેને સાધનનો આરોપ કીધો છે. આહાહા..!

'**સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે...**' આહાહા..! '**તે કારણે તે સંસારી જીવો...**' આહાહા..! '**જન્મજરામરણથી રહિત...**' આ ભગવાન આત્મા વસ્તુ તરીકે જે છે એ તો જન્મજરામરણરહિત જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? વસ્તુ જે છે દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, શુદ્ધસ્વભાવ, શુદ્ધભાવ છેને આ અધિકાર એ શુદ્ધભાવ જે તત્ત્વ વસ્તુ છે એ જરા, મરણ અને જન્મથી રહિત છે. જન્મ નથી, એને વૃદ્ધાવસ્થા નથી. ત્રણ પાડી. એનું મૃત્યુ નથી. આહાહા..! એ ત્રણ રહિત એ વસ્તુ છે.

**શ્રોતા :-** આ ગુરુનો પ્રસાદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ એણે (ગુરુએ) કહ્યું હતું એવું એણે કર્યું. આહાહા..!

'**જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે, તે કારણે તે સંસારી જીવો જન્મજરામરણથી રહિત અને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે...**' સમકિત આદિ ગુણોના આનંદથી પુષ્ટ છે સ્વભાવ એનો. સમજાણું? આહાહા..! '**સમ્યક્ત્વાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે (-સમ્યક્ત્વ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે).**' આ જીવ પોતે આઠ ગુણની સમૃદ્ધિથી આનંદમય છે. આહાહા..!

**શ્રોતા :-** એમાં શું આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ આવ્યું નહિ. તે જ વસ્તુને અનુભવે, બસ એ આવ્યું. વસ્તુ એવી છે તો એમાંથી કાર્યસમયસાર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**આઠ ગુણોની...**' સમૃદ્ધિથી એમ છેને? '**પુષ્ટિથી તુષ્ટ છે...**' પુષ્ટિનો અર્થ સમૃદ્ધિ કરી અને તુષ્ટનો અર્થ આનંદ કર્યો. આઠ ગુણોની સમૃદ્ધિથી... આહાહા..! એટલે કે પુષ્ટિથી એ તુષ્ટ છે એટલે કે આનંદમય છે. આહાહા..! એવો જ દ્રવ્યાર્થિકનયનો વિષય છે એ વસ્તુ એવી છે અનાદિથી. અનાદિ-અનંત એ દ્રવ્ય આવું જ છે, એને દૃષ્ટિમાં લઈને અનુભવ કરીને સિદ્ધપદ પામ્યા છે. એ પર્યાયે આશ્રય લઈને, પણ આવા દ્રવ્યનો આશ્રય લીધો ત્યારે તેને મોક્ષના માર્ગની પર્યાય પ્રગટ થઈ. આહાહા..! 'નિશ્ચનયાશ્રિત' આવે છેને? વ્યવહાર પરાશ્રિત, નિશ્ચય સ્વાશ્રિત. બેય શબ્દ છે. આહાહા..! આવું સ્વરૂપ છે એવું એને દૃષ્ટિમાં, વિશ્વાસમાં આવે અને તેની જ્ઞાનની પર્યાયમાં એમ આવે, ત્યારે તેમાં એ ઠરે, ત્યારે તે મુક્તિને પામે. આહાહા..! આ અધિકાર છે. આહાહા..!

'**(હવે, ૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**'

(अनुष्टुभ्)

प्रागेव शुद्धता येषां सुधियां कुधियामपि।
नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम्।।७१।।

'**શ્લોકાર્થ :- જે સુબુદ્ધિઓને...**' સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને અને '**તેમ જ કુબુદ્ધિઓને...**' અજ્ઞાનીને, મિથ્યાદષ્ટિને '**પ્રથમથી જ શુદ્ધતા છે,...**' વસ્તુમાં પહેલેથી જ શુદ્ધતા ભરી પડી છે. આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિને એ શુદ્ધતા પડી છે વસ્તુ. સમ્યગ્દષ્ટિને એ શુદ્ધતા પહેલેથી છે. વસ્તુ અનાદિ પહેલેથી છે, એ નવો કરે તો થાય એમ નથી. આહાહા..! આચાર્યે આ મોક્ષમાર્ગની,.. મોક્ષમાર્ગનો અધિકાર છેને? નિયમસાર એટલે આ. જેવા નિયમસાર ભગવાન પૂર્ણ કાર્યસમયસારને પામ્યા એવો જ નિયમસાર વસ્તુ ત્રિકાળી દ્રવ્ય છે. એ નિયમસાર દ્રવ્ય ત્રિકાળી નિયમસાર છે. આહાહા..! અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ એ નિયમસાર એટલે કે મોક્ષનું કારણ એ આ નિયમસાર ધ્રુવ નિયમસાર. આહાહા..! સમજાણું કાંઈ? એ પહેલાં આવી ગયું છે. નિયમસારના બે બોલ. કારણનિયમસાર અને કાર્યનિયમસાર. પહેલાં આવી ગયા છે. એ કારણનિયમસાર ભગવાન આત્મા, અરે! પણ એનો વિશ્વાસ અંદર સ્વસન્મુખ થાય ત્યારે આવેને. સમજાણું કાંઈ? વસ્તુ તો છે.

એક પ્રશ્ન ચાલ્યો હતોને કે કારણસમયસાર કહો છો તો કાર્ય તો આવવું જોઈએ? કારણસમયસાર જો કહો એને તો કારણનું કાર્ય તો આવવું જોઈએ? એમ પ્રશ્ન થયો. ત્રિભુવનભાઈ વારિયા-વારિયાએ પ્રશ્ન કર્યો હતો. તો કહ્યું કે 'કારણસમયસાર' છે એમ જેને બેસે એને કાર્ય આવે, પણ છે એની ખબર જ નથી ત્યાં (કાર્ય શું આવે?) આવો ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંત આનંદ બળથી સંપન્ન... આહાહા..! જેમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતબળ, અનંતપુરુષાર્થથી ભરેલો ભગવાન... આહાહા..! આ છે એ જાણ્યા-માન્યા વિના, છે ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અમને કેમ નથી બેસતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માન્યું નથી માટે.

**શ્રોતા :-** કેમ માન્યું નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉંધી દષ્ટિ છે માટે, પર્યાયબુદ્ધિ છે માટે.

**શ્રોતા :-** ઉંધી કેમ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉંધી કેમ તે પોતે કરી.

**શ્રોતા :-** પોતે કેમ કરી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતે પર્યાયબુદ્ધિ કરી માટે કરી. આહાહા..! 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' કોઈએ ભૂલ કરાવી છે એમ છે નહિ. આહાહા..! કાંતિભાઈ! આ તમારા ભાઈનો એ પ્રશ્ન હતો, ત્રિભુવનભાઈનો કે આ કારણપરમાત્મા તમે કહો આત્માને

કારણપરમાત્મા (કહો) તો કારણનું તો કાર્ય આવવું જોઈએ? એમ પ્રશ્ન કર્યો હતો. ત્યારે એને કહ્યું કે ભાઈ! કારણપરમાત્મા આવો છે, એની અસ્તિ છે એવું જેને માનવામાં આવે એને કારણપરમાત્મા છે. તો એને માનવામાં આવ્યું તો કાર્ય તો થઈ ગયું એનું. સમ્યગ્દર્શન-જ્ઞાન કાર્ય થઈ ગયું. આહાહા..! સ્વરૂપચંદભાઈ! આ વસ્તુ છે એવી એની દૃષ્ટિમાં આવ્યા વિના એ છે એ કોણે જાણ્યું? સમજાણું કાંઈ? છે ઈ ક્યાં છે? કેમ છે? એની તો ખબર નથી. પછી એને માટે છે એ ક્યાં આવ્યું? આહાહા..! એ વસ્તુ મહાપ્રભુ... જ્ઞાતૃતત્ત્વ આવ્યું હતુંને સવારમાં? જ્ઞેય અને જ્ઞાતૃતત્ત્વ. આહાહા..! એવો જે જ્ઞાયકતત્ત્વ તે કારણપરમાત્મા એનો જેને સ્વીકાર અને જેને અંતરમાંથી અનુભૂતિ થઈને એને જાણવામાં આવ્યું કે આ છે એને કાર્ય સમ્યગ્દર્શનનું થયા વિના રહે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

એ અહીં દ્રવ્યાર્થિકનય કહીને એમ કહે છે કે જેની દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ થઈ 'એ દ્રવ્ય તો આવું છે' એમ જેની દૃષ્ટિ થઈ એ પણ સિદ્ધ જેવી જ અંદર વસ્તુ છે એ સિદ્ધ થવાની હવે તૈયારી છે એની. આહાહા..! પર્યાયમાં સિદ્ધ થવાની એની તૈયારી છે હવે. સમજાણું કાંઈ? જેણે દ્રવ્યાર્થિકનયે દ્રવ્યની દૃષ્ટિએ પૂર્ણ શુદ્ધ સિદ્ધ સમાન છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આવે છે? 'ચેતનરૂપમાં..' આવે છે. એમ જેને અંતરમાં એનું જ્ઞાન થઈ અને શ્રદ્ધામાં એ વસ્તુ આવી, જ્ઞાન થઈને કે આ ચીજ આવી છે, તેને મોક્ષના માર્ગની દશા પ્રગટ થઈ. એ કાર્ય શરૂ થઈ ગયું. પૂર્ણ કાર્ય પછી થશે. સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ!

**શ્રોતા :-** આ દ્રવ્યાર્થિકથી કહ્યું તો નિશ્ચયથી શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યાર્થિક કહો કે નિશ્ચય કહો, એક જ વાત છે. આ શુદ્ધભાવ માથે નહોતું આવ્યું? આ શુદ્ધભાવ માથે છે એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. આહાહા..! દ્રવ્ય જેનું પ્રયોજન છે. શુદ્ધદ્રવ્યાર્થિક શબ્દ છેને. શુદ્ધ દ્રવ્ય જેનું પ્રયોજન છે તેને શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે. આહાહા..! જે જ્ઞાનની પર્યાયને શુદ્ધદ્રવ્ય જેનું પ્રયોજન છે એ નયને શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે. આહાહા..!

**શ્રોતા :-** અમને તો અઘરું લાગને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અઘરું એ તો ભાઈ કરે ત્યારે લાગેને. અંદર માને ત્યારે એ કર્યું કહેવાય. અનુભવમાં આવે ત્યારે એ કારણપરમાત્મા છે એમ એણે માન્યું કહેવાય. આહાહા..! કેમકે જે અસ્તિત્વ એવડું અને આવડું છે... એ તો સવારમાં બહુ સાદી ભાષાથી આવ્યું હતું કે ધર્મ જેને કરવો છે એને વર્તમાનદશામાં ધર્મ નથી, અધર્મ છે પર્યાયમાં. લોકો ભલે અન્યમતિ એમ ન સમજે, પણ એની વર્તમાનદશામાં અધર્મ છે. હવે એને ધર્મ કરવો હોય તો? એ ધર્મની દશા ક્યાંથી આવશે? એ ધર્મની દશા જેમાં ધર્મ છે ત્યાંથી આવશે. એટલે એણે દ્રવ્યદૃષ્ટિ કરવી પડશે.

**શ્રોતા :-** તો અરિહંત-સિદ્ધને ધર્મ છે ત્યાંથી આવશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં ત્યાં ક્યાં ધર્મ છે? અહીં છે કે ત્યાં છે? એ તો એનો ધર્મ ત્યાં રહ્યો. આ જીવનો ધર્મીનો ધર્મ એ અંદરમાં સામાન્યરૂપે ત્રિકાળ છે. આહાહા..! એવા ધર્મીને ધર્મથી ભરેલા તત્ત્વને દ્રવ્યથી જોતાં... એને ધર્મ કરવો છેને તો એ ધર્મની દશા ક્યાંથી આવે? કે એ ધર્મની પર્યાયોનો સમૂહ પિંડ ધર્મ ગુણ-ધર્મ પડ્યો છે. આહાહા..! એ પિંડનો અંદર આશ્રય લક્ષમાં લે ત્યારે એને ધર્મની પર્યાય આવે. એ તો સમકિત થઈ ગયું, જ્ઞાન થઈ ગયું. આહાહા..! એવો માર્ગ, બાપુ! અહીં તો કીધુંને કે ભગવાનનું વચન જ એવું છે. શુદ્ધ વચન. આહાહા..!

અહીં તો હજી એ કહેશે જુઓ, કે '**જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે,...**' વસ્તુ શુદ્ધ તો અનાદિથી છે. આહાહા..! '**તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું?**' ભાષા જુઓ. '**તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા...**' વ્યવહારનય એ નય જ નથી, એમ કહે છે, ભાઈ! આહાહા..! ઉડાડી દીધીને. ક્યા નયથી સિદ્ધ અને કારણસમયસારમાં ભેદ કહું? આહાહા..! વ્યવહારનય એટલે તો ઉપચારિક નય, એ કાંઈ વાસ્તવિક નય નથી. આહાહા..!

**શ્રોતા :-** શુદ્ધનિશ્ચયનયથી જાણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ વસ્તુ આ નય છે, એમ કહે છે. આહાહા..! વ્યવહારનય ઉપચારિક-આરોપિત નય છે. અને આ નય છે એ યથાર્થ, અનારોપિત જેમ છે તેમ તેને જણાવનારી એ નય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જુઓ, ત્યાં કહ્યું હતુંને ઓલામાં? કે એમ જિનદેવનું શુદ્ધવચન બુધપુરુષોને કહે છે. આવ્યું હતુંને? અને એ ભુવનવિદિત છે. આહાહા..! '**હે ભવ્ય! તું સદા જાણ.**' એમ કીધું પાછું.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાત અહીં કઈ નયથી હું ભેદ કહું? એ વાસ્તવિકનય છે એમાં તો ભેદ છે નહિ. આહાહા..! જે યથાર્થ નય છે, જે ભૂતાર્થ નય છે. આહાહા..! વસ્તુ તો ભૂતાર્થ છે, પણ નય ભૂતાર્થ છે. આહાહા..! બંધમાં નથી આવતું? ભૂતાર્થધર્મ અને અભૂતાર્થધર્મ. આવે છે, બંધ અધિકારમાં આવે છે. પર્યાયને ભૂતાર્થધર્મ કીધો છે. દ્રવ્યનો.. ભૂતાર્થ જે વસ્તુ છે દ્રવ્ય એને જેણે જાણ્યું, અનુભવ્યું અને પ્રતીતમાં લીધું એને પર્યાયમાં ભૂતાર્થધર્મ પ્રગટ થાય છે. આહાહા..! શું શૈલી! ભૂતાર્થ નામ છતો સ્વભાવ-છતો સ્વભાવ, ત્રિકાળી શુદ્ધ ભગવાન પૂર્ણાનંદનો નાથ એવી ચીજ જે છતી... છતી... છતી... સત્યાર્થ, ભૂતાર્થ છે... આહાહા..! એનો આશ્રય કરતાં પર્યાયમાં ભૂતાર્થ ધર્મ પ્રગટ થાય છે. પર્યાયને ભૂતાર્થધર્મ કીધો છે. બંધ અધિકારમાં છે. સમજાણું કાંઈ? અને રાગાદિ જે છે એ તો અભૂતાર્થ ધર્મ, જૂઠો ધર્મ છે. વ્યવહારરત્નત્રય એ તો અભૂતાર્થ છે. અભૂતાર્થ ધર્મ છે. આહાહા..!

સમજાણું કાંઈ? બંધ અધિકારમાં છે, સમયસારમાં. આહાહા..!

અહીં કહે છે કે આવું જે શુદ્ધપણું, ધ્રુવપણું, શુદ્ધપણું વસ્તુ એ કુબુદ્ધિને અને સુબુદ્ધિને ક્યે નયથી (ભેદ જાણું)? જે યથાર્થ નય છે એમાં તો ભેદ છે નહિ. આહાહા..! યથાર્થ, ભૂતાર્થ, સત્યાર્થ, દ્રવ્યાર્થિકનય. એ નયે જોઈએ તો એમાં ભેદ છે નહિ કાંઈ અને એ જ યથાર્થનય છે, એમ કહે છે. આહાહા..! શું શૈલી! ભારે શૈલી! ગજબ શૈલી! ઓહોહો..! પૂર્વાપરવિરોધરહિત વસ્તુની સ્થિતિ કેમ સિદ્ધ કરે છે. આહાહા..! કહે છે, ભાઈ! તારી ખાણ જે છે, નિધાન જે છે, ધ્રુવ જે નિધાન છે એવા નિધાનને અને પ્રગટેલી પર્યાય ... એને નયના ક્યા નયે એમાં ભેદ જાણું? કહે છે. આહાહા..! જે કુબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે અને સુબુદ્ધિ સમ્યગ્દૃષ્ટિ છે, એ બેમાં પ્રથમથી જ શુદ્ધતા પડી છે અંદર ધ્રુવતા. આહાહા..! પૂર્ણાનંદની ખાણી તો ખાણ પડી છે મોટી. આહાહા..! એ લક્ષ્મીની તો ખબર ન મળે અને આ લક્ષ્મી ધૂળમાં મેળવવા મરી જાય છે. પોપટભાઈ! આ ધૂળની લક્ષ્મી તમારી. આહાહા..! જિંદગી કેટલી ગાળે છે ત્યાં. ઓલી ત્યાં ચકલીનો માળો દસ વાર પડી ગયો તોપણ હજી તરણા લાવે છે. ત્યારે હવે શું કરે છે આ? રહેવાનું સ્થાન જ નથી ત્યાં. અને જે હવે તો તરણું નાનું લાવે નાનું. પડી જાય. મૂકે ને પડે તરત. પહેલું જરી લાંબુ હોય અને ઓલો દાંતો હશે તો આમ વળ ખાધું હોય તો એને આશ્રયે વળી બીજું રહે, પણ નાના-નાના તરણા લાવે છે એટલે જેવું મૂકે (એવું પડી જાય). ... એ જ નય યથાર્થ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી ભાષા સંતો દિગંબર વિના ક્યાંય નથી. ઓલા વ્યવહારને વળગ્યા છે આખા. શ્વેતાંબર પંથ આખો વ્યવહારનયની પ્રધાનતાથી ચાલ્યો છે. આહાહા..!

**શ્રોતા** :- ....

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખબર નથી. એ પાછા ભ્રષ્ટ થઈને નીકળેલા એટલે એ ચલાવ્યું. આકરું કામ હોં બહુ. આહાહા..!

મુનિરાજ કહે છે, જ્યારે ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહે છે શુદ્ધનયથી, દ્રવ્યાર્થિકનયથી કહો કે શુદ્ધનયથી કહો, દ્રવ્ય જેનું પ્રયોજન છે એટલે ત્રિકાળી શુદ્ધ જેનું પ્રયોજન છે, આહાહા..! એ નયથી તો કુબુદ્ધિ અને સુબુદ્ધિમાં ભેદ છે નહિ કાંઈ. આહાહા..! પર્યાયનો ભેદ એ વાસ્તવિક વસ્તુ નહિ. આહાહા..! ફૂ થઈને ઉડી જાય. સમજાણું કાંઈ? કહ્યું હતું નહિ ઓલામાં? '**णयपरिहीणा**' આસ્રવમાં એ આવે છે. કહ્યું હતું નહિ? '**णयपरिहीणा**' એ નિશ્ચયનયથી '**परिहीण**' એ જ નયથી '**परिहीणा**' છે. સમજાણું કાંઈ?

અને પુરુષાર્થસિદ્ધિમાં એમ આવ્યું કે એ વ્યવહાર એકલા માનનારને ઉપદેશ નહિ બેસે. આહાહા..! સમજાણું કાંઈ? યોગ નથી. આહાહા..! કેવી શૈલી છે! વ્યવહારના ઉપદેશકને, વ્યવહારના જે પક્ષકાર એને આ ઉપદેશ નહિ બેસે. આહાહા..! ચેતનજી! આહાહા..! જેને સત્યાર્થ નય એનો જે વિષય છે એ પૂર્ણ શુદ્ધ છે અને એ જ નય છે. ત્રિકાળને સિદ્ધ

કરનારી એ નય છે અને તે શુદ્ધનય એ જ નય છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયનય એટલે શું છે? આહાહા..! વસ્તુ એક સમયમાં આહાહા..! ધ્રુવ ત્રિકાળ વસ્તુ પિંડ પડ્યો છે આખો. આહાહા..! એ કુબુદ્ધિ હો કે સુબુદ્ધિ હો. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ હો કે મિથ્યાદૃષ્ટિ હો. આહાહા..!

**'સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને...'** ઓહોહો..! **'પ્રથમથી જ શુદ્ધતા છે,...'** વસ્તુ જ શુદ્ધ ત્રિકાળ પડી છે. આહાહા..! **'તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું?'** એમ કહે છે કે મેં મારા જ્ઞાનના નયથી મેં આવો છે એ મેં જાણ્યું છે. એટલે પછી કુબુદ્ધિ કે સુબુદ્ધિને આ વિષયવસ્તુ છે એમાં ભેદ ક્યાં રહ્યો? આહાહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' પણ એ જાણનારને જાણ્યો એની વાત છે. સમજાણું કાંઈ? આ તો કહે, હું કઈ નયથી કહું? અજ્ઞાની ભલે કહે નયથી ભેદ. આહાહા..! જ્યાં વસ્તુ જ નિત્ય ધ્રુવ આનંદકંદ પ્રભુ.. અહીં માથે ઉપર કહ્યું હતુંને? જે આઠ ગુણથી પુષ્ટ-પુષ્ટ સમૃદ્ધિથી આનંદમય છે. વસ્તુ અનાદિ એવી (છે). સિદ્ધને પ્રગટ પર્યાય છે, આને શક્તિરૂપ સ્વભાવ એવો જ છે. આહાહા..! આઠ ગુણ પર્યાય પ્રગટ થયા છે એમ અહીં નથી કહેવું. એ વસ્તુ જેમાંથી પ્રગટ થવાની એ વસ્તુ જ આવી છે. એ વસ્તુનું અહીં જોર છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્રિકાળ ભગવાન આત્મા પરિપૂર્ણ શુદ્ધ તે નિશ્ચયનયે સમકિતીને કે અજ્ઞાનીને પરિપૂર્ણ શુદ્ધ એકરૂપ છે એ નયથી ભેદ કોઈ હોઈ શકે નહિ. આહાહા..! પર્યાયનયે ભેદ એ પર્યાયનય વાસ્તવિક નય નહિ, જા. એય..! કાંતિભાઈ! આ જુઓ, સંતોની વાણીની મસ્તી! મસ્તોની મસ્તી છે આ. આહાહા..! .. ફાટી ગયેલા પ્યાલા છેને અંદરથી. અમે પણ એ શુદ્ધ ધ્રુવ છે એ જ અમે પકડ્યો છે અને શુદ્ધનયનો વિષય એ છે અને એ અનાદિ છે. અજ્ઞાનીને પણ એવો છે. એને બેસે નહિ ભલે. અજ્ઞાનીને એ વાત ભલે બેસે નહિ, પણ એથી અમે કહીએ છીએને. એમ કહે છેને જુઓને, **'હું ક્યા નયથી જાણું?'** એમ કહે છે. બુદ્ધિ ભલે એમ માને કે શુદ્ધતા નથી, પણ હું કઈ નયે જાણું? આહાહા..! આહાહા..! મસ્તોની વસ્તી છે ઈ. આહાહા..!

કુબુદ્ધિઓ નિંદા કરે તો કરો. એમ નથી આવતું? એમાં આગળ આવશે. છેલ્લામાં આવશે. બે વાર આવશે. કરે તો કરો, પણ જૈનમાર્ગ તો નિશ્ચયનો જે આ છે એ માર્ગ છે. આહાહા..! એને આશ્રયે પ્રતિક્રમણ આદિ બધી ક્રિયા થાય એ સત્ ક્રિયા છે. અને ત્યાં તો એમ પણ કહ્યું આગળ કહેશે કે કદાચિત્ એ સત્ ક્રિયા તારાથી ન બની શકે, પંચમકાળ છે, હલકો કાળ છે, પુરુષાર્થ કમ છે, પણ વસ્તુ જે છે તે પ્રમાણમાં શ્રદ્ધામાં ફેરફાર કરીશ નહિ. .. શ્રદ્ધા કરજે બરાબર. આહાહા..! બહુ શૈલી વસ્તુની સ્થિતિ છે. આહાહા..! કારણ કે જે ઉગ્ર પર્યાય ચારિત્રની કદાચિત્ એવી નિર્મળ ન થઈ શકે, કારણ કે જે પર્યાયથી કેવળજ્ઞાન થાય... આહાહા..! એવી પર્યાય તારે આવો પંચમકાળ, હલકો કાળ, મોક્ષ અત્યારે નથી એવા

કાળમાં ભલે એ પૂર્ણ પર્યાય જેનાથી મોક્ષ થાય એ ન હોય, પણ શ્રદ્ધામાં રાખજે બરાબર કે વસ્તુ શુદ્ધ અખંડાનંદ પ્રભુ છે અને તેને આશ્રયે સત્‌ક્રિયા થાય તે મોક્ષનો માર્ગ છે. આહાહા..! કેટલું જોર આપ્યું શ્રદ્ધાનું જોયું! કુંદકુંદાચાર્ય મુનિરાજ મુનિને કહ્યું. મુનિરાજે મુનિને કહ્યું આચાર્યે. છેને?

૧૫૪, ૧૫૪ ગાથા. ઓહોહો..! ૧૫૪ ગાથા. '**जदि सक्कदि कादुं जे**' જો કરવાની શક્તિ હોય તો કરજે. '**पडिकमणादिं करेज्ज झाणमयं।**' '**झाणमयं**' સત્‌ ક્રિયાને કરજે. સમજાય છે કાંઈ? નિર્વિકલ્પ ધ્યાન વડે એ ક્રિયા કરજે કહે છે. આહાહા..! '**सत्तिविहीणो जा जइ**' આહાહા..! એ આવ્યું ટીકામાં. '**આ દગ્ધકાળરૂપ (હીનકાળરૂપ) અકાળમાં તું શક્તિહીન હો તો તારે કેવળ નિજપરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.**' એવી પર્યાયની કચાશ હોય કે જેનાથી કેવળ થાય... છેને એ આવ્યુંને. વાંચ્યુંને. સમજાણું કાંઈ? શક્તિહીન, અકાળ છે, અત્યારે કેવળજ્ઞાનનો કાળ નથી. આહાહા..! જે પર્યાયથી કેવળજ્ઞાન થાય એવી પર્યાયની તારી તાકાત ન હોય તો એમ. સમજાણું કાંઈ? ત્રણ કષાયના અભાવનું પરિણમન તો મુનિને છે, પણ ઓલી એકદમ પર્યાય સ્થિર થઈને જે કેવળ થાય એ કળા આ પંચમકાળમાં, દગ્ધકાળમાં નથી તો શ્રદ્ધા એવી રાખજે કે પૂર્ણ નિર્મળ પર્યાય થાય એનાથી મુક્ત થશે. સમજાણું કાંઈ? આહાહા..! નિયમસાર તો રત્નનો ઢગલો છે!!

'**(તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્‌ તફાવત નથી.)**' આહાહા..! હું કઈ નયે કહું? આહાહા..! હું તો ભૂતાર્થનયનો આશ્રય લેનારો, એકરૂપ ત્રિકાળ દ્રવ્ય છે એ દૃષ્ટિવાળો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**(તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ...**' પાછી ભાષા શું છે જોયું? કાંઈપણ ભેદ. છે? '**कामपि**' છેને? '**कामपि**' '**कामपि वेद्‌म्यहम्‌**' '**भिदां कामपि वेद्‌म्यहम्‌**' '**કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું?**' આહાહા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ છે. સંસારી જીવની પર્યાયમાં પણ પૂર્ણ છે. સિદ્ધને પણ પૂર્ણ પર્યાય પ્રગટી પણ એ વસ્તુ તો એની એ છે. આહાહા..! જે વસ્તુસ્વભાવ, દ્રવ્યસ્વભાવ, વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા એ આત્માને જ્યાં ભૂતાર્થનયથી જાણ્યો... આહાહા..!

'**સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે,...**' આ તો જાણેલી... જેને એ વસ્તુનું ભાન થયું છે કે હું... આહાહા..! કઈ નયથી કહું? કઈ નયથી જાણું? કહેવું છે ક્યાં? સમજાણું કાંઈ? ઓહોહો..! સંતોએ તો અમૃત રેડ્યા છે એકલા! આહાહા..! વાણીની પાછળ વાચ્ય એનું કેટલું જોરવાળું છે. '**કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું?**' પછી ખુલાસો કૌંસમાં કરવો પડ્યો. '**(તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્‌ તફાવત નથી.)**' આહાહા..! દ્રવ્યાર્થિકનયનો વિષય દૃષ્ટિમાં લેવરાવવા... તેનો આશ્રય લેવા આ બધી વાત છે. પ્રયોજન જેને સિદ્ધ કરવું છે (એને માટે વાત છે). આહાહા..! એ ૭૧ કળશ થયો અને ૪૭ ગાથા થઈ. ૪૮.

**असरीरा अविणासा अणिंदिया णिम्मला विसुद्धप्पा।**
**जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया।।४८।।**

૪૭માં એ કહ્યું હતું. '**जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति।**' જન્મ, જરા, મરણ. એકાક્ષરી છે પાંચેય શબ્દ. જરમરણ. આહાહા..! તન, મન અને વચન એનાથી ભગવાન રહિત છે. ત્રિકાળ વસ્તુ એનાથી રહિત છે. આહાહા..! '**अट्ठगुणालंकिया**' આઠ ગુણથી તો શોભિત છે, અલંકારિત છે. આહાહા..! પહેલું આવી ગયું હતું. બધા પદાર્થો નિજગુણ પર્યાયથી અલંકૃત છે. દરેક પદાર્થ પોતાના ગુણ અને પર્યાયથી શોભિત છે. પરનો કોઈ આશ્રય-ફાશ્રય કોઈને છે નહિ. આહાહા..! અહીં કહે છે, સિદ્ધમાં અને સંસારીમાં કાંઈ ભેદ નથી. એનો વિશેષ ખુલાસો કર્યો કે સિદ્ધ કેવા છે? સમજાણું?

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.**

જોયું! પહેલી ભાષા સિદ્ધ કરીને... આહાહા..! લોકોને આ વાત બેસે નહિને એટલે કેટલાક ઉડાવા માગે. અને આ એમ કે કુંદકુંદાચાર્યની વાણી છે એમ નક્કી કરવા જાશું એના પ્રમાણે તો બીજા આચાર્યોએ કહેલું એનું બલિદાન થાશે. અરે ભાઈ! તને ખબર નથી, બાપુ! આમ ન થાય. આહાહા..! અરે બાપા! તને ખબર નથી, ભાઈ! આ દરેક અનંત આચાર્યોનો એક જ અભિપ્રાય છે. આહાહા..! આ મુનિરાજ છે જુઓને શું કહે છે આ.

'**ટીકા :- વળી આ, કાર્યસમયસારમાં...**' '**अयं च कार्यकारणसमयसार**' ટીકા પાધરી છે. '**આ, કાર્યસમયસારમાં અને કારણસમયસાર...**' આ કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં '**તફાવત નહિ હોવાનું કથન છે.**' આહાહા..! એ તો પહેલાં આવી ગયું હતું, ભગવાનનું શુદ્ધવચન બુધપુરુષોને આમ કહે છે. આહાહા..! બુધપુરુષો છે, જાણનાર યથાર્થ છે એને તો ભગવાન કહે છે કે એ શુદ્ધનયનો વિષય એ જ વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા ગુજરાતી આ તો સાદી છે. આમાં કાંઈ બહુ અઘરું પડે એવું નથી.

**શ્રોતા :-** ભાવ બહુ ઝીણા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભાવ પણ ખ્યાલમાં આવી શકે છેને. ભાષા તદ્દન સાદી છે. આહાહા..!

**શ્રોતા :-** ચિત્ત ન પરોવાય તો ન સમજાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન પરોવાય તો ન સમજાય એનો અર્થ શું? આહાહા..! એના જ્ઞાનમાં આ રીત છે એવું ખ્યાલમાં બરાબર આવવું જોઈએ. આહાહા..!

'**જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો...**' સિદ્ધ પરમેશ્વર અશરીરી પરમાત્મા. આહાહા..! અરે! ભાગ્યહીનને ન મળે આવી વાત. આહાહા..! ઓલામાં કહેવાય છેને

'ભાગ્યહીનકો નહિ મળે, ભલી વસ્તુકા ભોગ, દ્રાક્ષ પકે જબ બાગમેં, કાગ મુખ આવત રોગ.' ભાઈ! દ્રાક્ષ પાકેને દ્રાક્ષ. ત્યારે કાગડાને મોઢું પાકી જાય. એ વખતે ખાઈ ન શકે. આહાહા..!

**શ્રોતા :-** દ્રાક્ષ ખાય તો મરી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ ખાઈ શકે નહિ. એટલું અંદર ઓલું હોય. 'કાગ મુખ આવત રોગ' આ તાળવા એવા અંદર (થઈ જાય) કે એને આમ દ્રાક્ષ જરી ઓલી હોયને રસવાળી અને મીઠી, એ લાગે તો એને બળતરા ઉઠે. આહાહા..! 'ભાગ્યવાન કો નહીં મિલે ભલી વસ્તુકા ભોગ, ભલી વસ્તુકા જોગ. દ્રાક્ષ પકે જબ બાગમેં કાગ મુખ આવત રોગ.' કાંઈક-કાંઈ પક્ષ કરે, એનો પક્ષ કરે, આમ નહિ... આમ નહિ.. આમ નહિ. માંડ પરમાર્થ વસ્તુ બહાર આવી ત્યાં કહે આમ નહિ.. આમ નહિ.. આમ નહિ... બાપુ! તને રોગ આવ્યો છે. આ સત્ય વાત આવી નહિ રુચે. તને એકાંત લાગશે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે '**લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે...**' પાંચ શરીરનો વિસ્તાર એને નથી. '**અશરીરી છે,...**' એવો આ ભગવાન આત્મા પણ દ્રવ્યસ્વભાવે અશરીરી છે. આહાહા..! શુદ્ધનયના વિષય તરીકે આત્મા અશરીરી છે. અત્યારે અશરીરી છે હોં! આહાહા..! ત્રિકાળ વસ્તુ શુદ્ધ ધ્રુવ એને શરીર કેવું? આહાહા..! જેમ સિદ્ધ ભગવાનને શરીર નથી અને અશરીરી છે, એમ ભગવાન આત્મા પણ અશરીરી છે, એમ કહે છે. '**નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે...**' એક ગતિ આવે અને બીજી ગતિ જાય એવું ત્યાગગ્રહણ ગતિનું, મનુષ્યગતિ જાય અને દેવગતિ મળે, દેવગતિ જાય અને મનુષ્યગતિ મળે એવા '**ત્યાગગ્રહણના અભાવને લીધે અવિનાશી છે,...**' એ અવિનાશી વસ્તુ કોઈ ગતિ જાય અને ગતિ આવે એવું એમાં છે નહિ. આહાહા..! આ વસ્તુમાં હોં આ કહે છે. ગતિ જાય અને થાય એવું એમાં નથી કાંઈ, એ વસ્તુ તો વસ્તુ છે. આહાહા..! એણે નરકગતિ, મનુષ્યગતિને ગ્રહી નથી અને પૂર્વની મનુષ્યની ગતિને છોડી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ તો ત્યાગગ્રહણ રહિત જ વસ્તુ છે. ગતિના ત્યાગગ્રહણ. એક ગતિ થાય અને બીજી ગતિ મળે આ ગતિ જઈને, એવું વસ્તુમાં નથી કાંઈ. આહાહા..! સમજાણું કાંઈ? '**અવિનાશી છે.**' આહાહા..!

'**પરમતત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ...**' આ તો સિદ્ધની વાત ચાલે છે હોં આ અત્યારે. '**પરમતત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ એવી સહજજ્ઞાનજ્યોતિ વડે...**' સિદ્ધ ભગવાનને '**જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે...**' એવા સ્વરૂપવાળા હોવાને લીધે '**અતીન્દ્રિય છે,...**' અતીન્દ્રિય સિદ્ધ કરવા માટે. આહાહા..! '**પરમતત્ત્વમાં સ્થિત...**' જે અનંત ગુણો કારણશુદ્ધસ્વરૂપ એને જાણવામાં, સિદ્ધની

પર્યાય હોં! ત્રિકાળને જાણવામાં સંશયો દૂર કરવામાં આવ્યા છે. '**એવા સ્વરૂપવાળા હોવાને લીધે અતીન્દ્રિય છે,...**' આહાહા..! એવો આ જીવ પણ અતીન્દ્રિય છે એમ કહેવું છે. આહાહા..! સંશયો કેવા? આવડો મોટો ચેતન સંશય કેવો? સમજાણું કાંઈ? આહાહા..! ઇન્દ્રિયથી જાણવાનું જ્ઞાન એ જ્ઞાન કેવું? આ તો અતીન્દ્રિય જ્ઞાનથી જાણે સિદ્ધ, એમ ભગવાન આત્મા પણ અતીન્દ્રિય જ્ઞાનથી જાણવાની શક્તિવાળું તત્ત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..! વિશેષ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ વદ-૧૩, બુધવાર, તા. ૦૩-૦૯-૧૯૭૫, ગાથા-૪૮-૪૯, કળશ-૭૨, પ્રવચન નં. ૨૪

ત્રણ બોલ ચાલ્યા છે. સિદ્ધ ભગવાન અશરીરી છે, એમ નિશ્ચયનયના બળે આત્મા-સંસારી જીવ પણ અશરીરી છે. આહાહા..! સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન લોકાગ્રે જેમ સિદ્ધમાં અશરીરી છે, એમ સંસારમાં નિશ્ચયનયના બળે અશરીરી આત્મા છે, વર્તમાન. નિશ્ચયથી વ્યંજનપર્યાયના ત્યાગગ્રહણ.... એમ આત્મામાં પણ નિશ્ચયથી સંસારીને એક ગતિનો ત્યાગ અને એક ગતિનું ગ્રહણ એનો એને અભાવ છે. આહાહા..! વસ્તુ જે ભગવાન આત્મા દ્રવ્ય એને નિશ્ચયના જોરે નરકગતિનું ગ્રહણ અને મનુષ્યનું છોડવું એ એમાં ગ્રહણત્યાગ છે નહિ. કોને? સંસારી જીવને. સ્વરૂપચંદભાઈ! આહાહા..! બે (બોલ થયા).

ત્રીજું, '**અતીન્દ્રિય છે,...**' છેને? '**પરમતત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે અતીન્દ્રિય છે,...**' એમ આત્મા પણ સંસારમાં પણ નિશ્ચયના બળે એટલે અતીન્દ્રિય છે. આહાહા..! આ તો જેને જાણનાર છે એની વાત કહેવી છે હોં. અતીન્દ્રિય છે, અતીન્દ્રિય છે, અશરીરી છે એ કોઈ ધારણા કરે એની વાત નથી આ. અંદરમાં એ દૃષ્ટિમાં જેણે લીધો છે અને લેવો છે એને કહે છે કે તું પ્રભુ અહીંયાં અશરીરી છો, અતીન્દ્રિય છો, અવિનાશી છો. ત્રણ બોલ આવ્યા.

હવે ચોથો. '**નિર્મળ છે...**' '**મળજનક ક્ષાયોપશમાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે...**' ચાર વિભાવસ્વભાવ, એના અભાવને લીધે સિદ્ધ પરમેશ્વર નિર્મળ છે. સિદ્ધ પરમેશ્વર નિર્મળ થયા. એવી રીતે ચાર વિભાવના સ્વભાવનો સંસારી જીવને પણ પરમપારિણામિક

સ્વભાવની દૃષ્ટિએ એ નિર્મળ છે, વિભાવભાવ એનામાં છે જ નહિ. આહાહા..! એક લીધું છેને આગળ કે આત્મા છે એ આનંદનું મંદિર છે. ત્રિકાળ હોં! આહાહા..! એ આનંદનું ઘર છે. આવે છેને ભાઈ પાછળ? તો આ શરીર એ યાતના શરીર છે. એ યાતના નામ પીડા ને વેદનાની મૂર્તિ શરીર છે. ભગવાન આત્મા આનંદનું મંદિર, આનંદનું મંદિર. આહાહા..! અત્યારે હોં. આહાહા..! જ્ઞાનમંદિર, આનંદમંદિર, ત્યારે આ શરીર, પાઠ છે આગળ, યાતના શરીર એવો પાઠ છે, યાતના શરીર, યાતના એટલે પીડા, વેદનાની મૂર્તિ આ શરીર છે. જુઓને આ રોગ ફાટે છે કેન્સરને શું કહે છે જુઓને. કોકને અહીં થાય છે ને અહીં થાય છે ને અહીં થાય છે. આહાહા..! કાખમાં થયું હતું ભાઈને. વિમળચંદજી પંડિત હતાને આપણા. વિમલચંદજી જાણતા હતા તમે? મુંબઈવાળા. જાણપણું વાંચન બહુ હતું. નાની ઉંમરમાં એના પ્રમાણમાં એને વાંચન ઘણું હતું.

**શ્રોતા** :- યાદશક્તિ બહુ હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, યાદશક્તિ ઘણી હતી, ભલે નાની ઉંમર હતી પણ. આહાહા..! બે છોકરા અને બૈરા અહીં રહે છેને. એને અહીં કાંખમાં કેન્સર કે કાંઈક ક્ષય થયો કે એવું થયું. અહીંથી થયું. આહાહા..!

ભગવાન આત્મા જ્યારે આનંદનું મંદિર જેના ઘરમાં આનંદ જ છે જેને ઘરે. આહાહા..! જેને ઘરે આનંદ છે અને શરીરને ઘરે વેદના છે. આહાહા..! સ્વરૂપચંદભાઈ! આવું છે. ગમે તેવું શરીર તને લાગુ સારું, પણ છે એ રોગની મૂર્તિ. આહાહા..! ક્ષય થાય, આ કેન્સર થાય જુઓને. આ તમારા હાર્ટનું વળી આ બહુ અત્યારે ચાલ્યું છેને. હાર્ટએટેક. હૃદયનો હુમલો. આહાહા..! એ શરીર હૃદયના હુમલાનું ઘર જ છે. આહાહા..! ભગવાન અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ છે. નયના બળે, નિશ્ચયનયના બળે ત્રિકાળ આનંદમૂર્તિ પ્રભુ છે. એમ જેને ત્રિકાળી જોવાનું જ્ઞાન થયું છે એના નયે તો એને આ જ્ઞાનમંદિર જ છે. આહાહા..!

'**મળજનક...**' ભાષા જુઓ, (ચારેય) ભાવને મળજનક કહ્યા. એટલે કે એનો આશ્રય કરે તો મળ ઉત્પન્ન થાય છે. આહાહા..! '**મળજનક ક્ષાયોપશમિકાદિ...**' ચારેય. '**વિભાવસ્વભાવોના અભાવને લીધે નિર્મળ છે અને દ્રવ્યકર્મો...**' એમ આત્મા અહીંયાં પરમપારિણામિક સ્વભાવનું કારણપરમાત્માનું સ્વરૂપ એ ચાર વિભાવથી રહિત અત્યારે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અને દ્રવ્યકર્મો અને ભાવકર્મોના અભાવને લધે વિશુદ્ધાત્મા છે,...**' સિદ્ધ-સિદ્ધ. જેને જડ કર્મ નથી અને વિકારી ભાવકર્મ પણ નથી માટે તે વિશુદ્ધાત્મા છે. '**તેવી જ રીતે સંસારમાં પણ...**' આહાહા..! '**આ સંસારી જીવો...**' છે? સંસારમાં પણ વિકારી અવસ્થામાં રહેલા સંસારી જીવો પણ '**કોઈ નયના બળે...**' ભાષા એવી. પાઠ છેને. '**केनचिन्नयबलेन**' એ '**केनचिन**' નય જ એ છે. આહાહા..! નિશ્ચય વસ્તુની સ્થિતિ જોતા એના નયના બળે એ પોતે સંસારી જીવ વિકારી પર્યાયમાં હોવા છતાં વસ્તુ

તો એની આવી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**કોઈ નયના બળે...**' આહાહા..! કોઈ નયનો અર્થ આ. વાસ્તવિક જે શુદ્ધ નિશ્ચયનય ભૂતાર્થનય છે, દ્રવ્યાર્થિકનય છે, શુદ્ધનય છે એ અપેક્ષાએ તો અહીંયાં આત્મા પણ એ બધાથી રહિત છે. આહાહા..! એ વાત બેસવી જોઈએ હોં એમ કહે છે. જ્ઞાનની પર્યાયમાં સંસારકાળે પણ વ્યવહારનયનો નિષેધ કરીને જાણે વ્યવહારનય છે જ નહિ (એમ જાણીને વર્તમાનમાં આત્મા આવો જ છે એમ જાણવું). પછી કહેશે. સમજાણું? આહાહા..! શુદ્ધ છે. આહાહા..!

'**(હવે ૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)...**'

(शार्दूलविक्रीडित)

शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं
शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।
इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक् स्वयं
सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम्।।७२।।

ઓહોહો..! '**શ્લોકાર્થ :- શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...**' '**વિપરીત કલ્પના;...**' આહાહા..! વસ્તુ તો દ્રવ્યે પણ શુદ્ધ અને પર્યાયે પણ શુદ્ધ, એ શુદ્ધ જ છે બેય. કારણભગવાન અને કાર્યભગવાન બેય શુદ્ધ છે. આહાહા..!

**શ્રોતા :-** દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, પર્યાય અશુદ્ધની વાત ગઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાય અશુદ્ધ અહીં નહિ. એ વ્યવહારનયનો વિષય એ કહેશે પછી, આગળ કહેશે. પ્રમાણજ્ઞાનમાં વ્યવહારનયનું મલિનપણું જેને નથી માનતો એને તો શુદ્ધ દ્રવ્યનું જ્ઞાન જ નથી. ભાઈએ લખ્યું છેને નીચે? વસ્તુસ્થિતિ એમ છે. એમ જ એક જ માને કે શુદ્ધ છે... શુદ્ધ છે... શુદ્ધ છે... અને પર્યાયમાં વિભાવ છે, દુઃખ છે એને ન જાણે તો એણે શુદ્ધ દ્રવ્યને પણ જાણ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..! કેમકે વસ્તુ આવી હોવા છતાં એનું જ્ઞાન અને દર્શન થવા છતાં એની અપૂર્ણતામાં એને વિભાવભાવ એટલે દુઃખરૂપ દશા છે. એવી દુઃખરૂપ દશાનો જ્યાં સ્વીકાર નથી એને શુદ્ધ દ્રવ્યનું પણ જ્ઞાન સાચું નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ કહેશે.

'**શુદ્ધ-અશુદ્ધની જે કલ્પના...**' વિપરીત માન્યતા. આહાહા..! '**તે મિથ્યાદૃષ્ટિને હંમેશા હોય છે; સમ્યગ્દૃષ્ટિને તો હંમેશા...**' ભાષા જુઓ આવી. '**કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.**' વસ્તુસ્વભાવ એકલો જ્ઞાનરસ અને આનંદરસસ્વરૂપ છે. ચૈતન્યદ્રવ્યનો સ્વભાવ એકલો જ્ઞાયક અને આનંદરસ તત્ત્વ છે અને કાર્યસિદ્ધભગવાન પણ એવા જ છે. આહાહા..! સમજાણું કાંઈ? શ્રીમદ્ લખે છેને 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો.' એવું લખ્યું છે. એ ભાષા છે એક. યથાર્થ સંતો, મુનિઓ એની વાણીનું રહસ્ય શું કહેવા માગે છે એ સમજાય છે અને શ્વેતાંબરની

મોળાશને લઈને, મોળાશ નામ વિપરીતતા છે.

**શ્રોતા :-** મોળાશ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોળાશ સમજો છો? ઢીલાપણું, શિથિલપણું. આપણે આવે છેને શિથિલ. પ્રવચનસારના છેલ્લા ભાગમાં. આ બધા શબ્દ શાસ્ત્રમાં છે. શિથિલપણાને લઈને, નહિ? પ્રવચનસારમાં પાછળ આવે છે. 'જ્ઞપ્તિ વ્યક્તિઓના નિમિત્તરૂપ હોવાથી જ્ઞેયભૂત છે એવી બાહ્ય પદાર્થ પ્રત્યે તેને મૈત્રી. તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે...' સમજાણું? શરૂઆત છેને? ... સંસ્કૃત છે.

**શ્રોતા :-** શિથિલનો અભાવ કર્યો છે ઈ આ સ્થાનકવાસી

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ શિથિલ કહો કે વિપરીતતા કહો કે અભાવ (કહો), એ બધું શિથિલ છે.

અહીં કહે છે. આહાહા..! '**કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બંને શુદ્ધ છે. આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી...**' શું કહે છે હવે? આ રીતે પરમ આગમમાં કહેવું છે જે સાર અને જેણે પરમાગમના સારાસારનું વાંચન કરીને વિચાર કાઢ્યો છે આવો એ '**પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી...**' પરમાગમનો અતુલ અર્થ આ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...**' આહાહા..! '**સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે,...**' આહાહા..! પરમાગમમાં આ કહેવું છે એમ કહે છે. ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે, કારણ પરમાત્મા અને કાર્યપરમાત્મા શુદ્ધ છે. એ પરમાગમમાં કહેવાનું આ રહસ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અત્યારે છે સંસારમાં પણ. એવો જેણે પરમાગમના અતુલ અર્થનો, તુલના વિનાનો, ઉપમા વિનાનો અર્થ કાઢ્યો જેણે. આહાહા..! '**સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ...**' આહાહા..! '**જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે,...**' કે આ કારણ શુદ્ધ છે અને કાર્ય પણ શુદ્ધ છે. આહાહા..! કહો, વિમલચંદજી! આ વિમલ આવ્યું કહે છે. આહાહા..! નિર્મળ છે. આહાહા..!

**શ્રોતા :-** આમનું નામ ગમે ત્યારે લે એ તો નિર્મળની જ વાત હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિર્મળ કહો કે વિમળ કહો, બધું એક જ છે. સમજાણું કાંઈ? તત્ત્વની રુચિ છે, રસિક છે, છે જુવાન પણ. આહાહા..! આ વસ્તુ પણ ક્યાં નથી રુચે એવી? આહાહા..! એની એને દરકાર નથી. આ વસ્તુ પોતે પરમાત્મસ્વરૂપે. આહાહા..! એને સમ્યગ્દૃષ્ટિ જીવો સ્વયં જાણે છે કે આ ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ છે અને કાર્યપરમાત્મા સિદ્ધ એ પણ શુદ્ધ છે. આહાહા..! અશુદ્ધતાને ગૌણ કરી નાખીને એકલું શુદ્ધ જ દ્રવ્ય છે એમ સિદ્ધ કર્યું છે. એ ૪૯માં પાછું એને નાખશે. સમજાણું કાંઈ?

'**તેને અમે વંદન કરીએ છીએ.**' કહે છે. આ મુનિરાજ. આહાહા..! જેને અંતર દૃષ્ટિમાં

કારણદ્રવ્ય શુદ્ધ જેણે જાણ્યું અને જેને સિદ્ધ પરમાત્મા કાર્યસમયસાર શુદ્ધ છે એમ જાણ્યું, અમે વંદન કરીએ છીએ કે આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયમાં એક સમયમાં આખી ચીજ અંદર આવતી નથી પણ જેણે પર્યાય દ્વારા આખી ચીજ શુદ્ધ ધ્રુવ છે એમ જાણ્યું છે. આહાહા..! કારણ કે પર્યાયદૃષ્ટિમાં તો પર્યાય જ લક્ષમાં આવે, પણ પર્યાયમાં હોવા છતાં એ પર્યાયે શુદ્ધ કારણ ત્રિકાળ છે એમ જેણે અંદરમાં સ્વીકાર્યું... આહાહા..! એ બેયને શુદ્ધ જાણ્યું. એણે યથાર્થ શુદ્ધ જાણ્યું, એમ. સમજાણું? આમ તો શુદ્ધ છે એ તો છે પણ, કોને? કોને? કઈ નયના બળે? કોને? આહાહા..! જેણે અંતરમાં રાગથી, પર્યાયથી ભિન્ન વસ્તુ શુદ્ધ ત્રિકાળ શુદ્ધ છે એમ જેણે જાણ્યું છે... આહાહા..! સમ્યક્ પ્રતીતિમાં ત્રિકાળ શુદ્ધ છે એમ જે ભાસ્યું છે... આહાહા..! એને ત્રિકાળ શુદ્ધ છે એમ અનુભવમાં આવ્યું છે એમ કહે છે. સમજાણું કાંઈ? અને પરમાગમમાં એ કહેવું છે. આહાહા..! ભગવાનના શ્રીમુખે નીકળેલી વાણી એને ઈ કહેવું છે. આહાહા..!

ઓલું આવ્યું હતુંને નહિ શું? દિવ્યવાણી નહોતું? સૌભાગ્ય. બીજે ક્યાંક છેને પાછું, મુખારવિંદથી નીકળેલી. ઓહોહો..! પરમાગમના અતુલ અર્થને... આહાહા..! સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે. આહાહા..! ૩૧૦. '**શ્રીમદ્ અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલ સમસ્ત પદાર્થ જેની અંદર સમાયેલ છે એવી ચતુરશબ્દરચનારૂપ દ્રવ્યશ્રુતને...**' એ તો છે. એથી કાંઈક બીજે શબ્દ છે. મગજમાં આવ્યું હતું ક્યાંક. દિવ્યધ્વનિના વખાણ. કહે છે, અહીં તો એક તો આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને હોય છે કે જેને ત્રિકાળ શુદ્ધ છે એવું દૃષ્ટિમાં આવ્યું છે એને કારણપરમાત્મા અને કાર્યપરમાત્મા શુદ્ધ છે એમ એને ભાસ્યું છે. આહાહા..! એક વાત. અને પરમાગમમાં પણ સારાસારનું ભરેલું તત્ત્વ છે એમાંથી જેનો અતુલ અર્થ નીકાળવો છેને જેને. આહાહા..! એ ક્યાંક બીજે ઠેકાણે છે.

**શ્રોતા** :- ૧૦૮ ગાથામાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો એ છે. એ ખબર છે, એ નહિ. આ તો જુદું જ છે. પાછળમાં છે ક્યાંક. ઓલું પુસ્તક હતું એમાં લખ્યું છે. એ પુસ્તક અહીંયાં નથી. નિયમસાર.

કહે છે '**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...**' વિપરીતતા. આ શુદ્ધ છે અને આ અશુદ્ધ છે એ શું કરવા? આહાહા..! ત્રિકાળ શુદ્ધ છે એવો જ્યાં અંદર ભાસ થયો એને શુદ્ધા અશુદ્ધના ભેદની કલ્પનાનું શું કામ છે? આહાહા..! સમજાણું કાંઈ? આ નિયમસારની ટીકા અદ્ભૂત ટીકા છે! '**પરમાગમના અતુલ અર્થને...**' ઉપમારહિત એવા ભાવને '**સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે,...**' અહીં મુનિને લીધા છે, મુનિને લીધા છે હોં. '**તેને અમે વંદન કરીએ છીએ.**' મૂળ તો મુનિને પ્રધાન કથન છે. આહાહા..! વંદન કરીએ છીએ એમ કીધું છેને. ૪૯.

एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा हु।
सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा।।४९।।
આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;
સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.

**'ટીકા :- આ, નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું પ્રકાશન (-કથન) છે.'** ભાષા જુઓ! એક જ નય ઉપાદેય છે ત્યાં બીજી નય બરાબર જાણવાલાયક છે એ અપેક્ષાએ ઉપાદેય કીધું છે. સમજાણું કાંઈ? નીચે છે ખુલાસો જુઓ, નીચે ખુલાસો, **'પ્રમાણભૂત જ્ઞાનમાં...'** ત્રિકાળ શુદ્ધ છે અને પર્યાયમાં વિભાવ છે એવું પ્રમાણજ્ઞાનમાં.. આહાહા..! **'શુદ્ધાત્મદ્રવ્યનું તેમ જ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ.'** આહાહા..! **'પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે...'** આહાહા..! સાધુ હો કે સમકિતી હો, જેને ત્રિકાળ શુદ્ધદ્રવ્ય છે એમ ભાનમાં આવ્યું એને પણ વ્યવહારનયથી એનો વિભાવભાવ પર્યાયમાં છે, એટલી દુઃખરૂપ દશા છે એવો જેને સ્વીકાર નથી એને શુદ્ધદ્રવ્યનું પણ જ્ઞાન સાચું નથી. એય..! ચેતનજી! કહો, શુદ્ધદ્રવ્યનું જ્ઞાન એને... શાસ્ત્રમાં એમ આવે છેને, શુદ્ધ દ્રવ્યનું ભાન થયું પછી એને આસ્રવ, બંધ નથી. પણ એ તો નિશ્ચયના સ્વભાવની અપેક્ષાથી કથન છે. પણ જ્યાં સુધી પૂર્ણતા નથી, એની પર્યાયમાં વિભાવભાવ વ્યવહારનયનો વિષય છે. આહાહા..!

**'પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે... '** સમકિતીને, મુનિને પણ. વ્યવહારનયના જ્ઞાનમાં ભૂલ ન હોવી જોઈએ, એમ કહે છે. 'શુદ્ધ છું-શુદ્ધ છું' એ જે અપેક્ષા છે એ નિશ્ચયનયની અપેક્ષા છે. પણ પાછી પર્યાય રહી જાય છે અંદર. વિભાવરૂપ પર્યાય છે, દુઃખરૂપ દશા છે. વિભાવ કહો કે દુઃખ કહો. આહાહા..! એવું જેને જ્ઞાન નથી. એને શુદ્ધદ્રવ્યનું જ્ઞાન સાચું નથી. છે? જુઓ, **'એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ.'** આહાહા..! ઉપાદેય શબ્દ વાપર્યો છેને કે આ જાણવા માટે. જાણવું, બરાબર જાણવું જોઈએ. વસ્તુએ શુદ્ધ છે એવું ભાન થયું, નિર્મળતા પણ થઈ, પણ હજી અંદર વિભાવભાવ રહ્યો છે, દુઃખદશા રહી છે એવું જેને વ્યવહારનું જ્ઞાન નથી એને નિશ્ચયનું જ્ઞાન પણ ખોટું થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઓલો કાગળ આવ્યો હતોને શેઠિયાનો છેલ્લો? કે કાંઈક દુઃખ છે જ્ઞાનીને એવું કોઈ આગમપ્રમાણ છે? એમ કહે છે. વજુભાઈ! ઓલા શેઠિયા નહિ? સરદારશહેર. એનો કાગળ આવ્યો હતો. એના દીકરાની દીકરીનો. લખાવ્યો હતો પોતે. છેલ્લો કાગળ આવ્યો હતો. આહાહા..! એમ કે આગમબળે એમ કહેવામાં આવે છે કે જ્ઞાનીને દોષ હોય એ ઘટતા જાય છે, એમ આગમપ્રમાણ છે તો આગમપ્રમાણ એવું કોઈ છે કે એને દોષ છે? આહાહા..! પણ ઘટતા

જાય છે એનો અર્થ શું થયો? છે. બાકી રહે છે. આહાહા..! ખબર નહિ, આખી ચીજને ભૂલી ગયા.

ભાઈએ જ્યારે નિહાલભાઈએ એમ કહ્યુંને કે અમને તો શુભવિકલ્પ ઉઠે છે એ દુઃખ લાગે છે, દુઃખ ભઠ્ઠી લાગે છે. સ્વરૂપભાઈ! મળ્યું છે કે તમને નહિ ઓલું દ્રવ્યદષ્ટિપ્રકાશ? ક્યાંથી? છેને ત્યારે પણ. પહેલું વાંચ્યું તો છેને પણ ઘરે? ત્રીજો-ત્રીજો. લે! ઈ મળ્યો નથી? એય..! ચંદુભાઈ! ત્રીજો ભાગ દેજો. બહુ સારો છે. ભાઈને તો આપ્યો છેને ..ભાઈને ત્રીજો ભાગ. એને આપજો હોં તરત. બહુ સરસ વાત છે એમાં. એમાં એમ લખ્યું કે અમને રાગ થાય છે, વિભાવ દુઃખ લાગે છે. એ વાત શેઠિયાને ન બેઠી. દુઃખ જેને અનુભવાય એ તો તીવ્ર કષાયવાળો જીવ છે, એમ કહે છે ઈ. આહાહા..! અહીં કહે છે કે દુઃખનો અનુભવ જેને ન હોય એને શુદ્ધદ્રવ્યનું જ જ્ઞાન નથી. એમ આવ્યું કે નહિ? ચેતનજી! આહાહા..!

જે '**પ્રમાણભૂત જ્ઞાનમાં...**' પ્રમાણ નામ દ્રવ્ય અને પર્યાય બેનું. એવા જ્ઞાનમાં '**શુદ્ધાત્મદ્રવ્યનું તેમ જ તેના પર્યાયનું બન્નેનું સમ્યક્જ્ઞાન હોવું જોઈએ.**' એટલે કે પોતાને કોઈ પ્રકારે હજી વિભાવપર્યાયો છે. ચારિત્રદોષો એવા વિકારી પર્યાય છે, મુનિને પણ છે. આહાહા..! ગણધરોને પણ છદ્મસ્થ અવસ્થામાં વિભાવપર્યાય દુઃખ છે. આહાહા..! આવું કથન. સમય-સમયનું હોં. નાડી પકડી છે. કોઈ એમ જ માની લે કે બસ, આપણે દ્રવ્યે શુદ્ધ છેને. શાસ્ત્રમાં એમ કહ્યું છે. દ્રવ્યે શુદ્ધ છે પછી એને પર્યાય પણ તદ્દન શુદ્ધ જ હોય એકલી. તો એ પર્યાયમાં દુઃખ અને વિભાવ છે એની વિદ્યમાનતાને એ સ્વીકારતો નથી. એને સ્વીકારતો નથી તો એને શુદ્ધદ્રવ્ય આનંદસ્વરૂપ છે એનું પણ જ્ઞાન સાચું નથી, જૂઠું છે. આહાહા..! કેમકે જેને દુઃખની દશા પર્યાયમાં છતી વર્તમાન છે, વિભાવ કહો કે દુઃખ કહો, એ જેને અંદર જ્ઞાનમાં ભાસતું નથી, એનું જ્ઞાન તો દ્રવ્યનું પણ જૂઠું છે, કહે છે.

બીજી રીતે કહીએ તો ત્રિકાળ શુદ્ધદ્રવ્યનું જેને ભાન થયું એને પર્યાયમાં દુઃખ છે એનું જ્ઞાન સાથે થાય જ. પ્રમાણજ્ઞાન કરતાં એને વિભાવભાવ રહ્યો છે, દુઃખ રહ્યું છે. સમકિતીને, મુનિને પણ. આહાહા..! હવે ભાષા તો સમજાય છેને? સહરાનપુર. હવે એને પ્રેમ લાગ્યો છે. બહેન તો મનોકાંતાબેન છે એને પ્રેમ છે, રસ છે. આહાહા..! અરે.. ભાઈ! આવો માર્ગ ક્યાં છે? બાપુ!

**શ્રોતા :-** એમને ઘણી રુચિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, રુચિ રહે છેને. આ તો વળી ગુજરાતી ભાષા એટલે.. એ તો ગુજરાતીમાં... આહાહા..! એક તો મોસાળ વિવાહ અને મા પીરસણે. એવું આવે છે? જાંજરીજી! શું આવે છે ઈ?

**શ્રોતા :-** નાનેરે બ્યાહ ઔર માં પરોસવાવાળી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ. એક તો વીતરાગની વાણી અને એમાં સંતો દ્વારા પીરસાય

છે. આહાહા..! એમાં ભર્યું છે. આહાહા..! એ વાત સમજાય છે? મોસાળમાં વિવાહ હોય અને એક તો એની માં ત્યાં અગ્રેસર હોય? એ દુલ્હાને વરને જે પકવાન આપવામાં આવે... તમારે હિન્દીમાં નહિ હોય? ઓલું પંચોળું બેસે. વર બેસે એની ભેગા બેસે. એવું છે કે નહિ? કાંઈ ખબર નથી. આ તો દુલ્હાને જમાડેને જાનમાં આવ્યા હોય એને, તો એની સાથે બે-ચાર બીજા હોય. એક થાળમાં બેસે. ભેગા બેસે. કહો, એની પણ ખબર નથી શેઠને. એ પંચોળું કહેવાય અમારે કાઠિયાવાડમાં. એક વર જમે એની સાથે બીજા ચાર હોય. એટલે બીજી જાનને જે આપે એના કરતા આને ઉંચી ચીજો આપે. બરફી, ઉંચા એવા શું કહેવાય તમારા? રસગુલ્લા. વરનો થાળ મોટો હોય. સમજાય છે? એને આપે ભેગું. એમ અહીં મા પીરસણે હોય જ્યાં સંતો ત્રિલોકના નાથની વાત કરે ત્યાં... આહાહા..! બાપુ! માર્ગ આ છે. આનંદ પીરસીએ છીએ તને, પ્રભુ! આહાહા..!

જ્ઞાન, આનંદ મંદિર પ્રભુ હોવા છતાં જ્યાં આગળ પૂર્ણ દશા પ્રગટી નથી, એને જોડે દુઃખની દશા પણ છે. આહાહા..! એ દશાને જો ભૂલી જાય કે નથી જ અમારે દુઃખ અને દુઃખ વેદે તે અજ્ઞાની તીવ્ર કષાય છે, એને શુદ્ધદ્રવ્યનું પણ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહાહા..! શું નાડી પકડી છેને. એકલો શુદ્ધ છે.. શુદ્ધ છે. જો શુદ્ધતાનો તને ખ્યાલ આવ્યો હોય તો વ્યવહારનયની દુઃખ દશા છે એનો ખ્યાલ હોય જ. બેના પ્રમાણજ્ઞાનમાં. નિશ્ચયનું જ્ઞાન અને વ્યવહારનું જ્ઞાન. એ વ્યવહારનું જ્ઞાન જો ન હોય તો એને નિશ્ચયનું જ્ઞાન પણ સાચું છે નહિ. આહાહા..!

એ અપેક્ષાએ ઉપાદેય કહ્યું છેને જુઓ, **'એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય...'** દુઃખદશા છે, ભાઈ! મુનિને અને સમકિતીને પણ દુઃખદશા છે. વિભાવદશા કે દુઃખ. એ પછી એમ તો એ (શેઠીયા) કહે છે કે દોષ હોય, પણ દુઃખ નહિ. લે, ગજબ વાત કરે છેને. દોષ કહો કે દુઃખ કહો. વિભાવભાવ કહો કે દુઃખ કહો. જ્યાં સુધી પૂર્ણ આનંદ પરમાત્મદશા નથી, ત્યાં સુધી એને આનંદ પણ છે અને દુઃખ પણ છે. આહાહા..! ઓહોહો..! શું સંતોની વાણી! દિગંબર મુનિઓ કેવળજ્ઞાનીના કપાટમાં જઈને ખોલીને વાતું કરે છે. ભગવાનને આમ કહેવું છે. આહાહા..! ભાઈ! તું આ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ ખરો, ત્રિકાળ શુદ્ધસ્વરૂપ ખરો. એઈ! છોકરાવ ત્યાં રમે છે (તેને) બહાર કાઢી મૂકો. અહીં રમત કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ. માટે, વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવાયોગ્ય છે.'** આ ઉપાદેયની વ્યાખ્યા કરે છે. વ્યવહારનય ઉપાદેય છે એટલે કે જાણવા માટે ગ્રહણ કરવાલાયક છે. આહાહા..! **'એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે,...'** આવા કથનની અપેક્ષાએ અહીં વ્યવહારને ઉપાદેય કહ્યો છે. **'તેમનો આશ્રય ગ્રહણ કરવાયોગ્ય છે એવી વિવક્ષાથી નહિ.'** આહાહા..!

**'એવી વિવક્ષાથી નહિ.'** વ્યવહારનયનો વિષય છે એ ગ્રહણ કરવાલાયક છે કે આશ્રય કરવાલાયક છે એમ નહિ, પણ એને જ્ઞાનમાં બરાબર જાણવાલાયક છે એનું નામ ગ્રહણ કરવાલાયક કહેવામાં આવ્યું છે.

**શ્રોતા :-** ફૂટનોટમાં નથી લખ્યું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેમ મોક્ષમાર્ગ(પ્રકાશક)માં નથી? મોક્ષમાર્ગ(પ્રકાશક)માં નથી? કે વ્યવહારનયને ગ્રહણ કરવાનું કહ્યું છેને. એઈ..! છે કે નહિ? .. જિનમાર્ગમાં બંને નયનું ગ્રહણ કરવું કહ્યું છેને. આ પ્રશ્ન છે. ટોડરમલજીએ તો શાસ્ત્રના ભાવોને સ્પષ્ટ કર્યા છે. એણે ઘરનું કાંઈ કર્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશક તો એણે સાદી ભાષામાં, હિન્દી ભાષામાં (રચ્યું છે). શિષ્યનો પ્રશ્ન છે કે જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયનું ગ્રહણ કરવું કહ્યું છે. વ્યવહારનયનું ગ્રહણ કરવું કહ્યું છે. ઉપાદેય કહ્યું છે કે નહિ?

'ઉત્તર – જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતાસહિત વ્યાખ્યાન છે. તેને તો સત્યાર્થ એમ જ છે એમ જાણવું. કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાસહિત વ્યાખ્યાન છે, તેને પરમાર્થે એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ...' નિમિત્તાદિની અપેક્ષાએ પર્યાયમાં હીણપ દશા છે એની અપેક્ષાએ 'આ ઉપચાર કર્યો છે, એમ જાણવું.' એમ જાણવું. એનું નામ ગ્રહણ કર્યું કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા..! અશુદ્ધતા છે, દુઃખ છે એ વ્યવહારનયનો વિષય જાણવા જેવો છે, ગ્રહણ કરવાનો અર્થ કે જાણવું. આહાહા..! 'અને એ પ્રમાણે જાણવાનું નામ બંને નયોનું ગ્રહણ છે.' છે? 'પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી આ પ્રમાણે પણ છે અને આ પ્રમાણે પણ છે, એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.'

**'વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે, તેમનો આશ્રય ગ્રહણ કરવાયોગ્ય છે એવી વિવક્ષાથી નહિ.'** એમ કહેવા માગતા નથી. **'વ્યવહારનયના વિષયોનો આશ્રય (–આલંબન, વલણ, સંમુખતા,...'** પહેલો આશ્રય લઈને પછી એને વિશેષ કહે છે. **'ભાવના) તો છોડવાયોગ્ય જ છે...'** પણ જાણે એને છોડવાલાયક કે નથી તેને છોડવું શું? **'એમ સમજાવવા ૫૦મી ગાથામાં...'** આવશે આગળ. **'વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે.'** એટલે અહીં ઉપાદેય કીધો એટલે તે ગ્રહણ કરવાલાયક છે એમ નથી અહીં, જાણવાલાયક છે. આહાહા..! છે પુસ્તક? શાંતિભાઈ! પછી ઘરે-બરે વાંચો છો કે નહિ ત્યાં? ઠીક. આહાહા..! કહે છે **'એમ સમજાવવામાં...'** આગળ કહેશે. **'જે જીવને અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ અને પર્યાયોના આશ્રયનો ત્યાગ હોય,...'** જાણવા માટે છતાં એનો ત્યાગ **'તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું,...'** સમજાણું કાંઈ? આહાહા..!

**'આ, નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું...'** ઉપાદેયની વ્યાખ્યા કરી

આ. ઉપાદેય એટલે કે નયને જાણવારૂપ ગ્રહણ કરવું. આહાહા..! એટલું પ્રયોજન. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન આવે છેને? એનો અર્થ થઈ ગયો એ કે વ્યવહાર છે અશુદ્ધ. અશુદ્ધ છે, શુદ્ધતા પૂરી નથી. એમ સમ્યગ્દર્શન ભૂતાર્થને આશ્રયે હોવા છતાં, દૃષ્ટિ ત્યાં હોવા છતાં જ્ઞાનમાં કમી છે, અશુદ્ધતા છે, એવા વ્યવહારનયને જાણેલો પ્રયોજનવાન છે. આહાહા..! કેટલી મેળવાળી વાત જુઓ તો ખરા! મકોડે મકોડો સત્ય બેસી જાય છે.

'**પૂર્વે 'જે વિભાવપર્યાયો વિદ્યમાન નથી' એમ પ્રતિપાદિત કરવામાં આવ્યા છે તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.**' આ તો નિશ્ચયનયથી વિદ્યમાન નથી એમ કહ્યું હતું. સમજાણું કાંઈ? એમ સ્વચ્છંદી થઈ જાય કે અમારે ક્યાંય અશુદ્ધતા છે જ નહિ, દુઃખ છે જ નહિ, એ તો સ્વચ્છંદી છે. પછી અમે ગમે તે કરીએ, એમ. શું કર તું? આહાહા..! જુઓને, કેટલો ખુલાસો કરે છે! '**તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.**' વિદ્યમાન નથી જે કીધું હતું (તે વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે). ૧૧મી ગાથામાં એમ કહ્યું હતું '**ववहारोऽभूदत्थो**' અસત્યાર્થ છે, જૂઠો છે. સત્યાર્થદૃષ્ટિની અપેક્ષાએ વ્યવહારનય જૂઠો છે. પણ જૂઠો છે એ જાણવાલાયક છે કે નહિ? અને એ અપેક્ષાએ ત્યાં એમ પણ કહ્યું છે કે વ્યવહારનય અવિદ્યમાન છે, અસત્યાર્થ છે. એમ કહ્યું છે ત્યાં. આહાહા..! ત્યારે એનો અર્થ ઈ કે અભેદની દૃષ્ટિમાં ભેદ જોતો નથી એથી એને અસત્યાર્થ કહ્યો, પણ પર્યાયને જ્યાં જોવા જાય તો વિકાર છે, દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવું હોય કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! અનંત સંતોએ, ગણધરોએ જે માર્ગને સેવ્યો છે અને એ જ માર્ગ સંતો જગતને જાહેર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે, તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે...**' આ અપેક્ષાએ. વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે, પણ '**જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી...**' ચાર વિભાવભાવે પરિણત હોવાથી '**સંસારમાં પણ રહ્યા છે...**' એ વિભાવ પરિણામ છે એવા જ્ઞાનીને, એમ કહે છે. '**તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે...**' દૃષ્ટિમાં એને શુદ્ધગુણપર્યાયવાળો છે એમ એની દૃષ્ટિની અપેક્ષાએ છે. સમજાણું કાંઈ? આહાહા..! '**(અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળો હોવાથી સંસારી છે...**' છે ઉદયભાવવાળો એમ કહે છે. '**તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળો હોવાથી સિદ્ધ સદૃશ છે).**' આહાહા..! સમજાણું કાંઈ? આવું બધું જ્ઞાન. કાંઈક કરો... કરો... વ્રત કરો, તપ કરો, અપવાસ કરો. ઓલા કેશુભાઈ આવ્યા હતાને? એણે એમ કહ્યું કે આ શું કહ્યું કાંઈ સમજાણું નહિ. જાણે હમણા આવશે

મૂર્તિ અને મૂર્તિની પૂજા, પણ એ તો વાત આવી નહિ ક્યાંય. અરેરે! અહીં તો નિશ્ચયનું જ્યાં જોર છે દૃષ્ટિમાં એને પણ વ્યવહારનો અશુદ્ધતા અને વિભાવ જાણવાલાયક છે. ભગવાનની પૂજા, ભક્તિ એવો ભાવ તો આવે, પણ તે વિભાવ છે, અશુદ્ધ છે. આહાહા..! એમ એણે જાણવું જોઈએ. આહાહા..!

'એવી રીતે (આચાર્યદેવ) **શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા)** કહ્યું છે કે :—' જુઓ,

'व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हंत हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किंचित्।।

આહાહા..! એ આવ્યું. ઓલામાં આવે છેને ભાઈ એ હવે યાદ આવ્યું. મેં કીધું કાંઈક બે દિ' પહેલાં મગજમાં આવ્યું હતું વાત હવે. આવી ગયું. '**उभयनयविरोधध्वंसिनि**'. શું કહ્યું જુઓ, '**जिनवचसि रमन्ते**'. 'હે આસન્ન ભવ્ય જીવો દિવ્યધ્વનિ દ્વારા કહી છે.' શું? 'કે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ.' આહાહા..! મગજમાં આવી હતી કીધું એક વાત બે દિ' પહેલાં. એ પાછું મગજમાંથી વયું ગયું. આ નય આવીને આની. આ આવી હતી કે જિનવચન... આહાહા..! 'ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ...' આ પાઠ એમ છેને કે '**जिनवचसि रमन्ते**'. તો '**जिनवचसि रमन्ते**' તો જિનવચનમાં રમવું છે? પણ જિનવચનમાં ભાવ જે ત્રિકાળ છે એ શુદ્ધ ઉપાદેય છે. જીવ આ શુદ્ધ છે એ ઉપાદેય છે એમ જિનવચનમાં છે. એવા શુદ્ધમાં રમવું એમ કહ્યું છે. આહાહા..! એ જિનવચનમાં રમ્યો કહેવામાં આવે છે. આહાહા..! જુઓ, ચારેકોરથી વાત. ઓલું કીધુંને, શુદ્ધનય જ આદરણીય છે. અને વીતરાગનું વચન શુદ્ધવચન એને કહીએ. એમ આવ્યું હતુંને? શુદ્ધવચન બુધજીવોને એ કહે છે. તો એ આ કે જિનવચનમાં રમવું એટલે જિનવચને જીવને શુદ્ધ કીધો છે. આહાહા..! એ શુદ્ધ જીવવસ્તુ તેમાં સાવધાનપણે રુચિ, શ્રદ્ધા, પ્રતીતિ કરે એ રમ્યો કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કળશ ટીકાએ કેટલી... આહાહા..! બે-ત્રણ દિ'થી મગજમાં એક આવ્યું હતું કે ભગવાનની વાણી આ કહે છે. ઓલા બુધપુરુષ આવ્યું હતુંને? શુદ્ધવચન આવ્યું હતુંને? એમાં યાદ આવ્યું હતું આ.

ભગવાનનું શુદ્ધવચન આ છે. આહાહા..! અને સમજનાર બુધપુરુષને એ કહે છે. ભુવનવિદિત છે, જગતપ્રસિદ્ધ છે. હે ભવ્ય! એને સદા જાણ. આહાહા..! જુઓને! એ નિશ્ચયનો વિષય જે જ્ઞાનમાં આવ્યો એ સદાય એમ ને એમ રાખજે. આહાહા..! વ્યવહારની પર્યાય થાય, લક્ષ જાય, પણ આ ઉપાદેય છે આ એ સદા લક્ષ રાખજે. આહાહા..! સમજાણું કાંઈ? અહો..! જિનેન્દ્રના દરબારમાં.. આહાહા..! એ સભા ભરાતી હશે. વાઘ ને સિંહ ને નાગ, રાજા ને ઈન્દ્રો ને આહાહા..! અને એ વીતરાગની દિવ્યધ્વનિ આહાહા..! એના ભાવનું શું

કહેવું! રાજા મોટા ઈન્દ્રો, મહાવિદેહમાં છેને અત્યારે ભગવાન, આમ હાથ જોડીને અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્ર (વાણી સાંભળે છે). આહાહા..! સિંહ, વાઘ અને નાગ, જંગલમાંથી સિંહ ચાલ્યા આવે સાંભળવા. નાગ મોટા ફુંફાડા મારે નહિ. ચાલ્યા આવે જંગલમાંથી કાળા નાગ. આહાહા..! ૨૫-૨૫, ૫૦ હાથના લાંબા, બે-ચાર હાથના પહોળા. સભામાં આવે અને બેસી જાય. જોડે ઉંદર હોય, સિંહ બેઠો હોય એની જોડે હરણીયું હોય. બધી તલ્લીનતા સાંભળવામાં છે. આહાહા..! વેર-વિરોધ જેને ઉલ્લસે નહિ. આહાહા..! એવી તો સભામાં બેઠેલાની યોગ્યતા હોય છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ચક્રવર્તી રાજા હોય, એકકોર ઉંદર બેઠો હોય તિર્યંચ તિર્યંચના ઓલામાં અને મનુષ્ય સભામાં ચક્રવર્તી બેઠા હોય. આહાહા..! દેવની સભામાં ઈન્દ્રો બેઠા હોય. બધા એક ચિત્તે ભગવાનની દિવ્યધ્વનિ શું (કહે) છે એ સાંભળે છે, એ મોજૂદ છે. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં એ મોજૂદ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા અને આઠ દિ' રહ્યા. એ સભામાં ગયેલા ભગવાન કુંદકુંદાચાર્ય. આહાહા..! ત્યાંથી આવીને આ રચના છે બધી. એમાં વળી આ નિયમસાર તો કહે છે નિજભાવના, મારી ભાવના માટે મેં તો બનાવ્યું છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ વદ-૧૪, ગુરુવાર, તા. ૦૪-૦૯-૧૯૭૫, ગાથા-૪૯-૫૦, કળશ-૭૩, પ્રવચન નં. ૨૫

ટીકા. '**પૂર્વે જે વિભાવપર્યાયો વિદ્યમાન નથી એમ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે...**' કે આત્મામાં ક્યારે તે પર્યાય નથી? .. ક્ષયોપશમ પણ નથી ... '**તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.**' એની પર્યાયમાં કોઈને ક્ષયોપશમભાવ છે, ક્ષાયિક છે, ઉપશમ છે અને ઉદય છે રાગાદિ વિભાવ, બધા વિભાવ છે. એ વિભાવપર્યાય એની અવસ્થામાં નથી એમ જે જાણે એને ખરેખર ત્રિકાળી નિશ્ચય સ્વરૂપનું જ જ્ઞાન નથી.

**શ્રોતા** :- ધ્રુવનો આશ્રય... પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આશ્રય તો નિમિત્તનું કથન છે. એણે ગુરુએ શું કહ્યું હતું અભેદ કરવાનું એ માટે ત્યાં નિમિત્તથી કથન છે. અહીં કહે છે કે એ તદ્દન આત્મામાં ક્ષાયિક નહિ, ઉપશમ નહિ, ક્ષયોપશમ નહિ, ઉદય નહિ એમ જે કહ્યું હતું એ તો વસ્તુની ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ કહ્યું હતું, પણ એ પર્યાયમાં વિદ્યમાન છે ભાવ. જેને જેને .. પ્રમાણે રાગ, ક્ષયોપશમ એ પર્યાય એનામાં છે એમ એણે જાણવું જોઈએ. બીજું જાણવામાં વ્યવહારનયનું સ્વરૂપ

જેનો વિષય છે એ જો જાણવામાં ન રહે અને નથી એમ કહે તો એણે ખરેખર ત્રિકાળી દ્રવ્યને (જ જાણ્યું નથી). આહાહા..! આવું છે. એકકોર નિષેધ કર્યો અને અહીં વળી સ્થાપ્યું. સમજાણું કાંઈ?

'**તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે. વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી...**' ચાર વિભાવભાવ. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ '**ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે તે જીવો બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે...**' ત્યારે શુદ્ધનયથી જો જોઈએ તો એ સંસારી પ્રાણી પણ સિદ્ધ સમાન છે.

**શ્રોતા :-** પર્યાયમાં પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાય એટલે અંદર શક્તિ. પર્યાય પ્રગટ ક્યા છે. પણ એ પર્યાય છે એમ. સમજાણું કાંઈ? આહાહા..! નિશ્ચય અને વ્યવહાર. જ્યાં જેમ છે એમ ન જાણે ગોટો ઉઠે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જુદું. એ બીજી વાત. પર્યાયમાં, આ તો પર્યાય છેને. કાર્ય શુદ્ધ થઈ ગયું કેવળીને. કારણશુદ્ધ ત્રિકાળ દ્રવ્યને, પણ આ પર્યાયમાં વિકાર અને ભાવ ભિન્ન છે કે નહિ? ક્ષયોપશમ છે, સમકિત અને ક્ષાયિક પર્યાય છે. સાંભળો. ઝીણી તમારે પકડતા વાર લાગે એવું છે. આ તો ઝીણી વાતું, બાપુ!

કહે છે કે વસ્તુ કારણ દ્રવ્યસ્વભાવમાં એ (વિકાર) કાંઈ નથી. તેમ કાર્ય જે છે પૂર્ણ એ બધા શુદ્ધ છે એમ કહ્યું, પણ હવે પાછા વ્યવહારનયે? એની પર્યાયમાં જેટલો જે ભાવ ઉપશમ, ક્ષયોપશમ, ઉદય જેવો હોય એવો વિદ્યમાન છે એમ એને જાણવું જોઈએ. પર્યાયની વાત છેને. કારણપરમાત્મા ત્રિકાળ અને કાર્ય તો શુદ્ધ છે એ તો પૂર્ણની અપેક્ષાએ. સમજાણું કાંઈ? પણ પર્યાયમાં એ ભાવો છે. જે જે જીવોની યોગ્યતા પ્રમાણે એનું જો જ્ઞાન વિદ્યમાન માને નહિ એ શુદ્ધાત્મદ્રવ્યનું એનું સાચું જ્ઞાન નથી. આહાહા..! સમજાણું કાંઈ?

બીજી વાત. '**ચાર વિભાવભાવે પરિણત હોવાથી...**' શુદ્ધનયના કથનથી એ બધા સિદ્ધ ભગવાનો સમાન છે. શુદ્ધગુણપર્યાય એટલે એ હોં. ગુણની પર્યાય એને શક્તિ છે, પ્રગટ ક્યાં છે? શુદ્ધને પ્રગટ છે. એ રૂપે એ શુદ્ધ છે. ઓલામાં આવ્યુંને સમયસારનાટકમાં. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' તો સિદ્ધ સમાન ત્યાં પર્યાયની અપેક્ષાએ છે ત્યાં? જીવદ્રવ્યની અપેક્ષાએ છે. અર્થ કર્યો છે ત્યાં. જીવદ્રવ્યની અપેક્ષાએ સિદ્ધ સમાન છે. એની પર્યાય પ્રગટ છે સિદ્ધને અને અહીં શુદ્ધનયમાં પ્રગટ પર્યાય છે એને એમ નથી. ભારે આ. '**(અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી**

છે...' એટલે પર્યાયમાં વિભાવભાવ છે. **'તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયવાળા હોવાથી સિદ્ધ સદશ છે).'** 'એવી રીતે...' શું કીધું?

**શ્રોતા :-** ... એકમેક છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં એકમેક છે, દ્રવ્યમાં એકમેક નથી. રાગ ઉપશમ, ક્ષયોપશમ આદિ પર્યાયમાં એકમેક છે. આહાહા..! આવી વાત! અનેકાંત માર્ગ વીતરાગનો. એકદમ ના પાડે કે આત્મામાં ક્ષાયિકભાવ નથી, ઉપશમ નથી, ક્ષયોપશમ નથી, ઉદય નથી જાઓ. અહીં પાછું લીધું, ભાઈ! એ તો કીધું હતું ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ, પણ એવા દ્રવ્યનું જેને જ્ઞાન હોય એણે પર્યાયમાં ભાવ આવા પર્યાયવાળા અશુદ્ધ, ક્ષયોપશમ વગેરે છે એવું જો એને જ્ઞાન ન હોય તો ઓલું ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન ખોટું છે. સમજાણું કાંઈ?

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'** જુઓ,

'व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हंत हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किंचित्।।

**'શ્લોકાર્થ :- જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે એવા જીવોને, અરેરે! હસ્તાવલંબરૂપ ભલે હોય,...'** પર્યાયમાં ભેદ આદિ, રાગાદિ હોય. **'તોપણ જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર,...'** નિર્વિકલ્પ અનુભવમાં પડ્યા છે અભેદમાં. આહાહા..! **'ચૈતન્યચમત્કારમાત્ર, પરથી રહિત એવા પરમપદાર્થને અંતરંગમાં દેખે છે...'** નિર્વિકલ્પસમાધિમાં જેને અભેદ અનુભવ છે. આહાહા..! **'તેમને એ વ્યવહારનય કાંઈ નથી.'** સમજાણું કાંઈ? એ તો સમયસારનો (શ્લોક) છે.

**'વળી, (આ ૪૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-'**

(स्वागता)

शुद्धनिश्चयनयेन विमुक्तौ
संसृतावपि च नास्ति विशेषः।
एवमेव खलु तत्त्वविचारे
शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति।।७३।।

**'શ્લોકાર્થ :- શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;...'** એ દ્રવ્યદૃષ્ટિએ, દ્રવ્યાર્થિકનયે, શુદ્ધનયે. સમજાણું કાંઈ? આહાહા..! ઓલા પ્રવચનસારમાં તો એ આવ્યું ૮૯ ગાથામાં. વિકાર શુદ્ધનય જીવમાં છે. એ કઈ અપેક્ષા? એને એ શુદ્ધનયે

એટલે સ્વમાં છે એમ. પર્યાયમાં સ્વમાં છે. વિકાર પર્યાયમાં સ્વમાં છે એને સ્વની અપેક્ષાએ શુદ્ધનય કીધી અને તે અશુદ્ધતામાં નિમિત્ત કર્મનું છે. એથી અશુદ્ધનયે કર્મથી એમ કહ્યું. હવે અહીંયાં એથી બીજી રીત છે. અહીંયાં તો શુદ્ધનયે ત્રિકાળી, સંસારી કે મુક્તિ એકરૂપ ત્રિકાળ શુદ્ધ છે. સમજાણું કાંઈ? અને પર્યાયમાં જે વિકારના ક્ષયોપશમભાવ આદિ છે એ વ્યવહારનયનો વિષય છે, પણ ત્રિકાળમાં જ્યાં અનુભવમાં આવું આવે ત્યારે એને વ્યવહારનો વિષય ઉડી જાય છે. આહાહા..! ત્યાં એમ કહ્યું હતું કે ભાઈ! વિકાર છે એ શુદ્ધનયે જ તારામાં છે. શુદ્ધનયે એટલે? તારામાં તારે કારણે સ્વ-આશ્રયથી વિકાર છે. આહાહા..! અમરચંદભાઈ!

**શ્રોતા :-** જુદે-જુદે વખતે જુદું-જુદું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુદું-જુદું એમ નથી. એ કઈ અપેક્ષા છે. એ અમારે ફાવાભાઈ કહેતા. આ સવારે કાંઈક ધારીએ ત્યારે બીજી વળી બીજી વાત આવે બપોરે. બુદ્ધિ જાડી.

અહીંયાં ત્યાં જે પ્રવચનસારના જે ભાગમાં કહ્યું છે એ આત્માની પર્યાયમાં શુદ્ધનય એટલે જેમાં પરની અપેક્ષા નથી. એવો વિકાર પોતાથી પોતામાં છે એમ એણે નક્કી કરવું પડે. આહાહા..! ત્યાં શુદ્ધનય એટલે ત્રિકાળી દ્રવ્ય એ નહિ. ત્યાં આગળ પર્યાયમાં શુદ્ધતા છે એ પોતામાં છે, સ્વ-આશ્રિત છે એટલે નિશ્ચય છે એટલે શુદ્ધનયે છે. આહાહા..! અને અશુદ્ધનયે કર્મના નિમિત્તથી છે, નિમિત્તપણું એને અશુદ્ધનય કીધી. નિમિત્ત જ્યાં શુદ્ધનયે વિકાર કહ્યો હતો એ અહીં વ્યવહારનયનો વિકલ્પ વ્યવહારનયના વિષયમાં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? હળદરને ગાંઠીએ ગાંધી ન થવાય એમ કહે છે. એકાદ વાત પકડે અને થઈ જાય ત્યાં. કહો, સમજાણું કાંઈ? શેઠ! તમારે વાત તો હશે ત્યાં કાંઈક. હળદરને ગાંઠીયે ગાંધી ન થવાય. તમારી શું ભાષા છે એય?

**શ્રોતા :-** સૂંઠના ગાંઠિયે નહિ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. ભાષા તો બધી, કહેવતો બધી એક જ હોયને. ચૂલામાં રાખ જ હોયને બધે. કહેવત બીજી ભાષાએ હોય. અહીં એમ કહે છે અમારે. ગાંધી થયો. એક હળદરનો સૂંઠનો ગાંઠિયો રાખીને ગાંધી થઈ ગયો; એમ ન થવાય. એમ એક નયે એક ન્યાય જ્યાં જાણ્યો એમાં બધું જાણ્યું એમ ન હોય. સમજાણું કાંઈ? આહાહા..! ત્યાં આગળ તો પર્યાયમાં વર્તમાનમાં પરની અપેક્ષા વિના પોતાના સ્વતઃ પર્યાયમાં વિકાર જેટલો છે તેટલો શુદ્ધનયથી છે. શુદ્ધનય એટલે સ્વ-આશ્રય છે, જેમાં પરની અપેક્ષા નથી. આહાહા..! શુદ્ધનયથી વિકાર છે એમ કહ્યું. આમાં કાંઈ એક પકડે તો. એ પરની અપેક્ષા નથી એટલે સ્વ-આશ્રયનો એને શુદ્ધ કીધો. દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ એ અત્યારે ત્યાં વાત નથી.

અહીંયાં તો એકદમ ત્રિકાળ જે શુદ્ધ છે એમાં એ વ્યવહારનો પર્યાય જે વર્તમાન ઉદય કે ક્ષાયિક એ છે નહિ, પણ વ્યવહારનયે છે એમ જો ન જાણે... સમજાણું? પર્યાયમાં જેટલી દશા જેમ છે એ દશાને એમ ન જાણે તો તો એને દ્રવ્યનું સાચું જ્ઞાન છે નહિ. આહાહા..!

ભાઈ! આ વીતરાગમાર્ગ ઘણો ગંભીર. સર્વજ્ઞનો અનેકાંત માર્ગ બહુ ગંભીર અને ઉંડો છે. અગાધ ગંભીર વસ્તુ. જેને ત્યાં શુદ્ધનય કહે એને અહીં વ્યવહારનય કહે. જેને ત્યાં અશુદ્ધનય કહે એની તો અહીં વાત લેવાય જ નહિ. ત્યાં વિકાર થાય છે એમાં કર્મ નિમિત્ત છેને? એટલે નિમિત્ત છે માટે એને અશુદ્ધનય કીધી. સ્વની અપેક્ષા વિના બીજી અપેક્ષા રહી ગઈ એટલે અશુદ્ધ કીધી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં ત્રિકાળ જે છે વસ્તુ ધ્રુવ ચૈતન્યમૂર્તિ ભગવાન એમાં એ અશુદ્ધતા નામ એ ભેદો નથી. આને જ્યારે શુદ્ધ કીધું ત્યારે ચાર ભેદને અશુદ્ધ કીધું એ અપેક્ષાએ. પણ જે એકલી અશુદ્ધતા દ્રવ્યમાં નથી, માટે પર્યાયમાં પણ નથી. આહાહા..! ભારે વાતું, ભાઈ! પર્યાયનું યથાર્થ જ્ઞાન જે ક્ષયોપશમ ખંડ આદિ જ્ઞાન, તે ખંડ આદિ, રાગાદિ એ નથી જ એમ તે જાણ્યું તો તને હજી દ્રવ્યનું જ્ઞાન પણ સાચું નથી. કેમકે પ્રમાણજ્ઞાન એટલે ત્રિકાળી દ્રવ્યની શુદ્ધતાના જ્ઞાનની સાથે એ તો નિશ્ચય થયો, પણ એની સાથે રાગાદિ કે ક્ષયોપશમ આદિની દશા છે એવું જો વ્યવહારજ્ઞાન એમાં ભેળવવામાં ન આવે તો એ પ્રમાણજ્ઞાન નહિ થાય. આહાહા..! બહુ ઝીણું, દરબાર! આ ઉપરનું થોડું ઘણું સાંભળે અને થઈ જાય. એમ નથી આ તો બહુ ઝીણી વાતું છે. આહાહા..!

આ તો સર્વજ્ઞ એટલે શું, ભાઈ! આહાહા..! ભગવાન આત્માનો જ સ્વભાવસર્વજ્ઞ છે. સ્વભાવ હોં. જ્ઞ સ્વભાવ કહો, જ્ઞાયકભાવ કહો, સર્વજ્ઞસ્વભાવ કહો, એવો જે સર્વજ્ઞ સ્વભાવ છે એ તો નિશ્ચય થયો ત્રિકાળ. હવે પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટે કે અપૂર્ણપણાની જ્ઞાનની પર્યાય પ્રગટે તે બધો વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? આહાહા..! એથી અહીંયાં કહ્યું. ઓહોહો..! મુનિરાજ શ્લોક કહે છેને.

'**શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;...**' ભાઈ! આ તો વિશાળ બુદ્ધિ જોશે. સંકુચિત બુદ્ધિથી આ તત્ત્વ નહિ પકડાય. ત્યાં અંશેઅંશનું પકડવું છે એ પોતાથી છે પરથી નથી. અંશેઅંશ મજબુતાઈ કે નિર્મળતા જે પ્રગટી એ પોતાથી છે, પોતામાં છે એમ જેને પર્યાયનું જ્ઞાન નથી એને દ્રવ્યનું જ્ઞાન સાચું છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ એ જ વાંધા ઉઠ્યા છેને આ સરદારશહેરના. આ શેઠના મિત્રનું એમાં સાથે હતું રાજમલ. રાજમલની દૃષ્ટિ વિરોધ તદ્દન. તદ્દન દૃષ્ટિ વિરોધ. શેઠને બિચારાને એને આ વાત સાંભળેલી નહિ. સાંભળી હોય તો કોઈવાર આવ્યા હોય તો એ પકડાણું ન હોય અને એમાં ઓલા નિહાલભાઈનું જ્યાં આવ્યું. આહાહા..! નિહાલભાઈનો પોકાર આવ્યો કે શુભભાવ પણ અમને તો ભઠ્ઠી લાગે છે. આહાહા..! એક ફેરી કાગળ આવ્યો હતો ભાઈ રામજીભાઈનો ત્યાંથી. સરદારશહેરથી કે તમારે સોનગઢના જાણનારાને આ વાત સમજવા જેવી તમારે સમજવી પડશે. એ વાત નહોતી તમારામાં એમ કહે છે. એવો કાગળ આવ્યો હતો. નિહાલભાઈએ જે કીધું એ વાત તમારી નવી જાણવાની છે એ દ્વારા. એમ પત્ર આવ્યો

હતો. ઘણા પત્ર આવ્યા હતા.

**શ્રોતા :-** નિમિત્તને જાણવા જેવું છે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણવા જેવું બધુંય છે. બધુંય જાણવા જેવું સમ્યગ્દર્શનમાં. ત્રિકાળ જાણવા જેવું છે, પર્યાય જાણવા જેવી છે, વિકાર છે એ જાણવા જેવું છે. ઓલી તો એમ કહે છે. જ્યારે ઓલો અધિકાર આવેને. સમ્યગ્દર્શનનો વિષય જે છે શુદ્ધ નિર્મળ અને દૃષ્ટિ નિર્વિકલ્પ અભેદ એટલે અભેદની અપેક્ષાએ જે સ્વભાવ છે એમાં તો વિકાર થવાની લાયકાતવાળો કોઈ ગુણ નથી અને એમાં શુદ્ધદ્રવ્યમાં નિશ્ચયમાં તો પર્યાય આવતી નથી. સમજાણું કાંઈ? એટલે ત્યાં એમ આવે કે પર્યાયમાં એ સમકિતીને પણ શુદ્ધનું જ પરિણમન છે. એમ આવે ત્યાં. એને ઓલા દૃષ્ટિને શુદ્ધ વિષયવસ્તુ એ અપેક્ષાએ કીધું છે. સમ્યગ્દૃષ્ટિને આસ્રવ બંધ નથી, એમ આવે છે. કારણ કે આસ્રવ વિકાર અને બંધ વિકાર ભાવબંધ એવો કોઈ ગુણ નથી, એવી કોઈ શક્તિ નથી. એથી શક્તિને જ ગુણ અને શક્તિવાનને દૃષ્ટિમાં લેનાર, એને તો શુદ્ધપણે જ પરિણમન છે પર્યાયમાં પણ, એમ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એને એકલું માની બેસે કે એને શુદ્ધ જ પરિણમન છે અને અશુદ્ધ નથી. મૂઢ છે!

પર્યાયનયથી જોઈએ તો સમ્યગ્દૃષ્ટિને, મુનિને પણ અશુદ્ધતા અને એ જાતનો ભાવ હોય છે ત્યાં. સમજાણું કાંઈ? ન કહ્યું ભાઈએ? અમૃતચંદ્રાચાર્યે. અરે! અમે દ્રવ્યદૃષ્ટિએ તો શુદ્ધ છીએ, પણ પર્યાયમાં મોહના નિમિત્તના અનુભાગના અવસરમાં અમારી દૃષ્ટિ જાય છે એથી કલ્માષિતા. અમને કલુષિતતા ભાવ ભાસે છે અમારામાં. મુનિ આચાર્ય જેની ટીકા કરનાર ગણધર જેવી ટીકા છે. આહાહા..! એ અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે કે અમારી પર્યાયમાં કલ્માષિત મેલી છે. આહાહા..!

શ્રીમદ્‌માં પણ એ આવી ગયું છેને, 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે...' એ શ્વેતાંબરની ઝળક છે. એ ખોટી ઝળક છે. આખો સિદ્ધંત વિરૂદ્ધ થઈ જાય છે એમાં. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એને ક્યાં ગુણ ઓછો હતો કે વિશેષ ગુણનો વિનય કરે? એ વિનય અને વિનય કરવાયોગ્ય અને વિનય કરનાર એ બેનો ભેદ છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય. વિકલ્પ છે ત્યાં સુધી હોય. એ કેવળીનો વિનય કરે, પોતાના ગુરુનો વિનય કરે. એ વિનયનું પણ પ્રવચનસારમાં ઉપકરણ કહ્યું છે. ઉપકરણ કહ્યું છે. વિકલ્પ છેને એ જાતનો? આહાહા..!

આ કેવળી એને વિનય કરે ગુરુનો એ ભક્તિ? આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો ભાઈ માર્ગ એવો છે. કોઈનો પક્ષ કરીને ઉંધી વાત સિદ્ધ કરવી એ આમાં ન ચાલે. સમજાણું કાંઈ? એ તો કહ્યું નહોતું? સમાધિતંત્રમાં કે જેના આગમમાં લિંગનો આગ્રહ છે એ વાત જૂઠી છે. એટલે કે લિંગ જે નગ્નમુનિપણું છે અને અઠ્યાવીશ મૂળગુણ જે છે એનાથી મુક્તિ માને એ નિષેધવા જેવું છે, પણ લિંગ તો અઠ્યાવીશ મૂળગુણ અને નગ્નદશા જ જેને આત્મા

આનંદનો નાથ જાગ્યો છે અને અમૃતના જ્યાં ભરતી-ઓટ આવ્યા છે અંદર. આહાહા..! મુનિને તો અમૃતની ભરતી સમજો છો? બાઢ. ભરતી આવે છેને ભરતી? છઠ્ઠે ગુણસ્થાને મુનિને તો અમૃતની ભરતી આવી છે. આહાહા..! એને વિકલ્પ હોય છે. એ સર્વજ્ઞને પોતાના ગુરુનો વિનય કરે એ વિકલ્પ છે ત્યાં સુધી. સાતમામાં ચાલ્યું ગયું બધું ખલાસ થઈ ગયું. આ ધ્યાનમાં .. છે ત્યાં વિનય કરવાયોગ્ય કેવળીનો વિનય કરવો વિકલ્પ ક્યા છે? એ દ્રવ્યસંગ્રહમાં આવે છે. પણ એ .. રહી ગયો એ રહી ગયો. પછી એ પાછળથી નીકળ્યો નહિ. એટલે લોકો એના માનનારા પકડાઈ ગયા છે ત્યાં. એક પણ એ વાડો થઈ ગયો પછી. વસ્તુનું સ્વરૂપ એ છે એમ નહિ અને વ્યક્તિગત પૂજા અને બીજા પૂજવાલાયક નથી એમ નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! એ માર્ગને સમજવો એ સાધારણ વાત નથી. આહાહા..!

કહે છે, આહાહા..! '**શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;...**' પણ શુદ્ધનયથી ફેર નથી, પણ પર્યાયનયથી જોવે તો? પર્યાયનયથી જોવે સંસારની પર્યાય અને સિદ્ધની પર્યાયમાં મોટો ફેર. સમજાણું કાંઈ? આહાહા..! એમાં એક દેવચંદજીને? ઓલા લલ્લુજી અને દેવચંદજી હતા. પછી દેવચંદજીને એમ થઈ ગયેલું કે આત્મા પરમાત્મા સમાન છે હવે એને શું કરવું કાંઈ. એવું લખ્યું છે .. જણાવ્યું. ત્યારે એને કહ્યું કે જો એકલો પરમાત્મસ્વભાવ છે એ થાય ત્યારે. નથી થયો ત્યાં સુધી પરમાત્મા શક્તિરૂપે છે એને વ્યક્તિરૂપે માને (એ ભૂલ છે). (શ્રીમદ્દે) લખ્યું હતું. સમજાણું કાંઈ? એને એમ થઈ ગયેલું. સ્થાનકવાસીના હતા સાધુ દેવચંદજી હતા. લલ્લુજીને એ બધા. એ લલ્લુજી બિચારા સાધારણ બુદ્ધિવાળા. એક દેવચંદજી બુદ્ધિવાળો હતો. એટલે આત્મા પરમાત્માસમાન છે, પરમાત્માસમાન છે. એમ બહુ જ્યારે કહેવા માંડ્યું એણે. એમ (શ્રીમદ્)ને જાણવામાં આવ્યું એટલે (કહ્યું કે) ભાઈ! પરમાત્મસ્વરૂપ છે એ તો દ્રવ્યસ્વરૂપે પરમાત્મસ્વરૂપ છે. તું એમ જ માની લે કે પર્યાયમાં પણ પરમાત્મસ્વરૂપ છે આ. એકાંત મિથ્યાત્વ થશે. આહાહા..! અરે! કોને પડી એટલી આ? સત્યમાં ક્યાં ભૂલ થાય છે અને ભૂલ કઈ જાતની રહી છે? એનું જેને જ્ઞાન જ નથી એ બધા જ્ઞાન ખોટા છે. આહાહા..!

'**આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં...**' તત્ત્વ વિચારતાં. '**(-પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં), શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.**' 'ત્રિકાળની અપેક્ષાએ મુક્તિ ને સંસારમાં ફેર નથી' એમ તત્ત્વરસિકજનો કહે છે, પણ પર્યાયની અપેક્ષાએ ફેર છે એ પણ તત્ત્વરસિકજનો કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું હવે. કોને ખબર આ. કરોને ધર્મ. ધ્યાન કરો ધ્યાન. શું પણ ધ્યાન કરે? હજી સત્ય વસ્તુ કઈ અને એમાં અસત્ય તો એની દશા આદિ કઈ? એ બેનું જ્ઞાન યથાર્થ ન હોય તો કોનું ધ્યાન કરવું? સમજાણું કાંઈ? એ સમયસારમાં લીધું છે કે જેને જ્ઞાનમાં અશુદ્ધતા છે અને પર્યાય છે એવું જ્ઞાન થયું નથી એ દ્રવ્યનો સ્વભાવ નહિ કહી શકે. એના જ્ઞાનમાં બરાબર વાત

પહેલી આવવી જોઈએ કે પર્યાય છે, રાગ છે એવું જ્ઞાને જાણ્યું છે એ પછી એનામાંથી ખસીને અંદરમાં જાય છે. સમજાણું કાંઈ? પર્યાયમાં અપૂર્ણતા અને રાગ જ નથી એવું જો જ્ઞાન એનું હોય તો બધું ખોટું છે. આટલી બધી વાતું! આવો જૈનધર્મ. આવો દિગંબર ધર્મ કહો કે જૈનધર્મ કહો. આહાહા..!

**શ્રોતા :-** વસ્તુનું સ્વરૂપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુનું સ્વરૂપ એવું છે. દિગંબર એટલે એમ નથી કે આ વાડો છે અને પક્ષ છે. વસ્તુનું સ્વરૂપ આવું છે. આહાહા..! એ વાતની આટલી નિર્મળતા અને સ્પષ્ટતા બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ? કહે છે, '(**પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર...**' કરતાં હોં પરમાર્થથી. '**અથવા નિરૂપણ કરતાં) શુદ્ધતત્ત્વના રસિક પુરુષો એમ કહે છે.**' આહાહા..! એ ૪૯ થઈ. હવે, ૫૦ બહુ ઉંચી ગાથા આવી. ૫૦. આહાહા..!

पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।
सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।

**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

છેને? ત્યારે એ કહે છેને?

'**ટીકા :- આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.**' ત્યાગ-ગ્રહણ એટલે? કે વિકારનો ત્યાગ અને સ્વરૂપનું ગ્રહણ એ. ઓલો પરદ્રવ્યનો ત્યાગ-ગ્રહણ એ તો વસ્તુમાં છે જ નહિ. આ તો વ્યવહારનયનો વિષય જે હેય છે એ ત્યાગ અને ત્રિકાળ વિષય જે પૂર્ણ છે એ ઉપાદેય એ ગ્રહણ કરવાલાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાગ-ગ્રહણના બે પ્રકાર—પરદ્રવ્યનો ત્યાગ અને પરદ્રવ્યનું ગ્રહણ એ તો વસ્તુમાં છે જ નહિ. પણ અહીંયાં દ્રવ્ય ત્રિકાળી તે ઉપાદેય ગ્રહણ કરવાલાયક છે અને પર્યાય છે એ હેય કરવાલાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી બધી વાતું હવે. સાધારણ બિચારા સામાયિક કરે અને પોષા કરે. આ પોપટભાઈ બહુ કરતાં ત્યાં. હિંમતની સાથે કરતાં. ભેગા હશે ત્યારે કહ્યુંને. એ તો પણ બધા. અમે પણ હતાને. અમે પાલેજમાં બધું કરતાં. અને હું પોતે પડિક્કમણું કરાવતો. પર્યુષણના ચાર અપવાસ કાયમ હોં ચોવિહાર. તે દિ' હોં ૨૦ વર્ષની ઉંમરે. ૬૫ વર્ષ પહેલાંની વાત છે. ચાર અપવાસ બરાબર. એક અપવાસ, પારણું, એક અપવાસ, પારણું. પછી બે દિ' વચ્ચે ખાવું પડે. આઠ દિ' ખરાને? છેલ્લો અપવાસ અને પારણું. પડિક્કમણું કરીએ બધા ભેગા થઈને. બીજાને નહોતું આવડતું, મને આવડતું હતું એટલે હું પડિક્કમણું કરાવતો. એ બધું માનીએ કે અમે કાંઈક પડિક્કમણું કર્યું અને ધર્મ કર્યો, લ્યો! પછી રાતે નવરા થઈને બેસીએ. પછી સાંભળે. 'જુઓ રે જુઓ, જૈનો કેવા વ્રતધારી!' ઓલા જંબુસ્વામીમાં આવે છે. 'કેવા વ્રતધારી એણે તજ્યા નર-નારી.' આવી વાતું. ત્યાં બીજું શું હતું? પોપટભાઈ!

ત્યાં ક્યાં આ વસ્તુ હતી? એ તો અંતરમાંથી આવ્યું બીજી ચીજ ત્યારે ઓય મારું આ તો ફેર બધો. સમજાણું કાંઈ? ભાઈએ દીક્ષા તો બહુ ધામધુમથી આપી. ઘરે તે દિ' ૬૨ વર્ષ પહેલાં ૧૮૦૦ રૂપિયા તે દિ' ઘરે ખર્ચ્યા. દીક્ષા ઘરે આપી હતી ઉમરાળે. .. વખતે કીધું મેં ૮૭ની સાલ. વીંછીયા. ભાઈ આ બધું ખોટું છે, હું આમાં રહેવાનો નથી કીધું. આ સાધુપણું નહિ, આ માર્ગ નહિ. આહાહા..! ધીમે-ધીમે છોડવું, મહારાજ! બહારમાં આબરૂ મોટી છે. આબરૂ મોટી થઈ ગયેલીને તે દિ' હોં! એ તો ૭૬ની સાલથી મોટી આબરૂ થઈ ગઈ હતી બહાર. આમાંથી તો નીકળવું હળવે-હળવે જવું. પછી એમની હાજરીમાં છોડ્યું અહીં હીરાભાઈના મકાનમાં. .. અમે સ્થાનકવાસીના સાધુ નથી. અમે સાધુ નથી. અમે તો આત્માના આરાધક સમ્યગ્દૃષ્ટિ છીએ. અમે આ સાધુ નથી અને અમે વ્રતધારી નથી. આહાહા..! ભાઈ હતા ત્યારે. .. ઉમરાળેથી આવ્યાને. ઉમરાળા ગયા હતા. ૧૬ દિ' રહ્યા. અને ત્યાં આવેલા. પછી અહીં આવ્યા એટલે આવ્યા એટલે આવ્યા હતા. બાપુ! મારગડા જુદાં, ભાઈ! આહાહા..!

અહીં કહે છે કે '**જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...**' ઉપાદેય એટલે જાણવામાં કહેવામાં આવ્યા હતા. '**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...**' આહાહા..! પણ સ્વભાવની દૃષ્ટિના બળે, ત્રિકાળ સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ અને એને બળે '**તેઓ હેય છે.**' એક ક્ષાયિકપર્યાય પણ પરદ્રવ્ય છે અને હેય છે એમ કહે છે અહીં તો. ક્ષાયિકસમકિતની પર્યાય, ક્ષયોપશમસમકિતની પર્યાય, ચારિત્રની પર્યાય. સમજાણું કાંઈ? એ પરદ્રવ્ય છે. આહાહા..! છે? જુઓ, આવશે. '**શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે. શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' પાઠમાં પહેલું '**परदव्वं परसहावमिदि हेयं**' કહ્યું, પણ એનો મેળ કરવા ટીકાકારે પહેલો પરસ્વભાવ લીધો. '**તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ તે પરદ્રવ્ય છે.**' એમ. આહાહા..! ત્રિકાળી જ્ઞાયકભાવનું જે સ્વદ્રવ્ય એની અપેક્ષાએ જે પર્યાય સમકિતની, ચારિત્રની, શાંતિની, આનંદની અને મલિનતાની એ બધી પર્યાયો પરદ્રવ્ય કહેવામાં આવી છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેને શુદ્ધનયે વિકાર પોતાનો છે એમ કીધું પ્રવચનસાર કીધુંને પહેલું? અહીં કહે છે કે શુદ્ધપર્યાય પ્રગટેલી જે છે એ પરદ્રવ્ય છે. આહાહા..! એક પકડે ને બીજું... આહાહા..! કેમકે આત્મા જે ત્રિકાળી સ્વદ્રવ્ય છે એમાંથી નવી પર્યાય પ્રગટ થાય, પણ ક્ષાયિક પર્યાય હોય સમકિતની કે ચારિત્રની એ પર્યાયમાંથી નવી પર્યાય નથી થતી. જેમ પરદ્રવ્યમાંથી પોતાની પર્યાય થતી નથી, તેમ પોતાની પર્યાયમાંથી નવી પર્યાય થતી નથી. માટે જેમ પરદ્રવ્ય છે એવું પર્યાય પણ પરદ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે. સુજાનમલજી! મુંબઈમાં થાય છેને ઓલી સાદડી. એવું સાદડીમાં હતું. વાત સાચી. શેઠ!

સમજો છો? મુંબઈમાં જે મરી જાયને એની સાદડી હોય. સાદડી સમજો છો? બધા ભેગા થઈને એને સાદડી કહે છે. સુજાનમલજીનું ગામ સાદડી છે. એ તો વાત જ.

અહીં કહે છે કે એકવાર સાંભળતો ખરો, પ્રભુ! અમે શું કહેવા માગીએ છીએ અને કઈ અપેક્ષાથી કહેવા માગીએ છીએ? કહે છે કે '**તેઓ પરસ્વભાવો છે,...**' આત્મામાં ચારિત્ર પર્યાય, વીતરાગી પર્યાય, ક્ષાયિકસમકિતની પર્યાય, એક સમય જ્ઞાનનો ચૌદપૂર્વનો ઉઘાડ, બાર અંગનો ઉઘાડ, બાર અંગનો ઉઘાડ પરદ્રવ્ય છે. આહાહા..! ભગવાન આત્મા એક સમયમાં સ્વદ્રવ્ય, પૂર્ણ ચૈતન્યધામ, સુખધામ. આહાહા..! જગતભાનુ. જગતનો સૂર્ય ચૈતન્ય પ્રભુ. આહાહા..! વસ્તુ એ ચૈતન્યસૂર્ય જગતનો ભાનુ. એવી દૃષ્ટિની અપેક્ષાએ એની જે વર્તમાન પર્યાયમાં નિર્મળતા થઈ, ચારિત્ર પ્રગટ્યું, ક્ષયોપશમજ્ઞાન બાર અંગનું થયું. સમજાણું કાંઈ? એ બધી પર્યાયોને પરદ્રવ્ય કહેવામાં આવી છે.

ખરેખર કેવળજ્ઞાનની પર્યાયને પણ અહીં પરદ્રવ્ય કીધી છે. આ સાધકને નથી, પણ આ તો પર્યાયમાત્ર પરદ્રવ્ય છે. પહેલાં આવી ગયું છે કે પર્યાયમાત્ર નાશવાન છે. એ સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય પણ નાશવાન, એક સમયમાં રહેનારી, બીજે સમયે નાશ થાય. અવિનાશી હોય તો ભગવાન ત્રિકાળી આનંદનો નાથ અવિનાશી છે. આહાહા..! સમજાણું કાંઈ? એકકોર પ્રવચનસારમાં એમ કહે કે આત્મામાં વિકાર થાય, દયા, દાન, વ્રત, કામ, ભોગ, મિથ્યાત્વ, રાગ-દ્વેષ એ બધું શુદ્ધનયનું સ્વરૂપ છે. એટલે કે તારા સ્વદ્રવ્યમાં તારાથી, તારે કારણે થયેલ છે. અહીં કહે છે કે એ અશુદ્ધતા તો કંઈ દૂર રહી, પણ શુદ્ધતાની પર્યાયોને પણ અમે પરભાવ, પરસ્વભાવો કહીએ છીએ. ધર્મચંદજી! બહુ ઝીણી વાતું છે. બે-ચાર પકડીને માની લે કે આપણને સમજાઈ ગયું (એ ન ચાલે). જ્યાં સુધી પૂર્ણ પકડવામાં ન આવે ત્યાં સુધી એનો અભ્યાસ કરવો. સમજાણું કાંઈ? અંતર-અંતર અભ્યાસ. આહાહા..!

'**વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...**' પહેલું કહ્યુંને ૪૯માં કે વ્યવહારનયે વિદ્યમાન છે. વ્યવહારનયે સમકિતીને, જ્ઞાનીને પણ પર્યાયનો જે ભેદ છે, સ્વસન્મુખ, ઉદય આદિ છે, વિદ્યમાન છે. એ અહીં કહ્યું કે જે પર્યાયને અમે વિદ્યમાન કીધી હતી તેઓ પરસ્વભાવો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત! અમારે ફાવાભાઈ હતાને બિચારા સાંભળવા રહેતા અહીં. અહીં મકાન છેને એમનું? રહેતા હતા અહીં. તો સવારમાં કાંઈક સાંભળે અને બપોરે કાંઈક આવે. આમાં અમારે નક્કી શું કરવું? કઈ અપેક્ષાના કથન છે એની ખબર નહિ. આ નહિ આપણે મનહર આવે છેને? આ આમાં નહોતું? ફાગણ સુદ ૧૧. ઈન્દ્ર થયા હતાને? પહેલાં ઈન્દ્ર થયા હતા આપણા ભાઈ ગોદિકા એક લાખ પંદર હજાર. ૧૬ ઈન્દ્ર થયા હતાને આમાં પંચકલ્યાણકમાં. બીજો ઈન્દ્ર થયો હતો અમારે મનહર ફાવાભાઈનો દીકરો. ૮૦ હજાર દઈને. .. એની પાસે ૬૦ લાખ રૂપિયા છે અત્યારે. ફાવાભાઈને કાંઈ ઠેકાણું નહોતું. એ તો પુણ્ય.. છે. ૮૦ હજાર આપ્યા હતા અને બે-ત્રણ

બીજો હાથીનો ખર્ચ. બે-ચાર હજાર બીજા આપ્યા. હાથી ઓલું કાઢેને શું કહેવાય? વરઘોડો. એમાં હાથી હતાને હાથી. આહાહા..! એક લાખ અને એંશી હજાર અને બીજો એ થયો હતો મનહર. હમણા આવ્યો છે.

પણ અહીં તો કહે છે કે ૮૦ હજાર દેવાનો ભાવ. દઈ શકું એ નહિ, પણ ભાવ એ શુભ છે એ પરદ્રવ્ય છે. આહાહા..! લક્ષ્મી પરદ્રવ્ય અને દેવાનો ભાવ જે શુભ થયો એ પરદ્રવ્ય. એ તો ઠીક, પણ શુદ્ધતા પ્રગટી જે છે, આહાહા..! એને અમે પરસ્વભાવ કહીએ છીએ. ભગવાન અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યમાં છેને? '**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**' છેને? ટીકામાં એનો ખુલાસો કર્યો. એ તો ખરેખર તો અન્વયાર્થમાં એ ખુલાસો કર્યો છે, અન્વયાર્થમાં. '**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**' અર્થમાં '**परस्वभावाः परद्रव्यम् इति हेयाः**' અન્વયાર્થમાં. સમજાણું કાંઈ? એ રીતે પછી ટીકા કરી. ટીકાને અનુસરીને અન્વયાર્થ કર્યો.

જે વ્યવહારનયે જાણવાલાયક છે એમ જે કહ્યું હતું, '**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...**' ત્રિકાળી જ્ઞાયકભાવના જ્ઞાનની અપેક્ષાએ '**તેઓ હેય છે.**' આહાહા..! હજી અહીં તો વ્યવહારરત્નત્રયનો રાગ, વ્યવહાર હેય છે એ ગળે ઉતરવું કઠણ પડે છે. આ તો શુદ્ધપર્યાય હેય છે. પરસ્વભાવ છે, ત્રિકાળી સ્વભાવ એનો નથી અને તેનાથી કાંઈ નવી પર્યાય આવતી નથી. જેમાંથી નવી પર્યાય આવે તે મારું સ્વદ્રવ્ય. આહાહા..! આવી વાતું ભાઈ લ્યો! સાધારણ માણસને બિચારાને સામાયિક, પોષા ને પડિક્કમણા ને આ શું કહેવાય? વર્ષીતપ ને. કર્યો હતો વર્ષીતપ? નહિ કર્યો હોય.

**શ્રોતા** :- પોષા એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રૌષધ આ ચૌદશ અને આઠમનો ચોવીસ કલાક સુધી આહાર અને પાણી નહિ અને એકાંત મંદિરમાં કે અપાસરામાં રહેવું એનું નામ પ્રૌષધ. ખરેખર તો આત્માને પોષવાનો વખત. રાગથી રહિત થઈ અને આત્મા આનંદસ્વરૂપ છે એને પોષણનો કાળ. જેમ ઓલો ચણ્યો પાણીમાં મૂકે છેને પછી પોઢો થાય છેને પોઢો? એમ આત્માને એ આઠમ, ચૌદશનો અપવાસ કરી, નિવૃત્તિ લઈ અને અંદરમાં આત્મા તરફનું પોષણ કરવું એ પ્રૌષધ છે. અત્યારે તો પ્રૌષધ એ બધા સમજવા જેવા. એ બધા પોષા કર્યા હતા તમે? પ્રૌષધ કર્યું હતું કે નહિ? ... કર્યા છે. આહાહા..!

અહીં કહે છે. ઉંચામાં ઉંચી તત્ત્વની આ ગાથા છે. સર્વ વિભાવ જે કહ્યા હતા વિદ્યમાન છે એ પરસ્વભાવો છે. '**અને તેથી જ પરદ્રવ્ય છે.**' આહાહા..! '**તેથી જ પરદ્રવ્ય છે.**' કેમકે ત્રિકાળી સ્વભાવની એકતા-ધ્રુવતામાં એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ મોક્ષના દરવાજે જાવું છે. એનો માર્ગ કોઈ અલૌકિક હોયને? નવમી ગ્રૈવેયક ગયો એવા ભાવ પણ અનંતવાર આવ્યા છે. નવ ગ્રૈવેયક. ૩૧ સાગરની સ્થિતિએ. નગ્નદિગંબર

નગ્ન થઈને શુક્લલેશ્યાવાળો જીવ, ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે. એવો જીવ મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઈ? અને જેને અગિયાર અંગનું જ્ઞાન, નવ પૂર્વની લબ્ધિ એવો જીવ નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન નહોતું. સમ્યક્ એટલે સત્યદર્શન. સત્યદર્શન. આહાહા..! સમ્યક્ એટલે સત્. સત્યદર્શન. ત્રિકાળી જ્ઞાયકભાવ એ સત્ છે એ એનું દર્શન. સમજાણું કાંઈ? આ પર્યાયનું દર્શન દેખવું એ પણ નહિ, એમ કહે છે. સત્ વસ્તુ ત્રિકાળી. સમ્યક્ એટલે સત્. સમ્યક્ એટલે સત્. દર્શન એટલે શ્રદ્ધવું. દેખવું ભલે કહ્યું. સત્યને સત્યને સત્ય તરીકે શ્રદ્ધવું. આહાહા..! એક સમયમાં ભગવાન આત્મા પૂર્ણ ધ્રુવ ચૈતન્ય સત્. એ સત્ એ છે. એની અપેક્ષાએ તો પર્યાય પણ અસત્ છે. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! કહો, આમાં સમજાય છે કે નહિ? આહાહા..!

ત્રણલોકનો નાથ પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, જેમાં આનંદ અને જ્ઞાયકભાવ ઠસોઠસ ભાવ પડ્યો છે જેમાં, જેને ભગવાને જ્ઞાયકભાવ કહ્યો એવો જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, પારિણામિકભાવ, સામાન્યભાવ, સદૃશ્યભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, એકરૂપ ભાવ આહાહા..! એને સ્વદ્રવ્ય કીધું. અને પર્યાયમાત્રની દશાને પરભાવ કહીને પરદ્રવ્ય કીધું. આ ભાવ નહિ. એ અપેક્ષાએ પરભાવ. જ્ઞાયકભાવ ત્રિકાળ છે એ ભાવ નહિ. અને આ ભાવ સ્વદ્રવ્ય અને એને આ ભાવ નહિ માટે પરદ્રવ્ય. એ પરભાવ કહીને પરદ્રવ્ય કીધું. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાયકભાવ એકલો ચિદાનંદ રસ. પૂર્ણાનંદનો સાહેબો. આહાહા..! પૂર્ણ સ્વભાવની એકતા અકરૂપે ભરેલો, જેમાં ભેદ નહિ. એને જ્યારે સ્વદ્રવ્ય કીધું, એટલે સ્વભાવ કહ્યો. એ સ્વભાવ માટે સ્વદ્રવ્ય કહ્યું. એનાથી પર્યાયમાં ચાહે તો નિર્મળ હો કે વિકારી હો, એને પરભાવ ગણી આ ભાવથી પરભાવ ગણી. ત્યારે પરભાવ અને ધરનાર દ્રવ્ય. સ્વભાવ અને ધરનાર દ્રવ્ય અને પરભાવ એને પર્યાયમાં પરદ્રવ્ય કીધું. શું કીધું સમજાય છે કાંઈ આમાં?

સ્વભાવ એ સ્વદ્રવ્ય. ત્રિકાળી સ્વભાવ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ. ભાવ હોં. એ ભાવ તે ભાવવાન એટલે દ્રવ્ય. આહાહા..! એ ત્રિકાળી ભાવની અપેક્ષાએ જે ત્રિકાળી ભાવ તે સ્વદ્રવ્ય, ત્યારે ત્રિકાળી ભાવની અપેક્ષાએ પર્યાય તે પરભાવ. ભાવને દ્રવ્ય કીધું છેને, ભાઈ! જ્ઞાયકભાવ એ વસ્તુ દ્રવ્ય એમ કીધું. આહાહા..! ઓલામાં લીધું છેને સહજજ્ઞાન, સહજદર્શન આદિ નહિ ચાર? એનો આધાર તે દ્રવ્ય. એમ આવે છે. દ્રવ્ય કીધું છે ત્યાં. શેમાં? કેટલામાં? આ અહીં છે લ્યો. આમાં જ આવે છે લ્યો. આહાહા..! એનો કહેવાનો આશય આવો છે. જે સ્વ અંતઃતત્ત્વ. અંતઃતત્ત્વ એટલે અંતરભાવ. તત્ત્વાર્થ છેને? અર્થ તો દ્રવ્ય, ગુણ અને પર્યાય અને તત્ત્વ એનો ભાવ. એમાં ભગવાન આત્માનો ભાવ અંતઃતત્ત્વરૂપ ભાવ. જુઓ, સ્વદ્રવ્યનો આધાર એને આ સ્વદ્રવ્યનો આધાર. આહાહા..! અંતઃતત્ત્વ એ ભાવ એ સ્વદ્રવ્ય. સમજાણું કાંઈ? ઓહોહો..! શું શ્લોક અને શું ટીકા! આવું વર્ણન! આહાહા..!

કેટલું મેળવાળું જ્યારે આને પરભાવ કહ્યા ત્યારે એનો અર્થ કે સ્વભાવ જે ભાવ છે

ત્રિકાળ. એ ત્રિકાળ સ્વભાવભાવ એનો ધરનારું દ્રવ્ય તે સ્વદ્રવ્ય. આહાહા..! ત્યારે આ પર્યાયને જ્યારે આના ભાવથી ભિન્નભાવ એટલે પરભાવ. પરભાવ માટે પરદ્રવ્ય. આહાહા..! ટીકાકારે જુઓને ફેરવી નાખ્યું છે. કહેવાનો આશય તો એ જ છે. જુઓ, હવે આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ વદ-૧૫, શુક્રવાર, તા. ૦૫-૦૯-૧૯૭૫, ગાથા-૫૦, પ્રવચન નં. ૨૬

.. ૫૦મી ગાથા. ફરીને. 'આ, **હેય-ઉપાદેય...**' છોડવાલાયક અને આદરવાલાયક કોણ છે એનું આ કથન છે. ... '**ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.**' '**જે કોઈ વિભાવગુણપર્યાયો છે...**' એટલે? આત્માની પર્યાયમાં-અવસ્થામાં જે કાંઈ ક્ષાયિકભાવની પર્યાય છે કે ક્ષયોપશમ. આ બધા ક્ષાયિક અને ક્ષયોપશમ સમજતા ન હોય. પર્યાય સમજતા ન હોય. આહાહા..! એ આત્મામાં ક્ષાયિકભાવ થાય કેવળજ્ઞાનાદિ, ક્ષયોપશમ થાય મતિ-શ્રુત-જ્ઞાનાદિ, ક્ષાયિક, સમકિત અને ચારિત્ર અને ઉદય થાય પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, મિથ્યાત્વ આદિનો. એ બધા ભાવો વિભાવગુણપર્યાયો છે, આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી. એ '**(૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા...**' વર્તમાન પર્યાયમાં છે કથન દ્વારા તેને જાણવાલાયક તરીકે ઉપાદેય કહ્યા હતા. સમજાણું કાંઈ? આહાહા..!

'**શુદ્ધનિશ્ચયનયના બળે...**' જેમ ત્રિકાળી ભગવાન પરમાનંદસ્વરૂપ એની દૃષ્ટિ અને એના તરફના જ્ઞાનના બળે એ બધા હેય છે. આહાહા..! દયા, દાન, વ્રતના ભાવ તો મલિન છે અને સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ હેય છે. આહાહા..! પોપટભાઈ! આહાહા..! એ શુદ્ધનિશ્ચયનય. શુદ્ધનિશ્ચય-યથાર્થ નય એટલે જ્ઞાન. '**શુદ્ધનિશ્ચયનયના બળે...**' ત્રિકાળી ભગવાન પરમાનંદસ્વરૂપ ધ્રુવતત્ત્વ આખું એની દૃષ્ટિ અને એના જ્ઞાનના બળે '**તેઓ હેય છે.**' સંવર-નિર્જરાની પર્યાય પણ હેય છે. આહાહા..! ધર્મની પર્યાય પણ હેય છે. પર્યાય છેને એક સમયની અવસ્થા છે. આહાહા..! અહીં તો હજી બહારમાં બધા.. અભ્યંતર.. ગાંધી કહે આ ધર્મ .. રેંટિયા તાણવાનો છે. એવું બધું આવ્યું છે. આહાહા..! એના પાછા વખાણ બીજા કરે. આ .. ધર્મના કહેનારા કે અહિંસાનો વિચાર કર્યો હોય તો એણે બહુ કર્યો છે. ધૂળેય નથી. સમજાણું કાંઈ? આહાહા..! સમભાવનું લખાણ છે. એ બધી લૌકિક લાઈન આવી ગઈ. સુધારો કરવો, આમ કરવું. બીજાઓને દુઃખી દેખીને.. એને દુઃખ ટાળવાનો પ્રયત્ન ન કરે તો એ હિંસક છે. આવા લખાણ જૈનપ્રકાશ. આહાહા..! ભાઈ! તને ખબર

નથી, બાપુ! જૈનધર્મ વીતરાગમાર્ગ શું છે. અહીં તો કહે છે પર્યાયમાં, અવસ્થા, હાલત દશામાં દયા, દાનના ભાવ થાય, અરે! ઉપશમરૂપ ભાવ થાય, ક્ષયોપશમ થાય, ક્ષણિક વિકાસ અને ક્ષણિક વિઘ્ન, ક્ષાયિકભાવ થાય તદ્દન નર્વિઘ્નદશા. એ પણ ત્રિકાળ દ્રવ્યનો આશ્રય કરવાની અપેક્ષાએ લક્ષ છોડવા જેવું છે. લક્ષ છોડવા જેવું એટલે હેય છે. સમજાણું કાંઈ? આવી વાતું.

'**શા કારણથી?**' હેય છે? એનું કારણ આપો. એ છોડવાલાયક છે એનું કારણ શું? '**કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' તે પરસ્વભાવ છે. એક સમયની દશા એ ત્રિકાળ અંતઃતત્ત્વના સ્વભાવની અપેક્ષાએ, ત્રિકાળ અંતઃતત્ત્વ એટલે અંતરસ્વભાવભાવની અપેક્ષાએ પર્યાયના ભાવો બધા પરસ્વભાવ છે. આહાહા..! '**કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' આહાહા..! '**અને તેથી જ તે પરદ્રવ્ય છે.**' તેથી જ પરદ્રવ્ય છે. પર્યાય એટલે અવસ્થાની હાલતની દશાઓના જે ભાવ એ હેય-છોડવાલાયક છે. કેમ? કે એ પરસ્વભાવ છે. આહાહા..! ભગવાન આનંદનો સ્વભાવ ત્રિકાળ સહજજ્ઞાન-દર્શન-આનંદ આદિ અંતઃતત્ત્વ જે સ્વભાવ, એનાથી ભિન્ન જાત છે માટે પરસ્વભાવ છે. અને તેથી તેને પરદ્રવ્ય કહીએ છીએ, એમ કહે છે. શેઠ! ઝીણું બહુ ઝીણું. આહાહા..! અરે! ભાઈ! વસ્તુ આખી પડી છે પ્રભુ! લીધી છે વાત હોં! કે અંતઃતત્ત્વ જે છે એટલે ભાવ. અંતઃતત્ત્વ જે ત્રિકાળી સ્વભાવભાવ એવા સ્વભાવની અપેક્ષાએ પર્યાયના ભાવોને પરભાવ કહેવામાં આવે છે. અને તેથી જ પરદ્રવ્ય છે. આહાહા..! આ શરીર, વાણી, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર એ આત્માની અપેક્ષાએ તો પરદ્રવ્ય છે. એ તો ક્યાંય રહી ગયા. અહીંયાં તો એની પર્યાય અવસ્થામાં, એનાથી થયેલા. એની દશામાં થયેલા. એ સ્વભાવભાવ નથી, ત્રિકાળી સ્વભાવ અંતઃતત્ત્વ એનો સ્વભાવ. આહાહા..! એ અંતરભાવ, તત્ત્વ એટલે ભાવ. અંતરસ્વભાવભાવ ત્રિકાળભાવ એની અપેક્ષાએ વર્તમાન એક સમયના ભાવ એ બધા પરસ્વભાવ માટે પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ક્ષાયિકસમકિતની પર્યાય, વીતરાગી ચારિત્રની પર્યાય, યથાખ્યાત પર્યાય સામાયિકની વર્તમાન નિર્મળ પર્યાય સામાયિક એટલે. વીતરાગી પર્યાય. એ પણ એક સમયની અવસ્થા હોવાથી ત્રિકાસ્વભાવની અપેક્ષાએ તેને પરસ્વભાવ કહેવાય છે. આહાહા..! જેમાં આત્માની અપેક્ષાએ બીજા બધા દ્રવ્યો અદ્રવ્ય કહ્યા. જુઓને માણસને... ત્યારે ત્રિકાળી ભગવાન આત્માનો સ્વભાવ મહા પ્રભુ એના સ્વભાવની અપેક્ષાએ એક સમયની દશા, પલટતી દશા, નાશવાના દશા, પરભાવ છે. અને તેથી તે પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? ભારે વાતું આવી. એ તો ઈચ્છામી પડિકમણું, તસ્સઉતરી કરણ. જાવ જીવીયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. એમાં કાંઈ સમજાય એમ છે? જાદવજીભાઈ! કર્યું છે કે નહિ ઈચ્છામી પડિક્કમણું ઈરિયા ... નહિ કર્યા હોય નવા છે એટલે. આ સામાયિકનો પાઠ નથી આવતો? નમો અરિહંતાણં ... ... તસ્સઉતરી કરણે.. લોગસ્સ.. આ સામાયિક પાઠ.

કહે છે એ પાઠની વાણી તો પરદ્રવ્ય છે, પણ પાઠને બોલવાનો વિકલ્પ જે ઉઠ્યો છે એ પરદ્રવ્ય છે. એ તો પરદ્રવ્ય છે, પણ જેને આત્માના આનંદના સ્વભાવે આનંદના સ્વભાવ સ્વદ્રવ્ય એવો જે આત્મા. પ્રભુ આત્મા .. દાખલો. એવો જે ત્રિકાળી પરમસ્વભાવભાવ એની અપેક્ષાએ સામાયિકની પર્યાય જે નિર્મળ પ્રગટી હોય. આ તો સંપ્રદાયમાં તો સામાયિક છે જ ક્યાં? સમજાણું કાંઈ? એ તો રાગની મંદતા અને નમો અરિહંતાણં.. સામાયિક કરી એમ માને. આહાહા..! પણ સાચી સામાયિક અંદર સમતા વીતરાગ પિંડ પ્રભુની અંદરમાં જતા, શક્તિમાંથી સમતા નામ વીતરાગી આનંદસહિતની દશા પ્રગટ થાય એ પણ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પરભાવ કહીને તેને પરદ્રવ્ય કીધું છે. આહાહા..! ક્યાં જાવું છે લોકોને? ઓલા તો કહે કે બસ, પરનું કરો આ ..ધર્મ છો. પરનું ન કરો તો તમે હિંસક છો. આહાહા..! જૈનપ્રકાશના નામે આ લખાણ! અરર! ખીમચંદ મગનલાલ વોરા છેને. એમે ... છેને. .. એ. એવા લખ્યા છે. જૈનપ્રકાશમાં. ઓહોહો..! અરે પ્રભુ! આ શું કહ્યું? જૈનપ્રકાશના નામે અજૈનપ્રકાશે છે અંદર.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમ ફરમાવે છે કે ભગવાન તું એક વસ્તુ સ્વભાવનો પિંડ છો, ધ્રુવ છો, અનંતગુણની ખાણ છો, અનંતશાંતિનો ભંડાર છો.. આહાહા..! ધ્રુવ હોં. એની અપેક્ષાએ પરવસ્તુનું તું કાંઈ કરી શકે એ તો છે જ નહિ વસ્તુમાં, પણ પર્યાયમાં રાગ થાય એનો કર્તા તું એ વસ્તુમાં નથી. અને પર્યાયમાં જે ધર્મની પર્યાય થાય એને કર્તા વ્યવહારે દ્રવ્ય છે, પણ એ પર્યાય છે એ પણ આશ્રય કરવાલાયક નથી. આહાહા..! ધર્મની પર્યાય ક્ષાયિકસમકિતની પર્યાય આશ્રય કરવાલાયક નથી. સ્વરૂપચંદભાઈ! .. વિના પહેલું કર્યું હશે સામાયિક ને બધું કર્યું હશે. આહાહા..! ક્યાં માર્ગ છે અને ક્યાં લોકો આથડીને મરે છે બિચારા. આહાહા..!

કહે છે એ પરસ્વભાવો છે. કઈ અપેક્ષાએ? ત્રિકાળી અંતઃતત્ત્વના સ્વભાવ નામ ધ્રુવ સ્વભાવ એની અપેક્ષાએ ક્ષણિક પર્યાયનો ભાવ એ પરસ્વભાવ માટે તે પરદ્રવ્ય કીધું. આહાહા..! હવે? **'સર્વવિભાવગુણપર્યાયોથી રહિત...'** માથે જે કીધા સહિતના હેય. એ બધા વિભાવગુણપર્યાયથી રહિત. આહાહા..! મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ચાર જ્ઞાન પણ વિભાવિકગુણ છે અને ક્ષાયિક આદિ એ બધો વિભાવિકભાવ છે. આહાહા..! વિશેષભાવ તે વિભાવિક ભાવ. આહાહા..! એ **'વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** શુદ્ધ અંતઃ તત્ત્વ એટલે ભાવસ્વરૂપ. ત્રિકાળી અંતર સ્વભાવભાવસ્વરૂપ. તત્વાર્થ આવે છે કે નહિ? **'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनं'** આહાહા..! ત્રણલોકના નાથ ઈન્દ્રો અને ગણધરની સમક્ષમાં ભગવાનની વાણી દિવ્યધ્વનિ ઈચ્છા વિના નીકળતી હતી. આહાહા..! પરમાત્મા બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. સીમંધર ભગવાન વીસ તીર્થંકર બિરાજે છે. એના મુખે નીકળેલી વાણી આ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા આઠ દિ' અને પછી આ બનાવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? ગાથા

કહીને આ? '**पुव्वुत्तसयलभावा परदव्वं**' એ તો પદ્યની શૈલી છે. કહેવું છે તો એ '**परसहावमिदि परदव्वं**' પણ અહીં '**हेयं**' પહેલું લીધું. '**हेयं परसहाव परदव्वं**' એમ લીધું. કેમકે એ પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય છે, માટે હેય છે. આહાહા..! સ્વરૂપભાઈ! આહાહા..!

અને '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...**' એટલે પર્યાયોના જેટલા ભાવો છે. મતિજ્ઞાનાદિ, કેવળજ્ઞાનાદિ, ક્ષાયિકસમકિત આદિ, રાગાદિ. આહાહા..! એનાથી પ્રભુ આત્માનો સ્વભાવભાવ અંતઃતત્ત્વ અંતઃભાવ તે '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત છે...**' આહાહા..! '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' વિભાવગુણપર્યાયથી રહિત એ નાસ્તિથી વાત કરી. હવે અસ્તિ શું છે એ? કે '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' શુદ્ધભાવસ્વરૂપ. ભાવસ્વરૂપ. આહાહા..! આવી વ્યાખ્યા અને આવો ધર્મ-ઉપદેશ! એ બધી ખબર નથી કે અમે ક્યાં કહીએ છીએ અને શું કહીએ છીએ? અત્યારે તો સંપ્રદાયમાં ધર્મની વાત જ નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ તો ત્રણલોકના નાથ તીર્થંકરો, ગણધરો અને એકાવતારી ઈન્દ્રોની સમક્ષમાં સભામાં ભગવાનની વાણી આમ નીકળતી હતી. આહાહા..! એ વાણીમાં એ કહ્યું કે કુંદકુંદાચાર્યે જે જાણ્યું, અનુભવ્યું અને અહીંયાં કહે છે કે મેં મારી ભાવના માટે મેં આ શાસ્ત્ર રચ્યું છે અને પ્રવચનની ભક્તિ... આહાહા..! સમજાણું કાંઈ?

પર્યાયના-અવસ્થાના જેટલા ભાવો છે. વસ્તુ જે ભગવાન એની જે દશા, હાલત, અવસ્થા, એના જેટલા ભાવો છે એ બધા હેય છે અને તે આત્મા એનાથી રહિત છે. સમજાણું કાંઈ? આહાહા..! એ જ્યારે પરસ્વભાવને પરદ્રવ્ય કીધું ત્યારે અંતઃસ્વભાવને સ્વદ્રવ્ય કીધું. અંતઃતત્ત્વ એટલે અંતરના ભાવ ત્રિકાળી આનંદ, જ્ઞાન, શાંતિ પૂર્ણ પૂર્ણ ભંડાર આનંદભાવનો એવો જે અંતઃભાવ સ્વરૂપ તે સ્વદ્રવ્ય કીધું. સમજાણું કાંઈ? હવે એક બાકી એમાં રહી જાય છે. ઓલામાં બાકી નથી રહેતું. ઓલામાં તો હેય, પરસ્વભાવ, માટે પરદ્રવ્ય બસ. પણ અહીંયાં કે પરભાવ, વિભાવપર્યાયથી રહિત પ્રભુ છે એનો ભાવ. એ અંતઃતત્ત્વ જે ભાવ છે, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ, અનંતસુખ, અનંતશાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા એ... આહાહા..! અરેરે! શું કરીએ! એવું આવ્યું છે આ જૈનપ્રકાશમાં .. તત્ત્વની વાત છે. ... ઓલા કપુરચંદજી હતાને કપુરચંદજી? .. ૧૯૦૦ની સાલ. એ ભાવનગરમાં દેરું નથી એનું? કેવું દેરું કહેવાય છે? દાદાસાહેબનું... એ સડકની દાદાસાહેબનું દેરું. ખબર છેને. એ ત્યાંથી દુકાનથી .. આવ્યો છે અહીં દેશમાં. ... આ તો ૬૯ અને ૬૮ની વાત છે. એ તો .. ચાલ્યું હતુંને ૭૦માં એટલે ૬૨ વર્ષ થયા. એના પહેલાંની વાત છે. એ કપુરજી હતા. હતા તો નિવૃત્તિવાળા, પુસ્તક બનાવેલા. એની સાથે ગાંધીજીને ચર્ચા થઈ. એટલે આ કહે કે ભાઈ કે અમારે સાધુને તો આવું .. હિંસા થાય એ ન હોય. ગાંધીજી કહે .. ધર્મ ન કરે તો એ સાધુ નથી. એય..!

અહીં કહે છે કે આત્માનો ધર્મ એ છે કે આહાહા..! એનામાં જે થયેલી પર્યાયો. પરનું

તો કરવું છે જ નહિ. પરની દયા પાળી શકું એ તો આત્મામાં છે જ નહિ. કેમકે પરદ્રવ્યની અવસ્થાનું ટકવું અને રહેવું એ એને કારણે છે. એને ઠેકાણે બીજો કહે કે હું દયા પાળી દઉં. એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એ તો છે, પણ પરની દયા પાળવાનો ભાવ ઉઠે, વિકલ્પ વૃત્તિ એ હિંસા છે. વીતરાગની અહિંસા જુદી જાતની છે. એય..! સમજાણું કાંઈ? એ ગાંધીની સાથે મેળવવા જાય તો ક્યાંય ઉગમણું-આથમણું મળે એવું નથી. મહાવીરની હિંસા એમણે કીધી, એમ કહે છે લોકો. બાપુ! તને ખબર નથી, ભાઈ! ત્રિલોકનાથની હિંસા કોને કહે છે એ? એ પરજીવની દયાનો વિકલ્પ ઉઠે, એ પરનું કાંઈ ભલું કરું, કાંઈક સગવડતા આપું એ વૃત્તિ જે ઉઠે એને ભગવાન હિંસા કહે છે. આહાહા..! અરેરે! જૈનમાં જન્મ્યા પણ પરમેશ્વર શું છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ? અરેરે! આવો વીતરાગ ઉજળો માર્ગ! ત્રણલોકના નાથે પ્રકાશ્યો, ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં એવી પરંપરાનો સત્યમાર્ગ અનાદિથી ચાલ્યો આવે છે. એમાં ગોટાળા ઉઠ્યા.

કહે છે જ્યારે આત્માની પર્યાયમાં વિભાવ નામ વિશેષભાવ અને વિભાવ રાગાદિ અને મતિજ્ઞાનાદિ ગુણ પર્યાયો એનાથી ભગવાન આત્માનું સ્વરૂપ એનાથી રહિત છે. છે કેવું? શુદ્ધ અંતઃ, શુદ્ધ પવિત્ર અંતઃભાવસ્વરૂપ. શુદ્ધ અંતઃભાવસ્વરૂપ. આહાહા..! તેથી એ સ્વદ્રવ્ય છે. અંતઃતત્ત્વના સ્વભાવસ્વરૂપ છે માટે સ્વદ્રવ્ય છે. પર્યાયના પરભાવસ્વરૂપ છે માટે પરદ્રવ્યસ્વરૂપ છે. આહાહા..! હવે? હજી એક વાત બાકી રાખે છે. ઓલો શબ્દ છેને જુઓ, '**अंतरतच्चं सगदव्वमुवादेयं**' હવે '**अप्पा**' શબ્દ પડ્યો છેને પાછો? આહાહા..! ટીકા તો જુઓ, .. સ્વભાવદર્શન અનંત છે, સહજ છે, સ્વભાવિક છે. સ્વભાવિક ચારિત્ર. અંતર હોં ત્રિકાળ ચારિત્ર, વીતરાગતા. અંતરમાં સ્વભાવિક વીતરાગતા પડી છે ધ્રુવમાં. આહાહા..! અને '**સહજપરમવીતરાગ-સુખાત્મક...**' સ્વભાવિક પરમવીતરાગસ્વરૂપ એવું સુખસ્વરૂપ. વીતરાગ સુખસ્વરૂપ. આહાહા..! ભગવાન આત્મામાં સ્વભાવિક પરમવીતરાગ સુખાત્મક. સુખ પરમ આનંદ. પરમવીતરાગી અતીન્દ્રિય આનંદસ્વરૂપ. એવું જે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. આહાહા..! એવું જે શુદ્ધભાવસ્વરૂપ. જેને સ્વદ્રવ્ય કીધું. સમજાણું કાંઈ?

'**આ સ્વદ્રવ્યનો આધાર...**' જે અંતઃતત્ત્વના ભાવ જે છે ત્રિકાળી શુદ્ધ આનંદ પવિત્ર. એને સ્વભાવ કહી અને સ્વદ્રવ્ય કીધું. હવે એ દ્રવ્યનો આધાર અભેદ લેવો છે અહીંયાં આ ભેદ થયોને એટલો. આહાહા..! જુઓને આ મુંબઈમાં આવું ચાલે તો આગળ ચાલવા ન દે. એય..! ..ભાઈ! દસ-દસ હજાર માણસ .. એમાં આપણે નહિ ઓલામાં જાતાને દેરાસર. .. કાંતિભાઈનું સર્વોદય. લીંબડીવાળો નહિ કાંતિભાઈ કરોડપતિ છેને. બનાવે છે પૈસા. બાયડી-ભાયડો બે જ છે. એક છોકરી. પૈસા કરોડ રૂપિયા. ... બધી. મોટું સર્વોદય શું કહેવાય એ? હોસ્પીટલ બહુ... ત્યાં ... બિચારા સાંભળવા આવ્યા. શું કહે છે આ પણ? આટલા વર્ષથી ૪૦ વર્ષથી ચાલે છે. આ શું કહે છે સાંભળો તો ખરા! એમાં આવી વાત મૂકે

તો ઓલા ભાગે. આ શું કહે છે?

અહીં કહે છે, પ્રભુ! આ તો સોનગઢ છે. અહીં તો સાંભળનારા કાયમ રહેનારા હોય. .. ભગવાન આત્માના જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભાવો એને શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ ભાવ કહીને એને સ્વદ્રવ્ય કીધું. હવે એ સ્વદ્રવ્યનું પરિણામ... આહાહા..! આ હળદરને ગાંઠીયે ગાંધી ન થવાય. થોડું-ઘણું સમજાય એટલે આપણે જણાઈ ગયું. બાપુ! આ તો વીતરાગ ત્રણલોકના નાથની વાત છે. આહાહા..! અરેરે! વસ્તુનું કેવળજ્ઞાન શું છે બાપુ! એને ખબર નથી. કેવળજ્ઞાન શું અને કેવળજ્ઞાનનો વિષય ત્રણકાળ, ત્રણલોક જાણે. આહાહા..! અરે! એથી અનંતગુણો, કાળ અને ક્ષેત્ર હોય તોપણ જ્ઞાનની પર્યાય જાણે. જેનો પર્યાયનો સ્વતઃ જ્ઞાનસ્વભાવ એની મર્યાદા શું? એવું જે ત્રણકાળ, ત્રણલોકને જાણે અને એથી અનંતગણુ હોય તો જાણે. એવા કેવળીના મુખથી ઈચ્છા વિના વાણી નીકળી આ એને શાસ્ત્ર અને આગમ કહે છે. સમજાણું કાંઈ? આ બધા આગમ એ છે આ. આ કોતરાયેલા છે. વીતરાગની સર્વજ્ઞ પરમેશ્વરની વાણી છે આ. મુનિઓની વાણી એટલે મુનિએ એની જ વાણી કીધી. આહાહા..! સમજાણું કાંઈ? અને શ્વેતાંબરના જે આગમો છે અહીંયાં નીચે છે. પાલિતાણે એ વીતરાગની વાણી નથી. પોતાની દૃષ્ટિએ સ્વચ્છંદે એને નામ આપ્યા ભગવાનના શાસ્ત્ર. લોકો બિચારા મૂંઝાઈ ગયા. હવે એ જે વાડામાં પડ્યા એ માન્યા ભગવાનની વાણી આપણે સાંભળો. આહાહા..! ભારે કામ! આહાહા..! શું પણ ગાથા? સોના બે કટકા એ પચાસ. પચાસમી છેને? એમ પર ને સ્વના કટકા એ ૫૦ની ગાથામાં છે. સમજાણું કાંઈ? પર્યાયનો ભાવ અને દ્રવ્યભાવ બે તદ્દન ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એક સમયની પર્યાયના જેટલા ભાવો... સમજાણું કાંઈ? પ્રવિણભાઈ!

'**ખરેખર...**' હવે જુઓ, સ્વદ્રવ્ય અંતઃતત્ત્વ કેવું છે એનો ખુલાસો કરે છે અને પછી એનો આધાર કોણ એનો ખુલાસો કરે છે. પહેલું સાવધાની કહ્યું હતું. એ વિભાવગુણપર્યાયોથી રહિત એ નાસ્તિ. '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય...**' એમ વાત કરી છે. પણ એ સ્વદ્રવ્ય અંતઃતત્ત્વસ્વરૂપ શું? એ તો સામાન્ય ભાષા કરી છે. સમજાણું કાંઈ? ત્યારે કહ્યું કે '**ખરેખર...**' રામજીભાઈએ બધા લખાયેલા કાઢ્યા હશે પણ આવું તો નહિ આવ્યું હોય એમાં. જુઓ, રામજીભાઈ કહે છે અમે ભણ્યા તો કુજ્ઞાન છે, એમ કહે છે. મહિને બસ્સો રૂપિયાનું દનૈયું લેતા. વર્ષમાં એક દિ' જાય અને બસ્સો લેતા, પહેલાં સો હતા. એ બધું ભલેણું કુજ્ઞાન. કાંતિભાઈ! .. જ્ઞાન મિથ્યાજ્ઞાન કીધું એ. આત્માને પરિભ્રમણનું કારણ છે એ. સમજાણું કાંઈ? આ તો એક-એક ભાવે જુઓને એ ભર્યું છે. આહાહા..! આનંદનો નાથ ભાવ, આનંદસ્વભાવભાવ, વીતરાગસ્વભાવભાવ, જ્ઞાનસ્વભાવભાવ, દર્શનસ્વભાવભાવ, બળસ્વભાવભાવ, શાંતિસ્વભાવભાવ, પ્રભુતાસ્વભાવભાવ, સ્વચ્છતાસ્વભાવભાવ, કર્તાસ્વભાવભાવ, કર્મસ્વભાવભાવ, કરણસ્વભાવભાવ, ઉપાદાનસ્વભાવભાવ, અધિકરણ

સ્વભાવભાવ એવા-એવા અનંતા ભાવ છે અંદર. સમજાણું કાંઈ? ૪૭ શક્તિમાં આવે છેને. ૪૭માં આવે છે જ્ઞેય-જ્ઞાયકનું. જીવતરશક્તિભાવ, શક્તિભાવ. એ આ ભાવની વ્યાખ્યા છે. ચિતિશક્તિભાવ, દર્શનશક્તિભાવ, જ્ઞાનશક્તિભાવ. આહાહા..! છેને? જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખશક્તિભાવ, વીર્યશક્તિભાવ, પ્રભુત્વશક્તિભાવ, વિભુત્વશક્તિભાવ, સર્વદર્શીશક્તિભાવ, સર્વજ્ઞશક્તિભાવ, સ્વચ્છત્વશક્તિભાવ, પ્રકાશશક્તિભાવ, અસંકોચવિકાસશક્તિભાવ. આહાહા..! સમજાય છે કાંઈ? સાધારણ શક્તિવાળો અનંતધર્મશક્તિભાવ, વિરોધધર્મશક્તિભાવ, તત્ શક્તિભાવ, અતત્શક્તિભાવ, એકશક્તિભાવ, અનેક શક્તિભાવ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભાવશક્તિ, ભાવશક્તિભાવ, અભાવશક્તિભાવ, ભાવઅભાવશક્તિભાવ, અભાવભાવ શક્તિભાવ, ભાવભાવશક્તિભાવ. અભાવઅભાવશક્તિભાવ. ભાવશક્તિ, ક્રિયાશક્તિ, કર્મ શક્તિ, કર્તાશક્તિ, કરણશક્તિ, સંપ્રદાનશક્તિ, અપાદાનશક્તિ, ધ્રુવશક્તિ, અધિકરણશક્તિ અને સ્વસ્વામીસંબંધશક્તિ. આટલા ૪૭ નામ ભગવાને આપ્યા છે. અનંતા તો ક્યાંથી આપે? ભાષામાં એવું આવે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

એ સવારમાં કહ્યું હતું. શક્તિ કીધી છે એ અહીં સ્વભાવ કીધો. જેને શક્તિ કીધી હતી એને અહીં સ્વભાવ કીધો. એ ગુણ ન કહેતા સ્વભાવને શક્તિ કીધી. કોઈ ઠેકાણે ગુણ પણ કહે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનની કોઠીમાં અનંતાગુણો ભર્યા છે. એને આ ગુણસ્વભાવ એનો આધાર ઓલું જેમ દાણા ભાવનો ગુણનો આધાર ઓલી કોઠી એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય એ નહિ અહીં તો એનું એ. આહાહા..!

**'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** ભગવાન ધ્રુવ મહાપ્રભુ જેના સ્વભાવભાવ અનંતા. આ ૪૭ તો નામ દીધા. એવા અનંતા સ્વભાવભાવ એવો જે સ્વદ્રવ્ય. એવું એ સ્વદ્રવ્ય. એનો આધાર. આહાહા..! **'સહજપરમપારિણામિકભાવલક્ષણ... '** સ્વભાવિકપરમપારિણામિકભાવ અભેદ એવા લક્ષણવાળું **'કારણસમયસાર છે.'** આહાહા..! એ .. આવો ઉપદેશ કેવો! પાગલ કહે માણસ તો, ભાઈ! અરે! બાપુ! વસ્તુ આવી છે, ભાઈ! તને ન બેસે અને ન સમજે એટલે કાંઈ બીજી થઈ જાય? આહાહા..! પરદ્રવ્યથી તો પ્રભુ જુદો. શરીર, વાણી, મન, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, આબરૂ, કીર્તિ એ તો બધું ધૂળ અને પર. એનાથી તો જુદો, પણ અંદરમાં પુણ્ય અને પાપના વિકલ્પ થાય એનાથી પ્રભુ જુદો છે. એનાથી તો જુદો પણ ધર્મની પર્યાય ક્ષયોપશમ, ક્ષાયિક સન્મુખ થાય એનાથી ભગવાન જુદો છે અંદર. એનો સ્વભાવભાવ જુદો છે એટલું અત્યારે સિદ્ધ કરવું છે હોં. પણ એ સ્વભાવભાવનો **'अप्पा'** છેલ્લો શબ્દ છેને? **'अंतरतच्चं हवे अप्पा'** આહાહા..! એથી ટીકાકારે અહીં પારિણામિકભાવ કાઢ્યો. આહાહા..!

શું કીધું એ? કે જે પરભાવ છે તેને પરદ્રવ્ય ગણીને, હેય કહીને પરસ્વભાવને પરદ્રવ્ય કીધા. હેય છોડવાલાયક છે એને પરભાવ કહીને પરદ્રવ્ય કીધા. ભલે આદરણીય લાયક છે

તેને અંતઃતત્ત્વ એ તો સ્વદ્રવ્ય અથવા અંતઃતત્ત્વ તે ઉપાદેય. પણ એ અંતઃતત્ત્વ એટલે શું? કે સ્વદ્રવ્ય. જેમ પરભાવ તે પરદ્રવ્ય એમ સ્વભાવભાવ હોં. આહાહા..! તે સ્વદ્રવ્ય, તે ઉપાદેય. ત્યારે કહે છે કે હવે એવું સ્વદ્રવ્ય જે ઉપાદેય છે. આહાહા..! એનો આધાર જ સ્વરૂપ એકરૂપ એવો કારણપરમાત્મા, કારણસમયસાર તે એકરૂપ આધાર છે. આહાહા..! અંતતત્ત્વસ્વભાવરૂપ સ્વદ્રવ્ય એનો આમ એકરૂપ પરમસ્વભાવભાવ કારણસમયસાર તે આધાર છે.

ઓલા ભાવો તો ઘણા છેને? ઓલા પર્યાયના ભાવો એ ઘણા ત્યારે ભાવ ઘણા છે એને પરદ્રવ્ય કહીને હેય કહીને પરભાવને પરદ્રવ્ય કીધા. હવે અહીં ઉપાદેય કહીને સ્વસ્વભાવને સ્વદ્રવ્ય કીધું. હવે સ્વદ્રવ્ય છે એ ત્રિકાળી ભાવને અંતઃતત્ત્વ કહીને સ્વદ્રવ્ય કીધું. એ આવા ભાવનો એ આધાર છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, ગીરધરભાઈ! એ તમારા બાપાએ પણ સાંભળ્યું નહિ હોય કોઈ દિ' આવું. રામજીભાઈના બાપે પણ ક્યાં સાંભળ્યું છે. આહાહા..! આ હીરા-માણેક એનું કિંમત તો શું ધૂળની. આ હીરા-માણેક ભર્યા છે અંદર. આહાહા..! એક-એક શક્તિ હીરલો. ગુણ અનંતી-અનંતી કિંમત જેની છે. એની અનંતી શક્તિરૂપ ભાવ એ અંતઃતત્ત્વરૂપભાવ એ દ્રવ્યનો આધાર એકરૂપ પારિણામિક કારણસમયસાર. સમજાણું કાંઈ? આહાહા..! માખણ છે આ તો વીતરાગનું!

વળી દ્રવ્ય અંતઃતત્ત્વભાવસ્વભાવ તે સ્વદ્રવ્ય. હવે એ ભાવો ઘણા એને સ્વદ્રવ્ય કીધું. એટલે એનું એકરૂપ કારણસમયસાર ત્રિકાળ. પારિણામિકભાવ, પરમપારિણામિકભાવ. આહાહા..! .. જુદી વાત. સ્વભાવિકપરમપારિણામિક ભાવ ત્રિકાળ એકરૂપ એ જેનું લક્ષણ. એવો '**કારણસમયસાર છે.**' આહાહા..! એવો કારણ આત્મા છે, એવો કારણપરમાત્મા આત્મા છે. આહાહા..! ..ભાઈ! આ બધું થોડું સાંભળો સમજાઈ જાય એમ નથી. આ તો બધી જુદી ચીજ છે. આહાહા..! ... સમજવાની વાત છે આ તો. ... ... ... એ વખતે ... એ સંપ્રદાયમાં નથી, બીજે કોઈ પંથમાં નથી. આહાહા..! એમાં આ વાત છે. ચંદુભાઈ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ .. શું કહે? આહાહા..!

'**કારણસમયસાર છે.**' અહીં સરવાળો લાવ્યા. કારણ કે ઓલું '**अप्पा**' છેને '**अप्पा**'? '**अंतरतच्चं सगदव्वमुवादेयं हवे अप्पा**' એમ એ ત્યાંથી કાઢ્યું મૂળ પાઠ છેને? એવો કારણસમયસાર આત્મા, એમ કહે છે. મણિલાલજી! આહાહા..! આવી ચીજ છે, બાપુ! તને ખબર નથી. એ એવી ચીજનો આશ્રય લીધા વિના ... એનું અવલંબન લે. ત્યાં જાવું છે. બાકી ધર્મબર્મ વાતું છે. ... અપાશ્રયમાં નથી ને સમ્મેદશિખરે નથી અને શેત્રુંજયે પણ ધર્મ નથી લ્યો! એમ કહે છે. ... પરમાગમે આ બતાવ્યું છે. .. એ પણ સંચો શેઠ લાવ્યા. હિન્દુસ્તાનમાં પહેલા. સંચો નહોતો અહીં હિન્દુસ્તાનમાં. અમારે પોપટભાઈ છેને આ એનો

દીકરો. ... શું કહેવાય એ? ઈટલી. ૨૯ હજાર રૂપિયાનો સંચો, ૧૯ હજારની પાટ, ૨૦ હજારનો ખર્ચ. ૧૯૭૦ ૬૯ હજારનો સંચો છે આ. ... એમાં આ કોતરાણા છે. હિન્દુસ્તાનમાં સંચો નહોતો. સમજાણું કાંઈ? અહીં તો સંચો એને ઘરે રહ્યો. પણ સંચાએ કોતરેલા શાસ્ત્રો... સમજાણું કાંઈ? એ ગાથાનો અર્થ એ લીધો. આહાહા..!

'એવી રીતે...' હવે બીજા શાસ્ત્રનો આધાર આપે છે. '(આચાર્યદેવ) **શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા શ્લોક દ્વારા** કહ્યું છે કે :—'

(શાર્દૂલવિક્રીડિત)

''सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा–
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।''

શાર્દૂલવિક્રીડિત છે. એ ગાથાનો મેળવાળો છે એ શ્લોક લીધો સમયસારનો.

'**શ્લોકાર્થ :- જેમના ચિત્તનું ચરિત્ર** ઉદાત્ (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે...' આહાહા..! જેનું જ્ઞાન નિર્મળ અને સમ્યગ્દર્શન છે. આહાહા..! '**એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો...**' આ ભાવ કર્યા છે એનું સેવન કરો. આહાહા..! આ તો પરની સેવા કરે અને આનાથી આ. ધૂળેય કરે નહિ. પરની સેવા કોઈ કરતો નથી. .. પરની સેવા કરો, ભૂખ્યાને આહાર આપો, તરસ્યાને પાણી, રોગીને ઔષધ, ..માટે મકાન, .. પંખા. કોણ દે અને કોણ લે? એક રજકણ પણ ... ... છેને? ખાનારનું નામ દાણે-દાણે છે. તમારે છેને ભાષા? દાણે-દાણે નામ લખ્યું છે. નામનો અર્થ જે રજકણો અહીં આવવાના એ આવવાના. કોઈથી આવવા નથી. .. એક દાણે-દાણે નામ છે કે જે રજકણ પરમાણુ માટી, ધૂળ આ શરીર પણ અહીં આવવાનું હોય, વાણી એ ટાણે આવવાની, ... એ બધું નક્કી થઈ ગયેલું છે. એને કોઈ દે અને લે મિથ્યા અભિમાન છે. સમજાણું કાંઈ?

'**જેમના ચિત્તનું ચરિત્ર...**' નામ અભિપ્રાય. જેના જ્ઞાનની પરિણતિનો ભાવ. આહાહા..! '**ઉદાત્ત** (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) **છે એવા મોક્ષાર્થીઓ...**' પરમાનંદના સ્વામીએ. મોક્ષ એટલે પરમ આનંદ. મોક્ષ એટલે પરમ અતીન્દ્રિય આનંદ. આહાહા..! મોક્ષ એટલે પવિત્ર આનંદનો લાભ એનું નામ મોક્ષ. આહાહા..! ઉપર .. જાવું મોક્ષે જવાનું એમ નહિ. પરમ અતીન્દ્રિય આનંદ જે અંદર છે એની વર્તમાનદશામાં ઉપલબ્ધ પરમ આનંદની પ્રાપ્તિ થવી, લાભ મળવો અંદરમાંથી એનું નામ મોક્ષ કહેવામાં આવે છે. .. '**એવા મોક્ષાર્થીઓ...**' આહાહા..! આવા મોક્ષના પ્રયોજનવાળા જીવો. કડક કહ્યું છે. .. હશે, સ્વર્ગનો હશે, .. હશે એ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**મોક્ષાર્થીઓ...**' આ જેને પરમ આનંદની પ્રાપ્તિનું પ્રયોજન છે. આહાહા..! જેને સૂક્ષ્મ સાગર પર્યાયમાં પ્રગટ થાય. એનું નામ મોક્ષ. એ મોક્ષનું જેને પ્રયોજન છે એ જીવો '**આ સિદ્ધાંતનું સેવન કરો...**' શું? '**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું;...**' આહાહા..! સમજાણું કાંઈ? '**હું તો...**' હું ભગવાન આત્મા તો. શુદ્ધ ચૈતન્ય એકલો પવિત્ર જ્ઞાનમય, .. સ્વભાવ નહિ. આહાહા..! એક પરમજ્યોતિ. .. નામ એક પરમજ્યોતિ. '**જ્યોતિ જ સદાય છું;...**' આ જ હું સદાય છું. આહાહા..! રાગ નહિ, શરીર નહિ, કર્મ નહિ, પર્યાયમાં ભેદ નથી. સમજાણું કાંઈ?

એવો જેના ચિત્તનો (ચરિત્ર) ઉજ્જ્વળ છે, ઉદાત્ત છે અને ઉચ્ચ છે. આહાહા..! એવી વસ્તુને ટકી શકે છે. આહાહા..! મહાન પ્રભુની શક્તિઓને સંગ્રહ કરેલો ભગવાન આત્મા એની જે પચવી શકે છે. આહાહા..! પચવી શકે એમ કેમ આવ્યું? સમ્યગ્દર્શનનો સ્વભાવ... જેમ અગ્નિનો સ્વભાવ પાચક, પ્રકાશ, દાહ. અગ્નિ .. સમાગમ ..નો છે. તો અગ્નિ પ્રકાશ કરે છે, અગ્નિ લાકડાને બાળે, પાચક, પ્રકાશક, દાહક. એમ ભગવાન આત્મામાં સમ્યગ્દર્શન એ પાચકશક્તિ છે. સમ્યગ્જ્ઞાન એ પ્રકાશકશક્તિ છે અને સમ્યક્ ચારિત્ર એ રાગને બાળી નાખવાની શક્તિ છે. સમજાણું કાંઈ? આહાહા..!

એમ કહે છે કે '**જેના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત...**' છે એમ. એટલે જેની પરિણતિમાં એ ઉદાત્ત છે કે આવી ચીજને પચવી શકે છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયમાં મલિન નહિ હોવા છતાં આવી ચીજને જે પચવી શકે છે, .. કરી શકે છે એના ચિત્ત બીજા છે. .. '**હું...**' ... '**હું આ શુદ્ધ ચૈતન્યમય...**' પવિત્ર ધામ મારું .. ચૈતન્યસૂર્ય હું છું. આહાહા..! ચૈતન્યના નૂરના તેજથી ભરેલો હું છું. ચૈતન્યના જાણવાના-દેખવાના સ્વભાવરૂપ નૂર. જેમાં નૂરના પૂરથી ભરેલો છું. એ શુદ્ધ અંતઃતત્ત્વ. .. આવી વાત છે. .. શુદ્ધ ચૈતન્યમય કીધુંને. એકલો શુદ્ધ ચૈતન્ય, શુદ્ધ ચૈતન્ય, .. ચૈતન્યતેજ. આહાહા..! '**પરમજ્યોતિ જ સદાય છું;...**' એકલો જ્યોતિ હું અને પરમજ્યોતિ. પરદ્રવ્યને જ્યોતિ કહો, બીજાને જ્યોતિ કહે એ નહિ. આ તો પરમજ્યોતિસ્વરૂપ ભગવાન. ઝળહળ જ્યોતિ સમાન .. ભગવાન એ જ હું સદાય છું. આહાહા..! ... સદાય છું. જાણવામાં આવે ત્યારે આવે છે એમ નહિ. આવું જાણવામાં આવે છે, છે અને સદાય .. છું. આહાહા..! સમજાણું કાંઈ? સમજાય છે?

'**અને આ જે ભિન્ન લક્ષણવાળા...**' મારા ચૈતન્યમય સિદ્ધના લક્ષણથી જે ભિન્ન પર્યાયના લક્ષણવાળા '**વિવિધ પ્રકારના...**' ... ઓલું એક પરમજ્યોતિ હતું. ... એક જ.. ભગવાન પૂર્ણાનંદ એક ... છોડી દઈને અનેક અગ્રને લક્ષમાં લે છે. આહાહા..! '**તે હું નથી, કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.**' ...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૧, શનિવાર, તા. ૦૬-૦૯-૧૯૭૫,**
**ગાથા-૫૧ થી ૫૫, કળશ-૭૪, પ્રવચન નં. ૨૭**

૫૦મી ગાથા પૂરી થઈ. 'વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—'

(शालिनी)

न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-
दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।
इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी
सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम्॥७४॥

આહાહા..! '**શ્લોકાર્થ :- શુદ્ધ જીવાસ્તિકાયથી...**' પવિત્ર નિર્મળ જીવ અસ્તિકાય. એટલે જેનો દ્રવ્યસ્વભાવ. આહાહા..! '**શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો...**' છે. આહાહા..! નિત્યાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ શુદ્ધ, જીવ અને અસ્તિ એટલે છે અને કાય—અસંખ્યપ્રદેશી. એવો શુદ્ધ જીવાસ્તિકાય વસ્તુ એનાથી અન્ય એવા વિકલ્પ હો કે પર્યાય, એ બધા પુદ્ગલના પર્યાયો અહીં તો કહી દીધું. આહાહા..! વસ્તુ જે વસ્તુ છે શુદ્ધ ધ્રુવ આનંદકંદ પ્રભુ, વીતરાગી સુખામૃતના પિંડથી ભરેલો... આહાહા..! એવો જે જીવાસ્તિકાય, એનાથી અન્ય જેટલા ભાવો એ બધા અમારા નહિ, એ પુદ્ગલના છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો તાત્ત્વિક વાત માખણ છે. આહાહા..! શરીર, વાણી, મન, પર, દેશ, કુટુંબ એ તો આત્મામાં છે જ નહિ, પણ કર્મ અને કર્મના નિમિત્તથી થયેલો ભાવ કે કર્મના અભાવથી થયેલો ભાવ, એ બધા મારા નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એક શુદ્ધ જીવ અસ્તિ સત્તા ઈશ્વરતા, પ્રભુતાના સ્વભાવથી ભરેલો જીવ-અસ્તિકાય... આહાહા..! તે હું. એ સિવાયના બીજા વિકલ્પો આદિ દયા, દાન, વ્રત, ભક્તિ, અરે! અહીં તો ક્ષાયિકભાવ અને ઉપશમભાવ પણ બધા મારા નહિ. આહાહા..! આકરી વાત, બાપુ! આહાહા..! એ સમ્યગ્દૃષ્ટિનો વિષય શુદ્ધ જીવાસ્તિકાય છે. સમજાણું કાંઈ? એ કહે છે કે અમને આ વસ્તુ સિવાય બીજી વાત એ અમારામાં છે જ નહિ. આહાહા..!

**શ્રોતા :-** એવો અનુભવ ક્યારે થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દૃષ્ટિ કરે ત્યારે. ક્યારે થાય શું? એમ ને એમ મારા છોકરા અને મારો ધંધો કર્યા કરે, ત્યાં ક્યાં સમજાય એમાં? સાંભળવાની નિવૃત્તિનો વખત ન મળે મોટપ આડે. એય..! શેઠ! અમારેથી ન કહેવાય. મોટા ભાઈને ન કહેવાયને. સવારે કહ્યું, ભાઈસાહેબ

આવ્યા છે. અહીં મળ્યા હતાને. આહાહા..! કેટલી એને ધીરજની નિવૃત્તિ જોઈએ. જેને સંગ-પરસંગ બીજો એને માટે હું રોકાવ, એ ચીજ હું નહિ. આહાહા..! પણ અહીંયાં તો કહે છે ધર્મી જીવની દૃષ્ટિ શુદ્ધ જીવાસ્તિકાય ઉપર છે. આહાહા..! એથી ધર્મી એમ કહે છે કે **'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો...'** છે ખરા. બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવ છે તો ખરા. **'તે ખરેખર અમારા નથી...'** આહાહા..! હજી તો આ પૈસા અમારા, આબરૂ અમારી, કીર્તિ અમારી, મોટપ અમારી. આહાહા..! અહીં તો કહે છે, પ્રભુ! સાંભળતો ખરો એકવાર. આહાહા..! ઘણા ન્યાય આપશે એમાં હોં! એમાં ઘણા ન્યાય છે જરી સાંભળજો. અમે આ નહિ. આમ જે તત્ત્વ... એકફેરી લાલચંદભાઈએ આ શ્લોક કહ્યો હતો કે આ તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે, પણ એનો અર્થ કીધું ઝીણો છે. કહે એમ નહિ. આ ગાથાની અંદર.

અહીંયાં તો ત્રણ વાત મૂકે છે—એક તો **'આમ જે તત્ત્વવેદી...'** વેદે છે. અંતર તત્ત્વને જીવાસ્તિકાય તે જ હું, બીજા નહિ એવું જેને અંતરમાં વેદન છે... આહાહા..! એનો એ તત્ત્વનો એ જાણનાર છે. આહાહા..! એ સ્પષ્ટપણે કહે છે. **'સ્પષ્ટપણે કહે છે...'** એના બે અર્થ છે—એક તો સ્પષ્ટપણે અંદર જાણે છે અને કથનમાં એ સ્પષ્ટપણે કહે છે કે માર્ગ આ છે, બીજો કોઈ માર્ગ નથી. સમજાણું કાંઈ? આહાહા..! જેને ધર્મી જીવ એવો આત્મા શુદ્ધ જીવાસ્તિકાય, શુદ્ધ જીવનો પવિત્રના ભાવથી ભરેલો મોજૂદગી ચૈતન્યની મોજૂદ ચીજ એની જેને અંતર દૃષ્ટિ, અનુભવ થયો એ એમ કહે છે કે આ સિવાય મારી ચીજ પુદ્‌ગલ કે વિકલ્પ એ મારી ચીજ જ નથી. આહાહા..! જુઓ, આ સમ્યગ્દૃષ્ટિનું તત્ત્વનું કથન અને તત્ત્વનું વેદન. બે વાત મૂકે છે અહીં. આહાહા..! ઝીણી વાત, ભાઈ!

ભગવાન આત્મા શુદ્ધ જીવાસ્તિકાય. આહાહા..! કેટલું સમાડી દીધું છે! એક તો શુદ્ધ અસ્તિ જીવ અને કાય. એટલે જે વાત સર્વજ્ઞ સિવાય બીજે હોય નહિ. અસંખ્યપ્રદેશી એને કાય કહે છે. જીવ અસંખ્યપ્રદેશી છે, એ વાત સર્વજ્ઞ સિવાય બીજા કોઈ પંથમાં સર્વજ્ઞ નથી માટે કોઈએ કહ્યું નથી અને જાણ્યું નથી. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આહાહા..! કેવી શૈલી છે મુનિરાજની! આહાહા..! શુદ્ધ જીવ છે કાય. અસંખ્યપ્રદેશી પિંડ પ્રભુ નિર્મળાનંદ છે. આહાહા..! અનાકુળ આનંદનો કંદ પ્રભુ જીવાસ્તિકાય છે. અરે! જેને સાંભળવા મળે નહિ, એ કે દિ' ઓળખે, કે દિ' શ્રદ્ધે? આહાહા..! એમ ને એમ જિંદગીયું ચાલી જાય છે, ભાઈ! આહાહા..! માથે ચોર્યાસીના અવતારની ડાંગ માથે પડી છે. જેને પરવસ્તુ મારી, રાગ મારો, આ ચીજ મારી એવો જે મિથ્યાત્વભાવ એમાં એને ચોર્યાસીના અવતારની ડાંગ માથે છે. લાકડી. ચોર્યાસીના અવતાર, આ મારા એટલે એમાંથી ખસશે નહિ હવે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? ઈ કહેશે હમણા. શું કહેશે?

**'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો...'** આહાહા..!

કહો, આ હસમુખ આદિ પુદ્‌ગલના ભાવ, આત્માના નહિ એમ કહે છે અહીં. આ ડાલચંદજી આદિ આત્માનો ભાવ નહિ એમ કહે છે. અને તેના તરફથી થતો વિકલ્પ એ મારો નહિ. આહાહા..! અમે જે છીએ એ તો શુદ્ધ જીવાસ્તિકાય છીએ. આહાહા..! ભગવાન દેહમાં બિરાજમાન બધામાં શુદ્ધ જીવાસ્તિકાય જ રહેલો છે. નિશ્ચયનયનો વિષય તે જ ત્યાં પડ્યો છે અંદર કહે છે. આહાહા..! તારી નજરને આળસે એના અસ્તિત્વની કબુલાત તને આવી નહિ. સમજાણું કાંઈ? એ છે આવો એની તેં નજર કરી નથી અંદર. એને કારણે એ વસ્તુ તને પ્રાપ્ત ન થઈ અને બહારની ચીજ જે એમાં નથી, એ મારામાં માનીને તેની પ્રાપ્તિ અનંતવાર ચોર્યાશીના અવતારની થઈ. આહાહા..! સમજાણું કાંઈ?

એનો અર્થ એ કે હું એક શુદ્ધ જીવાસ્તિકાય સુખનો સાગર ભંડાર છું. મારા સુખને માટે બહારની કોઈ ચીજ છે નહિ. સમજાય છે કાંઈ? સુખનું સાધન હોય તો તે હું આત્મા છું. આહાહા..! ત્યાં વીણા વાગે છે આનંદની તે હું છું. આહાહા..! એવો જે શુદ્ધ જીવ છે અસંખ્યપ્રદેશનો પિંડ, મારો દેશ અસંખ્યપ્રદેશ છે અને મારા ગામ અનંતા ગુણો તે મારા ગામ છે. એનો હું રાજા છું. સમજાણું કાંઈ? આહાહા..! એક વાત.

**'આમ જે તત્ત્વવેદી...'** એ તત્ત્વનો જાણનાર. એકલી ભાષા કહે એમ નહિ એમ કહે છે. આહાહા..! તત્ત્વવેદી—તત્ત્વનો જાણનાર અથવા તત્ત્વનો વેદનાર. આહાહા..! શું શૈલી! અને તે આત્મા ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ જીવાસ્તિકાય એવી જેની દૃષ્ટિમાં આવ્યો અને જેનું જ્ઞાન અને વેદન થયું **'સ્પષ્ટપણે કહે છે...'** એમ ભાષા તો છે, પણ એનો અર્થ સ્પષ્ટપણાના બે અર્થ છે—એક તો પોતાને સ્પષ્ટપણે આત્મા જણાણો છે અને સ્પષ્ટપણે કહે છે. પ્રરૂપણા પણ જો એની હોય તો આવું સ્પષ્ટ કથન છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો ધર્મકથા છે, બાપુ! આ કોઈ વાર્તા નથી. આ તો હરિકથા છે. આહાહા..! હરિ એવો જે ભગવાન આત્મા પરમાનંદના અસંખ્યપ્રદેશથી ભરેલો, પ્રભુ! ઓહોહો..! એના ક્ષેત્રમાં એટલે કે એના દેશમાં અનંતગુણનો આનંદ ભરેલા છે, બાપા! આહાહા..! આ સાગર એનું નહિ એમ કહે છે. અહીં સાગર છે કહે છે. આહાહા..! અનંતગુણનો સાગર પ્રભુ! આહાહા..! જેમાં આનંદના હીલોળે હીંચકે. અતીન્દ્રિય આનંદના હીલોળે સમ્યગ્દૃષ્ટિ હીંચકે હીંચે. એવું આ તત્ત્વ છે, કહે છે. આહાહા..! હીંચકે સમજો છોને? ઝુલે. આહાહા..! તત્ત્વવેદી તેથી કહ્યું છેને? આહાહા..!

આચાર્યે મુનિરાજે ઘણું સંકેલ્યું છે. દિગંબર સંત છે. ભાવલિંગી પરમેશ્વરના પદમાં ભળેલા છે. આહાહા..! ભાઈ! પાંચ પદ કોને કહેવા એ હજી જાણવું મુશ્કેલ છે. સમજાણું? એ પાંચ પદમાં ભળેલા મુનિરાજ છે. નમો લોએ ત્રિકાળવર્તી સાહુણં એની અંદરમાં એ આવ્યા છે. આહાહા..! એ એમ કહે છે 'અમે' એમ શબ્દ છેને **'ह्यस्माकं' 'ह्यस्माकं'** અમે. બીજા આમ છે એમ નહિ, અમે આવા છીએ. આહાહા..! પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યઘન એ

મારી મોજૂદગી અને એ મારું અસ્તિત્વ અને એ મારું હોવાપણું, એવા મને આહાહા..! આ વસ્તુ સિવાય જેટલા ભાવ છે બધા પુદ્ગલના છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**‘આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે...’** એ ત્રણ શબ્દમાં તો ઘણું ઉંડું છે. આમ જે તત્ત્વનો જાણનાર જીવ અને જાગૃતપણે તેને વેદનારો જીવ. આહાહા..! અને સ્પષ્ટપણે જાણનારો એમ એટલે કે પ્રત્યક્ષ આવું તત્ત્વ છે તેમ જાણનારો. મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા ભગવાન શુદ્ધ જીવાસ્તિકાય છે એમ સ્વના આશ્રયે પ્રત્યક્ષ જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? કરવાનું હોય તો આ છે, બાકી થોથા છે, કહે છે. પછી ભક્તિ કરે ને વ્રત કરે ને પૂજા કરે ને અપવાસ કરે, એ બધા થોથે થોથાં છે. આહાહા..! આ બધા શું કહેવાય? તીર્થની રક્ષા કરે. જાંજરિજી! તીર્થના મંત્રી છેને ઈ? મક્ષી. એ બધા થોથાં છે, કહે છે. એ બધા વિકલ્પ છે, એ મારામાં નથી. આહાહા..! એય..! સ્વરૂપચંદભાઈ! મારું જીવાસ્તિકાય સ્વરૂપ એમાં હું આ છું, એ સિવાય બીજી ચીજી મારામાં છે નહિ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ મારામાં નથી. આહાહા..! જે ભાવે પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે એ મારામાં નથી, એ મારા નથી. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રનો માર્ગ છે. એ જિનેન્દ્ર કોને કહેવા? આહાહા..!

**‘આમ જે તત્ત્વવેદી...’** ઓહોહો..! સહજાનંદની મૂર્તિ પ્રભુ, એનું જેને જ્ઞાન થઈને તેનો જાણનાર થઈને તેનો વેદનારો થયો. આહાહા..! એ જ્યારે સ્પષ્ટપણે કહે દુનિયાને (કે) માર્ગ આ છે. જેવો જાણ્યો અને અનુભવ્યો એવો માર્ગ દુનિયાને કહે છે. તમને પુણ્યથી ધર્મ થાશે અને જાત્રાથી થાશે, વ્રતથી ધર્મ થાશે એમ ધર્મી કોઈ દિ' કહે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? દાનથી ધર્મ થાશે પાંચ-પચ્ચીસ લાખ ખર્ચે તો. એય..! શાંતિભાઈ! આહાહા..! એ તત્ત્વ આવું છે એવું જાણ્યું છે, જાણ્યું છે સ્પષ્ટ અને તે જ વાત એને કથનમાં એ આવે છે, કહે છે. ગમે તે વાત કરતો હોય, પણ એની અંદરમાં આ વાત છે એ વાત મુખ્યપણે આવે છે, એમ કહે છે. આહાહા..! અહીં મુખ્યપણે કહ્યું નથી. એ તો તત્ત્વની આવી જ વાત કરે બસ. સમજાણું કાંઈ? આહાહા..! આ તત્ત્વ આવું છે એવું જાણ્યું, એવું વેદ્યું, એવું કહ્યું. કહેવાની વાત પ્રરૂપણામાં પણ એ જ પ્રરૂપણા એને આવે. આહાહા..! દેશની સેવા કરો તો આમ થાય, ભગવાનની સેવા કરવાથી કલ્યાણ થાય, એ વાત ધર્મીના મુખમાંથી એ કથન હોઈ શકે નહિ. આહાહા..! કેટલું સંકેલ્યું છે મુનિરાજે!

બે ઠેકાણે તો આવે છે કે અમારા મુખમાંથી પરમાગમ ઝરે છે. આહાહા..! એનો અર્થ કે અમે પરમાગમના જાણનાર અને વેદન—ભાવનાર છીએ. એ આવ્યું હતુંને અંદર, નહિ? પરમ આગમના અભ્યાસ વડે સિદ્ધિને પામે. એ આવ્યું હતું. એ પરમ આગમ એટલે આ અંદર. ભાવજ્ઞાન જે આત્માનું જે એ પરમ આગમ. વાણી અને અક્ષરો અને પુસ્તક એ પરમાગમ તો પર છે. આહાહા..! આવ્યું હતુંને ક્યાંક, નહિ? શેમાં? આમાં જ આવ્યું હતુંને?

આમાં જ આવ્યું. આ રહ્યું. આવ્યું. પરમાગમના અભ્યાસ વડે. એ ૪૭માં. ૪૭ ગાથા, પાનું-૧૦૦. ૧૦૦-૧૦૦ પાનું. બીજો પેરેગ્રાફ ત્રીજી લીટી. નીકળ્યું? બોલો જોઈ, પોપટભાઈ!

**શ્રોતા** :- પરમાગમના...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ, બસ, આવી ગયું. ઓલા ચોપડા જોવે છેને ત્યાં.. એ છે? '**પરમાગમના અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને...**' ભાષા જુઓ, આહાહા..! પરમ આગમ, ભાવસૂત્ર જે છે એનાથી આત્માને જાણ્યો અને વેદ્યો અને એના ભાવશ્રુતના, ભાવજ્ઞાનના અભ્યાસ દ્વારા સિદ્ધપદને પામે છે. સમજાણું કાંઈ? એ મુક્તિને પામે છે. એ આપણે આવ્યું હતું ૪૭ ગાથામાં.

'**આમ જે તત્ત્વવેદી...**' ઓહોહો..! શબ્દ છેને. '**व्यक्तं वक्ति यस्तत्त्ववेदी**' એમ શબ્દ છે. '**इत्थं व्यक्तं वक्ति**' એમ પ્રગટપણે, સ્પષ્ટપણે '**वक्ति**' નામ કહે છે. પણ કહે છે એની સાથે જાણે છે અને વેદે છે ઈ કહે છે, એમ કહે છે. આહાહા..! અરે! વીતરાગ માર્ગ પરમાનંદની પ્રાપ્તિનો ઉપાય. પરમાનંદ, મોક્ષ એટલે પરમ આનંદ. 'અનંતદર્શન, જ્ઞાન, અનંત સમાધિ સુખ' આહાહા..! એવો પરમઆનંદના લાભરૂપી મોક્ષ એનો જે ઉપાય એ આ છે. આહાહા..! આમ જ્યાં-ત્યાં ભટક્યા કરેને, સમ્મેદશિખરથી મળશે, શેત્રુંજયથી મળશે.

**શ્રોતા** :- એ તો એકવાર ગયા હોય તો મળે આ તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય મળે નહિ, લાખ વાર જાય નહિ ત્યાં. 'એકવાર વંદે જો કોઈ...' નથી આવતું? હવે નરકમાં એકાદ ગતિમાં ન જાય એમાં શું દાળિયા થયા? પછી નિગોદ જાશે. આહાહા..!

**શ્રોતા** :- એમાં તો આવે છે કે... મોક્ષ જશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય નથી મોક્ષ. એ તો અહીંયાં મહાવીરકીર્તિ આવ્યા હતાને ત્યારે એણે કહ્યું હતું. અહીં ચાર દિ' રહ્યા હતા. પછી કહે આમ કહ્યું છે. મારી પાસે એક પુસ્તક છે સમ્મેદશિખરનું. જેમ ઓલામાં છેને આને, શેત્રુંજય માહાત્મ્ય શ્વેતાંબરમાં, એમ આ સમ્મેદશિખરનું માહાત્મ્ય છે. શું છે કીધું એમાં? એમાં એમ કહ્યું છે કે સમ્મેદશિખરની જાત્રા કરે, ઈ ૪૯ ભવે મોક્ષ જાય. એ વાણી વીતરાગની નહિ, કીધું. ત્યારે કહે ના... ના... ના... ના... વાત તો,.. પણ તમે કીધું કે ૪૯ ભવે મોક્ષ જાય. પરના દર્શને ૪૯ ભવે મોક્ષ જાય? અનંતવાર દર્શન કર્યા સમ્મેદશિખરના, અરે! સમવસરણમાં ભવે ભવે પૂજિયો અનંત તીર્થંકરોને, એથી શું છે? એ તો શુભભાવ છે એક. એ તો મુક્તિને વિઘ્ન કરનાર છે. આહાહા..! સમજાણું કાંઈ? પહેલાં તો આ જાણે કે આમાં... વીતરાગની વાણી નહિ. આત્મા આશ્રય સિવાય લાભ થાય અને પરને આશ્રયે લાભ થાય આત્માને (એમ કહે) એ વીતરાગની વાણી નહિ. સમજાણું કાંઈ? આહાહા..! અરે! ભાઈ! મૂળ ચીજની પ્રાપ્તિ અને એ મૂળ ચીજનું કથન અલૌકિક વાત છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એને

એમ કહ્યું ભાઈ ઓલા લાલચંદભાઈએ, એને સ્પષ્ટપણે જે કહેને. કીધું કહે નહિ એકલું. કહે એટલે.. કહેવું એટલે શું પણ એ તો? એ જાણે, વેદે અને કહે.

'**તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.**' તે આત્મા '**તે અતિ અપૂર્વ...**' અતિ અપૂર્વ. સિદ્ધપદ અભૂત, ભૂત પર્યાયમાં કોઈ દિ' થઈ નથી. એવી સિદ્ધની, મોક્ષની પર્યાયને (પામે છે). આહાહા..! '**તે અતિ અપૂર્વ...**' અતિ અપૂર્વ. કોઈ દિ' મોક્ષ થયો છે? આહાહા..! આવો તત્ત્વનો વેદી, સ્પષ્ટ વેદી અને તત્ત્વનું સ્પષ્ટપણે કથન કરનારો એનું વાચક આ હોય એમ કહેવું છે. સમજાણું કાંઈ? એની પ્રરૂપણામાં ભાષા આવી હોય. આહાહા..! એ ઓલામાં કહ્યું છેને આત્માવલોકનમાં મૂહૂ-મૂહૂ. મુનિઓ તો વીતરાગભાવને વારંવાર વીતરાગભાવ-વીતરાગભાવ એનું વર્ણન કરે. આહાહા..! ઈ આ. જે આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની અસ્તિનું વેદન જ્ઞાનમાં આવ્યું, એની વાણીમાં પણ આ વીતરાગભાવ આમ પ્રગટે સ્વને આશ્રયે અને એ વીતરાગભાવથી જ મુક્તિ થાય, એ વાત એ કરે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? '**તે અતિ અપૂર્વ...**' ઓહોહો..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય તો ઘણીવાર પામે. એ પામેલો છે અને એમ ને એમ પણ ઘણા ભવમાં રહે, પણ સિદ્ધપદ તો કોઈ દિ' અપૂર્વપદ પામ્યો જ નથી. '**તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.**' કહો, સમજાણું કાંઈ? આહાહા..! લ્યો, એ એક શ્લોક થયો ૫૦નો. આહાહા..!

હવે પાંચ ગાથા આવી. પાંચ ગાથા છેને?

विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं।
संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं।।५१।।
चलमलिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं।
अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं।।५२।।
सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा।
अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी।।५३।।
सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं।
ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि।।५४।।
ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं।
णिच्छणयचारित्ते तवचरणं होदि णिच्छयदो।।५५।।

**શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;**
**સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.**
**ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;**
**આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.**

આ બધી વ્યવહારની વાત છે.

જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે
તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.
સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.

વ્યવહારચારિત્ર અને નિશ્ચયચારિત્ર બેને હું કહીશ. આહાહા..!

વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

આહાહા..! 'ટીકા' એની. ટીકા લેવી છેને?

**શ્રોતા** :- ગાથાનો શબ્દાર્થ લેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગાથાનો શબ્દાર્થ લઈએ, જુઓ, એ અન્વયાર્થ લ્યો, અન્વયાર્થ. છેને અન્વયાર્થ?

'**વિપરીત અભિનિવેશ...**' એટલે અભિપ્રાય, ઊંધો આગ્રહ એ '**રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે;...**' આ વ્યવહારસમકિતની વાત છે. એ કોને હોય? જેને નિશ્ચય હોય એને. નિશ્ચયની પછી વાત કરશે. વિપરીત અભિપ્રાય. એ મોક્ષમાર્ગમાં એ જ આવે છેને ઘણું? વિપરીત અભિપ્રાયરહિત એમ તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યાખ્યામાં એમ આવે છે.

**શ્રોતા** :- તત્ત્વની વ્યાખ્યા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ વ્યાખ્યા જ આવે છે એમાં.

'**વિપરીત...**' ઉલટો '**અભનિવેશરહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે;...**' ટીકામાં એનો ખુલાસો કરશે. '**સંશય, વિમોહ ને વિભ્રમરહિત (જ્ઞાન) તે...**' જ્ઞાન કેવું હોય એનું? સંશય, વિમોહ અને વિભ્રમરહિત એ પણ હજી વ્યવહારજ્ઞાન છે. આહાહા..! પણ જેને નિશ્ચયસમ્યગ્જ્ઞાન હોય એને આવું જ્ઞાન હોય એમ કહેવું છે. આહાહા..! અને '**તે સમ્યગ્જ્ઞાન છે.**' અને '**ચળતા, મલિનતા અને અગાઢતારહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે;...**' ખુલાસો કરશે ટીકામાં. '**હેય અને ઉપાદેય તત્ત્વોને જાણવારૂપ ભાવ તે (સમ્યક્) જ્ઞાન છે.**' વ્યવહારજ્ઞાન છે. એ પણ હજી વ્યવહાર. હેય-ઉપાદેય બે પ્રકાર પડ્યા એમાં. એને હજી વ્યવહારસમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..! એ નિશ્ચયસમકિતીને આવો વ્યવહાર હોય એમ જણાવે છે. આહાહા..!

'**સમ્યક્ત્વનું નિમિત્ત...**' વ્યવહાર સાથે બતાવે છે. આ વ્યવહારસમકિતનું નથી. હવે અહીં નિશ્ચયસમકિત છે. એનું જે નિમિત્ત '**જિનસૂત્ર છે;...**' વ્યવહાર બતાવે છેને ઓલો એની સાથે આ જિનસૂત્ર. વ્યવહારસમકિતનું આવી ગયું. હવે નિશ્ચયસમ્યગ્દર્શન જ્યાં છે એને નિમિત્તરૂપે જિનસૂત્ર હોય છે. વીતરાગની વાણી, પરમાગમની વાણી એને નિમિત્તરૂપે હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ સિવાય, જિનેન્દ્રદેવની વાણી સિવાય જેટલા બીજાઓ

આગમ નામ ધરાવ્યા કે કહ્યા એ નિશ્ચયસમકિતી જીવને એનું નિમિત્ત ન હોય. આહાહા..! પરમેશ્વર વીતરાગ જિનેન્દ્રદેવ એના જે આગમો, એના શ્રીમુખે નીકળેલી વાણી એ નિશ્ચયસમકિતી જીવને જિનસૂત્ર નિમિત્ત હોય છે. આહાહા..!

હવે '**જિનસૂત્ર છે; જિનસૂત્રના જાણનારા પુરુષોને...**' એટલે કે જે જિનસૂત્રના જાણનારા સમકિતી જ્ઞાની છે એ '**(સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ કહ્યા છે,...**' આત્મજ્ઞાન પામનારને, સમ્યગ્દર્શન પામનારને સમ્યગ્દૃષ્ટિ જીવને અંતરંગ હેતુ, એને એનો અભિપ્રાય જાણવો છે તો અંતરંગ હેતુ કહ્યો છે. આહાહા..! છે તો એ બાહ્ય, પણ એના બે પ્રકાર પાડવા છે એટલે આને અંતરંગ હેતુ કહ્યો. આહાહા..! માણસને નિવૃત્તિથી આ વાંચવું એ ક્યાં છે? ચોપડા તપાસવા સાંજ-સવાર જોવા હોય તો જોયા કરે. આટલી તમાકુ આવી અને આટલી તમાકુ ગઈ, ફલાણું-ઢીંકણું. આ તો શેઠને નામે કહ્યું અત્યારે. બીજાને શું કહે? મોઢા આગળ હોય એને કહીએને. કેમ મલૂકચંદભાઈ! તમારે શું ઓલા છોકરાઓને? ઘડિયાળનું. આ છે ને ધૂળ છે ને વા છે. આહાહા..! એક દુકાને ગયા હતા ઘડિયાળમાં તમારે હતું. કોણ હતું ઈ? પુનમચંદની વહુ હતી? ઘડિયાળનું મોટું. પુનમચંદની વહુ ઉભી હતી. એ ત્યાં દેખરેખ (રાખે છે), દુકાનમાં દેખરેખ એ રાખે છે. પગલા કરવા ગયા હતા. ૧૦૦ રૂપિયા મૂક્યા પછી. એનું ગજું કેટલું? પૂનમચંદ હોય તો... આ તો જાણવા જેવી વાત છે. દેખરેખ આખી દુકાનની દેખરેખ. ઘડિયાળ બધી મોટી દુકાન. દુકાન છેને? આહાહા..!

અહીં કહે છે, જિનસૂત્ર ત્રિલોકના નાથની વાણી પરમેશ્વરની. બીજાઓ જે વાણી કરે પરમેશ્વર સિવાય આ શ્વેતાંબરના આગમ એ જિનસૂત્રની વાણી નહિ. સમ્યગ્દૃષ્ટિ પામનારને એ વાણીનું નિમિત્ત ન હોય. આહાહા..! આ તો સ્પષ્ટ છે, બાપુ! વાત આમ છે. આવું છે સ્વરૂપ. બાપુ! કોઈને સંપ્રદાયને દુઃખ લાગે... એ તો તત્ત્વ આવું છે. આહાહા..! પોકાર કરીને તો કહે છે. પહેલો શ્લોક મૂક્યો એની આ વાત હવે વર્ણવે છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવને અંતર આનંદના અનુભવની દૃષ્ટિમાં સમકિત થયું. આહાહા..! એવા ભવના અંત આવ્યા જ્યાં, એવા સમ્યગ્દૃષ્ટિને વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રદેવના મુખથી નીકળેલા આગમ તે નિમિત્ત હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! મુનિઓ કે સમકિતી કહે એ એમનું કહે છે ઈ. એ જિનવાણી છે બધી. આહાહા..! સમજાણું કાંઈ? અને એ સમકિત પામેલા જીવો, ધર્મને પામેલા જીવો એ સમકિત પામનારને અંતરંગ હેતુ કહેવામાં આવે છે. છે તો નિમિત્ત બાહ્ય, પણ એને અંતરંગ કહ્યું.

'**કારણ કે તેમને દર્શનમોહનું ક્ષયાદિક છે.**' જે નિમિત્ત કહ્યા સમકિતી, જે સમ્યગ્દૃષ્ટિ પામનારને સમકિતી નિમિત્ત કહ્યા એ જીવને '**દર્શનમોહનું ક્ષયાદિક છે.**' એને કાં ક્ષાયિક સમકિત છે કાં ઉપશમ છે અને કાં ક્ષયોપશમ છે. એમાં પણ વાંધો છે બધાને. એમ કે એ સમકિતી પામનારની આ વાત કરી છે એમ કહે છે. એમ નથી. અમારે હિંમતભાઈએ

એ ખુલાસો બહુ કર્યો હતો તે દિ'. આ ચાલતું હતુંને. ૯૯-૯૯ની સાલ નહિ? ૯૯માં આ નિયમસાર ચાલતું હતું. ૧૫મી ગાથા નહિ? કારણપર્યાયની. ભાઈ હતા તે દિ', ઓલા ભીંડવાળા નંદલાલજી. ૯૯માં પોષ મહિનામાં હતા અને આ ચાલતી હતી ઓલી ૧૫મી ગાથાનો ન્યાય. એમાં પછી આ ગાથા આવી હતી. તેમાં બીજાઓ એવો અર્થ કરે છે કે સમ્યક્ પામનારને જિનસૂત્ર નિમિત્ત, પણ સમકિત પામનારને અંતરંગમાં અંતર હેતુ દર્શનમોહનો ક્ષય, ક્ષયોપશમ ને ક્ષાયિક એમ એ લોકો કહે છે. પામનારને આમ કહે છે. એમ નથી અહીં. પામનાર તો સમકિત પામે છે એનું નિમિત્ત કોણ? કે જિનસૂત્ર. અને એનો અંતરંગ હેતુ નિમિત્ત કોણ? કે જેને ક્ષાયિકસમકિત, ઉપશમ અને ક્ષયોપશમ છે એ જીવ આ સમકિત પામનારને અંતરંગ હેતુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ બહુ અભ્યાસ કરવો પડશે. ઉપરટપકે કાંઈ હાથ આવે એવું નથી. આહાહા..! અરે! આવો અવસર ક્યારે આવે, ભાઈ? આહાહા..! મનુષ્યપણાની એક-એક સમયની કિંમત ધર્મને માટે એની કિંમતુ બહુ છે. ધર્મને માટે હોં! આહાહા..!

શ્રીમદ્ કહે છેને કાંઈક, નહિ? ભાષા કાંઈક કીધી છે. મણિ. મણિરત્ન કાંઈક કીધું છે. એ નહિ.. કૌસ્તુભમણિ, ઈ. એ કહી છે એણે. આહાહા..! કૌસ્તુભમણિની કિંમત કરતા... બહુ ઉંચી ચક્રવર્તીને એ હોય છે, એ કિંમત કરતા મનુષ્યપણાનો એક સમય ધર્મને માટે દુર્લભ છે. આહાહા..! સંસારીના ભોગ ને વેપાર માટે નહિ. આહાહા..! કૌસ્તુભ મણિનો દાખલો આપ્યો છે. કૌસ્તુભમણિ અલૌકિક રત્ન છે. જેની અબજોની કિંમત હોય. એ ચક્રવર્તીને ઘરે હોય અને વાસુદેવને હોય.

શ્રીકૃષ્ણ જ્યારે કૌસુંબી વનમાં બાણ વાગ્યું છેને ત્યારે એને કૌસ્તુભમણિ હતું. વાસુદેવ, જેને ઘરે હજારો દેવ સેવા કરતાં. છેવટે સ્થિતિ એવી થઈ અને એના ભાઈ હતા મોટા ભાઈ ઓરમાન. એ જંગલમાં રહેતા. કારણ કે ભગવાને કીધેલું નેમિનાથ ભગવાને કે આ.. શું નામ એનું? ભૂલી ગયા. જરાકુમાર. આ જરાકુમારને હાથે આ પ્રમાણે દેહ છૂટશે. એટલે બિચારો જંગલમાં વયો ગયો. અરરર! આહાહા..! જંગલમાં ચાલ્યો અને ભીલના કપડા એવા, જંગલમાં શિકાર કરે અને એમાં જિંદગી ગાળે. આહાહા..! એમાં કૃષ્ણજી પધાર્યા ત્યાં બળભદ્ર અને ઈ બેય હોં. આહાહા..! એમાં એ જરાસંઘનું બાણ (વાગ્યું). કારણ કે ઉત્તમ પુરુષને આમ પગ મૂકીને સૂતા હતા. ચકમક રત્ન પગમાં. .. પુરુષને. એટલે રતન જેવી આંખ લાગી કે આ હરણ છે કોક. એટલે ઓલાએ બાણ માર્યું. ભાઈ છે સગા, પુરુષોત્તમ પુરુષ છે. આહાહા..! એટલે પછી આમ નજીક આવે છે ત્યાં, અરે ભાઈ! તમે કોણ છો? હાય.. હાય.. જેને માટે હું વન સેવું એ અહીં ક્યાં મારા અભાગ્યે આવી ગયું. આહાહા..! પછી કહે, ભાઈ! તું મુંઝા નહિ, બાપુ! તું પાંડવ પાસે જા. કૌસ્તુભમણિની વાત છે એટલે કહું છું. એની પાસે ઉંચામાં ઉંચી કૌસ્તુભમણિ બહુ ઉંચું. વાસુદેવ અને ચક્રવર્તીને હોય, બીજાને

હોય નહિ. તું આ લઈ જા. અને પાંડવને કહેજે કે હું આ રીતે આવ્યો છું, તમે મને સહાય કરો. આહાહા..!

અહીં કહે છે કે એ કૌસ્તુભ મણિની કિંમત કરતા પણ મનુષ્યના દેહના એક સમયની કિંમતું (વધારે છે). આહાહા..! પણ ધર્મને માટે હોં એ. રળવા માટે ને ભોગ માટે ને આબરૂ મેળવવા માટે અને મોટા મકાનના હજીરા ચણાવીને, બહાર ઉંચા પડવા માટે,... એ મનુષ્યની કિંમત નથી. આહાહા..!

કહે છે, અહીંયાં તો સમ્યગ્દર્શન, આત્માનું દર્શન, અનુભવ એમાં નિમિત્ત કોણ હોય? ઉપાદાન તો એનું છે. નિમિત્ત વીતરાગની વાણી હોય. ત્રણલોકના નાથ પરમાગમની વાણી જેને અર્થરૂપે નીકળી છે અને જેને ગણધર સૂત્રે રૂપે ગુંથી છે. આહાહા..! આપણે અહીં મૂક્યું નહોતું ઓલું? વાણી આવી છે, સૌભાગ્ય જેને પ્રાપ્ત (થાય).

**શ્રોતા** :- દિવ્યધ્વનિનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, દિવ્યધ્વનિનું સૌભાગ્ય પ્રાપ્ત થાય સમસ્ત જીવને. બીજું પણ કાંઈક કાઢ્યું હતું બે. આહલાદ. ત્રીજું પાછું નીકળ્યું આજે. ઓલી ગાથામાં આવે છેને? જિનેન્દ્ર વાણી ખરે છે. અમૃતવાણી. આ કળશમાં. પહેલાં કળશ નહિ ઓલી કાંતિ એવ. પહેલાં કળશો છેને? સમયસારના પહેલાં કળશો એમાં આવે છેને. કેટલામું ઈ છે? ૨૬-૨૭.

ભગવાન કેવા છે? જેઓ કાંતિથી દશે દિશાઓને ધોવે છે. એવી તો શરીરની કાંતિ છે ભગવાનની. સૂર્ય પણ જેની પાસે ગણતરીમાં નથી એવું તો તેજ છે. '**નિર્મળ કરે છે, પોતાના તેજ વડે ઉત્કૃષ્ટ તેજવાળા સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે. પોતાના રૂપથી લોકોના મન હરિ લે છે,...**' એ તો ઠીક. હવે કહેવું છે આ. જેઓ, '**દિવ્યધ્વનિ-વાણીથી (ભવ્યોના) કાનોમાં સાક્ષાત્ સુખ-અમૃત વરસાવે છે.**' ભાષા. આહાહા..! સમજાણું કાંઈ? એમ લખ્યું છે. જુઓ, ૨૪મા શ્લોકમાં છે. ૨૪માં છે. સમજાણું? દિવ્યધ્વનિ વીતરાગની, જિનેન્દ્રદેવની વાણી. કહે છે કે '**દિવ્યધ્વનિ-વાણીથી (ભવ્યોના) કાનોમાં...**' ભવ્ય જે પાત્ર છે એને કાનમાં પડે ભગવાનની વાણી. આહાહા..! જાણે કે '**સાક્ષાત્ સુખ-અમૃત વરસાવે છે...**' આહાહા..! કેમકે અમૃતના ભાવને કહે છે એટલે વાણી જાણે અમૃતમય હોય એમ અહીં કીધું છે. એમ કહ્યુંને? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસમૂળ...' એ વાણી તો વાણી છે, પણ વાણીમાં વીતરાગતાનો વરસાદ વરસે છે. આહાહા..! અમૃતમય ભગવાન આત્મા એની દશાનું વર્ણન અને એ કેમ પમાય એ દિવ્યધ્વનિમાં આવે છે, કહે છે. આહાહા..! કાનોમાં જાણે સાક્ષાત્ અમૃત હોય એવું સુખ ઉત્પન્ન કરે. જુઓ અહીં તો કહે છે.

વાણી ભવ્યજીવને દિવ્યધ્વનિ સાંભળતા... આમ તો અનંતવાર ગયો, પણ આ તો આવો જીવ લીધો છે કે જેને સાંભળવું સફળ થયું છે. આહાહા..! જેણે દિવ્યધ્વનિ સાંભળી અમૃત જાણે આવતું હોય કાનમાં. અમૃત રેડાતું હોય એવી વાણી છે, કહે છે. આહાહા..! સમજાણું

કાંઈ? એ અહીંયાં આપણે કહેવું છે જુઓ.

'**(સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ...**' પહેલું તો '**જિનસૂત્ર જાણનારા પુરુષો...**' એટલે જિનસૂત્ર. નિમિત્ત તો એક જિનસૂત્ર, પણ જિનસૂત્ર આ. દિવ્યધ્વનિથી આવેલો ઉપદેશ સૂત્ર આગમ એ નિમિત્ત છે. આહાહા..! અને '**જિનસૂત્રના જાણનારા પુરુષો...**' એટલે સમ્યગ્દૃષ્ટિ જીવો એ '**(સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ કહ્યા છે,...**' સમકિત પામનારને સમકિતી જીવો અંતરંગ હેતુઓ કહ્યા છે. અંતરંગ નિમિત્ત. સમજાણું કાંઈ? આહાહા..! '**કારણ કે...**' સમ્યગ્દૃષ્ટિ જીવ જેને અહીંયાં સમકિત પામનારને અંતરંગ નિમિત્ત કહ્યું એ જીવ. દર્શનમોહ આદિ છેને? '**તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.**' એનો અર્થ ઓલા ફેરવે છે કે એ તો સમકિત પામનારને દર્શનમોહના ક્ષયાદિની વાત છે. ઓલા અંતરંગહેતુ કહ્યા છે ખરાને અને એવું બીજે ઠેકાણે આવે છે. અંતરંગ હેતુ. પણ અહીં એ વાત નથી. અહીં તો પૂર્ણાનંદનો નાથ જ્યાં સમકિત પામે છે એને જિનસૂત્ર બાહ્યનિમિત્ત છે અને સમકિતી જીવો એ અંતરંગનિમિત્ત છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? બે વાત લીધી—વીતરાગની વાણી શબ્દો જે છે એ જે સમકિતી કહે છે એ બાહ્યનિમિત્ત છે અને જ્ઞાનીનો જે અભિપ્રાય છે એને અહીંયાં અંતરંગનિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવું બધું. કેટલી અટપટી વાત છે!

'**સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે,...**' છેને? શબ્દાર્થ. મોક્ષને માટે સમકિત હોય છે. '**સમ્યજ્ઞાન હોય છે, ચારિત્ર** (પણ) **હોય છે; તેથી હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ.**' વ્યવહારચારિત્ર કેવું એને કહીશ, નિશ્ચયચારિત્ર કેવું એને હું કહીશ. '**વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ હોય છે;...**' એટલે છઠ્ઠે ગુણસ્થાને વ્યવહાર વિકલ્પ પંચમહાવ્રતાદિનો ભાવ એ વ્યવહારનયનું તપશ્ચરણ એટલે મુનિપણું એ વ્યવહારે હોય છે. પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતવાળાને એની વાત છે. જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા છે એને, એનો વ્યવહાર આવો હોય. પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એવું એને વ્યવહારનયનું વ્યવહારચારિત્ર હોય. આહાહા..! એટલે એમ ન સમજવું કે આ વ્યવહારચારિત્ર છે એ સમકિત વિના પણ હોય. એવો અર્થ નથી. આહાહા..! ફક્ત નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંતને નિશ્ચયમુનિપણું છે તે નિશ્ચયચારિત્ર છે અને એ ભૂમિકામાં જે વ્યવહારચારિત્ર છે તો વ્યવહારનયે તે (વ્યવહારચારિત્ર) છે. આહાહા..! અરેરે! આવું. છે?

'**વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ...**' તપશ્ચરણ એટલે મુનિપણું. અને '**નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયથી તપશ્ચરણ હોય છે.**' એ મુનિપણું એની બેયની વ્યાખ્યા કરશે નીચે. જેને ભગવાન આત્માના અંતરમાં નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન અને નિશ્ચયચારિત્ર એ નિશ્ચયમુનિપણું અને નિશ્ચયસાધુપણું. અને તે ભૂમિકામાં પંચમહાવ્રતાદિના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન, નવ તત્ત્વ આદિની શ્રદ્ધા એ વ્યવહારચારિત્ર છે. પંચમહાવ્રતના પરિણામ

આદિ વ્યવહારચારિત્ર. આને પણ હોં! સાચા મુનિને. અજ્ઞાનીને વ્યવહાર કેવા? જેને હજી પુણ્યથી ધર્મ થાય, દેહની ક્રિયા હું કરી શકું છું, આવા માનનાર મિથ્યાદષ્ટિને તો વ્યવહાર અને નિશ્ચય એક્કેય નથી.

**શ્રોતા** :- નિશ્ચય હોય તો વ્યવહાર હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હોય છે. એ કહેશે. બેય કહેશે.

'**ટીકા :- આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.**' છે? બેય. નિશ્ચય સ્વાશ્રય, વ્યવહાર પરાશ્રય, બેયનું કથન આમાં છે. આહાહા..! હવે પહેલા વ્યવહારની વ્યાખ્યા કરે છે. '**પ્રથમ, ભેદોપચાર-રત્નત્રય...**' ભેદ-ઉપચાર એટલે વ્યવહાર. અભેદ-અનુપચાર એ નિશ્ચય. સમજાણું કાંઈ? વસ્તુની અંતર વસ્તુનું, એ પહેલું કીધુંને જીવાસ્તિકાય પૂર્ણ, એની અંતરમાં અંતર્મુખ થઈને એની પ્રતીત સમ્યગ્દર્શન, એનું જ્ઞાન, એનું જ્ઞાન અને એમાં સ્થિરતા એ અભેદ અનુપચાર મોક્ષમાર્ગ છે એટલે કે એ નિશ્ચયમોક્ષમાર્ગ છે એટલે કે એ નિશ્ચયમુનિપણું છે અને એને આ ભેદોપચાર એટલે વ્યવહાર (હોય છે).

'**ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે :— વિપરીત અભિનિવેશરહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...**' વ્યવહાર છે ખરોને. નિશ્ચય સાક્ષાત્ હેતુ. વ્યવહાર પરંપરા હેતુ સમકિતીને કહેવામાં આવે છે. આહાહા..! '**વિપરીત અભિનિવેશ...**' એટલે અભિપ્રાય '**રહિત...**' હજી તો આ વ્યવહારશ્રદ્ધાની વાત ચાલે છે હોં. એમાં પણ વિપરીત અભિનિવેશરહિત હોય છે એને. આહાહા..! '**એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...**' મુક્તિનું પરંપરા કારણ. સિદ્ધપદ, મોક્ષપદ આનંદના નાથ પૂર્ણ દશાની પ્રાપ્તિ, એનું આ વ્યવહાર સમકિત પરંપરા હેતુ કહેવાય છે. કારણ કે એને ટાળીને પછી સ્થિર થશે. એ '**પરંપરાહેતુભૂત ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું...**' ત્રણલોકના નાથ અને પરમેશ્વર પાંચ—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. એ તે કોણ છે એ પાંચ પદ! આહાહા..! જે નિશ્ચયરત્નત્રય પ્રાપ્ત છે અને છદ્મસ્થ આચાર્ય આદિને વ્યવહાર પણ છે. કેવળીને, સિદ્ધને તો એકલું નિશ્ચય સ્વરૂપ છે. આહાહા..!

'**ભગવંત પંચપરમેષ્ઠી...**' વ્યવહારસમકિતીને શું હોય છે? કહે છે. નિશ્ચયસમકિતવંતને વ્યવહારસમકિતમાં '**ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતા રહિત...**' એ ત્રણ દોષ છે ચળ, મલિન આદિ એ ખુલાસો કરશે. '**ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું...**' નિશ્ચળ, ચળે નહિ એવી પરમાત્મા પંચપરમેષ્ઠીની ભક્તિ એવો શુભરાગ. આહાહા..! સમજાણું કાંઈ? '**તે જ સમ્યક્ત્વ છે.**' વ્યવહાર '**વિષ્ણુ-બ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ...**' જગતમાં સર્વવ્યાપક છે અને કોઈ કર્તા છે એવા માનનારા અને બ્રહ્માદિના માનનારા, જગતને બ્રહ્મ ઉત્પન્ન કરે એવા. એના કથિત જે પદાર્થ '**વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ...**' છે. વ્યવહારસમકિતમાં એની શ્રદ્ધાનો અભાવ

છે. આહાહા..! 'તે જ **સમ્યક્ત્વ છે—એવો અર્થ** છે.'

નિશ્ચય સત્ય મુનિપણું છે, સ્વભાવને આશ્રયે પ્રગટેલી દર્શન, જ્ઞાન અને ચારિત્ર દશા (છે) એને પરાશ્રયનો વ્યવહારસમકિત આવો હોય છે. છે તો પરાશ્રય, પણ પરાશ્રયમાં પરમેષ્ઠીની, ભગવંત પંચપરમેષ્ઠી ભગવંતનો આશ્રય તે શુભભાવ છે. આહાહા..! સમજાણું? એને વ્યવહાર એવો હોય. સમકિતી કહે, અમે સમકિતી છીએ અને માને પછી બીજા ગમે તેને. એમ ન હોઈ શકે એમ કહે છે. આહાહા..! '**સંશય, વિમોહ ને વિભ્રમરહિત** (**જ્ઞાન**)...' એનો ખુલાસો કરશે હોં! '**સંશય, વિમોહ ને વિભ્રમરહિત** (**જ્ઞાન**) **તે જ સમ્યગ્જ્ઞાન** છે.' વ્યવહાર. '**ત્યાં જિન દેવ હશે કે શિવ દેવ હશે** (**-એવો શંકારૂપભાવ**) **તે સંશય** છે;...' આહાહા..! એ જેને ન હોય. એ વ્યવહારસમકિત કહેવામાં આવે છે. આહાહા..!

'**શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય**...' બુદ્ધિ. શાક્ય એટલે બૌદ્ધ. બૌદ્ધ આદિના કહેલામાં. આહાહા..! જુઓને ઓલા અત્યારે ચીમન ચકુએ નાખ્યું છે. બેય મોક્ષે ગયા. બૌદ્ધ મોક્ષ ગયા છે અને મહાવીર મોક્ષ ગયા છે. ગજબ કરે છે! કોઈ સામું જોનાર છે? આ એના અગ્રેસર સ્થાનકવાસીના. છેને ભાઈ! તમે ઓળખોને? ચીમનલાલ ચકુ છેને. એનો લેખ આવ્યો છે મોટો. પહેલો લેખ આવ્યો હતો વેદાંતનો. વેદાંત એ સત્ય છે. જૈનને માન્ય નથી. એમ કરીને આવ્યું હતું. પછી આ ફેરી એ આવ્યું છે કે બૌદ્ધ અને મહાવીર બેય મોક્ષ પધાર્યા છે. અહીં કહે છે કે બૌદ્ધના કહેલા વસ્તુમાં નિર્ણય એ મિથ્યાત્વ છે. સમજાણું? એને એ ન હોય. વ્યવહારસમકિત, નિશ્ચિયસમકિતવાળાને વ્યવહારસમકિતમાં બૌદ્ધ આદિના કહેલાની શ્રદ્ધા હોય નહિ. આહાહા..! એમ કે બૌદ્ધે પણ ધર્મ કહ્યો છેને. સમકિતી કહ્યું, સમાધિ કહી. એવા શબ્દો આવે. શબ્દો આવે તો શું થયું?

**શ્રોતા** :- નમો અરિહંતાણં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બોલે છે. એમાં શું છે? ભાષા બોલે તો શું થઈ ગયું?

'**શાક્યાદિ**...' સર્વજ્ઞ સિવાય જેટલા મતના કહેલા શાસ્ત્રો એનો નિર્ણય તે સંશય છે. એ વ્યવહારસમકિતમાં હોય નહિ. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૨, રવિવાર, તા. ૦૭-૦૯-૧૯૭૫,**
**ગાથા-૫૧ થી ૫૫, પ્રવચન નં. ૨૮**

સમ્યગ્દર્શન થવું એ પ્રથમ ધર્મની પહેલી સીઢી. આહાહા..! એ વિના જ્ઞાન પણ સાચું ન હોય અને એ વિના ચારિત્ર પણ હોઈ શકે નહિ. આહાહા..! એવું જે નિશ્ચયસમ્યગ્દર્શન સ્વના અનુભવમાં પ્રતીતિ એની સાથે વ્યવહારસમકિત કેવું હોય એની વાત ચાલે છે. એમ નિશ્ચયસ્વસંવેદનજ્ઞાન એની સાથે વ્યવહારરૂપ જ્ઞાન કેવું હોય એની વાત ચાલે છે. નિશ્ચય અંદર સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્ર ચરવું, રમવું, આનંદમાં રમે એવું નિશ્ચયચારિત્ર એની સાથે વ્યવહારચારિત્ર કેવું હોય એની વ્યાખ્યા છે. સમજાય છે કાંઈ? કેટલી શરતું અને કેટલા બોલ આમાં કોને યાદ રાખવા? એ કરતા વ્રત પાળવા અને અપવાસ કરવા, થઈ રહ્યું જાવ. વ્રત પાળે તો સંવર થાય અને અપવાસ કરે તો નિર્જરા થાય. અજ્ઞાની એમ માને. આહાહા..! એ તો અજ્ઞાનમાં અનાદિથી એવું તો માન્યું એણે. આહાહા..! આ આત્મા એ વ્રત અને અવ્રત કે પુણ્ય-પાપના ભાવથી રહિત સ્વરૂપ એનું છે. એની જ્યાં સુધી દૃષ્ટિ સમ્યક્ અંતર અનુભવથી ન થાય ત્યાં સુધી એને વ્રત ને ચારિત્ર એકેય હોય નહિ. એકડા વિનાના મીંડા છે બધા. આહાહા..! ભારે વાત આ તો, ભાઈ! એથી અહીં કહે છે કે આ રત્નત્રયનું સ્વરૂપ એટલે નિશ્ચય અને વ્યવહાર. એમાં પહેલું ભેદરત્નત્રય એટલે વ્યવહાર '**આ પ્રમાણે છે :- વિપરી અભિનિવેશરહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...**' વ્યવહારસમકિત એ શુભરાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ નિશ્ચય..

**શ્રોતા :-** વાત તો કરો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ નહિ. નિશ્ચય જે આત્માનો નિર્વિકલ્પ અનુભવ એમાં જે પ્રતીતિ આનંદનો સ્વાદ,.... મુક્તિના પરંપરા હેતુ. વ્યવહાર છેને?

'**ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું...**' પરમાત્મા પંચપરમેષ્ઠી—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સાધુ સાચા એવા '**પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતારહિત ઉપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું...**' ચળે નહિ એવી વ્યવહારે ભક્તિ ભગવાનની પણ. આહાહા..! એને અહીંયાં વ્યવહારસમકિત એટલે રાગભાવ કહેવામાં આવે છે. આહાહા..! '**નિશ્ચળ ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે.**' એ વ્યવહાર એટલે શુભરાગ. આહાહા..! '**વિષ્ણુ-બ્રહ્માકથિત વિપરીત પદાર્થસમૂહ...**' વિષ્ણુ અને બ્રહ્મા આદિએ કહેલા તત્ત્વો એના '**અભિનિવેશનો અભાવ...**' એનો જેને આગ્રહ છૂટી ગયો છે. આહાહા..! '**તે જ સમ્યક્ત્વ છે—એવો અર્થ છે.**' આ બાજુ અસ્તિથી લીધું, અહીં નાસ્તિથી લીધું. હજી વ્યવહારમાં

હોં આ. આહાહા..! ક્યાં નવરાશ માણસને. બે ઘડી નવરાશ કલાક થાય, સાંભળવા જાય એમાં માથે વાત કરે એ જય નારાયણ. અરેરે! જિંદગી જાય છે, ભાઈ! મનુષ્યપણું આમ ચાલ્યું જાય છે અને આંખ મીંચાશે એટલે ક્યાંય ઉડીને જશે રખડતો. આહાહા..! જેમ વંટોળિયાનું તરણું. વંટોળિયો સમજો છો? બબુલા. વંટોળિયાનું તરણું ઉડીને ક્યાં જાય? એમ જેને હજી સમ્યગ્દર્શન નથી, એની શ્રદ્ધાના ભાન નથી એવા ભલે વ્રત પાળતા હોય, તપસ્યા કરતાં હોય, પણ મિથ્યાદૃષ્ટિ જીવ રખડીને ક્યાં પડશે ચાર ગતિમાં? આહાહા..! સમજાણું કાંઈ?

એને અહીંયાં રખડવાના બંધનો ઉપાય બતાવે છે કે જેને ભગવાન આત્મા... કહેશે, અભેદનું પછી કહેશે. અભેદ અનુપચાર છેને? એ જ્ઞાયક જેનો સ્વભાવ. ભગવાન આત્માનો તો જાણવું-દેખવું એ જ સ્વભાવ, બસ. રાગનું કરવું કે રાગનું છોડવું એ વસ્તુમાં છે નહિ. આહાહા..! એવો જ્ઞાનનો પિંડ પ્રભુ, જ્ઞાનનું ધોકડુ આત્મા છે. આહાહા..! એની ખબર ન મળે. એવો જે જ્ઞાયકસ્વભાવ એની અંતરમાં સ્વસન્મુખ થઈને સમ્યક્ પ્રતીતિ, સમ્યક્ થવું એને સાચું સમ્યગ્દર્શન કહે છે. એને વ્યવહારસમકિત કેવું હોય એની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે. વિષ્ણુ-બ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ...**' એણે કહેલા અભિનિવેશનો જેને અભાવ હોય તો તે સમ્યક્ વ્યવહારસમકિત છે એમ કહેવામાં આવે છે. આહાહા..! પણ આ પણ સાચા અને આ પણ સાચા (એમ માનતા હોય) એને તો મિથ્યાત્વભાવ છે. વ્યવહારમિથ્યાત્વભાવ હોં. નિશ્ચય (મિથ્યાત્વ) તો છે, પણ વ્યવહાર (મિથ્યાત્વભાવ છે). આહાહા..! સમજાણું કાંઈ? હવે જ્ઞાનની વાત કરે છે.

'**સંશય, વિમોહ ને વિભ્રમરહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે.**' વ્યવહારજ્ઞાન હજી હોં આ. નિશ્ચય જેને આત્મા વેદન સમ્યગ્દર્શનસહિત જ્ઞાનમાંથી જ્ઞાનનું વેદન આવ્યું હોય, જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એમાંથી જ્ઞાનની દશા આવી હોય એ સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! ..જીવને વ્યવહારજ્ઞાન કેવું હોય? આવા જીવને હોં! આહાહા..! '**જિન દેવ હશે કે શિવ દેવ હશે...**' ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એ દેવ હશે? કે આ શંકર, બ્રહ્મા ને વિષ્ણુ એ દેવ હશે? આહાહા..! '**(-એવો શંકારૂપભાવ)...**' એનાથી રહિતભાવ તે વ્યવહારજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આ અંબાજી ને જ્યાં ત્યાં ફોડે છેને માથા, નહિ ત્યાં? એય..! આહાહા..! કાંઈ ભાન ન મળે. બુટ કોણ અને માતા કોણ? અંબાજી કોણ? બધી અજ્ઞાનીની ભ્રમણા છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવાની ગણતરી અહીં છે જ નહિ. આહાહા..!

અહીં તો કહે છે કે જિન પરમેશ્વર ત્રણલોકના નાથ સર્વજ્ઞ જિનેન્દ્રદેવ જેના જ્ઞાનમાં જણાણા છે કે આવા દેવ હોય. વ્યવહારની વાત છે હોં હજી આ. એ શિવ દેવ હશે કે

ભગવાન સાચા હશે? '**તે સંશય છે;...**' એ સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયવંતને વ્યવહારમાં આવો સંશય એને હોય નહિ. આહાહા..! '**શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય (અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થોનો નિર્ણય) તે વિમોહ છે.**' વિ-મોહ, વિશેષ મોહ મિથ્યાભ્રમ છે. બૌદ્ધે કહેલા. આહાહા..! સમજાણું કાંઈ? એ કહ્યું હતું. કાલે આવ્યું હતુંને. જૈનપ્રકાશમાં આવ્યું હતું. ચીમન ચકુએ (લખ્યું હતું) કે બૌદ્ધ અને મહાવીર બેય મોક્ષ પધાર્યા છે. અરરર! આ શું કરે છે? આહાહા..! બૌદ્ધ પણ મોક્ષ ગયા છે. આહાહા..! અહીં કહે છે કે એ બૌદ્ધની કહેલી વસ્તુનો નિર્ણય તે મૂઢતા છે. આહાહા..! સમજાણું કાંઈ? બુદ્ધ આદિ કહ્યું છેને? પછી એ બૌદ્ધ આદિ જે અજ્ઞાની બધા. જેને દેવ, વેદાંત આદિના કહેલા તત્ત્વો એનો નિર્ણય અંદર જેને રહે એ વિમોહ-મિથ્યાત્વભાવ છે. આહાહા..!

અજ્ઞાનપણું. વસ્તુ શું છે એ સંબંધી અજાણ. કાંઈ આપણને ખબર પડતી નથી. આહાહા..! એક આમ કહે, એક આમ કહે, એમાં કોનું માનવું અમારે? આપણને કાંઈ ખબર પડતી નથી. એવા જે અજ્ઞાની. આહાહા..! વિભ્રમ છે. વિભ્રમ અધ્યવસાય. આહાહા..! કાંઈ આપણું મગજ કામ કરતું નથી, બાપા! આ સાચું હશે કે આ સાચું હશે એવો જે વિભ્રમભાવ એનાથી રહિત વ્યવહારજ્ઞાન એનું સાચું હોય છે. આહાહા..! સર્વજ્ઞ કહેલા શાસ્ત્રો, એ દિગંબર શાસ્ત્રો તે શાસ્ત્રો ભગવાનના કહેલા છે. એ સિવાય બીજા શાસ્ત્રો એ ભગવાનના કહેલા નથી.

**શ્રોતા :-** શાસ્ત્રનો જ અર્થ પંડીતો પણ કરે છે અને આપ પણ કરો છો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અર્થ કરે છે. ભાન વિનાના અર્થ કરે એમાં શું? નિશ્ચય એનો અર્થ શું છે એના (જ્ઞાન) વિના અર્થ કરે એટલે? અંગ્રેજી અને ગુજરાતીમાં લખ્યું હોય અને બાળક બીજો અ, આ, ઉ એમ વાંચે. એને તો કોઈ શબ્દની સાથે સંધિ કેમ કરવી એની પણ ખબર ન હોય એને. કીધું હતુંને, બા-જ-રો. અહીં પાલિતાણામાં દરબાર ગુજરી ગયેલા. પછી એક ગોરો આવ્યો. શું કહેવાય? અંગ્રેજ એનો વહિવટ કરવા. ગુજરી ગયા હતા માનસિંહજી. માનસિંહજી પછી હતા. પહેલાં... અમે એને જોયા છે ગોરાને. ગારિયાધાર આવ્યો હતો ઘોડે ચડીને. હું ગારિયાધાર હતો. આ તો ૧૨-૧૩ વર્ષની ઉંમરની વાત છે. ત્યારે ઓલા ગોરાને કાંઈ ખબર નહિ. બા...જ...રો... કે..વો...પાક્યો છે? એમ બોલતો. બા..જ..રો.. એમ બોલતો. બા-જરો. એને આ ભાષા ગુજરાતીની શી ખબર? વહિવટ કરવા આવ્યો હતો. ઓલા દરબાર ગુજરી ગયાને. બહાદુરસિંહજી નાના હતા ત્યારે. ... ત્યાં જોયું હતું. આહાહા..!

અહીં કહે છે કે અજ્ઞાની જે ગુરુઓ જે બુદ્ધ આદિ એમના કહેલા પદાર્થો કેમ હશે? આપણને કાંઈ ખબર પડતી નથી. એની વાત સાચી હશે? કે આ જિનેન્દ્ર કહે તે સાચી હશે? અને એને માનનારા પણ લાખો-કરોડો માણસ છેને. તો કાંઈક હશે કે નહિ એમાં? એમ અજ્ઞાનીને અજાણપણું એ વિભ્રમ છે. આહાહા..! અજ્ઞાન છે. એ જ્ઞાનીને હોતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને '**પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે.**'

વ્યવહાર. સાવદ્યયોગના પરિણામ, અશુભ પરિણામનો ત્યાગ અને શુભ પરિણામનું થવું એને વ્યવહારચારિત્રનો આરોપ કહેવામાં આવે છે. આહાહા..!

**શ્રોતા :-** શુભનો વારો આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો વારો એમાં છે એવું જણાવે નહિ? નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવો હોય, બીજો વ્યવહાર હોય નહિ. કુદેવ, કુશાસ્ત્રની શ્રદ્ધા ન હોય. શેઠ! મોટા હોય ત્યાં બેસાડે જ્યાં-ત્યાં. જય નારાયણ કરવું પડે ત્યાં. વ્યવહારમાં ગોટા છે એમ કહે છે. નિશ્ચય તો એને હોય જ નહિ. આહાહા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મુખ્ય નહિ આ તો અહીં મોટા શેઠ એટલે... એવું સાંભળ્યું હતું કે કોક અન્યમતિમાં મોઢા આગળ બેસાડ્યા હતા. એવું સાંભળ્યું હતું. શું હશે એ તો એને ખબર છે. પૈસાવાળા માણસ અને કાંઈક પૈસા આપશે. મોટપ તરીકે. જય નારાયણ તો કરવું પડે. જઈને એમ ને એમ બેસી રહેવાય છે? સમજાણું કાંઈ? પોપટભાઈ! એ માર્ગ નથી. આહાહા..! અરે! જન્મ-જરા-મરણરહિત થવાનો માર્ગ, અંતરનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ. અને એની સાથે બહિર્ શ્રદ્ધા, બહિર્ જ્ઞાન આવું હોય, એની સાથે અશુભ પરિણામના ત્યાગનું શુભભાવનું વ્યવહારચારિત્ર આવું હોય એ વાત જણાવે છે. આહાહા..! એ આદરણીય નથી, પણ આવ્યા વિના રહેતું નથી. આહાહા..!

'**આમ ભેદોપચાર-**' એટલે વ્યવહાર. '**રત્નત્રય...**' એટલે વ્યવહારસમકિત, વ્યવહારજ્ઞાન અને વ્યવહારચારિત્ર એ શુભભાવ એની '**પરિણતિ છે.**' એની પર્યાયમાં દશા એવી છે શુભભાવની. આહાહા..! '**તેમાં, જિનપ્રણીત...**' વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે જે '**હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન કહ્યું...**' એ હેય-ઉપાદેયનું જ્ઞાન છે તે પણ વ્યવહારજ્ઞાન છે. આહાહા..! આ છોડવા જેવું છે, આ આદરવા જેવું છે એ બધો વ્યવહાર છે, કહે છે. આહાહા..!

'**આ સમ્યક્ત્વપરિણામનું...**' આ એટલે હવે તો નિશ્ચયસમકિતની વાત છે આમાં. આ રત્નત્રય છેને માથે કહ્યું હતું. હવે એ રત્નત્રય માયલું '**સમ્યક્ત્વપરિણામનું બાહ્યસહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું...**' સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ વીતરાગ સુખામૃતના પૂર્ણ અનુભવી. આહાહા..! એના મુખથી નીકળેલી જે વાણી એને સૂત્ર કહેવામાં આવે છે. '**પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ...**' આને દ્રવ્યશ્રુત કહીએ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના મુખથી નીકળેલી વાણી એને દ્રવ્યશ્રુત કહેવામાં આવે છે. અજ્ઞાનીએ કલ્પીને આગમ બનાવ્યા એને દ્રવ્યશ્રુત પણ કહેવામાં આવતા નથી. આહાહા..! ભારે આકરી વાત, બાપુ! આહાહા..! હિતની વાત તો ભાઈ આવી છે, બાપુ! આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એના મુખે નીકળેલી વાણી એને અહીં દ્રવ્યશ્રુત કહેવામાં આવે છે. આહાહા..! એ '**દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' બાહ્યસહકારીકારણ. સમ્યગ્દૃષ્ટિ જીવને, ધર્મીને વીતરાગની વાણી જે છે

એ બાહ્યનિમિત્તરૂપે હોય છે. આહાહા..! વીતરાગની વાણી સિવાય બાહ્યનિમિત્ત બીજું હોઈ શકે નહિ. આહાહા..! અજાણ્યા માણસને તો ભારે કઠણ પડે એવું લાગે. પરિચય ન મળે સત્યનો, કાંઈ અભ્યાસ ન મળે. એમ ને એમ જિંદગી જગતના પાપના મજૂરી કરીને જિંદગી ગાળે. બાયડી, છોકરા સાચવવા, વેપાર કરવો, ધંધો કરવો એ બધી મજૂરી પાપની કરી જિંદગી ચાલી જાય છે. આહાહા..!

આત્મામાં મારું શું કરવું? મારું કેમ થાય? એની દરકાર નથી. આહાહા..! હું ક્યાં જઈશ મરીને? કારણ કે આત્મા તો નિત્ય છે. શરીર નાશ થશે એટલે આત્મા નાશ થશે? એ આત્મા તો ક્યાંક જશે. ક્યાં જશે? તો જેની દૃષ્ટિ મિથ્યાત્વમાં છે તો એ મિથ્યાત્વમાં રહેશે ભવિષ્યમાં. આહાહા..! અને એવા ભાવસહિત નરક ને તિર્યંચમાં નિગોદમાં રહેશે ઈ. આહાહા..! મનુષ્યના ભવ સપના જેવા થઈ જશે બાપુ એને. આહાહા..! આ તો પાંચ-પચાસ વર્ષની જિંદગી. બહુ તો પોણોસો, એંશી લ્યોને. આહાહા..!

જેને વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની વાણી કોને કહેવી એની જેને ખબરું નથી. આહાહા..! સમજાણું કાંઈ? તો સમ્યગ્દૃષ્ટિ જીવને, ધર્મ અંતરમાં સમ્યક્ અનુભવ પ્રતીત થઈ છે એને બાહ્યસહકારી નિમિત્ત હોય તો વીતરાગ સર્વજ્ઞના મુખથી નીકળેલી વાણી હોય નિમિત્ત. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ગોટો ચાલ્યો છેને. પહેલું સમજવું કઠણ પડે એવું છે, શું થાય? ભગવાનના શ્રીમુખે નીકળેલી આ વાણી છે. આહાહા..! પરમાત્મા બિરાજે છે સીમંધર ભગવાન. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. મહાવિદેહ છે આમ. આહાહા..! સમવસરણ છે. ઈન્દ્રો, નાગ ને વાઘ ને ઈન્દ્રો આવે છે એની સભામાં. એ વર્તમાન મનુષ્ય ક્ષેત્રે પરમાત્મા બિરાજે છે. જેને જીવંતસ્વામી કહીએ, જીવતા સ્વામી. મહાવીર ભગવાન આદિ તો સિદ્ધમાં ગયા, મોક્ષ ગયા, એ તો મોક્ષ પધાર્યા. એ કાંઈ હવે અહીં મનુષ્યપણામાં છે નહિ. એ તો સિદ્ધપદ નમો સિદ્ધાંણ થઈ ગયા. એમ આ નમો અરિહંતાણંમાં છે. આહાહા..! જીવતા સ્વામી એને કહીએ છીએ. જીવંતસ્વામી.

કહ્યું હતુંને એક ફેરી? અમે ગયા હતા બયાનામાં. બયાના છેને હિન્દુસ્તાન? અહીંની સીમંધર ભગવાનની પ્રતિમા સ્થાપી. અહીં થયું એ બહાર આવી વાત કે અહીં સીમંધર ભગવાન નથીને? ચોવીસ તીર્થંકરમાંથી નહિ અને સીમંધર ભગવાનની કેમ સ્થાપી? એટલે પછી એમ ને એમ પૂજા કરતાં. બયાના છે ત્યાં. સાથે બધા હતા. ભાઈ હતા. પ્રભુભાઈ ઘીયા-ઘીયા કરોડપતિ સાથે હતા. બધા ઘણા માણસો પાંચસો માણસ હતા. સીમંધર ભગવાનની પ્રતિમાની નીચે નામ લખ્યું હતું જીવંતસ્વામી. પણ આડી બીજી પ્રતિમાઓ હતી એટલે વાંચી શકાતું નહોતું. પછી એક જણાએ ઓલું કાઢીને વાંચ્યું કે આ તો જીવંતસ્વામી. એ કોણ? સીમંધર ભગવાનની પાંચસો વર્ષ પહેલાંની પ્રતિષ્ઠા કરેલી. જીવંતસ્વામી કોણ? અરે..! જીવંતસ્વામી બાપુ જીવતા પ્રભુ છે. તીર્થંકરદેવ મહાવિદેહક્ષેત્રમાં પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય

છે. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. રાડ નાખી જાય એવું છે માણસ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ. એવા કરોડ પૂર્વનું આયુષ્ય પ્રભુનું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ભગવાનની વાણી આવી છે. એ એમ કહે છે, પ્રભુ! કે જિનની વાણી સિવાય સમકિતીને બાહ્યસહકારીકારણ બીજું હોઈ શકે નહિ. આહાહા..! સ્વરૂપચંદભાઈ! આ બધું શું કરવું ગયા કાળનું? આહાહા..!

'**દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' જોયું! એ દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન વ્યવહાર. બાહ્યસહકારી. ભગવાનની વાણી એ અંદર મોઢેથી ન બોલે એ. ભગવાન તીર્થંકર પૂર્ણ પરમાત્મા છે. એને આમ બોલીએ એમ એને ન હોય. એને કંઠ ધ્રુજે નહિ, હોઠ હલે નહિ અને આખા શરીરમાંથી ૐ ધ્વનિ ઉઠે. એમાં બધા શાસ્ત્ર આવી જાય. 'ૐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' ભગવાનની ૐ ધ્વનિ સાંભળીને ત્યાં સંતો ગણધર મુનિ જે ચાર જ્ઞાનના ધણી એ એના અર્થને સૂત્રરૂપે ગુંથે. આહાહા..! એવા સૂત્રને સમકિતી સાચા જીવને બાહ્યસહકારી નિમિત્ત હોય તો આ સૂત્ર નિમિત્ત હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! શ્વેતાંબરના શાસ્ત્રો એ ભગવાનના કહેલા નથી. એ તો એણે કલ્પિત બનાવ્યા છે બધા. ભાઈ! આકરું પડે, પ્રભુ! વાડામાં કેટલાય ભવ ગાળ્યા હોય. આહાહા..! એને એમ લાગે કે આ શું છે? ભાઈ! માર્ગ તો આવો છે, બાપુ! આહાહા..! જિનેશ્વરદેવના કહેલા સૂત્રો એનું જ્ઞાની, ધર્મી જીવને બાહ્યનિમિત્ત એને હોય છે. એને બાહ્ય બીજું નિમિત્ત હોય વીતરાગની વાણી સિવાય એમ હોઈ શકે નહિ. આહાહા..! એક વાત.

'**જે મુમુક્ષુઓ છે...**' હવે કહે છે કે જે જીવો બીજા સમકિતી છે, જ્ઞાની છે, સંત છે, મુમુક્ષુઓ છે '**તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' આહાહા..! ઝીણી વાત છે થોડી, ભાઈ! વીતરાગની વાણી બાહ્યસહકારી કહ્યું. અને એ ધર્માત્માનો જે અભિપ્રાય એને છે તો એ બાહ્ય, એથી કહ્યુંને જુઓ, '**જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને...**' છે તો એ વ્યવહાર અને બાહ્યનિમિત્ત, પણ એ જ્ઞાનીને જે કહેવું છે, શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા છે એનું ભાન તે સમકિતદર્શન છે. એમાં સ્થિરતા તે ચારિત્ર એવો જે ભગવાનની વાણીનો અભિપ્રાય જેને અંદર પરિણમ્યો છે એવા જીવો સમકિત પામનારને, સમકિતી જીવને અંતરંગહેતુ કહેવામાં આવ્યા છે. આહાહા..! છે તો બહિર હેતુ પણ ઉપચારથી અંતરંગહેતુ કહ્યા છે. છેને? જુઓ, '**તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' કારણ કે જે સમકિતી જે પદાર્થની વાત કરે એ યથાર્થ કરે છે. આહાહા..! એવા '**પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' સમકિતી જીવ, જ્ઞાની જીવ, બીજાને સમકિતી જીવને ભગવાનની વાણી બાહ્યસહકારી નિમિત્ત અને ધર્માત્મા જે છે એ સમકિતી જીવને અંતરંગહેતુ ઉપચારથી કહેવામાં આવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! માર્ગ વીતરાગનો જિનેન્દ્રદેવનો માર્ગ કોઈ અપૂર્વ છે! એને એક સેકન્ડ પણ અનંતકાળમાં

કોઈ દિ' એણે રુચિપૂર્વક સાંભળ્યો નથી. આહાહા..! ભગવાનને શું કહેવું છે અને એમની વાણીમાં સાર શું આવે છે, એ એણે સાંભળ્યો નથી. અરેરે!

અહીં કહે છે. આ મુમુક્ષુ છે એટલે ઓલો સમકિતી, સમકિતવાળો અહીં ન લેવો. અહીં તો સમકિતી બીજો જીવ. મુમુક્ષુ એટલે બીજો જીવ સમકિતી, જ્ઞાની, ચારિત્રવંત હોય, તે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી સમકિતી જીવને પદાર્થના નિર્ણયના નિમિત્તભૂત હોવાથી અંતરંગ હેતુ ઉપચારથી કહેવામાં આવ્યા છે.

**શ્રોતા :-** ભગવાનની વાણી અને જ્ઞાનીનો અભિપ્રાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભિપ્રાય બે છે. એનું જોર અહીં આપ્યું છે. અભિપ્રાય શું છે? એનો આશય શું છે? હાર્દ શું છે? હૃદય શું છે? મર્મ શું છે? આહાહા..! એવો જે જ્ઞાનીનો અભિપ્રાય તે સમકિતી જીવને અંતર હેતુ ઉપચારથી-વ્યવહારથી કહેવામાં આવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'કારણ કે **તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.**' કોને? જે સમકિતી જીવ બીજો છે, સમકિતી જીવને અંતરંગ હેતુ બીજો જીવ છે એ જીવને દર્શનમોહનો ક્ષયોપશમ, ક્ષય હોય છે. એવા જીવનો અભિપ્રાય અંતર હેતુ સમકિતીને કહેવામાં આવે છે. આહાહા..! એય..! જયંતિભાઈ! સાંભળ્યું ન હોય એમ ને એમ દીધે રાખે. પોષા કરો, સામાયિક કરો ને પડિક્કમણા કરો... આહાહા..! એ ધર્મ અને દાનાદિ કરવું એ પુણ્ય. આહાહા..! ધૂળેય ધર્મ નથી, સાંભળને! તારા સમાયિક ને પોષા ને પડિક્કમણામાં તો રાગની મંદતા હોય તો મિથ્યાત્વસહિત પુણ્ય શુભભાવ છે. આહા..હા..! માર્ગ એવો, બાપુ! આ તો ભગવાનના માર્ગનું રહસ્ય આ છે. અને સંતો જ્ઞાનીઓએ આમ કહ્યું છે. એવા અભિપ્રાયને, સમ્યગ્દૃષ્ટિ, ધર્મી જીવને એનો અભિપ્રાય ઉપચારથી અંતરંગહેતુ (છે), છે તો બાહ્ય એ પણ, પણ વધારે જોર દેવા એને અંતરંગ હેતુ ઉપચારથી કહ્યો છે. આહાહા..!

જ્યાં જન્મ-મરણના અંત લાવવા છે. આહાહા..! ભવસીંધુ ચોર્યાશીના દરિયે રખડે છે અનાદિથી, ભાઈ! એને ખબર નથી. આહાહા..! એ ચોર્યાશીના અવતાર નિગોદના બટાટા, શક્કરકંદ, લીલ, ફુગ, કાય, એક શ્વાસમાં અઢાર ભવ કરે એવા તો અનંતવાર કર્યા ત્યાં. આહાહા..! ભૂલી ગયો. કાંઈક માણસ થયો અને પંચેન્દ્રિય ઠીક મળી. એમાં બાયડી, છોકરા કાંઈક ઠીક મળે અને એમાં પાંચ-પચાસ લાખ પૈસા મળે અને હજીરા થાય બે-ચાર મોટા. હજીરા એટલે આ મકાન મોટા. હજીરા સમજો છો? લોટિયા વોરાને દાટે એને હજીરા કહે. જામનગરમાં હજીરા છે. જામનગર છેને? નદીને કાંઠે હજીરા છે. લોટિયા વોરા હોયને. લોટિયા વોરા નથી સમજતા? ઓલી ટોપી રાખે. એને જ્યારે દાટે એ સ્થાનને હજીરો કહે છે. જામનગરમાં મોટા હજીરા છે નદીને કાંઠે. એમ આનો પાંચ-પચીસ લાખનો હજીરો મોટો હોય. આ શેઠને છ લાખનો હજીરો છે એ રહે છે ઈ. નાના શેઠને મોટો ઘણા લાખોનું મકાન. ત્યાં અમે

ઉતર્યા હતા. હમણા ચાર દિ' ગયા હતાને. ત્યાં ફરતા હતાને તો કેટલી દવાઓ, કેટલી .. શેઠ! ભાઈ જ્યાં સૂતા હતાને, ત્યાં અમે આહાર કરીને ફરીએને, ત્યાં જરી ગયા હતા. ડાબલીઓ ને ફલાણું ને ઢીંકણું કાંઈક પડેલું. દવા-બવા જુદી-જુદી જાતની લેતા હશેને. આહાહા..! અરેરે! એવા કરોડો-અબજોના મકાનોમાં રહેનારો જીવ, પણ એ તો ધૂળના ઢગલા છે. આહાહા..! એમાં આત્મા શું છે એની જેને ખબર નથી એ બધા હજીરામાં પડ્યા છે.

જેને સમ્યગ્દર્શન વિનાના જીવને ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે કે એ ચાલતા મડદા છે. આહાહા..! જેની જીવન ચીજ પોતાનું ટકવું કોણ છે? કેવડું છે? ક્યાં છે? એવી જીવનની જ્યોતની જેને શ્રદ્ધા અને જ્ઞાન નથી, એ બધા જીવતા મડદાં છે. આહાહા..! એમ પાઠમાં શબ છે, ચાલતા શબ. આહાહા..! આ મરી જાય ત્યારે ઠાઠડી ઉપાડીને લઈ જાય છે આમ. આ બિચારા પોતે ચાલે છે, પણ મરી ગયેલા મડદાં છે કહે છે. જીવનની જ્યોતને, પુણ્યથી ધર્મ થાય, પુણ્ય એ મારા, શરીર એ મારા, આ બાયડી-છોકરા મારા, મારી નાખ્યો આત્માને, એના જીવનનું ખૂન કર્યું એણે. કેમકે એ આત્મા જ્ઞાતા-દ્રષ્ટાના સ્વભાવથી, જીવનથી ભરેલું તત્ત્વ છે. એને જીવતો એમ ન માન્યો અને એને આ બધા બાયડી મારી, છોકરા મારા, વહુ મારી... આહાહા..!

બે પગવાળો માણસ ત્યાં સુધી માણસ કહેવાય. બાયડી પરણે ત્યારે ચાર પગ થાય એને એટલે ઢોર થયો. ઢોરને ચાર પગ હોય. એમાં વળી છોકરો થાય તો છ પગ થાય એ ભમરો થયો. ભમરાને છ પગ હોય. અને છોકરાને જ્યારે બાયડી થાય એટલે આઠ પગ થયા એ કરોળિયો થયો. કરોળિયાને આઠ પગ હોય. એય..! ધુતારાની ટોળી ઈ બધી છે. આહાહા..! નિયમસારમાં પાઠ છે. પોતાની આજીવિકા માટે ધુતારાની ટોળી તને મળી છે, ઠગ છે બધા. બાયડી, છોકરા, દીકરા, દીકરીયું બધા ઠગ છે. ધુતારાની ટોળી તને મળી અને એને તું મારા માને છે. અરે..! તારી મૂર્ખાઈના પાર નથી, કહે છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! એમાં જરી બાયડી ઠીક હોય, સારા ઘરથી આવી હોય પૈસા લઈને. કાંઈક શું કહે? કરિયાવર, દહેજ. ત્યાં આહાહા..!

એક બે વવરુ હતી એને થઈ તકરાર. એમાં એક વહુ પુરતી આવેલી પૈસા વિના અને એક વહુ પૈસા લઈને આવેલી. પૈસા લઈને એટલે? પૈસા દીધેલા એમ. દેવા પડ્યા અને વહુ આવેલી. એમાં બેય વહુને તકરાર થઈ. તકરાર કરતાં... કરતાં... કરતાં... જે પૈસા વિના મફતની આવી એ ઓલાને જરી બોલે છે ઓલી વહુને. ત્યારે ઓલી વહુ કે તું તો મફતમાં આવી છો અને મારા બાપે તો પૈસા લીધા છે. તું તો અહીં મફતમાં આવી છો વગર પૈસે. જુઓ, આ .. કાળા કેરને. એય..! શેઠ! અત્યારે વહુઓ બધી તકરાર કરે તો બધું એવું કરે. કરતાં-કરતાં બોલે કોઈને ખબર નથી. લ્યો! કુકડા વિના વેણા નહિ વાતા હોય, તારા વિના નહિ ચાલતું હોય, એમ બોલે. આ કુકડો બોલેને સવારમાં. કુકડો બોલેને કુકડો.

આમ બોલે છે. ઓહોહો..! કુકડા વિના વેણા નહિ વાતા હોય એમને? વેણુ તો વાશે કુકડા વિના, એમ તારા વિના ચાલશે અમારે, એમ બોલે. આવી વાતું! અરે! પ્રભુ! શું કરે છે તું આ? કોને તું દુશ્મન માને છો અને કોને તું શત્રુ માને છો? એ તો બધી ચીજ પર છે. તારામાં નથી, તારી નથી, તેમાં તું નથી. આહાહા..! અરેરે! એને ખબર નથી તત્ત્વની.

અહીં કહે છે કે એ વિકલ્પ પણ મારો નથી, તો વિકલ્પના નિમિત્તો પરપદાર્થ બાયડી, છોકરા તો મારા ત્રણકાળમાં નથી. હું છું એ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપથી ભરેલો પદાર્થ છું. આહાહા..! જ્ઞાયકસ્વભાવથી ભરેલો પદાર્થ, તું તો જગતના પદાર્થનો જ્ઞાતા વ્યવહારે છો. આહાહા..! એવા સમકિતી જીવને, બીજા સમકિતી જેને દર્શનમોહનો ક્ષય, ક્ષયોપશમ થયો છે એ જીવનો અભિપ્રાય આવા જ સમકિતી જીવને અંતરંગહેતુ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવું બોલે અત્યારે (કે) તમે હાથ પકડીને કેમ લાવ્યા? કરવું પડશે બધું. ઢીંકણું કરવું પડશે...

એક તો મોટો રાજા હતો ત્રણ કરોડની ઉપજવાળો અને એની રાણી હતી. રાજા કાંઈક બોલવા ગયો. રાણી કહે કે જુઓ દરબાર! અમે પણ ગરાસણીની દીકરી છીએ હોં! ધ્યાન રાખીને બોલજો. હાય.. હાય.. નામઠામ નથી આપતા પણ ખબર છે. આહાહા..! દરબારને ત્રણ કરોડની ઉપજ હતી અને બાયડી એવી ફાટેલી, સારા રાજથી આવેલી. ધ્યાન રાખીને બોલજો, અમે પણ ગરાસણી છીએ. અમે કાંઈ સાધારણ માણસ નથી. ઓલો રાડ નાખી ગયો. હાય.. હાય.. હવે આ કહેવું કોને? આ સંસાર આવો છે હોં બધો. આહાહા..!

અહીં કહે છે, જેને સમ્યગ્દર્શન આત્મા પૂર્ણાનંદનો નાથ એની સમ્યક્ ધર્મની શરૂઆત જેને થઈ છે, ધર્મની જેને દશા પ્રગટી છે એના અભિપ્રાયને આ સમકિતીને અંતરંગહેતુ કહેવામાં આવે છે. આહાહા..! પંચાસ્તિકાયમાં આવે છેને, ૧૪૮ ગાથામાં. યોગને બાહ્ય કહે છે અને કષાયને અંતર કહે છે. એ બેમાં કાંઈક... આહાહા..! એ વાત વ્યવહારની થઈ. હવે નિશ્ચય કોને કહેવું? સાચું કોને કહેવું? આ વ્યવહારની છે એટલે અસત્યદર્શન, જ્ઞાન અને ચારિત્રની વાત અસત્યની કરી. વ્યવહારની કહો કે અસત્યની કહો. આહાહા..! હવે સત્ય દર્શન-જ્ઞાન-ચારિત્ર કેવા હોય? નિશ્ચય કેવા હોય? એની હવે વ્યાખ્યા કરે છે. આહાહા..!

**'અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને,...'** ભેદ જ્યાં નથી અને જ્યાં ઉપચાર નથી. એક રત્નત્રયપરિણતિવાળો, જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ અંતરથી પ્રગટેલો છે. એવી પરિણતિવાળો એની પરિણતિમાં વીતરાગતા પરિણમી છે. આહાહા..! વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્રની રમણતા. આહાહા..! એ નગ્ન મુનિને હોય છે. વ્યવહારવાળો આવો હોય એને આવું હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! જેની બાહ્યદશા નગ્ન થઈ છે, જેના બાહ્યમાં જેણે પંચમહાવ્રતના વિકલ્પ બાહ્ય એ આસ્રવ છે વ્યવહાર, એને અંતરમાં... આહાહા..! પૂર્ણાનંદનો નાથ ઢંઢોળીને, શોધીને કાઢ્યો

છે અંદરથી. સમજાણું કાંઈ? આવો ઉપદેશ કેવો? આવો ઉપદેશ ધર્મકથા આટલા બધા માણસમાં? કાંઈક એને સમજાય વ્રત કરો, અપવાસ કરો, ચોવિહાર કરો, કંદમૂળ ન ખાવા. અરે! ભગવાન સાંભળ, બાપુ! એ બધી વાતું તો રાગની મંદતાના શુભની ક્રિયાની વાત છે, એ ધર્મ નહિ. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવેને? એમ હશે? લસણ ખાતા-ખાતા. ઓલા ઢોકળામાં નથી ઓલા ઢોકળા. ઢોકળા કરે છેને બાયું, પછી માથે લસણનો મસાલો પાથરે આમ. કટકા કરીને પછી ઘીમાં કે તેલમાં અહીં ગળા સુધી ગળસ્યા હોય પછી એને કસ્તુરીનો ઓડકાર આવતો હશે? લસણનો ઓડકાર આવે સારૈયો. એમ જેણે એકલી વ્યવહારની ક્રિયા દયા, દાન, વ્રતના પરિણામ કર્યા છે.. આહાહા..! એને તો રાગનો ઓડકાર આવે, વિકારનો ઓડકાર આવે. આહાહા..! ઓડકાર સમજો છો? ડકાર નથી કહેતા? આહાહા..! ઓહો..! માર્ગ શું છે એની ખબરેય ન મળે. અરે..! એનું શું થાય? ક્યાં જાશે? અહીં એના હજીરા અને પૈસા બધા પડ્યા રહેશે. શરીરનો ટૂકડે ટૂકડો અહીં પડ્યો રહેશે. હાય.. હાય.. આહાહા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આમ ત્યાં હતું કે દિ' તમારે ત્યાં ગામડામાં. એ તો બાયડી મળી ત્યારે કહે ઓહો..! સારી ગરાસણી મળી ને આહાહા..! પોતે ભલે સાધારણ હોય. પણ ખુશ. ગરાસ એને ઘરે છે. રોટલા સારા મળશે. આહાહા..! અરે..! ભગવાન! બાપુ! એ તારી ચીજ નહિ, રોટલા એ બીજી ચીજ છે. આહાહા..!

અહીં એ કહે છે કે '**અભેદ-**' સાચું ઉપચાર વિનાનું રત્નત્રય. સાચા સમ્યગ્દર્શન, સાચું જ્ઞાન અને સાચું ચારિત્ર એવા '**જીવને, ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...**' ભગવાન આત્માનો સ્વભાવ. આહાહા..! જ્ઞાયક જેનો સ્વભાવ છે. ટાંકણે કરીને ખોદીને અદબદનાથ આમ કાઢ્યા હોયને પત્થરમાં, એમ અહીં વગર ટાંકણે ખોદે અંદર અદબદનાથ પ્રભુ છે. એકલો જ્ઞાનનો સાગર છે. આહાહા..! અરેરે! ક્યાં જોવો? જ્યાં છે ત્યાં નજર ન મળે અને નથી ત્યાં નજરું કરે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે '**અભેદ-અનુપચાર...**' વાસ્તવિક રત્નત્રયની પર્યાયની પરિણતિવાળા જીવોને '**ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...**' ઓહોહો..! એકલો જાણક... જાણક... જાણક... જાણક... જ્ઞાતા... જ્ઞાતા.. જ્ઞાતા... જેમાં અલ્પજ્ઞતા નથી અને જેમાં રાગનો વિકલ્પ દયા, દાનનો જેમાં નથી. આહાહા..!

'**જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...**' જુઓ, આ પારિણામિકભાવની વાત છે એકલી. જેને ક્ષયોપશમ અને ક્ષાયિક પર્યાય પણ નથી. આહાહા..! ટંકોત્કીર્ણ, જાણે વગર ખોદે અંદર પડ્યો છે પ્રભુ! ધ્રુવસ્વરૂપ ધ્રુવ નિત્ય પ્રભુ છે. એક વર્તમાન દશા-અવસ્થા એને છોડીને એ તત્ત્વ આખું પૂર્ણાનંદથી ભરેલું તત્ત્વ છે. આકરી વાતું, ભાઈ! આહાહા..! બીડી વિના ચાલે નહી, તમાકુ વિના ચાલે નહિ, બે બીડીયું પીવે સીગારેટ ત્યારે ભાઈસાહેબને પાયખાને જંગલ ઉતરે. હવે આવાને કહે કે આવો આત્મા. ક્યાં બેસે એને! સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ જ કીધુંને અજ્ઞાનીને ટેવ પડી છે રખડવાની. એ કુટેવ છે. આહાહા..!

પ્રભુ! તું આવો છો હોં સાંભળ, ભાઈ! આહાહા..! એકલો જ્ઞાનના રસનો સાગરસ્વરૂપ તારું છે. એમાં અલ્પજ્ઞતા પણ નથી અને એમાં પુણ્ય-પાપના, દયા, દાનના વિકલ્પ પણ એમાં નથી. આહાહા..! દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો જે જ્ઞાયકસ્વભાવ ભગવાન આત્મા એ વિપરીત વિકારના ભાવવાળો નથી, એ કર્મવાળો નથી. એ બાયડી-છોકરાવાળો એ આત્મા નથી. આહાહા..! એને અહીં ભગવાન આત્મા કહે છે. સમજાણું કાંઈ?

**'એવા નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે,...'** એની શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન છે. આ સાચું સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? જ્ઞાયકસ્વભાવથી ભરેલો સાગર દરિયો ઉછળે છે, જેમાં જ્ઞાન અને આનંદના હિલોળા પડ્યા છે અંદર, આહાહા..! એવો જે જ્ઞાયક એક સ્વભાવ. પર્યાયના અનેક પ્રકાર એ નહિ, કહે છે. આહાહા..! એની સન્મુખ થઈને, એનો આશ્રય લઈને જે સમકિત થાય એ સાચું સમકિત છે. એવા જીવને ઓલા વ્યવહારસમકિતની વાત કરી પહેલી. એવા જીવને હોં! આહાહા..! ચોખામાં બારદાન હોયને એ આ વ્યવહારરત્નત્રય એ બારદાન છે અને નિશ્ચય છે એ ચોખો છે-વસ્તુ માલ છે. પણ તોળે ત્યારે ગુણમાં એમ કહેવાય કે ચાર મણ અને અઢી શેર. પણ અઢી શેર તો કોથળો છે. એ કાંઈ ચોખા ઘટે તો કાંઈ કોથળો રંધાતો નથી. આહાહા..! એમ આત્માનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ તો માલ છે અને વ્યવહારત્નત્રયની જે વાત કરી એ તો બારદાન છે. સમજાણું કાંઈ? આહાહા..!

શું કીધું? કે **'જેનો એક સ્વભાવ છે એવા નિજપરમતત્ત્વ...'** એવું નિજપરમતત્ત્વ. જ્ઞાયક જેનો એકરૂપ જાણવા-દેખવાનો એકરૂપ સ્વભાવ છે. ત્રિકાળ જ્ઞાયકભાવથી ભરેલો સ્વભાવ છે. એવો જે એક સ્વભાવ. આહાહા..! એવું જે નિજપરમતત્ત્વ, એવું જે નિજપરમતત્ત્વ એની શ્રદ્ધા વડે સમકિત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વડે સિદ્ધપર્યાય પામે છે એમ કહેવું છે. આ અભેદ ને નિશ્ચય ને... અમારે મૂળચંદજીને એક પૂછ્યું હતું મગનભાઈએ. આ મગન મોદી. નવરંગભાઈના બાપ. ત્યાં આવી ગયા હતા. ઘણા વર્ષની વાત છે. એણે પૂછ્યું કે મહારાજ આ દ્રવ્યકર્મ અને ભાવકર્મ કોને કહેવા? એ જૈનમાં એવું દ્રવ્ય અને ભાવ છે નહિ. એ જૈનના બેરિસ્ટર કહેવાતા. આહાહા..! એઈ..! ગયા હતા કે નહિ તમે? ૯૮માં ગુજરી ગયા. આહાહા..! અરેરે! હજી એને દ્રવ્યકર્મ, ભાવકર્મ બે પ્રકાર છે એની ખબરું ન મળે અને અમે સાધુ છીએ. આહાહા..! એવો ખુલાસો સ્પષ્ટ નથી. બાકી તો અનુયોગ દ્વારમાં છે. ચાર નિક્ષેપ .. બધામાં ઉતારવા. એમાંથી કાઢતા અમે, એમાંથી કાઢતા. આહાહા..! ચાર નિક્ષેપ છેને? દરેક પદાર્થમાં ચાર ઉતારવા. ત્યારે કર્મ પણ પદાર્થ

છે અને ચાર ઉતારવા. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ.

... આને સમ્યગ્દર્શન કહેવાય છે. ધર્મની પહેલી સીઢી, પહેલું પગથિયું. નિસરણીએ ચડતા પહેલું પગથિયું આવેને, પછી બીજું, ત્રીજું, ચોથું, એમ આ પહેલું પગથિયું. જ્ઞાયકભાવ પૂર્ણાનંદનો નાથ પૂર્ણસ્વરૂપ તે એક સ્વભાવે છે. ભેદ નથી, અનેકતા નથી, વિવિધતા નથી એવો જે મારો એક સ્વભાવ. આહાહા..!

એવું જે નિજપરમતત્ત્વ, એવું જે પોતાનું નિજપરમતત્ત્વ ત્રિકાળી તેની શ્રદ્ધા વડે સિદ્ધિને પામે છે. સમજાણું કાંઈ? છેલ્લે લેશે, અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. ઓલામાં નહોતું લીધું વ્યવહારમાં કે આનાથી થાય છે. એ તો વ્યવહાર જણાવ્યો હતો. અને આનાથી તો મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ '**નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે,...**' મુક્તિ થાય છે. સિદ્ધની અભૂતપૂર્વ, પૂર્વે પર્યાય પ્રગટી નથી સિદ્ધની એ આવા સમકિત દ્વારા સિદ્ધપર્યાય પ્રાપ્ત થાય છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અને '**તદ્જ્ઞાનમાત્ર એવા અંતર્મુખ પરમબોધ વડે...**' આહાહા..! '(**–તે નિજપરમતત્ત્વ જ્ઞાનમાત્રસ્વરૂપ) એવા અંતર્મુખ પરમબોધ...**' અંતર્મુખ વસ્તુનો પરમબોધ શાસ્ત્ર જ્ઞાનાદિ બોધ બાહ્ય છે. આ '**અંતર્મુખ પરમબોધ વડે અને તે-રૂપે (અર્થાત્ નિજ પરમ તત્ત્વરૂપે)...**' જ્ઞાન થવું તે મુક્તિનો ઉપાય છે. ઓલો વ્યવહાર જણાવ્યો, પણ એ મુક્તિનું કારણ છે એમ ન કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..! આ વ્યવહાર ને નિશ્ચય ને વળી બધી ભાંજગડ કેટલી? માંડ નવરા (થઈને) એક કલાક આવે, માથે જે પાટે જે બેસે એ જય નારાયણ. જી હા.. જી હા... કર્યા કરે, લ્યો! એય..! જયંતિભાઈ!

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળતો ખરો, બાપુ! તારા સમકિતદર્શનના લક્ષણ શું અને સમ્યગ્જ્ઞાનના લક્ષણ શું, એ વસ્તુ તો જો. આહાહા..! એ વસ્તુ જે છે જ્ઞાયકભાવથી ભરેલો પદાર્થ એનું જ્ઞાન. આહાહા..! એનું તદ્જ્ઞાન છેને? '**તદ્જ્ઞાનમાત્ર એવા અંતર્મુખ પરમબોધ વડે અને તે-રૂપે...**' સમ્યગ્જ્ઞાન છે તે જ્ઞાનથી મુક્તિ થાય છે. ત્રીજો બોલ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૩, સોમવાર, તા. ૦૮-૦૯-૧૯૭૫, ગાથા-૫૧ થી ૫૫, કળશ-૭૫, પ્રવચન નં. ૨૯

નિશ્ચયની વાત ફરીને લઈએ. જુઓ, છેલ્લો પેરેગ્રાફ છેને. **'અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને,...'** એટલે? જેને અભેદ અને ઉપચાર નહિ એટલે નિશ્ચય એવું જેને રત્નત્રય—સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર (પ્રગટ થયા છે) એવા પરિણતિ અવસ્થાવાળા જીવને **'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે,...'** જ્ઞાયકસ્વભાવ, ધ્રુવસ્વભાવ, સામાન્ય ચૈતન્યસ્વભાવ એવો જેનો સ્વભાવ છે. જોયું! એવો જેનો સ્વભાવ છે. એવું નિજપરમતત્ત્વ. એવો સ્વભાવવાન એમ. આહાહા..! જેનો ત્રિકાળ જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... ધ્રુવભાવ એવો સ્વભાવ જેનો છે એવું નિજપરમતત્ત્વ. પોતાનું પરમતત્ત્વ આત્મા. આહાહા..! એમની તત્ત્વની શ્રદ્ધા વડે એ સમકિત. આ નિશ્ચયસમકિત, સાચું સમકિત, યથાર્થ સમકિત, ધર્મનો પહેલો પાયો, મોક્ષમાર્ગમાં ત્રણ પ્રકારનો પહેલો આ એક અવયવ. સમજાણું કાંઈ? આહાહા..!

જ્ઞાયકસ્વભાવ જેનો જ્ઞાન ત્રિકાળ સ્વભાવ એવું જે નિજપરમતત્ત્વ. આહાહા..! એની શ્રદ્ધા વડે અભૂતપૂર્વ સિદ્ધપદ થાય છે. પહેલાં વ્યવહારથી શું થાય એ વાત નહોતી કરી. વ્યવહાર હોય છે એટલું જણાવ્યું. અહીં કહે છે કે મુક્તિ સિદ્ધિ કેમ થાય? મોક્ષ કેમ થાય જીવને? કે એ પરમજ્ઞાયકભાવ જે જીવસ્વભાવ એવું નિજપરમતત્ત્વ એની શ્રદ્ધા આહાહા..! એ સમ્યગ્દર્શન. એ નિર્વિકલ્પ આત્માની પ્રતીતિ. આહાહા..! એ શ્રદ્ધા વડે સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. એના વડે સિદ્ધિ નામ મુક્તિ થાય છે. પહેલાં વ્યવહારરત્નત્રય કહ્યા ખરા, એ હોય છે એમ જણાવ્યું.

**'તદ્જ્ઞાનમાત્ર...'** તદ્જ્ઞાનમાત્ર. આહાહા..! તે જ્ઞાનમાત્ર સ્વરૂપ એવા. નિજપરમતત્ત્વનું જ્ઞાનમાત્ર સ્વરૂપ જાણવું-જાણવું એવું જે સ્વરૂપ. **'એવા અંતર્મુખ પરમબોધ વડે...'** અંતર્મુખ. જ્ઞાનની પર્યાય અંતર્મુખ તત્ત્વને જાણે. આહાહા..! એનું નામ સમ્યગ્જ્ઞાન અને એ સમ્યગ્જ્ઞાન મુક્તિનો ઉપાય. આહાહા..! **'એવા અંતર્મુખ...'** છેને? **'તદ્જ્ઞાનમાત્ર એવા અંતર્મુખ પરમ બોધ...'** જ્ઞાનમાત્ર એકલો આત્મસ્વભાવ એનો જે પરમબોધ અંતર્મુખ થઈને (થયો). આહાહા..! એ રૂપે. એ પરમબોધ વડે. શું પરમબોધ વડે? સિદ્ધિને પામે છે. મુક્તિને એને લઈને પામે છે. આહાહા..! **'અને તે-રૂપે (અર્થાત્ નિજપરમતત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત...'** ચળે નહિ એ રીતે આનંદના કંદમાં પ્રભુ સ્થિર થાય. આહાહા..! ચળપણું જ્યાં નથી એવું સ્થિત થવારૂપ સહજચારિત્ર. આ ચારિત્ર. પંચમહાવ્રતાદિના વિકલ્પને તો વ્યવહારચારિત્ર કહ્યું. નિશ્ચય

હોય એને પણ વ્યવહાર હોય એને વ્યવહારચારિત્ર કહીએ. સમજાણું કાંઈ? ફરીને વિસ્તાર આવશે આમાં.

જ્યાં નિજ પરમ તત્ત્વ જ્ઞાયકભાવની શ્રદ્ધા અને નિજપરમતત્ત્વ અંતર્મુખનો પરમ વસ્તુનો જ્ઞાનમાત્રનો બોધ, સ્વભાવ જ્ઞાનમાત્ર એનો બોધ. બે. અને ત્રીજું, જે સ્વરૂપમાં અવિચળપણે સ્થિરતા ન હોય, પણ ત્રણ કષાયના અભાવની સ્થિરતા હોય અને એની જોડે વ્યવહારનો વિકલ્પ હોય તો એને વ્યવહારચારિત્ર કહે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્થિરતાના અંશ વિના જે કાંઈ વ્યવહાર પંચમહાવ્રતના વિકલ્પો એને તો વ્યવહારચારિત્ર પણ કહેતા નથી. આહાહા..!

**શ્રોતા :-** વ્રત, તપ કરે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ નહિ. શું કરે? સંસાર છેને. રખડવાનો સંસાર છે. આહાહા..!

અહીંયાં તો નિશ્ચય વાત હવે લીધી છે. એ કહેશે કે '**અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર...**' સ્વભાવિક ચારિત્ર. વીતરાગ પરિણતિ નિર્મળ નિર્વિકલ્પ શાંતિનો ધોધ વહે અંદર. આહાહા..! શાંતરસનું પરિણમન જેનું અંદર. વિકલ્પ અને રાગનો જ્યાં અવકાશ નથી એવા ચારિત્ર વડે. એટલે ત્રણ થયા. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. '**અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે...**' આહાહા..! '**પૂર્વે કદી નહિ થયેલો એવો;...**' પર્યાયને એવો કીધો છેને? '**સિદ્ધપર્યાય થાય છે.**' આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આમાં ઘરે વાંચવાનો વખત મળે છે તમને? ક્યાં મળે? જ્યાં હોય ત્યાં રખડ્યા રખડ કરવું એમાં વખત ક્યાંથી મળે? સાગરમાં વખત મળે છે કે નહિ? નહિ? એમાં અહીં થોડા દિ' રહે એમાં દાળિયા શું થયા? ઘણો વખત તો ત્યાં રહેવાનું છે. આહાહા..!

આવું સમ્યગ્દર્શન, જેવું જ્ઞાયકભાવ પૂર્ણસ્વરૂપ છે તેનું સમ્યક્ નામ સત્યદર્શન નિર્વિકલ્પ. જેવું એ પરમસ્વરૂપ જ્ઞાયક છે તેનો બોધ. આહાહા..! સમજાણું કાંઈ? એનો બોધ, શાસ્ત્રનો બોધ કે પરનો બોધ નહિ. આહાહા..! એ અંતર્મુખ જ્ઞાયકભાવ છે એનો બોધ. આહાહા..! અને અવિચળ સ્વરૂપમાં સ્થિરતા. એ ત્રણ વડે '**અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.**' આહાહા..! અનંતકાળમાં કદી સિદ્ધ દશા થઈ નથી એવી સિદ્ધદશા આ ત્રણ વડે થાય છે. આહાહા..! '**જે પરમજિનયોગીશ્વર...**' હવે છઠ્ઠા ગુણસ્થાનવાળા વ્યવહાર વિકલ્પમાં વર્તે એની વાત લે છે. પરમજિનયોગીશ્વર તો કીધો. એટલે? સમ્યગ્દર્શન, જ્ઞાન અને ત્રણ કષાયના અભાવનું ચારિત્ર તો છે. સમજાણું કાંઈ? '**જે પરમજિનયોગીશ્વર...**' આહાહા..! '**પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' છઠ્ઠે ગુણસ્થાને સાવદ્યયોગના પરિણામરહિત, અશુભ પરિણામરહિત શુભભાવમાં રહે છે એને વ્યવહારચારિત્ર કહે છે અને એ સાધુને વ્યવહારસાધુ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એકલા વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર એને વ્યવહાર કહેતા નથી. આહાહા..! પણ જેને ભગવાન આત્મા જ્ઞાયક સમુદ્ર પ્રભુ, એકલો જ્ઞાયકભાવનો છલોછલ ભરેલો સ્વભાવ

એની અંતર સન્મુખ થઈને, રાગના અવલંબન વિના સ્વના આશ્રયથી જે પ્રતીતિ અનુભવ થાય અને તેના અંતર્મુખ જ્ઞાયકસ્વરૂપ જે જ્ઞાનમૂર્તિ છે એનું જ્ઞાન થાય. આહાહા..! અને એનામાં અવિચળ સ્થિરતા થાય, એ ત્રણ થઈને સિદ્ધપદની પર્યાય પ્રાપ્ત થાય. આહાહા..!

'**જે પરમજિનયોગીશ્વર...**' આહાહા..! સમજાણું કાંઈ? '**પરમજિનયોગીશ્વર...**' જેણે આત્મામાં પરમ જિન નામ વીતરાગભાવમાં જોડાણ કર્યું છે. આહાહા..! જેને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર છે. એ '**પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' એ છઠ્ઠા ગુણસ્થાનનો જે વિકલ્પ છે એ અશુભથી નિવૃત્તિરૂપ વ્યવહાર પંચમહાવ્રતાદિના વિકલ્પને વ્યવહારચારિત્ર કહે છે અને એ સાધુને જ વ્યવહાર. એ તો આપણે આવી ગયું છે નહિ પ્રવચનમાં. વ્યવહારનયનો એ સાધુ છે. ઓહોહો..! એકલા જેને હજી સમ્યગ્દર્શનની ખબર નથી, સમ્યગ્જ્ઞાન શું એની ખબર નથી, એ પંચમહાવ્રતાદિ બરાબર ચોખ્ખા પાળે તો એ વ્યવહાર નથી, એ વ્યવહારે પણ સાધુ નથી. આહાહા..!

એ તો સવારમાં ઘણું આવ્યું હતું ઓલું. આહાહા..! વસ્ત્ર-પાત્ર રાખે એ તો મિથ્યાદૃષ્ટિ વ્યવહારે પણ મિથ્યાદૃષ્ટિ છે. વ્યવહારે એટલે? વ્યવહારે એ ગૃહીતમિથ્યાત્વ છે એમ કહેવું છે. આહાહા..! એટલે એ વ્યવહારે ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે. વ્યવહારે એ સાધુ નહિ. વ્યવહારે સમકિતી નહિ. આહાહા..! વ્યવહારે સાચા જ્ઞાનવાળો પણ નહિ. આહાહા..! આકરું કામ. લોકોને અત્યારે એ.. ત્યાં બધી કમિટી ભેગી થઈ હતી એમાં શાહુજી બોલ્યા હતા, વર્તમાન વ્રતીઓનું સ્વાગત કરવું. બાપુ! વ્રતી કોને કહેવા? ભાઈ! સમજાય છે કાંઈ? જેને અંતર સમ્યગ્દર્શન નિશ્ચયથી સ્વરૂપની સન્મુખ થઈને અનુભવ આનંદના વેદનમાં આ આત્મા છે એવી જે પ્રતીત થાય એને તો હજી સમ્યગ્દર્શન પહેલું કહેવામાં આવે છે. આહાહા..! એવું જ્યાં નથી અને એકલા પંચમહાવ્રતાદિ (પાળે), જોકે પંચમહાવ્રત પણ અત્યારે તો વ્યવહારના પણ ચોખ્ખા નથી. કારણ કે ચોકા કરીને આહાર લે અને ચોકા કરીને.. ચોકાવાળા સાથે ફરે. આ શેઠ જેવા ન ફરે પણ બીજા કેટલાક આહાર-પાણી લેવા અને ચોકા ઓલામાં શું કહેવાય? પત્રોમાં લખે કે ચોકાવાળા સાથે ફરે છે. એવું ચોપાનિયામાં આવે છે. ભાઈ કહે છે.

**શ્રોતા :-** સાથે ગાડીમાં કેરીના કરંડિયા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કેરીના કરંડિયા સાથે, કોલસાના કોથળા સાથે. એ તો બધા અમે જોયા છેને અહીં. રાજકોટમાં નહિ? અરે ભગવાન! શું પ્રભુ આ? એ વ્યક્તિને માટે નથી, માર્ગ આ નથી. આહાહા..! એમ કહેવું છે, ભાઈ! ઓળખવા માટે. આહાહા..! એ તો વ્યવહારે ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે. જ્યાં નિશ્ચય નથી અને જ્યાં વ્યવહાર પણ સાચો નથી અને એને સાધુપણું માનવું, ગૃહીતમિથ્યાત્વ છે.

અહીંયાં જે કહ્યું છે એ બીજી વાત છે કે જેને સમ્યગ્દર્શન સ્વરૂપનું ભાન અને અનુભવ થયો છે એવા પરમજિનયોગીશ્વર કહ્યા છેને? સ્વરૂપમાં જોડાણ થયું છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન

અને ચારિત્રનો સ્થિરતાનો પણ અંશ પ્રગટ્યો છે. એવો '**પરમજિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' આહાહા..! એ છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિ એટલે ઘણે ઠેકાણે એવું લીધું છેને, વ્યવહાર પહેલો નિશ્ચય પછી. એ વ્યવહાર આ. ઓલો વ્યવહાર રાગની મંદતાનો વ્યવહાર પછી આ, એ વાત નહિ. છઠ્ઠા ગુણસ્થાનનો વ્યવહાર. આહાહા..! સમજાણું કાંઈ? આકરી વાત એવી છે કે બીજાને દુઃખ લાગે, એની દશા નથી અને માને છે એને અહીં તો કહે છે કે તું વ્યવહારે પણ સમકિતી નથી, વ્યવહારે જ્ઞાન પણ સાચું નથી અને વ્યવહારે પ્રવૃત્તિ તારી સાચી નથી. આહાહા..! છોટાભાઈ! શું કરવું પણ આમાં? સમાજમાં રહેવું...

**શ્રોતા :-** આત્માના સમાજમાં રહેવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છોટાભાઈ કહેતા પહેલાં. ૨૫ વર્ષ પહેલાં કે અમે .. નિમિત્તથી થાય એ .. કહેતા એટલે પછી આ... કહ્યું હતુંને ભાઈ! ૨૫ વર્ષ પહેલાં. ખબર છેને. નહિતર તો એમ લાગતું કે નિમિત્તથી કહે, પણ બધા કહે નિમિત્તથી થાય, નિમિત્તથી થાય. ભાઈ કહેતા પહેલાં. આહાહા..! અરે! બાપુ! અહીં તો વ્યવહારના દયા, દાન, વ્રતાદિ હોય સમકિત વિનાના, એને વ્યવહાર કહેતા નથી. આહાહા..! ફક્ત અહીં પરમાત્મા જિનેશ્વરદેવની દિવ્યધ્વનિમાં આ આવ્યું, ભાઈ! તારા મોક્ષનો ઉપાય અંતરમાં સ્વરૂપની દૃષ્ટિ અનુભવ છે, જ્ઞાતા-દૃષ્ટા હું છું, બીજી કોઈ ચીજ નહિ. એ જ્ઞાતા-દૃષ્ટાનું જ્ઞાન છે. એનું જ્ઞાન હોં! અને એ જ્ઞાતા-દૃષ્ટામાં ત્રણ પ્રકારના કષાયો રહિત ચારિત્ર પણ છે, પણ શુદ્ધ ઉપયોગમાં નથી. આહાહા..! શુભરાગની ભૂમિકામાં એ વર્તે છે. સવારે એ આવ્યું હતુંને. શુભયોગનો ભાવ હોય એ વંદન, નમસ્કાર આદિ કરે. શુભભાવ આવે ખરો, હોય. ઓહોહો..!

'**પરમજિનયોગીશ્વર...**' પરમ જિન યોગી અને ઈશ્વર. એટલા તો શબ્દ વાપર્યા છે. એટલે મુનિપણું તો લીધું છે છઠ્ઠા ગુણસ્થાનનું. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! પણ એ વિકલ્પ તૂટીને શુદ્ધ ઉપયોગમાં ગયો નથી, માટે તેને પાપથી નિવૃત્તિરૂપ વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? પહેલું શું સત્ય છે એને એણે જાણવું તો જોઈશે કે નહિ? બીજાઓ કેમ છે અને કેમ નહિ... એ તો પોતે પોતાની શ્રદ્ધાને માટે બીજાને જાણવા છે, કાંઈ બીજાને માટે નહિ. જેની શ્રદ્ધા જ ખોટી છે, જેના આચરણ ખોટા છે, એને પોતાને માનવામાં વાંધો છે એ માટે એણે ઓળખાણ કરવી પડે. સમજાણું કાંઈ? આહાહા..!

'**જે પરમજિનયોગીશ્વર...**' આહાહા..! શું પણ દિગંબર આચાર્યોની શૈલી! આ પદ્મપ્રભમલધારિદેવનું કથન છે અને ઓલું છે અમૃતચંદ્રાચાર્યનું પ્રવચનસારમાં. ત્યાં પણ એ જ કહ્યું હતું કે જેને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો અંશ સ્થિરતા છે છઠ્ઠાની પણ એને જ્યાં શુભયોગમાં છે તો એ વ્યવહારનયનો સાધુ છે. આહાહા..! એ શૈલી આ લીધી. ભાઈએ. કોઈપણ સંતની, દિગંબર સંત ભલે મુનિ હો કે આચાર્ય હોય, એના કથન પૂર્વાપર વિરોધરહિત

છે. આહાહા..! આવી શૈલી આ સંપ્રદાય સિવાય ક્યાંય છે નહિ. પહેલાં એને સમ્યગ્દર્શન યથાર્થ શું છે અને પછી વ્યવહાર શું છે એનું નક્કી કરવું પડશે કે નહિ? સમજાણું કાંઈ? પૂનમચંદજી! આહાહા..! પદ્મપ્રભમલધારિદેવ ઓલી કોર, અહીં અમૃતચંદ્રચાર્ય, વચમાં કુંદકુંદાચાર્ય છે. કુંદકુંદાચાર્યનું સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયની ટીકા આમણે (અમૃતચંદ્રાચાર્યે) કરી, નિયમસારની ટીકા આમણે (પદ્મપ્રભમલધારીદેવે) કરી. આ એમની ટીકા છે. આહાહા..! થોડું પણ સત્ય હોય એમ એણે જાણવું જોઈએ. આહાહા..!

કહે છે '**પરમજિનયોગીશ્વર...**' આહાહા..! એવો તો લીધો છઠ્ઠા ગુણસ્થાનવાળો, ભાઈ! એટલું તો સમાડી દીધું છે. મિથ્યાદૃષ્ટિ છે કે અજ્ઞાની છે અને એનો વ્યવહાર છે, એ વાત છે નહિ. આહાહા..! દિગંબર મુનિઓની શૈલી અલૌકિક શૈલી! આહાહા..! એક ન્યાયથી તો જુઓ, એક આમ બેસી જાય એને અંદરમાં એવી વાતું છે. ઓહોહો..! કહે છે કે અમે વ્યવહારચારિત્ર કોને કહીએ છીએ? કે જે કોઈ પરમજિનયોગીશ્વર છે. સ્વરૂપમાં જોડાણ તો છે દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતાનું. આત્મા સાથે એટલો યોગ જોડ્યો છે. એનો પણ ઈશ્વર છે. આહાહા..! છઠ્ઠા ગુણસ્થાનની અપેક્ષાએ. એ પહેલાં એટલે કે આગળ ગયો નથી હજી સાતમામાં શુદ્ધ ઉપયોગમાં, એટલે પહેલાં એ છઠ્ઠામાં, '**પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' આહાહા..! અશુભયોગથી નિવૃત્તિ, સાવદ્યયોગથી નિવૃત્તિ. પચ્ચખાણ એ છેને? સાવદ્યયોગના પરિણામ અશુભથી નિવૃત્તિ, પણ શુભના યોગની પ્રવૃત્તિ, શુભરાગની છે હજી. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો, ભક્તિ કરવી, ધર્મ ઉપદેશ દેવો, જિનોપદેશ દેવો, વીતરાગનો પૂજાનો ઉપદેશ દેવો એવો બધો શુભરાગ હોય છે. તો એ '**વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' આહાહા..! જુઓતો.

'**તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.**' તેને વ્યવહારનયગમ્ય સાધુપણું હોય છે, એમ કહે છે. આહાહા..! સાધુ કહો કે તપસ્યા કહો. તપકલ્યાણક આવે છેને? એ સાધુ એ તપકલ્યાણક છે. એમ કહે છે કે સ્વરૂપની દૃષ્ટિ થઈ છે અનુભવની. એકલો જ્ઞાતા-દૃષ્ટા એ મારી ચીજ છે. અને એ જ્ઞાતા-દૃષ્ટાનું જ્ઞાન થયું છે. આહાહા..! અને એ જ્ઞાતા-દૃષ્ટામાં પરમજિનયોગીશ્વર ઈ અંદરમાં જોડાણમાં થયો છે, ગયો છે. આહાહા..! પણ જ્યાં હજી શુદ્ધ ઉપયોગમાં નથી આવ્યો,.. વાત તો એ છે કે પહેલું સાતમું ગુણસ્થાન આવે, પણ અહીં છઠ્ઠાવાળાને વ્યવહાર ગણી અને પછી સાતમામાં જાય એ શૈલી કરી છે. સમજાણું કાંઈ? નહિતર સમ્યગ્દૃષ્ટિ જ્યારે ધ્યાનમાં પહેલાં વ્યવહાર પંચમહાવ્રતના વિકલ્પ લે, પણ પછી ધ્યાનમાં જાય ત્યારે એને સાતમું જ પહેલું આવે. પણ એ તો નિશ્ચયનું સાતમું આવ્યું, એનો કાળ થોડો અને છઠ્ઠાનો કાળ વધારે ડબલ છે એથી એને વ્યવહારચારિત્રનું કહીને પહેલું આ છે એમ કહ્યું. પહેલું આ છે એટલે? સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર નથી એને અને પહેલું આ છે એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! શું શૈલી! કેવળીના પેટ ખોલીને મૂક્યા

છે. આહાહા..! હવે એની ટીકા માન્ય નથી કેટલાકને, આ રતનચંદ ને ઈ. અરે બાપા! તને ખબર નથી, ભાઈ! તું તે કોણ આજકાલનો? બાપા! આ તો મહાસંતો જેણે કેવળીના પેટ ખોલી નાખ્યા છે. પરમેષ્ઠી છે એ તો. પરમ-આગમ મુખથી ઝરે છે એમ છે અંદર. બાપુ! મહાવ્રતધારી છે, સત્ય બોલનારા છે, એને તું આમ કહે? આહાહા..!

અહીંયાં તો સમ્યગ્દર્શન સત્ય, સત્યદર્શન—જેવું સ્વરૂપ છે તેવી તેની પ્રતીતિ, જેવું સ્વરૂપ છે તેવું તેને જ્ઞાન અને એ સ્વરૂપમાં સ્થિરતા ચારિત્રની, ત્રણ કષાયના અભાવની વર્તે છે. એવી ભૂમિકાવાળો અશુભભાવથી નિવર્તીને શુભભાવમાં વર્તે છે એને વ્યવહારનયનું ચારિત્ર અને વ્યવહારનયના સાધુ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. આહાહા..! પહેલાંનો અર્થ એ કે શુદ્ધ ઉપયોગમાં ગયો નથી એથી એના પહેલાં છઠ્ઠા ગુણસ્થાનમાં વર્તે છે. પહેલાં એટલે વ્યવહારક્રિયા પહેલી છે અને પછી નિશ્ચયચારિત્ર થાય છે, ઈ આ નહિ. ચારિત્ર નિશ્ચય તો છે, પણ જે નિશ્ચય શુદ્ધ ઉપયોગવાળું જોઈએ તે નિશ્ચય નથી. સમજાણું કાંઈ? એ માટે પહેલાં કહ્યું. આહાહા..! જેને અંતર ત્રણ કષાયના અભાવની દશા તો થઈ ગઈ છે, છઠ્ઠે ગુણસ્થાને છે, ભાવલિંગી છે, આહાહા..! બહારમાં નગ્નદશા છે, અંદરમાં પંચમહાવ્રતના પરિણામમાં આવી ગયો છે. એથી એને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**વ્યવહારનયના ચારિત્રમાં હોય છે, તેને ખરેખર વ્યવહારનયગોચર...**’ મુનિપણું એટલે ‘**તપશ્ચરણ હોય છે.**’ આહાહા..! વ્યવહારથી એને મુનિ કહેવામાં આવે છે, એમ કહે છે. વ્યવહારથી એને તપસી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! જેમ પરમસત્ય છે તેમ એને આવવું જોઈએ. ઘરની કોઈપણ વાત ઓછી, અધિક, વિપરીત નાખીને અર્થ કરે ઈ ન ચાલે. આહાહા..! પરમેશ્વરની સભામાં જે વાત કહેવાણી છે, સંતોએ જે વાત ઝીલી છે એને કચરડીને, મચરડીને બીજી કરી નાખવી, બાપુ! એ માર્ગ નથી, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! અને એમ કહેવાય છેને કે સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ, એમ ભાષા આવે છે. પચ્ચીસ (પ્રકારના મિથ્યાત્વમાં) શ્વેતાંબર-સ્થાનકવાસીમાં. પણ આપણે અહીં દસ આવે છે, દસ પ્રકાર. સાધુ સાચા હોય એને કુસાધુ માને તો મિથ્યાત્વ છે. કુસાધુ છે એને સાધુ માને તોપણ મિથ્યાદૃષ્ટિ જીવ છે. એય..! શેઠ!

**શ્રોતા :-** સાચા સાધુની કસોટી કેમ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેની કસોટી? ભાન હોય એને ખબર પડે. ખબર નથી પડતી હીરા-માણેકની? જેને વીતરાગી જ્ઞાન અને વીતરાગી દૃષ્ટિ થઈ છે એ બરાબર ઓળખી શકે. આહાહા..!

**શ્રોતા :-** એ ન થાય ત્યાં સુધીનો સત્કાર કરવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ હતો કે દિ' સાધુ? આવા શેઠીયાઓએ આમ ને આમ બધા ગોળા માર્યા છે અત્યાર સુધી. એય..! શેઠ! આ ઠપકો છે બેય શેઠિયાને. સવારે આહાર-પાણી કરે, ઊના પાણી કરે, મોસંબી કરે અને પછી કહે કે તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... આ તો દૃષ્ટાંત છે. આહાર શુદ્ધ, મન શુદ્ધ, વચન શુદ્ધ. બાપુ! આ માર્ગ વીતરાગનો નહિ, ભાઈ! આ તો છેતરપિંડી છે. આ તો વસ્તુની સ્થિતિ (છે), ભાઈ! ત્રણલોકના નાથની જિનેન્દ્રદેવની જે પદ્ધતિ છે માર્ગની એમાં જરીએ ફેરફાર ન થાય. આહાહા..!

અહીં તો દિગંબર સાધુ, શ્વેતાંબર અને અન્યમતિના સાધુ તો વ્યવહારે પણ સાધુ નથી, પણ વ્યવહારે ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે. અને દિગંબરમાં પણ, સાતમા અધ્યયનમાં એ લીધું છેને? સાધુ નગ્ન થાય, દિગંબર થાય, પંચમહાવ્રત સારા પાળે અને વ્યવહારુ શ્રદ્ધા આગમ પ્રમાણે હોય તોપણ એ સાધુ નથી. આહાહા..! જેને અંતર નિશ્ચય સ્વભાવ નથી તો એ વ્યવહારે પણ સાધુ નથી. આહાહા..! જેને અંતર આત્મા ભગવાન ત્રિલોકનાથ જ્ઞાનસ્વરૂપે જ્ઞાયકભાવ એકલો જ્ઞાનરસનો કંદ પ્રભુ આહાહા..! જેમાં વિકાર તો નથી, પણ જેમાં અલ્પજ્ઞતા નથી. આહાહા..! એવો ભગવાન જ્ઞાયકસ્વભાવ ભગવાને જોયો છે. એવો એ જોવે અંદરમાં દૃષ્ટિથી. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યારે તેને સમ્યક્ સત્યદર્શન કહેવામાં આવે છે. સત્યનું સત્યદર્શન થયું, સત્ય જેવું છે તેવી પ્રતીત થઈ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન નામ સત્યદર્શન, સત્યની શ્રદ્ધા. આહાહા..! સમજાણું કાંઈ? એ વાત દિગંબર સંતોની શૈલી સિવાય બીજે ક્યાંય નથી, ભાઈ! લોકોને દુઃખ થાય, એમ થાય. ૨૫૦૦ વર્ષ ભગવાનનાં વર્તે છે. એમાં કોઈ પ્રત્યે વિરોધની વાત નહિ, વિરોધ નહિ, વેર નહિ, દ્વેષ નહિ. એ આત્મા છે. પણ વસ્તુની સ્થિતિ તો આવી છે. સમજાણું કાંઈ? ત્યાં લોકલજ્જા કામ ન આવે. સત્યમાં લોકલજ્જા કામ આવે નહિ. આહાહા..!

અન્યમતના સંન્યાસી બાવા તો ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે. શ્વેતાંબરના સાધુ ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે, તો ઓલા અન્યની વાત તો ક્યાં કરવી! વાત તો આવી છે. હવે તો દિગંબરમાં પણ જેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નથી, એના પંચમહાવ્રત અને નગ્નપણું એને પણ વ્યવહાર કહેતા નથી. આહાહા..! પણ અહીં પરમાત્મા એને વ્યવહાર કહે, સંતો કહે એ પરમાત્મા કહે છે, બેય એક જ વાત છે. આહાહા..! જેને સમ્યગ્દર્શન, જ્ઞાન અને છઠ્ઠા ગુણસ્થાનની જે દશા ચારિત્રની એ તો છે. પરમજિનયોગીશ્વર છે. આહાહા..! પણ એ શુભયોગમાં, પાપની નિવૃત્તિમાં શુભપરિણામમાં વર્તે છે. ભગવાનની ભક્તિ, પંચમહાવ્રતના પરિણામ, ઉપદેશ દેવાનો વિકલ્પ (આવે છે). આહાહા..! સાચા સંત હોય ધર્માત્મા એ આવે એટલે આદર કરવો, જાય એટલે પાછળ-પાછળ જવું એવું સત્કાર્ય એ બધો શુભભાવ છે. આહાહા..! એ શુભભાવમાં આવો જીવ જે છે એ વર્તે છે એથી એને પહેલો વ્યવહારચારિત્ર છે એમ કહેવામાં આવે છે. આહાહા..! માટે વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એમ જે કહે છે એ તો વ્યવહાર

પહેલાંની ખબર પણ નથી એને. સમજાણું કાંઈ? ઘણે ઠેકાણે એ આવે, વ્યવહાર પહેલો સાધક છે અને નિશ્ચય પછી. પણ એ આ વ્યવહાર છઠ્ઠા ગુણસ્થાનનો. નહિતર કોઈ રીતે મેળ નહિ ખાય ક્યાંય શાસ્ત્રનો. આહાહા..! સમજાણું કાંઈ? આ તો પરમ સંતોની વાણી છે અને તે પણ ભગવાને કહેલી એને અનુસારે કહે છે. એમાં ઘરની કાંઈ વાત નથી. આહાહા..!

એવા '**પરમજિનયોગીશ્વર...**' આહાહા..! '**પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે, તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.**' વ્યવહારનયગમ્ય તપસ્યા અને મુનિપણું હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે;...**' હવે નિશ્ચય કહે છે. આહાહા..! સહજનિશ્ચયસ્વરૂપ ભગવાન આત્મા એનો પરમસ્વભાવસ્વરૂપ એવો પરમાત્મા, પોતે પરમાત્મા એનું પ્રતપન. એનું પ્ર-વિશેષે તપવું એટલે ઉગ્રપણે શાંતિની પ્રગટ દશા થવી, વીતરાગી પર્યાય પ્રગટ થવી, આહાહા..! એ પ્રતપન તે તપ છે. વીતરાગી પર્યાય શુદ્ધ ઉપયોગની પ્રગટ થવી તે તપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ઉપવાસ તપ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ લાંઘણ છે. શું છોટાભાઈ! આ અપવાસ કરે તે તપ નથી? આ અપવાસ કરે છેને? લાંઘણ છે, બાપુ! એ તપ નહિ, એ નિર્જરા નહિ, એ ધર્મ નહિ. આહાહા..! પહેલું એ કહ્યું હતુંને? વ્યવહારનયનું તપ છે એમ કહ્યું હતું. છઠ્ઠા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન અને ચારિત્રની દશા ત્રણ કષાયના અભાવની છે, પણ શુભમાં વર્તે (છે), માટે તેને વ્યવહારતપસ્યા અને વ્યવહારમુનિ (કહે છે). મુનિ એ તપસ્યાનો અર્થ. તપકલ્યાણક એટલે મુનિ દીક્ષાકલ્યાણક. ભગવાનના તપકલ્યાણક ઉજવાય છે કે નહિ? જન્મ કલ્યાણક, તપ કલ્યાણક, કેવળકલ્યાણક, નિર્વાણ કલ્યાણક અને ગર્ભ કલ્યાણક એ પાંચ છેને? એ તપ કલ્યાણક એટલે દીક્ષાની ચારિત્રદશા એને તપકલ્યાણક કહેવામાં આવે છે. એટલે અહીં કહે છે કે '**સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ...**' એવું પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા પોતે એમાં પ્રતપન. જેમ સોનાને ગેરુ લગાડીને સોનું ઓપે છે, ઓપ-ઓપ. ગેરુ છેને ગેરુ? ગેરુ તો સમજો છોને? ઓપે છે. એમ ભગવાન આત્મા નિર્મળ નિર્વિકારી શુદ્ધ ઉપયોગથી તપ્યો છે અંદર, ઉજળો થયો છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત! માર્ગ તો આ છે, બાપુ! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' એમાં બીજો હોઈ શકે નહિ. આહાહા..!

સ્વભાવિક નિશ્ચયસ્વરૂપ પોતાનું. પરમસ્વભાવસ્વરૂપ એવો પરમાત્મા પોતે. પરમાત્મા. આહાહા..! એમાં પ્રતપન. ચારિત્રની ત્રણ કષાયના અભાવની દશા તો છે. એ ઉપરાંત શુદ્ધ ઉપયોગથી તપ્યો છે હવે. આત્માને ઓપ દીધો એણે. આહાહા..! નિર્વિકલ્પમાં ધ્યાન દઈને નિર્વિકલ્પ આનંદમાં શુદ્ધ ઉપયોગમાં આવે છે એને નિશ્ચયચારિત્ર અને નિશ્ચયતપ અને નિશ્ચય મુનિપણું કહેવામાં આવે છે. એય..! શેઠ! આવું કોઈ દિ' સાંભળ્યું નહિ હોય કોઈ દિ' ત્યાં.

ત્યાં ક્યાં છે ત્યાં? સાગર. સાગરમાં માન બહુ હોં. આ શેઠિયા બેય શેઠિયાની છાપ બહુ. પંદર હજાર માણસ લ્યો. સભામાં બહુ માણસ. એ તો હવે અહીંયાં આવવું સરોવરના પાણી પીવા. સરોવર ઘરે આવતું હશે વારંવાર? એક નળ મૂકે તો આવે. તોપણ નળ પાસે તો જાવું પડે કે નહિ? આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! ઓહોહો..! ગજબ વાત છે! વસ્તુની સ્થિતિની સ્પષ્ટીકરણની દશા ભગવાન મુનિઓ કેવું કહે છે! આહાહા..! ભાઈ! જેને નિશ્ચયસમ્યગ્દર્શન અનુભવનું સમકિત છે, જેને બોધતત્ત્વનું જ્ઞાન છે, એ પોતે જ્ઞાનસ્વરૂપ છે એનું જ્ઞાન છે અને એ જ્ઞાનસ્વરૂપમાં ત્રણ કષાયના અભાવરૂપનું ચારિત્ર સ્થિરતા છે એને શુભયોગમાં વર્તનારો કહીને શુભ મુનિપણું એટલે વ્યવહારમુનિપણું અને વ્યવહારતપ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અને જે શુભયોગનો ભાવ છોડી દઈ અને શુદ્ધ ઉપયોગે જ્યાં આત્માને ઓપ્યો અને ઉગ્ર આનંદની દશા પ્રગટ થઈ એને નિશ્ચય મુનિપણું, નિશ્ચયદીક્ષા અને નિશ્ચયતપ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ક્યાં લઈ ગયા છે વાત જુઓને. ઓહોહો..!

એને સાધુને સાધુપણું કેવું છે એવું જાણવું તો પડશે કે નહિ? એ વિના શ્રદ્ધામાં ગોટો ઉઠશે. સમજાણું કાંઈ? એ વ્યક્તિને માટે નથી, પરને માટે નથી, પણ વસ્તુ કેવી છે? એવી યથાર્થ એને જાણવું હોય, શ્રદ્ધામાં લેવું હોય તો એને જાણવું તો પડે બરાબર. આહાહા..! નિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ ઓહોહો..! પરમાત્મામાં પ્રતપન એમાં શુદ્ધ ઉપયોગ થઈ ગયો હવે, સાતમું ગુણસ્થાન. રાગ ભલે અબુદ્ધિપૂર્વક થોડો હોય એની અહીં ગણતરી નથી, પણ એ ત્રણની એકતા થઈ ગઈ હવે. દર્શન, જ્ઞાન અને શુદ્ધ ઉપયોગરૂપી ચારિત્ર ત્રણની એકતા થઈ ત્યાં મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આહાહા..! '**પ્રતપન તે તપ છે;...**' ભાષા દેખો, આનંદનો નાથ પોતે આનંદથી શોભી જાય અંદરમાં. વિકલ્પનો તાગ છૂટી જઈને એકલા અતીન્દ્રિય આનંદથી શોભે એને નિશ્ચયસાધુ, એને નિશ્ચયદીક્ષા, એને નિશ્ચયીતપસી-તપ કહેવામાં આવે છે. આહાહા..!

**શ્રોતા :-** .. તપ પાછું કરાવજો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કરે બિચારા, પણ કોને કહેવું તપ એને પણ ખબર ન મળે. ભલામણ ઘણા આવે કહે છે. અહીં સમ્યગ્દર્શનની વાત છે અને જ્ઞાની.. અહીં સાધુપણાની વાત નથી? પણ તમે માનેલું એ સાધુપણું નહિ. આહાહા..! અહીં તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવે જેને સાધુપણું કહ્યું એ તો આ છે. આહાહા..!

'**નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...**' જોયું! શુદ્ધ ઉપયોગમાં જામી ગયો છેને અંદરમાં. ભગવાન આત્માને પકડીને સ્થિર થઈ ગયો છે અંદર. નિર્વિકલ્પ ઉપયોગમાં સ્થિર થઈ ગયો છે. આહાહા..! '**સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.**' આવી દશાથી નિશ્ચયચારિત્ર હોય છે. સમજાણું કાંઈ? ઓહોહો..! શું ટીકા! સત્યને

શોધીને, સત્યને માટે મૂકવું કે આવું સત્ય છે. આહાહા..! એની શ્રદ્ધાની ખબર ન મળે, જ્ઞાનની ખબર ન મળે અને એને સમકિત થઈ જાય! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પરમગુરુના પ્રસાદથી થાય અને આપ કહો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધું નિમિત્તનું કથન છે. પ્રસાદ થાય આત્માનો. કુંદકુંદાચાર્યે કહ્યું, અમારા ગુરુએ અમારા ઉપર મહેરબાની કરીને શુદ્ધ તત્ત્વનો ઉપદેશ પ્રસાદ આપ્યો અમને. નિમિત્તનું જ્ઞાન કરવું હોય તો એમ થાયને. પણ પોતે ભગવાન જાગીને ઠરે ત્યારે એને સાચું ચારિત્ર કહેવાય છે. આહાહા..! શું કીધું ઈ?

‘**નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...**’ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ભગવાન એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન તો એનું છે, પણ અવિચળ સ્થિતિ. ચળે નહિ એવી રમત અંદર આનંદમાં. આહાહા..! એવું ‘**સહજનિશ્ચયચારિત્ર...**’ સ્વભાવિક નિશ્ચયચારિત્ર. આ વર્તમાન પર્યાયની વાત છે હોં, ત્રિકાળની નહિ. સ્વભાવિકનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે. આવા તપથી નિશ્ચયચારિત્ર હોય છે. આહાહા..! શુદ્ધ ઉપયોગરૂપી રમણતાવાળાને નિશ્ચયચારિત્ર એવા જીવને હોય છે. આહાહા..! તપસા નિર્જરા આવે છે ખરીને. તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. તપસ્યા તે નિર્જરા. વળગ્યા બધા, તપસ્યા નિર્જરા એટલે અપવાસ કરો એ નિર્જરા. એ ૧૫ની સાલમાં અહીં આપણે થયું હતું. ૧૦ની સાલ ૧૦ નહિ? માનસ્તંભ. ૨૦૦૯ની સાલ. આખી ઓલી આવી હતીને એક સ્પેશ્યલ.. એમાં આ શેઠિયા હતા. ભાઈ કેવા મોટા? તુલારામ. તુલારામને બધા હતા. આખી સ્પેસ્યલ આવી હતી. એ અંદર ચર્ચા થઈ હશે કોઈ જુવાનિયા સાથે. એટલે જુવાનિયો કાંઈક અહીંની વાત જાણતો હતો એટલે ઓલા શેઠિયાએ કીધું હશે કે જો તપસા નિર્જરા કીધી છેને. શેઠ! પૂછો મહારાજને. તે દિ’ ની વાત છે. ૨૦૦૯ની સાલ. ઘણા વર્ષ થઈ ગયા. ૩૧. ૨૨ વર્ષ થયા. શેઠે પૂછયું તુલારામ બિચારા ભોળા માણસ. ગજરાજ એનામાં હુશિયાર હતો, પણ એને આ મળેલ નહિ તે બિચારા બહારમાં સમાજમાં જોડાઈ જાય અને સમાજની સાથે કામ કરે. સમાજના ધોંસરે જોડાવું પડે શેઠિયાઓને પછી.

**શ્રોતા :-** સાધુ કહે એમ તો અમે કરીએ છીએ. આવા સાધુ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. નથી એને માનવું કે નથી. હંસલા ન હોય તો કાંઈ કાગડાને હંસ મનાય? સમજાણું કાંઈ? એ દાખલો આપ્યો છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં દાખલો છે. બધા શાસ્ત્રોમાં શબ્દ પડ્યા છે. ઓહોહો..! ભાઈ! ન હોય એનો વાંધો નથી, પણ નથી એને માનવું એ મહામિથ્યાત્વ છે.

‘**આ તપથી હોય છે.**’ ક્યા તપથી? એ શુદ્ધ ઉપયોગરૂપી રમત જે છે અંદર એવા તપથી નિશ્ચયચારિત્ર હોય છે, એવા મુનિપણાથી નિશ્ચયચારિત્ર હોય છે. આહાહા..! ‘**એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રી પદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૧૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**’

''दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते।
स्थितरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः।।''

'**શ્લોકાર્થ :- આત્માનો નિશ્ચય તે દર્શન છે,...**' બહુ ટૂંકું. પૂર્ણાનંદનો નાથ જ્ઞાયકભાવથી ભરેલો એવો જે આત્મા, એનો નિશ્ચય અંતરમાં થવો, અનુભવ થઈને નિર્ણય થવો એનું નામ દર્શન છે. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! લ્યો, આ પદ્મનંદિનો દાખલો આપ્યો. કોઈપણ મુનિ હો દિગંબરના, એની વાણી એક જ પ્રકારની અવિરોધી બધાની વાણી છે. આહાહા..! ભલે ક્યાંક વ્યવહારનયના કથનથી વ્યવહાર કહ્યો હોય, પણ એ હેય જણાવીને કહ્યો હોય એણે. આહાહા..! '**આત્માનો નિશ્ચય...**' આત્મા એટલે જ્ઞાયકભાવ અને પૂર્ણાનંદનો કંદ પ્રભુ એવું જેનું નિશ્ચયપરમાત્મસ્વરૂપ એનો નિશ્ચય-નિર્ણય. એને જ્ઞાનમાં જાણી અને નિર્ણય એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

'**આત્માનો બોધ તે જ્ઞાન છે,...**' કહ્યું હતુંને એ તદ્જ્ઞાન. એ જ્ઞાનસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ તેનું જ્ઞાન. તેને જ્ઞેય બનાવીને જે જ્ઞાન થયું એ જ્ઞાન તે સાચું. બાકી એકલા શાસ્ત્રના ભણતરથી જ્ઞાન માને એ જ્ઞાન સાચું નથી. આહાહા..! ભારે માર્ગ, બાપુ! આહાહા..! વીતરાગ જિનેન્દ્રદેવ પરમેશ્વર જેને સો ઈન્દ્ર પૂજે. બાપુ! એના મારગડા બહુ જુદાં. આહાહા..! અત્યારે તો બહુ ફેરફાર, ઘણો ફેરફાર થઈ ગયો. સત્યને અસત્ય મનાવ્યા, અસત્યને સત્ય મનાવ્યા. આહાહા..! અરે..! એને ક્યાં જઈને ઉભું રહેવું? ભાઈ! ચોર્યાસીના અવતારનો એ મહેમાન છે. આહાહા..! જેને હજી સાચી શ્રદ્ધાના ઠેકાણા નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય અને એમણે કહ્યું એ તત્ત્વ કેવું હોય? આહાહા..! અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્ર આ કહે છે કે તારો આત્મા પૂર્ણ પરમાત્મસ્વરૂપ, એની સન્મુખ સ્વાશ્રય લઈને જે સમ્યગ્દર્શન થાય તેને અમે દર્શન કહીએ છીએ. આમ દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા, નવ તત્ત્વને માનવા એ અહીં વાત નથી. આહાહા..!

'**આત્માનો બોધ...**' આત્મજ્ઞાન. આહાહા..! ભગવાન જ્ઞાયકસ્વરૂપી પ્રભુ એનું જ્ઞાન. આહાહા..! એની સન્મુખ થયા વિના એનું જ્ઞાન ક્યાંથી થાય? આહાહા..! અને '**આત્મામાં જ સ્થિતિ...**' એ આત્મા આનંદનો નાથ પ્રભુ એમાં રમણ-સ્થિતિ '**તે ચારિત્ર છે;...**' આહાહા..! '**આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા) શિવપદનું કારણ છે.**' ત્રણની એકતા તે મોક્ષનું કારણ છે. શિવપદ એટલે નિરૂપદ્રવ મોક્ષમાર્ગ, કલ્યાણરૂપી મોક્ષમાર્ગ. શિવ-કલ્યાણરૂપી નિરૂપદ્રવરૂપી મોક્ષમાર્ગ, મોક્ષ એનું આ કારણ છે. આહાહા..! બહુ પદ્મનંદિ આચાર્યે જંગલમાં... એ તો હજાર વર્ષ, નવસો વર્ષ પહેલાં થયા છે.

'**વળી (આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—**'

(मालिनी)

जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा
चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम्।
अघकुलमलपंकानीकनिर्मुक्तमूर्तिः
सहजपरमतत्त्वे संस्थिता चेतना च।।७५।।

આહાહા..! શુદ્ધભાવ અધિકાર છેને એટલે શુદ્ધભાવના પ્રકાર લીધા બધા. આહાહા..!

'**શ્લોકાર્થ :- સહજજ્ઞાન સદા જયવંત છે,...**' સહજજ્ઞાન આ ધ્રુવ હોં! ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જયવંત છે. કેમકે અમારી દૃષ્ટિમાં એ આવ્યો છે તો એ જયવંત વર્તે છે એ અમને ખબર પડી, એમ કહે છે. આહાહા..! ઓહોહો..! 'સહજ...' સ્વભાવિક ત્રિકાળી જ્ઞાનની વાત છે આ હોં, પર્યાયની નહિ. જ્ઞાન સ્વભાવિક ત્રિકાળ જયવંત વર્તે છે એ માન્યતા પર્યાયની છે. સમજાણું કાંઈ? સ્વભાવિકજ્ઞાનસ્વરૂપ આત્મા એ ધ્રુવ, જયવંત વર્તે છે એ પર્યાય એને જાણીને આ જયવંત આ વસ્તુ છે, આ ત્રિકાળ એવી ને એવી ચીજ છે એને જયવંત વર્તે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! શું કીધું ઈ? જયવંત વર્તે છે એ પર્યાયથી ખ્યાલ આવ્યો છે. શુદ્ધભાવ, સહજજ્ઞાનભાવ એકલા જ્ઞાનના પ્રકાશનું નૂર એનું તેજ એકલું જે ચૈતન્ય, જયવંત વર્તે છે. એવી પર્યાયમાં દેખાણું-જણાણું એ પર્યાય એમ કહે છે કે આ વસ્તુ જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**તેથી (-સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે,...**' ત્રિકાળ. એ ત્રિકાળની દૃષ્ટિ જે છે, એ ત્રિકાળમાં દૃષ્ટિ હોં ત્રિકાળની, જયવંત એ પર્યાય કહે છે, આ ત્રિકાળ દૃષ્ટિ જે છે ત્રિકાળ એ જયવંત વર્તે છે. આહાહા..! સમ્યગ્દર્શન જે ત્રિકાળ છે સ્વરૂપમાં, શ્રદ્ધાગુણ ત્રિકાળ છે અંદર નિશ્ચયદૃષ્ટિ, એ ઉપયોગમાં આવી ગયું છે, ત્રિકાળ વસ્તુની અંતરદૃષ્ટિ એ ત્રિકાળ દૃષ્ટિ જે છે તે પર્યાયમાં, મુનિરાજ કહે છે એ જયવંત વર્તે છે. ત્રિકાળ દૃષ્ટિ જયવંત છે. આહાહા..! કેવી રીતે નાખ્યું જોયું!

'**તેવું જ (-સહજ) વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે;...**' અંદર ચારિત્ર એટલે કે વીતરાગભાવ આત્મામાં છે... આહાહા..! એ પણ સદા જયવંત છે. ત્રિકાળ વીતરાગભાવ ભર્યો છે અંદર. આહાહા..! એમ પર્યાયમાં વીતરાગતા પ્રગટી છે એ વીતરાગ પર્યાય કહે છે કે આ વીતરાગભાવ જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત. કેટલું જોર છે દૃષ્ટિનું. ધ્રુવને દૃષ્ટિમાં લીધો છે, ધ્રુવનું જ્ઞાન કર્યું છે અને ધ્રુવમાં રમે છે, એને કહે છે કે આ આત્મા ત્રિકાળ છે એ જયવંત વર્તે છે અમારા માટે. આહાહા..! અને એની ત્રિકાળ દૃષ્ટિ છે એ અમારે માટે જયવંત વર્તે છે. આહાહા..! જેના અમે આશ્રય લીધા છે એ જયવંત વસ્તુ છે અંદર. આહાહા..! એમ વિશુદ્ધ ત્રિકાળ હોં સહજ.

સહજ ત્રિકાળ વિશુદ્ધ ચારિત્ર જુઓ, વિશુદ્ધના કેટલા અર્થ? એક શુભભાવને વિશુદ્ધ કહે, એક પ્રગટ પર્યાયને વિશુદ્ધ કહે, આ ત્રિકાળ ચારિત્રને વિશુદ્ધ કહે. આહાહા..! પ્રગટ થયેલી પર્યાય એની સાથે દર્શન, જ્ઞાન જે છે એ આ ધ્રુવ ચારિત્ર અંદર વીતરાગભાવ જયવંત વર્તે છે. આહાહા..! અમારો વીતરાગભાવ ત્રિકાળી ધ્રુવ જયવંત વર્તે છે. આહાહા..! જુઓ એક મંગળિક. પાંચ ગાથાનું પૂરું કરીને ગાથા મહામંગળિક (કહ્યું) છે. આહાહા..!

‘**પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના...**’ ત્રિકાળ. આહાહા..! ‘**સહજપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના...**’ ચેતના ત્રિકાળ. આહાહા..! ચેતના જ્ઞાન તો પર્યાયમાં પ્રગટી છે, એ જ્ઞાનપર્યાય એમ કહે છે કે આ શુદ્ધચેતના ત્રિકાળ જયવંત વર્તે છે. આહાહા..! અરે! એ શૈલીની શૈલી ક્યાં છે? આહાહા..! ‘**સહજપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના...**’ ત્રિકાળ. ચેતના ત્રિકાળ આવી હતી બે પ્રકાર આપણે. શુદ્ધ ચેતના અને શુદ્ધ ચેતનાનું ફળ એ બધું ત્રિકાળ વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ‘**પણ સદા જયવંત છે.**’ એમ કરીને મંગળિક કર્યું. આહાહા..! જેને મંગળિક દશા પ્રગટ થઈ છે એ એમ કહે છે કે આ બધું જયવંત વર્તે છેને ધ્રુવ. આહાહા..! જ્ઞાન ધ્રુવ, દૃષ્ટિ ધ્રુવ, ચારિત્ર ધ્રુવ. આહાહા..! એમ કરીને પૂર્ણાનંદના નાથને યાદ કરી શુદ્ધભાવનો અધિકાર પૂર્ણ કરે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



દૃષ્ટિનાં નિધાન
ગુરુ કહાન - દૃષ્ટિ મહાન
કહાન દેશના
પાહુડ-દોહા
મહાવીર પુરાણ
બોધિ-સમાધિ-નિધાન
ભાગવત શાસ્ત્ર